# સૌરાષ્ટ્રનો ઇતિહાસ



— લે. શંભુપ્રસાદ હ. દેશાઇ —

☆

પ્રકાશક : શ્રી સૌરાષ્ટ્ર સંશોધન મંડળ, રાજકોટ.

# સૌરાષ્ટ્રનો ઇતિહાસ

[ ઈ. સ. ૧૮૨૨ સુધી ]

: લેખક :

શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ

બી. એ.; એલએલ. બી.; કોવિદ

: પ્રકાશક :

શ્રી સૌરાષ્ટ્ર સંશોધન મંડળ,

રાજકોટ.



આવૃત્તિ પહેલી : પ્રત ૧૦૦૦
ઇ. સ. ૧૯૫૭, સં. ૨૦૧૩

મૂલ્ય રૂા. ૧૮-૦-૦

: પ્રાપ્તિસ્થાન :
**સૌરાષ્ટ્ર સંશોધન મંડળ**
કાર્યાલય,
સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રની બાજુમાં,
**રાજકોટ** : : [સૌરાષ્ટ્ર].

મુદ્રક : **જયંત પલાણ**, પલાણ પ્રિન્ટરી, સાંગણવા ચોક, **રાજકોટ**.

# સૌરાષ્ટ્ર સંશોધન મંડળ

**કચ્છ–સૌરાષ્ટ્ર પ્રદેશની આ વિદ્વત્સંસ્થાના સભ્ય બનવાથી આપને મળવાના લાભ :–**

૧. સંશોધકો તથા વિદ્વાનો સાથે પરિચય અને પ્રતિષ્ઠા.
૨. રૂપિયા ત્રણ સુધીની કિંમતનાં પ્રકાશનો સભ્યોને વિના મૂલ્યે મળે છે.
૩. રૂપિયા ત્રણથી વધારે કિંમતનાં સંસ્થાનાં પ્રકાશનો સભ્યોને અર્ધી કિંમતે મળે છે.
૪. અભ્યાસપૂર્ણ લેખોનાં આશરે ૪૦૦ પાનાંના મંડળના ત્રિમાસિક જર્નલના ચાર અંકો દર વર્ષે અર્ધા લવાજમથી મળી શકે છે.

સારાંશ કે મંડળની વાર્ષિક સામાન્ય સભ્યફીથી બમણો લાભ કોઈપણ વિદ્વત્સંસ્થા કે સંશોધન સંસ્થા આપને આપી શકશે નહિ. તો મંત્રીઓ પાસેથી પ્રવેશપત્ર મેળવી આપ તાત્કાલિક મંડળના સભ્ય બનો.

| | |
|---|---|
| મુરબ્બી (પેટ્રન) થવાની રકમ | રૂા. ૧૦૦૦/– થી વધારે. |
| દાતા (Donor) થવાની રકમ | રૂા. ૫૦૧/– થી રૂા. ૧૦૦૦/– |
| આજીવન સભ્ય (Life Member)ની રકમ | રૂા. ૧૦૦/– થી રૂા. ૫૦૦/– |
| સહાયક સભ્ય (Associate Member) | રૂા. ૫૦/– કે વધારે. |
| સામાન્ય સભ્ય (Ordinary Member) | રૂા. ૬/– છ વાર્ષિક, |

સંસ્થાના જર્નલમાં જાહેરખબર આપવાના ભાવ :–

આખું પાનું : રૂા. ૧૦૦/–; અર્ધું પાનું : રૂા. ૫૦/–; પા પાનું : રૂા. ૨૫/–

વિશેષ માહિતી માટે લખો અથવા રૂબરૂ મળો :–

**મંત્રીઓ, સૌરાષ્ટ્ર સંશોધન મંડળ,**
**સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની બાજુમાં,**
**રાજકોટ (સૌરાષ્ટ્ર).**

★

## –: સંસ્થાનાં પ્રકાશનો :–

૧. આપણો ખોરાક : ડો. મહેન્દ્ર ભટ્ટ.
૨. સૌરાષ્ટ્રમાં શરાફી : શ્રી. હરસુખલાલ સા. સંઘવી.
૩. સૌરાષ્ટ્રના પઢારો : શ્રી ભગવાનલાલ લ. માંકડ.
૪. દક્ષિણ ભારતના સૌરાષ્ટ્રીઓ : પ્રા. ઇશ્વરલાલ દવે.
૫. એ પ્રિલિમિનરી લીસ્ટ ઓફ પ્લાન્ટ્સ ઓફ સૌરાષ્ટ્ર : રેવ. ફાધર એચ. સેન્ટાપો.
૬. ફ્લોરા ઓફ સૌરાષ્ટ્ર (છપાય છે) : ,, ,, ,,

જેમનાં
ઇતિહાસના
અગાધ જ્ઞાન,
સંશોધનો, શિક્ષણ
અને સહબોધ, માર્ગ-
દર્શન, ઉત્સાહપ્રેરિત
ઉપદેશો અને પ્રવચનો-
માંથી પ્રેરણા મેળવી,
તે મારા સદ્‌ગત
પૂજ્ય પિતાશ્રીને
સાદર
સમર્પણ

—લેખક.



# આમુખ

આ બૃહદ્ ગ્રન્થને આવકારતાં મને આનંદ થાય છે. સૌરાષ્ટ્રનો ઇતિહાસ આદિથી તે આજ દિવસ સુધી એક જ પુસ્તકમાં ક્યાંય મળતો નથી, તેની ખોટ આ પુસ્તકથી, અમુક અંશે પુરાશે.

આ ગ્રન્થ અનેક દૃષ્ટિએ આવકારદાયક છે. એક જ ગ્રન્થમાં સૌરાષ્ટ્રનો આમૂલ ઇતિહાસ અહીં જ મળે છે. સૌરાષ્ટ્રના ઇતિહાસની વિશિષ્ટતા એ છે કે, એનો સ્થાનિક ઇતિહાસ વિવિધતાભર્યો છે. રાજકીય મહત્ત્વનાં કેન્દ્રો અહીં બદલ્યાં કર્યાં છે. એક વખત દ્વારકા તો એક વખત પ્રભાસ; એક વખત વલભીપુર, તો એક વખત જૂનાગઢ; એક વખત ધુમલી, તો એક વખત પોરબંદર; એક વખત જામનગર, તો એક વખત ભાવનગર, હળવદ, મોરબી, ગોંડળ વગેરે. આ બધાંના સ્થાનિક ઇતિહાસ છે; અને સૌરાષ્ટ્રના ઇતિહાસમાં એ બધાંને સ્થાન છે. વળી, પ્રાચીન ગ્રન્થો, શિલાલેખો વગેરેથી મેળવેલો ઇતિહાસ તો છે; પણ આ પ્રદેશના ઇતિહાસની બહુધણી કડીઓ હજી કંઠસ્થ સાહિત્યમાં પડી છે. શંભુભાઈએ આ બધાં સાહિત્યનો ઉપયોગ કર્યો છે. એમણે શિલાલેખોનો અને સિક્કાઓ વગેરેનો આધાર તો લીધો જ છે; જૂનાનવા ગ્રન્થોના આધાર પણ લીધા છે; તેમાં ફારસી ગ્રન્થોનો આધાર ધ્યાન ખેંચે તેવો છે અને જે સ્થાનિક ઇતિહાસ હજી ચારણોના ચોપડે અને લોકની જીભે છે, તેનો પણ એમણે ખૂબ ઉપયોગ કર્યો છે. આ બધાંને લીધે "સૌરાષ્ટ્રનો ઇતિહાસ" પદ્ધતિસરનો લખવા માટે, અહીં કાચો માલ, ઘણા વિપુલ પ્રમાણમાં સંધરાયો છે; અને આ ગ્રન્થનું આ મોટું મહત્ત્વ છે.

આમાં વલભીપુર, ધુમલી, જૂનાગઢ, ભાવનગર, જામનગર વગેરે બધાં સ્થળોની નાની-મોટી અનેક વીગતો સંધરાઈ છે. મારા ધારવામાં, આ ગ્રન્થની આ મોટી સિદ્ધિ છે કે એમાં સ્થાનિક ઇતિહાસ આટલા મોટા પ્રમાણમાં અને આટલી બધી વીગતમાં આપવામાં આવ્યો છે. ઇતિહાસ એટલે માત્ર હારજીતનો ઇતિહાસ એમ લેખકે ગણ્યું નથી. એટલે તો આ ગ્રન્થમાં તે તે કાળના વહીવટી તંત્ર, ચલણ, કળા, શિલ્પ, સાહિત્ય, ધર્મ, સમાજ વગેરેની પણ માહિતી બને ત્યાં આપી છે. આ બધાંને લીધે આ ગ્રન્થમાં ઇતિહાસની સામગ્રી ભારોભાર ભરી છે. આ એની સમૃદ્ધિ છે.

આ ગ્રન્થમાં કેટલીક ક્ષતિઓ દેખાશે, પણ ઉપર કહેલા ગુણોને લીધે આ ગ્રન્થ ખરેખર આવકારને પાત્ર છે.

સંવત ૨૦૧૩<br>
મહાશિવરાત્રી.<br>
તા. ૨૭-૨-'૫૭<br>
રાજકોટ.

ઢેબરભાઈ ર. માંકડ

# પ્રકાશકનું નિવેદન

સૌરાષ્ટ્રના ઇતિહાસની ખોટ ઘણા વખતથી જણાયા કરી છે. સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં સ્થળોના સ્થાનિક ઇતિહાસ માટે છૂટાંછવાયાં પુસ્તકો છે; પણ સમગ્ર સૌરાષ્ટ્રના બધા પ્રદેશોનો પહેલેથી ઠેઠ ઓગણીસમી સદીના પ્રારંભ સુધીનો ઇતિહાસ એક પુસ્તકમાં લખાયલો મળતો નથી એટલે અભ્યાસીઓને આ ખોટ બહુ જ સાલે છે.

સૌરાષ્ટ્ર સંશોધન મંડળે સન ૧૯૫૦ના ઓક્ટોબરમાં સૌરાષ્ટ્ર ઇતિહાસ પરિષદ સદ્. ઇતિહાસવેત્તા શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીના અધ્યક્ષપદે ભરી. એ પરિષદના પ્રમુખના વ્યાખ્યાનથી માંડીને હરાવો સુધીની પ્રવૃત્તિમાં સૌરાષ્ટ્રનો સળંગ ઇતિહાસ લખવાની જરૂર પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેને અનુસરીને સૌરાષ્ટ્ર સંશોધન મંડળે પણ સૌરાષ્ટ્રનો ઇતિહાસ લખવા, લખાવવા, પ્રાપ્ત કરવા વગેરે દિશાઓમાં પ્રયત્નો જારી રાખ્યા હતા.

એ માટે તપાસ ચાલુ હતી તે દરમ્યાન પ્રભાસપાટણના ઇતિહાસકાર શ્રી. શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ પાસે એવા ઇતિહાસની સામગ્રી એકત્ર હતી. તે પરથી તેમણે ઇતિહાસનું આ પુસ્તક તૈયાર કરી આપ્યું. તે તદ્વિદ વિદ્વાનોને પસંદ પડતાં તે છપાવીને પ્રસિદ્ધ કરતાં સૌ. સં. મંડળને આનંદ થાય છે.

આ સ્થળે આ પુસ્તકના લેખકનો પરિચય આપવાનું જરૂરી જણાય છે. શ્રી. શંભુપ્રસાદ પ્રભાસપાટણના દેશાઇ છે. તેમના પૂર્વજો મુગલાઈ સમયથી સોરઠમાં અગત્યનું સ્થાન ભોગવતા આવ્યા છે. લેખકના પિતાશ્રી સદ્. શ્રી. હરપ્રસાદ ઉદયશંકર દેશાઇ, કે જેમને લેખકે આ પુસ્તક અર્પણ કર્યું છે અને જેમનું રેખાચિત્ર સદ્. શ્રી. ઝવેરચંદ મેઘાણીએ સોરઠી બહારવટિયાના ભાગ ચોથામાં તેમની રસભરી કલમે દોર્યું છે તે, જૂનાગઢ રાજ્યમાં પોલીસ, મહેસૂલ અને જંગલખાતાના વહીવટી અમલદાર હતા, એટલું જ નહિ, પણ કાવ્ય, ઇતિહાસ અને ઇતર સાહિત્યના વિદ્વાન હતા. પુરાતત્ત્વવેત્તા સદ્ શ્રી. વલ્લભજી હરિદત્ત આચાર્યને તેમનાં અનેક સંશોધનોમાં તેમણે ઘણી સહાય કરી હતી. સદ્. શ્રી. દેશાઇજીનાં પોતાનાં સંશોધનોની નોંધ પણ એક અમૂલ્ય સંગ્રહ જેવી છે.

શ્રી. શંભુપ્રસાદ અત્યારે મુંબઇ રાજ્યના ડેપ્યુટી કલેકટર છે. પિતાશ્રીના વિદ્યાસંસ્કારના વારસાને પરિણામે તેમણે કાવ્યો, વાર્તાઓ તથા નવલકથાઓ પણ લખી છે. હવે પછી તેઓશ્રી તેમના કુટુંબનો ઇતિહાસ 'પિતૃતર્પણ' અને 'સોમનાથ' એ બંને પુસ્તકો દ્વારા પ્રસિદ્ધ કરવા વિચારે છે.

શ્રી. શંભુપ્રસાદે ઘણાં વર્ષો સુધી મહેનત કરીને, અનેક ઠેકાણેથી માહિતીઓ મેળવીને આ પુસ્તક તૈયાર કર્યું છે. આ પ્રકારનું આ પહેલું પુસ્તક છે: અને એ દૃષ્ટિએ સૌ. સં. મંડળ એનું

પ્રકાશન કરે છે. શ્રી. શંભુપ્રસાદે આ સંસ્થા દ્વારા આ પ્રકાશન થાય તેમાં સંમતિ આપી છે; તેથી આ મંડળની પ્રવૃત્તિને અનુરૂપ એક કાર્ય થઈ શકે છે તેનો યશ એમને જાય છે.

આ પુસ્તકના પ્રકાશન માટે સૌરાષ્ટ્ર સરકારના ગ્રંથોત્તેજક ફંડ તરફથી રૂા. ૧૦૦૦/- ની સહાય મળી છે, તેમજ રાજ્યના કેળવણી ખાતાએ આ પુસ્તકની બસો પ્રત ઉત્તેજનાર્થે ખરીદી છે, તેને માટે આ સંસ્થા સરકારની ઋણી છે.

અમૃતલાલ લક્ષ્મીશંકર સ્વાદિયા
હરસુખલાલ સાકળચંદ સંઘવી
પ્રાણલાલ મોહનલાલ જોષી
મંત્રીઓ,
સૌરાષ્ટ્ર સંશોધન મંડળ
રાજકોટ.

મંગળવાર,
તા. ૨૬ મી ફેબ્રુઆરી, ઈ. સ. ૧૯૫૭
સાં. ૨૦૧૩, મહા વદ ૧૨
શ્રી. કલાપી જન્મજયન્તી (૧૮૭૪)

# પ્રસ્તાવના

"સૌરાષ્ટ્રના ઇતિહાસ"નો પણ ઇતિહાસ છે. કૉલેજના દિવસોમાં મારા સદ્‌ગત મુરબ્બી ભાઈ શ્રી. શંકરપ્રસાદ હરપ્રસાદ દેશાઇની પ્રેરણાથી પ્રભાસ ઇતિહાસ સંશોધન મંડળની સ્થાપના ઇ. સ. ૧૯૨૭માં કરવામાં આવી. શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકર ત્રિવેદી તથા મેં સંશોધનો કરવા પાછળ અમારાં વેકેશનો અને ફુરસદના સમયનો વ્યય કર્યો અને જેમ જેમ આ પવિત્ર વ્યવસાયમાં અમે પ્રગતિ કરતા ગયા તેમ તેમ અનેક રસિક અને નવીન વસ્તુઓ પ્રાપ્ત થતી ગઈ અને તે સાથે એ પણ પ્રતીતિ થઈ કે સૌરાષ્ટ્રના ઇતિહાસના એક લઘુ પરંતુ પ્રમાણભૂત ગ્રંથની આવશ્યકતા છે.

"પ્રભાસના વાજા રાજાઓ" એ નામની મારી લેખમાળા 'ગુજરાતી'માં ઇ. સ. ૧૯૩૩માં પ્રસિદ્ધ થઇ અને અંધારમાં પડેલા આ રાજકુળનો ઇતિહાસ પ્રકાશમાં આવ્યો. 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' અને અન્ય પત્રોએ તેના માટે પ્રશંસાયુક્ત નિવેદનો લખ્યાં અને તેનાથી પ્રેરાઈને સૌરાષ્ટ્રનો એક સંક્ષિપ્ત પરંતુ સળંગ ઇતિહાસ લખવા માટે નિશ્ચય કર્યો.

પરંતુ તે કાળમાં મારે રાજની સેવા સ્વીકારવી પડી અને સમયનો અભાવ, સાધનપ્રાપ્તિની ઉપાધિ તથા કેટલાંક આવરણોને કારણે પ્રાથમિક વિધિ સમાપ્ત થતાં જ તે વિચારનો અંત આવ્યો; પણ જૂનાગઢ રાજ્યની મહેસૂલ ખાતાની સેવામાં સોરઠનાં ગામે ગામ અને સ્થળે સ્થળ ફેરણી કરવાનો સુયોગ પ્રાપ્ત થયો અને નિર્જન વનો, ઉજ્જડ ગામડાંઓ, ગિરિકંદરાઓ અને સાગરકાંઠાના પ્રદેશોમાં ઘોડેસ્વાર થઈ ઘૂમવાનો અવસર સાંપડ્યો. સૌરાષ્ટ્રની રજપૂત, કાઠી મેર, આહિર, રબારી, ખાંટ આદિ ખમીરવંતી જાતિઓનો ઘનિષ્ઠ પરિચય થયો; સૌરાષ્ટ્રના ઇતિહાસને સૈકાઓથી કંઠસ્થ રાખી શ્રુતિસ્મૃતિના ન્યાયે સજીવન રાખતી ચારણ અને ભાટ કોમના અનેક કવિઓ, વાર્તાકથકોની મૈત્રી થઈ. જાતિઓના અને કુળોના બારોટોનો સંપર્ક સાધવા તક મળી અને 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' લખવા માટે તૈયાર કરેલી નોંધ ઉપરથી ધૂળ ખંખેરીને તે જ ફરીથી હાથમાં લેવા માટે સુષુપ્ત થઇ ગયેલા વિચારને પુનઃ ગતિ પ્રાપ્ત થઇ.

એ સમયમાં "પ્રભાસ-ઇતિહાસ સંશોધન સભા" વતી જૂનાગઢ રાજ્યના તત્કાલીન વિદ્યાધિકારી શ્રી. બદરુલઝમાન કાઝીને સોરઠની શાળાઓમાં સૌરાષ્ટ્રના ઇતિહાસને સ્થાન આપવા મેં વિનંતી કરી, ત્યારે તેમણે પાઠયપુસ્તક માટે સૂચન માગ્યું. મારી પાસે તેવું સૂચન હતું નહિ, તેથી મેં તેમને તેવું પુસ્તક લખી આપવા વચન આપ્યું અને એક શાળોપયોગી અને માધ્યમિક શાળાના અભ્યાસક્રમમાં પાઠયપુસ્તક તરીકે સ્થાન પામે તે દૃષ્ટિએ સૌરાષ્ટ્રના ઇતિહાસનું આલેખન થયું. પરંતુ તે સંપૂર્ણ થાય તે પહેલાં જ તે અધિકારીએ સેવાત્યાગ કર્યો અને સૌરાષ્ટ્રના ઇતિહાસને અભ્યાસક્રમમાં દાખલ કરવાનો પ્રશ્ન પણ ખોરંભે પડ્યો.

થોડાં વરસો પછી, એટલે ઈ. સ. ૧૯૪૮ લગભગ, સ્વાતંત્ર્યપ્રાપ્તિનો આનંદ અનુભવતા માનસે મુક્ત વાતાવરણમાં ભૂતકાળના ગૌરવને સજીવન કરતો ઇતિહાસ આલેખવા ઇચ્છા કરી,

પણ વ્યવસાયી જીવનમાં સમયનો અભાવ અંતરાય રૂપ બની રહ્યો. તેમ છતાં મૂળ પ્રતમાં સુધારાવધારા કરતાં કરતાં ઈ. સ. ૧૯૫૪ માં આ પુસ્તક લગભગ નવું જ લખાઈ ગયું.

ઇતિહાસનું આલેખન અને નવલકથાનું લેખન એ ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. ઇતિહાસમાં સત્ય અને તે પણ નગ્ન સત્યનું રૂપષ્ટપણે, છતાં સંયમપૂર્વક આલેખન કરવાનું રહે છે. તેમાં વિચારો, કલ્પના, મનસ્વી નિર્ણયો અને યથેચ્છ વિધાનોને સ્થાન નથી. ભાષા ઉપર, કલમ ઉપર અને વિધાનોના આલેખન ઉપર સંપૂર્ણ અંકુશ રાખવાનું આવશ્યક બને છે. ભાષાલાલિત્ય, શબ્દપ્રયોગો અને અલંકારોનો ઉપયોગ કરવા જતાં કેટલીક ક્ષતિઓ અકારણ આવી જાય છે. વળી, વિગતવાર વર્ણનો, ઝીણવટભર્યું વસ્તુવિવરણ અને ન્યાયાન્યાય કે સારાસારની ચર્ચા કરવા જતાં વિસ્તારભયને પણ ગણતરીમાં લેવો પડે છે. આ સમગ્ર કારણોના પરિણામ રૂપે આ પુસ્તકમાં, ભાષાની ઝલક, શબ્દલાલિત્ય કે કાવ્યમય અલંકારોની ઊણપ રહી જાય છે અને મારી નવલો, નવલિકાઓ કે નાટકોમાં જે ભાષા લખાઈ છે તેનાથી આ પુસ્તકની ભાષા નિરાળી છે. તેમાં કદાચ જોશ, વિવિધતા કે બલની ઊણપ હશે; શબ્દપ્રયોગો અને અલંકારો દેખાશે નહિ અને તર્ક, કલ્પના અને કાવ્યમય વર્ણનો કયાંય જણાશે નહિ, તે દોષ હું સ્વીકારું છું, પણ તે સાથે અંગત રીતે હું માનું છું કે ઇતિહાસના આલેખનમાં માત્ર નક્કર હકીકતોનું આલેખન અને તે પણ જેમ બને તેમ સાદી રીતે કરવાનું – ભૂતકાળમાં જીવી ગયેલાં પાત્રોને જાણ્યે અજાણ્યે અન્યાય ન થઈ જાય તે માટે–હિતાવહ છે.

આંગ્લ ઇતિહાસકારોએ, મુસ્લિમ તવારીખનવેશોએ, આધુનિક લેખકોએ પોતપોતાની શૈલીમાં ઇતિહાસો લખ્યા. ઇતિહાસના આલેખનની કોઈ સર્વમાન્ય પદ્ધતિ નથી. અંગ્રેજોએ ઇતિહાસના ક્ષેત્રને ખૂબ ખેડ્યું છે. અને આજે આપણે ઇતિહાસના આલેખનની જે પદ્ધતિ સ્વીકૃત માનીએ છીએ, તે અંગ્રેજીમાંથી મેળવેલ છે. અંગ્રેજો સદીઓથી એક સ્વાધીન પ્રજા છે. વાણીસ્વાતંત્ર્ય અને લેખનસ્વાતંત્ર્ય તે ભોગવતી આવી છે અને તેમણે તેમના દેશનો ઇતિહાસ મુકત હસ્તે મુકત માનસે અને મુકત વાતાવરણમાં લખ્યો છે. ભારતનો ઇતિહાસ તેઓએ શાસકોની દૃષ્ટિએ લખ્યો અને તેમાં તેઓ પાસે વિપુલ સામગ્રી હતી, ગમે તેવા નિર્ણયો લેવાની નિરંકુશ વૃત્તિ હતી અને વિરોધ કે વિવાદનો ભય ન હતો. મુસ્લિમ તવારીખનવેશોએ પણ તેમના શાસકો અને આશ્રયદાતાઓની ઓથમાં રહી તવારીખો લખી છે. એટલે ઇતિહાસની રંગભૂમિ ઉપર ખેલતાં પાત્રોનાં કર્તવ્યો અને કૃત્યો માટે નિરંકુશપણે લખ્યું છે. જેઓ આજે આપણી સમક્ષ નથી, જેઓ સદીઓ પહેલાં આ પ્રદેશમાં આજે આપણે વસીએ છીએ તેમ વસી ગયાં છે અને તત્કાલીન નીતિના, જીવનના અને વ્યવહારના નિયમોને આધીન રહી તેમનાં જીવન જીવી ગયાં છે, તેઓનો ન્યાય આજે આપણે આપણી દૃષ્ટિએ કરીએ તે પણ મને અનુચિત જણાય છે. પ્રત્યેક પાત્રના કૃત્યની વારંવાર ચર્ચા કરી નિર્ણય કરવાનું પણ તે જ કારણે વાસ્તવિક નથી અને તેથી જ આ પુસ્તકમાં અપવાદો સિવાય આવી ચર્ચા છોડી દેવામાં આવી છે.

પ્રકાશનનું ખર્ચ, વધુ પડતી થઈ જતી કિંમત અને વિસ્તારભયે પણ કેટલીક વસ્તુઓ જાણવા છતાં તજી દેવાનું અનિવાર્ય બન્યું છે. કેટલાક વિદ્વાનોના આધારોની ચર્ચા પણ કરી શકાઈ હોત અને ભૂતકાળના ઇતિહાસકારોનાં કથનો ઉપર વિવેચન પણ થઈ શકયું હોત, પણ

તેમ કરવા જતાં ગ્રંથનો વિસ્તાર વધી જાત અને તેનું પ્રકાશન વિલંબમાં પડત તે ભય પણ દૃષ્ટિ સમક્ષ રાખવો પડયો છે.

તેમ છતાં આવા ગંભીર વિષયના આલેખનનો આ મારો પ્રથમ અને નમ્ર પ્રયાસ છે. સૌરાષ્ટ્રનો ઇતિહાસ છૂટાછવાયા ગ્રંથોમાં પડેલો છે. તેના કડીબદ્ધ ઇતિહાસની ખોટ ઇતિહાસના વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને લાગ્યા કરી છે, અને તે ઊણપ પૂરવા માટે આ પુસ્તક લખવાનું આવશ્યક જણાયું છે. અનેક ગ્રંથો, શિલાલેખો, તામ્રપત્રો, દસ્તાવેજો, હસ્તલિખિત ગ્રંથો, વાર્તાકારો, કવિઓ, બારોટો વગેરે પાસેથી પ્રાપ્ત કરેલ વિગતો માત્ર ફરીથી લખી છે. તેના આલેખનમાં, ભાષામાં, વિવરણમાં કે ચર્ચામાં અવશ્ય ઊણપ હશે જ અને કેટલીક ક્ષતિઓ પણ હશે જ; પ્રભુકૃપાથી બીજી આવૃત્તિ બહાર પાડવા અવસર પ્રાપ્ત થશે, તો તેમાં તે વિષયમાં મળેલાં સૂચનો અને માર્ગદર્શન સ્વીકારી, ક્ષતિઓ જરૂર સુધારી લેવા પ્રયત્ન કરીશ.

આ પુસ્તક છેલ્લાં સોળ વર્ષથી જેમ જેમ સમય મળે, જેમ જેમ સાધન મળે, તેમ તેમ લખાતું રહ્યું છે; એટલે તેમાં રસક્ષતિ પણ થઈ છે.

વ્યવસાયી જીવન, પૂરતા સમયનો અભાવ, સાધનોની મુશ્કેલી અને એવાં બીજાં અનેક કારણોએ પણ કેટલીક ક્ષતિઓ રહેવા પામી છે; પણ તેમ થવાનું અનિવાર્ય હતું.

બધી ઊણપો, ક્ષતિઓ અને અપૂર્ણતાઓ દૃષ્ટિમાં નહિ લેતાં, ઇતિહાસરસિક વિદ્વાનો અને વિદ્યાર્થીઓ આનો ઉપયોગ કરશે, તો હું મારી મહેનત સફળ થયેલી સમજીશ.

સૌરાષ્ટ્ર સંશોધન મંડળે આ પુસ્તકના પ્રકાશનની જવાબદારી ઉપાડી મને પ્રોત્સાહન આપ્યું છે. તે સંસ્થાના પ્રયત્ન સિવાય પ્રકાશન અસંભવ હતું. મંડળના પ્રમુખ શ્રી. જસ્ટીસ એમ. સી. શાહ, મંડળના મંત્રી શ્રી.અમૃતલાલ લક્ષ્મીશંકર સ્વાદિયા, શ્રી વૈકુંઠપ્રસાદ જોષીપુરા, શ્રી બાપુભાઈ બુચ, શ્રી. હરકાન્ત શુકલ વગેરે મુરબ્બી મિત્રોએ રસ લઈને આ કાર્યને સફળ બનાવી મને ઉપકૃત કર્યો છે.

સૌરાષ્ટ્ર રાજ્યના મા. કેળવણી મંત્રી શ્રી. જાદવજીભાઈ મોદીએ મને પ્રારંભમાં આશીર્વાદ આપી, આ કાર્યમાં અંગત રસ લઈ, તેમની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી પ્રેમપૂર્વક સમય મેળવી, આ પુસ્તકના પ્રકાશનમાં શકય એટલી તમામ સહાય આપી છે. સૌરાષ્ટ્ર ગ્રન્થોત્તેજક ભંડોળ સમિતિના સભ્યો, વિદ્યાધિકારી શ્રી. દામોદરલાલ શર્મા, શ્રી. ડોલરભાઈ માંકડ તથા શ્રી. બાબુભાઇ વૈદ્યે ભંડોળમાંથી આર્થિક સહાય આપી છે. તે સહુનો હું ઋણી છું.

અલિયાબાડાના શ્રી. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયના મુખ્ય આચાર્ય મુ. ડોલરભાઇ માંકડે મને તેમના પુસ્તકાલયમાંથી દુષ્પ્રાપ્ય અને મૂલ્યવાન પુસ્તકો વારંવાર આપીને, આ કાર્યમાં પ્રેરણા આપીને તથા આ પુસ્તકનો આમુખ લખીને જે ઉત્તેજન આપ્યું છે, તે માટે તો હું તેમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

'પ્રભાસ–ઇતિહાસ સંશોધન મંડળ'ના સભ્યો શ્રી. ચુનીલાલ માનશંકર દેશાઇ તથા શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકરે ઘણાં વરસોથી મારા સંશોધન અને ઇતિહાસલેખનના કાર્યમાં સહકાર આપ્યો છે; તેમનો પણ હું આ સ્થળે ઉપકાર માનું છું.


પુસ્તકના મુદ્રણમાં શ્રી. જયંતભાઇ પલાણે જે પ્રેમપૂર્વક સહકાર અને સહાય આપ્યાં છે તે માટે તેમનો પણ હું આભાર માનું છું.

આ પુસ્તક તૈયાર કરવામાં જે જે સદ્‌ગત અને વિદ્યમાન લેખકો, વિદ્વાનો અને ઇતિહાસકારોનાં પુસ્તકો કે લેખોનો મેં આધાર લીધો છે, તેમજ જે મિત્રો પાસેથી મેં કેટલીક હકીકત મેળવી છે તે સર્વનો આ સ્થળે હું અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કરું છું. ખાસ કરીને મારા ગુરુ પ્રો. કોમીસેરિયેટ તથા મિત્ર પ્રો. હસમુખભાઇ સાંકળિયાનાં પુસ્તકો મને બહુ ઉપયોગી નીવડ્યાં છે, અને તેમનો વિશેષ ઉલ્લેખ ન કરું તો હું કૃતઘ્ની ગણાઉં.

સૌરાષ્ટ્રના ઇતિહાસનું મુખપૃષ્ઠ સૌરાષ્ટ્રના ગર્વ અને ગૌરવ સમા મુ. રવિશંકર રાવળની પ્રેરણાથી શ્રી. નરેન્દ્રભાઇએ તૈયાર કરી પુસ્તકને આકર્ષક બનાવી દીધું છે, તે માટે તે બન્નેનો પણ હું ખાસ ઉપકાર માનું છું.

અંતમાં નામદાર હીઝ હાઇનેસ મહારાજા જામસાહેબ શ્રી. દિગ્વિજયસિંહજી બહાદુરે આ કાર્યમાં રસ લઇ મને જે પ્રોત્સાહન એને ઉત્તેજન આપ્યું છે, તે માટે તેઓ નામદારનો તથા તેઓશ્રીના અંગત મંત્રી કુ. શ્રી. રામસિંહજીભાઇનો હું અત્યંત ઋણી છું.

મને આશા છે કે, આ પુસ્તકનો ઇતિહાસરસિક જનતા આદર કરશે અને તેમાં રહી જતી કોઇ ક્ષતિ કે ઊણપ સૂચવશે તો બીજી આવૃત્તિમાં તે સુધારી લેવા હું અવશ્ય પ્રયત્ન કરીશ.





# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રાચીન સમય.... .... .... .... .... .... | ૧ |
| ૨. | ગુપ્ત સામ્રાજ્ય... .... .... .... .... .... | ૨૯ |
| ૩. | વલ્લભી સામ્રાજ્ય.... .... .... .... .... .... | ૪૪ |
| ૪. | વલ્લભી પશ્ચાત .... .... .... .... .... .... | ૮૨ |
| ૫. | રજપૂત સમય.... .... .... .... .... .... | ૯૯ |
| ૬. | ગુજરાતના સુલતાનો.... .... .... .... .... | ૨૩૮ |
| ૭. | મુગલ સામ્રાજ્ય.... .... .... .... .... .... | ૩૦૩ |

# સૌરાષ્ટ્રનો ઇતિહાસ

## પ્રકરણ ૧ લું : પ્રાચીન સમય

ભારતના પ્રદેશોમાં પુરાતન કાળથી સૌરાષ્ટ્ર એક પ્રસિદ્ધ પ્રદેશ છે. સમૃદ્ધ અને રસાળ પ્રદેશ તરીકે તે જાણીતો છે. તેનું મહત્ત્વ અનેક પુરાણા ગ્રંથોમાં સ્વીકારાએલું છે.

આ પ્રદેશનો વેદકાળથી વર્તમાનકાળ સુધીનો ઇતિહાસ અનેક વિદ્વાનોએ, જુદા જુદા ગ્રંથોમાંથી સંશોધન અને તારવણી કરીને આલેખ્યો છે; અને તે ગ્રંથો તેમજ તામ્રપત્રો, શિલાલેખો મુદ્રાઓ અને દસ્તાવેજોનું પુનઃ સંશોધન કરી સૌરાષ્ટ્રનો કડીબદ્ધ ઇતિહાસ લખવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

<u>પ્રાગૈતિહાસિક યુગ</u> : પ્રાચીન ભારતના વિદ્વાનોએ, જેને આપણે આજે ઇતિહાસ કહીએ છીએ તેવો, ઇતિહાસ લખ્યો નથી, અને લખ્યો હોય તો તે ઉપલબ્ધ નથી. પણ શ્રીમદ્ ભાગવત અને અન્ય પુરાણોમાં એક વિશિષ્ટ પદ્ધતિએ, ઇતિહાસ અને ભૂગોળનું આલેખન થયું છે. તે ઉપરથી પ્રતીત થાય છે કે સૌરાષ્ટ્ર પ્રાગૈતિહાસિક સમયમાં પણ પ્રસિદ્ધ પ્રદેશ હતો અને તે સભ્યતા, સંસ્કૃતિ અને વિદ્યા–કલાનું ધામ હતું.

આ પ્રદેશમાં અષ્ટાવક્ર, ચ્યવન, દધિચિ, માર્કંડેય વગેરે મહાન અને પવિત્ર ઋષિમુનિઓ તે સમયમાં થઈ ગયા છે.[૧] સૌરાષ્ટ્રનો ઉલ્લેખ ઋગ્વેદના પરિશિષ્ટમાં છે[૨] રામાયણમાં પણ સૌરાષ્ટ્રના રાજાનો ઉલ્લેખ છે[૩] અને મહાભારતમાં તો પ્રભાસ, રૈવતક અને દ્વારકાનાં વર્ણનો વારંવાર જોવા મળે છે.

---

૧ અષ્ટાવક્રે કારાવાસમાં પૂરેલા ઋષિઓને, રાજા જનકના પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર આપી મુક્ત કરાવ્યા હતા. તે પ્રાચી તીર્થમાં વસનારા હતા.

ચ્યવન ક્ષેત્ર સુત્રાપાડા પાસે છે. (પ્રભાસખંડ)

દધિચિએ વપુદાન દઈ દેવતાઓને આયુધો આપ્યાં હતાં. તે પ્રભાસ પાસે રહેતા. (પ્રભાસખંડ)

માર્કંડેય, અગસ્ત્ય વગેરે ઋષિઓ અહીં હતા. માર્કંડેય વરદાનથી અમર થયા, અગસ્ત્યે સમુદ્રપાન કર્યું.

૧ ખીલ ઋચા : સપ્તમ અષ્ટક. "યત્ર પ્રાચી સરસ્વતી, યત્ર સોમેશ્વરો દેવ." (નિર્ણય સાગર પ્રેસ. મુંબઈ યજુર્વેદ–પરિશિષ્ટ)

૨ મહારાજા દશરથે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે જે રાજાઓને બોલાવવા આજ્ઞા કરી તેમાં સૌરાષ્ટ્રના રાજાનો ઉલ્લેખ છે.

**યાદવો :** શ્રીકૃષ્ણને જરાસંધ તથા કાલયવનની સામે મથુરામાં ટકવું મુશ્કેલ જણાયું. પોતાના પિતૃઓની ભૂમિ ત્યજી તેમણે સૌરાષ્ટ્રનો માર્ગ લીધો. બલરામ અને યાદવો તેમની સાથે આવ્યા. અને સૌરાષ્ટ્રમાં કુશસ્થલી સ્વાધીન કરી ત્યાંના સ્વામી થયા.

ગિરનારની ગુફામાં રાજા મુચકુંદ શાપના પરિણામે તેને વરેલી અનંત નિદ્રામાં પોઢયો હતો. તેને જગાડે તે બળી જાય તે જ્ઞાન શ્રીકૃષ્ણને મળતાં તેમણે પોતાની પામરી સૂતેલા મુચકુંદ ઉપર ઓઢાડી. કાળયવને તેને શ્રીકૃષ્ણ ધારી ઉઠાડયો અને મુચકંદની દૃષ્ટિ પડતાં જ કાળયવન ભસ્મ થઇ ગયો.

વૈવસ્ત મનુના પૌત્ર રાજા આનર્તના નામથી આ દેશ આનર્ત તરીકે ઓળખાતો. તેના પુત્ર રેવતે[1] બલરામને પોતાની કન્યા રેવતી પરણાવી અને પોતે તપશ્ચર્યા અર્થે રેવતાચળમાં ગયા. બલરામ આ પ્રકારે આ દેશના રાજા થયા. પણ એ સમયમાં ચાલી આવતી પ્રથા પ્રમાણે બલરામ તથા શ્રીકૃષ્ણ તેમને મળેલું રાજ્ય યાદવ કુળના વડીલ ઉગ્રસેનને આપી તેમની સાથે રહી આ પવિત્ર પ્રદેશ પર રાજ્ય કરવા લાગ્યા.

**યાદવોનું રાજ્ય :** યાદવોનો રાજઅમલ શરૂ થયો તે સામે સ્થાનિક રાજાઓએ વિરોધ કર્યો હોવાનું જણાય છે. કુંડિનપુરના રાજા ભીષ્મકની કુંવરી રુકિમણીનું શ્રીકૃષ્ણે હરણ કર્યું અને તેની પાછળ પડેલા રાજકુમારને પરાજિત કર્યો[2], શિશુપાલનો વધ કર્યો, સત્રાજીત યાદવની પુત્રી સત્યભામા સાથે શ્રીકૃષ્ણે લગ્ન કર્યાં અને જાંબુવંતીને આ જ પ્રદેશમાં શ્રીકૃષ્ણે પટરાણીઓમાં સ્થાપ્યાં

આ સમયમાં હસ્તિનાપુરમાં કૌરવો અને પાંડવો વચ્ચે વૈમનસ્ય શરૂ થયું અને સુખેદુઃખે પાંડવો આ પ્રદેશમાં શ્રીકૃષ્ણને આશ્રયે અથવા તેમની સલાહ સૂચના લેવા આવતા. અર્જુને શ્રીકૃષ્ણની સલાહથી સુભદ્રાનું હરણ કર્યું અને તેની સાથે લગ્ન કર્યાં.

બળરામની કુંવરી વત્સલાનું પણ આ જ દેશમાંથી ભીમના પુત્ર ઘટોત્કચે હરણ કર્યું.

---

૧ વૈવસ્ત મનુનો પૌત્ર આનર્ત હશે પણ તેનો પુત્ર રેવત હોય તે સંભવિત નથી, તેનો વંશજ હોય તે વિશેષ સંભવિત છે.

૨ પરાજિત શત્રુઓની પુત્રીઓને પરણવાનો ચાલ એ સમયમાં સામાન્ય હતો. તેનું અનુસરણ વીસમી સદી સુધી થતું રહ્યું જણાય છે.

અનિરુદ્ધ પણ આ જ દેશના દરિયામાંથી પકડાઈ ઉષાના દેશમાં પહોંચ્યો અને શ્રીકૃષ્ણે તેના પ્રદેશ ઉપર ચડાઈ લઈ જઈ અનિરુદ્ધને મુક્ત કર્યો.

**યાદવાસ્થળી** : દ્વારકાથી વિહાર કરવા ગયેલા યાદવ કુમારોએ ઋષિની મશ્કરી કરતાં મળેલા શાપના પરિણામે યાદવો પ્રભાસ પાસે અંદર અંદર લડી કપાઈ મૂઆ[1] અને શ્રીકૃષ્ણ ભાલુકાતીર્થમાં જરાના તીરથી ઘાયલ થઈ પ્રભાસમાં સ્વધામ ગયા.[2]

**શ્રીકૃષ્ણ પછી** : શ્રીકૃષ્ણના મૃત્યુ પછી તેના પરમ ભક્ત અને સખા મહારથી અર્જુન તેમની રાણીઓને લઈ મથુરા જતાં માર્ગમાં લૂંટાયા. પણ અનિરુદ્ધના પુત્ર વજ્રનાભને ઇન્દ્રપ્રસ્થ પહોંચાડયો.

આ યુગ પછીનો ઇતિહાસ પ્રાપ્ત થતો નથી જે માટે સંશોધનને ઘણો અવકાશ છે. શ્રીકૃષ્ણનો સમય પણ શંકાસ્પદ છે, છતાં વિદ્વાનોએ તે ઈ. સ. પૂર્વે ૧૫૦૦ આસપાસનો સામાન્ય રીતે માન્ય રાખ્યો છે. તે પછીનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ ચંદ્રગુપ્ત મૌર્યના કાળથી મળે છે.

ચંદ્રગુપ્ત મૌર્ય ઈ. સ. પૂર્વે ૪૦૦માં થયો. એટલે લગભગ એક હજાર વર્ષોનો ઇતિહાસ અંધારની ઘેરી જવનિકા પાછળ છુપાયેલો પડયો છે.

પરંતુ ચંદ્રગુપ્ત મૌર્યના કાળના સૌરાષ્ટ્રની રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક સંસ્કૃતિનો અભ્યાસ કરતાં જોઈ શકાય છે કે શ્રીકૃષ્ણના સમયમાં જે સંસ્કૃતિ, ધર્મ અને સભ્યતાની સ્થાપના થઈ હતી, તેનો વિકાસ થયો હતો અને આ અંધાર યુગમાં પણ સૌરાષ્ટ્ર વિદ્યા, કળા, વાણિજ્ય અને ધર્મ માટે પ્રસિદ્ધ હતું.

પાણિનિ જેવા સમર્થ વ્યાકરણકારે પણ તેનો ઉલ્લેખ કર્યો છે. પુરાણોની કથાઓમાં તેનાં વારંવાર મળતાં વર્ણનોથી પણ તે વસ્તુને સમર્થન મળે છે.[3]

**ચંદ્રગુપ્ત** : ઈસુની સદીથી ચારસો વર્ષ પૂર્વે મહાઅમાત્ય ચાણાક્યની

---

૧ પ્રભાસમાં હજી પણ યાદવાસ્થળીના નામથી જાણીતી જગ્યા છે.

૨ જ્યાં ઘાયલ થયા તે સ્થળ 'ભાલુકા' અને જ્યાં તેમના શરીરને અગ્નિસંસ્કાર કર્યો તે 'દેહોત્સર્ગ' નામથી પ્રસિદ્ધ છે. જુઓ લેખકનું " પ્રભાસ–યાત્રા વર્ણન."

૩ પુરાણો કયારે લખાયાં તે અને તેમાં લખેલી વિગતોનો કાળ નિશ્ચિત કરવાનું કામ કપરું તેમજ જોખમી છે. એકલાં પુરાણોના આધારે કલ્પના કરવી તે વાસ્તવિક નથી. પુરાણો ઘણા પાછળથી લખાયાં હોવાનું વિદ્વાનોનું મંતવ્ય છે અને તેથી તેને પ્રમાણભૂત ગણતાં અચકાવું પડે છે.

સહાયથી ચંદ્રગુપ્તે મગધનું રાજ્ય પ્રાપ્ત કર્યું અને તેની સીમાઓ વધારી. તેમાં સૌરાષ્ટ્રનો પ્રદેશ પણ તેની આણ નીચે આવ્યો. સૌરાષ્ટ્રની રાજધાની જીર્ણદુર્ગમાં[૧] હતી. ચંદ્રગુપ્તે ત્યાં પોતાના સૂબા તરીકે વૈશ્ય પુશ્યગુપ્તને નીમ્યો.

આ પુશ્યગુપ્તે જૂનાગઢ પાસે સુદર્શન તળાવ બંધાવ્યું અને રાજ્યવ્યવસ્થા સારી રીતે કરી.

**અશોક** : ચંદ્રગુપ્ત પછી તેનો પૌત્ર પ્રતાપી રાજા અશોક મગધનો સમ્રાટ થયો અને તેણે આ પ્રદેશ ઉપર પોતાના સૂબા તરીકે ઈરાની યવન તુશાસ્પને નીમ્યો. તેના રાજ્ય અમલમાં વાવકૂવાઓ બાંધવામાં આવ્યાં, ઝાડો રોપવામાં આવ્યાં અને ધર્મપ્રચાર તથા નીતિબોધ માટે ઘણું દ્રવ્ય વાપરવામાં આવ્યું.

**જનપદ** : આ સામ્રાજ્યમાં સૌરાષ્ટ્ર–ગુજરાત એક જ દેશ હતો. તેને 'જનપદ'[૨] કહેવામાં આવતો તેમ મનાય છે. તેના પેટા ભાગો (૧) રાષ્ટ્ર (૨) વિષય (૩) પ્રદેશ (૪) આહરા હતા. આહરા ને ગ્રામ પણ કહેતા ?

**રાજ્યવ્યવસ્થા** : સૌરાષ્ટ્રનો સૂબો માલવાના મહારાષ્ટ્રીય અર્થાત્ વાઈસરોય નીચે હતો તેને રાષ્ટ્રીય[૩] કહેતા. રાજ્યવ્યવસ્થા અંગે દેશ આંતરિક બાબતોમાં સ્વતંત્ર હતો તેમ જ સ્વશાસિત હતો.[૪]

આંતરિક વહીવટમાં, એક મંત્રી અમાત્ય વા સચિવ હતા અને તેને સલાહ આપવા મંત્રીપરિષદ હતી.

પેટા વિભાગોના વહીવટકર્તાઓ રાષ્ટ્રપાલ, સ્થાનિક, ગોપ, પ્રદેશિક; ધર્મમહામાત્ર, રાજુક, યુત અથવા યુક્ત, ઉપયુક્ત, નગરવ્યાવહારિક, નાયક વગેરે હતા.

---

૧ આ શહેરનું સ્કંદપુરાણમાં 'કરણકુંજ' નામ આપ્યું છે. અબુલ ફઝલ લખે છે: કે દીર્ઘકાળ પર્યંત આ નગર અજ્ઞાત અવસ્થામાં પડયું રહેલું અને પછી જાણવામાં આવતાં તે જીર્ણદુર્ગ કહેવાયું. ગિહલોતોનો અસલ ગઢ આ હતો તેમ કર્નલ ટોડ માને છે પણ રુદ્રદામાના શિલાલેખથી જણાય છે કે ગિહલોત પહેલાં આ શહેર આબાદ હતું; અસલ ગઢ બીજો હતો, જે માટે આગળ ચર્ચા કરવામાં આવી છે.

૨ જનપદ દેશનું નામ નથી પણ એક 'યુનીટ'નું, જેનો સમાન અર્થ ઇલાકો થઇ શકે. જુઓ (૧) ભાંડારકર કૃત 'અશોક' (૨) અર્થશાસ્ત્ર-કૌટિલ્ય (૩) અશોકના શિલાલેખ. હુલેશ (Hultzsch), (૪) ડો. સાંકળિયા કૃત. આર્કીઓલોજી ઓફ ગુજરાત.

૩ કોઇ સ્થળે મહાપાત્ર પણ કહ્યો છે.

૪ ડો. સાંકળિયા.

ચૈત્યો : અશોકના સમયમાં બૌદ્ધ ધર્મનું ખૂબ જોર હતું અને બૌદ્ધ સાધુઓ ને સાધ્વીઓ આ દેશમાં તેમના વિહારો બનાવી રહેતાં હતાં. આ સમયમાં બનાવેલા આવા વિહારો આજે જોવામાં આવતા નથી પણ પથ્થરોમાં કોરી કાઢેલા ચૈત્યો શાણા (ઉના પાસે), જૂનાગઢ પાસે બાવાપ્યારા તથા બાબરા–કોઢિયાની ગુફા, તળાજાની ગુફાઓ અને ઢાંકની ગુફાઓમાં છે.[૧]

શિલાલેખો : પણ સર્વથી શ્રેષ્ઠ અને અશોકના આ પ્રદેશ ઉપરના આધિપત્યની ઘણી ઉપયોગી માહિતી આપનારો તો જૂનાગઢ શહેરથી ગિરનાર જવાના માર્ગ ઉપર આવેલો શિલાલેખ છે.*

સમાજ અને ધર્મ : મૌર્ય રાજ્યમાં બ્રાહ્મણોનું બળ ક્ષીણ થયું હતું અને બૌદ્ધ લોકોનું પરિબળ જામતું જતું હતું. આમ બ્રાહ્મણ ધર્મનો વિનાશ થઈ રહ્યો હતો પણ અશોકે તેની આજ્ઞાઓમાં બ્રાહ્મણો તથા શ્રમણોને સમાન ગણવા તેમ કહ્યું છે. ઈસ્વી સન પૂર્વે બીજી સદી તથા ઈસ્વી સન પછીની બે સદીનાં ચારસો વર્ષના ગાળામાં સાતવાહન ક્ષહરથો તથા ક્ષત્રપોએ નાના ઘાટ પ્રભાસ, તાપીકિનારે તથા જૂનાગઢના બ્રાહ્મણોને વિપુલ દ્રવ્ય આપ્યું છે તે જોતાં તેઓનું પરિબળ નહિ હોય તો પણ તેમની અગત્ય તો જરા પણ ઓછી ન હતી.[૨]

બ્રાહ્મણોને આપેલાં દાનપત્રોમાં તેમનાં ગોત્ર, તેમની વિદ્વત્તા વગેરેનો ઉલ્લેખ છે. રુદ્રદામાના ગિરનાર ઉપરના શિલાલેખથી તો સ્પષ્ટ જણાય છે કે બ્રાહ્મણોનું પરિબળ પાછળનાં બસો વર્ષમાં વિશેષ હશે.[૩]

---

૧ ડૉ. સાંકળિયા માને છે કે અશોકના શિલાલેખ સિવાય એક પણ ગુફા આ સમયની નથી. પણ તેમનું વિધાન સ્પષ્ટ અને નિર્ણયાત્મક નથી, કારણ કે તેઓ કહે છે કે આ ગુફાઓ કદાચ આ સમયની હોય પણ ખરી પરંતુ બર્જેસ વગેરે વિદ્વાનો તેને બૌદ્ધ ગુફાઓ જ માને છે. ('એન્ટીકવીટીઝ ઓફ કચ્છ કાઠીયાવાડ' તથા બર્જેસ)

* આ શિલાલેખ ૭૫ ફીટના પરિઘમાં છે. અને લગભગ સો ફીટના વિસ્તારમાં બ્રાહ્મી લિપિમાં પ્રાકૃત ભાષામાં લેખ કોતરાવેલો છે. તેની બાજુમાં રુદ્રદામાનો લેખ છે. આ શિલાલેખ પ્રથમ કર્નલ ટોડે જોયો એવું તેમનું મંતવ્ય છે "ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડીયા"માં, ઈ. સ. ૧૮૨૨ માં તેમણે આ શિલાલેખ જોયો એમ તેઓ કહે છે. તેમને આ લિપિ ઊકલી નહી. પણ ઈ. સ. ૧૮૩૭ માં ડો. જોન વીલ્સનના 'ટ્રેસીંગ' ઉપરથી કલકત્તાના શ્રી જેમ્સ પ્રીન્સેપે તેનું ભાષાંતર કર્યું. તે પછી પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીએ તેનો ઇતિહાસ અન્ય સ્વરૂપમાં રસિક જનતા પાસે રજૂ કર્યો અને ડો. એમ. કર્ન (Kern), પ્રો. એચ. એન. વીલ્સન, ઇ બરનુફ (Burnouf), હુલસે (Hultzch) વગેરે યુરોપીયન વિદ્વાનોએ તેના ઉપર સંશોધન કર્યું હતું.

૨ નાનાઘાટ તથા નાસિક શિલાલેખના આધારે (બોમ્બે ગેઝેટીયર. ૧૮ (૩) પા. ૨૨૦)

૩. બ્રાહ્મણો વિશેની વિગતવાર ચર્ચા અન્યત્ર છે.

ગ્રીક સત્તા : અશોકનું મૃત્યુ ઈ. સ. પૂર્વે ૨૩૨માં થયું. તે પછી મૌર્ય વંશની મહાન રાજ્યસત્તા ક્ષીણ થવા માંડી. અંતે સેનાપતિ પુષ્યમિત્ર શુંગે મૌર્ય-રાજ બૃહદ્રથનો વધ કર્યો અને મગધનું રાજ્ય મૌર્યના હાથમાંથી શુંગના હાથમાં પડ્યું, ઈ. સ. પૂર્વે ૧૮૫.

મૌર્યોના પતન સાથે, આર્યાવર્તના મૌર્ય સામ્રાજ્યના દેશો સ્વતંત્ર થવા લાગ્યા અને પરદેશીઓ માટે પણ નિર્વિઘ્ને વિજય મેળવી લેવા આ દેશનાં દ્વાર ખુલ્લાં થયાં. અશોકનો પુત્ર સામ્પ્રતિ આ દેશનો મહારાજા હશે પણ નામનો અને સત્તા વગરનો. ઈ. સ. પૂર્વે ૨૦૦માં તો સૌરાષ્ટ્ર ઉપરથી તેમની સત્તા અવશ્ય ભૂંસાઈ ગઇ હતી.

તુશાસ્પ : અશોક જેવા મહાન રાજ્યકર્તાની એક ભૂલ એ હતી કે તેણે તેના સૂબા તરીકે યવન તુશાસ્પને સૌરાષ્ટ્રમાં નીમ્યો હતો. રાજધાનીથી દૂર આવેલા એક ધનાઢય અને રસાળ દેશના અધિપતિ તરીકે એક પરદેશીને શા માટે નીમવો જોઇએ ? આ તુશાસ્પે સુદર્શન જેવાં તળાવો બંધાવી રાજ્યમાં સુખશાંતિ ફેલાવી ઘણી જ લોકપ્રિયતા મેળવી. એ સમયમાં પ્રત્યેક મહત્ત્વાકાંક્ષી પુરુષને સ્વતંત્ર રાજા થવાની નેમ હતી. તેથી જ તેણે તે વ્યવસાય ત્યારથી આરંભ્યો હોય તેમ જણાય છે. મૌર્ય વંશની સત્તા આ પ્રાંત ઉપરથી ઊઠી જતાં બેક્ટ્રિયામાંથી આવેલા ગ્રીકોની હકૂમત સ્થપાઈ. તેમનો આદિપ્રેરક તુશાસ્પ હતો એમ અનુમાન કરીએ તો અસ્થાને નથી.

તુશાસ્પના નામ ઉપરથી તે ઈરાની જણાય છે. પણ તેની આગળ 'યવન' વિશેષણ મૂકવામાં આવે છે. એ સમયમાં યુનાન એટલે ગ્રીસના લોકોને યવન કહેતા. તેથી તે ગ્રીક હોવાની માન્યતા[1] વધારે સબળ છે. વળી ચંદ્રગુપ્તની રાણી ગ્રીક હતી અને તેની લાગવગ મણ ચંદ્રગુપ્ત અને અશોકના સમયમાં હશે. તેનાં સગાંસબંધીનો વિસ્તાર વધ્યો હશે અને તે પૈકીનો તુશાસ્પ હોવા વિશેષ સંભવ છે. તેથી જ મૌર્ય વંશના અંત પછી આ પ્રદેશ ઉપર ગ્રીક લોકોનું સામ્રાજ્ય સ્થપાયું હશે તે વિશેષ માનવા જેવું છે.

શુંગ : શુંગલોકોનું રાજ્ય આ દેશમાં હતું કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. પુષ્યમિત્ર શુંગનો પૌત્ર વસુમિત્ર અશ્વમેધ સાથે દક્ષિણ સમુદ્ર પર્યંત

---

૧. પ્રો. ફ્રાન્કોસેરીયેટ તેને ઇરાની માને છે. તેના કારણમાં તે જણાવે છે કે મૌર્ય દરબાર અને ઇરાન દરબારનાં રીતરિવાજ, સ્થાપત્ય વગેરેમાં ઘણું સામ્ય હતું. વળી વર્તમાન પારસીઓમાં 'તેરસાસ્પ' નામ પડે છે. તેની સાથે આ નામ મળતું આવે છે. પરંતુ 'તુશાસ્પ' નામ ઇરાનીઓમાં જોવામાં આવ્યું નથી. તેથી તે માત્ર અનુમાન જ છે.

ગયો હોવાનો અહેવાલ[૧] મળે છે. ટાર્ન માને છે કે દક્ષિણ સમુદ્ર એટલે કે Patalane and Surastra) પાટણ અને સૌરાષ્ટ્રમાં તે ગયો હતો. તેણે સિંધ પણ પ્રાપ્ત કર્યું હતું અને તે સિંધમાં થઇ સૌરાષ્ટ્રમાં આવ્યો હોય તો તે અશકય નથી.

મહાકવિ કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર'નામક પ્રખ્યાત નાટકમાં[૨] પણ આ વિષયનો ઉલ્લેખ છે. એટલે મૌર્યોના અંત પછી જેમ મગધનું રાજ્ય શુંગના હાથમાં પડયું તેમ કદાચ સૌરાષ્ટ્ર પણ તેની હકૂમત નીચે આવ્યું હશે. શુંગ વંશનો અંતિમ રાજા દેવલભૂતિ ઇ. સ. પૂર્વે ૭૩ ની આસપાસ મરાઈ ગયો અને શુંગ વંશનો એ રીતે અંત આવ્યો. એ હિસાબે પુષ્યમિત્ર શુંગે મગધનું રાજ્ય ઇ. સ. પૂર્વે ૧૮૫ માં પ્રાપ્ત કર્યું હોય અને ૭૩ માં તેનો વંશ દેવલભૂતિના મૃત્યુથી સમાપ્ત થયો હોય તો આ વંશ માત્ર ૧૧૨ વર્ષ ચાલ્યો અને તે સમયમાં માળવામાં તેનો અધિકાર હોય તો સૌરાષ્ટ્રમાં અન્ય સત્તા હોવાનો સંભવ નથી.

ડૉ. બુલ્હર માને છે કે માળવા ઉપર જેનો અધિકાર હોય તે જ સૌરાષ્ટ્ર ગુજરાતનો માલિક હોય. પણ આ તો માત્ર કલ્પના છે. શુંગ રાજાઓ, મૌર્યો જેવા બળવાન હતા નહિ. મગધની આસપાસ તેમની રાજ્યસત્તા હતી અને ગંગાની ખીણો સુધી તેમનો અધિકાર પ્રસરેલો હતો. માત્ર મૌર્ય મહાસામ્રાજ્યના વારસદારો તરીકે સૌરાષ્ટ્ર તેમના કબજામાં રહ્યું હશે તે માની શકાય છે; પણ ખરા (Defacto) રાજાઓ તો એ સમયમાં પણ ગ્રીક હતા અને તે તુશાસ્પના વારસદારો હશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

તેના સમર્થનમાં એક બીજું પણ પ્રમાણ છે ડૉ. જે. વીલ્સનનું[૩] મંતવ્ય છે કે મૌર્ય પછી તરત જ આ પ્રદેશ ગ્રીક લોકોના હાથમાં પડયો. સ્ટ્રેબો નામે લેખક તેના ગ્રંથમાં લખે છે કે મીનાન્ડરે 'સારાઓસ્ટોસ' (Saraostos) જીત્યું હતું. તે 'સૌરાષ્ટ્ર'જ હોવું જોઇએ. વળી ગ્રીક સિક્કાઓ સૌરાષ્ટ્રમાંથી[૪] મળી આવે છે.

ગ્રીકઃ એપોલોડોટસ : તુશાસ્પે અથવા તેના અનુયાયીઓએ ગમે તે પ્રપંચ કર્યો હોય, પણ ઈ. સ. પૂર્વે ૧૮૫ની આસપાસ ગ્રીક સેનાપતિ ડેમેટ્રીયસની સરદારી નીચે ભારતની વાયવ્ય સરહદ ઉપર બેકિટ્રયન–ગ્રીક સૈન્ય ચડી આવ્યું. ત્યાંથી સિંધ ઉપર પોતાનો અધિકાર સ્થાપી પાટાલેઇન (Patalane) લીધું. અને પછી કચ્છ,

૧ પ્રીઝલ્યુસ્કી. (Pryzluski) " અશોકની દંતકથાઓ:" Legends of Emperor Ashokને આધારે ટાર્ન.

૨ અંક પાંચમો–૧૪મો શ્લોક

૩ રોયલ એશિયાટીક સોસાયટી જર્નલ–૧૨.

૪ પેરીપ્લસમાં લખ્યું છે કે બારીગઝા–ભરૂચ–માં ગ્રીક સિક્કા ચાલતા હતા.

સૌરાષ્ટ્ર અને ગુજરાતનો સાગરકાંઠો જીતી લીધો. અહીં ડેમેટ્રીયસના ભાઇ મનાતા એપોલોડોટસના આધિપત્ય નીચે બેક્ટ્રિયન-ગ્રીક સ્થિર થયા.[૧] તેનું રાજ્ય ગાંધારથી મારીગાઝા એટલે ખંભાતથી ભરૂચ સુધી ફેલાયું હોવાનો ઉલ્લેખ છે. એપોલોડોટસનું રાજ્ય ઘણાં વર્ષ ચાલ્યું હશે એમ જણાય છે. તેના સમયના સિક્કાઓ પણ મળી આવ્યા છે.

આ બન્ને ભાઇઓના મૃત્યુ પછી મીનાન્ડર સમ્રાટ થયો અને ભારતના પ્રદેશો તેના આધિપત્યમાં આવ્યા.

**મીનાન્ડર** : મીનાન્ડરનું મહારાજ્ય મથુરાથી ભરૂચ સુધી હતું.[૨] મીનાન્ડરનું મૃત્યુ ઇ. સ. પૂ. ૧૪૮માં થયું હોવાનું જણાય છે; ત્યાં સુધી આ સામ્રાજ્ય ઉપર તેનો અધિકાર હતો.

**મીનાન્ડર પછી** : મીનાન્ડર પછી તેનો પુત્ર સોટર પહેલો આ સામ્રાજ્યનો માલિક થયો. તેણે એપોલોડોટસ બીજાને તેનો સૂબો નીમ્યો. તેના સિક્કાઓ મળી આવેલા છે તે ઉપરથી જણાય છે કે આ બેક્ટ્રિયન ગ્રીકોનું રાજ્ય આ પ્રદેશમાં ઈ. સ. પૂર્વે ૧૦૦ સુધી ચાલ્યું હતું.

**યુથીડીમસ : ગ્રીક ચડાઇ** : ગ્રીક વિજેતા મહાન સિકંદરે સ્થાપેલા સામ્રાજ્યને ચંદ્રગુપ્ત મૌર્યે જીતી લીધું. પરંતુ બેક્ટ્રિયાનું સૈન્ય બળવાન હતું. ત્યાંના સુબા યુથીડીમસે સ્વતંત્રતા જાહેર કરી અને તેના પુત્ર ડેમીટ્રીયસે ભારત ઉપર ચડાઈ કરી ઘણા દેશો જીતી લીધા. તે સમયે મૌર્ય વંશનો અસ્તકાળ હતો; ગ્રીકોએ આ સમયનો લાભ લીધો. વળી તુશાસ્પ જેવા વિદેશી હાકેમો રાખવાની મૌર્ય રાજાઓએ ભૂલ કરી અને તેમને ભારત પર ચડી આવવાની સગવડ કરી આપી. સૌરાષ્ટ્ર દેશ પણ એ રીતે તેમના અધિકાર નીચે આવ્યો.

આ રાજાઓમાં મીનાન્ડર અને એપોલોડોટસ પ્રતાપી થયા. તેમણે સૌરાષ્ટ્ર ઉપર પોતાનો અધિકાર સ્થાપ્યો હતો.[૩] આ રાજાઓના સિક્કાઓ પણ પ્રાપ્ત થયા છે. કર્નલ ટોડને પ્રાપ્ત થયેલા એક સિક્કામાં પાંખવાળા દૂતનું ચિત્ર છે. તેના હાથમાં તાડપત્ર છે. જ્યારે બીજા સિક્કાઓ ઉપર એક તરફ અરબી પદ્ધતિથી ઊંધેથી લખાતી લિપિ જેવી ગાંધાર લિપિમાં પ્રાકૃતમિશ્રિત સંસ્કૃત લેખ છે. આ ઉપરથી પ્રતીત

---

૧. કનીંગહામ.

૨. પુષ્યમિત્રે ઉજ્જૈન જીતી પોતાના અધિકાર નીચે આણેલું.

૩. ઇજીપ્તના એરીયન નામના લેખકે 'પેરિપ્લસ' નામનો ઇતિહાસ ગ્રંથ લખ્યો છે. તેમાં ગ્રીક-બેક્ટ્રિયાનું વર્ણન છે. એરીયને લખેલું આ પુસ્તક કોઇ વેપારીનું લખેલું છે. તેમ શ્રી. ગૌરીશંકર ઓઝા માને છે. (ટોડનું રાજસ્થાન)

## પ્રકરણ ૨ જું : : શક સમય : ઈ. સ. પૂર્વે ૭૦ થી ઈ. સ. ૩૯૫

**શક :** ઇતિહાસના તખ્તા ઉપર તે પછી શક લોકોનો પ્રવેશ થાય છે. શક જાતિએ આ દેશ ઉપર ઈ. સ. પૂ. ૭૦ થી ઈ. સ. ૩૯૫ સુધી એટલે લગભગ ૪૬૫ વર્ષ રાજ્ય કર્યું હોવાનું જણાય છે.

**શક-પૂર્વ ઇતિહાસ :** ઉત્તર ચીનના યુચ-ચી નામક જવાલામુખી પર્વતના ફાટવાથી તેની આસપાસ રહેતા લોકોને ઈ. સ. પૂર્વે ૧૫૦ ના વર્ષની આસપાસ ત્યાંથી ખસી જવું પડયું. આ લોકો મૂળ સીરદરયા નદીની પેલે પાર આવેલા સીથીયાના હતા. અહીંથી તેઓએ નવી વસાહત વસાવી. તેનું નામ પોતાની જાતિ પરથી શકસ્થાન[1] રાખી ત્યાં રહેતા. તે સમયના ઈરાની રાજાઓ[2] સાથે તેમણે સંબંધ બાંધ્યો. આ રાજાઓના પ્રાંતિક સૂબાઓ સત્રપ અર્થાત્ ક્ષત્રપ કહેવાતા અને તેથી શકસ્થાનમાં પણ કોઈ શકને તેઓએ સત્રપ તરીકે સ્થાપ્યો. ઈરાનના જરથોસ્તી રાજા ડેરીયસે[3] તેમને ઘણું ઉત્તેજન આપ્યું અને શકો તેને વફાદાર રહ્યા.

આ સમયે એટલે ઇ. સ. પૂર્વે ૧૭૪-૧૩૬ દરમ્યાન પાર્થીઅન સમ્રાટ મીથરાડેટીસ પહેલાંએ પંજાબ સુધીનો પ્રદેશ જીતી લીધો અને શક સરદારોએ તે ચડાઇમાં સાથ આપ્યો. ભારતનાં માર્ગો અને સ્થળોનું જ્ઞાન થતાં તેમણે તક્ષશિલા (પંજાબ) મથુરા અને આસપાસના પ્રદેશો ઉપર પોતાનો અધિકાર સ્થાપ્યો. પણ મીથરાડેટીસની બીકે કે તેના માન ખાતર આ વિજયો તેના નામે કર્યા અને પોતે તેનો અધિકાર માન્ય રાખે છે તેમ દર્શાવવા મહારાજા કે રાજા કે એવું નામ ધારણ

---

૧. શકસ્થાન હાલ સીસ્તાન નામે ઓળખાય છે. શક મહારાજ્યની સ્થાપના અહીંથી થઇ અને તે તેનું કેન્દ્ર થયું.

૨. ઇરાનમાં આ સમયે પાર્થીઅન રાજાઓ હતા. તેઓ પ્રાચીન આર્ય રાજાઓની જેમ હુન્નર, કળા, જ્ઞાન અને વિજ્ઞાનમાં વિખ્યાત હતા.

૩. ડેરીયસ-અર્થાત્ દારાયસ જરથોસ્તી રાજા હતો. તે ભારતનો સમ્રાટ હોવાનું એરિયન જણાવે છે. સિકંદર સામે તે ઇંડોસીથીક સૈન્ય સાથે લડયો હતો. એટલે ભારતી-શક સૈન્ય તેના આધિપત્યમાં હતું.

શકોના આદિસ્થાન અને ઉત્પત્તિ વિષે ગ્રીક લેખક હીરોડોટસ લખે છે કે તેઓએ ડેરીયસ વા દારાના સમય પહેલાં મીડીઝ જીતી લીધું હતું અને તેઓ એશિયાના સ્વામી બની ચૂકયા હતા. વળી તેઓ દારાની પૂર્વે થયેલા મિસ્રના રાજા સેસોસ્ટ્રીસ (Sesostris) ના સમયમાં જાણીતા થઈ ચૂકયા હતા અને દારા પહેલાં ૧૦૦૦ વર્ષથી તેઓ તેમની સભ્યતા, સંસ્કૃતિ અને શક્તિ માટે જાણીતા હતા. એટલે તે હિસાબે ઇ. સ. પૂર્વે ૧૫૦૦-૨૦૦૦માં આ જાતિ એક બળવાન જાતિ હતી. (હીરોડોટસ-ભાષાંતર : જી. રોબીન્સન : પુસ્તક ૧, ૨ તથા ૪).

આ વાતને આપણા પુરાતન યુગનો ઇતિહાસ આલેખતાં મહાભારત તથા પુરાણોથી ટેકો મળે છે. શાક્ય દ્વીપ અને શાક્યગિરિનો ઉલ્લેખ ભવિષ્યપુરાણમાં છે. મહાભારતમાં કૌરવ સૈન્યમાં શકો લડેલા; તેમાં વિશેષ ઉલ્લેખ છે કે પહ્લવ, કિરાત, બર્બર, યવન તથા શક સિંધુના પ્રદેશમાં રહેતા. (સભાપર્વ)

શકદ્વીપમાંથી વહેલી નદી ઓક્સસનું સંસ્કૃત ગ્રંથોમાં વક્ષુ-કક્ષુ વા વક્ષુ નામ છે. (રામાયણ-બાલકાંડ-૪૩-૧૪: મત્સ્ય પુરાણ : ૧૨૧-૪૫-વાયુપુરાણ : ૪૭-૪૪) *શ્રી નંદલાલ* કે નામના બંગાળી વિદ્વાને "Geographical Dictionary of Ancient and Medieval India" નામના પુસ્તકમાં આ પુરાણો-મહાભારત-ઇત્યાદિ સાથે ટોલેમીએ કરેલા વર્ણનવાળાં સ્થળોની સરખામણી કરી છે અને તેથી સાબિત થઇ શક્યું છે કે શકદ્વીપ, શકજાતિ અને તેમની સંસ્કૃતિ ભારતના આર્યો સાથે સંબંધ ધરાવતી હતી. મહાભારતના અનુશાસન પર્વમાં (૬૮-૨૧) જણાવ્યું છે કે સિંધુ પ્રદેશમાં શકો રહેતા હતા અને તે પ્રદેશ 'સિંધુ શક' પ્રદેશ (Indo Scythia) કહેવાતો. પુરાણોમાં આ શકોનો રાજ્યવિસ્તાર ઇ. સ. પૂર્વેનાં નજીકનાં વર્ષોમાં સૌરાષ્ટ્રથી ઇરાન સુધી હોવાનો ઉલ્લેખ છે (કળિયુગની વંશાવળી). તેના મહારાજા શકનશાહ અર્થાત્ શહેનશાહનું બિરુદ ધારણ કરતા ને ઇરાનના શકસ્થાનના વિજય પછી તેમના યુવરાજોએ એ ધારણ કર્યું.

એ રીતે શકો ભારત સાથે રામાયણ મહાભારત અને પુરાણોના સમયથી આર્યોથી પરિચિત છે. 'ભૃગુસંહિતા' અને 'માનવ ધર્મશાસ્ત્ર'માં તેઓને ક્ષત્રિય કહ્યા છે. પણ ક્ષત્રિય કર્મનો ત્યાગ કર્યો હોવાથી અને બ્રાહ્મણોથી તિરસ્કાર પામેલા હોવાથી તેઓ શૂદ્ર જેવા થઇ ગયા તેવું વર્ણન છે. 'મનુસ્મૃતિ'માં. (૪૩-૪૪) પણ કિરાત-પહ્લવ, કમ્બોજ, યવન, પારદ અને શક લોકોનો ઉલ્લેખ છે. 'વાયુપુરાણ'માં તો બાહુના પુત્ર સગરે તેના પિતાનું રાજ્ય હૈહય, તાલજંઘા અને શકોએ છીનવી લીધું હતું તેનું વેર લેતાં તેઓને હાંકી કાઢયા એટલું જ નહિ પણ તેમનાં ધાર્મિક રિવાજો વેશભૂષા વગેરે બદલાવવા આજ્ઞા કરી, તેમનાં માથાં અર્ધાં મૂંડવાનો હુકમ આપ્યો; તેમને વેદપાઠ કરવાની મના કરી અને 'વષટકાર'નો ઉચ્ચાર કરવા બંધી કરી. ('વિષ્ણુપુરાણ'માં ૮ મા અધ્યાયમાં આવી જ વાત છે.)

પુરાણોની ઉત્પત્તિનો કાળ આપણે સામાન્ય રીતે માનીએ છીએ તેટલો પુરાણો નથી. આપણા ઇતિહાસ અને ભૂગોળના આ ગ્રંથોમાંથી ઇતિહાસ ઉપર પ્રકાશ પડે છે. તેમાં 'મત્સ્ય-પુરાણ,' 'બ્રહ્માંડપુરાણ' 'વાયુપુરાણ' અને 'વિષ્ણુપુરાણ'માં આવી ઘણી બાબતો છે અને તેમાં ૧૮ શક રાજાઓએ સાતવાહન રાજાઓને હરાવી રાજ્ય કર્યાનો ઉલ્લેખ છે. ઉપરાંત 'કશ્યપ સંહિતા' 'કર્ક સંહિતા' 'પારાશર સંહિતા', પાણિનિ (ઇ. સ. પૂ. ૪૦૦), કારતકા અષ્ટાધ્યાયી, કાત્યાયન (ઇ. સ. પૂ. ૩૦૦), પતંજલિ (ઇ. સ. પૂ. ૨૦૦), ભરત મુનિનું 'નાટયશાસ્ત્ર' (ઇ. સ. પૂ. ૩૦૦) 'ગર્ગ સંહિતા' વગેરે અનેક ગ્રંથોમાં શકોનાં વર્ણનો, રીતભાત વગેરેનો ઉલ્લેખ આવે છે. તે પછીના યુગમાં લખાયેલાં સંસ્કૃત નાટકો અને પ્રાકૃત ગ્રંથોમાં અનેક સ્થળે શકોને માટે લખવામાં આવ્યું છે.

સારાંશ, શકો ભારતમાં આવ્યા ત્યારે સાવ અજાણ્યા પરદેશી ન હતા પણ આ દેશના હતા અથવા આ દેશથી પરિચિત હતા. ભારતની સીમાઓ તે સમયે કાશ્મીર કે તિબેટ સુધી નહિ પણ મધ્ય એશિયા સુધી હતી તે વાત ભૂલવી ન જોઇએ.

ન કરતાં રાજપતિએ સત્રપ વા ક્ષત્રપ એવું નામ ધારણ કર્યું. શકો અને ભારતીઓ દ્વારા નીચે એક જ સૈન્યમાં સાથે રહી લડેલા અને સિકંદર સામે દ્વારા નીચે યુદ્ધ કરેલું એટલે ભારત સાથે તેને ત્યારથી સંબંધ તો હતો જ.[1]

શક વર્ષ : આ શક વંશને શક-પહલવ કહેવામાં આવે છે. આજ પણ અગત્સના પ્રસંગને શકવર્તી કહેવાય છે. તેમ જ શક લોકોએ પોતાનો સવંત્સર ચલાવ્યો અને ઈ. સ. ૭૮થી તેનો પ્રારંભ થયો ગણાય છે. એક માન્યતા એવી પણ છે કે ઈ. સ. ૭૮માં કનિષ્કે કુશાન રાજ્યની સ્થાપના કરી ત્યારથી શક સવંત્સર ચાલુ થયો છે. પણ શક લોકોના નામ પરથી ઉત્પન્ન થયેલો શક સવંત્સર મહારાજા શાલીવાહને પોતાની આજ્ઞાથી પ્રચલિત કર્યો અને પ્રસિદ્ધ જ્યોતિષી વરાહમિહિરે છઠ્ઠા સૈકામાં તેના પરથી જ્યોતિષ જોવાની પદ્ધતિ અપનાવી; તેથી તે પ્રસિદ્ધિને પામ્યો અને અદ્યાપિ તે અસ્તિત્વમાં છે.

ગુજરાતના ક્ષત્રપ : ક્ષત્રપોના બે વિભાગ થયા. પ્રથમ વિભાગ ઉજ્જૈનમાં સ્થિર થયો. તેઓ ચસ્ટન કહેવાયા અને બીજો વિભાગ ક્ષહરથ (ક્ષહરાત) ક્ષત્રપ કે જે ગુજરાત સૌરાષ્ટ્રમાં સ્થિર થયો. તેઓની રાજધાની ભરૂચમાં હોવાનું મનાય છે. આ ક્ષત્રપોએ ગ્રીકોને ભારતમાંથી હાંકી કાઢયા અને પાટાલેન (પાટણ), કચ્છ અને સૌરાષ્ટ્ર જીતી લીધાં. ઈ. સ. પૂ. ૫૮માં તેઓને માળવામાંથી હરાવી કાઢયા પણ ગુજરાત સૌરાષ્ટ્ર તેના કબજામાં રહ્યા. ઈ. સ. ૮૦ માં તેઓએ જીતી લીધેલા આ પ્રદેશો તેમના આધિપત્ય નીચે રહ્યા અને ઉત્તર ભારત પણ તેમની હકૂમત હેઠળ હતો તેમાં શંકાને કોઇ સ્થાન નથી.

ક્ષહરથ ક્ષત્રપો : ઈ. સ. ૧૧૯ થી ૧૨૪.

ભૂમક : આપણે, ઉત્તર ભારતીય શકો સાથે સબંધ નથી એટલે તેની ચર્ચા ન કરતાં ક્ષહરથ ક્ષત્રપો કે જે આ દેશમાં સામ્રાજ્ય સ્થાપી રહ્યા તેની જ ચર્ચા કરશું. આ ક્ષત્રપોનો પ્રથમ સરદાર અથવા રાજા ભૂમક થયો હોવાનું ભરૂચમાંથી તેમજ સૌરાષ્ટ્રમાંથી મળી આવેલા સિક્કાઓ ઉપરથી જણાય છે. તેની રાજધાની ભરૂચમાં હતી તેમ પણ મનાય છે. ભૂમકના સિક્કાઓ સિવાય બીજી કોઇ વસ્તુ ઉપલબ્ધ નથી. પણ નાશિક તેના અધિકાર નીચે હતું તેમ જણાય છે. વીન્સેન્ટ સ્મીથ, તે ગોન્ડાફેરીસનો સેનાપતિ હતો એવું અનુમાન કરે છે[2].

---

૧. આ સેનામાં એરિયનના વર્ણન પ્રમાણે ૧૦૦ યુદ્ધરથો અને ૫૦ હાથી હતા જે સમ્રાટ દ્વારાનું રક્ષણ કરતા હતા. તે વર્ણનમાં યુનાની લેખકો શકને જુદા ગણે છે. આ યુદ્ધમાં દ્વારાનો પરાજય થયો પણ પોતાના સમ્રાટની સહાયતામાં જન્મભૂમિથી દૂર યુદ્ધભૂમિ પર મૃત્યુ મેળવવાનું બહુમાન આ બહાદુર ઇન્ડો-સીથીયનોને મળ્યું તેવો પણ ઉલ્લેખ છે.

૨. Early History of India.

**નાહપાન** (નહપાન) : ભૂમક પછી તેની ગાદીએ નાહપાન આવ્યો. તે તેનો પુત્ર હતો કે કેમ[૧] તેના માટે કાંઇ નિર્ણયાત્મક સાબિતી મળતી નથી. આ રાજા ઘણો જ બળવાન થયો. તેનો રાજ્યવિસ્તાર વર્તમાન રાજસ્થાનથી મહારાષ્ટ્ર પર્યંત હતો. કચ્છ, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રના ઘણા ભાગ ઉપર તેનું વર્ચસ્વ હતું. નાહપાને પોતાના સિક્કાઓ[૨] ઉપર પોતાના બિરુદ તરીકે "રાજા" અને "મહાક્ષત્રપ" શબ્દો વાપર્યા છે. તેના ઉપર તીરકામઠું તથા ચૈત્યો ઉપસાવેલું છે.[૩]

નાહપાનના સામ્રાજ્યનો વિસ્તાર અને શક્તિ વિશાળ હતાં અને એ સમયના રાજાઓમાં તે એક મહાન રાજા હતો. પણ તે સમયે દક્ષિણ ભારતમાં એક બીજી પ્રબળ સત્તાનો પ્રાદુર્ભાવ થયો. તે સત્તા આંધ્ર રાજા સાતવાહનોએ દક્ષિણમાં એક મહાસામ્રાજ્ય સ્થાપીને મેળવી અને આર્યોના અને બ્રાહ્મણ ધર્મના પરદેશી શત્રુઓ—શકો, પહલવો, ગ્રીકો વગેરે સામે ધર્મના નામે યુદ્ધ શરૂ કર્યું. યવનો, શકો અને અન્ય પરદેશી જાતિઓ બ્રાહ્મણ ધર્મનો અનાદર કરતા; આર્યોના કુલાચાર, રીતરિવાજો અને વ્યવહારનો તિરસ્કાર કરતા તેથી તેઓએ તેમના ઉચ્છેદ માટે પડકાર ફેંકયો. પરિણામે નાહપાનના વંશજ સામે સાતવાહન રાજા ગૌતમીપુત્ર શ્રી સાતકર્ણી કે જેનું બીજું નામ વાલીવચકુર (બીજો) હતું તેણે યુદ્ધ કર્યું અને નાહપાનના વંશનો ઉચ્છેદ કર્યો.[૪] નાહપાનનું બળવાન રાજ્ય નાશ પામ્યું[૫] અને સૌરાષ્ટ્ર, ગુજરાત, આંધ્ર લોકોના હાથમાં (ઇ. સ. ૧૨૪ લગભગ) પડયા.[૬—૭] જૈન ગ્રંથ આવશ્યક સૂત્રમાં નાહપાનનો

---

૧. ડો. સ્ટેન કોનોવના મત પ્રમાણે ચરટનનો પિતા યસમોતિકા તે ભૂમક જ, કારણ યસમ એટલે પૃથ્વી અને ભૂમક એટલે પણ પૃથ્વી : ડૉ. ડીઓરાસ (૧૯૪૦ ઇતિહાસ પરિષદ પ્રોસીડીંગ્સ)માં તે સ્વીકારતા નથી. ડૉ. રેપસન, શ્રી રાય ચૌધરી પણ તે મતને મળતા છે.

૨. આ સિક્કાઓ ચાંદીના છે તથા નાશિક પાસેના જોગલ ટીંભી નામક સ્થળેથી ૧૩૦૦૦ ચાંદીના સિક્કાઓ બહુ સુરક્ષિત સ્થિતિમાં મળી આવ્યા છે. તેના ઉપરનું વિવરણ મુંબઇ શાખાના રોયલ એશિયાટિક સોસાયટીના જનરલ વોલ્યુમ ૨૨માં શ્રી એસ. એમ. એડવર્ડસે આપ્યું છે.

૩. ઇરાનના પાર્થિઅન રાજાઓના સિક્કાઓ ઉપર પણ આ પ્રકારનાં ચિહ્નો હતાં.

૪. ગૌતમીપુત્રે નાહપાન સિક્કાઓ ઉપર પોતાનું નામ કોતરાવ્યું.

૫. વીન્સેન્ટ સ્મીથ. Early History of India.

૬. નાશિક ગુફા : શિલાલેખ નાં. ૨ (પુલમાયી વાસીથીપુત)

૭. નાહ=પ્રજા, પાન=પાલક. આ ઇરાની શબ્દ છે. વાયુપુરાણમાં તેનું નામ નરવાહ—નરવાહન નીરવાહન લખ્યું છે. ડા. જયસ્વાલ "The Brahmin Empire: Daily Express: Patna" માં જૈન ગ્રંથમાં નાહવાન લખ્યું છે તે એક હોવાનું માને છે. અબુલફઝલ આઇને અકબરીમાં તે નામનો ઉલ્લેખ કરે છે. તેમાં જામાતા ઉસવદત્ત અને તેના પ્રધાન અયામાના લેખોમાં (જુન્નર) તેને મહાક્ષત્રપ-સ્વામી કહ્યો છે. સિક્કાઓમાં તો માત્ર રાજન—ક્ષત્રપ કહ્યો છે.

પરાજય સાતવાહનના પ્રધાને તેના રાજાથી રિસાઈ આવ્યાનો ડોળ કરી, નાહપાનની સેવા સ્વીકારી તેના રાજ્યને નબળું પાડયું અને પરિણામે તેનો પરાજય કરાવ્યો તેવો ઉલ્લેખ છે. (ડૉ. જયસ્વાલ) બીજા જૈન ગ્રંથમાં શ્રીધરની શ્રુત વાર્તાકથામાં તે જૈન સાધુ થઈ ગયો હોવાનું જણાવ્યું છે.

ચસ્ટન ક્ષત્રપ : આ સમયે માળવામાં ક્ષત્રપો હતા ને ઉપર જોયું તેમ ચસ્ટન ક્ષત્રપો હતા. એમ પણ જણાય છે કે નાહપાન મહાક્ષત્રપ હતો પણ તેના નીચે આ ક્ષત્રપો નાહપાનના અમુક પ્રદેશો ઉપર અધિકાર ભોગવતા એટલે તેઓ નાહપાનનું સાર્વભૌમત્વ સ્વીકારતા હશે. અને આંધ્રો પાસે સામ્રાજ્યનો અધિકાર થયો હોવા છતાં તેઓએ પોતાના વિસ્તારમાં પોતાનું આધિપત્ય જાળવી રાખેલું હશે.

આ ચસ્ટન ક્ષત્રપની રાજધાની માળવાના ઉજ્જેનમાં હતી. તેના સિક્કાઓ પ્રાપ્ત થયા છે અને તેનું નાહપાનના સિક્કાઓ સાથે સામ્ય છે. માત્ર ચૈત્ય તથા તીરને બદલે ચંદ્ર સૂર્યની આકૃતિ છે. આ સિક્કા ચાંદી તથા ત્રાંબાના છે તથા તેના ઉપર ગ્રીક, બ્રાહ્મણી તથા ખરોષ્ઠી લિપિઓમાં લખેલું છે.

ચસ્ટનનો પૂર્વ ઇતિહાસ : ચસ્ટનનું મૂળ નામ ભચ્છટ્ટણાણુ[1] કે ભત્થણાણુ હતું. પણ તેના સિક્કાઓ ઉપર તેમજ ઉત્તર સમયના શિલાલેખોમાં ચસ્ટન સ્પષ્ટ છે. ચસ્ટનને બદલે ચસનાસ પણ લખ્યું છે. તે બહુવચન હોઈ કેટલાક વિદ્વાનો ચસ્ટન કુળનું નામ હોવાનું પણ માને છે.

ચસ્ટનનો પિતા કોણ ? : ચસ્ટનના પિતાનું નામ જાણવામાં આવ્યું છે પણ આગળ જોયું તેમ તેને ભૂમકનો પુત્ર ગણ્યો છે. યસામોતિકાનું સંસ્કૃત ભાષાંતર ભૂમક થાય પણ તેથી નામનું ભાષાંતર થયું હોય તે સંભવિત નથી. શિલાલેખોમાં ચસ્ટનના પિતાનું નામ યસામોતિકા દર્શાવ્યું છે અને તે માન્ય રાખ્યા સિવાય છૂટકો જ નથી. યસામોતિકા કોઈ રાજપતિ હોય તે સંભવ નથી. નાહપાનના સૈન્યમાં કદાચ તે સરદાર હોય, પણ તે માત્ર અનુમાન અને કલ્પના સિવાય બીજું કાંઈ જ નથી. જો કે કેનેરી ગુફાઓના એક શિલાલેખના આધારે એવી પણ એક માન્યતા છે[2] કે આ વંશ ઈરાનની નદી કરદામાને કીનારે વસતો તેથી કરદમક વંશ કહેવાય છે.

---

૧ ટીલોયા પાનાટ્ટી Tiloya Pannatti પ્રકરણ ૪. રા. બ. હીરાલાલ શાસ્ત્રી. Catalogue of Sanskrit and Prakrit Manuscripts in Central Provinces and Berar. પા. ૧૬

૨ રેપસનનો આ મત છે. પણ સિંહપુર પાસે કરદમ આશ્રમ છે અને તે પ્રદેશમાં ચસ્ટનનું રાજ્ય કે હકૂમત હોય તેથી તેની પુત્રીએ પોતાને કરદમ કુળની પુત્રી કહી હોય તે માટે ઈરાન જવાની જરૂર નથી. શક વર્ષ ૬૨૨ના તામ્રપત્રમાં કરદમનો ઉલ્લેખ છે. ગૌ. હી. ઓઝા "સોલંકી કા ઇતિહાસ"

આ વંશને કનિષ્ક સાથે સંબંધ હતો અને મથુરાના દેવકુલ મંદિરની એક મૂર્તિ નીચે 'સાસ્તન' શબ્દ શ્રી વિનયતોષ ભટ્ટાચાર્યે વાંચ્યો અને તેને ચસ્ટન ઠેરવી દીધો. તે સાથે ઘણા વિદ્વાનો સમંત થયા પરંતુ તે શબ્દ પણ કોઇ રીતે ચસ્ટન માટે નથી. કનિષ્ક તુષાર જાતિનો હતો અને ચસ્ટન શક હતો.[૧-૨]

આ ચસ્ટન કુશાન વંશના રાજા કાડફીઝીઝ બીજા (Kadphises II) નીચે ક્ષત્રપ હતો[૩] તેના પિતાનું નામ સ્યામોતીકા[૪] હતું અને તેણે પતન પામેલા નાહપાનના સામ્રાજ્યને આંધ્રો પાસેથી પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યા પણ તે કેટલા પ્રદેશોમાં પોતાનો અધિકાર સ્થાપી શકયો તે જાણી શકાતું નથી; પણ માળવાથી મહારાષ્ટ્રમાં જતાં પહેલાં તેણે સૌરાષ્ટ્ર ગુજરાત ઉપર પોતાની સત્તા જમાવી તે જાણી શકાય છે.

**જયદામન** : ચસ્ટનનો પુત્ર જયદામન થયો[૫] તેના રાજ્ય અમલની કાંઇ હકીકત પ્રાપ્ત થતી નથી પણ તેણે ચસ્ટનનું આરંભેલું કાર્ય ચાલુ રાખ્યું. બળવાન સાતવાહનો પાસેથી ક્ષત્રપોનું જિતાયેલું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવામાં જ તેણે પોતાનું જીવન વ્યતીત કર્યું. ઈ. સ. ૧૨૪માં નાહપાનના વંશજોનો ઉચ્છેદ થયો અને ઇ. સ. ૧૪૨ લગભગ જયદામનનો પુત્ર રૂદ્રદામન પહેલો ગાદીપતિ થયો. એટલે ૧૫ વર્ષના ગાળામાં ચસ્ટન તથા જયદામન બન્ને યુદ્ધોમાં પ્રવૃત્ત રહ્યા અને આંધ્રોની સત્તા સામે ઝઝૂમ્યા તેમ જણાય છે.

ચસ્ટનના પૌત્ર રૂદ્રદામનના સમયનો એક શિલાલેખ કચ્છ આધાઉમાંથી મળ્યો છે તેમાં લખ્યું છે કે :

'રાજ્ઞો ચાષ્ટનસ્યડસામોતિક-પુત્ર સ રાજ્ઞો

રૂદ્રદામ સ જયદામ-પુત્ર સ વર્ષે ૫૨,—'

---

૧. આ મતની તરફેણમાં શ્રી ઓઝા, હરપ્રસાદ શાસ્ત્રી, રપુનર અને જયસ્વાલ જેવા વિદ્વાનો છે તો પણ શ્રી સત્યશર્માનો વિરોધ વાસ્તવિક જણાય છે.

૨. વર્તમાન જસદણ ગામનું નામ ચરટન ઉપરથી પડયું હોવાનો એક મત છે.

૩. વીન્સેન્ટ સ્મીથ-Early History of India.

૪. જસદણના લેખનો ડા. ભાઉદાજીએ તરજૂમો કર્યો છે. તેમાં ચસ્ટનના પિતાનું નામ 'સ્યામોતીકા' છે તેમ બતાવે છે. વિશેષ માટે પરિશિષ્ટ-૩ જોવું. આંધ્રો (કચ્છ)ના લેખમાં પણ "સ્યામોતીકા" નામ છે.

૫. જૂનાગઢ બાવા પ્યારાની ગુફાનો શિલાલેખ તથા રૂદ્રસિંહનો લેખ.

તેના ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ચસ્ટન રાજા હતો અને તેના પિતાનું નામ યસામોતિકા હતું. પણ તેના અર્થ માટે વિદ્વાનોમાં મતમતાંતર છે.[૧]

રાજધાની: ચસ્ટનની રાજધાની માળવાના મુખ્ય શહેર ઉજ્જેનમાં હતી[૨] અને તેણે આ સ્થળે રહી સૌરાષ્ટ્ર–ગુજરાતમાં તેના સૂબાઓ નીમેલા. આ સૂબાઓ મૌર્ય પરિપાટી ઉપર જ રાજ્ય ચલાવતા.

ધર્મ: જુદાં જુદાં પ્રમાણો જોતાં ચસ્ટન કુળનો ધર્મ, પતિત થયેલો બ્રાહ્મણ ધર્મ હશે, પણ આપણે જોયું તેમ તેઓના ધર્મ પ્રત્યેના અભાવના કારણે આંધ્ર રાજાઓએ તેમને શૂદ્રો કહેલા. આ ક્ષત્રપોએ ટૂંક સમયમાં જ બ્રાહ્મણ ધર્મનો સ્વીકાર કર્યો હોવાનું તેઓનાં નામ[૩] લેખો વગેરે પરથી જણાય છે. તેમ છતાં તેમના રાજ્યમાં બૌદ્ધ, જૈનો તથા બ્રાહ્મણોને પોતપોતાના ધર્મો પાળવાની પૂર્ણ સ્વતંત્રતા હતી.

જયદામ: જયદામ ચસ્ટનનો ઉત્તરાધિકારી થયો પરંતુ તેણે કાંઈ વિજયો કર્યા હોય કે પદ પ્રાપ્ત કર્યું હોય તેમ જણાતું નથી. તે માત્ર ક્ષત્રપ જ હશે અને તેણે તેના બિરુદમાં 'સ્વામી' 'રાજા' તથા 'ક્ષત્રપ' શબ્દો લખાવ્યા અને જયદામને આ બિરુદો ધારણ કર્યાં જે તેના વંશજોએ પણ ચાલુ રાખ્યાં.

જયદામના ત્રાંબાના સિક્કા મળી આવ્યા છે. તેનો આકાર ચોરસ છે. તેની એક તરફ નંદી છે અને બીજી તરફ છ કમાનવાળી ચૈત્યની આકૃતિ છે. કેટલેક સ્થળે ત્રણ કમાનો છે બીજા પ્રકારના સિક્કાઓમાં એક તરફ હાથી છે.[૪]

જયદામનના નામ પાછળ દામ કે દામન શબ્દ લખવામાં આવ્યો. શિલા-લેખોમાં 'દામ' શબ્દ છે. પ્રચલિત 'દામન' છે. દામનો અર્થ ડો. સ્ટેન કોનોવ અવેસ્તાના 'દામન' અર્થાત્ 'સર્જનસ્થાન' સાથે કરે છે. જ્યારે 'શ્યામિલક'ની કૃતિ "પાદતાડીતાકા" નામના નાટકમાં સૌરાષ્ટ્રના શકરાજ જયનંદનનું પાત્ર છે.[૫]

---

૧. પ્રો. ભાંડારકર તથા આર. સી. મજમુદાર આ ઉપરથી કહે છે કે પિતા–પુત્રનું એક સાથે રાજ્ય હતું. આર. ડી. બેનરજી તેથી વિરુદ્ધ મત ધરાવે છે. બન્ને પિતા પુત્રને 'રાજ્ઞ' કહ્યા છે તેથી આ વિવાદ ઊભો થયો છે. આ લેખ E. I. Vol. ૧૬માં છે.

૨. ટોલેમી (Ptolemy)

૩. ચસ્ટન પછીનાં નામો રુદ્રદામન, જયદામ, વિશ્વસેન વગેરે આર્ય અને સંસ્કૃત નામો છે.

૪. આ ઉપરથી રેપસન અનુમાન કરે છે કે હાથી ઉજ્જૈનનું રાજચિહ્ન હતું અને તેથી તે ઉજ્જૈનનો જ રાજા હોવો જોઇએ. નંદી શૈવ ધર્મનું અને ચૈત્ય બૌદ્ધોનું ચિહ્ન છે. એટલે બન્ને ધર્મોને સમાંતર ગણ્યા હશે.

૫. સત્યશર્મા–જયનંદનને જયદામ સાથે સંબંધ નથી તેથી આ ચર્ચા નિરર્થક છે.

જયદામનના રાજ્યઅમલની કાંઈ પ્રશસ્તિ, શિલાલેખ કે ઉલ્લેખ ઉપલબ્ધ નથી. તેનું મૃત્યુ ક્યારે થયું તે પણ વસ્તુ પ્રાપ્ત નથી; પરંતુ રૂદ્રદામન પહેલાનો પુત્ર ઈ. સ. ૧૪૩ લગભગ ગાદીએ આવ્યો[1] ત્યારે જયદામનનું મૃત્યુ થઈ ગયું હશે તેમ માની શકાય તેમ છે.

રૂદ્રદામન ૧ લો (ઈ. સ. ૧૪૩–૧૫૮) : રૂદ્રદામન તેના પિતાની ગાદીએ આવ્યો ત્યારે તેનું રાજ્ય બળવાન રાજ્ય ન હતું. દક્ષિણના ગૌતમીપુત્રે તેના પિતામહ તથા અન્ય શકોને નબળા કરી નાખ્યા હતા. પણ રૂદ્રદામન એક મહાવિચક્ષણ પુરુષ હતો. તે વ્યાકરણ, અર્થશાસ્ત્ર, સંગીત, ન્યાય, સાહિત્ય અને કાવ્યનો જ્ઞાતા હતો.[2] તેણે અશ્વો, હાથીઓ અને રથો હાંકવાની કળા હસ્તગત કરી હતી. વળી તે યુદ્ધકળામાં નિપુણ હતો. તેણે યુદ્ધ સિવાય કોઈનો પ્રાણ ન લેવાની પ્રતિજ્ઞા કરી હતી. પ્રજોપયોગી કામ માટે તેણે કરવેરા નાખ્યા ન હતા કે ફાળો કર્યો ન હતો. રાજ્યવ્યવસ્થા માટે તેણે મતિસચિવ અને કર્મસચિવ નીમ્યા હતા. એ બધું બતાવે છે કે રૂદ્રદામન એક મહાન પુરુષ હતો અને તેણે પોતાનું રાજ્ય નાનું જણાતાં તેનો વિસ્તાર[3] વધારવા પ્રયત્ન કર્યો હતો.

રૂદ્રદામને પોતાના રાજ્યને વિસ્તૃત કરવા માટે મહાપુરુષાર્થ આરંભ્યો. તેની સાથે તેને એક મહાન ચિંતા હતી. દક્ષિણ ભારતના મહા બળવાન ગૌતમીપુત્રના પુત્ર મહારાજા વશિષ્ઠીપુત્રને હરાવવાનું કામ ધારવામાં આવે તેટલું સહેલું ન હતું છતાં તેણે તે આરંભ્યું અને બનતાં સુધી નર્મદાકાંઠે ભયંકર યુદ્ધ થયું. તેમાં સાતવાહન રાજા વશિષ્ઠીપુત્રે તેને યુદ્ધમાં સજ્જડ હાર આપી અને રૂદ્રદામનને પરાજયમાંથી પોતાનો સર્વ વિનાશ સર્જાતો અટકાવવા પોતાની પુત્રીનાં લગ્ન વશિષ્ઠીપુત્ર સાથે કરવાં પડ્યાં.

---

૧. શક સંવત્–૫૨.

૨. જૂનાગઢનો પથ્થરમાં કોતરેલો લેખ. (ભાવનગર ઇન્સ. પ્રાકૃત અને સંસ્કૃત).

૩. આ વિસ્તાર વધારતાં તેના મૃત્યુને સમયે નીચેના દેશો હતા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ પૂર્વ અપર આકારા અવન્તિ | | પૂર્વ અને પશ્ચિમ માળવા | ૭ મારુ કચ્છ કે ભૃગુકચ્છ | | મારવાડ અને કચ્છ અથવા ભરૂચ |
| ૨ અનુપ | — | નીમાડ જીલ્લાનું માહેશ્વર નર્મદાતીર | ૮ સિંધુ | — | સિંધનો લાટ પ્રદેશ |
| | | | ૯ સૌવીર | — | મુલ્તાન આસપાસનો પંજાબનો પ્રદેશ |
| ૩ નિવૃત | — | નીમાડ ? | | | |
| ૪ આનર્ત | — | ઉત્તર ગુજરાત–કચ્છ મારવાડ સિંધની વચમાં | ૧૦ કુકુરા | — | રાજસ્થાન. |
| | | | ૧૧ અપરાંત | — | કોંકણ |
| ૫ સૌરાષ્ટ્ર | — | સૌરાષ્ટ્ર | ૧૨ નિષધ | — | વિંધ્ય પ્રદેશ. |
| ૬ શ્વભ્ર | — | આબુ–અરવલ્લી પ્રદેશ | ૧૩ યૌધેય | — | વર્તમાન ભરતપુર |

તેમ કરવાથી અસ્થિરતા અને નાશને કાંઠે આવી પડેલું તેનું રાજ્ય તેણે બચાવી લીધું. લગ્ન પછી અલ્પકાળમાં જ તેણે સાતવાહનો સાથે પુનઃ યુદ્ધને આરંભ કર્યો અને તેના જમાતા વશિષ્ઠીપુત્ર પાસેથી નાહપાનના સામ્રાજ્યનો ઘણો પ્રદેશ જીતી લીધો. આ પ્રદેશોમાં મધ્ય ભારત, રાજસ્થાન, કચ્છ, સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર મહારાષ્ટ્ર (કોંકણ) વગેરે પ્રદેશોનો સમાવેશ થતો હતો. તેણે દક્ષિણ ભારતના સ્વામી સાતકર્ણ ઉપર વિજય પ્રાપ્ત કર્યો અને નાહપાનના અંતિમ વંશજોએ ગુમાવેલા પ્રદેશો અને પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કર્યાં.[1]

રૂદ્રદામને આ વિજયો પછી "મહાક્ષત્રપ"નું બિરુદ ધારણ કર્યું અને દક્ષિણ ભારતના સાતવાહનોના સાર્વભૌમત્વને સદાને માટે આ દેશમાંથી દૂર કર્યું.

રૂદ્રદામનની રાજધાની ઉજ્જૈનમાં જ રહી. સૌરાષ્ટ્ર ગુજરાત ઉપર તેણે સુવિશાખ નામનો સૂબો નીમેલો.[2]

**રાજ્યવિસ્તાર** : રૂદ્રદામનનું રાજ્ય સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, મારવાડ, અનુપ દેશ એટલે વર્તમાન મધ્ય ભારત, અપરાંત દેશ એટલે મહારાષ્ટ્રનો સાગર-કાંઠો અથવા કોંકણ તથા સિંધ સુધી ફેલાયેલું હતું

**સુદર્શન અને શિલાલેખ** : રૂદ્રદામનના કાળમાં જૂનાગઢમાં મૌર્ય સમયમાં બંધાયેલું સુદર્શન[3] તળાવ ફાટયું. શક વર્ષ ૭૨માં (ઈ. સ. ૧૫૦) સૌરાષ્ટ્ર ઉપર એક ભયંકર વાવાઝોડાએ અને ભારે વરસાદે ઘણી ખુવારી કરી. સુદર્શન તળાવ એટલું ભરાયું કે તેની પાળ પાણીના પ્રવાહ સામે ટકી ન શકતાં ફાટી અને સુવર્ણસાકિતા (વર્તમાન સુવર્ણરેખા કે સોનરખ) અને પલાશિની નદીઓ ભારે પૂરમાં આવી અને મોટાં મોટાં ઝાડો ઊખડી પડયાં. આ ઝાડો તળાવના માર્ગમાં ભરાયાં અને તેથી વરસતા વરસાદમાં આવેલાં નદીના પૂરમાં તળાવનાં પાણી ભળ્યાં. તળાવની પાળ તથા તેના ઉપર બાંધેલાં મકાનોનો કાટમાળ તેમાં તણાયો અને પ્રજા જોખમમાં મુકાઈ. આ પાળની ફાટ ૧૨૫ હાથ લાંબી પહોળી અને ૭૫ હાથ ઊંડી હતી.

---

૧. ગિરનાર શિલાલેખ તથા Coins of Andhra Dynesty by Rapson.

૨. ડૉ. ભાઉદાજી માને છે કે પારસીનામ સીયાવકશાનું સુવિશાખ થઇ ગયું છે.
(પ્રો. કોમિસેરિયટ)

૩. સુદર્શન તળાવ જૂનાગઢમાં કયે સ્થળે હતું તેનો નિર્ણય થતો નથી. વર્તમાન જૂનાગઢ પાસે તેવું કોઇ સ્થળ જણાતું નથી કે જ્યાં આ તળાવના સ્થળનો નિર્દેશ કરી શકાય. તે ગિરનાર પાસે હોવાનું માની શકાતું નથી. મારા અંગત મત પ્રમાણે આ તળાવ અત્યારે જ્યાં ત્રિપુર સુંદરીદેવીનું મંદિર તથા ત્રિવેણી સંગમ થાય છે ત્યાં હોવું જોઇએ. કારણ કે પલાશિની તથા સોનરખ ત્યાં મળે છે. વર્તમાન જૂનાગઢનો કિલ્લો તે સમયે હતો નહિ. કિલ્લા બાજુથી જતી સડક તથા શહેરના અમુક ભાગ તેમજ ધારાગઢ ભાગ વગેરે તેમાં આવી જતા હશે.

પાણી તેમાંથી ધોધમાર વહેવા માંડયું. તેમાં ઝાડ, વેલા, લાકડાં, પથ્થરો, કાંકરાઓ તણાવા માંડયાં. ગિરિનગરના પ્રજાજનો તેમનું ઉપયોગ કરવાનું પાણી વ્યર્થ વહી જતું હોઇ પોતાના વહી જતા ભાગ્યને રોવા માંડયા. મહાક્ષત્રપ રૂદ્રદામને પોતાના અંગત ખર્ચમાંથી, ફંડ ફાળો કે વેઠ પ્રજા પાસેથી લીધા સિવાય આ સમારકામ કરવા આજ્ઞા આપી. તેણે માત્ર પોતાના આત્માની ઉન્નતિ અર્થે પ્રજાનો જરા પણ સહકાર લીધા સિવાય આ કામ કરવા નિશ્ચય કર્યો. પણ તત્કાલીન સ્થપતિઓની કમઆવડતને કારણે આ કામ થઇ શકે તેમ જણાયું નહિ અને જે જબરદસ્ત ફાટ પડી હતી તેને પૂરવાનું તેઓમાં સામર્થ્ય હતું નહિ. આ દુર્દશા જોઇ લોકો અફસોસ કરવા માંડયા. લોકોનું આ દુઃખ જોઈ સુવિશાખે આ કામ હાથમાં લીધું અને તેની શક્તિ તથા બુદ્ધિચાતુર્યથી તેણે ફાટેલી પાળ પૂરી દઇ પુનઃ પૂર્વવત્ સ્થિતિમાં આ તળાવ મૂકયું.[૧]

**પરદેશી સાર્વભૌમત્વ :** રૂદ્રદામનનું મૃત્યુ ઇ. સ. ૨૫૮ લગભગ થયું હોવાનું મનાય છે. મહાક્ષત્રપ હોવા છતાં તેણે ઈરાનના પાર્થિઅન સમ્રાટોનો અધિકાર સ્વીકારેલો હોવાનું જણાય છે. આ સાર્વભૌમત્વ માત્ર નામનું જ હશે. દિલ્હીના અંતિમ શહેનશાહોના અમલમાં વિવેક ખાતર તેના સ્વતંત્ર થયેલા સૂબાઓ તેમનું નામ લખતા તેવું આ હશે. ક્ષત્રપો મૂળ ઇરાનના સેનાપતિઓ હતા. એટલે તેમણે વિવેક ખાતર અથવા તેમના તરફથી ચડાઇની બીક ન રહે તે ખાતર આ પદ્ધતિ રાખી હોય તો નવાઇ નહિ. વળી ઇરાનના યુવરાજો તેમનાં બિરુદોમાં શકાનશાહ (શકોના શાહ) એમ લખતા અને જ્યાં જ્યાં શકોનું રાજ્ય હતું ત્યાં તેમના રાજ્યપતિ થતા; તેઓ શકોના શહેનશાહ હતા તેમ માનતા. શક ક્ષત્રપો તેમને કંઇ ખંડણી આપતા કે કેમ તેનો કોઇ ઉલ્લેખ જોવામાં આવતો નથી. સાસાનીયન સમયમાં ઇરાનના આધિપત્ય નીચેના શક પ્રદેશોના હાકેમને 'શકાનશાહ' કહેતા.

**ઇરાન** : આ સ્થળે ઇરાનનો થોડો ઇતિહાસ જાણવો જરૂરી છે.

ઇ. સ. પૂર્વે ૨૫૬માં સેલ્યુકસના રાજ્યના છિન્નભિન્ન થવા સાથે આરસાસાઇડ (arsacide)નો વંશ કે જે પાર્થિયન વંશ કહેવાયો તે ઇરાનમાં સ્વતંત્ર થયો. અને તે વંશના રાજા મીથ્રાડેટીસ પહેલા એ ઇ. સ. પૂ. ૧૭૧ થી ૧૩૮ વચમાં અને મીથ્રાડેટીસ બીજાએ ઇ. સ. પૂ. ૧૧૩ થી ૮૮ વચમાં તેમના રાજ્યની સીમાઓ સિંધુ અને જેલમ નદીના કાંઠા સુધી વધારી. ક્ષત્રપો ચસ્ટન અને નાહપાન

---

૧ રૂદ્રદામનનો શિલાલેખ, જૂનાગઢ–અશોકલેખની બાજુમાં છે તેના આધારે. આ લેખમાં બીજી ઘણી વિગતો આપી છે. તેમાં સુવિશાખને પહેલવા જાતિનો અને કુલાઇમાનો પુત્ર કહ્યો છે. પહેલવા કે પહેલવી ઇરાનીઓ, જરથોસ્ત હતા. આ લેખમાં સ્યામોતિકાનું નામ નથી પણ પુષ્યગુપ્ત, તુશારપ, ચંદ્રગુપ્ત, અશોક વગેરેનો ઉલ્લેખ છે.

તેમનો અધિકાર સ્વીકારતા એટલું જ નહિ, પણ તેઓ સાથે તેમનો સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધ હતો. તેઓ ભારતીય ન હતા પણ 'પહેલવાન' હતા. આ પાર્થિયન વંશનો અંત ઈ. સ. ૨૨૬માં આવ્યો. પાર્થિયનોની પડતી થઇ અને જરથોસ્ત ધર્મ અનુસરનારા પામક નામના મહાપુરુષે ઈરાનનું જરથોસ્તી રાજ્ય સ્થાપ્યું જે ઇતિહાસમાં સાસાનીયન વંશ તરીકે પ્રસિદ્ધ છે.

તેના રાજા બહેરામ બીજો, બહેરામ ત્રીજો, હોરમઝ ત્રીજો, વગેરે હતા ત્યારે "શકાનશાહ" બિરુદ લખતા તેમ જોવામાં આવ્યું છે.

<u>શકાનશાહ</u> : વિદ્વાન પ્રો. કોમીસેરિયટ માને છે કે આ બિરુદનો અર્થ એ થઇ શકે કે ભારતના ક્ષત્રપો ઉપર તેમનો અધિકાર હતો; પરંતુ ઈરાનનો પ્રાંત શકસ્તાન ઉર્ફે સીસ્તાન તેમના અધિકારમાં હતો અને તેથી તે બિરુદ લખાયું હોય તો અસંભવિત નથી. નાહપાન કે રૂદ્રદામન જેવા મહા વિજેતાઓ ઈરાનનો અધિકાર સ્વીકારે એ બહુ મનાતું નથી. અને કદાચ હોય તો તેઓના પિતૃદેશ પ્રત્યેના પ્રેમના કારણે માત્ર વિવેક ખાતર જ સ્વીકાર્યો હોય તે બનવાજોગ છે[૧]

પ્રો. હરઝફેલ્ડ (Herzfeld) સાસાનીયન મહારાજ્ય નીચેના પ્રદેશોનું વર્ણન કરતાં શકસ્તાનનો નિર્દેશ કરે છે તથા વિવરણમાં શકસ્તાનમાં, મકરાણ, તુરાન, સિંધુ નદીના મધ્ય ભાગના પ્રદેશો, કચ્છ, કાઠિયાવાડ, માળવા તથા તેની પાડોશના મધ્ય પ્રદેશોનો સમાવેશ થતો હતો તેમ જણાવે છે.[૨]

---

૧ પ્રો. કોમીસેરિયટ-શ્રી. વિન્સેન્ટ સ્મીથના આધારે તથા ઇ. હરઝફેલ્ડ (Herzfeld) Pehlvi Inscription and monuments of Early History of Sasanian Empire ના આધારે.

૨. સાસાનીયન વંશના ઇતિહાસનો અભ્યાસ આ લેખકે વિદ્વાન પ્રો. કોમીસેરિયટ પાસે કર્યો હતો અને તે સમયે પણ એટલે ઇ. ૧૯૨૯માં આ પ્રશ્ન પરત્વે તેમની સાથે ચર્ચા કરવામાં આવેલી. ઇતિહાસના સમર્થ વિદ્વાન અને લેખકના ગુરુનું મંતવ્ય સર્વથા અમાન્ય રહી શકે તેમ નથી પરંતુ શંકાસ્પદ જરૂર છે. દિલ્હીના અંતિમ બાદશાહો પૈકીના શાહઆલમ માટે એક લેખક લખે છે કે "હકૂમતે શહેનશાહે આલમ–અઝ દિલ્હીના પાલમ" એટલે છ માઇલના વિસ્તારમાં જ દિલ્હીની શહેનશાહ હતી છતાં જૂનાગઢના નવાબો તેમના રૂક્કામાં મહોર "શાહ-આલમ બાદશાહ ગાઝી ફીદવી નવાબ હામદખાન"– વગેરે લખતા તેમ 'શકાનશાહ' બિરુદ તેમના અભિમાન ખાતર રહ્યું હોય તેમ માની શકાય. વળી આ પાર્થિયનો કે સાસાનીયનો સાથે સંબંધ ધરાવતા ક્ષત્રપો, પરદેશી રહ્યા ન હતા. સાતવાહનોએ તેમનો પરાજય કર્યા પછી તેઓએ તેમના ધર્મનું પરિવર્તન કર્યું હતું. તેઓ હિંદુ થઇ ચૂકયા હતા. 'રૂદ્રદામન', 'રૂદ્રસિંહ', રૂદ્રસેન વિજયસેન, પૃથ્વીસેન, ભક્તિદામન વગેરે નામો બતાવે છે કે તેઓ વેદ ધર્મના અનુયાયીઓ હતા અને તેમનાં ધાર્મિક કે સાંસ્કૃતિક બંધનો ઇરાન સાથે હતા નહિ. પ્યારા બાવાના મઢના શિલા-લેખમાં 'કેવલીયન્ન' શબ્દ કે જે જૈન ધર્મશાસ્ત્રોમાં વપરાતો શબ્દ છે તે કોતરાયો છે. તેઓ ઉપર જૈનધર્મની પણ અસર છે. ક્ષત્રપો ચરટન પછી અથવા તે અરસામાં જ ભારતમાં વસતા આર્યો સાથે મળી ગયા અને તેઓને અપનાવી લેવામાં આવ્યા તે નિર્વિવાદ છે. વળી આગળ જોયું તેમ તેઓ મૂળ ભારતના આર્ય ક્ષત્રિય જ હતા પણ ક્ષત્રિય કર્મનો ત્યાગ કરતાં પતિત થયા હતા. તે પુનઃ શુદ્ધ થયા તેમ પણ માનવામાં હરકત નથી.

યઝદામન (દામાઘાઝદા દામાજાદશ્રી) પહેલો : રુદ્રદામનના મૃત્યુ પછી ઈ. સ. ૧૫૮ એટલે શક ૮૦ લગભગ તેનો જ્યેષ્ઠ પુત્ર દામાઘાઝદા ઉર્ફે દામાજાદશ્રી ઉર્ફે યઝદામન ગાદી ઉપર આવ્યો. તેનું નામ સ્પષ્ટ દર્શાવે છે કે તે ઈરાની નામ હતું પરંતુ તેણે તેના પિતાનો જ્ઞાનવિજ્ઞાનનો વારસો જાળવ્યો હતો. તેના શિલાલેખો પણ શુદ્ધ સંસ્કૃતમાં છે, અને તેની સાબિતીમાં માત્ર તેના સમયના સિક્કાઓ જ છે. યઝદામનને તેના પ્રતાપી પિતાએ પ્રાપ્ત કરેલ મહારાજ્ય સાચવવા માટે તથા તેના સ્વામી રહેવા માટે પરાયાં રાજ્યો તરફથી નહિ પણ પોતાના જ ભાઈ તરફથી ભય હતો. યઝદામન તેમ છતાં તેની જિંદગી દરમિયાન તેના પુત્રોને દબાવી શક્યો હોવાનું જણાય છે.

યઝદામનનું નામ શુદ્ધ ઈરાની હતું.[૧] તેના પિતાનું અર્ધું નામ આર્ય અને અર્ધું ઈરાની હતું (રુદ્ર અને દામન). તેથી એક વિદ્વાન કલ્પના કરે છે કે તેની મા ઈરાની હશે.[૨]

રુદ્રસિંહ ૧ લો : તેનું મૃત્યુ થયા પછી તેની ગાદી તેના જ્યેષ્ઠ પુત્ર જીવદામનને મળવી જોઈએ તે ન્યાયે તે સિંહાસન પર આરૂઢ થયો પરંતુ તેના કાકા રુદ્રસિંહે તેને કાઢી મૂકી રાજ્યધુરા હસ્તગત કરી. ગુંદા (જામનગર)ના શિલાલેખમાં રુદ્રસિંહ તથા જીવદામન અને તેના પિતા ચસ્ટનનાં નામ છે પણ યઝદામનનું નથી. તેનું કારણ એ ગણાય કે રુદ્રસિંહ વિજયી થતાં તેણે યઝદામનનું નામ તેમાં લખ્યું નહિ.[૩] આ શિલાલેખમાં[૪] તેના રાજ્યમાં શક સંવત્ ૧૦૩ના વૈશાખ શુકલપંચમીના દિવસે શ્રવણ નક્ષત્રમાં સેનાપતિ વાહકના પુત્ર રુદ્રભટ્ટીએ લોકોના કલ્યાણાર્થે રાસો–પાદર ગામમાં વાવ ખોદાવ્યાનો ઉલ્લેખ છે.

રુદ્રસિંહ ઈસ્વી સન ૧૮૧–શક સંવત્ ૧૦૩માં હયાત હતો[૫] તે સાલ ઈ. સ. ૧૮૧ થઈ. તેના મૃત્યુના વર્ષનો નિર્ણય થયો નથી.

રુદ્રસિંહના જીવન કાળમાં મઝદેદામનો પુત્ર જીવદામન ગાદીએ આવ્યો હતો. તેના સિક્કાઓ ઉપરથી એમ જણાય છે કે જીવદામન ઈ. સ. ૧૭૮થી ૧૮૧ સુધી

---

૧. યઝાદ–એ જરથોસ્તીઓનું પ્રિય નામ છે. મુસ્લિમો આવ્યા પહેલાંનું ઈરાનનું નામ યઝાદ હતું અને યઝદામન એટલે 'યઝાદનો રક્ષક' એવો અર્થ કરી શકાય.

૨. સત્યશર્મા.

૩. રેપસન.

૪. ભાવનગર ઇન્સ. પ્રાકૃત અને સંસ્કૃતમાં નક્ષત્ર શ્રવણ લખ્યું છે ત્યારે E. I. વોલ્યુમ ૧૬ પૃ. ૨૬૫ ઉપર લેખ છાપ્યો છે તેમાં રોહિણી નક્ષત્ર લખ્યું છે.

૨. ભાવનગર ઇન્સ્ક્રીપશન પ્રાકૃત અને સંસ્કૃત E. I. વો. ૧૬.

સત્તા ઉપર હશે. ગુંદાનો લેખ ઈ. ૧૦૩નો છે તેમાં તેનું નામ નથી જ્યારે સિક્કાઓમાં ઇ. સ. ૧૮૧ પહેલાં અને ઇ. સ. ૧૮૮ પછી તેના નામનો નિર્દેશ છે. એટલે સમગ્ર વિચાર કરતાં જણાય છે કે ઈ. સ. ૧૭૮થી ૧૮૧ સુધી તે સત્તા પર હતો પણ તે વર્ષમાં રૂદ્રસિંહે તેને પરાજિત કર્યો અને રાજ્ય હસ્તગત કર્યું. પાછો જીવદામન ઇ. સ. ૧૮૮થી ૧૯૧ સુધી સત્તાના સિંહાસને આરૂઢ થયો અને તે વર્ષમાં ફરી રૂદ્રસિંહે તેની પાસેથી સત્તા ખૂંચવી લીધી. ઈ. સ. ૧૯૮ લગભગ રૂદ્રસિંહનું મૃત્યુ થતાં તેણે પુનઃ રાજ્યસત્તા પ્રાપ્ત કરી, તેમ સહેજે અનુમાન થઇ શકે છે.

એ રીતે આ કાકા અને ભત્રીજા વચ્ચે રૂદ્રસિંહનું મૃત્યુ થયું ત્યાં સુધી યુદ્ધ ચાલ્યા કર્યું અને સત્તાનો ફેરફાર થયા કર્યો. સંભવ છે કે માંડલિક રાજાઓ અને સરદારો વચ્ચે પણ પક્ષ પડેલા હશે. જૂનાગઢના શિલાલેખ[1]માં તેને 'સ્વામી' કહ્યો છે. તે શિલાલેખમાંથી નોંધવા લાયક કાંઇ હકીકત મળતી નથી.[1]

એ રીતે રૂદ્રસિંહનો રાજ્યઅમલ તથા તેના ભત્રીજા જીવદામનનો રાજ્યઅમલ એક સમયમાં સાથે રહ્યો છે તેની નોંધ નીચે મુજબ કરી શકાય.

શક સંવત્ ૧૦૦ થી ૧૦૩ (ઇ. સ. ૧૭૮ થી ૧૮૧) જીવદામન મહાક્ષત્રપ તરીકે.

રૂદ્રસિંહ શક સંવત્ ૧૦૩ થી ૧૧૦ (ઇ. ૧૮૧ થી ૧૮૮).
જીવદામન શક સંવત્ ૧૧૦ થી ૧૧૩ (ઇ. ૧૮૮ થી ૧૯૧).
રૂદ્રસિંહ શક સંવત્ ૧૧૩ થી ૧૧૯ (ઇ. ૧૯૧ થી ૧૯૭).
જીવદામન શક સંવત્ ૧૧૯ થી ૧૨૦ (ઇ. ૧૯૭ થી ૧૯૮).
રૂદ્રસિંહ શક સંવત્ ૧૨૦ થી ૧૨૩ (ઇ. ૧૯૮ થી ૨૦૧).

એમ પણ અનુમાન કરી શકાય છે કે જે સમયમાં રૂદ્રસિંહ મહાક્ષત્રપ પદેથી હઠી જતો તે સમયે તે ક્ષત્રપ તરીકે ચાલુ રહેતો અને જીવદામન મહાક્ષત્રપ તરીકે રહેતો. તો પછી એમ પણ અનુમાન થઇ શકે કે બન્ને જણાએ સમાધાનીથી રાજ્યગાદીના ભાગ વર્ષોના હિસાબે વહેંચી લીધા હતા.

રૂદ્રસિંહ પહેલાના સિક્કાઓ તેના પુરોગામીથી થોડા જુદા પડે છે. જૂના સિક્કામાં મૂછવિહીન પુરૂષની આકૃતિ છે જ્યારે રૂદ્રસિંહના સિક્કામાં મૂછવાળો યુવાન છે.

એ રીતે રૂદ્રસિંહ તથા જીવદામનનું રાજ્ય સલાહસંપથી અથવા લડાઇઓથી ભરપૂર ચાલ્યું હશે. રૂદ્રસિંહનો મૃત્યુકાળ શક સંવત્ ૧૨૩ (ઇ. સ. ૨૦૧) અને જીવદામનનો મૃત્યુકાળ શક સંવત્ ૧૨૦ (ઇ. ૧૯૮) એ રીતે હોવાનું અનુમાન થઈ શકે છે.

---

૧. ગુંદાનો શિલાલેખ ૧૦૩ શક સંવતનો રૂદ્રસિંહનો છે.

**સત્યદામન** : સત્યદામન, રુદ્રસિંહ તથા જીવદામનના મૃત્યુ પછી તેમની ગાદીએ આવ્યો હોવાનું અનુમાન માત્ર એક જ સિક્કા ઉપરથી થાય છે. તેણે ક્ષત્રપ તરીકે કાકા તથા ભાઇના તાબામાં રાજ્ય કર્યું કે તે મહારાજ્યનો સ્વામી થયો તે જણાતું નથી.

**રુદ્રસેન પહેલો** (ઈ. સ ૨૦૧થી ૨૨૨) : તેના પછી રુદ્રસિંહ પહેલાનો પુત્ર રુદ્રસેન પહેલો મહાક્ષત્રપના બિરુદથી ગાદી ઉપર બેઠો. સૌરાષ્ટ્રના દ્વારકા મહાલના ગામ મુખવાસરમાંથી મળી આવેલો એક લેખ[૧] તેના સમયનો છે તેમજ જસદણ પાસે ગઢા ગામેથી મળી આવેલા લેખ ઉપરથી જણાય છે કે તે શક સંવત્ ૧૨૧ (ઈ. સ. ૧૯૯)માં ક્ષત્રપ હતો અને શક સંવત્ ૧૨૩થી ૧૪૪ (ઇ. સ. ૨૦૧થી ઇ. સ. ૨૨૨) સુધી મહાક્ષત્રપ હતો એટલે રુદ્રસિંહના સમયમાં જ તે ક્ષત્રપ થઈ ગયો હતો અને સત્યદામનની જેમ જ એકાદ પ્રદેશનો તે અધિકારી હતો.

આ લેખો ઉપરથી બીજી એક વસ્તુ પ્રતીત થાય છે કે તેઓ પોતાના પૂર્વજોને 'ભદ્રમુખ' બિરુદથી ઓળખાવે છે. તેથી તેને ભદ્ર કે ભદ્રમુખ વંશ પણ કહ્યો છે.[૨]

વૈશાલીમાંથી મળેલા એક તામ્રપત્ર ઉપરથી જણાય છે કે તેની બેનનું નામ મહાદેવી પભુદામા હતું.[૩]

**ક્ષત્રપ પૃથ્વીસેન** : રુદ્રસેનનો પુત્ર પૃથ્વીસેન માત્ર ક્ષત્રપ જ હતો અને શક સંવત્ ૧૪૪ (ઇ. સ. ૨૨૨)માં હયાત હતો.

**મહાક્ષત્રપ સંઘદામન** (ઇ. સ. ૨૨૨થી ૨૨૩) : એ રુદ્રસિંહ પહેલાનો પુત્ર હતો અને મહાક્ષત્રપ તરીકે પિતાનો વારસ થયો. તેણે માત્ર એક જ વર્ષ રાજ્ય કર્યું હોવાનું જણાય છે.

**મહાક્ષત્રપ દામસેન** (ઇ. સ. ૨૨૩થી ૨૩૬) : સંઘદામન અપુત્ર ગુજરી ગયો હોવાનું જણાય છે. તેના ઉત્તરાધિકારી તરીકે તેનો ભાઈ દામસેન[૪] આવ્યો. તેણે

---

૧. આ લેખનું વર્ષ ભાવનગર ઇન્સ. પ્રાકૃત અને સંસ્કૃતમાં ૨૩૨ લખ્યું છે પણ રેપ્સન અને હ્યુડરે તે ૧૨૨ મુકરર કર્યું છે. તેની સાબિતીમાં ગઢાનો લેખ પણ તે જ પુસ્તકમાં છે. તેમાં ક્ષત્રપ તરીકે તેનો ઉલ્લેખ કર્યો છે. તે લેખ શક સંવત્ ૧૨૧ (ઇ. સ. ૧૯૯)નો છે.

૨. આ વાત માન્ય રહે તેમ નથી. 'ટીલોયા પન્નાટી'માં 'ભટ્ટ ચરટન' કહ્યો છે પણ જેમ મુસ્લિમ રાજાઓ તેમના દરેકના નામ આગળ મહમદ શબ્દ લખતા તેમ માનાર્થે ભદ્રમુખ શબ્દ વપરાયો જણાય છે.

૩. Archeological Survey of India Annual Report 1913-14. તે ઉપરથી પ્રતીત થાય છે કે પુરુષોને તેમના નામ પાછળ 'દામ' અને સ્ત્રીઓને 'દામા' પ્રત્યય લગાડવામાં આવતો.

શક સંવત્ ૧૪૫થી **૧૫૮ સુધી** એટલે કે ઈ સ. ૨૨૩ **થી ૨૩૬** સુધી ૧૩ વર્ષ માત્ર રાજ્ય કર્યું.

આ સમયમાં રૂદ્રસેન પહેલાના પુત્ર દામજદશ્રી બીજો અને દામસેનનો પુત્ર વીરદમન ક્ષત્રપો હતા અને તેમના સિક્કાઓ તેમણે પાડયા.

ઈશ્વરદત્ત : દામસેનના સમય દરમ્યાન અથવા તે પછી તરત જ એટલે કે શક સંવત્ ૧૫૮ (ઇ. સ. ૨૩૬) લગભગ ઈશ્વરદત્ત નામના એક બળવાન રાજાનું તેઓએ આધિપત્ય સ્વીકાર્યું[૨] હોવાનું જણાય છે. પણ તે એક વર્ષ પણ રહ્યું હોય તેમ જણાતું નથી. કારણ કે રૂદ્રસિંહ પહેલાના પુત્ર દામસેનના પુત્ર યશોદમન શક સંવત ૧૫૯ (ઇ. ૨૩૭) માં તો મહાક્ષત્રપનું બિરુદ ધારણ કરી તેના પૂર્વજોના રાજ્યાસને બેઠો.

મહાક્ષત્રપ યશોદામન : (ઇ. સ. ૨૩૭ થી ઈ. ૨૩૮)

ઈશ્વરદત્તે મહાક્ષત્રપોની સત્તાને ઉખેડી નાખેલી પણ યશોદામને તેનો પરાજય કર્યો અને પોતાની સત્તા પુનઃ સ્થાપી, પરંતુ તે શત્રુઓ સામે લડતાં યુદ્ધભૂમિમાં સદાને માટે સૂતો અને પોતાના કુળની નષ્ટ થયેલી કીર્તિ પુનઃ પ્રાપ્ત કરવાના પુરુષાર્થે યજ્ઞની વેદી ઉપર પોતાનું બલિદાન દીધું.

મહાક્ષત્રપ વિજયસેન : (ઇ. સ. ૨૩૮ થી ઇ. સ. ૨૫૦)

મહાક્ષત્રપ દામસેનનો દ્વિતીય પુત્ર વિજયસેન તેના ભાઈ યશોદામનનો અનુગામી થયો. તે મહાક્ષત્રપ થયા પહેલાં ક્ષત્રપ હતો અને તેના સિક્કાઓ પ્રતિવર્ષે પાડેલા જોવામાં આવે છે. જોકે પ્રતિવર્ષે સિક્કા વજનમાં તથા કદમાં ઊતરતા જતા હતા અને રેપસન માને છે તેમ સિક્કા જેમ ઊતરતા જતા હતા તેમ રાજ્યસત્તા પણ ક્ષીણ થતી જતી હતી.[૩]

વિજયસેનને યુદ્ધોથી નબળા થઈ ગયેલા રાજ્યની પૂર્વવત્ સ્થિતિ પ્રાપ્ત કરવાની હતી અને તેથી તેનો સમગ્ર સમય તે વ્યવસાયમાં જ ગયો હોવાનું જણાય છે.

---

૧. આ માત્ર અનુમાન છે. સિક્કા શક સં. ૧૫૭ના છે તથા તે વીરદામનના છે તેમ શ્રી ગર્દે કલ્પના કરે છે.

૨ ઇશ્વરદત્તનો આ સમયનો મહાક્ષત્રપ બિરુદવાળો સિક્કો શક સંવત્ ૧૫૮નો મળ્યો છે. તેની નોંધ Catalogue of the coins of Andhra Dynastyમાં છે. ઇશ્વરદત્તને ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી તથા રેપસન આભિર જાતિનો 'દત્ત' પ્રભવના કારણે માને છે પણ તે સમયમાં તેવા કોઇ આભિર રાજાઓ હતા નહિ. આ લેખકનું અનુમાન એ છે કે 'ઇશ્વરદત્ત' 'ભદ્રમુખ'ની જેમ યશોદામનનું ઉપનામ અથવા બિરુદ હશે.

૩ સદર.

**મહાક્ષત્રપ દામજદાશ્રી ત્રીજો** : (ઇ. સ. ૨૫૦ થી ઇ. સ. ૨૫૪)

દામજદાશ્રી ત્રીજો દામસેનનો ચોથો પુત્ર હતો. તેણે રાજ્યધુરા હાથમાં લીધી પણ તેનો સમગ્ર સમય બળવાન શત્રુઓ સાથે લડવામાં જ ગયો અને રાજ્યની સ્થિતિ નબળી પડતી ગઇ. બજનો બાલી થતો ચાલ્યો અને મહાક્ષત્રપોની મહત્તા ઘટી ગઈ. તેણે ઇ. સ. ૨૫૪ સુધી રાજ્ય કર્યું. તેનું મૃત્યુ કુદરતી રીતે થયું કે યુદ્ધમાં તે જાણી શકાયું નથી.

**મહાક્ષત્રપ રૂદ્રસેન બીજો** : (ઇ. સ. ૨૫૪ થી ઇ. સ. ૨૭૪)

તેના પછી વીરદામનનો પુત્ર ગાદીએ આવ્યો. તેના રાજ્યની કાંઇ હકીકત ઉપલબ્ધ નથી; પણ તેણે ૨૦ વર્ષના દીર્ઘકાળ પર્યંત રાજ્ય કર્યું હોવાનું જણાય છે.

**મહાક્ષત્રપ વિશ્વસિંહ** : (ઇ. સ. ૨૭૪ થી ઇ. સ. ૨૮૮)

રૂદ્રસેન બીજા પછી તેનો પુત્ર વિશ્વસિંહ ગાદીએ આવ્યો. તે પણ પ્રથમ ક્ષત્રપ રહી ચૂકયો હતો. તેના અમલમાં રાજ્યની સ્થિતિ સારી નહિ હોય તેમ તેના સિક્કાઓથી જણાય છે. આ સિક્કા કદમાં કદરૂપા છે અને અક્ષરો પણ બરાબર નથી. તેનું મૃત્યુ ઇ. સ. ૨૮૮ લગભગ થયું.

**મહાક્ષત્રપ ભારત્રદામન** : (ઇ. સ. ૨૮૮ થી ઇ. સ. ૨૯૩)

તે રૂદ્રદામન બીજાનો પુત્ર હતો. તે પણ ઇ. સ. ૨૭૯ થી ઇ. સ. ૨૮૪ સુધી ક્ષત્રપ હતો. તેના અમલનો અંત તેના મૃત્યુ સાથે ઇ સ. ૨૯૩ માં આવ્યો

મહાક્ષત્રપ ભારત્રદામનના સમયમાં તે રાજ્યના શત્રુઓ અતિ પ્રબળ થયા અને તેનું મૃત્યુ પણ યુદ્ધમાં થયું હોવાનું અનુમાન છે.

**ક્ષત્રપ વિશ્વસેન** : (ઇ. સ. ૨૯૩ થી ઇ. સ. ૩૦૪)

મહાક્ષત્રપ ભારત્રદામન કદાચ છેલ્લો મહાક્ષત્રપ હતો. તેનો પુત્ર વિશ્વસેન તેનો અનુગામી થયો પણ તેણે મહાક્ષત્રપ બિરુદ ધારણ કર્યું હોવાનું જણાતું નથી. તેના સિક્કાઓ શક સંવત્ ૨૨૬ ના એટલે ઇ. સ. ૩૦૪ ના મળ્યા છે.

**ગુપ્ત આક્રમણ** : આ સમયે ગુપ્ત મહારાજ્યનું પ્રાબલ્ય વધવા માંડયું. સમ્રાટ ચંદ્રગુપ્તે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર વધારવા પ્રયત્ન શરૂ કર્યો. અને વર્તમાન ઉત્તર પ્રદેશથી ઉત્તરમાં સિંધ–મુલ્તાન અને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણમાં કોંકણ સુધી પથરાયેલા શકોના મહારાજ્યને નષ્ટ કર્યા સિવાય તે બની શકે તેમ ન હતું. તેથી તેણે તેની વિજયી સમશેર તેના ઉપર ઉગામી. તે સાથે મયૂરશર્મા

---

૧ Asiatic Researches પુસ્તક ૯ (પા. ૧૫૨ થી ૨૦૨) માં કેપ્ટન વીલ્ફોર્ડ વંશાવળીઓની ચર્ચા કરતાં એક શક ભર્તૃહરિને વિક્રમાદિત્યે મારી નાખ્યો તેમ કહે છે. તેને આ ભારત્રદામન સાથે જોડવામાં આવે છે, પણ તે બરાબર નથી. (જુઓ આગળ).

નામના મહાબળવાન રાજાઓ સામે શકો સાર્વભૌમત્વ માટે લડી રહ્યા હતા. દક્ષિણમાં તો શકોનું રાજ્ય ત્યાંના રાજાઓ હલબલાવી રહ્યા હતા. એટલે પોતાનું રાજ્ય ગમે તેવી શરમભરેલી શરતો સ્વીકારીને પણ ક્ષત્રપો પોતાની સત્તા ભવિષ્યમાં પુનઃ પ્રાપ્ત થઈ શકે એ આશાએ ટકાવી રહ્યા[૧]. ગુપ્ત પ્રધાનો સૌરાષ્ટ્રમાં આવ્યા. શકો સાથે વાટાઘાટો કરી અને શકોએ તેમનું આધિપત્ય સ્વીકાર્યું.

**ક્ષત્રપ રુદ્રસિંહ બીજો** (ઇ. સ. ૩૦૪–૩૦૫ થી ઇ. સ. ૩૧૭)

રુદ્રસિંહ બીજો સ્વામી જીવદામનનો પુત્ર હતો. અને તે મૂળ શાખામાં વિશ્વસેનનો કયા પ્રકારે સગો હતો તે જણાતું નથી. સંભવ છે કે જીવદામન રુદ્રસેન બીજાનો પુત્ર હોય. તેણે ગુપ્તોનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હશે અને તે શરતે તે ક્ષત્રપ રહ્યો હોવાનું જણાય છે.

**ક્ષત્રપ યશોદામન** (ઇ. સ. ૩૧૭ થી ઇ. ૩૩૨)

તેના રાજ્યમાં કોઇ ખાસ પ્રસંગ બન્યો હોવાનું જણાતું નથી. પણ આ ક્ષત્રપના કાળમાં જ સમુદ્રગુપ્તની ચડાઈ આ પ્રદેશ ઉપર આવી. શિલાલેખો તથા સિક્કાઓના અભ્યાસના પરિણામે જણાય છે કે અમુક વર્ષો તેઓને સત્તા ઉપરથી દૂર જવું પડ્યું હશે.[૨]

**મહાક્ષત્રપ સ્વામી રુદ્રદામન બીજો** : (ઇ. સ. ૩૩૨ થી ઇ. સ. ૩૪૮)

રુદ્રદામને 'સ્વામી' બિરુદ ધારણ કર્યું અને તેણે ગુપ્તો સામે ફરી વિજય પ્રાપ્ત કરી મહાક્ષત્રપનું સ્થાન પ્રાપ્ત કર્યું; પણ તેના રાજ્યની કે સમયની કાંઈ વિગતો મળતી નથી.

**મહાક્ષત્રપ સ્વામી રુદ્રસેન ત્રીજો** : (ઇ. સ. ૩૪૮ થી ઇ. સ. ૩૭૮)

રુદ્રસેન ત્રીજો રુદ્રદામન બીજાનો પુત્ર હતો. તે ઈ. સ. ૩૪૮ માં મહાક્ષત્રપની ગાદી ઉપર આવી યુદ્ધોમાં જ પ્રવૃત્ત થયો. એમ જણાય છે કે ત્રણ વર્ષ પછી એટલે ઇ. સ. ૩૫૧ માં તેનો પરાજય થયો અને તેને સ્થાન ખોવું પડ્યું. પણ ફરીથી ઈ. સ. ૩૬૪ માં તે પુનઃ પોતાના પદને પ્રાપ્ત કરી શક્યો.

---

૧. સૌરાષ્ટ્રના વાંચકોને રસ પડે એવી એક વાત આ સમયની નોંધાઇ છે. શ્યામિલકાના પાદાતાદીકમ (ચતુર્ભાની-પટણા)માં સૌરાષ્ટ્રના 'સાર્વભૌમ નરેન્દ્રપુર' નામના શહેરમાં ગુપ્ત પ્રધાન તથા શકરાજને વાત કરતા બતાવ્યા છે. સૌરાષ્ટ્રમાં 'સાર્વભૌમ નરેન્દ્રપુર' શહેર હશે અને તે ગિરિનગર કે જૂનાગઢ હોવું જોઇએ.

૨ આ સમયનો સાંચી (કાનખેડા) નો શિલાલેખ છે. (Epigraphic India) તેમાં એક શ્રીધરવર્માનું નામ આવે છે. આ શ્રીધરવર્માએ તો કૂવો કરાવ્યો તેમ તે વાંચતાં જણાય છે. તે જીવદામનના પુત્રના સમયમાં થયો તેમ જણાય છે. તેમાં વર્ષ ૨૦૯ શક સંવત્, એટલે ઇ. સ. ૨૮૭ નું આપ્યું છે.

તેણે ઇ. સ. ૩૭૮ સુધી ગુપ્તોના હુમલાઓ સામે પણ પોતાનું સ્થાન ટકાવી રાખ્યું. આ મહાક્ષત્રપના સારી સ્થિતિમાં રહેલા સિક્કાઓ જૂનાગઢના ઉપરકોટમાંથી મળ્યા છે. તેથી રેવ. ડૉ. એમ. આર. સ્કોટ માને છે કે યુદ્ધોના સમયમાં આ સિક્કાઓ ભૂગર્ભમાં દાટેલા ખજાના પૈકીના હશે. ગમે તેમ હોય પણ આ મહાક્ષત્રપનો સમય પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જીવનમરણના સંગ્રામ ખેલવામાં જ ગયો હતો તે નિર્વિવાદ છે.

**મહાક્ષત્રપ સ્વામી સિંહસેન** (ઈ. સ. ૩૭૮ થી ઇ. સ. ૩૮૪)

રૂદ્રસેન ત્રીજાથી મહાક્ષત્રપોના પુરુષ વંશનો અસ્ત થાય છે. પાછળ પુત્રના અભાવે તેની બહેન કે જેનું નામ પ્રાપ્ત નથી તેનો પુત્ર સિંહસેન તેના મામાની ગાદી ઉપર આવ્યો. તેણે તેના બિરુદમાં તેના સિક્કાઓમાં "મહારાજા ક્ષત્રપ સ્વામી રૂદ્રસેન સ્વાશ્રીયસ" લખ્યું છે. તે મહાક્ષત્રપ હતો કે કેમ તે જણાતું નથી. વળી તેણે 'સ્વાશ્રીયસ' લખ્યું છે તેથી તે એમ કહેવા માગે છે કે મામાની દયાથી નહિ પણ પોતે સ્વાશ્રયથી આ સ્થાનનો અધિકારી થયો છે. વળી રૂદ્રસેનનું નામ લખ્યું છે એટલે તેને મારીને તે મહારાજ્યનો સ્વામી થયો હોય તેમ પણ મનાતું નથી..

**મહાક્ષત્રપ રૂદ્રસેન ચોથો** : ( ઇ. સ. ૩૮૪ થી ઇ. સ. ? )

તેના સંબંધી એક સિક્કા સિવાય કાંઈ હકીકત મળતી નથી.

**મહાક્ષત્રપ સ્વામી સત્યસેન** : (ઇ. સ. ? થી ઇ. સ. ? )

તેના સંબંધી પણ કાંઇ હકીકત મળતી નથી; પણ તે સ્વામી સિંહસેનનો ભાઈ હતો.

**મહાક્ષત્રપ સ્વામી રૂદ્રસેન** : ( ઇ. સ. ? થી ઇ. સ. ૩૯૫ )

ચસ્ટને સ્થાપેલા મહાક્ષત્રપ સામ્રાજ્યનો અંત આ અભાગી શક રાજાના સમયમાં આવ્યો. મગધમહારાજ ચંદ્રગુપ્તના બળવાન સૈન્યે સદાને માટે મહાક્ષત્રપોના મહારાજ્યનો નાશ કર્યો અને સૌરાષ્ટ્ર ગુપ્ત સામ્રાજ્યનું એક અંગ બન્યું. રૂદ્રસેનનો યુદ્ધમાં ઘાત થયો અને શકોના શાસનનો અંત આવ્યો.[1]

---

૧ તેથી ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યને 'શકારિ' (શક+અરિ)નું બિરુદ મળ્યું છે.

ગુપ્ત સામ્રાજ્ય : (ઇ. સ. ૩૯૫–૪૮૦)

ક્ષત્રપોના છેલ્લા ક્ષત્રપ વિશ્વસેનને ગુપ્ત મહારાજા વિક્રમાદિત્ય ચંદ્રગુપ્ત બીજાએ ઇ. સ. ૩૯૫ માં પરાજિત કરી સૌરાષ્ટ્રને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું.

પરદેશીઓના સ્થાપેલા મહારાજ્યને પાટલીપુત્રના સિંહાસને આરૂઢ થઇ સમુદ્રગુપ્તે મિટાવી દીધું અને એક બળવાન સામ્રાજ્યની સ્થાપના કરી. તેના પુત્ર ચંદ્રગુપ્તે તેનાં સૈન્યોને પશ્ચિમ ભારતમાં વિજય પ્રાપ્ત કરવા મોકલ્યાં. આ બળવાન સૈન્યો સામે ક્ષત્રપો ટકી શકયા નહિ અને સૌરાષ્ટ્ર, ગુજરાત, કચ્છ અને બીજા પડોશના પ્રદેશો ઉપર ગુપ્તોની સત્તા સ્થિર થઇ.

સ્કંદગુપ્ત : સ્કંદગુપ્તે સૌરાષ્ટ્રમાં રાજ્યવહીવટ ચલાવવા પર્ણદત્ત[1] નામે સૂબો નીમ્યો. અને તેના પુત્ર ચક્રપાલિતાને જૂનાગઢનો હાકેમ નીમ્યો. આ પર્ણદત્તના સમયમાં વળી પાછું સુદર્શન ફાટયું. આ તળાવ ગુપ્ત વર્ષ ૧૩૬ (ઇ. સ. ૪૫૬) ના ભાદ્રપદના કૃષ્ણપક્ષની છઠને દિવસે ફાટેલું અને તે દિવસે પાલાશિની, સુવર્ણસિકતા અને વિલાસિની નદીઓમાં બહુ પૂર આવેલું; તેથી તળાવમાં પાણી સમાઇ શકયું નહિ. પણ પર્ણદત્તે ૧૩૭ (ઇ. સ. ૪૫૭)ના ગ્રીષ્મના કૃષ્ણપક્ષમાં સમારકામ શરૂ કરી, બે માસમાં પૂરું કર્યું.

આ પાળ ૧૦૦ હાથ (૧૫૦ ફીટ આશરે) લાંબી, ૬૮ હાથ (૧૦૨ ફીટ આશરે) પહોળી, સાત માથોડાં (૪૨ થી ૪૮ ફીટ આશરે) ઊંચી હતી. પ્રથમ રૂદ્રદામનના વખતમાં તૂટેલી પાળનો આ વખતે ઓછો ભાગ તૂટેલો તેમ જણાય છે. ક્ષત્રપોએ સમારકામની નોંધ શિલાલેખમાં કોતરાવી માટે ગુપ્તોએ પણ ત્યાં જ તેના અનુસંધાને આ નોંધ કરી.

સુદર્શન તળાવ, આગળ જોયું તેમ કયાં હતું તે માટે વિદ્વાનોનાં અનુમાનો જુદાં જુદાં થાય છે. પણ તે તળાવ ન હતું, એક ડેમ હતો અને ત્રણ નદીઓનું વહેતું પાણી ડેમથી બાંધ્યું હતું. તે ડેમ વારંવાર તૂટતો અને આપણે જાણતા નથી

---

૧ પ્રો. જારલે શારપેન્ટીયર (Jarle charpanteer) પર્ણદત્તને ઈરાની ફારનાદાતા (Farnadata or Pharnadata) કહે છે (પ્રો. કેમ્બ્રીજ). આ માત્ર કલ્પના છે. પર્ણદત્ત તો પરદેશી સત્તાને હાંકી કાઢનારા ગુપ્તોનો સૂબો હતો. અને તે શુદ્ધ આર્ય નામ છે; તેને ઉચ્ચારણના દોષે ફારનાદાતા કહેવું સર્વથા અયોગ્ય છે.

કે કયારે તે સદાને માટે તૂટીને તણાઇ ગયેા.[૧]

આ શિલાલેખમાં ચક્રપાણિએ વિષ્ણુનું મંદિર બંધાવ્યાનેા ઉલ્લેખ છે. આ મંદિર કયું તેની સ્પષ્ટતા થતી નથી; પણ દામેાદર કુંડ ઉપર જે વિષ્ણુમંદિર છે તે આ હેાવું જોઇએ.

આ સમયમાં બૌદ્ધોનું પરિબળ હતું તેમજ તે ધર્મ સારી રીતે ફેલાઇ ચૂકયેા હતેા. તેમ છતાં તેમાં રાજ્યકર્મચારી ચક્રપાલિત વિષ્ણુમંદિર બંધાવે તેથી સ્પષ્ટ થાય છે કે તે સમયે ધાર્મિક સહિષ્ણુતા હતી તેમ સર્વે ધર્મોનું યથાર્થ પાલન થતું.

ગુપ્ત સમયમાં આ પ્રદેશમાં ઘણાં મંદિરેા બંધાયાં હેાવાનું જણાય છે. તેમાં ખાસ કરીને ગિરનાર ઉપરનું અંબાનું મંદિર અને વર્તમાન દ્વારકાનું જગતનું દહેરું હેાવાનું મનાય છે. (વિશેષ આ પ્રકરણના અંતમાં)

<u>સ્કંદગુપ્તનું મૃત્યુ</u> : સ્કંદગુપ્ત ઇ. સ. ૪૮૦માં મૃત્યુ પામ્યેા અને તેની પાછળ સામ્રાજ્ય અસ્તવ્યસ્ત થઇ ગયું. વાયવ્ય સરહદેથી શ્વેત હુણેાનાં લડાયક, ક્રૂર અને લેાહીતરસ્યાં ટેાળાંએા આ દેશમાં ઊતરી પડયાં. તેના નાયક તેારમાણે આગ અને તલ્વારનું સામ્રાજ્ય ફેલાવી દીધું. ઊભાં ખેતરેાનેા નાશ કર્યેા. અનેક નિર્દોષ નરનારીની કતલ કરી અને ભારતના નંદનવનને અદ્યાપિ પર્યંત આવેલા પરદેશી આક્રમણકારેા કરતાં વિશેષ ઝનૂન અને વેરઝેરથી પાદાક્રાન્ત કર્યું.

સ્કંદગુપ્તે એક વાર તેને પરાસ્ત કર્યેા અને તેના નાયક લેાસિંહ ને હરાવ્યેા; પરંતુ તેના મૃત્યુ પછી લેાસિંહના પુત્રના ઉત્તરાધિકારી તેારમાણ સામે સ્કંદગુપ્તનેા પુત્ર ભાનુગુપ્ત ટકી શકયેા નહિ. ઇ. સ. ૫૧૦ (વિ. સં. ૫૬૭–ગુપ્ત સંવત્ ૧૯૧)માં તેારમાણે ગાંધાર–પંજાબ, કાશ્મીર, માળવા, રાજપૂતાના, સંયુક્ત પ્રદેશ અને છેક બિહાર સુધીના ભાગેા ઉપર પેાતાનું આધિપત્ય સ્થાપી દીધું.[૨]

<u>મિહિરગુલ વા મીહીરગુલ</u> : તેારમાણના મૃત્યુ પછી મિહિરગુલ અથવા મીહીરગુલે શાકલ નગરમાં પેાતાની રાજધાની સ્થાપી અને બૌદ્ધ ધર્મ સ્વીકાર્યેા; પરંતુ બૌદ્ધો પર પાછળથી નારાજ થતાં તેણે તે ધર્મ નિર્મૂળ કરવાની આજ્ઞા આપી.

---

૧ આ વિષયમાં વિશેષ રસ ધરાવતા વિદ્વાનેાને, લેખક ત્રિપુર સુંદરીનું મંદિર ધારાગઢ દરવાજા બહાર (જૂનાગઢ)માં છે તેનું સૂચન કરે છે. ત્યાં આગળ નેાટ કરી છે તેમ આ ડેમ હેાવેા જોઇએ. બીજું સૂચન એક ઇતિહાસના વિદ્વાન દુબડી કે જે દાતાર તથા લક્ષ્મણ ટેકરી છે તેની વચમાં કહે છે; પણ ત્યાં નદીએા આવે તેમ નથી.

૨. આ દેવાલય ભવ્ય છે. તેનું સ્થાપત્ય જોતાં તે ગુપ્ત સમયનું કહી શકાય; પણ આ લેખકના મત પ્રમાણે તે મંદિર મુસ્લિમેાએ તેનેા વિનાશ કર્યા પછી બંધાયું છે. તેની વિગતવાર ચર્ચા આ પુસ્તકમાં આગળ કરવામાં આવશે.

૩. વર્તમાન ભારતના ભાગેા.

તેણે અનેક બૌદ્ધ સાધુઓને મારી નાખ્યા, સ્તુપો તોડાવી નાખ્યા.[૧] અંતે માળવાના મહારાજા યશોવર્મા (યશોધર્મ) તથા મગધના ગુપ્ત મહારાજા બાલાદિત્ય (નરસિંહ-ગુપ્તે) ઈ. સ. ૫૩૨માં તેનો પરાજય કર્યો અને તેના રાજ્યવિસ્તારમાંથી કાશ્મીર, ગાંધાર તથા ઉત્તર ભાગના પ્રદેશો સિવાયનો પ્રદેશ પુનઃ પ્રાપ્ત કર્યો; પણ તેઓ વચ્ચેનાં યુદ્ધો ચાલુ જ રહ્યાં. આર્ય રાજાઓ પ્રભાકરવર્ધન (થાણેશ્વર), રાજ્યવર્ધન તથા હર્ષવર્ધને તેઓનો પ્રતિકાર કર્યો હતો. કલચુરીના રાજા કર્ણ, પરમાર રાજા સિંધુરાજ તથા કચ્છલ રાઠોડ (કર્કરાજ) પણ હુણોની સેના સામે થઈ તેમનો પરાજય કરી શકયા હતા.[૨] પણ સમુદ્રની ભરતી રોકાતી નથી તેમ મધ્ય એશિયામાંથી ખોરાકની ખોજમાં આવેલી આ માનવભરતી ભારત ઉપર ફેલાઈ ગઈ. જોકે મુસ્લિમ તથા ક્રીશ્ચિયનોની જેમ તેઓ અલગ ધર્મ અને નિરાળી સંસ્કૃતિ ન રાખતાં ભારતના દૂધના વાસણમાં સાકરની જેમ સમાઈ ગયા.

<u>ગુર્જર-આહીર-જાટ-કાઠીઓ</u> : આ હુણોની સાથે આપણી ભાષા ગુજરાતીના આદિવાચકો અને ગુજરાત દેશને પોતાનું નામ આપનારા ગુર્જરો, આહીરો, જાટો તથા કાઠીઓ પણ આવ્યા હતા. આ જાતિઓ ઈ. સ.ની પાંચમી સદીના અંતમાં અને છઠ્ઠીના પ્રારંભમાં આવી હોવાનું જણાય છે[૩-૪]

---

૧ હુણોનો ઇતિહાસ રસિક છે. તેને અત્રે આ પુસ્તકના વિષય સાથે સંબંધ ન હોવા છતાં આલેખવો આવશ્યક જણાય છે.

હુણ લોકો મધ્ય એશિયામાં રહેતા હતા. તેઓના મહાન સરદાર એટિલાએ યુરોપનો ઘણો ભાગ જીતી લીધેલો. તેમને ગ્રીક લેખકો 'ઉન્નોઇ', લુકોઇ તથા એફથાલાઇટ નામે જણાવે છે. ચીનાઓ 'યુનયુન' કે 'યેથ' (યેથિલેટો) નામે જણાવે છે, આર્મિનિયનો 'હુંક' તથા સંસ્કૃત લેખકો 'હુણ' 'હુન' 'શ્વેત હુણ' અથવા 'સિતહુણ' નામે ઓળખે છે અને તેઓને આચાર-વિચારવિહીન મ્લેચ્છો તરીકે ઓળખાવે છે.

ઇ. સ. ૪૨૦ લગભગ તેઓ ઈરાનના પારસી પાદશાહો સાથે યુદ્ધો કરી તેમને પરાજયો આપી, દક્ષિણ તરફ ઊતરી, ગાંધાર પ્રદેશના સ્વામી બન્યા. ત્યાંથી હેફ્થલિટ ભારતમાં આવ્યો.

વર્તમાન રાજપૂત કુળો પૈકી કેટલાંયે હુણોમાંથી ઊતરી આવ્યાં હોવાનું વર્તમાન વિદ્વાનો માને છે.

૨. શ્રી. ગૌ. હી. ઓઝા.

૩. આ જાતિઓ હુણોની સાથે આવી કે પાછળથી આવી તેનો નિર્ણય થયો નથી. આહિરો આ દેશના જૂના વતની હતા. શ્રીકૃષ્ણ આહિરો સાથે જ ઊછર્યા હતા. અને ગુર્જરો ગુજરાતીના પ્રથમ પ્રવર્તકો ન હતા. આ વિવાદાસ્પદ વિષયની રસિક ચર્ચા આ પુસ્તકના વિષયને સંબંધકર્તા ન હોઇ છોડી દેવાનું યોગ્ય જણાય છે.

૪. ગુર્જરો મૂળ ઇરાનના ગુર્જરસ્તાનમાંથી (વર્તમાન જ્યોર્જિયા) આવ્યા. આહિરો નહિ પણ આભિરો હશે. આહિરો તો નહિ જ પણ આભિરો પાઇકુલી શિલાલેખ પ્રમાણે ત્રીજી સદીમાં આ દેશમાં હતા. (ઇ. હર્ઝફેલ્ડના આધારે પ્રો. કોમીસેરીયેટ)

**સૌરાષ્ટ્રમાં હુણો** : ભારતમાં હુણો ફેલાયા પણ સૌરાષ્ટ્રમાં તેમણે અધિકાર સ્થાપ્યો હોવાનું જણાતું નથી; પણ ગુપ્તોની સત્તા ક્ષીણ થઈ ગઈ અને સૌરાષ્ટ્રના દીર્ઘકાળના પરરાષ્ટ્રીય શાસનનો અંત આવ્યો.

**ગુર્જરો** : દક્ષિણ ગુજરાતમાં ઈ. સ. ૬૩૦ લગભગ ભરૂચ આસપાસ લાટ પ્રદેશમાં 'દાદા' નામના ગુર્જરે પોતાનું રાજ્ય સ્થાપ્યું. ત્યારપછી નાંદોદ, સંખેડા વગેરે સ્થળોએ પોતાની રાજધાનીઓ કરી. તેઓ પોતાને 'ગુર્જરનૃપતિવંશ'ના કહેવડાવતા. આ ગુર્જરોનો અધિકાર પણ સૌરાષ્ટ્ર ઉપર ન હતો. તેઓની વિગતવાર ચર્ચા આ પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.

**પ્રથમ કાળનો અંત** : એ રીતે યદુકુળભૂષણ શ્રીકૃષ્ણથી લઈને વલ્લભી રાજ્યના ઉદય સુધીના સૌરાષ્ટ્રના ઇતિહાસનો પ્રથમ કાળ પૂરો થાય છે. વિક્રમના પાંચમા સૈકા સુધી આ દેશ ઉપર અનેક પરદેશીઓ આવ્યા; તેઓની કળા, સંસ્કૃતિ, ભાષા અને ધર્મોના અવશેષો મૂકતા ગયા અને પંચનદના સંગમના પ્રવાહ જેવો સૌરાષ્ટ્રની સંસ્કૃતિનો અનોખો પ્રવાહ વહેતો થયો. આ સમયમાં બ્રાહ્મણી, પાલી, સંસ્કૃત, પ્રાકૃત, ગાંધાર, ગ્રીક, ફારસી ભાષાઓ વંચાઈ અને બોલાઈ; અનેક ધર્મોના પ્રચાર થયા. વિવિધ સ્થાપત્ય અને શિલ્પનો વિકાસ થયો અને જુદા જુદા પ્રદેશની જુદી જુદી પ્રજાઓના ગોકુળિયા જેવી સૌરાષ્ટ્રની પ્રજા અને સંસ્કૃતિ ભારતમાં જુદી જ ભાત પાડી રહી.

શ્રીકૃષ્ણચંદ્ર મથુરા ત્યાગી આ દેશમાં આવ્યા ત્યારથી ઈ. સ. ૫૦૦ લગભગનો ઇતિહાસ જોવામાં આવ્યો. અજ્ઞાનની અંધાર જવનિકા ઉપાડી આપણે કંઈક અનુમાનોને અંતે સંશોધન કરેલા ઇતિહાસને જોયો. આ અંધાર યુગનો ઇતિહાસ જો કોઇએ લખ્યો હોત તો ઘણી સુંદર, આશ્ચર્યજનક અને અદ્‌ભુત વસ્તુઓ જાણવા મળત.

આ યુગમાં આપણે જે ઇતિહાસ જોયો તે માત્ર રાજાઓનો, તેમનાં યુદ્ધો અને ક્રાંતિઓનો હતો; પણ તે સમયની પ્રજાનો ઇતિહાસ પણ જાણવો જરૂરી છે. તે ઇતિહાસ પણ પૃથક્ પૃથક્ ઉલ્લેખો ઉપરથી એકત્ર કરી અત્રે આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ધર્મ** : મૌર્યની પહેલાંના સમયમાં બ્રાહ્મણ ધર્મનું પરિબળ હતું. આર્ય લોકો મૂર્તિપૂજક થઈ ચૂકયા હતા અને અનાર્યો અને દસ્યુના ધર્મ સાથે વેદ ધર્મનો સમન્વય કરી આર્યો અધર્મ ગણાતા ધર્મને અપનાવી ચૂકયા હતા. બ્રાહ્મણોનું સર્વોપરિપણું પૂરું થઈ ગયું હતું અને એ બ્રાહ્મણો જ ક્ષત્રિયકુલોત્પન્ન શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણચંદ્રની પૂજા કરવા મંડયા હતા. શાકત સંપ્રદાય પણ ફેલાઈ ગયો હતો અને વેદાંતનાં સૂત્રો અને સિદ્ધાંતો વીસરાઈ ગયાં હતાં. વેદના વિપરીત

અર્થે કરવામાં આવ્યા હતા. પરિણામે બ્રાહ્મણ ધર્મના પતનનો પ્રારંભ થઈ ચૂકયો હતો.

બૌદ્ધ ધર્મ તો તે સમયે ઘણો જ પ્રબળ હતો તથા રાજાઓ અને રાજ્યકર્તા કોમોને પોતાની પકડમાં લેવાનું તેઓનું ધ્યેય હતું. પ્રભાસ પાટણના દધીચિ ઋષિ, મુનિ માર્કંડેય, અષ્ટાવક્ર, ચ્યવન આદિ બ્રાહ્મણોનું બ્રહ્મતેજ નષ્ટ થયું હતું. સૌરાષ્ટ્રના ઋષિ સુદામા, જમદગ્નિ, અંગીરસનાં તપ ઓસરી ગયાં હતાં અને બૌદ્ધ સાધુઓ તેમનાં તપ, તેજ અને વિદ્વત્તાથી ક્ષત્રિયોને પણ ધર્મની દીક્ષા આપી ચૂકયા હતા.[1]

તેમાં વિશેષ બળ મૌર્યના વિજયથી આવ્યું. અશોકે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો અને બૌદ્ધ સાધુઓ તેમની સાથે આવ્યા. શાણા, તળાજા, ઢાંક વગેરેની ગુફાઓ કોતરી કાઢી અને બૌદ્ધ ધર્મનો પ્રચાર શરૂ કર્યો.

પરંતુ અશોકમાં ધર્મસહિષ્ણુતા હતી. તેણે સર્વ ધર્મોને તેમના મત પ્રમાણે આચારવિચારની છૂટ આપી. ગ્રીકોએ પણ ધર્મમાં હસ્તક્ષેપ કર્યો નહિ. તે પછી શક લોકો આવ્યા. તેઓ મૂળ અહીંના હતા પણ ઇરાન તરફ ગયેલા તે પાછા આવ્યા. અહીં આવ્યા પછી તેમનાં ધર્મ, સંસ્કૃતિ, ભાષા, ભૂષા વગેરેમાં પરિવર્તન આવ્યું. તેઓ શુદ્ધ આર્યો થયા અને તેમણે પણ આપણે આગળ જોયું તેમ ધાર્મિક સહિષ્ણુતા દર્શાવી પ્રજાને પોતપોતાના ધર્મ પાળવા દીધા.

<u>મંદિરો : સૂર્ય</u> : આ યુગમાં કોઈ મંદિરો બંધાયાં હોવાનો ખાસ ઉલ્લેખ નથી. પુરાણોમાં તો દરેક વાતનો સતયુગથી જ પ્રારંભ થાય છે. એટલે તેમાં કાંઈ સ્પષ્ટતા થતી નથી. પણ ઇતિહાસના જ નિર્મલ ઉલ્લેખ તપાસતાં આ પ્રદેશમાં ઇ. સ. પૂર્વે સૂર્યપૂજા થતી અને તેથી સૂર્યનાં મંદિરો બંધાયાં હતાં. ઇરાનીઓ આ પ્રદેશમાં આવ્યા. તેઓ સૂર્યપૂજક હતા અને આર્યો પણ સૂર્યપૂજા કરતા એટલે રાજાપ્રજા ઉભયના ધર્મમાં જે સામાન્ય તત્ત્વ હતું તે વિકસી શકયું.[3]

---

૧. આ બૌદ્ધ ધર્મ 'હીનયાન' શાખાનો હતો. જૂનાગઢ તેનું મુખ્ય મથક હતું. આ શાખા પછી 'મહાયાન' પણ અહીં વર્તમાન હતી. વિશેષ ચર્ચા આગળના પ્રકરણમાં કરવામાં આવી છે.

૨. આ ગુફા જૈનોની છે તેમ ડો. સાંકળિયા માને છે.

૩. પ્રભાસનું સરિતાતીરે આવેલું સૂર્યમંદિર આ સમયનું હોવાનું એક મંતવ્ય છે. પરંતુ પ્રાચી પાસે ભીમદેવળ ગામે ભીમનું દેવળ છે. તે સૂર્યમંદિર હોવાનું તથા આ સમયનું હોવાનું અનુમાન થઈ શકે છે.

પાંચમી સદીમાં લાટથી દશાપુરમાં આવી વસેલા વણકરોએ દીપ્તરશ્મિ નામનું સૂર્યમંદિર બંધાવ્યું હતું.

ક્ષત્રિયોના સમયમાં કે ગુપ્તોના સમયમાં સૂર્ય મંદિરો બંધાયાના કયાંય ઉલ્લેખ નથી.

શૈવ વગેરે : કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અને જૈન સૂત્રોમાંથી પુરાવો મળે છે કે એ સમયમાં આ પ્રદેશમાં વિષ્ણુનાં, શિવનાં, દેવીનાં, ઇંદ્રનાં, યમનાં તથા ગણપતિનાં મંદિરો હતાં. યમ અને વરુણની પણ પૂજા થતી; શંકરના રુદ્ર રૂપની પૂજા થતી અને સંભવ છે કે શકોએ તેથી રુદ્ર નામ ધારણ કર્યું હોય. પુરાણો જોતાં, આ દેવતાઓ ઉપરાંત પ્રભાસમાં નવગ્રહોનાં પણ મંદિરો હતાં. એટલે ઇ. સ. પૂર્વે ૪૦૦ થી ઇ. સ. ૮૦૦ લગભગના સમયમાં શૈવ મંદિરોની અતિઘણી સંખ્યા હતી તથા તેની પૂજા થતી. રાજાઓ પણ આ ધર્મને અનુસરનારા હતા, ગ્રીક–બૅક્ટ્રિયનો, મૌર્ય કે શકોએ તેમાં વિક્ષેપ કર્યો નહિ. ઊલટું તેના અનુયાયીઓને ઉત્તેજન આપ્યું.

એ સમયમાં તીર્થસ્થળો પણ પ્રસિદ્ધ હતાં. શક રાજા નાહપાનના જમાઇ ઉષવદત્તે અપાર દ્રવ્ય પ્રભાસનાં મંદિરોમાં આપ્યું હતું. તે ઉપરાંત તેણે ધર્મશાળાઓ, કૂવાઓ, તળાવો બાંધી આપ્યાં હતાં. સેંકડો ગામોનું દાન બ્રાહ્મણોને આપ્યું હતું [૧] અને તેથી તે ધર્માત્માનું બિરુદ પામ્યો હતો. તેણે પ્રભાસમાં ('ભગવતાં દેવાનં બ્રાહ્મણાનં ચ કર્ષાપણ સહસ્રાણિ સતરી ૭૦૦૦ પંચત્રિ (?) શક સુવર્ણ કૃતા દીન સુવર્ણ સહસ્રાણું મૂલ્ય.....) બ્રાહ્મણોને ૭૦૦૦ સુવર્ણ મુદ્રા દાનમાં આપી હતી.[૨]

શકો મૂળ આર્યો હતા; પણ સગરે તેમને શૂદ્ર બનાવી દીધા.[૩] તેઓ ઉત્તરમાં ગયા પછી તેમના શુદ્ધ બ્રાહ્મણ ધર્મ ઉપર ઇરાની આર્ય ધર્મની અસર થઇ અને તેઓ એક મિશ્રિત ધર્મ પાળવા માંડયા. અગ્નિ, સૂર્ય, વાયુ ઇત્યાદિની પૂજાઓ કરવા માંડયા; પણ પાછા આર્યાવર્તમાં આવતાં તેઓએ તેમના નામનાં ક્રમશઃ રૂપાંતર કર્યાં અને બ્રાહ્મણ ધર્મમાં ક્ષત્રિયોના આચારવિચારપાલનના નિયમો

---

૧. તેણે ગોવર્ધન, ચોખલોદ્રા અને કાપુરાહાર ગામો આપેલાં તેનો ઉલ્લેખ છે.

૨. ઉષવદત્તનો શિલાલેખ : નાશિક ગુફા ( E. I. Volume 8 ).

૩. શકો મૂળ આર્યો હતા પણ સગરે તેમને અબ્રાહ્મણ કર્મો કરવા માટે શૂદ્ર બનાવી દીધા અને અર્ધું માથું મૂંડવા આજ્ઞા કરી. અનુશાસન પર્વ મહાભારત.

શકાયવનકામ્બોજારતારતાઃ ક્ષત્રિય જાતયઃ।
વૃષલત્વ પરિગતા બ્રાહ્મણા નામ દર્શનાત્ ॥
અર્ધં શકાનાં શિરસો મુંડયિત્વા વ્યસર્જયત્।
યવનાનાં શિર સર્વં કંબોજાનાં તથૈવ ચ ॥
પારદા મુક્ત કેશાશ્ચ પહલવા ધ્વિ શ્રુધારિણ।
નિઃસ્વાધ્યાય વષટ્કારા કૃતારતેન મહાત્મના ॥

( વાયુ પુરાણ ૮૮–૧૪૦–૧૪૧ )

અપનાવ્યા. અહીં કેટલાક શકો બૌદ્ધ ધર્મ પાળતા પણ થયા; નાહપાને ભારતનાં પવિત્ર સ્થળોની યાત્રા કરી. તે પ્રભાસ આવ્યો હતો. તેણે બૌદ્ધ ધાર્મિક સ્થળોમાં પણ દાન દીધાં હતાં. તેઓમાં અપવાદ સિવાય કોઈ વૈષ્ણવ હતા નહિ તેમજ તે સંપ્રદાયને ઉત્તેજન પણ આપતા નહિ.[૧]

ગુપ્ત : ગુપ્ત રાજ્યવંશે પણ શકોની જેમ દરેક ધર્મને સહી લીધો હતો; તેઓનો ઝોક વૈષ્ણવ ધર્મ તરફ વધારે હતો. જૂનાગઢનું દામોદરકુંડનું મંદિર, દ્વારકાનું જગત દહેરું એ તેમના અમલમાં બંધાયેલાં છે; છતાં તેના સમયમાં શૈવ સંપ્રદાય પૂરજોશમાં હતો. તે સમયમાં લાટ (મધ્ય ગુજરાત)માં પાશુપત સંપ્રદાય ફેલાયો હતો અને ત્યાંનો રાજા કૃષ્ણરાજ તો પોતાને પાશુપત કહેવરાવતો.

પ્રભાસમાં પણ પાશુપત સંપ્રદાયનું જોર હતું. ચાલુક્ય રાજાઓ પણ શૈવ સંપ્રદાયને અનુસરનારા હતા. ખંભાતના કુમારિકા ક્ષેત્રમાં સ્કંદે તારકાસુરનો વધ કર્યો અને લિંગપૂજા પ્રવર્તમાન કરી (સ્કંદ પુરાણ.)[૨]

બીજા સંપ્રદાયો : આ કાળમાં "અમરદક સનાતન" નામનો ભૈરવ પૂજાનો સંપ્રદાય પણ અસ્તિત્વમાં હતો, પણ તેનું વિગતવાર વર્ણન મળતું નથી.

કાપાલિક સંપ્રદાય પણ અસ્તિત્વમાં હતો. તેની ચર્ચા આ પુસ્તકમાં અન્યત્ર કરી છે.

ગણેશ–અંબા–કાલિકા વગેરેની પણ પૂજા થતી. અને પૂજા શરૂ થયા પછી તેના માહાત્મ્ય રૂપે જુદાં જુદાં પુરાણો લખાયાં હશે, તેવું અનુમાન અસ્થાને નથી.[૩]

---

૧. Early History of Vaishnav Sect (H. C. Roy Chaw dhary).

૨. કુમારપાળનો પ્રભાસનો લેખ તથા સારંગદેવના લેખ (પોર્ટુગલ સીટ્રામાં છે) તેમાં કાશીનો ગંડ બૃહસ્પતિ ધારા (ઉજ્જૈન) માળવા, કાન્યકુબ્જ વગેરે શિવનો ગણ નંદીશ્વર, પશુપતિની પૂજા કરતો. તેનો પ્રચાર કરતાં જયસિંહ, ગુજરાતના મહારાજાને મળ્યો અને પ્રભાસના દેવાલયનો ઉદ્ધાર કરવા કુમારપાળને કહ્યું. તેમ કરી કુમારપાળે તેને મંદિરનો પૂજારી નીમ્યો. તેણે પાશુપત મતનો ફેલાવો કર્યો. તે સપ્રંદાય પાશુપત કૈલકુલેશ કહેવાય છે.

પણ સીંદ્રા પ્રશસ્તિથી જ્ઞાત થાય છે કે તેના આવ્યા પહેલાં પાશુપત સંપ્રદાય પ્રભાસમાં હતો. વિશેષ માટે સારનાથ પ્રકરણ જોવું.

૩. પુરાણો ગુપ્તોના સમયમાં લખાયા હોવાનું અનુમાન છે અને સ્કંદ તે સ્કંદગુપ્ત ન હોય ? ગુપ્ત શિલાલેખોમાં કુમાર, કાર્તિકેય અને સ્કંદના ઉલ્લેખ આવે છે, જ્યારે ચૌલુક્યો માત્ર કાર્તિકેય અને સ્વામી મહાસેનનો ઉલ્લેખ કરે છે. (ડો. સાંકળિયા.)

વૈષ્ણવ : વૈષ્ણવ સંપ્રદાય જે અત્યારે અસ્તિત્વમાં છે તે શ્રી વલ્લભાચાર્ય-પ્રણિત છે. આ સમયમાં તે સંપ્રદાય પ્રમાણે તો વૈષ્ણવ મત પ્રવર્તમાન ન હતો; પણ ભારતમાં ઘણા ભાગમાં તે પ્રવર્તતો. તે નીચેનાં પ્રમાણોથી જણાય છે.

સ્કંદગુપ્તનો ગિરનારનો પ્રસિદ્ધ શિલાલેખ વિષ્ણુના નામથી શરૂ થાય છે. "સ જયતિ વિજિતાર્તિ વિષ્ણુ રચન્તા જીષ્ણુ." રાજાઓ તેમના બિરુદમાં 'પરમ ભાગવત' શબ્દો લખતા.

અવતારપૂજા : એમ પણ સંભવ છે કે ધર્મના આ અંધકાર યુગમાં જુદા જુદા આચાર્યોએ વરાહ, નરસિંહ, કૃષ્ણ વગેરેની પૂજા પણ ચાલુ કરી હતી.[૧]

જૈન ધર્મ : જૈન ધર્મનું પારણું સૌરાષ્ટ્ર છે. જૈનોના ૨૧ મા તીર્થંકર નેમિનાથે અહીં તપશ્ચર્યા કરી હતી. ઈ. સ. પૂર્વે ૪૦૦ વર્ષ પહેલાં જૈન ધર્મ અહીં પ્રવર્તમાન થયો હતો અને શકોના રાજ્યકાળમાં તે પૂર્ણ કળાએ પહોંચ્યો હતો.[૨] આ સમયમાં કર્ણાટક સુધી દિગંબર સંપ્રદાય ફેલાયો હતો અને સૌરાષ્ટ્ર–ગુજરાતમાં પણ તેનું શાસન વિદ્યમાન હતું.

શત્રુંજય પર્વત જૈન વિદ્વાનોની માન્યતા પ્રમાણે તેઓનું અતિપ્રાચીન સ્થાન છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે–આદિનાથે અહીં તપશ્ચર્યા કરી હતી. તેનો પુત્ર રાજા ભરત અયોધ્યાનો રાજા હતો. તેણે યવનો સાથે યુદ્ધો કરેલાં. તેના નાના ભાઇ બાહુબલિના પુત્ર સોમ્યુએ શત્રુંજય ઉપર ઋષભદેવનો પ્રાસાદ બાંધ્યો અને સૌરાષ્ટ્ર દેશની ઊપજ તેના ખર્ચ માટે આપી અને સૌરાષ્ટ્ર 'દેવદેશ' કહેવાયો. સોરઠના સૂબા શક્તિસિંહે, રાજાના પ્રધાન શુકનની સહાયથી ગિરનાર ઉપરથી રાક્ષસોને કાઢી ત્યાં આદિનાથ તથા અરિષ્ટનેમિના પ્રાસાદ બાંધ્યા. પાછળથી મ્લેચ્છોએ આ મંદિરોનો નાશ કરી પર્વતો ઉજ્જડ કર્યા; પણ જાવડ નામના ગરીબ, સાહસિક અને દૈવી સહાયથી ધનાઢય થયેલા શ્રાવકે ત્યાં પુનઃ સ્થાપના કરવા પ્રયત્ન કર્યા અને શ્રી વાયલસ્વામી તથા કવદ્રપક્ષે સહાય કરી; પણ પરધર્મીઓએ તેમ કરવા દીધું નહિ. જાવડ વિ. સં. ૧૦૮ (ઈ. સ. ૫૨)માં મરણ પામ્યો.[૩]

---

૧. વરાહ મંદિર, કદવાર, વરાહ સ્વરૂપ (સોરઠ–ગોહિલવાડ)માં છે. વઢવાણ પાસે ખોલડીયાદમાંથી ઈ. સ. ૧૯૫૪માં વરાહની મૂર્તિ ખોદકામ કરતાં લેખકે શોધી કાઢી હતી. તે બતાવે છે કે વરાહ સંપ્રદાય આ યુગમાં પ્રચલિત હતો.

૨. ડૉ સાંકળિયા માને છે કે જૂનાગઢના પ્યારા બાવાની ગુફાઓનું શિલ્પ જૈન છે. તેમાં "કેવલી જ્ઞાન" શબ્દો શિલાલેખમાં (ઈ. સ. ૧૮૧–૨૦૧ લગભગનો) કોતરેલા છે. તેથી જૈન ધર્મની અસર શક રાજાઓ ઉપર હશે.

૩. શત્રુંજય માહાત્મ્ય (શ્રી ધનેશ્વરસૂરિ) રાસમાળાને આધારે. આ માહાત્મ્ય પ્રમાણે શ્રી ધનેશ્વરસૂરિએ શીલાદિત્યને જૈન ધર્મની દીક્ષા આપી આ તીર્થો પુનઃ પવિત્ર કરી સ્થાપ્યાં. વિક્રમ સં. ૪૭૭ (ઇ. સ. ૪૨૧)

એ રીતે જૈન ધર્મનું શાસન આ યુગમાં પ્રવર્તમાન હતું; પણ તીર્થો ઉજ્જડ હતાં. આ મંદિરોને રાજ્યસહાય ન મળતી પણ તેનું ખર્ચ લોકો કરતા તેવી પ્રતીતિ થાય છે. છતાં રાજાઓ તથા અન્ય ક્ષત્રિયો તીર્થસ્થાનોની યાત્રાએ જતા ત્યારે દાન કરતા, તેમજ ભૂમિદાન પણ આપતા. જે માણસો પોતાના ખર્ચે આવા કામ કરતાં તેમાં વર્તમાન રાજ્યકર્તાનું નામ લખવાનો રિવાજ હતો.

સમાજ : આર્યોના ચાર વર્ણો આ યુગમાં અનેક વર્ણોમાં વહેંચાઇ ગયા હતા. અને પ્રાંતિક કે ભાષાભેદના કારણે અથવા ધર્મોના પરિવર્તન સાથે ભારતનો પુરાતન આર્ય સમાજ છિન્નભિન્ન સ્થિતિમાં આવી પડયો હતો. પરદેશીઓની વારંવાર આવતી ચઢાઇઓથી તેઓનાં નીતિનાં તેમજ ધર્મનાં બંધનો શિથિલ થઈ ગયાં હતાં. ધાર્મિક અંધારામાં, પેટભરા ધર્મગુરુઓએ અનેક મતમતાંતરો ઊભા કરી સમાજને પતિત દશામાં લાવી મૂકેલો. પુરાણોએ[1] પોતાના મતને પુષ્ટિ આપવા વિચિત્ર વાતો જોડી કાઢી લોકોને અંધશ્રદ્ધામાં દોર્યા હતા. બૌદ્ધ મતના સાધુઓ, શાકતપંથીઓ અને કાપાલિકો પોતાના ધર્મનો પ્રચાર પોતાની રીતે કરી રહ્યા હતા. વિદ્યા માત્ર બ્રાહ્મણોમાં હતી. તે સિવાયના લોકો કઈ તરફ જવાથી મોક્ષ મળશે અને ઉદ્ધાર થશે તે ન સમજતાં આંધળાની જેમ અહીંથી ત્યાં દોડી રહ્યા હતા.

બ્રાહ્મણો : તેમ છતાં બ્રાહ્મણો વિદ્યાનો વારસો સાચવી રહ્યા હતા અને જૈન અને બૌદ્ધ ધર્મ સામે ટકી રહેવાનો મરણિયો પ્રયાસ કરતા હતા અને તેમની રહીસહી શક્તિથી શક અને ગુપ્ત રાજાઓ પાસેથી મોટાં મોટાં દાન તેમજ આશ્રય મેળવી શકયા હતા.

તેઓમાં આ દેશમાં શુકલ યજુર્વેદી વધારે હતા. સામવેદીનું પણ પ્રમાણ વિશેષ હતું. ઋગ્વેદી થોડા અને અથર્વવેદી તો નામના જ હતા. આ કાળમાં હજી ઔદિચ્ય, શ્રીમાળી વગેરે બ્રાહ્મણો આવ્યા ન હતા. નાગરો વિપ્રપુર, દ્વિજ મહાક્ષેત્ર, આનંદપુરમાં વસતા હતા; પણ તેઓ કયારે આવ્યા તે નિર્ણય થતો નથી. તેઓ અયાચક બ્રાહ્મણો હતા; ક્ષત્રિય અને બ્રાહ્મણના ધર્મો પાળતા; વિદ્યા, કલા, જ્ઞાન, વિજ્ઞાન, યુદ્ધકૌશલ્ય અને અન્ય વહીવટમાં કુશળ હતા. બ્રાહ્મણોમાં એક મહાન શક્તિ હતી અને તે જે જે જાતિઓ આર્યાવર્તમાં આવી તેમને પોતાના ધર્મમાં

---

૧. યુગપુરાણ, ભવિષ્યપુરાણ તેના દાખલા છે. યુગપુરાણ ગાર્ગીસંહિતા છે. તેમાં શક લોકો આ દેશને ઉજ્જડ કરશે અને આર્યાવર્ત નિર્જન થઇ જશે એવી ભવિષ્યવાણી છે, તે માત્ર રાજનૈતિક ઉદ્દેશથી લખાઇ હશે.

"હસ્તિના તાડયમાનોઽપિ ન ગચ્છેત્ જૈનમંદિરમ્" એમ બ્રાહ્મણો કહેતા. જૈનો એમ ઘોષણા કરતા કે "પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્" અને બૌદ્ધો તો રપષ્ટ કહેતા કે "બુદ્ધં શરણું ગચ્છામિ" "ધમ્મં શરણું ગચ્છામિ" બોલો.

મેળવી લેવાની. તેઓ માત્ર પારસી, મુસ્લિમ અને ક્રિશ્ચયનોને હિંદુ બનાવી શકયા નહિ. પણ શક, હુણ, ગ્રીક, ગુર્જર, મૈત્રક, આભિર, જાટ વગેરે અનેક જાતિઓને તેમણે હિંદુ ધર્મમાં મેળવી દીધી.

**ક્ષત્રિયો** : પુરાણોમાં કહેલા ક્ષત્રિયો તો તે સમયે બહુ ઓછા હતા, ક્ષત્રિયોની ૩૬ શાખાઓ હતી. તેમાંથી ઘણી લુપ્ત થઇ ચૂકી હતી. અને હુણો અને શકો તેમાં મળી જતાં, એક નવી જ જાતિ જન્મ લઇ ચૂકી હતી જે આજ રાજપૂતના નામથી ઓળખાય છે.[૧]

**વૈશ્યો** : વૈશ્યો વેપારી હતા. જાવડ, ભાવડ, બુદ્ધિમિત્ર અને બુદ્ધરક્ષિત[૨] વૈશ્યો હતા. તે ઉપરાંત ગુર્જરો આવ્યા તેમાંથી ઘણા વૈશ્ય હતા અથવા થઇ ગયા. વર્તમાન સુતારો, વાળંદો, રબારીઓમાં ગુર્જર શાખા અદ્યાપિ વિદ્યમાન છે.

**શુદ્રો** : શુદ્રોની જાતિ તો હતી જ પણ તે અનાર્ય–દસ્યુઓમાંથી ઊતરી આવેલા અથવા ચાંડાલો. જે બ્રાહ્મણોને ચાંડાલ બનાવ્યા તે ઢેઢના ગુરુ બ્રાહ્મણો થયા જે હજી વિદ્યમાન છે.

**રાજ્યબંધારણ** : રાજ્યવ્યવસ્થા મૌર્ય સમયમાં ઘણી વિચારયુકત હતી. કૌટિલ્ય જેવા સમર્થ માણસે તે સ્થાપી હતી. તેણે પ્રદેશના નીચે પ્રમાણે વિભાગો પાડેલા :

૧. પ્રાન્ત : જનપદ–(ગુજરાત સૌરાષ્ટ્ર જનપદ હતાં).
૨. રાષ્ટ્ર : દેશ, તેના અધિકારીને રાષ્ટ્રપાલ–રાષ્ટ્રિકા કે રોથીકા કહેતા.
૩. વિસય : આજુબાજુનો પ્રદેશ (પંચકોસી).
૪. પ્રદેશ : તાલુકો.
૫. આહરા વા ગ્રામ : ગામડું, મોટા ગામને આહરા અને ગામડાને ગ્રામ પણ કહ્યું છે.
૬. નગર : શહેર.

---

૧. ચિતોડના પવિત્ર રાજવંશની ઉત્પત્તિ માટે વિદ્વાનોમાં ઘણો મતભેદ છે. ડો. ભાંડારકર માને છે કે ગીહલોતો મૂળ નાગર હતા અને પછી ક્ષત્રિય થયા. (**Journal Asiatic Society Bengal 1909**).

વર્તમાન પરમાર, ચૌહાણ, પઢિયાર, ચૌલુકયો વગેરે હુણમાંથી ક્ષત્રિયોમાં ભળ્યા તેમ પણ એક મંતવ્ય છે. (પ્રો. કેમીસેરીયેટ : હીસ્ટ્રી ઓફ ગુજરાત).

૨. જાવડ, ભાવડ શત્રુંજય માત્મ્યમાં છે તે બુદ્ધમિત્ર અને બુદ્ધરક્ષિત, અશ્વશર્મા અથવા આશામશાના પુત્રો હતા. તેઓ લંકાથી ધન લાવી જુનરમાં ગુફાઓ કોતરાવી શકયા હતા.

અમલદારો : રાજા નીચે રાજધાનીમાં (સાર્વભૌમ નરેન્દ્રપુર) નીચેના અધિકારી રહેતા : ૧ મંત્રી, ૨ અમાત્ય, ૩ સચિવ, ૪ ધર્મગુરુ. આ ચારે મંત્રી પરિષદના સભ્યો હતા. મંત્રી પરિષદ રાજાને સલાહ આપતી.

રાષ્ટ્રના વહીવટ માટે નીચે પ્રમાણે વ્યવસ્થા હતી:—

૧. મહામાત્ર : ગવર્નર.
૨. રાષ્ટ્રપાલ : ગવર્નર જનરલ (કૌટિલ્ય સૌરાષ્ટ્રસિંહનો ઉલ્લેખ કરે છે)
૩. સ્થાનિક : કલેકટર.
૪. ગોપ : તલાટી જેવો હોવાનું પણ મંતવ્ય છે.
૫. પ્રદેશિક વા પ્રદેષ્ટ્ર : (સૂબો—કમિશ્નર ?)
૬. ધર્મમહામાત્ર : ધર્મો સંબંધી ધ્યાન રાખનારો, જેમાં કદાચ ન્યાયનો સમાવેશ થતો હતો.
૭. રાજુક : (મામલતદાર જેવો અમલદાર ?)
૮. યુત (યુકત ?) : (તેનાથી નાનો અમલદાર ?)
૯. ઉપયુકત ? : (તેનાથી નાનો અમલદાર ?)
૧૦. નગરવ્યાવહારિક: શહેરનો ઉપરી.
૧૧. નાયક : પોલીસ ઉપરી.[૧]

ગ્રીક : ગ્રીક સમયમાં ગવર્નરને સ્ટ્રેટેગોઇ (Stratagoi) કહેતા;[૨] પણ બીજાં નામો તેઓએ તે જ રાખ્યાં હતાં તેમ માની શકાય છે.

ક્ષત્રપો : ક્ષત્રપોના રાજ્યવહીવટમાં પ્રદેશનાં નામ મૌર્યના સમયનાં હતાં તે જ હતાં. ગવર્નરને અમાત્ય કહેતા;[૩] અતિસચિવ અને કર્મસચિવ રાજાને સલાહ આપતા, તે ઉપરાંત અમાત્ય, રથીકા (રાષ્ટ્રપાલ) દેશાધિક, દંડનાયક, સેનાપતિ હત.. તેઓ મહેસૂલ, પોલીસ, ન્યાય અને સૈન્યના ઉપરીઓ હતા; સેનાપતિ કવિઓ પણ હતા. રાજાનો વિજય થાય તેની પ્રશસ્તિઓ અને ઇતિહાસ તેઓ લખતા.

---

૧. કૌટિલ્ય અર્થશાસ્ત્ર : Political History of Ancient India : Roy Chaudhary.

વર્તમાન સમયના અધિકારીઓના સમનામ માટે મતભેદ છે; પણ ગોપ તલાટી જેવો હતો. રાજુક મામલતદાર જેવો અને યુક્ત, ઉપયુક્ત મહેસૂલ ખાતાના અમલદાર હતા કે અન્ય ખાતાના તે સ્પષ્ટ થતું નથી.

૨. કેનેરી ગુફાઓ.

અમાત્ય સુવિશાખ પહ્લવ હતો.

**ગુપ્ત :** ગુપ્તો પોતાની રાજ્યવ્યવસ્થા પોતાની સાથે લાવ્યા; ગવર્નરને તેઓ "ગોપ્તા" કહેતા.[૧] તેઓના વહીવટની વ્યવસ્થા નીચે મુજબ હતી.

ગ્રામ–ગામ.
ભાગ–સ્થળી–તાલુકો.
પથક–પથ–વિભાગ.
મંડળ–જીલ્લો.
આહરા–મોટું ગામ કે શહેર.
ભૂક્તિ–વીસ્યા–ઈલાકો.

અમલદારોનાં નામો નીચે મુજબ હતાં :

કુમારામાત્ય–પ્રધાન (યુવરાજ)[૨]
ગોપ્તા–ગવર્નર.
સચિવ–સેક્રેટરી.
અમાત્ય–સલાહકાર.
દંડપાસાદ્ધિકર્ણિકઃ– શિક્ષા દેનારો.
મહાદંડનાયકઃ–પોલીસ ઉપરી.
રણભંડાર ગૃહાધિકારીઃ– યુદ્ધનો સ્ટોરનો ઓફીસર
મહાસંધિવિગ્રાહકઃ– યુદ્ધ શાંતિનો અધિકારી.
સેનાપતિ–સેનાપતિ (કવિ)
આયુક્તક, વિનિયુક્તક, પ્રયુક્તક } જે તે ખાતામાં હોય તેમના નામ આગળ આ શબ્દો મુકાતા,
ઉપરિકા–ઉપરી : ગવર્નર.
નગરશ્રેષ્ઠી–મેયર–નગરશેઠ.
સાથવાહ–વેપારી ( વણઝારો )
પ્રથમાકુલીક–હાઉસ હોલ્ડ[૩] કમ્પ્ટ્રોલર.

ક્ષત્રપોના રાજ્યવંશ ઉપર ઈરાનની અસર હતી. તેઓનો વારસો પિતા પછી પુત્રને નહિ પણ કુટુંબના વડા સભ્યને ઊતરતો હોવાનું જણાય છે. તેઓ અવિભક્ત કુટુંબમાં આર્યોના પ્રારંભનાં વર્ષોમાં જે નિયમ હતો તેને અનુસરતા હશે તેમ જણાય છે.

**લગ્ન :** મૌર્ય લોકો પરદેશમાંથી સ્ત્રીઓને લાવી લગ્ન કરતા. ચંદ્રગુપ્તની મા મુરા દાસી હતી અને તેની એક રાણી ગ્રીક હતી. શક લોકોએ આ દેશમાં આવી, આપણે જોયું તેમ સ્થાનિક પ્રજામાં પુત્રીઓ આપી હતી અને પોતે પણ લગ્ન કર્યાં હતાં. નાહપાનની રાણી હિંદી હતી. રુદ્રદામને તેની પુત્રી સાતવાહન વશિષ્ઠીપુત્રને પરણાવી હતી. વીર પુરુષ દત્ત નામના ઇક્ષ્વાકુ રાજાને ઉજ્જેનના ક્ષત્રપની પુત્રી રુદ્રધારા પરણી હતી. રુદ્રસેન પહેલાની બહેન પ્રભુદામા હિંદુ રાજાની રાણી હતી. એ રીતે આ સમયે આંતરપ્રાંતીય કે આંતરજાતીય લગ્નો થતાં તેમ ભારવિ પુરાણમાં ઉલ્લેખ છે.

---

૧. સરખાવો : મૌર્યનો 'ગોપ' વર્ણદત્ત 'ગોપ્તા' હતો.

૨. દરેક રાજકર્મચારીને કુમારનો ઇલ્કાબ આપવામાં આવતો : શ્રી બેનરજીના આધારે ડૉ. સાંકળિયા.

૩. આ શબ્દો ડૉ. સાંકળિયાના Archeology of Gujerat માંથી લીધા છે.

૪. Epigraphic India : Volume 20.

**આહાર** : આ સમયમાં સમગ્ર પ્રજા માંસાહારી હતી. માધ્વિકા નામની મદિરા પીવામાં આવતી.

**ભાષા અને લિપિ** : શકોની મૂળ ભાષા પ્રાકૃત સ્વરૂપ ધારણ કરેલી સંસ્કૃત હતી. તે ઋંદ્ર અવસ્થાની ભાષાને મળતી અથવા તે હોવા સંભવ છે. તેઓએ આ પ્રદેશમાં આવ્યા પછી ધર્મપરિવર્તન સાથે સંસ્કૃત ભાષા અપનાવી હતી.[૧] શક વિદ્વાનો સંસ્કૃતનો અભ્યાસ કરી સાહિત્યકારો અને કવિઓ થયા હતા.

પ્રશસ્તિઓ અને શિલાલેખોની ભાષા શકોના સમયથી સંસ્કૃત થઇ ગઈ; પણ તે પહેલાં બ્રાહ્મી લિપિમાં પ્રાકૃત લખાતી; પછી તે જ લિપિમાં સંસ્કૃત લખવામાં આવી અને છેવટે નાગરી લિપિમાં સંસ્કૃત થઈ ગઇ.

**સ્થાપત્ય-શિલ્પ** : આ સમયમાં કોઇ મહાન મંદિરો કે મકાનો બંધાયાં હોવાનું પ્રમાણ નથી.

પરંતુ સુદર્શનનું બાંધકામ મૌર્ય સમયની સ્થાપત્ય કળા માટે કંઇક કહી જાય છે. તેના સમારકામ માટે શકોએ વાપરેલાં બુદ્ધિ અને કૌશલ્ય માટે તેઓ આવા કામમાં કુશળ હતા તેમ જણાય છે. ગુપ્તો પણ તેવા સ્થાપત્યનાં કામો કરી શકતા તેમ જણાય છે. વળી ખડકના (પથ્થરો) ઉપર લેખો કોતરવાના તેમના પ્રયાસની નોંધ લેવી ઘટે છે.[૨]

આ સમયમાં બૌદ્ધ લોકોએ, ઢાંક, તળાજા, જૂનાગઢ અને શાણાની ગુફાઓ કોતરી કાઢી. જૈનોએ શત્રુંજય ઉપર મંદિરો બાંધવા પ્રયત્ન કર્યો તેમજ ગિરનાર ઉપર પણ તે જ પ્રમાણે મંદિરો સ્થાપ્યાં.

પરંતુ મંદિરોમાં જે ગુપ્ત વંશના કાળમાં બંધાયાં તેના પહેલાંનાં મંદિરો કે અવશેષો જોવામાં આવતાં નથી.[૩-૪]

---

૧. રુદ્રદામન પહેલો સંસ્કૃતનો વિદ્વાન હતો. (ગિરનારનો શિલાલેખ).

૨, પ્રાચી પાસેનું ભીમદેવળ ગુપ્ત સમય પહેલાંનું સૂર્યમંદિર છે.

૩. આ મંદિરો નીચે પ્રમાણે છે :

૧. ગોપઃ—જામનગર કાટકોલા રેલ્વે ઉપર ગોપ સ્ટેશન પાસે.

૨. વીસાવાડાઃ—પોરબંદર પાસે.

૩. ખીલ્લેશ્વરઃ—બરડો-પોરબંદર પાસે.

૪. સુત્રાપાડાઃ—પ્રભાસ પાટણ પાસે.

૫. કદવારઃ— પ્રભાસ પાટણ પાસે.

૬. દ્વારકા

૭. ધુમલી—શંકારપદ્ર—ચાલુક્ય અને પૂર્વ ચાલુક્ય સમયની વચ્ચેનું.

૪. પ્રશસ્તિઓ—શિલાલેખો—સિક્કાઓ આ ઉપરાંત ગણનાપાત્ર છે.

ચલણી નાણું : આદિકાળના ઇતિહાસના પૂર્વ કાળમાં ચલણી નાણા કરતાં વિનિમયની પ્રથા અસ્તિત્વમાં હતી; પણ બહુ જૂના સમયનાં ત્રિશૂળ, સ્વસ્તિક અને ચક્રોનાં ચિહ્નોવાળા ચાંદીના નાના સિક્કાઓ મળ્યા છે. તેનું ચલણ ઇ. સ. પૂર્વે ૪૦૦–૫૦૦ લગભગ હશે.

ગ્રીક ઇંડોપાર્થિયા : તે પછી ગ્રીકોના ચોરસ અથવા ગોળ ચાંદી કે ત્રાંબાના સિક્કાઓ પ્રાપ્ત થાય છે. તેની એક તરફ શિરટોપવાળું અથવા ઉઘાડું રાજાનું શિર તથા બીજી તરફ દેવદેવીની આકૃતિ છે. તેમાં કયાંય તારીખ કે વર્ષ નથી. કોઇ સ્થળે રાજાનું નામ તેના બિરુદ સાથે છે. ભાષા ખરોષ્ઠિ છે.

શક : શકોના સિક્કાઓ આગળ જે તે સ્થળે ચર્ચાયા છે. શકોએ તેના ઉપર તીરકામઠું અને યોદ્ધો આલેખ્યાં હતાં. કોઇ સ્થળે ધર્મચક્ર પણ જોવામાં આવે છે. ભાષા ખરોષ્ઠિ, બ્રાહ્મી અથવા બન્ને છે.

ક્ષત્રપોએ તેમના રાજ્યકાળમાં વારંવાર તેમના લેખમાં, આકૃતિમાં કે ભાષામાં ફેરફાર કર્યો છે.[૧]

રોમન સિક્કા : આ સમયમાં રોમન નાણું પણ ચલણમાં હતું તેમ જણાય છે. તેના કારણમાં રોમનો સાથે વેપાર વધારે હતો એટલે તેનું ચલણ થયું તેમ કહેવામાં આવે છે. પણ ક્ષત્રપોએ આવા ઘણા સિક્કા ઓગાળી નાખ્યા.[૨]

ઇરાની સિક્કા : ઇરાનના સિક્કા પણ અત્રે ચલણમાં હતા. તેને "ગધૈયા" કહેતા અને તે ઇ. સ.ની ૧૧મી સદી સુધી ચાલુ હતા.[૩]

ગુપ્ત સિક્કા : ગુપ્ત સિક્કાઓ આકારમાં ગોળ અને ચાંદી કે ત્રાંબાના હતા. તેની એક તરફ રાજાનું અર્ધશરીર તથા વર્ષ ગુપ્ત સંવત્સરમાં હતું. બીજી તરફ નંદી અને અગ્નિકુંડ હતા. તેમાં "પરમ ભાગવત મહારાજા શ્રીકુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય" એ પ્રમાણે લખાણ હતું.

આ સિક્કાઓનાં નામ અથવા કિંમત જાણવા મળતાં નથી.

---

૧. ભૂમક અને નાહપાન, રુદ્રસિંહ અને રુદ્રસેનના સિક્કાઓ ઉત્તરોત્તર વજનમાં, કદમાં અને દેખાવમાં ઊતરતા જાય છે. તેના સમયમાં મહાક્ષત્રપ નહિ પણ ક્ષત્રપો પણ સિક્કા પાડતા તેમ જણાય છે.

૨. "Commerce between the Roman Empire & India" Warmington.

૩. હુણ લોકોએ ઇરાનનો ખજાનો લૂંટયો હતો અને ત્યાંથી અગ્નિકુંડની આકૃતિવાળા સિક્કાઓ ભારતમાં લાવ્યા હતા. તેની એક તરફ રાજાનું શિર હતું તેથી લોકો તેને ગંધર્વ માની "ગંધર્વિયા" અથવા "ગધૈયા" કહેતા. (ગૌ. હી. ઓઝા.)

સંવત્સર : મૌર્ય : આ સમયમાં જુદા જુદા સંવત્સરો ચાલતા. મૌર્ય પહેલાં યુધિષ્ઠિર સંવત્ તથા કલિયુગનાં વર્ષો ગણાતાં. મૌર્ય લોકોએ પોતાના રાજ્યનાં જ વર્ષ લખ્યાં. અશોક પણ લખે છે કે તેના રાજ્યના અમુક વર્ષમાં આ શિલાલેખો કોતરાવ્યા છે.

તે પછી ક્ષત્રપોએ પોતાનો સંવત્સર ચલાવ્યો. તેને માટે ઘણા વિદ્વાનોએ સંશોધન કર્યું છે, જેનું વર્ણન વિસ્તારભયથી છોડી દેવામાં આવે છે. પણ અત્રે એ નિર્ણય થયો છે કે શક સંવત્સર ઈ. સ. ૭૮માં શરૂ થયો. વિક્રમાદિત્ય નામના રાજાએ શક રાજાને કાર્દ્દર નામના સ્થાને (મુલ્તાન પાસે) માર્યો. તેથી વિજયોત્સવમાં આ સંવત્સર શરૂ થયો.[1]

---

૧. પણ તે વિક્રમ સંવત્ ઇ. સ. પૂર્વે ૫૬ થી શરૂ થયો. ૧૩૪ વર્ષ પછી શકોએ પોતાનો શક સંવત્સર શરૂ કર્યો. તેને વરાહમિહિરે લોકપ્રિય બનાવ્યો.

## પ્રકરણ ૪ થું

# વલ્લભી સામ્રાજ્ય : ઈ. સ. ૪૮૦ થી ઈ. સ. ૭૭૦

**મૈત્રકો :** ઈ. સ. ૪૮૦ લગભગ સ્કંદગુપ્તનું મૃત્યુ થતાં તેનું રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું અને સૌરાષ્ટ્ર–ગુજરાન–સિંધ વગેરે પ્રદેશો ઉપરથી ગુપ્તોનું આધિપત્ય ઊઠી ગયું. એ સમયે ગુપ્ત રાજ્યના સૂબાઓએ જ્યાં બની શકયું ત્યાં સ્વતંત્રતા પ્રાપ્ત કરી. તે પૈકી સૌરાષ્ટ્રના સેનાપતિ ભટ્ટાર્ક નામના મૈત્રકે વલ્લભી-પુરનું રાજ્ય સ્થાપ્યું.

આ વિષયમાં એક શંકા કરવામાં આવે છે કે મૈત્રકો હુણો સાથે આવ્યા અને ગુપ્ત સામ્રાજ્યના પતન પછી અંધાધૂંધીનો લાભ લઇ તેમણે રાજ્ય સ્થાપ્યું.[૧] તેમાં એવી પણ શંકા ઉપસ્થિત કરવામાં આવે છે કે ભટ્ટાર્ક ગુર્જર હતો અને તેના સમકાલીન લાટના ગુર્જરો તેના પિતરાઇઓ હશે, અને ગુર્જરોએ આ પ્રદેશ ઉપર અધિકાર મેળવી પોતાનાં રાજ્યો સ્થાપ્યાં. પણ તે બધી શંકાઓ નિર્મૂળ છે. ભટ્ટાર્ક એ સાહિત્યની ભાષામાં જોઇએ તો સૂર્યનું નામ છે અને વહીવટી ભાષામાં જોઇએ તો સેનાપતિનું બીજું નામ છે. ભટ, સુભટ, ભટ્ટાર્ક એ લશ્કરી અમલદારોનાં પદ હતાં અને સેનાપતિ ભટ્ટાર્ક ગુપ્ત રાજ્યનો એક અમલદાર હશે તે વધુ સંભવિત છે.[૨] વળી લાટનું રાજ્ય તો ગુર્જરોના હાથમાં ઈ. સ. ૬૩૦ લગભગ પડયું. એટલે ગુપ્ત રાજ્યના પતન પછી સૌરાષ્ટ્રનું સ્વામિત્વ તેના સેનાપતિએ પ્રાપ્ત કર્યું હોય તે વિશેષ સંભવિત છે.

**ગુપ્ત આધિપત્ય :** બીજું પ્રમાણ એ છે કે ભટ્ટાર્કે પોતાના રાજ્યમાં ગુપ્ત સંવત્સર તથા ગુપ્ત ચલણ ચાલુ રાખ્યાં હતાં, તે કાંતો તેના મૂળ સ્વામી પ્રતિની વફાદારીને કારણે અને કાંતો તેના પુનરાગમનના ભયે રાખેલાં તેમ સહેજે માની શકાય છે.

**વલ્લભીપુર :** વલ્લભીપુરનું નામ શા ઉપરથી પડયું તે પણ એક પ્રશ્ન છે. ગુપ્ત અથવા ક્ષત્રપ રાજાઓના સમયમાં આ શહેરનું અવશ્ય તેઓના રાજ્યમાં એક અગત્યનું સ્થાન હશે: કારણ કે ઈ. સ. ૧૪૦ લગભગ ચાઇનીઝ મુસાફર હ્યુ–એન–શાંગ આવ્યો ત્યારે આ શહેર એક ભવ્ય નગર હતું. તેનો વિકાસ વલ્લભીના રાજાએ કર્યો હશે, પણ તેનાં મૂળ તો પ્રથમથી જ પડયાં હશે.

---

૧. પ્રો. કોમીસેરીયેટ : હીસ્ટ્રી ઓફ ગુજરાત.

૨. ક્ષત્રપ કાળમાં સેનાપતિ બાપકના પુત્ર સેનાપતિ રુદ્રભૂતિનો ઉલ્લેખ ગુંદાના શિલાલેખમાં છે.

આ મહારાજ્યનો સ્થાપક ભટ્ટાર્ક હતો; પણ તેનું મૂળ નામ વલ્લભ હશે અથવા કોઇ અન્ય વલ્લભે આ નગર તેના નામ ઉપર વસાવ્યું હશે. મારા મત પ્રમાણે મૈત્રક ભટ્ટાર્કનું નામ વલ્લભસેન ભટ્ટાર્ક હોવું જોઇએ અને તેણે આ સ્થાનને વલ્લભપુર એવું નામ આપ્યું હશે. કર્નલ ટોડ બાલા–બલ્લક–વાળા[૧] વગેરે શબ્દો ઉપરથી આ નામ પડયું તેમ જણાવી તેનું નામ બલ્લકરામ હતું તેમ જણાવે છે; પણ શ્રી ગૌરીશંકર હીરાનંદ ઓઝાના મત પ્રમાણે આ વસ્તુ માત્ર કર્નલ ટોડનું કલ્પનાયુકત અનુમાન છે. કર્નલ ટોડ એમ પણ કહે છે કે ગઝની એ વલ્લભીપુર રાજ્યની બીજી રાજધાની હતી. ગઝની ખંભાતનું નામ હતું અને તેનો તેના રાજ્યમાં સમાવેશ થતો હશે. વલ્લભીનાં દાનપત્રોમાં વલ્લભીપુરના પ્રદેશને વલ્લાક્ષેત્ર કહ્યું છે, જે હાલ વાળાંક કહેવાય છે; પણ તેને વલ્લભીપુર સાથે સંબંધ નથી.

એટલે ગુપ્ત સૈન્યના સેનાપતિ ભટ્ટાર્ક વલ્લભસેન અથવા વલ્લભસિંહે ગુપ્ત વંશના રાજા સ્કંદગુપ્તના મૃત્યુ પછી હુણોના હુમલાઓ વખતે આ સ્થાનમાં રહી સૌરાષ્ટ્ર ગુજરાતનું મહારાજ્ય સ્થાપ્યું અને તેના પાટનગરને વલ્લભીપુર અથવા વલ્લભી નામ આપ્યું તેમ પ્રતીત થાય છે.[૨]

વલ્લભી રાજ્યના સ્થાપક ભટ્ટાર્કને એક મત પ્રમાણે કનકસેન પરમાર કે જે ઇ. સ. ૧૪૪માં આયોધ્યામાં રાજ્ય કરતો તેણે પોતાનું રાજ્ય તજી ધોળકા અથવા વિરાટપુરીમાં પોતાની રાજધાની કરી; અને પછી વડનગરમાં રાજધાની કરી. તેનો પુત્ર મહામદ તેનો સુદેત અને તેનો વિજયસેન થયો. તેનું અન્ય નામ પણ હતું. તેણે વિજયપુર, વિદર્ભ અને વલ્લભપુર વસાવ્યાં અને તે વિજયસેન તે જ ભટ્ટાર્ક. ઇતિહાસના પરમ વિદ્વાન શ્રી. ગૌ. હી. ઓઝા આ કથનને કર્નલ ટોડની કલ્પના કહે છે.[૩] કારણ ઇ. સ. ૧૪૪માં સૌરાષ્ટ્ર ગુજરાતમાં મહા બળવાન ક્ષત્રપવંશ હતો; પણ તેનો અર્થ એ ન થાય કે કનકસેન અહીં આવેલો નહિ; તેના આધિપત્યને તેણે પણ સ્વીકાર્યું હોય અથવા તેના દાસત્વમાં રહ્યો હોય. કનકસેન સૂર્યવંશી હતો અને તેના વંશજ વિજયસેન યા વલ્લભસેને ભટ્ટાર્ક પદવી ધારણ કરી ગુપ્તોની સેવા સ્વીકારી હોય તો માનવા જેવું છે.[૪]

---

૧. આ માટે આ પછીના પ્રકરણમાં ચર્ચા કરી છે.

૨. ભટ્ટાર્કને મિત્ર કહેતા કોઇ લેખક "મિહિર" (તેનો અર્થ પણ સૂર્ય થાય છે) બનાવી દઇ હુણોના સેનાપતિ મિહિરગુલ સાથે મેળવી દે છે. પણ આ મિહિરને માળવાના યશોધર્મ તથા મગધના રાજા બાલાદિત્યે (નરસિંહ ગુપ્ત) ઇ. સ. ૫૩૨માં હરાવી મારી નાખેલો.

૩. શ્રી ગૌ. હી. ઓઝા. કર્નલ ટોડના આ કથનને પણ કલ્પનામુકત માને છે.
(ટોડ : રાજસ્થાન).

૪. વિજયસેને આ શહેર તેની રાણી અથવા પુત્રી વલ્લભીને નામે પણ વસાવ્યું હોય, તેવું પણ એક અનુમાન છે.

**વલ્લભી રાજાઓ** : ભટ્ટાર્ક વિજયસેન તથા ધરસેન પહેલો, દ્રોણસિંહ તથા ધ્રુવસિંહ (ઈ. સ. ૫૦૯થી ૫૩૬).

ભટ્ટાર્ક વિજયસેન ગુપ્ત રાજ્યના અંતિમ ભાગમાં વલ્લભીના સેનાપતિ હતા, તેણે ગુપ્ત રાજાઓનો અમલ ઊઠી જતાં રાજસત્તા હસ્તગત કરી; પણ પોતે મહારાજા કે રાજાનું બિરુદ ધારણ કર્યું નહીં. તે પોતાના પૂર્વસ્વામીને વફાદાર રહ્યા હોવાનું જણાય છે. તેણે ગુપ્ત રાજાઓના કાયદા-ચલણ અને સંવત્સર ચાલુ રાખ્યાં હતાં. ઈ. સ. ૪૮૦માં સ્કંદગુપ્તનું રાજ્ય છિન્નભિન્ન થયું પણ તેના વારસો ભાનુદત્ત અને તે પછી નરસિંહગુપ્ત વિદ્યમાન હતા; એટલે લગભગ ૨૯ વર્ષ તો વિજયસેને તેના નામે રાજ્ય કર્યું હોવાનું જણાય છે.

સેનાપતિ ભટ્ટાર્કનું મૃત્યુ ઈ. સ. ૫૦૯ આસપાસ થયું.

ભટ્ટાર્ક ગુપ્તોનો વંશપરંપરાથી પદવી ભોગવતો સામંત હતો. તેણે તેના મિત્રોના સૈન્યની સહાયથી શત્રુઓને વશ કર્યા હતા. તેણે સ્વપરાક્રમે અને ભાગ્યબળ વડે રાજ્ય પ્રાપ્ત કર્યું હતું.[1] પરંતુ તેણે મહારાજાપદ ધારણ કર્યું ન હતું અને સેનાપતિ તરીકે ગુપ્ત સૈન્યની સહાયથી રાજ્ય જાળવી રાખ્યું અથવા વિસ્તાર વધાર્યો હશે.

**ધરસેન ૧ લો.** ઈ. સ. ૪૯૫ થી ૪૯૯ (?)

ભટ્ટાર્કના મૃત્યુ પછી તેના વારસ તરીકે તેનો જ્યેષ્ઠ પુત્ર ધરસેન પહેલો ગાદીએ આવ્યો. સેનાપતિની જગ્યા વંશપરંપરાની હતી એમ આ ઉપરથી ફલિત થાય છે. ધરસેનને પણ સેનાપતિ કહ્યો છે. તેણે પણ મહારાજાનું બિરુદ ધારણ કર્યું નથી, પણ વિજયો પ્રાપ્ત કર્યા હશે તેમ જણાય છે.

તે પણ તેના પિતાની જેમ શૈવ સંપ્રદાયનો હતો. તેનો રાજ્યઅમલ કેટલાં વર્ષ ચાલ્યો તે જણાતું નથી. પરંતુ આ અમલમાં ગુપ્તોના રાજ્ય ઉપર પ્રહારો પડતા જતા હતા અને મગધનું મહારાજ્ય છેલ્લા શ્વાસ ભરી રહ્યું હતું. ઈ. સ. ૫૦૩ માં તેનો સંપૂર્ણ પરાભવ થયો અને સૌરાષ્ટ્ર ઉપર ગુપ્ત સમ્રાટોનો અધિકાર પુનઃ સ્થાપિત થવાનો ભય પણ સદાને માટે નષ્ટ થયો.

**દ્રોણસિંહ** : ઈ. સ. ૪૯૯ થી ઈ. સ. ૫૧૯ (?)

ધરસેન પહેલાના મૃત્યુ પછી દ્રોણસિંહ ગાદીપતિ થયો અને તેણે ગુપ્ત

---

૧. વલ્લભી સંવત્ ૨૫૨નાં તામપત્રો-ધ્રુવસેન બીજાના સમયનાં (ભાવનગર ઈન્સ્ક્રીપશન્સ) વલ્લભી સંવત્ ૩૫૨નાં તામપત્રો-શીલાદિત્ય ૨ જાના સમયનાં સદર.

સામ્રાજ્યનો અંત[૧] આવી ગયો હોવાથી મહારાજાનું બિરુદ ધારણ કર્યું. આ સમયે હુણો હજુ સૌરાષ્ટ્ર સુધી પહોંચી શકે તેટલો સમય મેળવી શકે તેમ ન હતા. માળવાનું રાજ્ય પણ શક્તિમાન હતું નહિ, તેમ ગુજરાતમાં તેવાં કોઇ બળવાન રાજ્ય હતાં નહિ. તેથી દ્રોણસિંહે સ્વતંત્ર મહારાજા તરીકેનું પદ મેળવ્યું અને બીજા ભટ્ટો તથા ભટ્ટાર્કોને પોતાની આણ કબૂલ કરાવી તેણે "સ્વભુજબલપરાક્રમ"થી સામ્રાજ્યનો વિસ્તાર વધાર્યો. સંવત્ ૨૫૨ના તામ્રપત્રમાં ધરપતને પુત્ર હતો તેવો ઉલ્લેખ છે. છતાં દ્રોણસિંહ પછી તેનો ભાઈ ગાદીએ આવ્યો જે ઉપરથી પ્રતીત થાય છે કે મૈત્રકોમાં પણ પિતા પછી પુત્ર નહિ પણ કુટુંબનો જ્યેષ્ઠ સભ્ય ગાદીએ આવતો અને તે ક્રમ આ પછી મૈત્રક રાજાઓ થયા તેમાં આપણે જોઇ શકીએ છીએ. દ્રોણસિંહ પણ પરમ માહેશ્વર હતો અને શૈવ હતો. આ મહારાજાએ મનુસ્મૃતિ પ્રમાણે અમલ કરવા ન્યાયાલયો સ્થાપ્યાં અને સ્મૃતિના નિયમો પ્રમાણે ન્યાય કરવા આજ્ઞા આપી. તેને "ન્યાયાવતાર ધર્મ" કહ્યો છે અને જેમ સમરાંગણમાં તે કાળ સ્વરૂપે વિકરાળ હતો તેમ તેના અંગત જીવનમાં નમ્ર, માયાળુ અને વિવેકી હતો.

દ્રોણસિંહના રાજ્યઅમલની બીજી કાંઇ હકીકત ઉપલબ્ધ નથી; પણ ભટ્ટાર્કોનું આધિપત્ય જેટલા પ્રદેશમાં હતું તેટલામાં તેનો રાજ્યવિસ્તાર હતો અને તેના સામંતો પાસે પોતાની આણ કબૂલ કરાવ્યા સિવાય તેણે બીજાં યુદ્ધો ખેલ્યાં હોય તેમ જણાતું નથી.[૨]

ધ્રુવસેન ૧લો : ઇ. સ. ૫૧૯ થી ૫૪૯ (?)

દ્રોણસિંહના મૃત્યુ પછી તેનાથી નાનો ભાઈ ધ્રુવસેન વલ્લભીપુરનો મહારાજા થયો તેણે પણ મહારાજાપદ ધારણ કરેલું. કમનસીબે તેના સંબંધમાં પણ તેણે શું પરાક્રમો કર્યાં તેની વિગતો મળતી નથી. માત્ર તેના અનુગામીઓનાં તામ્રપત્રોમાંથી તેની પ્રસંશાનાં વાક્યો જ મળે છે.[૩] આ રાજા તેના ભાઇઓ તથા પિતાથી ધાર્મિક બાબતમાં જુદો પડયો. જ્યારે તેઓ પરમ માહેશ્વર "શિવભક્ત" હતા, ત્યારે ધ્રુવસેન પહેલો "પરમ ભાગવત" હતો. તેણે વિષ્ણુપૂજામાં પ્રેમ રાખ્યો હતો. પરંતુ તેના રાજ્યમાં જૈનો તેમજ બૌદ્ધોને પોતપોતાના ધર્મો પાળવામાં અંતરાય હતો નહિ, બલકે ઉત્તેજન મળતું.

---

૧. છેલ્લો સમ્રાટ ઇ. સ. ૫૩૦માં સર્વથા અશક્ત બની ગયો હતો અને તેનું સામ્રાજ્ય ખોઇ બેઠો હતો; પણ તેના પતનનો પ્રારંભ તો વહેલો થઇ ચૂકયો હતો.

૨. સ્મીથ–અર્લીહીસ્ટ્રી ઓફ ઇન્ડીયા.

૩. ઉપર કથિત તામ્રપત્રોમાં તેને મહાન, પરાક્રમી, સદ્‌ગુણી, તરીકે આલંકારિક ભાષામાં વર્ણવ્યો છે.

વિજયસેન ભટ્ટાર્કની બહેનની પુત્રી દુદ્દા[૧] ઉર્ફે લુકા હતી. તેણે બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી હતી અને ધ્રુવસેનની સહાયથી વલ્લભીપુરમાં બૌદ્ધ મઠ બંધાવ્યો હોવાનો એક લેખમાં ઉલ્લેખ છે.[૧] તેણે તેનાં સગાસ્નેહીઓને ખૂબ દાન આપ્યું અને દરેકની ઇચ્છા પૂરી કરી તેથી તેને "કલ્પતરુ" કહેવામાં આવ્યો છે.[૨]

ધરપત : (ઈ. સ. ૫૩૫ થી ઈ. ૫૩૯.)

ધરપત રાજ્યપતિ થયો ત્યારે વૃદ્ધાવસ્થાને આરે પહોંચ્યો હતો. પોતાના ભાઇઓ રાજા હતા ત્યારે તેને રાજ્યપતિ થવાની આશા પણ નહિ હોય. એટલે તેણે ભક્તિમાં પોતાનું જીવન વ્યતીત કરેલું. મૈત્રકોના કુલદેવ "મિત્ર" વા સૂર્યની તેણે ભક્તિ કરેલી. તે સૂર્યપૂજક હતો, તેમ છતાં તેણે પણ વિજયો પ્રાપ્ત કર્યા હતા અને શત્રુઓને પરાજિત કરેલા તેમ તેના અનુગામી તેની પ્રશંસા કરતાં લખે છે.

ગુહસેન પહેલો : (ઈ. સ. ૫૫૪ થી ૫૬૯)

ધરપતના મરણ પછી તેનો પુત્ર ગુહસેન ગાદી ઉપર આવ્યો. ગુહસેન યુવાન હતો, શક્તિશાળી હતો અને કુમારપદે હતો ત્યારથી તેણે યુદ્ધોમાં પરાક્રમ બતાવ્યાં. શત્રુઓનાં દળોને તેણે ભેદીને વિજયો પ્રાપ્ત કરેલા. તેણે અનેકને શરણ આપેલું અને પ્રજાને ખુશ કરેલી. રૂપમાં તે કામદેવ જેવો, કાન્તિમાં ચંદ્ર જેવો સ્થિરતામાં હિમાલય જેવો, ગંભીરતામાં સમુદ્ર જેવો, જ્ઞાનમાં બૃહસ્પતિ જેવો અને ધનમાં કુબેર જેવો મહાન હતો. વિદ્વાનોને તે આશ્રય આપતો.

ગુહસેને લગભગ ૧૫ વર્ષ રાજ્ય કર્યું, અને તે સમયમાં તેણે કંઇક શત્રુઓને પરાજિત કર્યા અને પોતે પણ પરાજય પામ્યો.[૩] પરંતુ વલ્લભીપુર રાજ્યનો વિસ્તાર ગુજરાતના સીમાડા બહાર તેણે વધાર્યો. માળવા, દક્ષિણ અને છેક કર્ણાટક સુધીના રાજાઓને ગુહસેનનાં સૈન્યોની ધાક લાગતી, અને આ દેશો પર તેણે આધિપત્ય મેળવ્યું.

---

૧. ગુપ્ત સંવત્ ૨૦૭ નું તામ્રપત્ર (રાસમાળા) તેમાં ફોઇની દીકરી કહી છે; પણ સં. ૨૧૬ ના માઘ વદી ૩ના તામ્રપત્રમાં "સ્વભાગિનેયી પરમોપાસિકા દુદ્દા" લખ્યું છે. એટલે ભાણેજ થઇ. (શ્રી આચાર્ય હી. ઇ. ગુ. ભા. ૧.)

૨. સં. ૨૫૨ નું તામ્રપત્ર.

૩. વલ્લભીપુરના રાજ્ય ઉપર આ કાળમાં કોઇ બળવાન શત્રુ ચઢી આવેલો અને વલ્લભી રાજાને પરાજય આપેલો તે વાતને ઉપરોક્ત વાતથી પુષ્ટિ મળે છે. મારા અભિપ્રાય પ્રમાણે આ પરાજય ગુહસેનના રાજ્યના અંતિમ વર્ષમાં થયો હોવો જોઇએ.

મહારાજા ગુહસેનના રાજ્યમાં એક આપત્તિ આવી. વલ્લભીપુર ઉપર એક વિદેશી સૈન્ય ચડી આવ્યું. તે માટે વિદ્વાનોમાં મતભેદ છે. પણ એમ તો સ્પષ્ટ જણાય છે કે એક ચડાઇ આવેલી.

પરદેશી ચડાઇ : હવે એ વિષયમાં વિચાર કરતાં એટલું નિર્વિવાદ જણાય છે કે વલ્લભીપુરનો અંતિમ નાશ આરબોએ કર્યો. તે પહેલાં તેના ઉપર પરદેશીઓની એક બીજી ચડાઇ થઈ હતી. અને તે ચડાઇ કયારે આવી, કોની આવી તથા શા માટે આવી તે પ્રશ્નની ચર્ચા કરવાની રહે છે.

નૌશીરવાન : ઇરાનના પ્રસિદ્ધ મહારાજા નૌશીરવાન આદીલનો રાજ્યવિસ્તાર ભારતના સીમાડા સુધી હતો, અને સાસાનીયનોએ પોતાના પુરોગામી પાર્થીઅનોના મહારાજ્યને પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેલા. સાસાનીયન વંશના સ્થાપક અરદેશરે ઇ. સ. ૨૨૬માં ઇરાનની રાજ્યસત્તા હસ્તગત કરી અને લગભગ એ જ અરસામાં કુશાન અને સાતવાહન સામ્રાજ્યોનો ભારતમાં અંત આવ્યો. પણ આ બે વસ્તુઓને કાંઇ સંબંધ નથી.[૧] ઇરાનની રાજ્યસત્તા હાથ કરે અને તરત જ ભારત ઉપર ચડાઇ કરી આવાં બે બળવાન રાજ્યોનો નાશ કરે તે સંભવતું નથી. પરંતુ ઇ. સ. ૨૯૩–૨૯૬નો એક શિલાલેખ ઇરાનમાં પૈકુલી (ખુર્દીસ્તાન પ્રાન્ત) માંથી મળી આવેલો છે. તેમાં ઇરાનના સામ્રાજ્યના ભાગોમાં ભારતના ઘણા વિસ્તારનો ઉલ્લેખ છે. પ્રો. હરઝફેલ્ડ માને છે કે આ મહાસામ્રાજ્યનો ઇ. સ. ૨૯૬ લગભગ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત ઉપર અધિકાર હતો.[૨] મકરાણ અને સિંધના રાજા વાસુદેવને બહેરામે જીત્યો હતો, અને તેની કન્યા સાથે લગ્ન કર્યાં હતાં. બહેરામ ઇ. સ. ૪૨૦–૪૩૮ વચમાં થયો એટલે તે કાળે પણ ઇરાનીઓની દૃષ્ટિ આ દેશ તરફ હતી. મુલ્તાન તો તેઓના અધિકારમાં ઇ. સ. ની છઠ્ઠી સદી પછી પણ હતું તેમ જણાય છે.[૩]

આ વંશમાં નૌશીરવાન આદીલ ઇ. સ. ૫૩૧ લગભગ થયો. તેના પુત્ર નોશેઝાદે તેના વિરુદ્ધ ઇ. સ. ૫૫૧માં[૪] બંડ કર્યું અને પિતાપુત્ર વચ્ચે પક્ષો બંધાયા.

---

૧ વીન્સેન્ટ સ્મીથ : અર્લી હીસ્ટ્રી ઓફ ઇન્ડીયા.

૨. પ્રો. હરઝફેલ્ડને આધારે પ્રો. કોમીએરીયેટ હીસ્ટ્રી ઓફ ગુજરાત.

૩. ઇરાની સિક્કાઓ મુલ્તાનમાં છપાતા, ત્યાં સૂર્યમંદિર હતું, જેને ઇરાની લોકો માનતા. આ સિક્કાઓ ભારતમાં ચાલતા, પણ તે હુણ લોકો ઇરાનનો ખજાનો લૂંટી અહીં લઇ આવ્યા હતા ( ગૌ. હી. ઓઝા )

૪. 'ઓક્સ્ફર્ડ ગેઝેટીયર' આ વર્ષ ૫૭૦ ઇ. સ.નું કહે છે. ઇરાનના ઇતિહાસનું સંશોધન કરતાં તે વર્ષ ૫૫૧ ઇ. સ.નું જણાય છે. શ્રી. ગૌ. હી. ઓઝા ૫૫૧ ઈ. સ. માન્ય રાખે છે.

નૌશીરવાનનાં લશ્કરો નૌશેઝાદની પાછળ પડયાં. તેથી તે ખુર્જીસ્તાનના બેલાપાટમમાં ગયો અને ત્યાં રહ્યો.[૧]

આ બેલાપટ્ટમ કે બેલાપાટમ્બમાં તેને આશ્રય મળ્યો તે ગુર્જીસ્તાન કે ખુર્જીસ્તાનનું નહિ પણ વલ્લભીપુર હોવું જોઇએ. તેને "બેલાપટ્ટમ" પણ કહેવામાં આવ્યું છે.[૨] અને "બેલાપાટમ" પણ કહ્યું છે.

એટલે પોતાના પિતાથી રક્ષણ મેળવવા નૌશેઝાદ બેલાપટ્ટમ અર્થાત્ વલ્લભીપુરમાં આવ્યો અને નૌશીરવાન જેવા બળવાન સમ્રાટ વિરુદ્ધ વિદ્રોહ કરનારને મહાન વલ્લભી સિવાય કોણ આશ્રય આપી શકે ? વળી મહારાજા ગુહસેન શરણ શોધનારને કંઇ પણ પરવા કર્યા સિવાય આશ્રય આપતો.[૩] એટલે તેણે નૌશેઝાદને આશ્રય આપ્યો. અને તે સાહસ કર્યું. તે માટે તેના અનુગામીઓએ તેના આ વિશિષ્ટ સદ્‌ગુણનો તેમનાં તામ્રપત્રોમાં નિર્દેશ કર્યો.

નૌશીરવાનનાં સૈન્યો નૌશેઝાદ પાછળ જ હતાં. અને તેણે વલ્લભીપુરને લગભગ ઘેરો ઘાલ્યો. બળવાન સૈન્ય સામે વલ્લભી ટકયું નહિ અને મહારાજા ગુહસેને મરણિયો પ્રયાસ કર્યો. પણ ઈરાનનું સૈન્ય અતુલ હતું. ગુહસેનનો પરાજય થયો, અને તે સમરાંગણમાં સદ્ગતિને માટે પોઢી ગયો. નૌશેઝાદ કેદ પકડાયો, અને તેના પિતાએ તેને અંધ બનાવ્યો અથવા મારી નાખ્યો

આ સમયે ગુહસેનની રાણીઓ તેની સાથે સતી થઈ. પરંતુ પુષ્પાવતી રાણી કે જે ચંદ્રાવતીના પરમારની પુત્રી હતી તે સગર્ભા હોઇ તે સમયે પિયેરમાં હતી અને તેને આ સમાચાર મળતાં તે માર્ગમાં રહી ગઈ અને ત્યાં ગુહાને જન્મ આપ્યો, જે ગુહા પરિણામે ચિતોડ રાજ્યવંશનો સ્થાપક થયો.[૪]

---

૧. બોમ્બે ગેઝેટીયર તેને ગુર્જરતાનનું બેલાપટ્ટમ હોવાની શંકા કહે છે.

૨. વલ્લભીપુર જે પ્રદેશમાં હતું તેને વલ્લક્ષેત્ર કે વલ્લક્ષેત્ર કહેવામાં આવતો.

૩. સં. ૨૫૨ (ઇ. સ ૫૭૧)નું તામ્રપત્ર : સં. ૨૮૬-ઇ. ૬૦૫ શીલાદિત્યપ હોવાનું તથા તે પછીના અનેક તામ્રપત્રો ગુહસેનના આ ગુણનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. (તામ્રપત્રો માટે જુઓ શ્રી. આચાર્ય હી. ઇ. ઓફ ગુજરાત ભાગ ૧ લો.)

૪. ગુહસેનના રાજ્યઅમલ દરમ્યાન પરદેશીઓની ચડાઇ આવેલી અને વલ્લભીપુરનાં સૈન્યોનો પરાજય થયેલો તે પ્રશ્ન ઉપર વિદ્વાનોમાં મોટો મતભેદ છે, અને તે મેવાડવંશના સ્થાપક ગુહાની ઉત્પત્તિ આ કુળમાંથી થઇ કે કેમ તે પ્રશ્નમાંથી ઉપસ્થિત થયો છે.

કર્નલ ટોડ લખે છે કે ઇ. સ. ૫૨૪ (વિ. સ. ૫૮૦) લગભગ વલ્લભીનો વિનાશ થયો.[૧] અને ત્યાંની રાણી પુષ્પાવતી કે જે ચંદ્રાવતીના પરમાર રાજાની કુંવરી હતી તે અંબાજીની

---

૧. વલ્લભીનો વિનાશ ઇ. સ. ૫૨૪માં નહિ પણ તે પછી ૨૫૦ વર્ષ પછી થયો હતો. તેની આ પ્રકરણને અંતે ચર્ચા કરવામાં આવી છે.

માનતાના કારણે વંધ્યત્વ દોષમાંથી બચી હતી. તે પ્રસૂતિ માટે પિતાગૃહે રહી અંબા ભવાનીની પૂજા કરતી. પૂજા સમાપ્ત થતાં તે વલ્લભીપુર પાછી ફરતી હતી. ત્યાં માર્ગમાં વલ્લભીના પતનના તથા અન્ય રાણીઓએ રાજા સાથે સતી થઈ સહગમન કર્યાના સમાચાર સાંભળી સતી થવા તૈયાર થઇ. પણ બ્રાહ્મણોએ તેમ કરતાં તેને અટકાવી અને પુત્ર જન્મ થયા પછી એક બ્રાહ્મણ સ્ત્રીને પુત્ર સોંપી તે સતી થઇ ગઇ.[૧]

મેવાડમાં જનશ્રુતિ પ્રસિદ્ધ છે કે "સીસોદિયા પ્રારંભમાં ગહિલોત (ગુહિલોત) કહેવાતા; તેના પૂર્વજો સૂર્યની ઉપાસના કરતા. સૂર્યની આજ્ઞાથી તે વંશના એક રાજાએ અંબા ભવાનીની માનતા માની. માનતા ઉતારી પાછા વળતાં રાજાનો યુદ્ધમાં ઘાત થયો. તેથી રાણી સતી થવા તૈયાર થઇ. પણ બ્રાહ્મણોએ અટકાવતાં પુત્રજન્મ પછી તે પુત્રને કોટેશ્વરમાં, વિજયાદિત્ય નામનો બ્રાહ્મણ પુત્ર માટે આરાધના કરતો હતો તેને વસ્ત્રમાં લપેટીને આપ્યો. તે જોઇ બ્રાહ્મણે પૂછ્યું કે 'હું બ્રાહ્મણ ક્ષત્રિય પુત્રને લઇને શું કરું?' રાણીએ સતી થતાં વચન આપ્યું કે 'દશ પેઢી સુધી તે બ્રાહ્મણકર્મ કરશે.' તેના વંશજો દશ પેઢી સુધી બ્રાહ્મણ રહ્યા. તેઓ નાગર (નાગદા) કહેવાયા. વિજયાદિત્યનો સૂર્યવંશી પુત્ર ગુહિલોત, સોમદત્ત કહેવાયો વગેરે.[૨]

આ ગુહા વા ગુહિલોત વા ગુહિલ દક્ષિણના રાજાનો પુત્ર હતો કે વલ્લભીના રાજાનો પુત્ર હતો એ પ્રશ્ન છે. તેનો કાળ મેવાડના ઇતિહાસકારો સિક્કાઓ, તામ્રપત્રો, શિલાલેખો તેમજ અન્ય પુસ્તકોના આધારે ઇ. સ. ૫૬૮[૩] આસપાસ બતાવે છે. એ હિસાબે ગુહાએ રાજ્ય પ્રાપ્ત કર્યું તેના પહેલાં તેને પરિશ્રમ કરવો પડ્યો હશે અને પચ્ચીસ વર્ષની વયે તેણે રાજ્યસત્તા હસ્તગત કરી હોય તો પણ તેનો જન્મ ઈ. સ. ૫૪૦ લગભગ થયો હોય; જ્યારે ગુહસેન ઇ. સ. ૫૬૯માં હયાત હતો તેમ જણાય છે.[૪]

આ પ્રશ્ન વિવાદાસ્પદ છે અને કર્નલ ટોડની આ કલ્પનાને શ્રી. ગૌ. હી. ઓઝા ઘણાં પ્રમાણો આપી ભ્રમજનક ગણાવે છે. પણ તેમ કરવામાં માત્ર ઉદયપુર રાજ્યવંશનો ઇતિહાસ શુદ્ધ છે અને કુલોત્પત્તિ અન્ય સ્થળેથી થઈ છે તે સાબિત કરવાનો ઉદ્દેશ છે. જનશ્રુતિ, પિતાથી પુત્રને કર્ણોપકર્ણ મળેલ ચારણો, ભાટોનું કથન તથા જૈન ગ્રંથોને[૫] તેણે આધાર રાખવા યોગ્ય

---

૧. આ પુસ્તકના વિષયને આ વાત સાથે ખાસ સંબંધ ન હોઇ તેનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કર્યો છે.

૨. ઉદયપુર કા ઇતિહાસ. ગૌ. હી. ઓઝા.

૩. ઉદયપુર કા ઇતિહાસ. શ્રી. ગૌ. હી. ઓઝા.

૪. તામ્રપત્ર.

૫. 'શત્રુંજય માહાત્મ્ય' ધવશ્વરસૂરિએ રચ્યું તેના ઉપર કર્નલ ટોડ આધાર રાખે છે. ધનેશ્વરસૂરિ શીલાદિત્યના ગુરુ હતા અને શીલાદિત્ય ઇ. સ. ૪૨૦માં વિદ્યમાન હતા. શ્રી. ઓઝા બતાવે છે કે આ પુસ્તક તેરમી સદીમાં લખાયું છે. કારણ તેમાં કુમારપાળ રાજાના સમયનું પણ વૃત્તાંત છે. આ ચર્ચા આ પ્રકરણના અંતિમ ભાગમાં કરવામાં આવી છે.

ગણાવ્યા નથી. વળી કર્નલ ટોડે મેવાડના રાજકુલના વર્ણનમાં લખ્યું છે કે "આ વાત સત્ય છે કે નહિ તેના પ્રત્યક્ષ સાક્ષીઓ વલ્લભીની દીવાલો છે."[1] શ્રી. ઓઝા કહે છે કે આ લેખ મેવાડના રાજાઓનો નહિ પણ અજમેરના રાજા સોમેશ્વરનો વિ. સં. ૧૨૧૬ : ઇ. સ. ૧૧૭૦નો છે. તેમાં "વલભી" શબ્દ છે. પણ તેનો અર્થ વલ્લભીપુર નહિ પરંતુ "ઝરોખો" થાય છે તે આખું વાકય વાંચવાથી સમજાશે. 'વિગ્રહરાજે (વિશળદેવ ૪ થો) ઢિલ્લિકા (દિલ્હી) લેવાથી લાગેલો થાક અને અસ્વિકા પ્રાપ્ત કરવાથી સ્થગિત થયેલા પોતાના યશને પ્રતોલી (દ્વાર) અને વલ્લભી (ઝરોખા)માં વિશ્રાંતિ આપી.[2]

**प्रतोल्यां य वलभ्यां च येन विश्रामितं यश :।**
**ढिल्लिका ग्रहणश्रांत मासिकाला भलंभितं ॥**

જૈન યતિ માને વિ. સ. ૧૭૩૪ (ઇ. સ. ૧૬૭૭)માં મહારાજા, રાજસિંહ પહેલાંના રાજ્યમાં "રાજ વિલાસ" નામનો કાવ્યગ્રંથ લખ્યો છે. તેમાં લખ્યું છે"

"પશ્ચિમ દિશા પ્રસિદ્ધ દેશ સોરઠધર દીપત
નગર વલ્લીકા નાથ જંગ કરી આસુર જીપત."

---

૧ ટોડ રાજસ્થાન, અધ્યાય ૧ લો.

૨. ઉદયપુરકા ઇતિહાસ ગૌ. હી. ઓઝા. બીજોલીયાનો શિલાલેખ

---

ગુહસેન પરમ માહેશ્વર હતો. એટલે શિવભકત હતો. તેના રાજ્યકાળમાં બૌદ્ધ લોકોનું પરિબળ સારા પ્રમાણમાં હતું. પણ પ્રજાનો એક વર્ગ અને ખાસ કરીને બ્રાહ્મણો તેના પ્રબળ વિરોધી હતા, એટલે વલ્લભી રાજાઓએ તેમનું પરિબળ તોડવા આનંદનગર વગેરે સ્થળોએ જુદા જુદા વિદ્વાન બ્રાહ્મણોને જમીનો આપી વસાવ્યા.[1] પરંતુ પ્રજાનો એક વર્ગ તે ધર્મ પાળતો હતો તેની ઉપેક્ષા કેમ કરી શકાય એ ન્યાયે તેણે બૌદ્ધોને ધાર્મિક સ્વતંત્રતા આપી અને તેમના વિહારોના ખર્ચ માટે ગામો પ્રદાન કર્યાં.[2] એટલું જ નહિ પણ બૌદ્ધ ધર્મ પાળનારાઓને તથા તેની સાથે સંબંધ ધરાવનારાઓને કોઈ ખેતી કરવા દેતું નહિ અને તેમાં લોકો હરકત કરતા

---

૧. વલ્લભીનાં તામ્રપત્રોમાં બ્રાહ્મણોને દાન દીધા સિવાય બીજી ખાસ વસ્તુ આવતી નથી. આ દાન વેદના જ્ઞાતા વિદ્વાન બ્રાહ્મણોને બહારથી બોલાવી, વસાવી, તેમની આજીવિકા માટે આપ્યાં છે. તેમાં તેમનો ઉદ્દેશ બૌદ્ધ લોકો ઉપર અંકુશ રાખવાનો તથા બૌદ્ધ ધર્મનો થતો ફેલાવો અટકાવવા માટે હોવાનું સ્પષ્ટ જણાય છે.

૨. જુઓ સં. ૨૪૬ (ઇ. સ. ૩૬૫) નું તામ્રપત્ર–આનુમંજી–પિપ્પલ રૂખરી વચ્ચે આવેલું સમી પટવાટક–મડલીદ્રંગ–સંગમાનક–દેતકઆહાર–ગામો કુદાએ બંધાવેલા વિહારના ખર્ચ માટે આપ્યા. (શ્રી. આચાર્ય હી. ઇ. ઓફ ગુજરાત. ભાગ ૧)

તે પ્રતિબંધ પણ તેણે દૂર કર્યો.[૧] વળી, તેણે અંતિમ કાળમાં બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હોવાનું જણાય છે અને તે પોતાને પરમ માહેશ્વરને બદલે "પરમોપાસક" તરીકે સંવત્ ૨૬૦ (ઇ. સ. ૫૭૯)ના તામ્રપત્રમાં ઓળખાવે છે.[૨]

ગુહસેન પણ ચક્રવર્તી રાજા હતો. ગુપ્તોનું રાજ્ય જેમનું તેમ વલ્લભીના મૈત્રકોના હાથમાં પડેલું અને તેઓને માત્ર સામંત અને માંડલિક રાજાઓ પાસે તેઓનો અધિકાર મનાવવા પૂરતું જ કામ હતું. ગુજરાતમાં લાટના રાજા હરિસેન વાકતકનો ઇ. સ. ૫૨૦ લગભગ દ્રોણસિંહના હાથે પરાજય થયા પછી તાપી અને નર્મદાની વચમાં મહાસામન્ત સંગમસિંહ ભરૂચની રાજધાનીમાં રાજ્ય કરતો. તે મહાસામન્ત હતો તેમ તેનાં તામ્રપત્રો ઉપરથી જણાય છે. આ મહાસામન્ત કોનો હતો તે એક પ્રશ્ન છે. એમ માની શકાય કે તેઓ ત્રૈકુટક રાજાઓ ખંડિયા હશે. પણ કચ્છપ્રી રાજા શ્રી કૃષ્ણરાજના પુત્ર શંકરાજ્ઞા તથા પૌત્ર બુદ્ધરાજનાં તામ્રપત્રોથી જણાય છે કે તેઓ માળવાથી નાશિક સુધીના પ્રદેશના રાજાઓ હતા. અને લાટ તેના અધિકાર નીચે હતું. એટલે ગુહસેનનો અધિકાર લાટ ઉપર હોવાનું સ્પષ્ટ પ્રમાણ નીકળતું નથી.

ગારૂલક: ગારૂલક રાજાઓ તેમના ખંડિયા હોવાનાં સ્પષ્ટ પ્રમાણ મળ્યાં છે. ગારૂલક રાજા વરાહદાસ ગુહસેનનો મહાસામન્ત હતો અને તેના વારસો પણ વલ્લભીના ખંડિયા હતા. તેની રાજધાની કુંકપ્રસ્રવણ[૪] હતી અને વલ્લભીપુર પાસેના

---


૧. જુઓ આચાર્ય : હી. ઈ. ઑફ ગુ. ભા.–૧.

૨. જુઓ આચાર્ય હી. ઇ. ગુ. આ વર્ષ પંડિત ભગવાનલાલ ૨૫૦ નું કહે છે.

૩. સ્થદર.

૪. કુંકપ્રસ્રવણ કયાં હતું તે કહી શકાતું નથી, કદાચ ઉના પાસેનું કુલકા હોય. ભટપદ્ર તે ભાટીયા હોઇ શકે; કારણ કે દ્વારકાની નજીક છે. પણ તે વલ્લભી પાસે દાન આપે છે તેથી વલ્લભી મહારાજાની આજ્ઞાથી દાન આપ્યું હશે. ગારૂલક વંશનું નામ પ્રથમ જ જોવામાં આવે છે. તેના વંશમાં નીચે પ્રમાણે રાજાઓ થયા.

(શ્રી. આચાર્ય હી. ઇ. ઓ. ગુજરાત પૃ. ૩)




શુરને ભટ્ટા કહ્યો છે. તે ભટ્ટી વંશનો ન હોય ? તે મહારાજા ધ્રુવસેન ૧લાનો સામન્ત હતો. ગુહસેનનો એક શિલાલેખ દ્વારકાના માર્ગે આવેલા ગામ માણકોડીમાંથી મળ્યો છે. (આચાર્ય)

ભટ્ટપદ્રમાં તેણે બૌદ્ધ વિહાર માટે જમીન આપી હતી. તેના પુત્ર વરાહદાસ બીજાએ દ્વારકા જીત્યું હતું.

**ધરસેન ૨ જો :** (ઈ. સ. ૫૬૯ થી ઇ. સ. ૫૯૯).

ગુહસેનનો પુત્ર ધરસેન ઇ. સ. ૫૬૯ લગભગ ગાદીએ આવ્યો. પિતાના પરાજય અને મૃત્યુથી સામંતો બળવાન થયા હતા અને વલ્લભીની પ્રતિષ્ઠા ઉપર પ્રહાર થયો હતો. શત્રુઓ તેના શિકાર નૌશેઝાદને લઇ ચાલ્યા ગયા પણ વલ્લભીપુરનું અભિમાન ઉતારતા ગયા; પરંતુ એમ જણાય છે કે ઇરાનીઓ ગમે તે કારણે તેનો ખજાનો અહીં મૂકતા ગયા હતા. કાંતો નૌશેઝાદને, ગુહસેનના મૃત્યુ તથા વલ્લભીનો પરાજય થયો હોવા છતાં મેળવી ન શકયા તેથી તેને પ્રાપ્ત કરવા ધન આપ્યું હોય અથવા સામન્તોએ તેને પાછળથી હેરાન કરી લૂંટી લીધો હોય; પણ ધરસેનના હાથમાં શત્રુઓનો ખજાનો પડેલો; અને તેનો ઉપયોગ તેણે કુશળતાથી કરેલો.[૧] વલ્લભી રાજાઓની પ્રણાલિકા પ્રમાણે તેણે બ્રાહ્મણોને દાન આપેલાં અને વડનગરથી વિદ્વાન બ્રાહ્મણોને લઇ આવી અહીં આજીવિકાનાં સાધનો આપી સ્થિર કરેલા.[૨] તે પરમ માહેશ્વર હતો છતાં તેણે બૌદ્ધ લોકોને પણ આચાર્ય મહંત સ્થિરમતિએ બંધાવેલા શ્રી બપ્પપાદના મઠને દાનમાં ગામ આપેલાં તથા સુરાષ્ટ્ર પ્રાંતમાં સુદત્ત ભટ્ટારક પાસે આવેલા ઉટ્ટપાલક ગામનું દાન બૌદ્ધપૂજા તથા ભિક્ષુઓની સહાયાર્થે આપેલું.[૩]

ધરસેન વિદ્વાન હતો. વિદ્વાનોની સભાઓમાં તે શિરોમણિ જેવો હતો અને ધનવાન હતો.

તેના રાજ્યની બીજી રાજ્યદ્વારી વિગતો ઉપલબ્ધ નથી.

**શીલાદિત્ય પહેલો :** (ઇ. સ. ૫૯૯ થી ઈ. સ. ૬૧૪.)

ધરસેનના મૃત્યુ પછી ઇ. સ. ૫૯૯ માં શીલાદિત્ય ગાદીપતિ થયો. તેણે ધર્માદિત્યનું નામ પણ ધારણ કર્યું.

ધરસેન ૩ જો કે જે તેના પછી કંઇક વર્ષે થયો તેનાં દાનપત્રોમાં તેને જ્ઞાની, શ્રીમંત, દાનેશ્વરી, ગંભીર અને વીર તરીકે વર્ણવ્યો છે. ધરસેને પણ બ્રાહ્મણોને દાન આપેલાં અને બૌદ્ધ લોકોને પણ દાન આપ્યાં હતાં.[૩] પરંતુ સં. ૨૯૦ (ઇ. સ. ૬૦૬)ના એક તામ્રપત્રથી જણાય છે કે શીલાદિત્યે પોતે

---

૧. સં. ૨૫૨ (ઇ. સ. ૫૭૧નું તામ્રપત્ર)

૨. અન્ય તામ્રપત્રો.

૩. તામ્રપત્રો.

બૌદ્ધ વિહાર બંધાવ્યો હતો તેથી તેણે ઉત્તરાવસ્થામાં બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો.[૧]

તેનાં દાનપત્રો જોતાં તેમાં જે દાન આપ્યાં છે તે ગુજરાતનાં ગામોનાં છે. એટલે તેનો અધિકાર ગુજરાત ઉપર પણ હોવા સંભવ છે.[૨]

તેનો દિવિરપતિ (દીવાન) ચંદ્રભટ્ટી હતો. શીલાદિત્ય તથા તેના ભાઇ ખરગ્રહને કુટુંબકલેશ થયેલો.[૩]

**ખરગ્રહ ૧લો** : (ઇ. ૬૧૪ થી ૬૧૯).

શીલાદિત્યનો ભાઈ ખરગ્રહ કુટુંબ પ્રણાલિકા પ્રમાણે જ્યેષ્ઠ હોઇ ઇ. સ. ૬૧૪માં ગાદીપતિ થયો.

ખરગ્રહ વિદ્વાન હતો, પરાક્રમી હતો અને દાનેશ્વરી હતો. તે સિવાય તેના રાજ્યની બીજી હકીકત પ્રાપ્ત થતી નથી.

પરંતુ આ રાજ્યના સમયમાં લાટના ગૂર્જર રાજાઓ યા તો વલ્લભીના માંડલિક હતા અથવા તો મિત્રો હતા.[૪]

**ધરસેન ૩જો** : (ઇ. સ. ૬૧૯ થી ૬૨૭).

માત્ર પાંચ વર્ષ રાજ્ય કરી ખરગ્રહ પરલોકવાસી થયો અને તેનો પુત્ર ધરસેન ૩જો ગાદી ઉપર આવ્યો. આ વખતે શીલાદિત્ય ૧લાનો પુત્ર ધ્રુવભટ્ટ હયાત હતો; પણ વયમાં તે ધરસેનથી નાનો હશે એટલે તેને ગાદી મળી નહિ; પણ તે ધ્રુવસેનથી પણ નાનો હતો છતાં વડીલબંધુએ સ્કંધ ઉપર મૂકેલી રાજ્યશ્રીની ધુરા આનંદથી વહન કરતો.[૫]

આ રાજા પણ વિદ્વાન, દાનેશ્વરી, શ્રીમંત હતો તેમ જણાય છે. તેનો રાજ્યવિસ્તાર વર્તમાન વડોદરા સુધી અવશ્ય હતો. ખેડામાં તેણે અનેક દાનપત્રો

---

૧. પોતાની પ્રજાના એક વર્ગને ખુશ રાખવા રાજા ધર્મસ્થળ બંધાવી આપે તેથી ધર્મ સ્વીકાર્યો એમ ગણવું એ સાહસ છે. ગુહસેનની જેમ શીલાદિત્ય પોતાને પરમોપાસક લખતો નથી. સંવત્ ૨૯૦ના તામ્રપત્રથી તે મહાદેવના મંદિરને ગામ આપે છે. (આચાર્ય હી. ધ. ગુ. ભા. ૨)

૨. આ ચર્ચા ધરસેન ૨ જાના પ્રકરણમાં કરી છે.

૩. આ અનુમાન શ્રીઆચાર્ય તેના સં. ૨૪૭ ના તામ્રપત્રમાં ઇન્દ્ર તથા કૃષ્ણના યુદ્ધનો ઉલ્લેખ છે તે ઉપરથી કરે છે.

૪. આ ચર્ચા ધ્રુવસેન ૨જાના પ્રકરણમાં કરવામાં આવેલ છે.

૫. જુઓ શીલાદિત્ય ૪થાનું સં. ૩૭૫નું તામ્રપત્ર (હી. ધ. ગુ. ભાગ ૧-૧૪૯).

કરી દાન આપ્યાં છે. એટલે તેના સમયમાં સૌરાષ્ટ્ર, ગુજરાત અને માળવાના સીમાડા સુધી વલ્લભીઓની આણ હતી તે નિઃશંક છે.[૧]

**ધ્રુવસેન ૨ જો :** (ઇ. સ. ૬૨૭ થી ઇ. સ. ૬૪૨)

ધરસેન ૩જો માત્ર આઠ વર્ષ રાજ્ય ભોગવી ગુજરી ગયો અને તેનો નાનો ભાઈ ધ્રુવસેન ૨જો ગાદીપતિ થયો. ગાદીએ બેસી તેણે બાલાદિત્યનું નામ ધારણ કર્યું.

વલ્લભીના રાજાઓમાં કદાચ સહુથી મહાપરાક્રમી અને શક્તિશાળી રાજા ધ્રુવસેન ૨જો હતો. તેણે તેનાં સૈન્યોને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને છેક માળવા સુધી દોર્યાં અને વલ્લભીના સામ્રાજ્યનો વિસ્તાર વધાર્યો.

પ્રથમ તેણે માળવાના મહારાજા બુદ્ધરાજ કે જેણે પોતાનો અધિકાર લાટ અને દક્ષિણ ગુજરાત ઉપર સ્થાપ્યો હતો અને જેને ચાલુક્ય રાજા મંગળરાજ વા મંગળસેને હરાવી લાટ વગેરે પ્રાંતો લઇ લીધા હતાં તેના ઉપર ચડાઇ કરી અને ઇ. સ. ૬૨૯ લગભગ માળવા જીતી લીધું અને તેને વલ્લભી સામ્રાજ્યમાં ભેળવી દીધું.[૨]

---

૧. અત્યારના સમયની જેમ તે વખતે અધિકારનાં બંધનો અને સાર્વભૌમત્વના નિયમો ન હતાં. મહાક્ષત્રપોના સમયમાં ક્ષત્રપો સિક્કા પાડી શકતા તેમ વલ્લભીના સામન્તો પણ જમીનનું દાન દઈ શકતા. જૂના ધજપ્તના રાજ્યમાં જેણે દરેક પ્રાંત દરેક રાજા નીચે હતો અને તે મહારાજાને આધીન હતો તેમ અહીં પણ જણાય છે. એટલે કલચુરી ગુર્જર વગેરેનાં તામ્રપત્રો મળે છે; પણ તેથી વલ્લભીના તેઓ ખંડિયા ન હતા તેમ ન ગણાય.

૨. કલચુરી વંશનો રાજા બુદ્ધરાજ માળવાના કલચુરી (કટચુરી) વંશના મહારાજા કૃષ્ણરાજના પુત્ર શંકરગણનો પુત્ર હતો. તેનું સામ્રાજ્ય માળવાથી નાશિક સુધી હતું. ભરૂચ અને વર્તમાન વડોદરા, સુરતનો તેમાં સમાવેશ થતો. તેઓ ગુપ્ત રાજ્યના અંત પછી માળવા તરફ ઉપરોક્ત પ્રદેશોના સર્વસત્તાધીશ થઇ પડયા હતાં અને ત્રૈકુટકોના પણ અમુક વર્ષ આધીન રહ્યા હશે તેમ જણાય છે. સાતમી સદીના પ્રારંભમાં બુદ્ધરાજનો પશ્ચિમ ચાલુક્ય મહારાજા મંગળસેને (મંગળરાજે) હરાવી દક્ષિણ લાટ એટલે તાપીથી દક્ષિણનો પ્રદેશ જીતી લીધો. કેટલાક સાંકળિયા શંકા કરે છે કે આ પરાજય પ્રભાકરવર્ધનના હાથે થયો હશે કારણ હર્ષચરિતમાં લખ્યું છે કે તેણે સિંધુ, ગુજરાત, લાટ અને માળવા જીત્યાં; પણ માળવા બુદ્ધરાજના કબ્જામાં હતું, જે ધ્રુવસેને બુદ્ધરાજને હરાવી જીતી લીધું અને કલચુરી વંશનો અંત આવ્યો.

બુદ્ધરાજનું એક તામ્રપત્ર ઇ. સ ૬૯૯–૭૧૦નું મળ્યું છે. તેમાં આનંદપુર છાવણીમાંથી ભરૂચ તાલુકાના ગોરન્જા ગામમાં ડેભક બ્રાહ્મણ બાપ સ્વામીને જમીન આપી છે.

(શ્રી. આચાર્ય હી. ઇ. એ. ગુજરાત, ભા. ૩જો.)

આ સમયમાં ગુજરાતમાં લાટ પ્રદેશના ગૂર્જર રાજાઓ[૧] બળવત્તર થતા

૧. વલ્લભી રાજાઓએ ગૂર્જરોને જીત્યા હતા તેમ જણાય છે; પણ તેઓનો સંબંધ સાવ ખંડિયા જેવો નહીં પણ આણ માને તેવા મિત્રો જેવો હશે. ગૂર્જરો આ દેશમાં હુણો આવ્યા તે કાળમાં આવ્યા અને આ દેશને ગુજરાતનું નામ આપ્યું; પણ આ લાટ રાજાઓ પોતાને "ગૂર્જર નૃપતિવંશ"ના કહેવરાવે છે. તેથી અનુમાન થાય કે તેઓ ગુજરાતના રાજાઓ હતા પણ ગૂર્જરો ન હતા. ગૂર્જરો મધ્ય એશિયામાંથી આવ્યા અને પંજાબમાં રહ્યા. ત્યાં તેઓનાં સ્થાપેલાં નગરો, ગુજરાત, ગુજરાનવાળા, ગુજરમાન, વગેરે હજી વિદ્યમાન છે. [ શ્રી. ભાંડારકર–ગૂર્જરો–એમ્બે થ્રેન્સ રોયલ એસીયાટીક સોસાયટી જર્નલ વો. ૨૧ : તથા અન્ય શિલાલેખો કાકુનો ઘાટીલાનો તથા ભોજના દોલતપુર લેખ: ઇન્ડીયન એન્ટીકવેરી વોલ્યુમ. ૪: ડો. સાંકળિયા આર્કીઓલોજી ઓફ ગુજરાત : આ ગુર્જર વંશમાં એક રાજા દદ્ર થયો. તેનો વંશ નીચે પ્રમાણે ચાલ્યો. : ડો. સાંકળિયા આર્કીઓલોજી ઓફ ગુજરાત ]

દદ્ર ૧ લો સામન્ત ૫૮૦ ઇ. સ.
|
જયભટ્ટ વીતરાગ ૬૦૫ ઇ. સ.
|——————————————————|
દદ્ર ૨જો પ્રશાન્તરાગ ૬૨૯–૬૪૧ ઇ. સ. રણગ્રહ ઇ. સ. ૬૪૧
|
જયભટ્ટ ૨જો ધરાધર ૬૫૫ ઇ. સ. શ્રી. આચાર્ય પ્રમાણે જયભટ્ટ ૨ જો (ધરાધર) ૭૦૬ ઇ. સ.
| |
દદ્ર ૩જો બાહુસહાય ઇ. સ. ૬૮૦ |
| |
જયભટ્ટ ૩જો મહાસામંતાધિપતિ ૭૦૪ ઇ. સ. અહિરોલ
| |
અહિરોલ મહાસામંતાધિપતિ ૭૨૫ ઇ. સ. જયભટ્ટ ૩જો ૭૩૬ ઇ. સ.
|
જયભટ્ટ મહાસામંતાધિપતિ ૭૩૪ ઇ. સ.

શ્રી. આચાર્ય તેમના ગુજરાતના ઐતિહાસિક લેખોના સંગ્રહ ભા. ૩માં આ વંશાવળીમાં સામે બતાવ્યા પ્રમાણે આપે છે. પણ આપણા વિષયને તેની સાથે સંબંધ ન હોઇ તેની ચર્ચા કરવામાં આવતી નથી.

આ ગૂર્જરો સામંતો હતા. હવે તે કોના સામંત હતા તે સિદ્ધ થતું નથી. ડો. સાંકળિયા માને છે કે તેઓ પ્રથમ કલચુરીના, પછી ગૂર્જર પ્રતિહાર અને પછી બદામીના ચાલુક્યના હશે અને અંતમાં ઇ. સ. ૬૪૦માં વલ્લભીઓનાં પણ હશે. હું આ સાલ તેનાથી વહેલી મૂકું છું. કારણ માળવાના મહારાજા બુદ્ધરાજને ઇ. સ. ૬૨૯માં ધ્રુવસેન ૨જાએ જીત્યા પછી તેણે તરત જ ગુર્જરોનો પરાજય કર્યો હશે, કારણ હર્ષની ચડાઇ વખતે તો તેઓ તેમના મિત્ર હતા. હર્ષ ઈ. સ. ૬૩૫માં આવેલો. ગૂર્જરોની રાજધાની નંદીપુર (નાંદોદ)માં હતી. ડો. બુલ્હર ભરૂચ પાસે ઉજ્જડ નંદીપુરનો કિલ્લો છે તે ગણે છે. તેના રાજ્યવિસ્તારની સીમા ઉત્તરે મહી, દક્ષિણે તાપી, પૂર્વે સંખેડા અને પશ્ચિમે ખંભાતનો અખાત હતી. તેઓનો ચૌલુક્યો તથા વલ્લભી રાજાઓ સાથે સંબંધ સારો હતો. વલ્લભી રાજાની બહેન દુદ્રા ગૂર્જર રાજાની રાણી હતી. તેથી મૈત્રકો અને ગૂર્જરો વચ્ચે લગ્નવ્યવહાર હતો તેમ જણાય છે.

જતા હતા. તેઓ સામંત મિત્રો જેવા હતા, પણ સર્વ અધિકાર સ્વીકાર્યા હોવાનું જણાતું નથી; તેથી માળવા જીતી બુદ્ધરાજની હકૂમતમાં જે પ્રદેશો હતા તે જીતવા ધ્રુવસેને પોતાનાં સૈન્યોને લાટમાં લઈ જઈ દદ્દને પોતાની આણ કબૂલ કરાવી. એમ જણાય છે કે દદ્દએ યુદ્ધ આપ્યું નહિ પણ શરણાગતિ સ્વીકારી અને લાટ પણ વલ્લભીના સામ્રાજ્યનો એક ભાગ બની ગયું.

## હર્ષવર્ધનની લડાઇ. ઇ. સ. ૬૩૫.

ઈ. સ. ૬૩૫માં ધર્મસેનના સામ્રાજ્યનો વિસ્તાર સમસ્ત સૌરાષ્ટ્ર, ઉત્તર તથા મધ્ય ગુજરાત, માળવા અને હાલના રાજસ્થાનના ઘણાખરા ભાગમાં ફેલાઇ ગયો હતો. તેણે માળવાના સૂબા તરીકે તેના ભત્રીજા[1] શીલાદિત્યને શાસન કરવા નીમ્યો.

ચૌલુક્યો દક્ષિણ ગુજરાતમાં બળવાન થયા હતા.. તેના રાજા પુલકેશીના પુત્ર મંગળસેને બુદ્ધરાજને હરાવ્યા પછી તેઓ વધારે પ્રબલ થયા અને નર્મદાની દક્ષિણે સર્વસત્તાધીશ થઇ પડયા હતા.[2] તેમનો રાજ્યવિસ્તાર નાશિક સુધી હતો.

કનોજના મહારાજા હર્ષવર્ધનનો આ સમય પ્રદેશો ઉપર અધિકાર હતો. તે ચૌલુક્યો અને મૈત્રકો દબાવી બેઠા તે સાંખી શકયો નહિ. તેથી ઇ. સ. ૬૩૫ લગભગ તેણે મહાન સૈન્ય લઇને ચડાઇ કરી.

હર્ષવર્ધન કયા માર્ગે આવ્યો તે સ્પષ્ટ થતું નથી; પરંતુ ઇ. સ. ૬૩૦ લગભગ તેણે કરેલી પહેલી ચડાઈ ગુજરાત ઉપર હતી. તેમાં ચૌલુક્ય રાજા પુલકેશીના હાથે નર્મદાકાંઠે તેને પરાજય સહન કરી પાછું જવું પડયું હતું.[3] તે પછી પાંચ વર્ષ રહી હર્ષવર્ધને વલ્લભી રાજ્ય ઉપર પોતાની સમસ્ત શક્તિ એકઠી કરી ચડાઇ કરી. ત્યારે કોઇક સ્થળે યુદ્ધ થયું, તેમાં ધ્રુવસેનના જીવનને તેના સામંત દદ્દએ પોતાના જીવના જોખમે રક્ષ્યું.[4]

---

૧. તેને કાકો ગણ્યો છે. પણ તે ભૂલ છે. શીલાદિત્ય રાજા તરીકે ગાદીએ આવેલ તે ડેરભટનો પુત્ર જ હોવો જોઇએ. તે દૂતક તો હતો જ (હી. ઇ. ઓ. ગુજરાત શ્રી. આચાર્ય સંગૃહીત સં. ૩૧૩નું તામ્રપત્ર ગોરસનું: સં. ૩૧૦માં પણ તે દૂતક હતો. એ વર્ષ ઇ. સ. ૬૨૯નું હતું. માળવા જીત્યા પછી તેને ત્યાં સૂબા તરીકે મૂકયો હતો તેમ જણાય છે.

૨. આ રાજ્યની રાજ્યધાની નવસારી (નવસારિકા) હતું.

૩. હર્ષવર્ધને ઇ. સ. ૬૩૦માં પ્રથમ ચૌલુક્યો ઉપર ચડાઈ કરી હોવાનું જણાય છે અને પુલકેશીએ તેને નર્મદાથી નીચે આવવા દીધો નહિ. એટલે તે ઇંદોર તરફથી ખાનદેશને માર્ગે ભરૂચ તરફ આવ્યો હશે તેમ જણાય છે.

૪ જયભટ્ટ રાજાનું તામ્રપત્ર સં. ૪૫૬ (ઇ. સ. ૭૦૬) શ્રી આચાર્ય હી. ઈ. ગુ. ભા. ૨. પા. ૪૨

**"गंभीरोदारचरित विस्मायित सकल लोकपालमानसः परमेश्वर श्री हर्षदेवाभिभूत वलभीपति पति[रि]त्राणोपजात भ्रमददभ्र शुभ्राभ्रविभ्रम"**

હર્ષવર્ધન આ યુદ્ધમાં જીત્યો કે હાર્યો તે કાંઇ સ્પષ્ટ થતું નથી. ઇતિહાસકારો તે જીત્યો હતો અને ધ્રુવસેનને પોતાની પુત્રીને પરણવાની ફરજ પાડી તેવી નોંધ કરે છે.[૧] પણ જીતેલો રાજા પરાજિત રાજાને પોતાની પુત્રી આપે તે બનવાજોગ નથી. ઇતિહાસમાં અનેક પ્રસંગો નોંધાયા છે કે જેમાં પરાજિત રાજા પોતાની પુત્રી વિજયી રાજાને પરણાવે છે. આથી સ્પષ્ટ સમજાય છે કે હર્ષવર્ધન હાર્યો ન હતો તો જીત્યો તો હતો જ નહિ, બન્ને વચ્ચે માનભરી સંધિ થઇ હશે, અને હર્ષવર્ધન ધ્રુવસેનને પોતાનો જમાઇ બનાવી પાછો ગયો. તે પછી ધ્રુવસેન વધારે બળવાન અને શક્તિમાન થયો અને તેના પુત્ર ધરસેનનાં તામ્રપત્રોમાં "પરમ માહેશ્વર પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તી" નું બિરુદ ધારણ કર્યું તે બરોબર ધ્રુવસેને આ વિજય પછી ધારણ કર્યું હોવાનું અનુમાન થાય છે.

હ્યુ-એન-સાંગ : ઇ. સ. ૬૪૦માં લગભગ આ રાજાના સમયમાં હ્યુ-એન-સાંગ વલ્લભીપુરમાં આવ્યો હતો. તેણે તેની દૃષ્ટિથી વલ્લભીનું વર્ણન લખ્યું છે. તેના ઉપરથી વલ્લભીના વૈભવ અને વિસ્તારનો ખ્યાલ આવે છે. તે લખે છે કે "ફલપીનું રાજ્ય ૬૦૦૦ લી[૨] ના વિસ્તારમાં છે, તેની રાજ્યધાનીનો વિસ્તાર ૬ માઇલનો[૩] છે." જમીનની ઉત્પન્ન, હવાપાણીનો પ્રકાર, લોકોની રીતભાત, અને ચારિત્ર્ય માલાપો[૪]ના જેવાં છે. વસ્તી અસંખ્ય છે, અને બધાં કુટુંબો ધનાઢય છે. એક સેંકડો કુટુંબો તો એવાં છે કે તેનું ધન દશ લાખની ઉપર છે. દૂર દેશાવરની દુર્લભ વસ્તુઓ અહીં વિપુલ પ્રમાણમાં મળે છે. અહીં આશરે ૧૦૦ મઠ છે. તેમાં ૬૦૦૦ સાધુઓ રહે છે. તેઓ ઝાઝો વખત ચીંગલીંયાંગ પુ (સમતિયાસના નિકાયા સંપ્રદાય) નું અધ્યયન કરે છે. અને હીનયાનને અનુસરે છે. દેવોનાં સેંકડો મંદિરો છે, અને ભિન્ન ભિન્ન સંપ્રદાયના અસંખ્ય પાંખડીઓ[૫] નજરે પડે છે.

"જ્યારે તથાગત (બુદ્ધ) આ પૃથ્વી ઉપર રહેતા ત્યારે આ પ્રદેશમાં વારંવાર વિહાર કરતા તેથી જે જે જગ્યામાં તેઓ રહ્યા ત્યાં ત્યાં અશોકે તેના માનમાં

---

૧. હ્યુ-એન-સાંગના આધારે પણ હર્ષવર્ધન બૌદ્ધ હતો. તેણે બોલાવેલા સંમેલનમાં આ ચીની મુસાફર આવેલો. એટલે તેણે હર્ષ જીત્યો એમ લખ્યું છે. (ભાષાંતર : Beal) તેણે શીલાદિત્ય કે જે વલ્લભી રાજાનો કાકો હતો તે માળવામાં રાજ્ય કરતો તેમ લખ્યું છે તે પણ માન્ય રહે તેમ નથી.

૨. ૬૦૦૦ લી એટલે ૧૨૦૦ માઇલ.

૩. ૭ માઇલના વિસ્તારમાં મૈત્રકોની રાજધાની હતી. એટલે અત્યારના મોટા શહેર જેવડું હશે.

૪. માલાપો-માળવા.

૫. બૌદ્ધો અબૌદ્ધોને પાંખડી કહેતા.

સ્થંભો ઊભા કર્યા અથવા સ્તુપો બાંધ્યા. જે જે જગ્યા ઉપર ત્રણ ગત બુદ્ધોએ વિશ્રામ લીધો, કાર્યો, કર્મો અને નિયમોનો બોધ કર્યો ત્યાં આપણે સ્થંભો જોઇએ છીએ."

"વર્તમાન રાજાઓ "શાતીલી"[૧] છે. તે બધા માળવાના રાજા શીલો ટીટોના ભત્રીજાઓ છે. આ વખતે[૨] શીલાદિત્યનો પુત્ર કીએમ કાશીરાજનો[૩] જમાઇ છે. તેનું નામ ટુલુપઓપોટુ[૪] છે. તે ઉતાવળિયો અને તામસી પ્રકૃતિનો છે. તેની બુદ્ધિ મંદ અને સાંકડી છે. તો પણ તે ત્રણ અમૂલ્ય વસ્તુઓમાં માને છે.[૫] પ્રતિવર્ષ એક સપ્તાહ તે એક સભા ભરે છે, જેમાં એકાંત સેવતા સાધુઓને મિષ્ટાન્ન, ત્રણ વસ્ત્રો, દવાઓ, સાત અમૂલ્ય વસ્તુઓ અને અતિ કીમતી દુલર્ભ વસ્તુઓ ભેટ આપે છે. આ વધી વસ્તુઓ દાનમાં આપ્યા પછી બમણી કિંમતે પાછી ખરીદે છે. તે ગુણ-ગ્રાહી છે અને સાધુઓને સત્કારે છે. તે ધર્મને માન આપે છે અને વિજ્ઞાનની કિંમત જાણે છે પરદેશના પ્રખ્યાત માણસોને તે માન આપે છે.

"નગરથી થોડે દૂર અરહત ઓચેલો[૬]ની દેખરેખ નીચે બાંધેલો એક મોટો મઠ છે. અહીં બૌદ્ધિસત્વ ટિ-હો (ગુણમતિ) તથા કિનહોઇ (સ્થિરમતિ)એ પોતાનું રહેવાનું રાખ્યું હતું, ઘણાં પુસ્તકો રચ્યાં હતાં જે ઘણી પ્રશંસા સાથે પ્રસિદ્ધ થયાં છે."

આ બતાવે છે કે વલ્લભીપુરમાં સેંકડો મંદિરો હતાં, જુદા જુદા સંપ્રદાયના લોકો વસતા હતા. બૌદ્ધ મઠો તો બેસુમાર હતા અને દેશપરદેશની અવનવી વસ્તુઓ અહીં પ્રાપ્ત હતી. લોકો ધનાઢય હતા. હ્યુ-એન-સાંગે રાજાને તામસી અને ચંચળ કહ્યો છે; પણ કદાચ તેને તેવો અનુભવ થયો હશે; પણ પોતે પરદેશી તથા વિધર્મી હોવા છતાં તેનું સ્વાગત કર્યું હતું તેની પણ તે નોંધ કરે છે.

હ્યુ-એન-સાંગ ત્યાંથી વલ્લભીપુરથી ૧૪૦ માઇલ લગભગ દૂર આવેલા આનંદપુરમાં ગયેલો. આનંદપુર પણ બૌદ્ધ લોકોનું મહત્ત્વનું સ્થાન હતું તેમ જણાય

---

૧. ક્ષત્રિય-ભત્રીજો, ભાણેજ માટે અંગ્રેજીમાં એક શબ્દ છે. કદાચ મૈત્રકો માળવાના ભાણેજ હશે.

૨. ઇ. સ. ૬૩૬.

૩. કાન્યકુબ્જ.

૪. ધ્રુવસેન.

૫. ત્રિરત્ન.

૬. અરહત ઓચેલો એટલે આચાર્ય હશે. શ્રી ગિરિજાશંકર આચાર્ય તેને દુદાએ બંધાવ્યો તે મઠ માને છે. (જુઓ ગુજરાતના ઐતિહાસિક લેખો. પા. ૩૯) પણ ડૉ. બુલ્હર જેને, ધ્રુવસેન રજાનું તામ્રપત્ર વાંચ્યુ હતું તે આધારે, "આથર્" ગણે છે.

છે. આ આનંદપુર વડનગર નહિ પણ ચોટીલા પાસે આવેલું આણંદપુર હોવા સંભવ છે.[૧] ત્યાં પણ પર્વતોમાં બૌદ્ધ વિહાર હોવા સંભવ છે. ત્યાં પણ તેણે જુદું રાજ્ય હોવાનું લખ્યું છે. સંભવ છે કે આ આનંદપુરમાં વલ્લભીનો ખંડિયો રાજા હશે. તેનો વિસ્તાર તેણે ૪૦૦ માઇલનો લખ્યો છે અને રાજધાનીનો વિસ્તાર ૫ માઇલનો જણાવેલ છે. ત્યાં પણ લોકો બૌદ્ધ ધર્મ તેમજ અન્ય ધર્મોને માનતા હતા અને ચીંગલીંયાગ પુ (નિકાયા અર્થાત્ સામતિયા સંપ્રદાય)ના ગ્રંથોનું અધ્યયન કરે છે અને હીનયાન મતના છે તેમ પણ તે નોંધે છે.

સેનાગજ : ધ્રુવસેન ૨ જાનો યુવરાજ સેનાગજ ધ્રુવસેનની હયાતીમાં ગુજરી ગયો તેની નોંધ તેના કુટુંબના કેટલાક પ્રસંગો સાથે કલ્પસૂત્રકારે[૨] કરી છે. તેનાથી ધ્રુવસેન તેનાં અંતિમ વર્ષોમાં ઘણો નિરાશ થઇ ગયેલ તેમ જણાય છે.

ધરસેન ૪ થો : ઇ. સ. ૬૪૨ થી ૬૫૦.

પિતાના વિજયોના પરિણામે ધરસેન ૪ થો ધ્રુવસેન ૨ જાના મૃત્યુ પછી ગાદીએ આવ્યો ત્યારે એક મહારાજ્યનો સ્વામી હતો. માળવા–રાજસ્થાન–ગુજરાત[૩] સૌરાષ્ટ્રનું રાજ્ય તેના આધિપત્યમાં હતું, તેથી તેણે "પરમ માહેશ્વર પરમ ભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તી" નું બિરુદ ધારણ કર્યું.

આ રાજા પણ વિદ્વાન, શ્રીમંત, દાનેશ્વરી તથા પરાક્રમી હતો; એટલું જ નહિ પણ તે પરમ માહેશ્વર હોવા છતાં તેણે પણ બૌદ્ધ વિહારોને દાન આપ્યું હતું.[૪]

---

૧. ડૉ. બર્જેસનું આ અનુમાન છે. કારણ વડનગર વલ્લભીથી ઘણું દૂર છે.

૨ જૈનોનું "કલ્પસૂત્ર" નામનું પુસ્તક આ આનંદપુરમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ સંવત્ ૯૮૦માં લખ્યું. તે સમયે રાજા ધ્રુવસેન રજો હતો. "સ્ટીવનસન તથા વીન્સેન્ટ સ્મીથ પણ આ વડનગર મહેસાણા પાસેનું નહિ પણ સૌરાષ્ટ્રનું માને છે.

આ ગ્રંથ આનંદનગરમાં લખ્યો તેમ પ્રથમ વ્યાખ્યાનમાં કલ્પસૂત્રમાં લખ્યું છે. 'વડનગર' કૌંસમાં પાછળથી મૂકયું જણાય છે. એટલે તે સમયે વડનગર (આનંદનગર) પ્રસિદ્ધ વિદ્યાધામ હતું. ત્યાં આ ગ્રન્થ લખાયો હોય તે અસંભવિત નથી. યુરોપીય વિદ્વાનો તેને આણંદપુર માને છે. આ ગ્રંથ લખી વંચાવી ભદ્રબાહુ સ્વામીએ ધ્રુવસેનનો ખેદ દૂર કર્યો; "કલ્પસૂત્ર" સુખબોધિકા (ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ.)

૩. હીસ્ટોરીકલ ઇન્સ. ઓફ ગુજરાત પુસ્તક ૧માં સં. ૩૩૦નું તામ્રપત્ર શ્રી આચાર્યે પ્રસિદ્ધ કર્યું છે. તે ધરસેન ૪થા એ ભરૂચ (ભરૂકચ્છ) મુકામેથી કરી આપ્યું છે. તેમાં ખેડાના ગામ કૈલંબના બ્રાહ્મણને દાન આપ્યાનો ઉલ્લેખ છે. એટલે ભરૂચ ધરસેનના સામ્રાજ્યનો ભાગ હતો તે સિદ્ધ થાય છે. ગુર્જર રાજાઓ તેના સામંતો હતા.

૪. તામ્રપત્રો : સદર.

એના સમયમાં તેના પિતામહ (ખરગ્રહ ૧ લા)ના ભાઇનો પુત્ર ડેરભટ હયાત નહિ હોય અને તેના પુત્રો શીલાદિત્ય, ખરગ્રહ ૨ જો તથા ધ્રુવસેન, દૂતક તરીકે જુદા જુદા પ્રાન્તોમાં નિમાયેલા હશે તેમ જણાય છે, એટલું જ નહિ પરંતુ ખેટક[1](ખેડા) જેવા દૂરના સ્થળે તેણે રાજ્યપુત્રી ભૂપાને દૂતક નીમી હતી.[2] એક સ્ત્રી આવા જવાબદારીભર્યા હોદ્દા ઉપર નિમાઇ હોય તેવો કદાચ ઇતિહાસમાં આ પહેલો પ્રસંગ છે.

આ સિવાય તેના સામ્રાજ્યના કે અંગત જીવનના પ્રસંગો કાંઇ નોંધાયા હોવાનું જણાતું નથી.

**ધ્રુવસેન ૩ જો** : (ઇ. સ. ૬૫૦ થી ૬૫૪)

ધરસેન ૪ થા પછી શીલાદિત્ય ૨ જો કે જેના "પિતામહના ભાઇના પુત્રનો પુત્ર" થતો તે કુટુંબપ્રણાલિકા વિરુદ્ધ કનિષ્ઠ ભાઈ હોવા છતાં ગાદીએ આવ્યો. મહારાજા ધરસેન ૩ જા ના સમયમાં તે ખેટક–ખેડામાં દૂતક હતો.

તેના સમયના નોંધવા યોગ્ય કાંઇ પ્રસંગો જાણવામાં આવ્યા નથી. તે ગાદીએ આવ્યો ત્યારે વૃદ્ધ વયને પ્રાપ્ત કરી ચૂકયો હતો અને માત્ર ચાલુ રાજ્ય-તંત્ર વહન કર્યા સિવાય કાંઇ કર્યું હોવાનું જણાતું નથી.

**ખરગ્રહ ૨ જો** : ઇ. સ. ૬૫૪ થી ૬૫૯.

શીલાદિત્ય પછી "ધર્માદિત્ય" નામ ધારણ કરી ખરગ્રહ ૨ જો ગાદીએ આવ્યો.

તેના સમયથી ચક્રવર્તીનું બિરુદ બંધ પડયું જણાય છે. તેથી વલ્લભી સામ્રાજ્યની સત્તા ઓછી થતી જતી હતી તેમ જણાય છે. તે પરમ માહેશ્વર હતો. અને દાન આપવામાં પૂર્વજોની પ્રણાલિકાને અનુસર્યો હતો.

ખરગ્રહ પણ વૃદ્ધાવસ્થામાં ગાદીપતિ થયો હતો અને માત્ર પાંચ વર્ષ રાજ્ય ભોગવી ગુજરી ગયો.

ખરગ્રહ ધર્માદિત્ય ધ્રુવસેન ૩ જાનો મોટોભાઇ હતો; છતાં તે ગાદીએ કેમ આવ્યો તે સમજાતું નથી. કદાચ બંડ કરીને આવ્યો હોય, કદાચ રાજ્યનું વાતાવરણ એવું હોય કે નાનાભાઇને ગાદી આપવી પડી હોય; પરંતુ શીલાદિત્ય ૪ થાના સં.

---

૧. તામ્રપત્રો સદર. સં. ૩૩૪–સં. ૩૨૬ શીલાદિત્ય, ધરસેન ૩ જો દૂતક હતો. જુઓ સં. ૩૩૦નું તામ્રપત્ર.

૨. તામ્રપત્રો સદર. સં. ૩૩૦ ભૂપા ધ્રુવસેન ૩ના ભાઇ સેનાગજની પુત્રી હશે અથવા સામંતને પરણાવી હશે.

૩૭૫ના[૧] તામ્રપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. તેને રાજ્યશ્રી અર્પતા મહાન નૃપમંડળનો સ્વીકાર કર્યો હતો. એટલે તે સાધુવૃતિમાં પરોવાયેલો હતો પણ આગ્રહથી રાજ્યપદ ધારણ કર્યું હતું.

**શીલાદિત્ય ૨ જો** : ઈ. સ. ૬૫૯ ? શીલાદિત્ય બીજો ગાદીએ આવ્યો હતો કે કેમ તે જ શંકા છે. તામ્રપત્રોનો અભ્યાસ કરતાં તે ખરગ્રહનો અગ્રજ એટલે મોટોભાઈ હતો. એટલે શીલાદિત્ય ખરગ્રહથી પણ મોટો હતો; છતાં તેને રાજા તરીકે ગણ્યો છે.[૨] તેને પણ પરમ માહેશ્વર પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી. આપપાદાનુધ્યાત કહ્યો છે. શ્રી અપ્પ તામ્રપત્રોમાં બ્રાહ્મણનું નામ જણાય છે. પણ બુદ્ધ ભગવાનનું એક નામ બાપદેવ છે. એટલે શીલાદિત્ય પરમ માહેશ્વર હોવા છતાં બૌદ્ધ ધર્મમાં રાગ રાખતો હશે. એમ જણાય છે; અને શીલાદિત્ય તો નાની ઉમરનો હશે માટે સાધુજીવનમાંથી સંસારમાં આવી રાજ્ય કર્યું હશે તેમ જણાય છે.

તે માત્ર એક જ વર્ષ રાજ્ય કરી મૃત્યુ પામ્યો હોવાનું જણાય છે. તેનું કોઇ તામ્રપત્ર કે શિલાલેખ ઉપલબ્ધ નથી. માત્ર તેના પુત્ર અને અનુગામી શીલાદિત્યના તામ્રપત્રમાંથી તેની આટલી પણ હકીકત મળે છે.

શીલાદિત્યે પોતાનું નામ સેવાદિત્ય રાખ્યુ હતું.

**શીલાદિત્ય ૩ જો** ( ઈ. સ. ૬૫૯ થી ઈ. સ. ૬૮૯ ).

શીલાદિત્ય ૩ જો યુવાન વયે ગાદી ઉપર આવ્યો. તેણે પણ તેના બિરુદમાં ચક્રવર્તી સિવાયનાં બધાં બિરુદો જાળવ્યાં છે. તેણે ગાદીએ બેસી હરાદિત્ય એવું નામ ધારણ કરેલું.

શીલાદિત્ય પરમ માહેશ્વર હતો. તેણે વેદના જ્ઞાતા બ્રાહ્મણોને દાન આપ્યાં હતાં; પણ તે સાથે પ્રજાનો એક વર્ગ બૌદ્ધ ધર્મ પાળતો તેને પણ રાજ્યની ઊપજમાંથી ઘણું દાન આપેલું. દુટ્રા વિહારની સમીપે કુઠકુરાણક ગામમાં આચાર્ય ભિક્ષુ વિમલગુપ્તે બંધાવેલા બૌદ્ધ મઠને તેણે ગામ આપ્યું હતું. તે તેનું ઉદાહરણ છે.

શીલાદિત્યના સમયમાં વલ્લભી સામ્રાજ્યના સીમાડા દબાતા ગયા જણાય છે. દક્ષિણ લાટના ચૌલુકય રાજાઓ બળવાન થઇ ગયા હતા. સમ્રાટ વિક્રમાદિત્યનો

---

૧ શીલાદિત્ય ૪થાનું તામ્રપત્ર સ. ૩૭૫ (ઇ. સ. ૬૯૪) જુઓ આચાર્ય હી. ધ. ઓ. ગુ. ભા. ૧ પા. ૧૪૯

૨ શીલાદિત્ય ૩જાનું તામ્રપત્ર સ. ૩૪૨ (ઇ. સ. ૬૬૧) જુઓ આચાર્ય હી. ધ. ઓ. ગુ. ભા. ૧ પા. ૨૧૪ તથા શીલાદિત્ય ૫માનું સ. ૪૦૩નું તામ્રપત્ર આચાર્ય ૧. પા. ૨૭૩

૩ તામ્રપત્ર સં. ૩૫૬ (ઇ. સ. ૬૭૫)નું આચાર્ય.

તામ્રપત્ર સં. ૩૬૫ (ઇ. સ. ૬૮૪)નું

ભાઈ ધારાશ્રય જયસિંહવર્મા અને તેના પુત્રો શ્રાશ્રય શીલાદિત્યે સ્વતંત્ર રાજા તરીકે રાજ્ય કરવા માંડયું અને નર્મદા સુધીનો પ્રદેશ પોતાની આણ નીચે આણ્યો હોવાનું જણાય છે. પણ ખેડા સુધીનો પ્રદેશ વલ્લભી રાજાઓના અધિકારમાં હતો તે તેનાં દાનપત્રોથી જણાય છે. આ રાજાના સમયમાં તેના સામંત પંચાસરના જયશિખર ચાવડા ઉપર ભુવડ સોલંકીએ ચડાઇ કરી અને સામંત જયશિખર રણમાં પડયો. પંચાસરનું રાજ્ય સોલંકીઓના અધિકાર નીચે આવ્યું. (ઇ. સ. ૬૮૬)

**શીલાદિત્ય ૪થો** : (ઇ. સ. ૬૮૯ થી ઇ. સ. ૭૦૯).

શીલાદિત્ય ૩ જાનો પુત્ર શીલાદિત્ય ૪ થો સૂર્યાદિત્યનું નામ ધારણ કરી પિતાના રાજ્યાસને બેઠો. તે પણ પરમ માહેશ્વર હતો; પણ તેણે ધાર્મિક રાજ્યની નીતિની પ્રણાલિકા જાળવી રાખી હતી.

તેના સમયમાં ગુર્જરોએ માથું ઊંચું કર્યું અને કદાચ તેઓ દક્ષિણ લાટના ચૌલુક્યો સાથે ન ભળે તે માટે તાત્કાલિક સામંત રાજા જયભટ્ટને મહા સામંતાધિપતિ બનાવ્યો હોવાનું જણાય છે. આ ગુર્જર રાજાઓ સાથે તેમના ખાસ સામંતો હતા; એટલું જ નહિ પણ તેમની સાથે લગ્નસંબંધથી જોડાયેલા હતા તેમ જણાય છે.

**શીલાદિત્ય ૫ મો** : (ઇ. સ. ૭૦૯ થી ઇ. સ. ૭૩૦).

શીલાદિત્ય ૫મો તેના પિતાની ગાદીએ સોમાદિત્ય નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેના પિતાની હયાતીમાં તે દ્યૂતક તરીકે રહ્યો હતો.[૧] તે પોતાના બિરુદમાં પોતાને "પરમ માહેશ્વર પરમ ભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી બપ્પનો પાદાનુધ્યાત પરમ ભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી શીલાદિત્ય." લખાવે છે.[૨] તેનો અર્થ એ થાય છે કે તેણે શ્રી બાપદેવ એટલે બુદ્ધદેવને રાજ્ય અર્પણ કરી તેના નામે રાજ્ય કરવાનું યોગ્ય ધાર્યું હોય.[૩]

જાઇક : આ રાજાના અમલમાં સૌરાષ્ટ્રમાં તેમની સત્તા નબળી પડી હોય તેમ જણાય છે. સૌરાષ્ટ્રના ભૂમિલિકામાં અન્ય રાજા રાજ્ય કરતો. તે ગુપ્ત સંવત્ને બદલે વિક્રમ સંવત્નો સ્વીકાર કરી, વિ. સં. ૭૯૪ (ઇ. સ. ૭૩૯)માં સૂર્યગ્રહણનું ભૂમિદાન બ્રાહ્મણને આપે છે. તેમાં તે પોતાને સૌરાષ્ટ્ર મંડળનો અધિપતિ પરમ ભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી. જાઇકદેવ તરીકે ઓળખાવે છે.

---

૧. :જુઓ તામ્રપત્રો શીલાદિત્ય ૪ થાનાં સ. ૩૭૫–૩૭૬. આચાર્ય ભાગ ૧, પાનું ૨૫૫ તેમાં રાજપુત્ર ખરગ્રહ નામ છે. આ શીલાદિત્યનું મૂળ નામ ખરગ્રહ હશે.

૨. સં ૪૦૩નું તામ્રપત્ર, સદર

૩. હમણાં પણ ઉદયપુરના માલીક એકલિંગજી તથા દીવાન મહારાણા છે તેમ.

વલ્લભી રાજાઓની પડોશમાં જ શ્રી જાઈકિદેવ "ભૂમિલિકા" ભુંભલી વા ઘુમલીમાં રહેતાં હોય અને તેણે મહારાજાધિરાજનું બિરુદ લખ્યું હોય તો તેમાં બે શંકા થાય છે. એક તો એ કે તેણે વલ્લભી રાજાઓથી પોતાની સ્વતંત્રતા જાહેર કરી હતી. અને બીજી શંકા એ કે વલ્લભી રાજાઓએ વિવેક ખાતર આવા બિરુદનો ઉપયોગ કરવા દીધો હતો.

પ્રથમની શંકા નિર્મૂળ જણાય છે; કારણકે આપણે આગળ જોઇશું તેમ માળવા સુધી શીલાદિત્યોનો અધિકાર હતો, તો પોતાની બાજુમાં જ કોઇ રાજાની સ્વતંત્રતા તેઓ રહેવા દઇ શકે નહિ. વળી તેણે સૌરાષ્ટ્ર મંડળનો અધિપતિ એવા શબ્દો વાપર્યા છે એટલે તે માંડલિક હતો. બીજી શંકા પરત્વે પોતાના આવા મોટા મંડલેશ્વરને વલ્લભી રાજાઓ 'મહાસામંતાધિપતિ મહારાજા' એવા ઇલ્કાબ આપતાં હોય તે સંભવ છે.

**અરબ ચડાઈ:** ઇ. સ. ૭૩૪–૭૩૫ માં વલ્લભીપુરના પતનના શ્રીગણેશ મંડાયા. સામંતો બળવાન થતા જતા હતા. અને વલ્લભી રાજાઓ તેમને અંકુશમાં રાખી શકે તેમ હતું નહિ. તેવી સ્થિતિમાં ખલીફા હાસમના સેનાપતિ જુનાઇદે પ્રબળ સૈન્ય સાથે ભારત ઉપર ચડાઇ કરી. તેણે સિંધ, ગુજરાત, કચ્છ, ચિતોડ[1] અને સૌરાષ્ટ્રનાં રાજ્યોને ધમરોળી નાખ્યાં. વલ્લભીની સાથે ગુર્જર રાજા જયભટ્ટ ચોથો તેની સહાય માટે ગયો હતો.[2] પણ જુનાઇદ તેના કાર્યમાં સફળ થયો.

**ચાવડાઓ :** આ સમયમાં ચાવડાઓ પ્રબળ થવા માંડયા. તેઓની મૂળ રાજધાની દીવ ટાપુમાં હતી. માંગરોળ, સોમનાથ વગેરે સાગરકિનારો તેઓના અધિકાર નીચે હતો; પણ ત્યાંથી તેઓ કેવી રીતે અને શા કારણે ખસ્યા તે જાણવામાં આવતું નથી. પણ ઈ. સ. ૭૦૪ લગભગ પંચાસરમાં જયશિખર યા જયશેખર ચાવડો રાજ્ય કરતો હતો. તે વલ્લભી રાજાઓનો સામંત હતો.

જયશેખરના રાજ્યકવિ શંકરે, મારવાડમાં આવેલા કલ્યાણનગરના સોલંકી રાજા ભુવડના દરબારમાં જઇ પોતાની તેમજ પોતાના રાજાની પ્રશંશા કરી. તેનાથી ઉશ્કેરાઇ જઇ ભુવડે એક પ્રબળ સૈન્ય લઇ તેના ઉપર ચડાઈ કરી. પંચાસર પડયું અને ભુવડે પંચાસર ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો

જયશેખરની રાણી રૂપસુંદરી સગર્ભા હતી. તે તેના ભાઇ સુરપાળની સહાયથી નાસી છૂટી હતી અને વનમાં તેણે પુત્રને જન્મ આપ્યો. તે શીલગુણસૂરિમતિના આશ્રય નીચે દસાડા તાલુકાના ગામ વણોદમાં મોટો થયો. પછી તેણે સ્વરાજ્ય પુનઃપ્રાપ્ત કરવા બહારવટું આરભ્યું. વાર્તાકાર તેના બહારવટાના ક્ષેત્રમાં સૌરાષ્ટ્ર

---

૧. આ સમયે ચિત્તોડનો રાજા ધવલપાલદેવ હતો.

૨. જુનાઇદે, અરબ ઇતિહાસકાર બલ્દુરીના કહેવા પ્રમાણે, નીચેનાં શહેરો જીત્યાં હતાં.

૧. ઉજ્જૈન (ઉજ્જેન) ૨. બહારીબાદ (?) ૩. સલકારજ (કનોજ) ૪. મીરમદ (?) ૫. અલમંડલ (?) ૬. દહાનેજ (ધીનોજ) ૭. બરવાસ (વઢવાણ) ૮. અલ બૈલાયન (વલ્લભીપુર કે વેરાવળ) ૯. અલ નુરજ (ભરૂચ)

ડૉ. સાંકળિયા (આર્કિઓલોજી ઓફ ગુજરાત) માને છે કે આ ચડાઇ ગુર્જર પ્રતિહાર રાજા ભોજના સમયમાં થઇ હતી. વલ્લભી અને સમકાલીન રાજાઓના ઇતિહાસમાં આ ચડાઈનો ઉલ્લેખ નથી.

ગણાવે છે. એટલે કેમ જાણે ભુવડે સૌરાષ્ટ્ર પણ જીત્યું હોય ! ભુવડને પરાજિત કરવા તે શા માટે સૌરાષ્ટ્રમાં રખડતો હોય તે સમજાતું નથી.

ભુવડ : ભુવડે[૧] માત્ર શંકર કવિએ તેના રાજા તથા દેશનાં વખાણ કર્યાં તેથી જ ઉશ્કેરાઇ ચડાઇ કરી તે સંભવતું નથી. પરંતુ તેમાં બીજાં કારણ હોવાં જોઇએ. એમ જણાય છે કે કનોજરાજ રાષ્ટ્રકૂટ આમ (?) રાજાએ પોતાનો બ્રાહ્મણ ધર્મ ત્યાગી બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો અને પોતાની એક પુત્રી વલ્લભી રાજા ધ્રુભટ (શીલાદિત્ય ૭મો) અને બીજી લાટના રાજાને પરણાવી અને તેઓને પણ બૌદ્ધ-ધર્મી બનાવ્યા. શીલાદિત્યની રાણીનું નામ રત્નગંગા હતું. તેને ગુજરાત કરિયાવરમાં આપ્યું. ગુજરાતના ગુર્જરવંશી રાજાઓએ બ્રાહ્મણોને દાનમાં આપેલી ભૂમિ ઉપર વલ્લભી રાજાએ કર નાખ્યો. તે માટે તેઓ કનોજ ગયા, પણ કોઇએ સાંભળ્યું નહિ. તેથી તેઓ પંચાસર આવ્યા, ત્યાં જયશિખર વા જયશેખરને મળ્યા. તે બ્રાહ્મણધર્મી હતો. તેણે ગુજરાત ઉપર ચડાઇ કરી ગુજરાત જીતી લીધું. તેથી ધ્રુભટ (વલ્લભી) રાજાએ કનોજની સહાય માગી અને તેણે મોટી સેના લઇ પંચાસરને ઘેરો ઘાલ્યો. પંચાસર પડયું અને જયશિખર મરાયો.[૨] ભુવડ કદાચ કનોજના રાજાના કહેવાથી આવ્યો હશે.

---

૧. (અ) વિ. સં. ૧૧૩૩ (ઇ. સ. ૧૦૭૬) અને સં ૧૧૮૩ (ઇ. સ. ૧૧૨૬) દરમ્યાનમાં દક્ષિણના કલ્યાણનગરમાં ચૌલુક્ય (સોલંકી) રાજા વિક્રમાદિત્ય છઠ્ઠો રાજ્ય કરતો હતો. (ગૌ. હી. ઓઝા.)

(બ) મદ્રાસ રાજ્યમાં વિશાખાપટ્ટમ્ જીલ્લાના જયપુર રાજ્યમાં ગુણપુર તથા મોડગુલા હજી પણ સોલંકીના છે.

(ક) લુણાવાડા–પેથાપુર, રેવા, કોઠ, ગાંગડ, સાણુંદ, સૌરાષ્ટ્રમાં બંધિયા (ગોંડળ) ભીમાનું ગામ (હાલાર) હજી પણ વાઘેલા સોલંકીઓનાં છે.

તેઓનું મૂળ નિવાસસ્થાન લોકોટ (લાહોર) હતું. દક્ષિણના સોલંકીઓનો મૂળપુરુષ જયસિંહ ઇ. સ. ૫૦૭માં રાજ્યપતિ થયો હતો, જે મૂળરાજ સોલંકીનો મૂળપુરુષ હતો. ચૌલુક્ય (સોલંકી)ની ૧૬ શાખાઓ છે. (ટોડ રાજસ્થાન ૧)

ગુજરાતના કલચુરી રાજા બુદ્ધરાજને ૭મી સદીના પ્રારંભમાં ચાલુક્ય રાજા મંગલસેને હરાવ્યો હતો અને તે દક્ષિણ ગુજરાતનો સ્વામી બન્યો હતો. તે જ વંશના પુલકેશી રાજાએ મહારાજા હર્ષવર્ધનને પાછા ફરવા ફરજ પાડી હતી (ઇ. સ. ૬૩૦). તે વંશનું રાજ્ય નવસારીમાં ઇ. સ. ૭૩૯–૭૪૦ લગભગ સ્વતંત્રપણે રહ્યું; અને ઇ. સ. ૭૪૨માં ખલીફા હાસમના સેનાપતિ જુનાઇદને પણ પુલકેશી જનાશ્રયે હરાવ્યો હતો.

ઉત્તરમાં તેઓનાં ઘણાં રાજ્ય હતાં. તેના રાજાઓ બલવર્મા અને અવનિવર્મા હતા.

ભુવડ એ પ્રકારે આખા ભારતના ઉત્તરદક્ષિણમાં ફેલાએલા સોલંકી રાજ્યોમાંના એક કલ્યાણનગરનો રાજા હતો.

૨. શ્રી. વૃજલાલ કાલિદાસ શાસ્ત્રી (રાસમાળા ભાષાંતર) : આ વાત કાંઇ સમજાતી નથી. ભુવડ સોલંકી હતો, કલ્યાણપુરનો હતો. વળી આ સમયમાં ધ્રુવભટ ગાદી ઉપર આવ્યો ન હતો.

ભુવડની ચડાઇ કઇ સાલમાં થઇ તે જણાતું નથી. પણ અણહિલપુર પાટણ ઇ. સ. ૭૬૪માં વસ્યું.[૧] અને વનરાજે ૫૦ વર્ષ સુધી બહારવટું કર્યું તેમ ઇતિહાસે હકીકત નોંધી છે.

એટલે પંચાસર ઇ. સ. ૭૧૪માં જિતાયું હોય તેમ જણાય છે અને શીલાદિત્ય ૬ઠ્ઠાના સમયમાં વનરાજ ચાવડો પંચાસરનું રાજ્ય સોલંકી પાસેથી પુનઃપ્રાપ્ત કરી અણહીલપુર પાટણ વસાવે છે. ત્યાં સુધી વલ્લભી સમ્રાટ ચૂપ બેસી રહે છે તે વસ્તુ બતાવે છે કે વલ્લભી રાજ્યોની સત્તા ક્ષીણ થતી ચાલી હતી.[૨]

**રાષ્ટ્રકૂટો :** રાષ્ટ્રકૂટો(રાઠોડો)એ લાટ ઉપર સવારીઓ કરવા માંડી ને લાટનો ઘણોખરો ભાગ દબાવી દીધો. શીલાદિત્ય ૫માના સમયમાં તો લાટ લગભગ રાઠોડોના અધિકારમાં આવી ગયું હતું.[૩]

**પારસીઓ :** પારસીઓ આ રાજાના સમયમાં ઇરાન છોડી ભારતમાં આવ્યા. તેઓ સંજાણમાં ઇ. સ. ૭૧૬માં ગયા તે પહેલાં ૨૦ વર્ષ દીવમાં રહ્યા અને તેથી તેઓ ભારતમાં પ્રથમ ઇ. સ. ૬૯૬માં આવ્યા હોવાનું જણાય છે. દીવ તે સમયે વલ્લભી સામ્રાજ્યનો ભાગ હતો.[૪]

શીલાદિત્ય ૫મો ઇ. સ. ૭૩૯ લગભગ ગુજરી ગયો અને તેની ગાદી ઉપર તેનો પુત્ર શીલાદિત્ય ૬ઠ્ઠો બેઠો.

**શીલાદિત્ય ૬ઠ્ઠો :** ઇ. સ. ૭૩૯ થી ઇ. સ. ૭૬૫.

પિતાના રાજ્યાસને શીલાદિત્ય ૬ઠ્ઠો આવ્યો, પણ તેને વેરાન થયેલું, પદ્દલિત થયેલું અને સામંતોના અસહકાર અથવા વિરોધવાળું રાજ્ય વારસામાં

---

૧. પ્રબંધચિંતામણિ આ વર્ષ સં. ૮૦૨ (ઇ. સ. ૭૪૫)નું આપે છે. પણ વિચારશ્રેણીમાં તે જ કર્તા આ વર્ષ સં. ૮૨૧ (ઇ. સ. ૭૬૪)નું આપે છે. (ગૌ. હી. ઓઝા.)

૨. ઓમ્બે ગેઝે. વો. ૧ પા. ૧૫૫ ઉપર ડૉ. ભગવાનલાલ લખે છે કે પાટણના ચાવડા રાજાઓનો ઇતિહાસ જૈન ઇતિહાસકારોએ ઉપજાવી કાઢેલો છે અને વિશ્વાસપાત્ર નથી. યોગરાજ ચાવડો દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચાવડા વંશનો હશે. ચાવડાઓ કનોજના પ્રતિહારોનુ સાર્વભૌમત્વ પણ સ્વીકારતા હશે. (આચાર્ય : હી. ઇ. ઓ. ગુ. ભાગ ૩, પા. ૪).

૩. ડૉ. સાંકળિયા માને છે કે દંતિદુર્ગે મધ્ય ભારત ઉપર ચડાઇ કરી ત્યારે લાટ જીતી લીધું અને મહી નદી સુધીનો પ્રદેશ સ્થાપિત કર્યો હતો. લાટના રાજાઓ આ સમયે ગુર્જર પ્રતિહાર નાગભટ્ટ ૧લા નીચેના ચૌહાણ હશે. (આર્કિઓલોજી ઓફ ગુજરાત).

૪. પારસીઓના આગમનનો ઇતિહાસ રસિક છે. પણ સૌરાષ્ટ્રના ઇતિહાસને તેની સાથે સીધો સંબંધ નથી, એટલે આટલી જ નોંધ લેવામાં આવે છે. વિશેષ માટે જુઓ 'કીસ્સ એ સંજાણ' શ્રી પોચખાનાવાલા.

મળ્યું. એમ જણાય છે કે શીલાદિત્યે તેના રાજ્યઅમલના પ્રારંભનાં વર્ષો તો સામન્તોને નમાવવામાં કાઢયાં, પણ અણહિલપુર પાટણનો વનરાજ તેનો સામન્ત અન્યો હોવાનું જણાતું નથી.

**વનરાજ ચાવડો :**[1] વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણ વસાવી ગુજરાતના રાજ્યકર્તાની જેમ રાજ્ય કરવા માંડયું અને વઢવાણના ચાપોત્કટ(ચાવડા)[2]ના સહકારથી તેણે સૌરાષ્ટ્રના વર્તમાન ઝાલાવાડ પ્રદેશથી મહી નદીના કાંઠા સુધીનો પ્રદેશ સર કરી લીધો. વનરાજે એ રીતે વલ્લભીના સુવર્ણથાળમાં લોઢાની મેખ

---

૧. ચાવડા લોકો માત્ર સૌરાષ્ટ્રમાં જ હતા. તેઓનું સૌરાષ્ટ્ર બહાર કંઈ નામ સાંભળાતું નથી. તેઓની રાજધાની દીવમાં હતી. તેઓ ચાંચિયાગીરી કરતા; તેથી સમુદ્રે દીવને બોળી દીધું તેમ નોંધ છે, પણ તે આપણી પુરાણોની વાત જેવી. ખરી રીતે તેઓને વલ્લભીના કે ક્ષત્રપોની પહેલાં આ સ્થળેથી પરાજિત થઇ ખસી જવું પડયું હશે. ચોરવાડ (ચોરાવાડ) અને માંગરોળ પણ તેના અધિકારમાં હતાં. સોમનાથ પાટણ પણ તેનું હતું. વનરાજ સ્વાધીનતા જાહેર કરી પ્રથમ સોમનાથમાં પાટે બેઠો હતો. મેવાડના રાજાઓએ તેમને સહાય કરી હતી અને તેમનાં બોવાયેલાં ગામો પાછાં અપાવ્યાં હતાં. (ટોડ)

વનરાજે અતિ શ્રમ કરી પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવી અણહિલપુર વસાવ્યું. તેનું એક કવિત છે. તેમાં તેને પરમારવંશી કહ્યો છે.

પ્રથમ ચાલ ચડેશ શબ્દગણ સેણ સુણાવો
અરબુદ દીધી આણ, હેમ ઓતર દશ આયો
પરવરિયો પરમાર, વાસ ભિન્નમાલ બચાયો
નવકોટિ કર નેત્ર, મેત્ર જાગણો બસાયો
ભોગવે ભોગ શત્રુ તણા રણાયણ તણો રાખિયો રંગ
વજરાજ કુંવરે વાશિયો દશમો અલહણપુર દુરંગ,

'રાસમાળા' પ્રમાણે તેમજ 'રત્નમાળ' પ્રમાણે ચાવડા સિંધુ નદીની પશ્ચિમેથી આવ્યા. તેઓ ચંદ્રવંશી કે સૂર્યવંશી નથી. તેઓએ દેવપાટણ તથા સોમનાથ જીત્યાં. (દેવપાટણ તે જ સોમનાથ પાટણ). જયશિખરનો (અથવા જસરાજ)નો બાપ વલ્લભીનો ખંડિયો હશે. તેમના શહેરનો નાશ થયા પછી તેઓ પંચાસરમાં વસ્યા. પંચાસર હાલ મોજૂદ છે.

૨. વઢવાણમાં ધરણીવરાહ નામનો રાજા સં. ૮૩૬ (ઇ. સ. ૭૮૦) માં હયાત હતો.

મારી.[૧] એ સમયે ભરૂચમાં ચૌહાણ સામન્તોએ આરબોએ કબજે કરેલા ભરૂચને ગુર્જર પ્રતિહારો કે અવન્તીના રાજાઓની સહાયની પુનઃ સર કરી પોતાનું આધિપત્ય સ્થાપ્યું.

જેઠવા.[૨] : આ સમયે જેઠવા રાજાઓએ માથું ઊચકયું. આગળ જોયું તેમ ભૂમિતિકાના પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમ માહેશ્વર જાઇકદેવે સ્વતંત્ર રાજા તરીકે અમલ શરૂ કર્યો. જોકે તે સૌરાષ્ટ્ર મંડલનો અધિપતિ હતો; પણ વલ્લભીઓનું સાર્વભૌમત્વ તેણે સર્વાંશે સ્વીકાર્યું હોવાનું જણાતું નથી.

પ્રદેશો : જ્યારે સૌરાષ્ટ્ર–ગુજરાતની આ સ્થિતિ હતી ત્યારે માળવામાં તો વલ્લભીને ગણકારે જ કોણ ? ત્યાં અવન્તીપતિ ચક્રવર્તીપદ ભોગવતો. એટલે વલ્લભીઓ માત્ર થોડા વિસ્તારમાં જ રાજાઓ રહ્યા હતા.

શીલાદિત્યે પોતાના સ્વશાસન માગતા પાડોશીઓને પરાસ્ત કર્યા પણ

---

૧. વનરાજનો જન્મકાળ, રાજ્યાસને આરૂઢ થયાનો કાળ તથા મૃત્યુકાળનો જૈન લેખકોએ તથા ચારણ–ભાટોએ ગોટાળો કરી દીધો છે.

| | |
|---|---|
| | જયશિખરનું મૃત્યુ સં. ૭૫૨ એટલે ઇ. સ. ૬૯૬માં |
| (પ્રબંધચિંતા- | વનરાજનો જન્મ સં. ૭૫૨ એટલે ઇ. સ. ૬૯૬ના વૈશાખ શુદિ ૧૫. |
| મણિ પ્રમાણે) | વનરાજ ગાદીએ સં. ૮૦૨ એટલે ઇ. સ. ૭૪૬. |
| | વનરાજે પાટણ વસાવ્યું સં. ૮૦૨ એટલે ઇ. સ. ૭૪૬. |
| | વનરાજનું મૃત્યુ. સં. ૮૬૨ એટલે ઇ. સ. ૮૦૬. |
| (વિચારશ્રેણી | વનરાજના રાજ્યનો પ્રારંભ. સં. ૮૨૧ એટલે ઇ. સ. ૭૫૪. |
| તે જ કર્તા) | |

વનરાજે ૬૦ વર્ષ રાજ્ય કર્યું. તેનું મૃત્યુ ઇ. સ. ૮૦૬માં થયું હોય તો ગાદીએ ઇ. સ. ૭૪૬માં આવ્યો હોય અને તે વખતે તેની વય ૫૯ વર્ષની હોય.

'રત્નમાળ' પ્રમાણે વનરાજનો જન્મ ૬૯૬માં થયો. 'આઇને અકબરી' પ્રમાણે તેણે ઇ. સ. ૭૪૬માં પાટણ વસાવ્યું. ત્યારે તે ૫૦ વર્ષનો હતો. એટલે તેનો જન્મ ઇ. સ. ૬૯૬માં થયો હોય.

મેરુતુંગ તેનો જન્મ સં. ૭૫૨ (ઇ. સ. ૬૯૬) અને મૃત્યુ સં. ૮૬૨ (ઇ. સ. ૮૦૬)માં કહે છે. (રાસમાળા ફુટનોટ પ્રમાણે) વનરાજ જનમ્યો, ઇ. સ. ૭૨૦; ગાદીએ આવ્યો. ઇ. સ. ૭૬૫ અને મૃત્યુ ઇ. સ. ૭૮૦.

આ સમગ્ર વાતોનો વિચાર કરતાં વિદ્વાન ઇતિહાસકાર શ્રી. ગૌ. હી. ઓઝાએ વનરાજના રાજ્યનો પ્રારંભ અને પાટણનો પાયો ઇ. સ. ૭૬૪માં પડયો હોવાનું સ્વીકાર્યું છે. એ હિસાબે જયશિખરનું મૃત્યુ ઇ. સ. ૭૧૪માં થયું હશે.

૨. જેઠવા પછી આવ્યા. જાઇકદેવ ભુમલીનો રાજા હતો; માટે તેને જેઠવો રાજા કહ્યો છે.

વનરાજ નમ્યો હોવાનું મનાતું નથી; તેમજ તેણે જાઇકઢેવને હરાવ્યો હોવાનો પણ ઉલ્લેખ નથી. પરંતુ તેણે માળવા ઉપર ઇ. સ. ૭૬૦માં ચડાઈ કરી હતી. તેને એમ હશે કે માળવા જીતવાથી આ રાજ્યો આપોઆપ તાબે થશે. તેણે ગોધરા (ગોદ્રહક)ની વિજયી છાવણીમાંથી એક દાનપત્ર આપ્યું છે.[૧] પણ આ ચડાઇ સફળ થઇ જણાતી નથી. બીજા દેશોના ઇતિહાસમાં પણ આ પ્રસંગ આલેખાએલો નથી. તેથી માત્ર એ જ તાત્પર્ય કાઢવાનું રહે છે કે શીલાદિત્યે તેમાં સખત હાર ખાધી ને તે પાછો ફર્યો. ઇ. સ. ૭૬૫માં આ ભાંગતું રાજ્ય તેના પુત્ર અંતિમ શીલાદિત્યને સોંપી તે સ્વધામ ગયો.

**શીલાદિત્ય ૭ મો** : ઈ. સ. ૭૬૫ થી ઇ. સ. ૭૭૦

શીલાદિત્ય ૭ મો ધ્રુભટ[૨] બિરુદ ધારણ કરી ગાદીએ બેઠો. તેણે માત્ર પાંચ જ વર્ષ રાજ્ય કર્યું. તેણે આનંદપુરની વિજયી છાવણીમાંથી બેડાનું ગામ દાનમાં આપ્યું છે. આ દાનપત્રનું વર્ષ સં. ૪૪૭ (ઇ. સ. ૭૬૬) છે. કદાચ તેના પિતાએ આરંભેલો વિગ્રહ તેણે ચાલુ રાખ્યો હોય. પણ તેમાં તે સફળ થયો કે નહીં તે જણાતું નથી.

**વલ્લભીનું પતન** : આ સમયે સિંધ મુસ્લિમોની હકૂમતમાં આવી ગયો હતો અને ત્યાંનું મનસુરા શહેર અબ્બાસી ખલીફાઓના સૂબાઓનું સિંધનું પાટનગર હતું. ત્યાંથી ધનલાલસાના પ્રબળ આકર્ષણથી આરબોની એક અતુલ સેના વલ્લભીપુર ઉપર ચડી આવી. શીલાદિત્યને તેનો સામનો કરવા પણ સમય મળ્યો નહિ. હુમલો અણચિંતવ્યો આવતાં વલ્લભીપુરના પ્રજાજનો અને સૈનિકો ગભરાઇ ગયાં. યુદ્ધ કેટલું તુમુલ હતું અથવા કેટલો સમય ચાલ્યું તે જણાતું નથી; પણ ખલીફાના સેનાપતિ અમરબીન જમાલના[૩] સૈન્યે શીલાદિત્યનો સંગ્રામમાં વધ કર્યો અને વલ્લભી સામ્રાજ્ય સદાને માટે જગતના ઇતિહાસમાંથી ભૂંસાઇ ગયું.

**પતન પછી** : પતન પછી મુસ્લિમોએ વલ્લભી લૂંટ્યું. સ્ત્રીઓને ઉપાડી જવામાં આવી અને મંદિરોને ગૌરક્ષકોથી રંગી નાખ્યાં. શીલાદિત્ય તેના પુત્રો સાથે રણમાં સૂતો. તેના પ્રધાન વીરગણે પણ સમરભૂમિમાં શય્યા કરી. રાજકુટુંબ ભાગી

---

૧. આચાર્ય : ભાગ. ૩ : પા. ૨૮૦. સં. ૪૪૧ (ઇ. સ. ૭૬૦)

૨. ધ્રુભટ, ધ્રુવભટનું ટૂંકું રૂપ છે. (ડૉ. બુલ્હર) આચાર્ય પણ ધ્રુ એટલે સ્થિર અને ભટ એટલે યોદ્ધો–યુદ્ધમાં સ્થિર રહે તે ધ્રુભટ એ પ્રમાણે કહે છે.

૩. અલબીરૂની.

ગાયીની[1]માં ગયું. ત્યાં પણ મુસ્લિમો પાછળ પડયા અને એક પુત્રી સિવાય આખા કુટુંબને તલ્વારની ધાર નીચે રહેંસી નાખ્યું.[2]

---

૧. ગાયીની તે ખંભાતનું પ્રાચીન નામ છે.

૨. શીલાદિત્યનું પતન લાવવામાં ધુમલીના સૈન્ધવ વંશના રાજા અગ્ગુક ૧ લાનો હિસ્સો હતો તેવી એક માન્યતા છે. તેના પાટવીનું નામ રંક હતું. તેણે વલ્લભીનો વિનાશ કરવા આરબોને નોતર્યા હતા. તેઓ આ ભીષણ હત્યાકાંડ પછી પણ સત્તામાં હતાં. અને તેમનું એક બિરુદ "અમર સમુદ્રાધિપતિ" હતું.

એમ પણ માનવામાં આવે છે કે આ ચડાઇ સમુદ્રમાર્ગે થઇ હતી અને વેરાવળ બંદરેથી આરબ લશ્કરો આવ્યાં હતાં.

પરંતુ આ વિષયમાં કેટલીક દંતકથાઓ પ્રચલિત છે, જે ઐતહાસિક દૃષ્ટિએ બરાબર નહિ હોવા છતાં નોંધવા જેવી છે.

જૈનગ્રંથોમાં "પ્રબંધચિંતામણિ" નામનો પ્રસિદ્ધ ગ્રંથ છે, જે સોલંકીઓના રાજ્ય-અમલના ઇતિહાસ માટે પ્રમાણગ્રંથ માનવામાં આવે છે. તેમાં મારવાડના પાલી ગામનો કાકુ નામે એક વાણિયો તેના ભાઈ પાતાલના કપકાથી ઘર તજી સૌરાષ્ટ્રમાં આવ્યો તેવી વાત છે. તે પ્રમાણે તે વલ્લભીપુર પાસે એક ઝૂંપડામાં રહેતો. એ સમયમાં કોઇ કાપર્ટિક ગિરનારમાં જઇ તૂંબડીમાં સિદ્ધ રસ લઇ આવ્યો. વલ્લભીમાં આવતાં આ તૂંબડીમાંથી શબ્દ નીકળ્યો કે "કાકુય તુમ્બડી". તેથી ગભરાઇને કાકુને ત્યાં તે તૂંબડી મૂકી તે ચાલ્યો ગયો. કાકુએ તૂંબડી ચૂલા ઉપર ટાંગી. તેમાંથી તપેલી ઉપર ટીપું પડતાં તે તપેલી સોનાની થઇ ગઇ. તેથી તેણે ઝૂંપડી તજી શહેરમાં નિવાસ કર્યો અને તે ધનાઢય થયો. પછી ચિત્રકની ગૂંથેલી ઇંઢોણી મળતાં ચિત્રક સિદ્ધિ પ્રાપ્ત થઇ અને સુવર્ણપુરુષ સિદ્ધિ પણ પ્રાપ્ત થઇ, જેથી તે અતિ ધનવાન થયો. કાકુનું નામ કાકુ રંક હતું પણ તે કુબેર જેટલો ધનવાન હતો. તેની પુત્રી એક વખત રત્નજડિત કાંસકીથી માથું ઓળતી હતી. તે લેવા શીલાદિત્યની પુત્રીએ આગ્રહ લીધો. અને કાકુએ રાજીખુશીથી ન આપતાં તે રાજાએ પડાવી લીધી. તેથી રંક આરબોને તેડી લાવવા મનસુરા ગયો. ત્યાંના મુસ્લિમ સૂબાના ચાકરને બક્ષિસ ન મળતાં આરબને સમજાવ્યા કે આવા અજાણ્યા પરદેશીના કહેવાથી જવાય નહિ. રંકે અપાર ધન આપી તે ચાકરને ફોડયો. તેથી તેણે ફરી સલાહ આપી કે મરદ આગળ પગ ભરે નહિ અને ભરે તો પાછા ફરે નહિ. તેથી આરબો વલ્લભી ઉપર ચડયા.

હિંદુઓ પ્રમાણે ધુંધો કોળી સિદ્ધ થયો અને ધુંધલીમલ નામથી પ્રસિદ્ધ થયો. તેણે ચિતોડના રાણાને પોતાના યોગબળથી બે પુત્રો આપેલા. તેમાંના એક પુત્રને પોતે લઇ તેને શિષ્ય બનાવ્યો. તેનું નામ સિદ્ધનાથ રાખ્યું અને પોતે સમાધિ ચડાવી ગયા અને શિષ્યને સદાવ્રત દેવાનું કહેતા ગયા. સિદ્ધનાથે આખું શહેર માંગ્યું પણ એક કુંભારણ સિવાય કોઇએ આપ્યું નહિ. તેથી સિદ્ધનાથે જંગલમાંથી લાકડાં કાપી માથે ભારો ઉપાડી વેચીને બાર વર્ષ સુધી સદાવ્રત ચલાવ્યું. ધુંધલીમલ જાગ્યા ત્યારે ચેલાને માથામાં ભાર ઉપાડી પડી ગયેલું ઘારું દીઠું. તેથી વાત જાણીને તેમને ક્રોધ ચડયો. તેણે કુંભારણને કહ્યું: 'ભાગવા માંડ, વાંસે વળી જોઇશ નહિ.' એટલે તે ભાગી અને ધુંધલીમલે ખપ્પર ઊંધું વાળીને શાપ આપ્યો કે "પટ્ટણ સો દટ્ટણ ઔર માયા સો મોટ્ટો" તેથી વલ્લભી ભૂકંપમાં ગરકાવ થયું. કુંભારણે હાલનું ભાવનગર છે ત્યાં આવી પાછું ફરી

**વલ્લભી સમય :** શકોના શાસનનો અંત આવ્યા પછી ઇ. સ. ૪૮૦ લગભગ મૈત્રકોએ પોતાના શાસનનો આરંભ કર્યો અને તેઓનું આ પ્રદેશ ઉપર ઇ. સ. ૭૭૦ સુધી એટલે લગભગ ૩૦૦ વર્ષ સુધી આધિપત્ય રહ્યું.

---

જોયું. તે ત્યાં પાષાણ થઇ ગઇ જે રૂવાપરી માતા તરીકે ઓળખાય છે. પણ આ વાત ઢાંક (પ્રેર પાટણ) માટે પણ કહેવાય છે.

બીજી વાત શીલાદિત્યના સૂર્યકુંડની છે. આફતને વખતે સૂર્યકુંડમાંથી સૂર્યનો ઘોડો નીકળતો. તેના ઉપર શીલાદિત્ય સ્વાર થઇ લડતો, તેથી તેનો નિત્ય વિજય થતો. કાકુ રંકે આરબોને આ રહસ્ય કહ્યું. તેમણે ગાયો મારીને કુંડમાં નાંખી; તેથી ઘોડો આકાશમાં ઊડી ગયો અને શીલાદિત્ય રણમાં રોળાયો.

શીલાદિત્યના જન્મની પણ એક અદ્‌ભુત વાત શત્રુંજય માહાત્મ્ય નામના જૈનગ્રંથમાં લખી છે. આ ગ્રંથના લેખક ધનેશ્વરસૂરિ હતા તેમણે રાજાને બૌદ્ધ ધર્મમાંથી વાળીને જૈન ધર્મમાં આણ્યો હતો. તે વાત એમ છે કે કૈયર (ખેડા)નગરમાં દેવાદિત્ય નામે બ્રાહ્મણ હતો. તેની સુભગા નામની વિધવા કન્યા હતી. તે સૂર્યના મંત્ર વડે સગર્ભા થઇ. તેથી દેવાદિત્યે તેને એક દાસીની સાથે વલ્લભીપુર મોકલી. ત્યાં તેણે એક પુત્ર તથા એક પુત્રીને જન્મ આપ્યો. આઠ આઠ વર્ષનાં બાળકો થતાં પુત્ર ભણવા ગયો. ત્યાં બાળકને "નમાપો" કહી બીજાં બાળકો ચીડવવા માંડયાં; તેથી તેણે તેની માને તેના બાપનું નામ પૂછ્યું. પણ માએ ઉડાઉ જવાબ આપ્યો. બાળક નિરાશ થયો. તેથી સૂર્યનારાયણે સાક્ષાત્કાર કરાવી કહ્યું કે "આ કાંકરા રાખ". કાંકરા એવા ચમત્કારિક હતા કે જેને મારે તે મરી જાય. તેથી બાળકે એક જણને ક્રોધમાં મારી નાખતાં રાજાને ખબર પડી અને દંડ દેવા બોલાવ્યો; પણ બાળકે રાજાને કાંકરાથી મારી નાખ્યો અને પોતે રાજા થયો. તેનું નામ શીલાદિત્ય હતું. તેની બહેન ભરૂચના રાજાને પરણી અને તેણે જૈન ધર્મ સ્વીકાર્યો.

તેનો પુત્ર મલ્લ થયો. તેણે બાળક વયમાં જ દીક્ષા લીધી. તેણે બૌદ્ધોને શીલાદિત્યની કચેરીમાંથી ચક્રેશ્વરી દેવીની સહાયથી હરાવ્યા અને પોતે મલ્લસૂરિ નામથી પ્રસિદ્ધ થયો. યવનોનું આક્રમણ થયું ત્યારે મલ્લસૂરિ પંચાસર ચાલ્યા ગયા અને શ્રી ચંદ્રમહાપ્રભુ, શ્રી વર્ધમાનદેવ વગેરે મૂર્તિઓને સોમનાથ પાટણ અને શ્રીમાળ તરફ મોકલી દીધી.

આ બધી દંતકથાઓ અપૂર્ણ જ્ઞાને ઉપજાવી કાઢેલી અથવા ધાર્મિક રંગ ચડાવેલી વાર્તાઓના રૂપની છે.

શીલાદિત્ય એક નહિ પણ સાત થયા અને બ્રાહ્મણ કુળમાંથી નહિ પણ મૈત્રક વંશમાં થયા હતા તે વાતનો ઇન્કાર કરી શકાય તેમ નથી.

પ્રબંધચિંતામણિ પ્રમાણે વલ્લભીનો વિનાશ સં. ૪૭૫ (ઇ. સ. ૪૪૯)માં થયો. પ્રબંધકોષના કર્તા રાજશેખરસૂરિજીએ તે વર્ષ સં. ૫૭૩ ( ઇ. સ. ૫૧૭ )નું કહ્યું છે, જ્યારે વિવિધ પ્રબંધકોષના કર્તા શ્રી જિનપ્રબંધસૂરિએ તે વર્ષ સં. ૮૪૫ (ઇ. સ. ૭૮૯)નું આપ્યું છે અને વલ્લભીમાળમાં વલ્લભીનો વિનાશ સં. ૪૪૭ (ઇ. સ. ૭૬૬)માં થયો હોવાનો ઉલ્લેખ છે.

પણ દેશી-પરદેશી ઇતિહાસકારો તથા પ્રાપ્ત થતા પુરાવાઓ ઉપરથી તે વર્ષ ઇ. સ ૭૭૦નું હોવાનું સ્પષ્ટ છે.

શકો જેવા જ મૈત્રકો પણ પરદેશી હતા, પણ તેઓએ આ દેશના વતની થવાનું યોગ્ય ધાર્યું. ધાર્મિક, નૈતિક, સાંસ્કૃતિક અને રાજ્યનૈતિક સંબંધો બાંધી તેઓ સૌરાષ્ટ્રમાં રહી સૌરાષ્ટ્રના શાસકો થયા. તેઓ જે સમયે આ દેશના અધિપતિ થયા ત્યારે વિવિધ જાતિના લોકો ત્યાં વસતા, વિવિધ ભાષાઓ બોલતા અને વિવિધ દેશો સાથે પોતાનો સંબંધ રાખતા, જુદા જુદા વ્યવહારો આચરતા. એવે સમયે મૈત્રકોએ માત્ર ગુપ્ત સંવત્સરને જાળવી રાખ્યો. આ સંવત્સર પાછળથી વલ્લભી સંવત્ થઇ ગયો. પણ તે સિવાય ધર્મ, ભાષા, સંસ્કૃતિ, વ્યવહાર, રાજ્યબંધારણ વગેરે દરેક અંગનું રૂપાંતર કર્યું.

ધર્મ : બૌદ્ધ : અશોકના રાજ્યઅમલમાં બૌદ્ધ ધર્મને બહુ ઉત્તેજન મળ્યું, જેના પરિણામે આ દેશમાં બૌદ્ધ ધર્મનો સારો ફેલાવો થયો. સ્થળે સ્થળે વિહારો અને ચૈત્યો બંધાયા, સાધુઓ અને સાધ્વીઓ ધર્મપ્રચાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવા લાગ્યાં અને બ્રાહ્મણોના મહાપ્રયત્નો છતાં બૌદ્ધ ધર્મ ફેલાતો ગયો. મૈત્રક રાજાઓના સમયમાં તેઓનું પરિબળ હતું. પ્રજાનો મોટો ભાગ બૌદ્ધ ધર્મ પાળતો હોઇ પોતાનો બ્રાહ્મણધર્મ હોવા છતાં પ્રજાની ઇચ્છાને માન આપી બૌદ્ધ વિહારો, મઠો, તથા મંદિરો બંધાવી તેમના નિભાવ તેમજ પૂજનઅર્ચન અંગે તેઓએ દાન આપ્યાં.

તેમના દરબારમાં બૌદ્ધ, જૈન તેમજ બ્રાહ્મણોના શાસ્ત્રાર્થો થતા. પરિણામે તેઓના રાજ્યકુટુંબમાં બૌદ્ધ ધર્મ દાખલ થઇ ગયો.[૧]

રાજાઓ પણ બૌદ્ધ ધર્મની અસર નીચે આવ્યા[૨] અને પરમ માહેશ્વર હોવા છતાં "પરમોપાસક" થયા અને "બાપદેવ"ના પૂજક થયા. પ્રજાના એક વર્ગને ખુશ રાખવા કે ગમે તે કારણે ગૌરવ અનુભવવા લાગ્યા. તેઓએ તેમ છતાં બૌદ્ધોનું બળ તોડવા આનંદનગર અને અન્ય સ્થળેથી ચારે વેદના જાણકાર વિદ્વાન બ્રાહ્મણોને દેશમાં જ્યાં જ્યાં બૌદ્ધોનાં થાણાં હતાં ત્યાં વસાવ્યા અને બૌદ્ધોની અસર નીચે આવતી પ્રજાને બચાવી લીધી.[૩]

---

૧. દુદ્દા રાજપુત્રી (જુઓ આ પ્રકરણમાં)

૨. આ જ પ્રકરણમાં વિગત માટે જુઓ.

૩. વલ્લભીનાં તામ્રપત્રો તથા હ્યુ-એન-સંગના અનુભવનું વર્ણન વાંચતાં વલ્લભીપુરમાં નીચે પ્રમાણે બૌદ્ધ મઠો અને વિહારો હતા.

૧. દુદ્દા વિહાર (ઇ. સ. ૫૧૯-૪૯).

૨. આચાર્ય ભદન્ત બુદ્ધદાસ વિહાર (ઇ. સ. ૫૧૯ થી ૫૪૯).

બ્રાહ્મણો : બ્રાહ્મણો નિર્ધન હતા. તેઓ બૌદ્ધોને કોઇ પ્રકારે પહોંચી શકે તેમ ન હતા; છતાં વલ્લભી રાજાઓની દાનગંગાના પ્રવાહમાં તેઓ તેમની વિદ્યાને જીવંત રાખી બ્રાહ્મણધર્મને સાંચવી શકયા અને બૌદ્ધ ધર્મના ઊભરાતા પૂરને ખાળી શકયા. મૈત્રક રાજાઓએ તેમના ત્રણસો વર્ષના રાજ્યઅમલમાં બ્રાહ્મણોને ભૂદાન દેવાનું જ કામ કર્યું હોવાનું જણાય છે. તથા તેનું અનુકરણ કરી તેના ખંડિયા રાજાઓ તથા સમકાલીન તેમ જ તે પછીના રાજાઓએ પણ બ્રાહ્મણોને ભૂદાન દીધાં છે.[૧]

જૈનો : જૈનોનું શેત્રુંજય તીર્થ શ્રીઆદિનાથ (ઋષભદેવ)ના સમયથી પવિત્ર અને પ્રખ્યાત ગણાય છે.[૨] પણ મ્લેચ્છોના અનાચારથી અપવિત્ર થયેલું તે મૈત્રકોના

૩. મીમ્મા (ઇ. સ. ૫૫૪–૫૬૯).
૪. બપ્પપાદ વિહાર–ભદન્ત સ્થિરમતિ (ઇ. સ. ૫૯૯–૬૧૪).
૫. ચક્ષસુર વિહાર–સાધ્વીઓ માટે–દુદ્દાએ બંધાવેલો (ઇ. સ ૫૯૯–૬૧૪).
૬. શીલાદિત્ય ૧ લાએ બંધાવેલો. વીયરસાટકમાં (ઇ. સ. ૫૯૯–૬૧૪).
૭. ગોહક વિહાર (ઇ સ. ૬૨૭–૬૪૨).
૮. સાધ્વીઓ માટે પૂર્ણભટનો વિહાર (ઇ. સ. ૬૪૨–૬૮૯).
૯. યોધાવક ગામનો સ્કંદભટનો વિહાર (ઇ. સ. ૬૪૨–૬૮૯).
૧૦. સ્થિરમતિનો વિમલગુપ્ત વિહાર (ઇ. સ. ૬૫૯–૮૯).

એ સિવાય સેંકડો વિહારો હતા જેનાં નામ ઉપલબ્ધ નથી. તેમાં દુદ્દા વિહારને વિહાર-મંડળ કહ્યો છે. તે આચાર્ય ભદન્ત બુદ્ધદાસનો હશે.

આ વિહારોને વલ્લભી રાજાઓએ તેના નિભાવ અર્થે, સાધુ–સાધ્વીઓનાં ખોરાક, કપડાં વગેરે અર્થે, બુદ્ધ ભગવાનની પૂજા વગેરે કરવા માટે અને ધાર્મિક સાહિત્યના ઉત્તેજન અર્થે છૂટે હાથે દાન દીધાં છે.

વલ્લભીપુરમાં બૌદ્ધ ધર્મના બે ફીરકાઓ હીનયાન અને મહાયાન અનુસરવામાં આવતા. હીનયાન સામત્તીય અને મહાયાન સ્થવિય સંપ્રદાયનો બીજા સ્થળો કરતાં અહીં વિશેષ ફેલાવો હતો. હ્યુ-એન-સંગ પ્રમાણે વલ્લભીમાં તેના ૧૦૦ જેટલાં મઠો અને ૬૦૦૦ જેટલાં અનુયાયીઓ હતાં. સ્થવિય મહાયાન સંપ્રદાયનું મથક જૂનાગઢ હતું. તે આઇ-ત્સીંગ (I-Tsing) પ્રમાણે આર્ય સામત્તીય નિકાયા, લાટ અને સિંધમાં વિશેષ પ્રબળ હતો. નાલંદાના પંડિત સ્થિરમતિએ મહાયાનનો પ્રચાર અહીં કરેલો અને આઇ-ત્સીંગના કથનથી જણાય છે કે વલ્લભીમાં તેણે નાલંદા જેવું જ વિશ્વવિદ્યાલય (યુનીવર્સીટી) સ્થાપેલું અને ત્યાં મહાયાન સંપ્રદાય પ્રમાણે ધાર્મિક શિક્ષણ અપાતું.

શંકરાચાર્યે ઇ. સ. ૮૦૦ લગભગ તેનો અંત આણ્યો. પણ આરબોના હુમલાના પરિણામે વલ્લભીપુરનો વિનાશ થતાં આ મઠો, પુસ્તકાલયો અને વિદ્યાલયોનો પણ અંત આવ્યો હોય તેમ જણાય છે.

૧. વિગતો માટે જુઓ આ પ્રકરણમાં આગળ.
૨. વિગતો માટે જુઓ આગળનું પ્રકરણ.

સમયમાં ધનેશ્વરસૂરિના 'શત્રુંજય માહાત્મ્ય'ના લખાણ પ્રમાણે, જૈનોનું મહાતીર્થ ગણાયું અને તેઓનું કેન્દ્ર થયું.

શ્વેતાંબર-દિગંબર ઝગડા તો ચાલુ જ હતા. પણ તે ચર્ચા અત્રે આવશ્યક નથી. શ્વેતાંબરોએ ગુજરાતમાંથી દિગંબરોનું બળ ઇ. સ.ની ૧૧મી અને ૧૩મી સદી વચ્ચમાં ઘટાડી દીધું.[૧] પણ મૈત્રકોના સમયમાં બન્ને પક્ષો હતા, અને દિગંબરો વિશેષ પ્રમાણમાં હતા તેમ જણાય છે.

મૈત્રકોના સામંત દદ્દ અને જયભટ ગુર્જર રાજાઓએ પ્રશાન્તરાગ અને વિતરાગનાં બિરુદ ધારણ કર્યાં હતાં તેથી સમજાય છે કે તેઓ જૈન ધર્મના પણ અંશતઃ અનુયાયી હશે. પણ મૈત્રકોનાં મળેલાં સામટાં તામ્રપત્રોમાંથી એક પણ જૈનોને દાન દીધાનું મળ્યું નથી.[૨]

<u>સૂર્યોપાસના</u> : ઇરાનીઓ સૂર્યપૂજક હતા. અને મૈત્રકો પણ તે તરફથી આવતા હતા તેથી સૂર્યપૂજક હતા તેમ જણાય છે. મૈત્રકનો અર્થ જ સૂર્યપૂજક જેવો થાય છે. તેથી જ જૈન મુનિઓએ તેની સૂર્યકુંડની વાત લખી છે. વલ્લભી રાજાઓ સૂર્યપૂજક હતા; પણ તેઓ પૈકીના ધરપત એકલાએ જ પોતાને સૂર્યપૂજક ગણાવ્યો છે. પણ તેઓનાં નામ સાથે જોડવામાં આવેલો "આદિત્ય" પ્રત્યય બતાવે છે કે તેઓ સૂર્યપૂજક હતા તથા સૂર્યમંદિરને તેમણે દાન આપ્યું છે. તે સિવાય મૈત્રકો ઘરમાં ખાનગી સૂર્યપૂજા કરતા હશે તેમ અનુમાન થાય છે. તેમ છતાં સૌરાષ્ટ્રમાં અનેક સૂર્યમંદિરો છે.[૩] તે તેમના કાળમાં બંધાયાં હોવાનું સમજાય છે.[૪]

ગમે તેમ પણ સૂર્યપૂજા એ સમયમાં પ્રચલિત હતી તે નિર્વિવાદ છે. ઇસુની પાંચમી સદીમાં દશપુરમાં દીપ્તરશ્મિનું મંદિર બંધાયેલું. તેના બાંધનારા રેશમી વણાટ કરનારા હતા.[૫] તે પછી ગુર્જર રાજા દદ્દ અને રણગ્રહ છઠ્ઠી અને સાતમી સદીમાં સૂર્યપૂજક હતા તેમ જણાય છે.[૬] સૌરાષ્ટ્રમાં ઊનામાંથી ચૌલુક્ય બળવર્મા અને અવન્તિવર્મા ૨ જાએ ઇ સ. ૮૯૯માં તરુણાદિત્ય નામના સૂર્ય-મંદિરને ભૂમિદાન આપ્યું હતું તેનું તામ્રપત્ર મળેલું છે.

---

૧. હેમચંદ્રાચાર્યના સમયમાં.

૨. કદાચ જૈનોએ દાન લેવાનું સ્વીકાર્યું નહિ હોય.

૩. પ્રભાસપાટણ એકમાં જ પાંચ મંદિરો છે. તથા આજુબાજુનાં ગામડાંઓ ઉભા-ખોરાસા-સુત્રાપાડા વ. સ્થળે સૂર્યમંદિરો છે.

૪. આ મંદિરો ચૌલુક્ય કાળનાં હોવાનું માનવામાં આવે છે. (ડૉ. કન્ઝીસ તેને ૧૪મી સદીમાં મૂકે છે.) થાનનું સૂર્યમંદિર કાઠી ભુટડા લાખાના પુત્ર સિંહે ઇ. સ. ૧૩૭૬માં બંધાવ્યું છે.

૫. ડૉ. સાંકળિયા (આર્કીઓલોજી ઓફ ગુજરાત)

૬. આવા અનેક પુરાવા છે. પણ તે ગુજરાતના છે.

સ્કંદપુરાણ કે જે ઇ. સ. ની ૧૧ મી કે ૧૨મી સદીમાં લખાયું હોવાનું મનાય છે તેમાં પ્રભાસખંડ નામનો ભાગ છે. તેમાં અનેક સ્થળે અનેક સૂર્યમંદિરોનાં વર્ણનો તેમજ માહાત્મ્ય છે. તેના અધ્યાય ૭૧માંમાં વલ્લભીપુરના રાજા શર્યાતિની પુત્રો ચ્યવનાર્ક ક્ષેત્રમાં જ્યાં ચ્યવન તપ કરતા હતા ત્યાં ગઇ. ઋષિ ઉપર રાફડો થઈ ગયેલો; તેમાં શૂળ ખોસતાં રુધિર નીકળ્યું અને સુકન્યાને ખબર પડી કે તેમાં ઋષિ હતા તેને તેણે આંધળા કર્યા હતા. તેથી તે ત્યાં રહી અને ચ્યવનને પરણી વગેરે વાત છે. તેમાં વલ્લભીના રાજા શર્યાતિ (શીલાદીત્ય ?) સૂર્યપૂજક હતા તેવો ભાસ થાય છે.

ચારણો–કાઠીઓ–નાગરો વગેરે સૂર્યપૂજકો છે. નાગરો આનંદપુર અથવા વડનગરમાં રહેતા. અને વલ્લભી રાજાઓએ બ્રાહ્મણોને દાન આપ્યાનું જાણીએ છીએ તેમાં બહુધા વડનગરના હતા.

**શૈવ સંપ્રદાય :** સૌરાષ્ટ્રમાં જૂનામાં જૂનો સંપ્રદાય શૈવ હતો. સોમનાથનું દેવાલય પ્રાગૈતિહાસિક યુગથી ઊભું હતું. સૌરાષ્ટ્રના એકે એક ગામે મહાદેવનું મંદિર હતું જ. વલ્લભી રાજાઓમાં ધરપત કે જે પોતાને સૂર્યોપાસક ગણાવતો તથા ધરસેન ૧લો પોતાને પરમ ભાગવત લેખાવતો તે સિવાય તમામ પરમ માહેશ્વર હતા, એટલે શૈવ હતા. તેમના સિક્કાઓ ઉપર પણ નંદિની આકૃતિ હતી. તેઓ વેદ ધર્મના અનુયાયીઓ હતા. હરિનાથ નામના બ્રાહ્મણે મહાદેવનું મંદિર બાંધ્યું તેને શીલાદિત્ય ૧લાએ જમીન આપી હતી.

**શાક્ત સંપ્રદાય :** ઘણા જૂના કાળથી શાક્ત સંપ્રદાય આ પ્રદેશમાં ફેલાઇ ગયેલો અને બૌદ્ધોએ તેને નિર્મૂળ કરવા પ્રયત્નો કરેલાં. તેમ છતાં વલ્લભી સમયમાં દેવીનાં મંદિરો તથા મઠો હોવાના પુરાવા મળે છે. દ્રોણસિંહે દેવના મંદિર માટે એક ગામ આપેલું.[૧] અને પાનરાજ્ય અથવા પાંડુ રાજા અને કોટ્ટયમહિકાનો ઉલ્લેખ થયો છે.[૨] દ્રોણસિંહે બંધાવેલા આ મંદિરની રકમ બંધ કરવામાં આવી હતી. પરંતુ ધ્રુવસેન ૨ જાએ તે ચાલુ કરી આપી[૩] અને મંદિરનું સમારકામ કરાવી આપ્યું.

**વૈષ્ણવ સંપ્રદાય :** ધરસેન ૧ લો પરમ ભાગવત હતો. સેનાપતિ શીલાદિત્ય ૪થા નો શિલાલેખ કહી જાય છે કે સૌરાષ્ટ્રને પશ્ચિમ કિનારે દ્વારકા હતું.[૪]

કૃષ્ણ કે વિષ્ણુની પૂજા ઇ. સ.ની પહેલી સદી પહેલાંથી હતી તે ચાલુ હતી.

---

૧–૨–૩. ધ્રુવસેન ૨ જાનું સં. ૩૨૦નું તામ્રપત્ર.

૧. આ વિષય વિવાદગ્રસ્ત છે. દ્વારકા હતું કે નહિ ? હતું તો તેનું સાચું સ્થાન કયું ? શ્રી કલ્યાણજી જોષી કે જે દ્વારકાના વતની છે તે પ્રતિપાદન કરે છે કે વર્તમાન દ્વારકા જ મૂળ દ્વારકા હતું. જ્યારે લેખકો મૂળ દ્વારકા કોડીનાર પાસે હતું તેમ માને છે. તે માટે તેમનો લેખ જોવો.

**અવતારપૂજા** : વઢવાણના ધરણીવરાહ તથા દક્ષિણના રાજાઓ વરાહ-પૂજક હતા તેમ તામ્રપત્રો ઉપરથી જણાય છે. નૃસિંહનું નામ પડતું અને નૃસિંહ મંદિરો પણ હતાં.[૧]

**સમાજ** : બ્રાહ્મણો અને ક્ષત્રિયોમાં તેમજ વૈશ્યોમાં ઘણી પેટા જાતિઓ આ યુગમાં અથવા તે સમયમાં થઈ ગઈ હોવાનું જણાય છે. પ્રાંતિક ભેદ, વ્યવસાય-ભેદ, વગેરેથી તેઓ જુદા પડયા તેમ જણાય છે.

વલ્લભી યુગમાં આગળના પ્રકરણમાં જણાવ્યું તેનાથી સમાજમાં કાંઈ ખાસ મહત્ત્વનો ફેર થયો હોવાનું જણાતું નથી.

**રાજ્યવ્યવસ્થા** : વલ્લભીના રાજાઓની રાજ્યવ્યવસ્થા કંઇક અંશે ક્ષત્રપોને મળતી હતી. તેઓના પ્રદેશના નીચે પ્રમાણે ભાગ અને પેટા ભાગ પાડેલા હતા.

૧ ગ્રામ–ગામડું
૨ ભેદ–મોટું ગામ
૩ ભૂમિ–મંડલી
૪ પદ્રક
૫ પ્રામ
૬ પ્રવેશ
૭ પથક
૮ સ્થળી–તાલુકો
૯ વિસય–પ્રાંત
૧૦ આહર–મોટું ગામ
૧૧ ભૂક્તિ–વિભાગ–વિસયથી નાનો
૧૨ પેથા

**અમલદારોના હોદ્દાઓ** :–

૧ રાજસ્થાનીય–પ્રજાપાલન કરનાર[૨]
૨ કુમારામાત્ય–મંત્રી મંડળમાં બેસતો રાજકુમાર
૩ વિસયપતિ–ગવર્નર
૪ દ્રાંડિક–કલેકટર
૫ સ્થાનાધિકરણિકા–સ્થાનિક અમલદાર
૬ ભોગાધિકરણિકા–(ભોગિકા) તલાટી જેવો. (મહેસૂલ સિવાય પોલીસ પટેલ)
૧૫ આયુક્તક
૧૬ વિનિયુક્તક
૧૭ શૌલ્કિક–જકાત ઉઘરાવનાર[૩]
૧૮ અનુત્પાન સમુદ્રાહક–બાકી રહેતા કરવેરા વસૂલ કરનાર
૧૯ સંધિવિગ્રાહક–યુદ્ધશાંતિની ચર્ચા કરનાર

---

૧. વઢવાણ પાસેના ખોલડીપાદ ગામેથી ઇ. સ. ૧૯૫૨માં તળાવના ખોદકામમાંથી લેખકે વરાહ મૂર્તિ પ્રાપ્ત કરી હતી. આ સુંદર પ્રતિમા હાલ રાજકોટના સંગ્રહસ્થાનમાં છે. "ધરણી વરાહ" વઢવાણ પ્રદેશનો રાજા હતો અને વરાહપૂજા આ સમયમાં પ્રચલિત હતી. ઇ. સ. ૬૭૧નું ક્ષયાશ્રય શીલાદિત્ય કે જે નવસારી પ્રદેશનો અધિપતિ હતો તેનાં તામ્રપત્રનો પ્રારંભ "ઓ સ્વસ્તિ જયત્યાવિષ્કૃતં વિષ્ણોર્વરાહં ક્ષોભિતાર્ણવં" વગેરેથી થાય છે. (આચાર્ય : હી. ઇ. ગુ. ભા–૨)

૨. આચાર્ય : પા. ૧૬૦ ભા. ૧.

૩. આ સમનામ માત્ર પરસ્પર સંબંધમાં વપરાયાં છે તેના ઉપરથી અનુમાને મૂકવામાં આવ્યાં છે.

૭ ધ્રુવાધિકરણિકા–ધ્રુવ, તલાટી, મહેસૂલી
૮ દંડોપરિકા–પોલીસ અધિકારી
૯ દંડપાસિકા–જેલર
૧૦ દશાપરાધિકા–(દશ અપરાધ ધ્યાનમાં લેનાર) મેજીસ્ટ્રેટ
૧૧ અવલોકિકા–વોચ એન્ડ વોર્ડ
૧૨ વર્તમાપલા–રોડ એન્જીનીયર
૧૩ ચોરોદ્ધરણિકા–ચોરોને નિર્મૂળ કરનાર
૧૪ પ્રતિસારકા–છૂપી પોલીસ
૨૦ બાલાધિકૃત–શાળાધિકારી
૨૧ ચાટ્ટ
૨૨ ભટ્ટ
૨૩ કર્ત્થભારિક–કારભારી
૨૪ દૂતક[1] : વિશ્વાસપાત્ર પ્રધાન; રાજદૂત
૨૫ મહાત્ર–પટેલ (મહત્તર)
૨૬ દિવિરપતિ–મુખ્ય મંત્રી

આ અમલદારોનું શું કર્તવ્ય હતું તે જણાતું નથી. તામ્રપત્રોનાં વર્ણનો તેમજ નામના અર્થ જોતાં વર્તમાન સમયનાં નામો તેમની સાથે મૂકયાં છે. આ વિષયમાં ઇતિહાસકારો ઘણા ભાગે સંમત છે અને થોડે અંશે તેઓમાં મતભેદ છે.

પણ એક વસ્તુ નિઃસંશય છે કે વલ્લભીઓનું સામ્રાજ્ય ઘણુંજ વ્યવસ્થિત હતું. પ્રજાના પ્રત્યેક વ્યવહાર ઉપર ધ્યાન રાખનારા અધિકારીઓ હતા અને ન્યાય-તંત્ર મનુસ્મૃતિના નિયમો અનુસાર ચાલતું.

<u>સાહિત્ય</u> : વલ્લભી સમયમાં ધાર્મિક સાહિત્ય લખાયું તેના ઉલ્લેખ આ પ્રકરણમાં આવી ગયા છે. હ્યુ–એન–સાંગે લખ્યું છે કે "અહીં (વલ્લભીપુરના મોટા મઠમાં) બોધિસત્ત્વ ટી–હો (ગુણમતિ) તથા કીનહોઇ (સ્થિરમતિ)એ નિવાસ કરી ઘણાં પુસ્તકો રચ્યાં હતાં. જૈન ધર્મગુરુ શ્રીધનેશ્વરસૂરિએ શત્રુંજયમાહાત્મ્ય લખ્યું છે. અને ભદ્રબાહુ સ્વામીએ કલ્પસૂત્રનો ગ્રંથ પણ લખ્યો હતો. કેટલાંક પુરાણો પણ આ સમયમાં લખાયાં હોવાનું જણાય છે. નાટકો કે અન્ય ગ્રંથો લખાયાની માહિતી ઉપલબ્ધ નથી.

<u>ભાષા–લિપિ</u> : ભાષા શુદ્ધ સંસ્કૃત હતી. રાજ્યભાષા સંસ્કૃત હતી અને લિપિ દેવનાગરી હતી. જૈન પુસ્તકોમાં અપભ્રંશ અને પ્રાકૃતનો પ્રારંભ હતો.

પ્રજાના સામાન્ય વર્ગની ભાષા આજની ગુજરાતીનું બહુ વહેલું સ્વરૂપ હતું અને લિપિ વલ્લભી લિપિ કે જે મિશ્રિત હતી તે વપરાતી.[2]

---

૧ દૂતકને સંદેશવાહક હોવાનું વિદ્વાનોએ કહ્યું છે; પણ તામ્રપત્રોમાં તે રાજપુત્ર હોય છે. એટલે કાં તો consul જેવો હોય અને કાં તો ગવર્નર.

૨. ભાષા–લિપિનો પ્રશ્ન વિવાદગ્રસ્ત છે. તેનો નિર્ણય કરવાનું આ સ્થળ ન હોઈ તે ચર્ચો કરવામાં આવી નથી.

**સ્થાપત્ય :** વલ્લભીનો વિનાશ થતાં ત્યાંના કોઇ ખંડિયેરો જોવા મળતાં નથી. તેમ તે સમયનાં કોઈ ખાસ મંદિરો પણ દેખાતાં નથી અથવા ઓળખાતાં નથી.

**શિલ્પ :** શિલ્પ પણ તે જ કારણે જોવા મળતું નથી. એકાદા નકામા અપવાદ સિવાય તેઓએ કોતરાવેલા કોઇ શિલાલેખ પણ મળતા નથી.

**ચલણી નાણું :** વલ્લભીના સિક્કાઓ પ્રાપ્ત થતા નથી. પણ બ્રિટિશ મ્યુઝિયમના સંગ્રહમાં છે તે બરછટ અને આકારમાં અનિયમિત છે. તેની એક બાજુ નંદિની છાપ જોવામાં આવે છે.[૧] "રૂપક" રૂપિયો ચલણમાં હતો.[૨]

**સંવત્સર :** વલ્લભીઓએ પોતાનો સંવત્સર ચલાવ્યો નથી; કારણ કે તેઓએ સામંત તરીકે રાજ્યનો પ્રારંભ કરેલો, એટલે તે ગુપ્ત સંવત્સર જ છે. વલ્લભીઓએ ત્રણસો વર્ષ તેનો ઉપયોગ કર્યો તેથી તે વલ્લભી સંવત્ કહેવાયો. ઊનાના ધરસેન બીજાના તામ્રપત્રમાં તથા વેરાવળના રાજા નાનશીના શિલાલેખમાં તે જ વલ્લભી સંવત કહ્યો[૩] છે.

આ સંવત્ કયારથી શરૂ થાય છે તે માટે વિદ્વાનોએ સંશોધન કરતાં તે સંવત્સર ઇ. સ. ૩૧૯ થી શરૂ થાય છે તેમ જણાયું છે. વેરાવળના લેખનાં વર્ષોથી પણ તે જ સમર્થન મળે છે. તે શિલાલેખમાં ત્રણ સંવત્સરો એક સાથે આપ્યા છે.[૪]

૧. આષાઢ વદિ ૧૩ હીજરી સન. ૬૬૨.
૨. ,, ,, ,, વિક્રમ સંવત્ ૧૩૨૦.
૩. ,, ,, ,, વલ્લભી સંવત્ ૯૪૫.
૪. ,, ,, ,, સિંહ સંવત્ ૧૫૧.

એટલે વિક્રમ સંવત્ ૧૩૨૦માંથી ૫૬ બાદ કરતાં ૧૨૬૪ ઇ. સ. આવે અને વલ્લભી સંવત ૯૪૫ તેમાંથી બાદ કરતાં ૩૧૯ રહે. એટલે તે પ્રમાણે પણ વલ્લભી સંવત્ ૩૧૯માં શરૂ થયો હોવાનું જણાય છે.

---

૧. ડૉ. સાંકળિયા—આર્કીઓલોજી ઓફ ગુજરાત.

૨. જુઓ આચાર્ય ભા. ૧લો. પાનું ૧૬૦ "તન્નિયુક્તેન રૂપકઃ એકો દત્તો" ધ્રુવસેન ૨ જો (ઇ. સ. ૬૪૦)

૩. જુઓ ભાવ. ઇન્સ્ક્રી.

૪. શ્રી. આચાર્ય 'ગુજરાતના ઐતહાસિક લેખો' ભા. ૩ પા. ૧૯૬ ઉપર કહે છે કે તામ્રપત્રમાં સં. ૩૩૦ દ્વિમાર્ગશિર સુદ ૨ આપેલ છે. તે ઉપરથી ગણતરી કરતાં તે સમયમાં માગસર, પોષ અધિક થઇ શકતા. જનરલ અને કનિંગહામ વલ્લભી સંવત્ ઇ. સ. ૧૬૭ થી, સર એચલી ઇ. સ. ૧૯૦ થી અને અલબિરુની ઇ. સ. ૩૧૯થી શરૂ થયાનું માને છે તેમ જણાવે છે.

વલ્લભી સંવત્‌નો વેરાવળમાં સં. ૯૨૭નો પણ એક લેખ મળ્યો છે. ડૉ. ફ્લીટે તેના ઉપર ગણતરી કરી નિર્ણય કર્યો છે[૧] કે શક સંવત્ ૧૧૬૭, વિક્રમ સંવત્ ૧૩૦૨ એક વર્ષના છે. તેથી વલ્લભી સં. ૯૨૭ અને ગત શક સંવત્ વચ્ચે ૨૪૦નો ફેર પડે છે. જ્યારે ગુપ્ત વલ્લભીમાં ૨૪૧નો ફેર આવે છે. વલ્લભીનો વિનાશ વિક્રમ સંવત્ ૩૭૫માં થયો તેમ આગળના લોકો માનતા; તેથી તે આંકડો બાદ કરતા આ માત્ર અજ્ઞાનનું કારણ છે.[૨]

માપ : વલ્લભીનાં તામ્રપત્રોનાં પાદાવર્તનું માપ જમીનનાં દાનોમાં આવે છે. તેનો અર્થ કરતાં પાદ એટલે પગ, અને આવર્ત એટલે માપવું. આજ પણ સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં "કરમ કે કદમ" એટલે ડગલાં ભરી માપ કાઢે છે. જ્યારે તામ્રપત્રો જોતાં (માળિયા તામ્રપત્ર) માત્ર ૨૮ પાદાવર્ત જમીન નિર્વાહ અર્થે આપી છે. એટલે માત્ર ૨૮ ડગલાં હોય તેમ મનાય નહિ. ફ્લીટ તેને ચોરસ ફૂટ કહે છે. પણ તે સમયે તેનું ખરેખરું ક્ષેત્રફળ શું હશે તે અત્યારે કહેવાય નહિ. પણ વીઘા કે એકર જેવું ચોરસ માપ હશે.[૩]

વલ્લભીઓના સમયમાં કણબીઓ ખેડૂતો હતા. તેમને 'કુટુમ્બિક' કહ્યા છે.[૪]

---

૧. Fleet J. H. Corpus Inscriptionum Indicarum તથા તેના આધારે શ્રી ગિરિજાશંકર આચાર્ય.

૨. શ્રી. ગિ. વ. આચાર્યે આ માટે ઘણાં પ્રમાણ આપતાં વેરાવળના લેખમાં પણ ભૂલ હોવાનું કહ્યું છે. નાનશી રાજાનો લેખ આ લેખ પછી ૧૮ વર્ષે લખાયો ત્યારે વલ્લભી સંવત ૯૪૫ લખ્યો છે. તે આગળની ફૂટનોટમાં કરેલી ગણતરી પ્રમાણે બરાબર છે.

સંવત્સરોના ફેર જાણવા નીચેનું કોષ્ટક ઉપયોગી થશે.

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત્ | – ૫૬ | = ઇસ્વી સન. | |
| શક સંવત્ | + ૭૮ | = ,, | ,, |
| ગુપ્ત વલ્લભી સંવત્ | + ૩૧૯ | = ,, | ,, |
| ત્ | + ૧૧૦૯ | = ,, | ,, |
| જન સંવત્ | + ૩૪૦ | = ,, | , |
| ચેદિ સંવત્ | + ૩૬૪ | = ,, | ,, |

૩. આજની દૃષ્ટિએ તેને ફૂટ કહેવો કે વીઘો કહેવો તે વાસ્તવિક નથી. બે પગને પહોળા કરતાં તે બન્ને વચ્ચે વધારેમાં વધારે ૪ થી ૫ ફીટ અંતર રહે. આવાં સો ડગલાં ૬૦૦ ફીટનાં થાય. પાદાવર્તને ચોરસ માપ ગણીએ તો ૬૦૦ × ૬૦૦=૩૬૦૦૦૦ ચો. ફીટ થાય. ૧૦૮૯ ચો. ફીટનો ૧ ગૂંઠો થાય. એટલે ૩૩૬ ગૂંઠા; તેના ૪૦ ગૂંઠાનો એકર ગણતાં, ૮ એ.–૧૬ ગૂં. થાય; પણ આ બધી માત્ર કલ્પના છે. પાદાવર્ત ખરેખર કેટલો હતો તે હકીકત કયાંયથી નં કળાતી નથી

૪. જુઓ આચાર્યઃ ભા. ૧. સં. ૩૧૩નું તામ્રપત્ર. તેનું નામ હુંડક છે. તામ્રપત્રોમાં પણ કુટુમ્બિક નામ આવે છે.

ગોચર દરેક ગામે જુદાં કાઢી આપ્યાં હોવાનું જણાય છે. તેનું નામ "ગોરક્ષિત ક્ષેત્ર" હતું.[૧]

વેઠ લેવામાં આવતી અને જમીનનું દાન 'ઉદ્રંગ–ઉપરિકર–ભૂતવાત પ્રત્યાય સહિત' દેવામાં આવતું.

વલ્લભી સમયનાં તામ્રપત્રો પ્રાપ્ત થયાં છે. તેના ઉપરથી સૌરાષ્ટ્રનાં ઘણાં ગામડાંઓનાં નામ પ્રાપ્ત થયાં છે. તેમાંનાં કેટલાંયે ગામો અત્યારે જોવામાં આવતાં નથી. જ્યારે કેટલાંક ગામોનાં નામનું પરિવર્તન થયું હોવા છતાં તે અસ્તિત્વમાં છે. આ ગામોનાં નામનું આટલું મોટું રૂપાંતર કેમ થયું તે પ્રશ્ન છે. એમ પણ ધારી શકાય કે ગામોમાં નામો તો તે અથવા તેવાં જ હશે, પરંતુ તામ્રપત્રના લેખકોએ તેનાં સંસ્કૃત નામ તે સમયે જ કરી નાખ્યાં હોય! અથવા મુસ્લિમોના સમયમાં તેઓ ઉચ્ચાર કરવામાં મુશ્કેલી અનુભવતા હોય એટલે તેમણે પરિવર્તન કર્યું હોય.

---

૨. બીજાં તામ્રપત્રોમાં પણ કુટુમ્બિક નામ આવે છે.

## પ્રકરણ પ્રથમું. : : વલ્લભી પશ્ચાત્

### ઇ. સ. ૭૦૦ થી ઇ. સ. ૮૭૫ :

વલ્લભીનું પતન થયું એટલું જ નહિ પણ આરબોના હુમલાથી આખા સૌરાષ્ટ્ર ઉપર અને આડોશપાડોશના દેશો ઉપર પણ કદી ન કલ્પેલી, ન જોયેલી અને ન ધારેલી આફત ઊતરી.

**પરદેશી ચડાઇ :** નોશિરવાનની ચડાઇ કદાચ થઇ હતી તેમ માનીએ તો તે પહેલી પરદેશી ચડાઇ હતી; પણ તેઓ શત્રુ હતા છતાં સભ્ય હતા. તેઓએ શાહજાદાને પકડી લીધા પછી બીજી કાંઇ પણ પ્રવૃત્તિ કર્યા સિવાય સ્વદેશનો માર્ગ પકડયો; જ્યારે આરબો ભૂખ્યાં વરુ જેવા આ રસાળ, સમૃદ્ધ અને ધનાઢય દેશમાં ચારે તરફ ફરી વળ્યા, તલ્વાર અને આગનું સામ્રાજ્ય ફેલાવી દીધું; મંદિરો તોડયાં; સાધુઓ અને ગાયોની કતલ કરી; અનેક શહેરો અને ગામો ઉજ્જડ કર્યાં અને અપાર લક્ષ્મી લૂંટી પોતાના સૂબાઓને આ દેશમાં મૂકી પાછા ગયા. તેઓ અહીં કેટલો સમય રહ્યા હતા તે કહેવું મુશ્કેલ છે. પણ એમ જણાય છે કે આરબો ગયા પછી તેમનાં થાણાંઓને બહુ જ થોડા સમયમાં સ્થાનિક રાજાઓએ ઉઠાડી પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો.

**એ સમયનાં રાજ્યો :** એ સમયમાં વલ્લભીના સામ્રાજ્યના જુદા જુદા કોણ કોણ સામંતો હતા તે જોવાનું જરૂરી છે. સૌરાષ્ટ્રના પશ્ચિમ–દક્ષિણ ભાગમાં ભૂમિલિકામાં જાઇક અને તેનો પુત્ર અગ્ગુક હતાં. તેઓનું રાજ્ય દ્વારકા સુધી હતું. દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચાવડાઓ હતા. પૂર્વ–દક્ષિણમાં ગારૂલકો હતા. ઉત્તર–પૂર્વમાં ચાવડાઓ હતા અને પશ્ચિમ–દક્ષિણમાં ચૌલુકયો હતા. અણહીલપુર પાટણનું રાજ્ય પણ બળવાન થતું જતું હતું. એટલે આરબોની ચડાઇના પરિણામે નાશ પામેલા સામ્રાજ્ય ઉપર અમુક સમય તો કોઇનો અધિકાર રહ્યો નહિ.

**નક્ષીસપુર :** પરંતુ મહીપાલદેવ નામનો ગુર્જર પ્રતિહાર રાજા નક્ષીસપુરમાં હતો. તેણે આ નાના સામન્તો ઉપર પોતાનો અધિકાર સ્થાપ્યો અને તે વલ્લભીનો વારસ થઇ પડયો. આ ગુર્જર પ્રતિહારો ઉજ્જનમાં હતા અને તેના તાત્કાલિક રાજા વત્સરાજે ઇ. સ. ૭૮૩માં પોતાનાં સૈન્યોને સૌરાષ્ટ્રમાં મોકલ્યાં અને અણહીલવાડની રાજ્યધાની કે રાજ્યવિસ્તારને સ્પર્શ ન કરતાં તે સિવાયનાં સૌરાષ્ટ્રનાં નાનાં રાજ્યો પાસે પોતાનું આધિપત્ય કબૂલ કરાવ્યું.


તે વંશનો મહેન્દ્રાયુધ અથવા મહીપાલ નામનો રાજા ઇ. સ. ૮૯૩–૮૯૯માં સૌરાષ્ટ્રમાં રાજ્ય કરતો. અને નાના રાજાઓ તેના ખંડિયા[૧] હતા. તેની રાજધાની નક્ષીસપુર હતી.

**કનોજનું સામ્રાજ્ય :** અવનિવર્મા કે અવનિવર્માનો પિતા બલવર્મા હતો. તેઓ નક્ષીસપુરમાં પ્રથમથી રાજ્ય કરતા ન હતા તેમ જણાય છે. ઈ. સ. ૮૯૩નાં તામ્રપત્રમાં તે સ્પષ્ટ લખે છે કે "સ્વભુજોપાર્જિત નક્ષિસપુર ચતુરશીનિકા" એટલે સ્વપરાક્રમે પ્રાપ્ત કરેલું નક્ષિસપુર "ચોરાસી"નું ગામ જયપુર દાનમાં આપું છું. એ પ્રમાણે તે માત્ર ૮૪ ગામનો, કે જે ગામો તેણે સ્વપરાક્રમે પ્રાપ્ત કર્યાં હતાં, તેનો તે રાજા હતો. તેથી બલવર્માનો પિતા અહીં રાજ્ય કરતો તે નિર્મૂળ બને છે. જો કે તેણે ઇ. સ. ૯૦૦ના તામ્રપત્રમાં પોતાની વંશાવલી આપી છે.[૨] છતાં આ ચોરાસી બલવર્માએ જ પ્રાપ્ત કરી હતી. અને તે કનોજના રાજા મહેન્દ્રપાલનો ખંડિયો હતો તેમ જણાય છે. તે ભોજદેવનું ધ્યાન ધરતો. તે ભોજદેવ કોણ રાજા હતો કે કોણ દેવનું નામ છે તે સ્પષ્ટ થતું નથી.[૩] પણ એટલું સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે કનોજના

---

૧. ઊનામાંથી બે તામ્રપત્રો ઈ. સ. ૮૯૩–૮૯૯નાં મળ્યાં છે, જેમાંથી પ્રથમ વલ્લભી સંવત્ ૫૭૪ (ઇ. સ. ૮૯૩)નું છે. તે પ્રમાણે નક્ષીસપુરના પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી. ભોજદેવ પાદાનુધ્યાત શ્રી.મહેન્દ્રાયુધના મહાસામન્ત અવનિવર્મ્મના પુત્ર બલવર્મ્મે જયપુર નામનું ગામ કે જે કણવીરીકા નદીના તીરે છે તે તરુણાદિત્ય સૂર્યના મંદિર માટે દાનમાં આપ્યું છે.

બીજું તામ્રપત્ર વિ. સં. ૯૫૬ એટલે ઇ. સ. ૯૦૦નું છે. તેમાં તેની વંશાવલી તથા પૂર્વજોએ કરેલાં યુદ્ધોનું વર્ણન છે. તે ઉપરથી જણાય છે કે તેના પૂર્વજ બાહુકધવલે કર્ણાટકના સૈન્યને હરાવ્યું હતું અને એક જણે વિશઢને પરાજિત કર્યો હતો વગેરે વર્ણન છે. (જુઓ. શ્રી. આચાર્ય: હી. ઇ. ગુ. ભાગ ૩ જો.)

૨.



૩. મહેન્દ્રપાલનો પૂર્વજ રાજા ભોજ હતો. તેનો નિર્દેશ હોય તો સંભવ છે. તે ઇ. સ. ૮૪૨ થી ઇ. સ. ૮૮૦ લગભગ થયો.

સામ્રાજ્યની પાંખો વલ્લભીના પતન પછી સૌરાષ્ટ્ર સુધી ફેલાઇ હશે અને વલ્લભીના ખંડિયા રાજાઓએ તે સામ્રાજ્યનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હશે.

**અવનિવર્મા** : બલવર્મા પછી ઇ. સ. ૯૦૦માં તેના પુત્ર અવનિવર્માનું આ વિભાગમાં રાજ્ય હોવાનું જણાય છે. તેનું ઉપનામ યોગ હતું. તે પોતાને મહા-સામન્ત તરીકે ઓળખાવે છે. બલવર્મા સાત વર્ષ પહેલાં વલ્લભી સંવત્નો ઉપયોગ કરે છે. જ્યારે અવનિવર્મા તેનો અનાદર કરી વિક્રમ સંવત્ અપનાવે છે. એટલે ઇ સ. ૯૦૦માં વલ્લભીની એટલી અસર પણ ભૂંસી નાખવામાં આવી છે.

આ નક્ષિસપુર કયાં હતું તે ચોક્કસ થતું નથી; પણ તે દક્ષિણ સૌરાષ્ટ્રમાં હોવા સંભવ છે.

અવનિવર્માએ યક્ષદાસ અને ધરણીવરાહને હરાવ્યા હતા.

**અદ્દક** : વઢવાણનું જૂનું નામ વર્ધમાન હતું અને ત્યાં ચાપ અર્થાત્ ચાવડા રાજા ધરણીવરાહનું રાજ્ય હતું. તે પણ અડુણુક વિસયનો સામંત હતો અને મહા-રાજા મહીપાલદેવનો (મહેન્દ્ર) ખંડિયો હતો.[૧] ધરણીવરાહ ઇ. સ. ૯૧૪માં હતો. તેના પિતામહ અડુકે (અદ્દકે) આ પ્રદેશનું નામ પોતાના નામ ઉપરથી પાડયું હતું. એટલે ઇ. સ. ૭૭૦ થી ૮૦૦ સુધીમાં તે અથવા તેનો પિતા વિક્રમાર્ક આ પ્રદેશનો સામન્ત હોવો જોઇએ.[૨]

---

૧. તેનું તામ્રપત્ર શક સંવત્ ૮૩૬ (ઇ. સ. ૯૧૪)નું મળ્યું છે. અદ્રાણુ વિષય એટલે ચોરાસીની જેમ એક તાલુકા જેવડો પ્રદેશ થયો. તેનો તે રાજા હતો. અદ્રાણુને શ્રી આચાર્ય હડાળા માને છે. કારણ કે ત્યાંથી આ તામ્રપત્ર પ્રાપ્ત થયું છે. પણ હડાળા, ધંધુકા પાસે અડવાલ વા અડવાણુ ગામ છે તે હોવાનું વિશેષ સંભવનીય છે.

૨. તેની વંશાવલી : તામ્રપત્ર ઉપરથી:-

ચાપ
|
વિક્રમાર્ક
|
અદ્દક
|
પુલકેશી
|
ધ્રુવભટ——————ધરણીવરાહ

જાઇકદેવ સૈન્યવ [૧] : ભૂમિલિકા કે જેને ભૂમ્રતપલ્લી કે ભૂંભલી કે ધુમલી ગણવામાં આવે છે ત્યાં ઈ. સ. ૭૩૬માં જાઇકદેવ રાજ્ય કરતો. તેણે પોતાને સૌરાષ્ટ્ર-મંડળનો પરમ માહેશ્વર મહારાધિરાજ તરીકે ઓળખાવ્યો છે.[૧] તેની રાજ્યમુદ્રામાં મત્સ્ય હતું. અને તે બળવાન સામન્ત હતો. વલ્લભીના પતન વખતે તેના પુત્ર અગ્ગુકનો પુત્ર ગાદી ઉપર હોવા સંભવ છે. તે તેના બિરુદમાં "અમર સમુદ્રાધિપતિ" એમ પણ લખતો. એટલે સમુદ્ર ઉપર તેણે પોતાનું આધિપત્ય મેળવ્યું હશે.

ચાવડા : પંચાસરના પતન પછી વનરાજે અણહિલપુર વસાવી ત્યાં રાજધાની કરી; પણ તેઓ મૂળ સોમનાથ પાટણ તથા તેની આજુબાજુના પ્રદેશના રાજાઓ હોઇ પોતાનો અધિકાર ત્યાં સાચવી બેઠા હતા. ઇ. સ. ૭૭૦માં પાટણની ગાદીએ વનરાજ ચાવડો હતો અને તેના સામન્તો અથવા તે તે પ્રદેશ ઉપર સત્તા ભોગવતા.[૨]

ગારૂલક : વલ્લભી રાજ્યના સામંત મહારાજા વરાહદાસ ઈ. સ. ૫૪૯માં તથા તેનો પુત્ર સિંહાદિત્ય ઈ. સ. ૫૭૪માં 'કૂંકપસ્રવણ'માં સામન્તો હતા. આ ગામ કયાં આવ્યું તે જણાતું નથી. પણ સૌરાષ્ટ્રના વર્તમાન હાલાર વિભાગમાં હોવા સંભવ છે.[૩]

વાળા : વર્તમાન સોરઠ એટલે જૂનાગઢ–વંથલી આસપાસનો પ્રદેશ વાળા રાજાઓનો હતો. આ વાળા રાજા કોણ હતો તેની શિલાલેખો કે તામ્રપત્રોથી કાંઇ ખાતરીલાયક ખબર પડતી નથી. પણ વાળા તથા બાલા શબ્દોએ ઘણો ગૂંચવાડો ઊભો કર્યો છે. તે વાળા જાતિનો રાજા હતો કે બાલારામ તેનું નામ હતું તે માટે કાંઇ નિર્ણય થઈ શકતો નથી.

આ વાળા રાજાઓ વાળા કેમ થયા તે જાણવું જરૂરી છે; કારણકે તે વંશમાં વાળા રાજા થયો કે જેના એક વંશે સૌરાષ્ટ્ર ઉપર પુનઃ મહારાજ્ય સ્થાપ્યું.

---

૧. જુઓ તેનું દાનપત્ર, આચાર્ય : ભાગ. ૩.

૨. યોગરાજના કુમાર ક્ષેત્રરાજે પ્રભાસપાટણ બંદરે વેપારીઓનાં વહાણ લૂંટેલાં, અર્થાત્ તે બંદર ઉપર તેમનો અધિકાર હશે. નહિતર બીજાના પ્રદેશમાં જઇ વહાણોનો માલ લઇ શકાય નહિ.

૩. તેનાં તામ્રપત્રો આ વર્ષોમાં મળ્યાં છે. (આચાર્ય ભા. ૩) ડૉ. ફ્લીટ કૂંકપસ્રવણને ગોંદરા પાસેનું વેલવાડ ગામ માને છે. પણ બીજાં પ્રમાણો આગળ આપ્યાં છે. તે ઉપરથી તે સૌરાષ્ટ્રમાં હોવા સંભવ છે. વળી તેણે દ્વારકાના રાજાને જીત્યો હોવાનો ઉલ્લેખ છે. "દ્વર્ભાર" ગામનો ઉલ્લેખ છે જે ડાભોર હોઈ શકે. તે નામનાં બે ગામો સોરઠ જિલ્લામાં છે.

**બાલારામ** : વલ્લભીપુર જે પ્રદેશમાં વસ્યું તેને વલ્લક્ષેત્ર કહ્યું છે. વલ્લભીનાં તામ્રપત્રોમાં પણ તેને બલ્લક્ષેત્ર તરીકે સંબોધ્યું છે અને તેની આજુબાજુનો પ્રદેશ વાળાંક કહેવાય છે. વાળાઓ સિંધમાંથી આવ્યા હોવાનું અનુમાન કર્નલ ટોડે કર્યું છે.[૧] તેઓ બલ્લકરામ નામથી ઓળખાયા.

કર્નલ ટોડે ઘણાં અનુમાન કર્યાં છે. તે પૈકીનું આ પણ એક અનુમાન છે. વલ્લભી રાજાઓ મૈત્રકો હતા. તેઓ બલ્લહારા કે બલ્લા કહેવાયા હોવાનું માની શકાતું નથી. તેઓ સૂર્યપૂજક હતા અને તેઓ પૈકી મહારાજા ધ્રુવસેન ૨ જો બાલાદિત્ય નામ ધારણ કરી ગાદી ઉપર બેઠો હતો. એટલે કદાચ "બાલા" શબ્દ મૈત્રકોનો પ્રિય શબ્દ થઇ પડયો હોય. તેથી તેમના વંશજોએ "બાલા" સંજ્ઞા ધારણ કરી હોય.

કર્નલ વોટસનનું કથન વિશેષ યોગ્ય છે. તેના મત પ્રમાણે વલ્લભીના પતન પછી મુસલમાનોને અમુક સમયે હાંકી કાઢી, પોતાનો પ્રદેશ પુનઃ પ્રાપ્ત કર્યો અને મારવાડમાં આશ્રય લઇ રહેલા એભલે આવી ચમારડી જીત્યું અને વલ્લભી પાછું વસાવ્યું. તે મારવાડથી "વળ્યા" માટે "વાળા" કહેવાયા.

એક ઇતિહાસકાર આ વાળા લોકો વલ્લભીના વિનાશ પછી બે સૈકા પછી આવ્યા તેમ કહે છે; પણ તે વાત માની શકાય તેમ નથી.[૨]

ત્રીજી વાત એવી પ્રચલિત છે કે શીલાદિત્યનો એક પુત્ર હતો, જેને શીલાદિત્યે વંથલી જાગીરમાં આપ્યું હતું. અનેક તામ્રપત્રો પ્રાપ્ત થયાં છે. પણ તે

---

૧. કર્નલ ટોડે બલ્લા (બાલા)ને, સિંધમાં તેઓ "હક્કા મુલ્તાનના રાવ" ચારણોના સંબોધનોમાં કહેવાય છે માટે કહ્યા છે. તેમનો આદ્યપુરુષ બલ્લાવાળા હોવાનું કહે છે. તેણે ઢાંક જીતી લીધું તથા તે પછી તેની આસપાસનો પ્રદેશ જીતી વલ્લભીપુર વસાવ્યું અને બલ્લારામની ઉપાધિ ગ્રહણ કરી. આ માન્યતાનો પંડિત ગૌ. હી. ઓઝાએ વિરોધ કર્યો છે. કાઠીઓ વાળા છે. તેને તથા વાળા રજપૂતોને કાંઇ સંબંધ નથી. કાઠીઓ તો તેમના પછી ઘણે વર્ષે આવ્યા. બલ્લારામની ઉપાધિ કર્નલ ટોડની કલ્પના જ છે. આપણે પણ જોયું તેમ વલ્લભીના રાજાઓ મૈત્રકો હતા. અને સિંધ સાથે તેને કાંઇ ખાસ સંબંધ ન હતો.

કર્નલ ટોડના રાજસ્થાનના ઇતિહાસના હિંદી અનુવાદક શ્રી. બળદેવપ્રસાદ મિશ્ર પણ એક સ્થળે એમ લખે છે કે વલ્લભીના રાજાઓ બલ્લહક કહેવાતા. આરબો તેમને બલ્હારા કહેતા. પંડિત ગૌ. હી. ઓઝા તેના માટે પણ કહે છે કે આરબો દક્ષિણના રાઠોડોને બલ્હારા કહેતા; પણ

પચ્છમ દિશા પ્રસિદ્ધ, દેશ સોરઠ ધર દીપત
નગર બાલ્લિકા નામ, જંગ કરી આસુર જીવત.

"રાજવિલાસ"માં બાલ્લિકા નામે શબ્દ વપરાયો છે.

૨. ભારત રાજ્ય મંડલ (શ્રી અમૃતલાલ ગો. શાહ).

તમામ દાનમાં એ જાગીરનું નામ નથી. વાળારામ એ કાં તો શીલાદિત્યના રાજવંશનો ફટાયો હોય અને કાં તો વાળાઓ પાછા વળી આવ્યા ત્યારે વંથલીનો પ્રદેશ કોઇને સ્વાધીન ન હોવા કારણે અથવા કોઈ પાસેથી વાળારામે પ્રાપ્ત કર્યો હોય તે સંભવિત છે.[૧]

વાળાનું રાજ્ય વળાંકમાં હતું તેમ ઢાંકમાં પણ હતું. ઢાંક આપણે આગળ જોયું તેમ બહવાઓએ જીત્યું એ ટોડનું કથન સાચું છે, પણ સમયના પ્રમાણમાં ખોટું છે. વલ્લભીના પતન પછી તે વંશના મેવાડ–મારવાડમાં વસતા અથવા નાસી ગયેલા વંશજોએ પાછા આવી ઢાંક પણ જીતી લીધેલું. અને તેઓ ગમે તે કારણે "વાળા" કહેવાયા.[૨] વાળા કાઠીઓની ઉત્પત્તિ તેમાંથી થઇ.[૩]

એ રીતે વલ્લભીના અંતિમ રાજા શીલાદિત્યના યુવરાજ પછીના પુત્ર વરસીને[૪] વંથલીની જાગીર મળી. તે ઇ. સ. ૭૭૦માં વલ્લભીના પતન સમયે મરાઇ ગયો અથવા નાસી ગયો. ઇ. સ. ૭૮૦માં વાળાઓ આવ્યા અને તે પછી તેણે વંથલીની જાગીર પાછી સંભાળી. તેનો પુત્ર રામ કે જે વાળારામ તરીકે જાણીતો છે તે વંથલીનો રાજા થયો અને ઇ. સ. ૮૪૦–૮૪૫ લગભગ ગુજરી ગયો.[૫]

આ વાળારામને એક બહેન હતી. તેનાં લગ્ન સિંધના નગરઠઠ્ઠાના યાદવ કુળમાં કર્યાં હતાં. તેનો પુત્ર ચંદ્રચૂડ વંથલી તેના મામા પાસે રહેતો હતો.

---

૧. આ વિષયમાં એક ઇતિહાસકારે આ વાળારામ શીલાદિત્યની ઉપાંગનાનો પુત્ર હતો તેમ કહ્યું છે. આ કથનને કોઇ આધાર નથી.

ભાટ લોકો તેઓને મહાભારતના યોદ્ધા કરણના પુત્ર વૃતકેતુના પુત્રના વંશના કહે છે.

"વૃતકેતે વંશ ઉજળો જ્યાંથી વાળા જાત
ક્ષોરવોએ કળ ખોયું, અળ રાખી અખ્યાત."

૨. વલ્લભી રાજાઓના કુટુંબી ભાયાતો જતા રહેતા હતા ત્યાંથી તેને પાછા વાળ્યા; માટે વાળા કહેવાયા તેમ પણ કથન છે.

૩. આ ચર્ચા આગળ કરવામાં આવી છે. ઢાંકના વાળા રાજા ધાનવાળાનો કુંવર વેરા વાળો કે વેરાવળવાળો હતો. તે કાઠી વીસવાની પુત્રી રૂપાંદેને પરણ્યો; તેને ત્રણ પુત્રો થયા. "વાળા, ખુમાણ, અને ખાચર" તે ત્રણે શાખાના કાઠીઓ શાખામત કહેવાયા અને બીજા કાઠીઓ અવરતિયા કહેવાયા.

૪. રણછોડજી દીવાન તેનું નામ વાળા વરસી આપે છે. તે વીરસિંહ હોય.

૫. આ વર્ષો માત્ર ઉપલબ્ધ પ્રમાણો ઉપરથી બેસાડેલાં છે.

વાળારામનો પુત્ર તેની હયાતીમાં જ દેશવટે ગયેલો. તે પાછો ફર્યો નહિ અને ઇ. સ. ૮૭૫ લગભગ વાળારામ ગુજરી ગયો. તેથી ચંદ્રચૂડે વંથલીનું રાજ્ય સ્વાધીન કર્યું અને તે ત્યાંનો રાજા થયો. ચંદ્રચૂડ સમા જાતિનો યાદવ હતો.[૧]

એ રીતે વલ્લભીપુરના વિનાશ પછી ૧૦૫ વર્ષે આ દેશની આવી સ્થિતિ રહી. કનોજનું સામ્રાજ્ય અહીં સુધી ફેલાયું; પણ તેમનો અધિકાર માત્ર નામનો જ હતો. જેમ ઇતિહાસમાં થતું આવ્યું છે તેમ વલ્લભીના પતન પછી દરેક સામંત પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપી બેસી ગયો અને કનોજનું રાજ્ય બળવાન હોઇ કદાચ ચડાઈ કરે તે બીકે તેમાંની આણ કબૂલ રાખી. આપણે જોયાં તે રાજ્યોનાં નામો તો ઇતિહાસમાંથી મળ્યાં છે, પણ કેટલાયે એવાં રાજ્યો હશે કે જેનાં નામો પણ પ્રાપ્ત થતાં નથી. આ રાજ્યો પણ અંદર અંદર લડતાં અને પોતાનું વર્ચસ્વ અથવા વિસ્તાર વધારવા સતત પ્રયત્ન કરતા

આ પરિસ્થિતિ એક સૈકા પર્યંત ચાલી. આ સમયના ઇતિહાસ ઉપર અંધારની ઘેરી જવનિકા પથરાઈ છે.

---

૧ યાદવોની સમા એક શાખા હતી. તેઓ સમા કહેવાયા તે માટે ઘણાં અનુમાનો કરવામાં આવે છે. પણ ગીઝનીના યાદવ રાજા સામંત પાસેથી સુલ્તાનશાહે ગીઝની જીતી લીધું અને તે રાજ્યકુળ ભારતમાં આવ્યું ત્યારે પોતપોતાના પિતા ઉપરથી શાખ બનાવી લીધી. એ રીતે સામંત કે સામતના વંશજો સામા કે સમા કહેવાયા; અને ચંદ્રચૂડ તે પછી તેની એક બળવાન શાખાનો સ્થાપક થયો. તેથી તેના વંશજો ચુડાસમા કહેવાયા. સામતથી દશમી પેઢીએ લાખો ધુરારો થયો. તેણે નગર મોહોણ નામના સલાહકારના કહેવાથી "નગર સમોઇ" વસાવી પોતાની જાતિનું નામ અમર કર્યું. આ નગર સમોઇ તે હાલનું 'નગરઠઠ્ઠા.'

## ચંદ્રચૂડ :– ઇ. સ. ૮૫૭ થી ઇ. સ. ૯૦૭

**યદુકુળ :** ચંદ્રચૂડ યદુવંશી હતો. તેના પિતા નગરઠઠ્ઠા કે નગર સમોઇમાં રાજ્ય કરતા; તેથી તેઓ સમા શાખાના યાદવો હતા.[1] ભગવાન કૃષ્ણના વંશનો[2] અધિકાર આ પવિત્ર પ્રદેશ ઉપર હતો. અને પુનઃ યદુવંશી રાજાએ એક બળવાન રાજ્યની સ્થાપના ત્યાં જ કરી, વંથલીમાં પોતાની રાજ્યધાની બનાવી. તેના મામાવાળા રામના કુટુંબીઓ વંથલી છોડી ગયા.[3]

આ રીતે ચંદ્રચૂડનું નિષ્કંટક રાજ્ય શરૂ થયું.

---

૧. યાદવ વંશની આઠ શાખાઓ છે. (૧) યદુ. (૨) ભટ્ટી. (૩) જાડેજા. (૪) સમા. (૫) મુડેચા (૬) બીદમન (૭) બદ્રા (૮) સોરા. તેમાં નં. ૧, ૨, ૩, ૪, ના રાજ્યવંશ ભારતમાં વિદ્યમાન છે; નં. ૬, ૭, ૮ વિશે કાંઈ જાણવામાં નથી.

૨. કૃષ્ણચંદ્રની રાણી જાંબુવંતીનો પુત્ર સાંબ થયો. તે શોણિતપુર (હજીમનું કહેવાય છે, પણ અરબસ્તાનનું વર્તમાન સેના હોવાનો વિશેષ સંભવ છે.)ના રાજા બાણાસુરના પ્રધાન કૌભાંડની પુત્રી રામા સાથે પરણ્યો. તેનો પુત્ર ઉષ્ણિક થયો. યાદવાસ્થળી સમયે તે શોણિતપુર હતો. એટલે બચી ગયો. કૌભાંડ અપુત્ર ગુજરી જતાં તે તેની ગાદીએ બેઠો. તેના વંશમાં તેનાથી ૭૬-મી પેઢીએ દેવેન્દ્ર નામે રાજા થયો, તે શોણિતપુરમાં ઇ. સ. ના છઠ્ઠા સૈકામાં હયાત હતો. તેને ચાર કુંવરો થયા. ૧. અસપત અશ્વપતિ ૨. ગજપત (ગજપતિ) ૩. નરપત (નરપતિ) ૪. ભૂપત (ભૂપતિ). હજરતઅલીએ ઇસ્લામપ્રચારના કારણે તેના ઉપર ચડાઇ કરી. રાજા દેવેન્દ્ર સમરાંગણમાં સૂતો અને કુંવરો ભાગી છૂટયા. તેઓ શાખ અર્થાત્ વર્તમાન સીરીયામાં ગયા. અસપત (અશ્વપતિ વા ઉગ્રસેન) ત્યાં હાર્યો. તેણે ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો અને અન્ય ત્રણ ભાઇઓ દક્ષિણ તરફ ભાગ્યા. તેમણે આવીને અફઘાનિસ્તાન જીતી લીધું. ત્યાં ગજપતે સં. ૭૦૮-ની અક્ષય તૃતીયા, શનિવાર, રોહિણી નક્ષત્રમાં ગીઝની વસાવ્યું. પરંતુ ભાગ્યદેવી વિપરીત હતી. ખોરાસાનના સુલ્તાને તેના ઉપર ચડાઇ કરી. ગજપત અમરક્ષેત્રમાં સૂતો. નરપતે તથા ભૂપતે સર્વે આશાઓ છોડી ભારતમાં પ્રવેશ કર્યો.

ભૂપતે પંજાબમાં રાવી સીલીંદ્રપુરનો પ્રદેશ જીતી લઈ ત્યાં રાજધાની કરી; પણ ત્યાં પણ યોગ્ય ન જણાતાં સતલજ ઊતરી જેસલસર નામે શહેર, તનાટ તથા દરવાલ ગામો વસાવી રાજ્ય સ્થાપ્યું, જે હજી વિદ્યમાન છે. તેના વંશજો ભટ્ટી કહેવાયા. નરપતે સિંધમાં આવી કેટલોએક પ્રદેશ જીતી લઇ ત્યાં નગરસમોઇ (સમાનું નગર) વસાવી પોતાની રાજ્યધાની કરી અને તેના વંશજો સમા કહેવાયા. જાડેજાઓ પણ આ વંશના છે, જેની ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

૩. આ વાળાઓ ઢાંક ગયા અને ત્યાં જ રહી ગયા. ચમારડી–તળાજાના વાળાઓ બાલારામના સંબંધીઓ ન હતા.

**ચંદ્રચૂડ નામ :** ચંદ્રચૂડ નામ માટે ઘણી જ ચર્ચા વિદ્વાનોએ કરી છે. તે નામ કેમ પડ્યું ? એમ પણ કહેવામાં આવ્યું છે કે તે ચૂડી પહેરતો માટે ચૂડચંદ્ર કહેવાયો.[૧]

આ વાત બંધબેસતી નથી. ચંદ્રચૂડ શંકર ભગવાનનું પ્રિય નામ છે; અને સમાઓ શિવભકત હશે તેથી તેઓએ આવું સુંદર સંસ્કૃત નામ રાખ્યું હશે[૨]. અને તેના વંશજો ચૂડાસમા તરીકે નામ ધારણ કરી શકયા.[૩]

**રાજકીય પરિસ્થિતિ :** આ સમયની રાજકીય પરિસ્થિતિ આપણે જોઇ ગયા. દેશમાં અંધાધૂંધી હતી. 'મારે તેની તલ્વાર' એ સૂત્ર પ્રવર્તમાન હતું. કોઇપણ પ્રબળ સત્તા સામન્તો ઉપર અંકુશ રાખી શકે તેવી રહી ન હતી. અણહિલવાડના ચાવડા રાજાઓ પણ નામના જ હતા. વલ્લભી સમયના સામંતો પરસ્પર યુદ્ધોમાં ભાંગી ગયા હતા અને આખા દેશમાં અરાજકતા ફેલાઇ ગઇ હતી. ચંદ્રચૂડે આ સમસ્ત પરિસ્થિતિનો લાભ લઇ તેનાં બુદ્ધિ અને બાહુબળે રાજ્યવિસ્તાર વધારવાના પુરુષાર્થ અને પરિશ્રમ આદર્યાં. તેના ૫૦ વર્ષના દીર્ઘ રાજ્યકાળમાં તેણે પ્રારંભનાં વર્ષો ધનસંગ્રહમાં અને પ્રજાની આબાદીમાં જ ગાળ્યાં હોવાનું જણાય છે.

**વિકાસ :** વંથલીની આજુબાજુનો પ્રદેશ જૂનું સોરઠ કહેવાતો અને સાગરકાંઠો એ નવું સોરઠ કહેવાતો. તે બન્ને વચ્ચે ગાઢ જંગલો હતાં. વિકરાળ વનચરો, આદિવાસીઓ અને રાની પશુઓથી તે ભાગ ભરેલો હતો. ચંદ્રચૂડે તે જંગલો કપાવી નાખ્યાં. બહારથી વસ્તી લાવીને ખેતી માટે જમીનો આપી. ચોર, લૂંટારાઓથી પ્રજાને નિર્ભય કરી. પરિણામે તેના ધનકોષમાં દ્રવ્યવૃદ્ધિ થઈ.

---

૧. રણછોડજી ઉદયરામ : રાસમાળા ભાષાંતર.

૨. ધંધુસર (જૂનાગઢ પાસે)ના હાનીવાવના લેખમાં લખ્યું છે કે:

**श्री चन्द्रचूड चुडाचन्द्र चुडासमानमधृतदयत :**
**जयति नृपहंसः वंशातंस संसत्प्रशसितो वंश :**

અર્થાત્ જેમ ચંદ્રચૂડ (શિવ) તેના શિર ઉપર ચંદ્ર ધરે છે તેમ ઉચ્ચ કુળના રાજ્યપતિઓ તેઓના મસ્તકે ચૂડાચંદ્રને ધરે છે.

ભાવાર્થ એ કે તેને રાજાઓએ માન્ય રાખ્યો છે અથવા તેને સર્વોપરી માન્યો છે. આ શિલાલેખ તેના મૃત્યુ પછી ઘણાં વરસે લખાયો છે. છતાં સુંદર કાવ્યોકિતમાં તેનાં શકિત અને બળનો ખ્યાલ આપણને મળી રહે છે.

૩. કુળના મૂળપુરુષમાંથી શાખાનું નામ લેવાયું હોય તેવા અનેક દાખલા છે.

વિસ્તાર: તે કારણે તેનો રાજ્યવિસ્તાર દક્ષિણમાં સમુદ્ર પર્યંત, ઉત્તરમાં વર્તમાન ગોંડલ પર્યંત, પૂર્વમાં વર્તમાન અમરેલી પર્યંત અને પશ્ચિમમાં પોરબંદર પર્યંત ફેલાયેા હેાવાનું જણાય છે.[૧]

ચંદ્રચૂડ જેઠવા રાણા આદીતજીનેા મિત્ર હતેા. તેઓ બન્ને અજમેરના રાજા કનકસેન ચૌહાણની પુત્રી હંસાદેવીના સ્વયંવરમાં ગયા હતા.[૨]

ચંદ્રચુડનેા પુત્ર હમીર હતેા. તે પિતાની હયાતીમાં જ ગુજરી ગયેલેા તેથી ઈ. સ. ૯૦૭ માં ચંદ્રચૂડ ગુજરી ગયેા ત્યારે તેની ગાદીએ તેનેા પૌત્ર મૂળરાજ આવ્યેા.

આ રાજાના સમયમાં જેઠવાઓ આ પ્રદેશમાં આવ્યા હેાવાનું જણાય છે.[૩]

---

૧. જ્યારે ખોરાસાનનેા સુલ્તાન મામુન (મહમુદ) ચિતેાડ ઉપર ચડી આવ્યેા ત્યારે જૂનાગઢના યાદવ તેની સહાય માટે ગયા હતા તેવી ટોડે નોંધ કરી છે. આ બનાવ ઇ. સ. ૮૩૨-૮૩૬ ની વચમાં બન્યેા, જ્યારે યાદવ વંશ જૂનાગઢમાં ઇ. સ. ૮૫૭માં શરૂ થયેા. કદાચ કુંવર-પદે ચંદ્રચૂડ ગયેા હેાય.

૨. આ કુંવરીએ આદીતજીને વરમાળા પહેરાવી હતી. (જેઠવા ઇતિહાસ)

૩. જેઠવાઓને કર્નલ ટોડ પ્રાચીન કહે છે અને તેમને જેઠવા અથવા કમરી સાથે ભેળવી દીધા છે. આઠમા સૈકામાં તેના રાજા તંવર રાજકુળમાં પરણેલા અને કમર કહેવાતા તેમ લખ્યું છે. ૧૨ મી સદીમાં ઘુમલી ઉપર આક્રમણ કરનારાઓને કાઢી મૂકનાર સેહલ કમર હતેા. તેઓ હવે કમર નહિ પણ જેઠવા કહેવાય છે. તેણે 'ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડીયા'માં પણ વિશેષ લખ્યું છે. આ જાતિના ઇતિહાસનું કર્નલ ટોડનું અજ્ઞાન છે. કમર શબ્દ કંવર કે કુંવર માટે છે, જાતિ માટે નહિ.

જેઠવાઓ પ્રતિહાર વંશના હેાવાનું સ્વ. શ્રી. શંકરપ્રસાદ દેશાઇનું બીજું અનુમાન છે. ગુજરાતમાં પ્રતિહારોનું મહારાજ્ય હતું. અવનિવર્માના તામ્રપત્રમાં મહેન્દ્રાયુધનું નામ છે. તેના વંશજો અથવા તે કુટુંબના હેાવાનું જણાય છે. ઇ. સ. ૭૮૩ માં તે વંશના રાજા વત્સરાજે ગુજરાત–સૌરાષ્ટ્ર ઉપર પેાતાનેા અધિકાર સ્થાપવા યત્ન કરેલેા; નક્ષીસપુરમાં આ રાજાઓની રાજધાની હતી. પ્રતિહાર (પઢિયાર) તેમને અગ્નિવંશી માને છે. પણ શ્રી. ગૌ. હી. ઓઝાના મત પ્રમાણે તેઓ ઇસુની પંદરમી સદી સુધી પેાતાને રઘુવંશી કે વિપ્ર હરિશ્ચંદ્રના વંશના માનતા; પણ ગ્વાલિયરના વિ. સ. ૯૦૦ના લેખમાં તેમને લક્ષ્મણના વંશજ કહ્યા છે.

ચંદ બરાદાયી ઇ. સ. ૭૧૪ માં મેવાડનેા વર્તમાન રાજ્યવંશ સત્તા ઉપર આવ્યેા તે પહેલાનાં ચિત્તોડના ભોજ પરમારના વર્ણનમાં તેને ભારતના સમ્રાટ કહે છે, તથા લખે છે કે તેણે દિલ્હી તંવરોને પ્રદાન કરી, પાટણ ચાવડાઓને, સાંભર ચૌહાણોને, કનોજ કમધ્વજને, મરુદેશ પઢિયારોને, સોરઠ યદુવંશીઓને, દક્ષિણ જાવલા ( ઝાટલા? ) ને તથા કચ્છ ચારણોને આપ્યાં. તે મારવાડના તેના રાજ્યનું મુખ્ય શહેર મંડોલર (મંદોદ્રિ) હતું. રાઠોડોએ તેના શરણે આવ્યા છતાં દગાથી તેનું રાજ્ય લઈ લીધું. મેવાડના રાજાઓએ તેમનેા રાણાનેા ઇલકાબ તેા પ્રથમથી જ લઇ લીધેા હતેા. (૧૩મી સદીમાં) (વિશેષ માટે જુઓ ટોડ, રાજસ્થાન) જેઠવાઓને ભૂમિલિકાના સૈન્ધવના જાદકના વંશજો કહેવામાં આવે છે તે માત્ર અનુમાન અને કલ્પના છે.

જેઠવા : જેઠવાઓ પોતાને હનુમાનજીના વંશને કહેવરાવે છે. તેઓના મૂળપુરુષ મકરધ્વજ થયા. તે હનુમાનજીના પ્રસ્વેદના બિંદુમાંથી ઉત્પન્ન થયા હતા. શ્રીરામચંદ્રે તેઓને શ્રીનગરનું રાજ્ય આપ્યું.[૧] તેના મોરધ્વજ થયા. તેણે મોરબી વસાવ્યું.[૨] તેની ચોથી પેઢીએ હંસધ્વજ થયા. તેણે પારધરમાં યજ્ઞ કર્યો. તેની ચોથી પેઢીએ સેસમાલ કુમાર થયા, અને તેનાથી અગિયારમી પેઢીએ સીલકુમાર થયા. તેણે ઘુમલી વસાવ્યું અને આભપરા, કાળુતું, કાછેલું ને ઉજન તળાવ કરાવ્યાં. તેના કુમાર વારા તથા ગોપ થયા, ગોપનો ડુંગર તેના ઉપરથી થયો. એ પછી કેટલીયે પેઢીઓ[૩] પછી જેઠીજી થયા. તેના નામ ઉપરથી તેના વંશને જેઠવા કહેવાયા. પરંતુ જેઠીજી ઉપરથી નહિ પણ તેના અગાઉ ઘણી પેઢી પહેલાં[૪] થયેલા જેઠીધ્વજ ઉપરથી તેઓ જેઠવા કહેવાયા હોય તો આશ્ચર્ય નહિ.

ગમે તેમ પણ જેઠવાઓનું રાજકુળ અજ્ઞાત છતાં પ્રાચીન છે તેમાં શંકા નથી. તેઓ કદાચ પહેલાં કોઈ બીજા નામે ઓળખાતા હશે અને જેઠવા નામ ધારણ કરવાથી તે મૂળ નામ લુપ્ત થયું જણાય છે. પણ પ્રતિહારના છેલ્લા વંશને તરીકે તેઓએ મોરબી લીધું હોવાનું જણાય છે. ત્યાંથી તેઓ બેટ દ્વારકાના સ્વામી થયા; પણ ત્યાંથી તેઓ વર્તમાન હાલારમાં નાગના ગામે આવ્યા, અને ઘુમલીમાં રાજધાની કરી.[૫]

સૌરાષ્ટ્રમાં ચાવડાઓ પછી ચુડાસમા અને પછી જેઠવાઓ આવ્યા તે સ્પષ્ટ છે. પણ તેઓનો ઇતિહાસ એવો ગૂંચવાઈ ગયો છે કે સ્વતંત્ર અને નિષ્પક્ષપાત સંશોધન સિવાય તે સ્વચ્છ થાય તેમ નથી.

---

૧. શ્રીનગર નામનું ગામ પોરબંદર પાસે છે; પણ તે હોવા સંભવ નથી.

૨. હનુમાનજી કે રામચંદ્રજીના સમય પછી તુરત મોરબી વસ્યું હોવાનું પણ સંભવતું નથી. આ બધી બાટોની વાતો છે. તેઓને કાળનું જ્ઞાન ઓછું હોય છે.

૩. આ પેઢીનામું એટલું બધું લાંબુ છે કે અત્રે વિસ્તારભયથી છોડી દેવું પડે છે.

૪. જેઠવાઓના પછીના રાજાઓનો ઇતિહાસ આ પુસ્તકમાં ક્રમશઃ આવશે.

૫. પોરબંદરનો ઇતિહાસ વાંચતાં આખી વાત એવી સેળભેળ કરી છે કે તેનું તારણ કાઢવું કઠિન છે. દા. ત. મોરબીમાં વાઘેલા તથા જેઠવા સંગજીના સમયમાં યુદ્ધ થયું, તે જીત્યો અને કુંવર કાનજી કેદ પકડાયો; પરંતુ સિરોહીના અલેરાજ, કનકસેન ચાવડા તથા હમીર જાદવે વચ્ચે પડી છોડાવ્યા. તે વાઘેલાએ દીકરી દીધી તથા રાણાનો ખિતાબ દીધો. આમાં કોઈ રાજાઓ સમકાલીન નથી. તેમ સંગજીના સમયમાં વાઘેલા જ ન હતા, તેના પછી ઘણી પેઢીએ નાગાજણ થયો. તેણે શાલિવાહન સાથે યુદ્ધ કર્યું હતું. તો સંગજીનો સમય કયો ?

મૂળરાજ : ઈ. સ. ૯૦૭ થી ઈ. સ. ૯૧૯.

મૂળરાજ તેના પિતાનો દ્વિતીય પુત્ર હતો. મોટાભાઈનું શું થયું તે જણાયું નથી. મૂળરાજે ગાદી ઉપર આવીને તેના રાજ્યનો વિસ્તાર વધારવાનું તેના પિતામહે અપૂર્ણ મૂકેલું કાર્ય હાથમાં લીધું. તેણે પોતાનાં સૈન્યો વંથળીના રાજ્યની ચારે દિશાએ દોર્યાં.

દક્ષિણ સૌરાષ્ટ્રમાં એ સમયે સાગરકાંઠો ચાવડાઓના તાબે હતો અને તેઓ ત્યાં પોતાનાં થાણાં જમાવી બેઠા હતા. લૂંટફાટ તો ચાવડાઓનો મુખ્ય ધંધો હતો. એટલે મૂળરાજે તેઓને સાગરકાંઠાના પ્રદેશથાંથી હાંકી કાઢયા અને વંથલી રાજ્યનો વિસ્તાર સમુદ્રતીર પર્યંત વધાર્યો.

પૂર્વભાગમાં આ સમયમાં વલ્લભીના જૂના સામંતો તથા વાળાઓનાં નાનાં રાજ્યો હતાં. તદુપરાંત નક્ષીસપુરમાં અવનિવર્માનું રાજ્ય પ્રબળ થતું જતું હતું. અવનિવર્માએ વઢવાણના ધરણીવરાહને હરાવ્યો અને ભાલ પ્રદેશ અને વર્તમાન ઝાલાવાડનો ઘણો ખરો ભાગ પોતાના કબજામાં લીધો.[૧] મૂળરાજે તેના ઉપર ચડાઇ કરી અને અવનિવર્માએ તેનું આધિપત્ય સ્વીકાર્યું અથવા સંધિ કરી; પણ મૂળરાજે ત્યાંથી વિજય મેળવી પાછા ન ફરતાં ધંધુકા ઉપર થઇ ખંભાત કે જે તે સમયે ગીજની[૨] કહેવાતું તેના ઉપર ચડાઈ કરી તે જીતી લીધું.

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં દ્વારકાનું એક રાજ્ય હતું.[૩] ભગવાનની ભૂમિ હોઇ રાજગાદી દ્વારકા પાસે કાલીવાવમાં હતી. તેનો પરમાર રાજા હતો. તેની પુત્રી સાથે ચિતોડના પ્રસિદ્ધ મહારાણા બાપ્પાએ લગ્ન કર્યું હતું. તેનો પુત્ર અસીલ હતો. અસીલ ચિતોડમાં ન રહેતાં કાલીવાવમાં રહેતો. સોરાષ્ટ્રમાં તેમણે એક રાજ્ય

---

૧. તામ્રપત્ર અવનિવર્મ (આશ્ચાર્ય) ભા. ૩

૨. ગીજની વલ્લભીપુર રાજ્યનું અગત્યનું નગર હતું.

૩. આ રાજ્યનો ઉલ્લેખ આગળ કદી થયો નથી. માત્ર ગારૂલકે તે જીત્યું હોવાનું કહેવાય છે.

સ્થાપ્યું, અસીલગઢ નામનો કિલ્લો બાંધ્યો,[1] અને પોતાનું શાસન શરૂ કર્યું. મૂળરાજે તેની ઉપર ચડાઇ કરી; અસીલગઢ જિતાયું અને વંથલીના રાજ્યમાં તે ભેળવી દેવામાં આવ્યું.

એ રીતે માત્ર આઠ વર્ષના ગાળામાં મૂળરાજે તેના રાજ્યના સીમાડા વધારી દીધા અને સૌરાષ્ટ્રનો ઘણોખરો ભાગ પોતાની આણ નીચે લાવ્યો. આ વીર રાજા વિદ્વાનોને આશ્રય દેનારો હતો. તેણે રાજ્યવ્યવસ્થા પણ દૃઢ કરી, મંત્રીઓ અને અન્ય કર્મચારીઓ પણ નીમ્યા.

પરંતુ તે તેનાં વિજયી સૈન્યોની સહાયથી રાજ્યનો વિસ્તાર કરવા જીવ્યો નહિ. ઈ. સ. ૯૧૫ માં કોઈ યુદ્ધભૂમિમાં તે વીરગતિને પામ્યો. આમ તે ઝાઝું જીવ્યો નહિ.

**વિશ્વ-વરાહ** : ઈ. સ. ૯૧૫ થી ઈ. સ. ૯૪૦.

મૂળરાજનો પુત્ર વિશ્વવરાહ ઉર્ફે વિશ્વવરાહ તેના પછી ગાદીએ આવ્યો. તેણે 'રાહ' પદ પ્રથમ ધારણ કર્યું, તેમ વિશ્વરાહે તેના પિતાની સમશેર કમરે બાંધી અને તેના વિજયધ્વજને ઊડતો રાખ્યો.

**નક્ષીરપુર** : આ સમયે ગુર્જર પ્રતિહાર મહીપાલદેવ કે જે નક્ષીરપુરમાં રાજ્ય કરતો અને સૌરાષ્ટ્ર ઉપર પોતાનું સાર્વભૌમત્વ હોવાનો દાવો કરતો તે મૂળરાજ અને વિશ્વરાહના માર્ગમાં કંટકરૂપ હતો. તેને રાષ્ટ્રકૂટ વંશના મહારાજા ઇન્દ્ર ત્રીજાએ ઇ. સ. ૯૨૦[2]માં હરાવ્યો. આ પરાજય એવો સખ્ત હતો કે સૌરાષ્ટ્ર

---

૧. બાપ્પા રાવલ દીવના ઇસબગુલ નામના રાજાની પુત્રીને પણ પરણેલા. તેનો પુત્ર અમરાજિત હતો. દીવની બાણ માતાને તે ચિતોડમાં લઈ ગયો જે ત્યાં હજી છે. કાલીવાવ ક્યાં હતું તે જ્ઞાત નથી. પણ દ્વારકા તે વર્તમાન નહિ પણ કોડીનાર પાસે આવેલું મૂળ દ્વારકા હોવા સંભવ છે. કારણ કે તેના પુત્ર વિજયપાલે ખંભાત ઉપર પોતાનો અધિકાર હોવાનો દાવો કર્યો હતો. ગારૂલકે દ્વારકા જીત્યું તે પણ આ જ હોવાનું હું માનું છું. વિજયપાલ મૂળરાજના હાથે માર્યો ગયો હશે. જો વર્તમાન દ્વારકાને ગણીએ તો આ રાજ્યનો વિસ્તાર સૌરાષ્ટ્રના ઘણા મોટા ભાગમાં વધ્યો ગણાય. આ વિષયમાં નિર્ણય થતો નથી. શ્રી છત્રપતિ મૂળરાજે અસીરગઢ અને સિંધ જીત્યા હોવાનું કહે છે. અસીરગઢ ખાનદેશમાં છે. તે તથા સિંધ જીતવા જેટલી હજી આ ઊગતા રાજ્યમાં શક્તિ હોવા સંભવ નથી. અસીલગઢ અને અસીરગઢ બે જુદા કિલ્લા છે. અસીલગઢ સૌરાષ્ટ્રમાં હતો. અને કાલીવાવ નહિ પણ કાલીપાટ નામનું ગામ ઓખાને સીમાડે છે. તથા દ્વારકા પાસે અસીલગઢના ખંડિયેરો પણ છે. સિંધના સોમ રાજાને મૂળરાજે જીત્યો હતો તેમ ઇતિહાસકારો નોંધ કરે છે. પણ તે સમયમાં કોઇ સોમરાજા હોવાનું જણાતું નથી. કદાચ કોઇ નાનો સામંત હોય તો સંભવ છે.

૨. ગોવિંદ ૪થા ના ખંભાતના તામ્રપત્રમાં ઇ. સ. ૯૩૦: Epigraphic India, Vol. 10.

ઉપરથી તેની પકડ છૂટી ગઈ અને આ તકનો લાભ લઇ વિશ્વરાહે નક્ષીસપુર જીતી લીધું અને પોતાના રાજ્ય સાથે ભેળવી દીધું; એટલું જ નહિ પણ ચૌલુકય અવનિર્માને હરાવી તેના રાજ્યનો પણ અંત આણ્યો. આ રાષ્ટ્રકૂટ રાજાઓ સૌરાષ્ટ્રમાં કદી આવ્યા હોવાનું જણાતું નથી.

વિશ્વરાહનો રાજ્યવિસ્તાર એ રીતે વર્તમાન સૌરાષ્ટ્રનો લગભગ બધો ભાગ આવરી લેતો થયો હતો. અને આ રીતે વંથલીનું રાજ્ય અનેક નાનાં રાજ્યો ઉપર સાર્વભૌમ રાજ્ય ભોગવતું રાજ્ય બન્યું.[૧]

વિશ્વરાહે પણ કવિઓને તથા વિદ્વાનોને આશ્રય આપ્યો, રાજ્યવ્યવસ્થા સ્થિર કરી અને તેના કોષને દ્રવ્યથી છલકાવ્યો. તેનાં સૈન્યોએ સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાં યાદવોની વિજયપતાકા લહેરાવી અને સૌરાષ્ટ્રના બળવાન રાજ્યની સ્થાપના કરી.

વિશ્વરાહ ઇ. સ. ૯૪૦ માં ગુજરી ગયો અને તેની ગાદી ઉપર તેનો પુત્ર રાહ આવ્યો.

રાહ ધારિયો : ઇ. સ. ૯૪૦–ઇ. સ. ૯૮૨.

રાહ ધારિયો, ગારીયો, ધાર, એવાં નામથી આ રાજા ઓળખાય છે. તેને જૈન ગ્રંથોમાં ગ્રહરિપુ કહ્યો છે.[૨]

ગ્રહરિપુ ગાદીએ આવ્યો ત્યારે સૌરાષ્ટ્રના મોટા ભાગના પ્રદેશનો તે અધિપતિ હતો. તેનું વર્ચસ્વ અને બળ વધતું જતું હતું. ત્યારે અણહિલપુર પાટણમાં ચાવડાઓના અંતિમ રાજા સામંતસિંહનું બળ ક્ષીણ થતું હતું. તેનો લાભ લઇ

---

૧. એક જ રાજ્ય સબંધી કાંઇ સ્પષ્ટતા થતી નથી; અને તે જેઠવાઓના ધુમલીનું. જેઠવાઓનો ચારણો વડે સંગૃહીત ઇતિહાસ જોતાં પૂર્વે લખ્યું છે તેમ કાંઈ મેળ મળતો જ નથી. ઇ. સ. ૧૧૨૦માં રાણા સંગજી થયા, જે પહેલાં આ લોકકથિત ઇતિહાસમાં ૧૫૪ રાજાઓ બતાવ્યા છે. (૭ ધ્વજ, ૪૯ કુમારો, ૧૭ રાજન, ૨૭ મહારાજ, ૮૩"જી", છેલ્લા વિક્રમાતજી અને બે સિંહ સુધી) એક એક પેઢીના અંદાજે ૨૫ વર્ષ મૂકીએ તો વર્તમાન જેઠવાનરેશથી તેના મૂળપુરુષ મકરધ્વજ ૩૮૫૦ વર્ષ પહેલાં થયા, પણ ઐતિહાસિક પ્રમાણોથી વિશ્વરાહના સમયમાં રાણા ભાણજી હોય, પણ ચોક્કસ નામ મળતું નથી. તેઓ આ સમયે હજુ બહુ બળવાન હોય તેમ જણાતું નથી. વિશ્વરાહે તેઓને જીત્યા હતા કે નહિ તે પણ જણાતું નથી.

૨. ગ્રહરિપુનાં નામો : ગારિયો, ધારિયો, ધાર, ગ્રાહ, ગ્રાહરિપુ, ગ્રહારસિંહ. શ્રી. રણછોડભાઇ તેમના રાસમાળા ભાષાંતરમાં દ્રયાશ્રયના આધારે કહે છે કે ગ્રહ એટલે મગર અને રિપુ એટલે પકડનાર; તેનો ભાવાર્થ શત્રુઓને પકડનાર થઈ શકે. પણ ગ્રહરિપુ નામ જૈન આચાર્ય હેમચંદ્રસૂરિએ બનાવેલું છે. તેનું નામ "ધાર" હોવાનું સંભવિત છે. "યો" પ્રત્યય પ્રેમવાચક હોઇ પાછળથી જોડયો જણાય છે.

ઈ. સ. ૯૪૨માં સામંતસિંહના ભાણેજ સોલંકી મૂળરાજે તેને મારી પાટણની ગાદી પચાવી પાડી. ગુજરાતના ક્ષિતિજ ઉપર એક ગ્રહ દેખાયો અને ગ્રહરિપુ રૂપી સૂર્યને ગ્રસવા તેણે પ્રયત્ન શરૂ કર્યા.

ગ્રહારપુએ ગાદી ઉપર આવી રાજ્યનો વિસ્તાર હજી વિશેષ વધારવા પ્રયત્ન શરૂ કર્યા. સોરઠ તો તેની હકૂમતમાં આવી ગયું હતું. એટલે તેણે ગુજરાત ઉપર નજર માંડી. ગુજરાતમાં મૂળરાજ સ્થિર થતો આવતો હતો. તેથી નાગોર (અજમેર)નો રાજા ગુજરાત ઉપર ચડી આવ્યો, અને તૈલંગ સેનાપતિ બારપે[૧] પણ ગુજરાત ઉપર ચડાઈ કરી; મૂળરાજને તેમના સંયુક્ત હુમલા સામે ટકવાનું શકય જણાયું નહિ. તેથી તે અણહિલવાડ પાટણ છોડી કચ્છ તરફ ભાગ્યો અને કચ્છના રાજા લાખા ફૂલાણીના આશ્રયે કંથકોટમાં રહ્યો.[૨] તેને ચોમાસામાં પરદેશી સૈન્યો પાછાં જશે તેવી ધારણા હતી; પણ તેમ બન્યું નહિ. તેથી તેના દૂતોએ અજમેરનાં સૈન્યોને મોટો દંડ આપી કાઢયાં.[૩] તેથી મૂળરાજ રાજધાનીમાં પાછો આવ્યો અને બારપ સામે ચડયો. યુદ્ધના નિયમોથી વિરુદ્ધ દગાથી હુમલો કરી તેણે બારપનો પરાજય કર્યો.

**સૌરાષ્ટ્ર ઉપર** : મૂળરાજે આ વિજયથી ગર્વિત થઇ સૌરાષ્ટ્ર ઉપર ચડાઇ કરી. ગ્રહરિપુએ ક્ષત્રિયકુળની રીત પ્રમાણે તેનું તલ્વાર અને તીરથી સ્વાગત કર્યું. મૂળરાજને તેના અતુલ બળ સામે ટકવું શકય જણાયું નહિ તેથી તે પાછો ગયો.[૪]

**લાખા ફૂલાણીની ચડાઇ** : મૂળરાજ પાછો ગયો તે પછી થોડા જ સમયમાં કચ્છના રાજા લાખા ફૂલાણીએ સૌરાષ્ટ્રની મધ્યમાં આટકોટમાં પોતાની હકૂમત સ્થાપી હતી. તે ઉઠાડી લેવા ગ્રહરિપુએ આટકોટને ઘેરી લીધું, અને ત્યાં લાખાનું એક નાનું સૈન્ય હતું તેને હરાવી કાઢી મૂકયું. આટકોટમાં ડાહી ડુમરી નામે એક સ્ત્રી હતી.

---

૧. બારપ તૈલંગ સેનાપતિ નહિ પણ લાટનો રાજા હતો, તેમ દ્વયાશ્રય કહે છે. પ્રબંધ ચિંતામણિ તેને લીંગાનના રાજા તૈલપનો સરદાર કહે છે. સુકૃતસંકીર્તન તેને કાન્યકુબ્જના રાજાનો સેનાપતિ કહે છે. કીર્તિકૌમુદીમાં તેને લાટનો સરદાર કહ્યો છે. (રાસમાળા ભાષાંતર)

૨. કંથકોટનો કિલ્લો ઇ. સ. ૯૪૩માં જામ સાડજીએ બાંધ્યો હોવાનું કહેવાય છે. (શ્રી. રણછોડભાઇ: રાસમાળા ભાષાંતર) એટલે એ સમયે કિલ્લો નવો જ બંધાવેલો હશે. ત્યાં મૂળરાજ આશ્રય લે તે સ્વાભાવિક નથી.

૩. મેરૂતંગ લખે છે કે આ હુમલો દંડ આપીને પાછો કાઢયો નથી પણ સાહસથી તેની છાવણીમાં જઈ રાજાને મિત્ર બનાવ્યો અને તે પોતાની મેળે જ ચાલ્યો ગયો.

જૂના ઇતિહાસકારો આ વાતની નોંધ લેતા નથી. પણ આ પ્રકરણમાં આગળ ચર્ચા આવે છે તેનાથી જ્ઞાત થશે કે મૂળરાજ એકવાર નહિ પણ અનેકવાર સૌરાષ્ટ્ર જીતવા આવ્યો હશે.

તથા લાખાને સંબંધ હતો. તેથી ડાહી ડુમરીએ લાખાને સંદેશો[1] મોકલ્યો. તેથી પ્રબળ સૈન્ય લઇ લાખાએ સૌરાષ્ટ્ર ઉપર ચડાઇ કરી.

આટકોટ ગામે લાખા ફૂલાણીનાં તથા ગ્રહરિપુનાં સૈન્યો સામસામાં થયાં અને ભયંકર સંગ્રામ થયો. તેમાં કોણ જીતે કે કોણ હારે તે દિવસો સુધી નક્કી થઇ શકયું નહિ. બન્ને પક્ષો વિરોધી યોદ્ધાઓનું શૂરાતન જોઇ પ્રશંસા કરવા માંડયા. લાખો ફૂલાણી ગ્રહરિપુનું વીરત્વ જોઇ તેની સાથે શત્રુવટ રાખવા કરતાં મૈત્રી બાંધવા તત્પર થયો.

---

૧. આ સંદેશો દુહામાં છે.

અઠ કોઠા ઘોર ઉથાપિયા
મું વીકી પાદર ધાર;
કાં દરિયે ડૂબજે લખમશી
કાં વેગે કરજે વાર.

અર્થાત્ ધારે (ગ્રહરિપુએ) આટકોટના આઠ કોઠા જીતી લીધા છે. અને હું પાધરમાં ધાર છે ત્યાં સંતાઇ છું. માટે કાં તો લાખા સત્વરે આવજે ને બચાવજે અને કાં તો દરિયામાં ડૂબી મરજે. આટકોટને આઠ કોઠા હતા. અને ડાહી ડુમરીની ધાર હજુ તે નામે ઓળખાય છે.

લાખા ફૂલાણીનો ઇતિહાસ આલેખવો અગત્યનો તેમજ રસપ્રદ છે. લાખો માત્ર ઐતિહાસિક નહિ પણ કવિઓની કલ્પનાની મૂર્તિ છે. લાખો એકલો જડ સિપાહી નહીં પણ રસિક કવિ પણ હતો.

**કુળ** : લાખોઃ ચંદ્રચૂડના પૂર્વજ યાદવો હતા, તેઓ સિંધમાં વસ્યા. તેઓએ પાછળથી જામની ઉપાધિ ધારણ કરી. તે કુળમાં સામત નામે રાજા થયો. તેનાથી દશમી પેઢીએ લાખિયાર ભડ થયો. તેણે નગર સમોઇ વસાવ્યું. તેનો કુંવર લાખો ધુરારો થયો. તેનો ઉન્નડજી થયો. ઉન્નડજીનો ભાઈ મોડ કચ્છના પરમાર રાજા વિરમદેવની પુત્રીનો પુત્ર હતો. તે તેના ભાઇ મમાઇ સાથે કચ્છમાં રહેતો, કંઇ કાળે તેણે તેના મામાને મારી કચ્છનું રાજ્ય પ્રાપ્ત કર્યું. (આ રાજા પરમાર નહિ પણ ચાવડો હશે. તે વિષયમાં વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે.) અને ઇ. સ. ૮૧૯ માં તે ગાદીએ બેઠો. તેનો પુત્ર સાડજી થયો. તેણે કંથકોટનો કિલ્લો, તેના પિતાએ બંધાવવો શરૂ કરેલો તે પૂરો કર્યો. (ઇ. સ. ૬૪૩) આ સાડજીનો પુત્ર ફૂલ થયો. તેણે ઇ. સ. ૮૫૫ થી ૮૮૦ સુધી રાજ્ય કર્યું. તેનો પુત્ર લાખો થયો. જે પિતાના નામે ફૂલાણી સંજ્ઞાથી ઓળખાયો. તેનાં પણ ઘણાં નામો છે. લાખણસી, લાખોજી, લક્ષરાજ, લાષાંક, લખમસી વગેરે.

**જન્મ** : લાખાના જન્મની વાતો ઘણી ચમત્કારિક અને રસિક છે. કચ્છમાં વાગડ પ્રાંતમાં એક પર્વતમાં કથંડનાથ નામે એક સાધુ રહેતા. તે પર્વતમાળા કચ્છના રાજા ધરણ સોલંકીએ જામ સાડને તે પોતાનો બનેવી થતો હોઈ રહેવા આપી. સાડે ત્યાં કિલ્લો બાંધવા માંડયો. ધારણે તેને જમવા બોલાવી ઝેર આપી મારી નાખ્યો. તેથી તેની રાણીએ (ઇ. સ. ૮૪૩) બાલ ફૂલને દાસી ફાડકને સોંપ્યો અને પોતે સતી થઇ.

લાખાએ આટકોટ આવતાં માર્ગમાં સૌરાષ્ટ્રનો ઉત્તર ભાગ, વર્તમાન હળવદથી જોડિયા સુધીનો તથા તેની દક્ષિણનો ઘણો ભાગ પોતાને અધીન કરેલો.

---

ધરણને આ ખબર પડી જતાં કૂલને મારવા માટે મારાઓ મોકલ્યા; પણ ધરણના મારાઓને પોતાનો પુત્ર સોંપી ફારૂકે કૂલને બચાવ્યો. (સરખાવો–પન્ના અને ઉદયસિંહ તથા નોંધણ અને દેવાયત.) ફારૂક ત્યાંથી બાંભણસરના સોઢા રાજાના ગામ ધલુરામાં એક વણિક કુટુંબમાં દાસી તરીકે રહી, અને કૂલ ફારૂકને મા સમજી તેની સાથે રહેતો. આ કુટુંબમાં અજા અને અણુગોર નામે બે ભાઇઓ તથા બોલાડી નામે બહેન હતી. કૂલ મોટો થતાં આ કુટુંબની ગાયો ચારવા માંડયો. તે સાથે એક લુહારની ગાય પણ તે ચારતો. તેના બદલામાં લુહારે તેને એક સાંગ ઘડી આપી, જે પોતાની કાંધે ધરી કૂલ ફર્યા કરતો. એક દિવસ સોઢો રાજા શિકાર ખેલવા નીકળ્યો. કૂલ તે જોવા ગયો. શિકારમાં સિંહે ખિજાઇને રાજા ઉપર તરાપ મારી. રાજાનું મૃત્યુ સામે હતું; પણ કૂલે તેની સાંગથી સિંહને મારી નાખ્યો અને રાજાને જીવતદાન આપ્યું. રાજાએ તેની ઓળખાણ માગી. જ્યારે તેને ખબર પડી કે તે રાજકુટુંબનો છે ત્યારે પોતાની કન્યા ધાણકુંવરનાં તેની સાથે લગ્ન કર્યાં.

બીજી વાર્તા એ છે કે પરમાર રાજા કીર્તિરાજની કુંવારી કન્યા કામલતા સખીઓ સાથે રમતી હતી. રમતાં રમતાં મંદિરની સ્થંભાવલીમાં સ્થંભોને બાથ લઈ તે બોલતી હતી કે "આ મારો વર" "આ મારો વર". એવામાં કૂલ નામનો ગોવાળ ત્યાં સ્થંભની ઓથે છુપાઇને આ રમત જોતો હતો તે તેની બાથમાં આવી ગયો; અને તેનાથી છૂટતાં શરમાઇ નાસી ગયો. લગ્ન સમયે રાજકન્યા કામલતાએ હઠ લીધી કે હું તો તે ગોવાળને જ પરણીશ. તેથી તેની સાથે તેનાં લગ્ન કર્યાં. (મેરુતુંગ)

ત્રીજી વાર્તા એ છે કે કેરાકોટના રાજમહેલની અટારીએ આથમતા સૂર્યની ચર્યા જોતી જસી, સોમલ, નેતર તેમજ ડાહી નામની ચાર સખીઓ બેઠી હતી. સૂર્ય તેના ઉપર મોહાંધ થયા અને એક કૂલ તેઓના તરફ ફેંકયું. તે ચારે સખીઓએ સૂંઘ્યું અને ચારેને પુત્રો થયા.

જસીએ માવલ જનમિયો, લાખણુસી સોમલ,
નેતર માગેણો હુઓ ડાહી જણ્યો કમલ.

એ પ્રમાણે સોમલને પેટે લાખો જન્મ્યો. તે કૂલનો પુત્ર માટે કૂલાણી કહેવાયો. (આ વાત માત્ર કલ્પિત જણાય છે.)

લાખાનો જન્મ થયો તે જ દિવસે પાટણનો કિલ્લો તેના પિતા કૂલે લીધો. અને ભયંકર સંગ્રામમાં તે વિજયી થયો.

જે દિ' લાખો જનમિયો, ધરપત કચ્છ ધરા,
તે દિ' પીરાણા પટ્ટણની કોટા લોટ કરા.

કર્નલ વોટ્સન કહે છે કે કૂલ મૂળરાજ સામે ચડયો હતો, અને તેણે પાટણનો કોટ લીધો હતો.

તેણે સરધાર પણ જીતી લીધું અને જો ગ્રહરિપુ આ યુદ્ધમાં પરાજિત થાય તો લાખાનાં સૈન્યો વંથળીના કિલ્લા ઉપર પોતાનો વિજયધ્વજ રોપે એ બહુ અસંભવિત ન હતું. પણ આ યુદ્ધના સમયે મૂળરાજે લાખાની ગેરહાજરીનો લાભ લઈ, કચ્છ ઉપર ચડાઈ કરી, અને લાખાનાં ગાત્ર ગળી ગયાં. એક તરફથી એક પ્રબળ શત્રુ સાથે યુદ્ધ ચાલી રહ્યું છે અને બીજી તરફ તેના જ સ્વદેશ ઉપર તેવો જ વીર રાજા આવી રહ્યો છે. તે વસ્તુ તેના માટે જેવી તેવી ગંભીર ન હતી. બીજી તરફથી મૂળરાજે ગ્રહરિપુને લાખાને રોકી રાખવા તથા તેને સહાય આપવા કહેણ મોકલ્યું. એટલે રાજનીતિમાં મૂળરાજે બન્ને ઉપર વિજય મેળવવા પાસો ફેંકયો.

ચારણ આ યુદ્ધમાં હતો. તે બન્ને પક્ષોમાં રાતને વખતે જતો આવતો. તેણે લાખા પાસે ગ્રહરિપુનાં વખાણ કર્યાં. ગ્રહરિપુ તો જાતે અનુભવતો પણ હતો. ચારણે તેને કહ્યું કે તમે એક જ પૂર્વજનાં સંતાનો છો અને ભાઇઓ છો. જ્યારે મૂળરાજ જેવો શત્રુ તમારો બન્નેનો નાશ કરવા પ્રયત્ન કરી રહ્યો છે ત્યારે

---

પણ લાખાના જન્મ વખતે પાટણમાં ચાવડા ક્ષેમરાજનું રાજ્ય હતું. આ દુહો પણ અતિશયોક્તિવાળો છે, અને ઇતિહાસની દૃષ્ટિએ બંધબેસતો નથી.

તેના માટે એક બીજો પણ દુહો છે:

શકે સાત સતોતરે, સુદ સાતમ શ્રાવણ માસ,
સોનલ લાખો જનમિયો, સૂરજ જ્યોત પ્રકાશ.

આ વસ્તુનો વિચાર કરતાં તથા ચારણી સાહિત્ય અને ઇતિહાસનાં પ્રમાણો જોતાં લાખો કૂલાણી શક સં. ૭૭૭ અટલે ઈ. સ. ૮૫૫ માં જન્મ્યો હોય.

લાખો બાલ્યકાળમાં જ એવો તોફાની હતો કે તેને સાચવવો ભારી થઇ પડયો. યુવાવસ્થામાં પિતૃગૃહ તજી ભાગ્યબળ અજમાવવા તે સૌરાષ્ટ્રમાં આવ્યો અને વલ્લભીના પતન (ઇ. સ. ૭૭૦) તથા ચુડાસમાના પ્રાબલ્યના પ્રારંભ(ઇ. સ. ૯૦૭)ના વચલા અંધાધૂંધીના વખતમાં મધ્ય સૌરાષ્ટ્રનો કેટલોક ભાગ જીતી લઇ ત્યાં આઠ કોઠાવાળું આટકોટ ગામ બાંધી તેણે એક નાનું સરખું રાજ્ય પ્રાપ્ત કર્યું. ત્યાર પછી પિતાની ગાદી મળતાં તે કચ્છમાં ગયો. પણ આટકોટનું રાજ્ય તેના તાબામાં રહ્યું. આ રાજ્ય તેણે ઇ. સ. ૮૮૫માં કે તે અરસામાં સ્થાપ્યું હોવાનું જણાય છે. લાખાનું મૃત્યુ ઇ. સ. ૯૪૭માં થયું. એટલે તે ૧૨૪ વર્ષ જીવ્યો હશે. ઉપરોક્ત દુહો શક સંવત્ આપે છે. પણ તેમાં કંઈ આંકફેર છે, અથવા તે પાછળથી બનાવેલો છે. કદાચ તેને સાચો માનીએ તો લાખા કૂલાણીએ ઘણું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું. ૧૨૪ વર્ષની વયે તે મૂળરાજ સામેની લડાઇમાં મર્દાનગીથી લડયો હતો તે કદાચ ન મનાય તેવી વાત છે; પણ સૌરાષ્ટ્રના ઇતિહાસને તેની સાથે બહુ સંબંધ ન હોઇ તે ચર્ચાની વિગતોમાં ઊતરવાની જરૂર નથી.

લાખા ઉપર મૂળરાજે અગિયાર ચડાઇઓ કરી હતી.

આમ પરસ્પર યુદ્ધ કરી તમારી શક્તિ ક્ષીણ ન કરતાં યુદ્ધ બંધ કરી તમે મિત્ર બનો.[૧]

ચારણ વચમાં પડયો અને યુદ્ધભૂમિમાં જીવ ઉપર આવીને લડતા બે શત્રુઓ એક દિવસ મિત્રો બન્યા. ગ્રહરિપુએ લાખાને મોટો ભાઇ ગણ્યો અને બન્ને મિત્રોએ તેમનાં સંયુક્ત સૈન્ય મૂળરાજની[૨] કચ્છ ઉપર આવતી સેનાના માર્ગમાં આવી ઊભાં રાખ્યાં. મૂળરાજની બાજી ઊંધી વળી ગઇ; ગ્રહરિપુ અને લાખાનાં સૈન્યો સામે તે થઇ શકયો નહિ અને પાછો વળી ગયો.

આમ, મૂળરાજને નિરાશ થઈ પાછું જવું પડયું અને ગ્રહરિપુ તથા લાખો વંથળીમાં આવ્યા અને ત્યાં વિજયોત્સવ ઊજવ્યો.

---

૧. હીકડે પીજા પોતરાં, વઢુ લાખા ધાડ,
મથ્થે મથ્થે મુરો મંડાયૌં હુડાં અનહલવાડ.

(એક જ પિતાના લાખા અને ધાડ (ગ્રાહ) પુત્રો છો અને લડો છો. તમને ખબર છે ત્યાં અણહીલવાડમાં મૂળરાજ માથે ટાંપી રહ્યો છે?)

તમારા પૂર્વજ કૃષ્ણ કેવા હતા ?

કૌરવ પાંડવ વઢ્ઢિયા, ભારથન્જે સંગરામ
હીનમેં બભા વિઢ્ઢિયા, કરસન ને બલરામ.

ભારતના સંગ્રામમાં કૌરવપાંડવ કપાઇ ગયા, ત્યારે તમારા પૂર્વજ કૃષ્ણ અને તેના ભાઇ બલરામ શાંતિથી બેઠા હતા.

કસરન કુળજા કુંવરા વઢા નંઢા ભા,
જાદવ જુદ્ધાં ના ખપે, સાંપી સોરઠ ખા.

તમે બન્ને કૃષ્ણના વંશજ છો, નાનામોટા ભાઇઓ છો; એટલે યુદ્ધે ચડો નહીં અને સંપીને સોરઠ ભોગવો.

૨. મૂળરાજ સોલંકી ખીજનો પુત્ર હતો. રાજનો અંધ ભાઇ બીજ શાલીહોત્ર ગ્રંથનો જ્ઞાતા હતો. પાટણના પાદરે તે યાત્રાળુના વેશમાં નદી કાંઠે બેઠો હતો ત્યારે પાણી પિવરાવવા આવેલા પાટણપતિ સામંતસિંહ ચાવડાની સગર્ભા ઘોડીને ખાસદારે ચાબુક મારતાં બીજે "અરેરે" એમ કહેતાં ખાસદારે પૂછ્યું કે 'એમ કેમ બોલ્યા?' તેણે જવાબ આપ્યો કે 'વછેરાની ડાબી આંખ ફૂટી ગઇ.' ખાસદારે રાજાને વાત કરતાં તેણે બીજાને બોલાવી હકીકત જાણી; અને જ્યારે બીજે કહ્યું કે તેના જ્ઞાનથી તેણે તે જાણ્યું ત્યારે રાજાએ પરીક્ષા કરવા નિશ્ચય કર્યો; તેથી સામંતસિંહે એવો કરાર કર્યો કે જો તે વાત સાચી નીકળે તો તેની બહેન લીલાદેવી (સેનાજી) પરણાવવી, નહિતર આ ભાઇઓને લૂંટી લેવા. ઘોડીને વછેરો આવ્યો. તેની ડાબી આંખ ફૂટેલી હતી. તેથી કુળની ખાતરી કરી, તેઓ રાજકુંવરો જણાતાં સામંતસિંહે તેની બહેન, બીજ અંધ (કાણો હોવાનું અન્યત્ર લખ્યું છે) હોવાથી રાજને પરણાવી. જ્યારે તેને પ્રસૂતિનો સમય આવ્યો ત્યારે તેને અપાર કષ્ટ થયું અને તે ગુજરી ગઇ. તેથી વાઢકાપ કરી પુત્ર બહાર કાઢયો. તે મૂળ નક્ષત્રમાં જન્મ્યો હતો, તેથી મૂળરાજ કહેવાયો. મૂળરાજે બીજની શિખવણીથી મામાને દગાથી મારી નાખ્યો. અને પાટણની ગાદી પચાવી પાડી.

એક ગ્રંથમાં મૂળરાજે રાજ્ય લીધું ત્યારે આ કુંવર એકાદ વર્ષનો હતો તેમ કહ્યું છે. અને પુત્ર થતાં સામંતસિંહે મૂળરાજનું દત્તકનામું રદ કર્યું, તેથી તેને મારી નાખ્યો તેમ જણાવ્યું છે.

મૂળરાજની કચ્છ ઉપર ચડાઇ : તે પછી મૂળરાજે વારંવાર કચ્છ ઉપર ચડાઇઓ કરી; પણ તે નિષ્ફળ ગયેા. આ રીતે વારંવાર એક જ રાજા ઉપર ચડવાનું એક કારણ હતું. મૂળરાજે તેના મામા સામંતસિંહને દગાથી મારી નાખ્યેા ત્યારે સામંતસિંહની સગર્ભા રાણી પેાતાને પિયેર તણેાટ (વર્તમાન જેસલમીર) ચાલી ગઇ. ત્યાં તેને પુત્રનેા જન્મ થયેા. તેનું નામ અહિપત પાડયું. અહિપત વયમાં આવતાં પેાતાના પિતાના ખૂનીનું વેર લેવા માટે તથા તેનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવા ગુજરાતમાં આવ્યેા. પણ તેને આશ્રય મળ્યેા નહિ. તેથી તે નિરાશ થઈ જુદે જુદે સ્થળે સહાય માટે ફરતેા ફરતેા આખરે લાખા ફૂલાણીના આશ્રયે જઇને રહ્યેા.

લાખા ફૂલાણીએ તેને મેારગઢ ગામ જીવાઈમાં આપ્યું. મૂળરાજને આ અહિપતનેા ભય સદાય રહ્યા કરતેા હતેા કે તે એક દિવસ તેના રાજ્યમાં જરૂર ભાગ માગશે.[1] તેથી તેણે લાખાને અહિપતને સેાંપી દેવા માગણી કરી, પણ લાખેા શરણાગતને સેાંપે તે કુલાભિમાનથી વિરુદ્ધ હેાઈ તેણે આ માગણી નકારી કાઢી.

વિશેષમાં મૂળરાજનેા પિતા રાજ કચ્છમાં નારાયણસરની યાત્રા કરવા ગયેલેા ત્યારે લાખા ફૂલાણીની બહેન રામા સાથે લગ્ન કરેલાં અને તેનેા પુત્ર રાખાયત અથવા ગંગાધર હતેા. રાજ કચ્છમાં રહેવા લાગ્યેા, પણ કેાઈ નાની બાબતમાં લાખેા તથા રાજ વઢી પડયાં. અને લાખાએ તેના બનેવી રાજને મારી નાખ્યેા. રામા સતી થઈ. તે વખતે રાખાયત બાળક હતેા પણ તે મેાટેા થતાં તેને આ વાતની જાણ થઈ, તથા કેાઇના ચડાવ્યાથી કે મહેણાથી તે રાતેારાત લાખાની પવનવેગી ઘેાડી લઈ પાટણ ગયેા, અને બીજ અંધ હતેા છતાં તેને પેાતાના લેાહીની ગંધ રાખાયતમાં આવી. રાખાયતે મૂળરાજને વેર લેવા વીનવ્યેા અને લાખાનેા નાશ કરવાની વિચારણા કરી.[2] રાખાયતે કચ્છના માર્ગો, લાખાના સૈન્ય વગેરેનેા પરિચય આપ્યેા અને મૂળરાજનેા માર્ગ સરળ બન્યેા.

મૂળરાજની સેારઠ ઉપર ચડાઇ : મૂળરાજે ગુજરાતનું રાજ્ય વધાર્યું હતું, અને અનેક રાજાઓને જીતીને તેણે ચક્રવર્તીપદ ધારણ કર્યું હતું. તે પરમ માહેશ્વર હતેા. તેથી તેણે શિવનાં મંદિરેા ઠેકઠેકાણે બંધાવેલાં. શંકરે તેના ઉપર પ્રસન્ન

---

૧. આ અહિપતે લાખા ફૂલાણીના મૃત્યુ પછી અને મૂળરાજની જીત પછી કચ્છમાં ઘણાં ગામેા જીતી લીધાં. તેની પંદરમી પેઢીએ પૂંજેજી થયેા. તે જામ અબડાજીના ત્રાસથી નાસી, વર્તમાન પાલનપુર રાજ્યમાં આવેલ હારપર ગામે ગયેા અને ત્યાં "ચેારાસી" પ્રાપ્ત કરી. તેના વંશજો શૂરવીર અને પરાક્રમી થયા, અને તે વંશમાં ગુજરાતમાં અંબેાડ, વરસેાડા, આંબાસર તથા માણસાના ઠાકેારેા થયા.

૨. લાખાએ ઘેાડાના કાનમાં પંચાળની ધૂળ બીજે દિવસે જોઇ. તેથી તે જાણી ગયેલેા કે રાખાયત ફૂટયેા છે.

થઈ તેને સોરઠનું રાજ્ય આપ્યું.[૧]

ગ્રહરિપુને હાથે પરાજય પામ્યા પછી થોડાં વર્ષો પછી મૂળરાજને સોમનાથનાં દર્શન કરવા ઇચ્છા થઇ. હૃદયને કોરી ખાતો મામાનો ઘાત અને પાપોનો કીડો તેને શાંતિ મળવા દેતો નહિ. તેથી તે પ્રાપ્ત કરવા શીતળતા મળે તેવું ક્ષેત્ર પ્રભાસ જ છે તેમ સલાહ મળવાથી તેણે ત્યાં જવા નિશ્ચય કર્યો. ગુજરાતનો રાજા આ પ્રમાણે જવા વિચાર કરે ત્યારે તેના પદને યોગ્ય પૂર્વતૈયારી કરવી જોઇએ. તેથી તેનો પ્રધાન જંબુક એક સૈન્ય લઇ સૌરાષ્ટ્રમાં ગયો. તેણે ગ્રહરિપુની આજ્ઞા માગવાની કે તેને ખબર દેવાની પણ જરૂર જોઈ નહિ. તેથી ગ્રહરિપુના સેનાપતિએ તેને રોકયા. જંબુકે કહ્યું કે 'મહારાજ મૂળરાજ સોમનાથની યાત્રાએ જાય છે, અને તે ચક્રવર્તી રાજા હોઇ તમને ખબર આપવાની જરૂર નથી.' ગ્રહરિપુએ ઉત્તર આપ્યો કે 'યાત્રાળુ તરીકે તેઓ જઇ શકે છે, પણ સૌરાષ્ટ્ર ઉપરનું ચક્રવર્તીપદ મૂળરાજ માને છે એટલું સહેલું નથી.' તેણે જંબુકને પકડયો અને બહુ હેરાન કરીને છોડયો; પણ છોડતાં કહ્યું કે 'મૂળરાજને કહેજો કે ગ્રહરિપુ જીવે છે ત્યાં સુધી સોમનાથનાં દર્શનનો વિચાર માંડી વાળે.'[૨]

---

૧. સોમનાથ મહાદેવે તેને સ્વપ્નમાં દર્શન દઇ એક રાત્રે કહ્યું કે "ગ્રાહરિપુ અને બીજા દૈત્યોએ પ્રભાસ તીર્થનો નાશ કર્યો છે, માટે તેઓને પૂરા કર. મારા પ્રતાપથી તું વિજયી થઇશ" (દ્વયાશ્રય)

૨. જૈનાચાર્ય હેમચંદ્રસૂરિ કે જે કુમારપાળના ગુરુ હતા તેણે દ્વાશ્રય નામના ગ્રંથમાં આ પ્રસંગને અતિશયોક્તિભરી અને અદ્‌ભુત રીતે વર્ણવ્યો છે. જોકે તે વર્ણન ઘણું વધારે પડતું અને ખોટું છે. છતાં ગ્રહરિપુની શક્તિનો પરિચય આપવા માટે તેનો અમુક ભાગ અહિં ઉધ્ધૃત કરવામાં આવ્યો છે.

"એ ભરવાડ ઘણો જુલ્મી છે. શ્રીકૃષ્ણના રાજ્યના વારાથી જે ગાદી પ્રતાપથી પ્રકાશ પામતી એના વખત સુધી આવી છે, તે ગાદીએ બેસીને સૌરાષ્ટ્રમાં તે રાજ્ય કરે છે. યાત્રાળુ લોકો પ્રભાસ ભણી જાય છે તેઓને મારી તેમનાં હાડકાં અને માંસ ઘોરી રસ્તામાં તે વેરે છે. અને જે વામનસ્થળીમાં હનુમાન અને ગરુડની ધજાઓ ફરકતી તેમાં રાવણની પેઠે તે નિર્ભયપણે રાજ્ય કરે છે. ચોરોને તે પવિત્ર જગ્યાઓમાં વસવા દે છે અને બ્રાહ્મણોનો તિરસ્કાર કરે છે.....

આ જંગલી પુરુષ ગિરનારના પર્વત ઉપર ભટકતો ફરે છે, અને પ્રભાસ આગળનાં હરિણોનો શિકાર કરે છે. તે ગાયનું માંસ ભક્ષણ કરે છે, દારૂ પીએ છે.

આ પશ્ચિમ દિશાના રાજા ગ્રહરિપુએ દક્ષિણ અને ઉત્તરના ઘણા રાજાઓને તેમના રથ મૂકીને નસાડી મૂકયા છે. તેથી જાણે તે કોઇની પરવા કર્યા વિના સ્વર્ગના રાજ્યની જીત મેળવવા ધારતો હોય તે પ્રમાણે ઊંચું જોઇ ચાલે છે. ગ્રહરિપુ યમપુરીના યમરાજ જેવા વિકરાળ શરીરનો છે.

સિંધના રાજાને પકડી તેની પાસેથી દંડમાં તેણે હાથી-ઘોડાં છીનવી લીધાં છે, તેમજ તેણે ઘણા રાજાને વશ કર્યા છે.

પહાડોના મોટા કોતર અને નિર્ભય જગ્યાઓ તે તોડી પાડે છે. તે આખો દરિયો ખૂંદી વળે છે."

જ્યારે જંબુકે મૂળરાજને આ હકીકત જણાવી ત્યારે મૂળરાજે સૌરાષ્ટ્રનું રાજ્ય પ્રાપ્ત કરી ગ્રહરિપુનો અંત લાવવાની તેની સુષુપ્ત ઇચ્છાને પ્રજ્વલિત કરી. તેણે એક મહાન સૈન્ય તૈયાર કરવા આજ્ઞા આપી; અને ગ્રહરિપુનો ઉચ્છેદ કરવાનો નિશ્ચય કરી તેના મિત્ર અને ખંડિયા રાજાઓને આમંત્રણ મોકલ્યાં.

**ગ્રહરિપુ: મૂળરાજની ચડાઈ** : મૂળરાજે આ ચડાઈ ઈ. સ. ૯૭૯ માં કરી. ગ્રહરિપુના રાજ્યઅમલનું આ ૩૭ મું વર્ષ હતું અને મૂળરાજનું ૩૫ મું. આ બન્ને રાજાઓ આટલાં વર્ષો એકબીજા સામે વારંવાર લડયા હતા; અને શત્રુઓ તરીકે રહ્યા હતા. હવે બન્ને વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂકયા હતા; તેથી મૂળરાજે હવે તેના જીવનનો અંતિમ સંગ્રામ ખેલી લેવા નિશ્ચય કર્યો. જૈનાચાર્ય હેમચંદ્રસૂરિજીએ વર્ણન કર્યું છે તે કદાચ ગ્રહરિપુને ઉતારી પાડનાર છે, અને મૂળરાજને મહાપવિત્ર પરાક્રમી અને પુણ્યશાળી ચીતરવા માટે ગ્રહરિપુને ગોમાંસભક્ષક અને રાક્ષસ બનાવ્યો છે તે સ્વાભાવિક છે. પણ તેનાથી આટલું જરૂર જણાય છે કે ગ્રહરિપુ એક વિશાળ રાજ્યનો સ્વામી હતો.[1] ગ્રહરિપુ ધનાઢય, બળવાન અને વિશાળ તથા સુસજ્જ સૈન્યોનો અધિપતિ હતો. તેના રાજ્યમાં સમુદ્ર, પર્વતો, વનો અને દુર્ગો હતાં. તેના તાબામાં વીર રાજાઓ, સામન્તો અને સરદારો હતા. તેને લાખા ફૂલાણી જેવો મિત્ર હતો અને અનેક વિજયોનો તે સ્વામી હતો. મૂળરાજને આવા પ્રબળ શત્રુ ઉપર હલ્લો લઈ જવાનું સહેલું જણાયું નહિ. એટલે તેણે પોતાની સહાય માટે પોતાના સામન્તો અને માંડલિકોને બોલાવ્યા. મારવાડનો રાજા, શીલપ્રસ્થનો બાણાવળી રાજા, શ્રીમાળનો રાજા, અને આબુનો પરમાર રાજા તેમનાં સૈન્યો સાથે મૂળરાજને આવી મળ્યા.

ગ્રહરિપુનો મિત્ર લાખો ફૂલાણી પોતાનું સૈન્ય લઈ આટકોટમાં આવી ઊભો અને મૂળરાજે આટકોટમાં જ લડાઈ આપવાનું વિચાર્યું. તેની સહાયમાં જેતપુરમાં રહેતા નીલીરાણીના કુમારો, વનના ભીલ લોકો અને સિંધનો રાજા જામ હમીર આવ્યો. ગ્રહરિપુનું સ્થાન મજબૂત બન્યું, અને પૂર્ણ ઉત્સાહ તથા વિશ્વાસથી મૂળરાજનું મૂળ સદ્દાને માટે ઉખેડી ફેંકી દેવા તે તૈયાર થયો.

---

૧. ગ્રહરિપુનો રાજ્ય વિસ્તાર એવડો મોટો હતો કે દૂરના ખેડૂતો રાજભાગના દાણા પાટનગરમાં લાવતા ત્યારે તે માર્ગમાં જ ખોરાકીમાં વપરાઈ જતા !

મૂળરાજને તેનો ઓરમાન ભાઇ રાખાયત આવી મળ્યો. લાખા કૂલાણીનો તે ભાણેજ હતો અને તેને ત્યાં ઊછરેલો; એટલે તે લાખાનાં સૈન્યોથી, સેનાપતિઓથી તેમજ તેની વ્યૂહરચનાથી પરિચિત હતો. તેણે મૂળરાજને લાખાના લશ્કરની માહિતી આપી અને આટકોટના માર્ગે મૂળરાજના સૈન્યને પૂર્ણ વિશ્વાસથી દોર્યું.

આટકોટનું યુદ્ધ : જંબુમાલી[૧] નદીના તીરે બન્ને સૈન્યો સામસામાં ભેટયાં; તલ્વારો અને તીરોની રમત રમવા વીરો અધીરા થયા;[૨] ગુજરાતની સેના અર્ધચંદ્રાકારે ગોઠવાઇ હતી. તેની એક પાંખે આબુરાજ હતો. તેણે વ્યૂહરચના સમાપ્ત થાય અને યુદ્ધનો પ્રારંભ થાય તે પહેલાં જ પોતાના સૈન્યથી જુદા પડી સૌરાષ્ટ્રના સૈન્ય ઉપર યુદ્ધના નિયમ વિરુદ્ધ ઓચિંતો હલ્લો કર્યો. આથી સૌરાષ્ટ્રીય સૈન્યમાં ભંગાણ પડયું. ગ્રહરિપુ તેને વ્યવસ્થિત કરે ત્યાં મૂળરાજે તેના હાથીને ગ્રહરિપુના હાથી પાસે લઈ જઇ તેના ઉપર હુમલો કર્યો. ગ્રહરિપુ હાથી ઉપર ઊભો થઇ લડવા માંડયો. પણ તે નિશાન ચૂકયો અને જમીન ઉપર પડયો. મૂળરાજ તરત જ નીચે ઊતરી તે ઊભો થાય તે પહેલાં કટાર કાઢી તેની છાતી ઉપર ચડી બેઠો.

લાખાએ જોયું કે ગ્રહરિપુનો જીવનદીપ હોલાવાને વાર નથી; તેથી તેના દશોંદીને તેણે મૂળરાજ પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે 'ગ્રહરિપુને જીવતો છોડ તે અમે યુદ્ધમાં હાર કબૂલ કરી લઇએ.' પણ મૂળરાજે જવાબ આપ્યો કે 'આજ ગ્રહરિપુના લોહીથી મારી મૂછ રંગીશ.' લાખાનાં નેત્રો આ ઉત્તર સાંભળી રક્ત થયાં, હોઠ ફૂજવા લાગ્યા અને ક્રોધના આવેશમાં તેની મૂછો ફરકવા લાગી. ભારતના યુદ્ધમાં કર્ણ અને અર્જુનનો સંગ્રામ થયો હતો તેવો ભારી સંગ્રામ થયો. વૃદ્ધ લાખાએ તેમની સમગ્ર શક્તિથી હલ્લો કર્યો, પણ મૂળરાજે અને તેના સાથીઓએ એવો જ પ્રબળ પ્રતિકાર કર્યો.

લાખાનું મૃત્યુ : લાખો મૂળરાજના સૈન્યને કાપી રહ્યો હતો અને મૂળરાજે હવે નીતિની રીત છોડી તેના સાથીઓને સંજ્ઞા કરી. તેથી પબળ રાઠોડ, ધવલ સોલંકી તથા મૂળરાજે પાસે આવી લાખાને ઘેરી લીધો અને તેની છાતીમાં સાંગ

---

૧. ભાદર.

૨. આ યુદ્ધનો પ્રારંભ શરદ ઋતુમાં થયો અને કાર્તિક માસમાં તે પૂરું થયું તેમ જણાય છે. એટલે આ વર્ણન માત્ર એક જ લડાઇનું છે. વિગ્રહ ત્રણ માસ ચાલ્યો હશે.

મારી તેને મારી નાખ્યો.[૧]

**પરાજય** : ગ્રહરિપુએ અસહ્ય સ્થિતિમાં લાખાને મરતો જોયો. સિંધનો હમીર જામ તો કયારનો રણભૂમિ મૂકી ચાલ્યો ગયો હતો. મૂળરાજે તેને કહ્યું કે 'મુખમાં તરણું લે તો જીવતદાન આપું'. પણ તેનો દશોંદી ચારણ મૂળરાજ પાસે ગયો અને ગ્રહરિપુ જેવા વીરનું આવું અપમાન ન કરવા સમજાવ્યો, તેમજ તેની રાણીઓ બાળકોને લઈ પતિના જીવનની ભિક્ષા માગવા ગઈ. તેથી ગ્રહરિપુની આંગળી કાપી મૂળરાજે તેને છોડી મૂકયો. ગ્રહરિપુને પાટણનું સાર્વભૌમત્વ સ્વીકારવું પડયું અને મૂળરાજના ચરણે તલવાર ધરવી પડી.

**મૂળરાજની યાત્રા** : મૂળરાજે ત્યાંથી જઈને સોમનાથનાં દર્શન કર્યાં, અને જે યાત્રાના વેરા માટે તેને યુદ્ધ કરવું પડયું હતું તે યાત્રા તેણે પરિપૂર્ણ કરી. ભગવાન સોમનાથે સ્વપ્નમાં ગ્રહરિપુનો નાશ કરવા કરેલી આજ્ઞાનો તેણે અમલ કર્યો.

---

૧. આ માટે જુદી જુદી વાતો કહેવાય છે. ધવલ (ધવલ બાહુક) સોલંકીએ લાખાને પાછળથી માર્યો; પણ યશ પાબજી રાઠોડને મળ્યો.

ધવલ લાખો મારિયો, પબલ પસાયો,
માગુ ન લીએ પારખુ ગાંડા ગુજ્જર રાયો.

[હસ્તિકુંડીના ધવલનો બીજાપુર (જોધપુર રાજ્યનું) નો લેખ વિ. સં. ૧૦૫૩નો પ્રાપ્ત થયો છે. તેમાં મૂળરાજ તથા ધરણીવરાહ તેમજ નામ તૂટી ગયું છે તેવા રાજાનો ઉલ્લેખ છે. તે આ ધવલ હશે તેવું અનુમાન થઇ શકે ખરું.]

**ભાવાર્થ** : ધબલે લાખો માર્યો હશે પણ પબલે જશ લીધો. બીજો દુહો છે કે :

અચી કૂલાણી કરોરયો, હારો મીંઢાણું,
મૂળરાજ સાંગ ઉછળી લાખો મરાણું.

આ ધબલ રાઠોડ રાજા વિદગ્ધના પુત્ર મમ્મટનો પુત્ર હતો. તેના વિજયની નોંધ હસ્તિકુંડીના લેખમાં કરવામાં આવી છે. (આચાર્ય : ભા. ૩, પા. ૨૩૭).

કર્નલ ટોડ પ્રમાણે કનોજનો શીયાજી રાઠોડ ભાગ્યો. માર્ગમાં કાલમુઢના સોલંકી રાજાનો મહેમાન થયો. તે વખતે મારવાડમાં કુલકાદુર્ગ નામના ગઢમાં રહી ત્રાસ દેતા જાડેજા કુળના લાખા કૂલાણી નામના રાજા સાથે યુદ્ધ કર્યું. આ રાજાએ કશ્યમગઢ, સુરજપુરા, વશ્નરગઢ તાકો અંધાનીગઢ, જગદુપુર, કુલગઢ ઇત્યાદિ ગઢો બાંધેલા. આ યુદ્ધમાં શીયાજીના ભાઇ સંતરામ કામ આવ્યા. કાલમુઢના રાજાએ તેની બહેન શીયાજીને આપેલી. શીયાજી ત્યાંથી પાટણ આવી મૂળરાજની સેવામાં રહ્યા. લાખો આ સાંભળી તેના ઉપર ચડયો; પણ મરાયો. આ શીયાજી મૂળરાજ પછી ૨૨૩ વર્ષે થયો. ભાટો તેને મૂળરાજનો જમાઇ કહે છે. તેના કુમારે લાખાને માર્યો. આખી વરતુનું શોધન કરતાં લાખો મારવાડમાં પણ પ્રબળ રાજા તરીકે પ્રસિદ્ધ હતો અને મારવાડનો રાજા મૂળરાજનો જમાઇ હતો, તે નિર્વિવાદ સાબિત થાય છે. શીયાજી નામના બીજા સમકાલીન રાજા હશે.

મૂળરાજે સિંહપુર (સિહોર), વળા તથા અન્ય ગામો તેમજ જમીનો બ્રાહ્મણોને દાનમાં દીધાં, અને ત્યાંથી તે પાટણ પાછો ફર્યો.

**ગ્રહરિપુનું મૃત્યુ** : કૂલાણીના[૧] મરણથી ગ્રહરિપુ નબળો પડયો. તેણે તેની વૃદ્ધાવસ્થામાં તેના પ્રદેશોને શત્રુઓના હાથમાં જતા જોયા. ગુજરાતના રાજાનું સાર્વભૌમત્વ તેને સ્વીકારવું પડયું. તેની આ નામોશીભરેલી હારના આઘાતથી તે યુદ્ધ પછી ત્રણ વર્ષમાં જ ગુજરી ગયો.

---

૧. લાખા કૂલાણી માટે કવિઓએ કાવ્યોનો પ્રવાહ વહેવડાવ્યો છે. તેના મૃત્યુ માટે એક છપ્પો છે:

શકે નવ એકમેં માસ કાર્તિક નિરંતર,
પિતાવર છળ ગ્રહે સારડ દામે ખત સધર;
પડે સમ સોપનર પડે સોલંક ચોખટ,
સો ઓગણીસ ચાવડા મૂઆ રાજ રક્ષણુવા.

(લોક સાહિત્ય)

(અનુષ્ટુપ)

**स्वप्रतापतले येन लक्षदाम वितन्वता ।**
**सत्रितस्तत्कलत्राणां बाष्पावग्रह निग्रह ॥**

(આર્યા)

**कच्छपलक्षं हत्वा सहसाधि कलम्बजाल मायांत ।**
**सगर सागरमध्ये धीवहता दर्शिता येन ॥** (મેરુતંગ)

ભાવાર્થ :– જેમ અગ્નિમાં લાખ હોમનાર અનાવૃષ્ટિનો નિગ્રહ કરે છે, તેમ પોતાના પ્રતાપરૂપી અગ્નિમાં લક્ષ (લાખા)નો હોમ કરનારે (મૂળરાજે) તેમની સ્ત્રીઓનાં આંસુ વડે અનાવૃષ્ટિનો નિગ્રહ કર્યો. જેમ સમુદ્રમાં માછી પોતાની પ્રસારેલી જાળમાં આવતાં લક્ષ કચ્છપ એટલે કાચબા આદિ જળચરોને મારે છે, તેમ કચ્છપતિ લક્ષે (લાખાએ) પોતાની વિસ્તારવાળી જાળમાં લઈને સંગ્રામરૂપી સાગરમાં હણીને માછીપણું પ્રગટ કર્યું.

**समत्रकृत शत्रुणां संपहाये स्वपरित्राणाय ।**
**महेच्छक कच्छभूपालं लक्षं लक्षी चकारय ॥**

(કીર્તિકૌમુદી)

શત્રુઓના અંગમાં છેક પીછાં સુધી પ્રવેશ કરનારાં પોતાનાં બાણોનો મોટી ઇચ્છાવાળા કચ્છભૂપાળને યુદ્ધમાં લક્ષ્ય કર્યો.

પરાજયના પ્રત્યાઘાતો : મૂળરાજના વિજયથી લાખા ફૂલાણીનું મૃત્યુ[1] કે ગ્રહપુરિનો પરાજય નહિ, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજાઓની માનહાનિ થઇ અને મૂળરાજે તેઓના પરાજયના બળતા અગ્નિમાં અપમાનરૂપી ઘી હોમ્યું. તેણે આજ્ઞા કરી કે સૌરાષ્ટ્રના પુરુષોને મેં જીત્યા છે, તેથી તે પુરુષો ન રહ્યા હોઇ તેમણે સ્ત્રીઓ જેવો પોશાક પહેરવો. આમ, મૂળરાજે ચૂડીદાર કડિયાં અને થેપાડાં પહેરવા તથા પુરુષોનાં નાકકાન વીંધાવવા આજ્ઞા આપી. પરિણામે હજી પણ આ આજ્ઞાના અવશેષરૂપે સૌરાષ્ટ્રની ગ્રામ્ય જનતાનો પહેરવેશ તેવો જ રહ્યો છે.

સૌરાષ્ટ્રના કેટલાયે કિલ્લાઓમાં તેણે પોતાનાં થાણાં બેસાડયાં અને માંડલિકો પાસેથી ખંડણી વસૂલ કરી અને ગ્રહરિપુ પાસે પોતાની હકૂમત કબૂલ કરાવી. કચ્છ તો તેણે સંપૂર્ણ રીતે સ્વાધીન કર્યું.

રાહ કવાટ : (ઈ. સ. ૯૮૨થી ઇ. સ. ૧૦૦૩)

ગ્રહરિપુને ચાર કુંવરો હતા. તેમાં રાહ કવાટ સૌથી મોટો હોવાથી તેના પિતાની ગાદી ઉપર ઇ. સ. ૯૮૨માં તે બેઠો. તેની નજરે તેણે તેના અજિત પિતાને સોલંકીની સમશેર નીચે પરાજિત થયેલો જોયો હતો. ગ્રહરિપુનાં અંતિમ વર્ષોમાં

---

૧. લાખાનો મૃતદેહ તથા વાયુમાં ફરકતી તેની મૂછો જોઇ તેની માએ મૂળરાજને તેના વીરપુત્રને દગાથી હણવા માટે શાપ આપ્યો. પણ ૧૨૪ વર્ષના પુત્રની મા હયાત હોય તે સંભવતું નથી.

લાખો કવિ હતો, રસિક હતો, કલ્પનામાં વિહરતો વિચારક હતો. વાંચકોની ક્ષમા માગી તેના પ્રાપ્ત થયેલા દુહાઓ પૈકી થોડાએક અહીં ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

બે સગી બહેનો એક બીજીની શોકય છે; બે વચ્ચે એક જ પુત્ર છે. એક સ્ત્રી બીજીના હાથમાં બાળપુત્ર આપે છે, તે ઝીલે છે. તે જોઇ લાખો કહે છેઃ

એક દીએ બીજી ઝીલે આઉં કપરા દી કઢાં
ઈશ્વર ઓ ડી દે જડે લાખો બારક થીયાં.

સરાણિયાં પતિપત્નીને સરાણ ખેચતાં જોઇ લાખો કહે છેઃ

એક તાણે બીયો તાકવે–ઝડ લગ્ગી નેણાં
જેડી પ્રીત સરાણિયાં હેડી નહિ રાણાં.

નદીના તટે ઊગતાં સૂર્યમાં ઘસીને સ્વચ્છ કરેલાં બેડામાં પાણી ભરતી, નદીતીરે શિલા ઉપર ઘસી ઘસીને પગ ધોતી યુવતીઓને જોઇને લાખો ગાય છેઃ

પગ ઘસે પાની ધુએ, જડે આછી ગોરલીયાં,
લાખો કે મૂકે બારીયો હેડી લાસી છીપરીયાં.

લાખા ફૂલાણીના આવા ઘણા દુહાઓ છે, અને ચારણ 'મિત્રો પાસેથી તે પ્રાપ્ત થયા છે; પણ અહીં માત્ર નમૂના પૂરતા જ આપ્યા છે, કારણ કે આ પુસ્તકનો તે વિષય નથી.

તેણે યુવરાજપદે રાજ્યવહીવટ સંભાળ્યો હતો. અને તે સમયમાં ગ્રહરિપુની માનસિક વેદના તેણે નિહાળી હતી. તેથી તેણે ગાદીએ બેસીને પોતાના કુળની પ્રતિષ્ઠા પુનઃપ્રાપ્ત કરવા માટે પુરુષાર્થનો પ્રારંભ કરવા નિશ્ચય કર્યો.

મૂળરાજનો તે ખંડિયો હતા અને મૂળરાજ સામે માથું ઊંચકવાની તેનામાં હિમ્મત ન હતી; પણ તેણે સૌરાષ્ટ્રના અન્ય સામંતોને એકત્ર કરી, પરદેશી સત્તાને હાંકી કાઢવા માટે સમજાવી, તેમની સમ્મતિ મેળવી; અને માત્ર યોગ્ય તકની રાહ જોતો તે સૈન્યોની સજાવટ પાછળ પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

આ કાર્ય માટે તેના મામા તળાજાના માંડલિક ઉગાવાળાનો સહકાર તેને સાંપડયો. તેણે પોતાનાં સૈન્યોના અધિપતિ તરીકે ઉગાવાળાને નીમ્યો. અને ઉગાવાળાએ પોતાની સમસ્ત શકિત સૈન્યોની સજાવટમાં હૃદયપૂર્વક ખર્ચી.

<u>આબુ ઉપર ચડાઇ</u> : મૂળરાજ તેના અંતિમ દિવસોમાં વાનપ્રસ્થ જીવન ગાળતો થયો. તેનો યુવરાજ ચામુંડ તેના પિતા જેટલો શકિતશાળી ન હતો. તેથી તેના તરફથી ભય ન હતો. એ કારણે ઉગાવાળાએ લાખાનું દગાથી ખૂન કરનાર તથા ગ્રહરિપુને દગાથી પકડનાર આબુરાજ ઉપર એક પ્રબળ સૈન્ય લઇ ચડાઈ કરી.

<u>આબુ ઉપરની ચડાઇનાં કારણો</u> : રાહ કવાટ ઉપર મૂળરાજ જેવો પ્રબળ શત્રુ સમીપ હતો. છતાં તેને છોડી રાહ કવાટનાં સૈન્યો આબુ ઉપર શા માટે ગયાં તે એક પ્રશ્ન છે. તેના પિતા ગ્રહરિપુને મૂળરાજે આટકોટના યુદ્ધમાં હરાવ્યો ત્યારે આબુરાજ મૂળરાજની મદદે આવ્યો હતો, એટલું જ નહિ પણ યુદ્ધના તત્કાલીન નિયમોથી વિરુદ્ધ જઈ તેણે ગ્રહરિપુના સૈન્યને કાપી નાખ્યું હતું. રાહ કવાટના મનમાં તે કારણે વેર લેવાની વૃત્તિ તીવ્ર હશે. અને તેથી જ તેણે મૂળરાજ ઉપર ચડાઇ લઇ ન જતાં આબુ ઉપર ઉગાવાળાને મોકલ્યો. ઇતિહાસમાં નોંધાયું છે કે ઉગાવાળાએ આબુરાજને દસ વાર હરાવ્યો અને મોંમાં તરણું લેવરાવી માફી મંગાવી.[૧]

---

૧. આબુનો રાજા આ સમયે કોણ હતો તે સંશોધનનો વિષય છે. આબુના રાજાઓ પરમાર હતા. ભોળા ભીમના સમયમાં (ઇ. સ. ૧૧૭૯–૧૨૪૧) ત્યાં જેતસિંહ પરમાર રાજગાદીએ હતો. આ જેતસિંહ રાજા ભોજના વંશનો હતો. ભોજ ઇ. સ. ૧૦૨૧માં થયો. (ગૌ. હી. ઓઝા) તેની વંશાવલી સામે પાને આપ્યા મુજબ છે.

ઉગાવાળો : આ વિજયો પ્રાપ્ત કરનાર રાહ કવાટનો મામો ઉગાવાળો તળાજાનો રાજા હતો. વાળા વંશમાં પ્રખ્યાત થયેલા રાજાઓ પૈકી ઉગાવાળો એક સમર્થ સેનાપતિ અને પ્રતિભાશાળી પુરુષ હતો. આબુરાજના પરાજયના પરિણામે તેની લાગવગ બહુ વધી ગઈ. એક દિવસ રાહ કવાટની કચેરીમાં તેણે ગર્જના કરી કે "આ વિજયો ઉગાવાળો જ કરે. રાહ કવાટનાં સૈન્યો, જો મારા જેવો સેનાનાયક ન હોય તો નકામાં છે." આ હુંકારના પરિણામે તે રાહ કવાટની સેનાનો ત્યાગ કરી તળાજા ચાલ્યો ગયો.[1]

શિયાળ બેટ : આ સમયે સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે આવેલા શિયાળ બેટમાં વીરમદેવ પરમારનું રાજ્ય હતું.[2] તેણે છત્રીસ કુળના રાજાઓને પકડી કેદ

| | | |
|---|---|---|
| ભોજ | શાલિવાહન | નરપતરાજ |
| ઉદયકરણ | હંસરાજ | શ્રીકંદરાજ |
| દેવકરણ | વચ્છરાજ | જયરાજ |
| ક્ષેમકરણ | વરરાજ | મુંગરાળ |
| સંતાણ | દેવદત્ત | જેસિંગદેવ વા જેતસિંહ |
| સમરરાજ | ધરવચ્છરાજ | |
| શાલિવાહન | પતરાજ | |
| | નરપતરાજ | |

એ રીતે ઇ. સ. ૧૦૨૧ થી ૧૨૦૦ની વચમાં ૧૯ રાજાઓ થયા એ વસ્તુ બહુ માનવા યોગ્ય નથી; પણ જેતસિંહ ઇ. સ. ૧૧૮૨માં હતો એ હિસાબે ઇ. સ. ૯૮૨ એટલે ૨૦૦ વર્ષ પહેલાં ભોજની પણ પહેલાંના રાજા હશે. તેનું નામ ઉપલબ્ધ નથી. પરમારોની રાજધાનીઓ માહેશ્વર, ધાર, માંડુ, ઉજ્જૈન, ચંદ્રભાગા ચિતોડ, આબુ, ચંદ્રાવતી, મોમેદા, પરમાવતી, ઉપરકોટ, એખર, લોદ્રવા, પાટણ હતા. આ વંશ ઇ. સ. ૭૧૪માં પ્રસિદ્ધ હતો. (કર્નલ ટોડ)

૧. એક વાર્તા કહેવાય છે કે રાહ કવાટના દરબારીઓ ઉગાવાળાની વધતી જતી શક્તિ અને કીર્તિથી અદેખા બની તેનું કાસળ કાઢવા પ્રયત્ન કરતા હતા. તેમાં એવી વાત મૂકવામાં આવી કે 'આબુ ઉપરનો વિજય ઉગાવાળાને આભારી છે કે સૈન્યોને આભારી છે ?' દરબારીઓ કહે કે 'રાહના પ્રચંડ સૈન્યો ન હોત તો ઉગાવાળો એકલો શું કરે ?' બીજા પક્ષે કહ્યું કે 'સૈન્યો હોય પણ સેનાપતિ ન હોય તો એકલાં સૈન્યો શું કરે ? ' ત્યારે ત્રીજા પક્ષે કહ્યું કે 'એ હાથ વગર તાળી પડતી નથી.' ઉગાવાળાએ ગર્વિત થઇ કહ્યું કે 'હું ઉગાવાળો એક હાથે તાળી પાડી શકું !' તેનાં મિથ્યાભિમાની વચનોથી રાહ ઉશ્કેરાયો અને ઉગાવાળાને તેના પદ ઉપરથી દૂર કર્યો.

૨. આ સંબંધમાં પણ મતભેદો છે. એક મત પ્રમાણે આ રાજા પરમાર હતો અને તેનું નામ વીરમદેવ હતું. બીજા મત પ્રમાણે તે ચાવડો હતો અને તેનું નામ મેઘાણંદ હતું. જ્યારે ત્રીજા મત પ્રમાણે તે ચાવડો હતો અને તેનું નામ અનંતદેવ હતું. ભાટચારણોની પછીના સમયમાં જોડી કાઢેલી વાર્તા કરતાં ઇતિહાસનો આધાર લઇએ તો તે સમયે પરમારોનું રાજ્ય

કરેલા. તેમાં યદુ વંશનો રાજા ન હતો; કારણ કે તે રાજાને યુદ્ધમાં જીતવાનું શકય ન હતું. તેથી તેણે પ્રભાસની યાત્રાને મિષે તે આવે ત્યારે પ્રભાસમાં રાહ કવાટને મળવાની ઇચ્છા બતાવી. રાહ કવાટ રાજવી મિત્રને સત્કારવા તથા મળવા પ્રભાસ આવ્યો. શિયાળપતિએ મહેમાનીના ઉત્તર રૂપે રાહને તેના વહાણ ઉપર જમવા આમંત્રણ આપ્યું. અને રાહ કવાટ જમવા બેઠો ત્યારે લંગર ઉપાડી વહાણ હાંકી મૂકયું. રાહને શિયાળ બેટમાં[1] લઇ જઈ કાષ્ટના પીંજરામાં કેદ કર્યો. રાહના માણસો તેની શોધ કરતા કરતા બેટમાં પહોંચ્યા. તેની સાથે રાહ કવાટે ઉગાવાળાને સહાય માટે સંદેશો મોકલ્યો; કારણ કે આવી આફતની વેળાએ તેને સહાય કરવા તેના સિવાય કોઈ સમર્થ પુરુષ ન હતો. ઉગાવાળાએ શિયાળ બેટ ઉપર ચડાઇ કરી. અનંતને હરાવી રાહ કવાટને છોડાવ્યો. પણ રાહને છોડાવતી વખતે પીંજરું તોડવાની ઉતાવળમાં રાહને તેનો પગ લાગી ગયો; તેથી રાહને ખોટું લાગ્યું અને સહાયક ઉગાવાળો તેનો શત્રુ બન્યો.[2]

---

આ તરફ ન હતું. પણ દ્વારકામાં અનંતસેન ચાવડો રાજા હતો. ચાવડાઓનાં ઘણાં નાનાં રાજ્યો હતાં. કચ્છમાં પણ ચાવડાઓ હતા; પણ છત્રીસ કુળના રાજાઓ કેદ કરે તેવો મહાન રાજા કોઇ થયો હોવાનું જણાતું નથી; પણ મૂળ દ્વારકામાં (વર્તમાન દ્વારકા નહિ) ચાવડાનું રાજ્ય હોય તો શિયાળ બેટ તેના તાબામાં હોઇ શકે. વળી, દગાથી પકડવાની કળા ચાવડા સિવાય બીજા કોઈએ અજમાવી હોવાનો સંભવ નથી. દીવમાં પણ ચાવડાઓનું રાજ્ય હતું. એટલે સંભવ છે કે આ રાજા ચાવડો જ હશે અને તેનો ચાંચિયાગીરીનો મુખ્ય વ્યવસાય હશે.

૧. શિયાળ બેટ જૂના જંજીરા રાજ્યના જાફરાબાદ તાબાનો હતો. હાલ તે સૌરાષ્ટ્ર રાજ્યમાં છે. તે બાબરિયાવાડના ગામ રામપર તથા કોવાયા સામે દરિયામાં છે. તેનો ઘેરાવો આશરે ત્રણ માઇલ છે. ચેલૈયાનું માથુ ખાંડી અધોરીને ખવડાવનાર શગાળશા અહીં થયા હોવાનું કહેવાય છે. આ બેટમાં એકસોથી વધારે મીઠા પાણીના કૂવા છે, તથા શાકભાજી અને ખાસ કરી વાલ તથા રીંગણાંની પેદાશ બહુ થાય છે. અહીંનાં જોવા લાયક રથળોમાં થાનવાવ, ગોરખમઢી, ગંગાતળાવ વગેરે છે. સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પ્રસિદ્ધ થયેલી મોરણી કોળણ અહીં થઇ ગઇ.

૨. વાર્તા એવી છે કે વાદીના વેશમાં ગયેલા ચારણ સાથે રાહે ઉગાવાળાને કહેવડાવ્યું કે:—

'તું ની કેતો તક આવ્ય તાલી તળાજા ધણી,
વાળા હવે વગાડય એકે હાથે ઉગલા'.

'તું કહેતો ન હતો કે હું એક હાથે તાલી વગાડી શકું? તો હવે સમય છે તે વગાડ.'

છાતી માથે શેરડો, માથા ઉપર વાઢ,
ભણજો વાળા ઉગલા, કટ પાંજરે કવાટ.

ચારણે ઉગાવાળાને ખબર આપ્યા. શિયાળ બેટ ઉઘાડી રીતે નૌકા સૈન્ય વગર લેવાય તેમ ન હતો. તેથી પોઠ ભરી વણઝારા તરીકે સૈનિકોને લઇ ઉગાવાળો ત્યાં દાખલ થયો

તળાજા ઉપર ચડાઇ : રાહ કવાટ ત્યાંથી વંથળી ગયો અને ઉગાવાળા ઉપર ચડાઈ કરી. ઊના પાસેના ચિત્રાસર ગામ આગળ ભયંકર યુદ્ધ થયું. તેમાં

---

અને શિયાળ એટ તલ્વારના બળે તેણે કમજે કર્યો. રાહ કવાટને છોડવા માટે અનંતદેવને ઉગાવાળાએ કહ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે:–

'કરે મજરો કવાટ, ભાંખે એમ અનંતદેવ,
તો પાછો મેલું પાટ, પત ખોવે ગરનારપત'

આ સાંભળી કવાટે કહ્યું : આ કાયાને મજરો નહિ, આ કાયા અવધાટ,
રાહ ઊઠી મજરો કરે તો કી કાંવા કવાટ.

આ શરીર વળતું નથી એટલે મજરો કરી શકાય નહિ. જો રાહ મજરો કરે તો તે કવાટ કેમ કહેવાય?

ઉગાવાળાએ તેથી ક્રોધિત થઇ અનંતદેવને પછાડયો અને તેના ઉપર ચડી બેઠો. આ દૃશ્ય જોઇ અનંતની મા આવી. તેણે કહ્યું કે:

'સો સો માર્યા ચાવડા, પંદરસો માર્યા પઢાણ,
તને એભલવાળાની આણ તું અનંત મેલને ઉગલા.'

માએ એભલવાળાની આણ આપી. આ એભલવાળો કોણ? એભલવાળો વલ્લભીનો એક વંશજ હતો, જે વલ્લભીના પતન પછી મારવાડમાંથી આવેલો અને મેવાડના રાજાની મદદથી વઢવાણમાં રહી વળા, ચમારડી જીતેલાં. તે વાળાઓનો મૂળપુરુષ ગણાય છે. બીજા બે એભલ થયા છે. તેનો ઇતિહાસ આગળ ઉપર છે. આ દુહામાં પઢાણોનો ઉલ્લેખ છે, પણ તે સમયમાં પઢાણો હતા નહિ. [અમૃતવેલના પાળિયામાં સં. ૧૦૪૨ (ઇ. સ. ૯૮૬)માં સૈયદ બીલાલ નામના એક મુસ્લિમ ગુલામે એક બ્રાહ્મણ સ્ત્રી ઉપર અઘટિત હુમલો કરતાં તેનો પતિ તેની સાથે લડયો. પણ બીલાલે તેને મારી નાખ્યો. તેના વેરનો બદલો લેવા જૂની સાવડના વાળાઓએ સીદી તથા સૈયદોને મારી નાંખ્યા. (વેાટસન ગેઝેટીયર) તેથી કદાચ મુસ્લિમો આવી વસ્યા હોય તો બનવા સંભવ છે. જો કે હું આ સાલના વાચનમાં કંઇ ફેર થયો હોવાનું માનું છું.] તેથી ઉગાએ અનંતદેવને મુકત કર્યો. તે રાહ કવાટના પીંજરા પાસે ગયો, પણ તેનું તાળું ખોલવામાં સમય લાગતાં હર્ષના આવેશમાં તેણે કાષ્ટના પીંજરાને લાત મારી, પીંજરું તૂટયું, પણ ઉગાવાળાનો પદપ્રહાર કવાટની કાયા ઉપર પડયો. રાહને આ અપમાન જણાયું. પછી અનંતને છોડી મૂકયો તે પણ તેને ન ગમ્યું. ઉગાવાળાએ બીજા રાજાઓને પણ છોડયા.

છોડાવ્યા છત્રીસ કંકુને કરતાં કમળ,
અધપત દીયે આશિષ, તને અજરામર ઉગલા.

ઉગાવાળો મરાયો.[૧] હાલ પણ ચિત્રાસર ગામે તેનો નમેલો પાળિયો છે.[૨]

આ રાહના સમયમાં પોરબંદરના જેઠવાઓ આ પ્રદેશમાં આવ્યા હોવાનું અનુમાન છે.

રાહ કવાટે આબુના વિજય તથા ઉગાવાળાના પરાજય સિવાય કાંઈ કામ કર્યું હોવાની કોઇ નોંધ નથી. તે ઈ. સ. ૧૦૦૩માં ગુજરી ગયો તથા તેની પાછળ તેનો પુત્ર રાહ દયાસ ઉર્ફે મહીપાળ ૧લો ગાદીએ આવ્યો.

**રાહ દયાસ ઉર્ફે ડિયાસ** : (મહીપાલ ૧લો) ઇ. સ. ૧૦૦૩થી ઇ. સ. ૧૦૧૦

રાહ દયાસ મહીપાળ નામ ધારણ કરી વંથળીની ગાદીએ આવ્યો. ગુજરાતના રાજાઓનો આ નબળો કાળ હતો. એટલે તેણે તે સમયનો લાભ લઇ સૌરાષ્ટ્રના રાજ્યને પુનઃ એક મહાન રાજ્ય બનાવવા પ્રયત્ન શરૂ કર્યા. મૂળરાજ મૃત્યુ પામ્યો હતો. ચામુંડ પોતાનાં પાપકર્મોના કારણે થયેલા પશ્ચાત્તાપના પરિણામે શુકલતીર્થમાં વસવા ગયો હતો. અને દુર્લભસેન પાટણની ગાદીએ હતો. તે બીમાર રહેતો. વળી મૂળરાજની મુત્સદ્દીગીરી કે તેના વંશજ સિદ્ધરાજનું પરાક્રમ તેનામાં હતાં નહિ. સૌરાષ્ટ્રમાં પણ કોઈ વંથળી સામે માથું ઊંચકે તેમ હતો નહિ. તેથી રાહ દયાસ દિનપ્રતિદિન બળવત્તર થતો ગયો.

ગ્રહરિપુના પરાજયને હજી માત્ર એકવીસ વર્ષ થયાં હતાં. રાહ કવાટે તેનાં સૈન્યો આબુની ચડાઈમાં ભાંગી નાખ્યાં હતાં. અને તેની ક્રોધિત મનોવૃત્તિને કારણે તેણે ઉગાવાળા જેવા સહાયકોને શત્રુ બનાવ્યા હતા અથવા મારી નાખ્યા હતા. એટલે ગ્રહરિપુના પરાજયના કારણરૂપ ગુજરાતના રાજા તથા મારવાડના રાજાને જીતવા માટે રાહ દયાસે સતત ચિંતા સેવ્યા છતાં તેને તક મળી નહિ.

**પાટણનો સ્વયંવર** : દુર્લભસેને પોતાની બહેનનાં લગ્ન માટે સ્વયંવર કર્યો. તેમાં રાહ દયાસ પણ ગયો. સ્વયંવરમાં ભારતના અનેક રાજાઓ આવેલા; પણ દુર્લભસેનની બહેને વરમાળા મારવાડના રાજા મહેન્દ્રના ગળામાં આરોપી અને દુર્લભસેને તેની બહેનને રાજા મહેન્દ્રને પરણાવી. સ્વયંવરમાંથી નિરાશ થઇ રાહ વંથલી આવ્યો. તે નિરાશાની આગમાં ગ્રહરિપુના પરાજયમાં મહેન્દ્રના પિતાએ

---

૧. રાહ કવાટ જેવો વીર આવો કૃતઘ્ની થાય તે સંભવિત નથી. ઉગાવાળો આ વિજયથી ગર્વિત થયો હશે, અને કોઇ બીજા રાજ્યદ્વારી કારણોસર રાહ કવાટે તેને માર્યો હશે.

૨. ઘણા પાળિયા હતા. ઉગાનો પાળિયો પરસવા (પૂજવા) તેની બહેન આવી. તે ઓળખી શકી નહિ કે તેના ભાઇનો પાળિયો કયો? તેથી તેણે કહ્યું "મારા ભાઇનો પાળિયો નમે તો દૂધણાં લઉં." તેથી ઉગાનો પાળિયો નમ્યો અને રાહની માએ તેને તેલ સિંદૂર ચડાવ્યાં.

ભજવેલા ભાગની સ્મૃતિનું ધૃત હોમાયું. એટલે તેણે મારવાડના રાજાનો મદ ઉતારવા પ્રયત્ન આરંભ્યો.

એક મહાન સૈન્ય સજી તેણે પાટણ ઉપર ચડાઇ કરી દુર્લભસેન તથા મહેન્દ્ર બન્નેને પરાજિત કરવા ધાર્યું. પણ તે કાંઈ પણ કરી શકે તે પહેલાં દુર્લભ-સેનની રાણી પ્રભાસની યાત્રાએ નીકળતાં ગિરનાર યાત્રાએ આવી. રાહ દયાસને કારણ શોધવું ન પડયું. તેણે આજ્ઞા કરી કે પાટણની રાણી જો કર આપે તો જ દામોદર કુંડમાં સ્નાન કરે. પાટણની નવપરિણીત મહારાણીને આ અપમાન અસહ્ય લાગ્યું. તે યાત્રા વગર પાછી ગઇ અને તેના ઉશ્કેરવાથી દુર્લભસેને વંથળી ઉપર ચડાઇ કરી.[૧]

પાટણનો વિજય : સોરઠ ઉપર ફરીથી ગુજરાતની સેના ચડી આવી. રાહ દયાસે આટલી વહેલી ચડાઈ આવશે તેમ ધાર્યું ન હતું. દુશ્મન વંથળી ઉપર ઘેરો ઘાલે અને મૂંઝાવું પડે તે કારણે તેણે વંથળી છોડી જૂનાગઢના ઉપરકોટમાં થાણું નાખ્યું અને વંથળીને ઉઘાડું શહેર રહેવા દીધું. દુર્લભસેનના સૈન્યે વંથળી લીધું અને ઉપરકોટને ઘેરો ઘાલ્યો. ઘેરો કેટલો ચાલ્યો તેનો ઉલ્લેખ નથી, પણ દીર્ઘ કાળ થયો છતાં ઉપરકોટ પડયો નહિ અને પાટણનાં સૈન્યો કંટાળ્યાં અને ઘેરો ઉઠાવી પાછાં જવા માટે તેના સરદારો વિચારમાં પડયા.

માથાનો માગનાર : આ સમયે હોડમાં રાજાનું માથું હારેલો બીજલ ચારણ શત્રુ સરદાર પાસે આવ્યો અને પોતે રાહ દયાસનું માથું લાવી આપે તો યોગ્ય બદલો આપવો એવી રીતે કહી ઉપરકોટ ગયો; અને તેણે રાહ દયાસનું માથું મેળવ્યું.[૨]

---

૧. દીવાન રણછોડજી 'તવારીખે સોરઠ'માં આ યુદ્ધને માટે કારણ આપે છે. આ યાત્રાર્થે આવનારાં રાજકુટુંબીઓમાં એક બહુ સુંદર રાજકન્યા હતી. રાહે તેના હાથની માગણી કરી, પણ રાણીઓ પાસે માણસ ન હતાં. તેથી તેઓ માગણી કબૂલ કરી પાછાં ગયાં અને વાયદો આપ્યા પ્રમાણે કન્યા પરણવા આવી. કન્યાના વેલડામાં સૈનિકોને સંતાડી કન્યા પક્ષના માણસો ગઢમાં આવ્યા ત્યારે અંધ દરવાનીએ કહ્યું કે વેલડામાં સ્ત્રીઓ નથી પણ ભારે હથિયાર-વાળા સૈનિકો છે. આમ પોલ પકડાઇ જતાં સરદારે હુકમ આપ્યો અને સૈનિકો કૂદી પડયા. રાહને કતલ કર્યો અને જૂનાગઢ જિતાયું. આ વાતમાં ગુજરાતનો રાજા સિદ્ધરાજ કહ્યો છે. તે કારણે તથા સામી કન્યા પરણવા આવે તે વાત બંધબેસતી નથી.

આ લડાઇની ભાટચારણો પણ અનેક જુદી જુદી વાતો કરે છે.

૨. આ વાત ઘણી રસિક છે. બીજલ માથું માગવા આવે છે એવી ખબર દરવા-નોને પડી એટલે તેમણે તેના આવવાના માર્ગ બંધ કર્યા; પણ દુર્ગ ઉપરથી શત્રુઓ ઉપર રાહની નજર પડી અને ચારણે તેને જોતાં કહ્યું કે 'રાહ, હું તારું માથું માગવા આવ્યો છું'; પણ તે વાતની ખબર પડી જતાં દરવાનો મને અંદર આવવા દેતા નથી. આમ કરવા તેં આજ્ઞા આપી

છે ? રાહે તે સાંભળીને પોતાની પાઘડીથી આડી તલ્વાર બાંધી ઉપરથી ઉતારી, જેની ઉપર બેસી ચારણ ઉપર આવ્યો.

ચારણ અઢીયો લોઢ મથે ગઢે માગણે

લોઢા ઉપર બેસી ચારણ માથું માગવા ઉપર ચડ્યો. ચારણને માથું આપવા રાહ તૈયાર થયો છે તે રાણીને ખબર પડતાં તેણે આવી કહ્યું, "ચારણદેવ, માથા સિવાય બીજું ગમે તે માગો."

અધા તું અધાથીયેં, ભાઇયે છ મગણીહાર;
હાજી ડીયાં તડાક, દીયાં હાથી ડીયાં હજાર,
ગીનની ચંદનહાર, પણે છડી દયાં સરદાર;
તને ઘોડાં, વાડી, હાથી, ચંદનહાર દઉં પણ.....
બીજલ ઝેરી બીજ.....

બીજલ તો ચારણોમાં ઝેરી બીજ જેવો હતો. તે માન્યો નહિ. તેણે જવાબ દીધોઃ

તાજી આય તબીલમેં, ગોમેર આય ઘણાં,
મોકે નાય મણાં આલો સિર વાલો અબે.

મારી પાસે તબેલામાં ઘણાં ઘોડાં છે; હાથી પણ ઘણા છે. મને તો વહાલું માથું છે. રાણી નિરાશ થઇ રાહની બહેન પાસે ગઇ. બહેને આવીને વાત સાંભળીને રાહને કહ્યું :

વઢી દેને વીર, મથે મગણીહારકે;
દાતારા મન ખીર, અદાતા મન કઠણ જે.

ભાઇ દાતારને જે સહેલું અને અદાતાને જે કઠણ છે તેવું દાન દેવાનો પ્રસંગ આવ્યો છે. તારું માથું વાઢી દે.

રાણીએ રાહ કવાટની પુત્રીનું કુળાભિમાન જોયું. તે રાજમાતા પાસે ગઇ. તેણે તો તરત જ કહ્યું :

મથે મગણીહારકે, જો દયાસ તું ન દે;
તો કેડે બધી કીનજી કવિયાં ફેર કરે.

દયાસ! જો તું દાનમાં માથું ન દે તો કવિઓ કોની કીર્તિ ગાશે ? અને રાહે પોતાના હાથે બીજલને માથું ઉતારી દીધું.

બીજલને સોલંકી સરદારે ઇનામ ન આપતાં દેહાંત દંડ આપ્યો.

આ વિષયનું સિંધી ભાષાના સુપ્રસિદ્ધ શાયર શાહ અબ્દુલ લતીફે અતિ રસિક વર્ણન કર્યું છે. તેમાં તેણે રાણીનું નામ સોરઠ આપ્યું છે, એટલે સોરઠી રાણી. તેમાંથી માત્ર બે કડીઓ ઉદ્ધૃત કરું છું :

"સોરઠ મંગણહારખે, જલ ભરે જાના,
અસી બથી બ જણા, બીજલ જા બાના;
છડ તંદુલ જા તાના મુરી વંજ તું મંગના
હીસે સરતાં હીકસી, ઇંધે લજ મરાં,
લખે સરતાં લખ સીસી, લખરી હું દિયાં.

સોલંકી સેનાએ હુમલો કર્યો. અને રાજવિહોણો કિલ્લો જિતાયો. રાહ દયાસ પાછળ તેની સોરઠ રાણી સતી થઇ અને બાળપુત્ર નોઘણને લઇ તેની દાસી નાસી છૂટી. સોરઠ ગુજરાતના રાજ્યનો બાલસા પ્રદેશ બન્યો અને વંથળીમાં સૂબો મૂકવામાં આવ્યો. આમ, ચુડાસમાઓની હકૂમત સોરઠમાંથી ઊઠી ગઇ.

સોરઠ રાણી સતી થતાં તેના બાલપુત્ર નોઘણને લઇ દાસી ભાગતી ભાગતી કોડીનાર પાસે બોડીદર[1] પહોંચી. બોડીદરમાં દેવાયત નામનો એક ધરધણી આહેર હતો. તેને નોઘણને સોંપી થાક, ભૂખ તરસના કારણે દાસીએ પ્રાણ છોડયા. દેવાયતે તેની પત્નીને રાહ સોંપ્યો. નોઘણની વય તે વખતે માત્ર નવ માસની હતી. તેથી દેવાયતની પત્નીએ તેની છ માસની પુત્રી જાસલને બોળામાંથી ઉતારી નોઘણને બોળામાં લીધો.

દેવાયતનો દીકરો વાસણ હતો. નોઘણ તથા વાસણ સાથે ઊછરવા માંડયા. નોઘણ રાજપુત્ર હતો તે વાતની કોઇને ખબર પડતાં તેણે જૂનાગઢમાં સોલંકીના સૂબાને આ ખબર આપ્યા. સૂબાએ આવીને દેવાયતને દબાવ્યો. તેણે પોતાની પત્નીને કહેવરાવ્યું કે "રાહ રાખી વાત કરજે."

'ગાડું ગાલણુકા, ગાડાવત રાખે ગળે,
વાકી ખૂબલીમાં જે ઉચેટીયે ઉદાઉત.'[2]

ચતુર આહેરાણી સમજી ગઇ. તેણે વાસણને શણગારીને મોકલ્યો અને સોલંકી સરદારે તેનું માથું કાપી લેવા આજ્ઞા કરી. દેવાયત પોતાનો પુત્ર હોય તો મારી શકે નહિ એ કારણે તેની કસોટી કરી. પણ દેવાયત તેમાંથી પાર ઊતર્યો અને તેણે સ્વહસ્તે પોતાના એકના એક પુત્રનું બલિદાન દીધું.[3]

---

કમભાગ્યે મારે એક જ માથું છે, તેથી હું લાજી મરું છું. જો લાખ શિર હોત તો હું લાખે ય વાઢી આપત.

શાહ અબ્દલ લતીફે સિંધી ભાષામાં સોરઠના રાહ વંશના રાજાઓનું એક સળંગ કાવ્ય લખ્યું છે.

૧. આ ગામ ઐતિહાસિક હોવાનું પણ કહેવાય છે; પણ તે બોડીદર જ હતું. ત્યાં દેવાયતનાં મકાન પણ બતાવવામાં આવે છે.

૨. આ દુહો આ વાતનો નથી; જો કે તેને આ સાથે જોડવામાં આવે છે. ઉદાઉત એટલે ઉદા–ઉદયસિંહના પુત્ર જેવું કોઇ પાત્ર આ વાતમાં નથી.

૩. આવી વાત વનવીર તથા ઉદયસિંહ રાણાની તેમજ લાખા ફૂલાણીની દાસી ફોરકની પણ છે. એક વાર્તાકાર પ્રમાણે દેવાયતે સાત પુત્રોનું બલિદાન દીધું હતું.

નોઘણ મોટો થયો ત્યારે દેવાયતના ખેતરમાંથી તેને ધન મળ્યું. તેની સહાયથી દેવાયતે આહિરોને જાસલનાં લગ્નના બહાને બોલાવી જૂનાગઢમાં ભેળા કર્યા. રાજમહેલ જોવા જતાં ત્યાં વિજયનગારું હતું તે જોઇ નોઘણે દેવાયતને પૂછ્યું કે 'આ વગાડું ?' દેવાયતે કહ્યું કે 'આ નગારું વગડે તો રાજપલટો થાય.' નોઘણે તે વગાડ્યું અને સંકેત પ્રમાણે આહિરો તૂટી પડ્યા. સોલંકી સેના અણચિંતવી ઝડપાઇ, પ્રજાએ આહિરોને સાથ આપ્યો અને જૂનાગઢમાંથી સોલંકી સેનાને હરાવી કાઢી મૂકી. જાસલ બહેનની આંગળી વાઢી ઊના લોહીએ રાજતિલક કરી નોઘણને ગાદીએ બેસાડ્યો. જાસલનાં લગ્ન કર્યાં અને દેવાયત રાજાના પિતાને સ્થાને રહ્યો.

રાહ નોઘણ : ઇ. સ. ૧૦૨૫ થી ઈ. સ. ૧૦૪૪.

રાહ નવઘણ ઉર્ફે નોઘણ ગાદીએ આવ્યો ત્યારે માત્ર પંદર વર્ષનો જ હતો. માતાપિતાવિહોણા કિશોર કુમારનો રાજવહનનો ભાર દેવાયત ઉપર આવ્યો. તેણે શ્રીધર અને મહીધર નામના નાગર મંત્રીઓને રાખ્યા.[1] એક મહેસૂલી વ્યવસ્થા ચલાવતો અને બીજો સેનાપતિ હતો.

ગુજરાત: આ સમયમાં ગુજરાતની ગાદીએ ભીમદેવ પહેલો હતો. જ્યારે નવઘણે ગાદી પુનઃપ્રાપ્ત કરી ત્યારે તેણે સિંધના રાજા હમીર સુમરા ઉપર ચડાઈ કરેલી; અને ચેદિરાજ કર્ણ સાથે પણ તે યુદ્ધમાં ઊતરેલો. માળવાના પરમારો મુંજ અને ભોજ સામે પણ તેનો વિરોધ ચાલ્યા કરતો. એટલે તે દિશામાંથી નવઘણને ભય હતો નહિ. તેથી સમયે તેને સહાય આપી અને તે ગાદી ઉપર સ્થિર થયો.

ચૌહાણ : આ સમયે અજમેરમાં વિસલદેવ ચૌહાણ રાજ્ય કરતો હતો. આ રાજા ઘણો જ પરાક્રમી અને પ્રતિભાશાળી હતો. તેણે મુસલમાનોની વધતી સત્તા અટકાવવા હિંદુસ્થાનના તમામ બળવાન રાજાઓને એકત્ર કર્યા હતા. તેમાં ભીમદેવ ભળ્યો નહિ. તેથી તેણે ગુજરાત ઉપર ચડાઇ કરી ઉત્તર ગુજરાત જીતી લીધું. વડનગર(આનંદપુર)નો પ્રદેશ આબુ અને છેક વાગડ સુધીના ભાગ ઉપર તેણે વિજયધ્વજ ફરકાવ્યો અને વિશળનગર શહેર બાંધી ત્યાં પોતાનો સૂબો રાખ્યો. વિશળદેવ અહીંથી સોરઠ ઉપર ચડ્યો; પણ રાહ નવઘણની શક્તિ આવા પ્રબળ શત્રુ સામે થવાની ન હતી. તેથી તેણે ખંડણી ભરી વિશળદેવનું સન્માન કરી તેનાં સૈન્યોને પાછાં વાળ્યાં.[2]

---

૧. આ શ્રીધર માટે જુઓ મારું પુસ્તક 'પિતૃતર્પણ'

૨. ચંદ બારોટના 'પૃથ્વીરાજ રાસા'માં આ યુદ્ધનો ઉલ્લેખ છે. વિશલદેવે વીસનગર ઇ. સ. ૧૦૪૬માં વસાવ્યું તેમ મનાય છે. પણ આ ચડાઇ ઇ. સ. ૧૦૨૪–૨૫માં થઇ હતી. ત્યારે નગર વસાવવાનું શરૂ કર્યું હોય અને ૧૦૪૬માં તે પૂર્ણ થયું હોય તે સંભવિત છે. આ વિશલદેવે કપોતવધનો યજ્ઞ કરી વડનગરના અયાચક નાગર બ્રાહ્મણોને દાન ન લેતાં પાનનાં બીડાં આપી તેમાં ગામનાં નામ લખી છેતર્યા હતા. જેઓએ ભૂલથી દાન લીધું તે નાગર બ્રાહ્મણ થયા. તે સમયથી નાગર જ્ઞાતિ બે વિભાગો–ગૃહસ્થ અને બ્રાહ્મણ–માં વહેંચાઇ.

સોમનાથ : રાહ નવઘણના રાજ્યના પહેલા જ વર્ષમાં ગીઝનીનો સુલતાન મહમુદ સોમનાથના દેવાલયના ધનસંચયથી આકર્ષાઈ તેને લૂંટવા માટે પ્રબળ સૈન્ય લઈને સોરઠી સોમનાથ ઉપર ચડ્યો.

સોમનાથ એ સમયમાં આર્યોનું મુખ્ય ધામ હતું. સમસ્ત ભારતમાં કાશી વિશ્વનાથથી પણ તેની અગત્ય અને ભક્તિ વિશેષ હતી. અને તેથી ભારતના રાજા-મહારાજાઓ અને ધનિકોએ તેમનાં દ્રવ્ય અને ધનને સોમનાથને ચરણે ધરવામાં સીમા રાખી ન હતી.

સૌરાષ્ટ્રના દક્ષિણ સાગરકિનારે આવેલ આ ભવ્ય અને પુરાણપ્રસિદ્ધ પવિત્ર ધામની[1] કીર્તિ ભારતના ઉત્તરીય પહાડોમાં અભેદ્ય માર્ગો ભેદીને એશિયાના પ્રદેશોમાં પહોંચી ગઈ હતી. ધનાઢ્ય ભારતના આરાધ્ય દેવના મંદિરમાં હીરામોતી અને રત્નો કાંકરાની જેમ ચણાયાં છે. અને સુવર્ણ અને ચાંદીનું ત્યાં પથ્થર જેટલું મૂલ્ય છે[2] એ વાતો મહમુદને કાને પડી. ગુલામપૌત્ર મહમુદ ધનલોભી અને કૃપણ હતો.[3] તેણે આ અમૂલ્ય ખજાનો હસ્તગત કરવા નિર્ધાર કર્યો. તેણે અપાર, અતુલ અને અસાધારણ સૈન્ય સજી ભારત ઉપર ચડાઈ કરી. પણ અગિયાર વખત ભારતના આર્ય રાજાઓએ તેને પરાજિત કરી સીમા ઉપરથી જ હાંકી કાઢ્યો. મહમુદની દૃષ્ટિ તો ધનમાં જ હતી. તેને તેની ચડાઈનો ખર્ચ અને ભોગ આ ધનભંડારની પ્રાપ્તિ સાથે

---

૧. મહાદેવના દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ છે.

(અ) "**सौराष्ट्रे सोमनाथः च.....**"

(બ) **सौराष्ट्रदेशे विदशे तीरभ्ये ज्योतिर्मयं चंद्रकलावतंस।**

૨. આ સ્થાન માટે નીચેની કાવ્યપંક્તિઓ રસપ્રદ થશે :

જબ ઇયે પાક આલમ પર શહેર એક નહિ થા,
નીનાવે, બાબીલોના, રૂમો, દમીશ્ક નહિ થા,
નહિ થા પ્રયાગો કાશી, જબ દ્વારિકા ભી નહિ થા,
પુરનુર અય મુન્નવર અશહર તું શહર યહિ થા.
ગુંજી થી તેરી ગલીઓમેં વેદ કી તીલાવત,
શાસ્ત્રોકી શરાઅત, શ્રીકૃષ્ણ કી ઇબાદત,
મઆબુંદ જો જહાં કે આબીદ બને હૈં તેરે
પુર નુર હોકે માધવ વહ યહાંહી આ કે ઠેરે
તું ગુલશને કુનહુ હૈ બુલબુલ હે – દેવ–તેરે...વગેરે

(સદ્‌ગત સાક્ષરવર્ય શ્રી. શંકરપ્રસાદ દેશાઈના "તસ્લીમે વતન" નામના કાવ્યમાંથી.)

૩. 'ગુલિસ્તાન'માં શેખ સાદીએ મહમુદના મૃત્યુ પછી ધનના ઢગલા જોતી તેના શબની આંખોનું વર્ણન કરી તેના ધનલોભની ગાથા લખી છે.

નજીવો લાગ્યો. આખરે ભારતના બીજા રાજાઓને ન છેડતાં તેણે ઈ. સ. ૧૦૨૫ના સપ્ટેમ્બર માસમાં ગીઝનીથી ઊપડી સોમનાથનો માર્ગ લીધો. આ સૈન્ય એવા માર્ગે થઈને આવ્યું કે બને ત્યાં સુધી કોઇને ખબર પડે નહિ, તેમ કોઇ સામનો કરે નહિ. આબુ આગળ થઇ, અણહિલવાડને પડખે મૂકી તે સૌરાષ્ટ્ર તરફ વળ્યો. રાજા ભીમદેવ અણહિલવાડમાં ભરાઈ ગયો. અને તેને પોતા ઉપર આ સૈન્ય આવતું નથી તેની ખબર જ રહી નહિ. તેથી તે સૈન્ય પસાર થઇ ગયા પછી પણ ઘણા વખત સુધી બહાર નીકળ્યો નહિ.

<u>પ્રભાસમાં</u> : મહમુદ ઇ. સ. ૧૦૨૬ના જાન્યુઆરીમાં અથવા ઇ. સ. ૧૦૨૫ના ડિસેમ્બરના છેલ્લા દિવસોમાં પ્રભાસના દુર્ગદ્વારે આવી પહોંચ્યો.

મહમુદ અણહિલવાડ પાટણથી બહેચરાજી, વીરમગામ, ધંધુકા અને ઘોઘા (વર્તમાન સ્થાનો)ને માર્ગે ઊના દેલવાડા આવ્યો અને ત્યાંથી તેણે પહેલી છાવણી કોડીનાર પાસે નાખી. ત્યાં કોટેશ્વરનું[1] દેવાલય તોડી તેણે તેના કાર્યનો પ્રારંભ કર્યો.

<u>ઘેરો</u> : મહમુદનું સૈન્ય આગળ ચાલ્યું. પણ ગીરની સરહદે ઝાડીઓમાં આદિવાસીઓએ તેને આંતરી લીધું. સોમનાથનું મંદિર દૂર રહ્યું અને ગીરના અરણ્યમાં ભીલો મહમુદના સૈન્યને હેરાન કરવા પ્રવૃત્ત થયા. મહમુદના સૈન્યને દોરતો તેનો ગુલામ નકારચી (નગારચી) મરાઇ ગયો.[2] આદિવાસીઓ ઝાઝું ટકી

---

૧. આ કોટેશ્વર માંગરોળ પાસે હોવાનું કાઠિયાવાડ ગેઝેટીયર (કામીલ ઉલ તવારીખના આધારે) માને છે; પણ તે કોટેશ્વર કોડીનાર પાસેનું. માર્ગ માટે જુદા જુદા મત છે; પણ આ માર્ગે મહમુદ આવ્યો તે સર્વસ્વીકાર્ય મત છે.

૨. આ નગારચીની દરગાહ જંજુર ગામે છે. ત્યાં તે સમયના સીદી લોકોનું ગામ વસેલું છે.

આ સમયે સૌરાષ્ટ્રમાં કયા કયા રાજાઓનો અધિકાર હતો તે વિવાદાસ્પદ પ્રશ્ન છે. સોરઠ રાહને સ્વાધીન હતું: પણ નવઘણની અજ્ઞાત અવસ્થાના સમયમાં માંગરોળમાં ગોહિલો, બરડામાં જેઠવા, ઊના, દીવ અને મહુવામાં ચાવડાઓ અને કેટલાક ભાગોમાં કોળીઓ હકૂમત ચલાવતા હતા. એટલે મહમુદના સૈન્યને થોડા દિવસ પણ રોકી શકે તેવો એક પણ રાજા ન હતો. ગ્રહરિપુ કે લાખા જેવાના સમયમાં મહમુદ આવ્યો હોત તો તેને તેઓ બીજી સહાય આવતાં સુધી રોકી શકત; પણ તે કમભાગ્યે એવા કાળમાં આવ્યો કે તેના સૈન્યનો સામનો કરી શકે તેવી એક પણ સત્તા સૌરાષ્ટ્રમાં ન હતી. ગુજરાતનો રાજા ભીમ ચેદિ, પરમાર અને સુમરા સામે લડી ઘસાઇ ગયો હતો. તે સૌહામણો, યુવાન, કદાવર ને વીર પુરુષ હતો; પણ આ સમયે તે ઓચિંતો ઘેરાયો હતો. દીવાન રણછોડજી પ્રમાણે ભીમ તથા નવઘણનાં સૈન્યોએ સહકાર કરી મહમુદનો સામનો કર્યો હતો.

શકયા નહિ; અને મહમુદે પ્રભાસના પાદરે પડાવ નાખ્યો. તેને "સોમનાથનું ગગનમાં ઝોલાં ખાતું શિખર, તેની પાછળ સમુદ્રની આસમાની આકાશકક્ષાથી પાર નીકળી ગયેલું દેખાયું; મંદિરનો દ્વારમંડપ, રંગમંડપ અને શંકુ આકારનો ઘુમ્મટ તથા તેની ફરતો ચોક, થાંભલાઓ વડે ટેકવેલી અટારીઓ, આજુબાજુનાં અનેક નાનાં દહેરાં–એ સર્વ વડે અતિ રમણીય દેખાતા આ પવિત્ર દેવાલય"ની ભવ્યતાની ઝાંખી કરી.[1] તેણે તેના સન્યને ઇસ્લામની શાન માટે, દીનના હુકમ માટે મરીને શહાદત મેળવવા અનુરોધ કર્યો, અને "અલ્લા હો અકબર"ના પ્રચંડ નારાથી તેમણે સોમનાથ ઉપર આક્રમણ કર્યું.

દુર્ગ : સોમનાથ શિવક્ષેત્ર હતું. એટલે તેને શત્રુનો ભય ન હોય. તેથી ત્યાં દુર્ગ હતો નહિ.[2] અને નગરના રક્ષણ માટે કોઇ ખાસ સૈન્ય પણ હતું નહિ. તેમ છતાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ એક નાનુંશું સૈન્ય તાબડતોબ ઊભું કરી દીધું અને સોમનાથના દેવાલય આડો માનવકિલ્લો ખડો કરી દીધો. પ્રથમ તો તેઓને એમ લાગ્યું કે કોઈ મહારાજા દર્શને આવે છે. પણ જ્યારે તેઓએ લીલું નિશાન જોયું અને ભક્તિભાવને સ્થળે વેરભાવ જોયો ત્યારે તેઓએ મહાદેવની પ્રાર્થના શરૂ કરી અને આર્યોના અમર ધર્મને રક્ષવા માટે ધર્મયજ્ઞમાં બલિદાન થઇ હોમાઇ જવા તૈયારી કરી. મહમુદે "અલ્લા હો અકબર"ના તુમુલ નાદે તેના સૈન્યને આગળ વધવા આજ્ઞા કરી. બન્ને પક્ષોએ બાણની વૃષ્ટિ કરી અને તલ્વારોની તાળીઓ લેવાવા માંડી.

મહમુદ ધનલોભથી લડતો હતો. તેના સૈનિકોને પણ લૂંટમાં ભાગ મળવાનો હતો. ભૂખ્યા અને નિર્ધન કાબુલીઓ ભારતમાં દૃષ્ટિગોચર થતા ધનભંડારને લૂંટવાની ઇચ્છાથી લડતા હતા; જ્યારે બ્રાહ્મણો અને ક્ષત્રિયો તેમજ અન્ય આર્યો પોતાના ધર્મના રક્ષણ માટે પ્રાણાર્પણ કરવા બહાર પડયા હતા. આખો દિવસ સતત યુદ્ધ ચાલ્યું. સાંજે મહમુદે જીતની આશા છોડી દીધી. વળતે દિવસે પ્રાતઃકાળમાં મહમુદે ફરી હલ્લો કર્યો. આ દિવસે રાહ નવઘણનું સૈન્ય તેના સેનાપતિ મહીધર

---

૧. કર્નલ ટોડ : "ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા."

૨. અલબિરુની તેના ઇતિહાસ "તારીખ-ઉલ-હિન્દ"માં લખે છે કે એ પ્રતિમા તથા ધનભંડારો દુર્ગમાં રાખવામાં આવતા. આ દુર્ગ સો વર્ષ પહેલાં જ કર્યો હતો. અલબિરુનીએ આ ગ્રંથ ઇ. સ. ૧૦૩૧–૩૨ માં સંપૂર્ણ કર્યો. એટલે ઇ. સ. ૯૩૦–૩૧માં દુર્ગ પૂર્ણ કર્યો તેમ તેના કથન પ્રમાણે મનાય. પણ આ દુર્ગ તો મંદિરની ફરતો હતો તેમ તેનો અર્થ થાય છે. પ્રભાસખંડ વગેરેના આધારોથી જણાય છે કે આ સમયે પ્રભાસને દુર્ગ હતો જ નહિ. આ પ્રશ્ન "સોમનાથ" નામક મારા ગ્રંથમાં ચર્ચ્યો છે. સોમનાથ શિવક્ષેત્ર હતું, તેને કોઇ આર્ય રાજાના આક્રમણનો ભય હતો નહિ. તેથી ત્યાં દુર્ગની આવશ્યકતા ન હતી.

અને મંત્રી શ્રીધરની સરદારી નીચે આવી પહોંચ્યું, અને મહમુદને પોતાનાં સ્વપ્નો તૂટી પડતાં જણાયાં. કંઇક નાના નાના ઠાકોરો તેમનાં સૈન્યો લઇ આવ્યા. પ્રજાજનો વર્ણભેદ જોયા વગર સોમૈયાની સમાતે આવ્યા. અણહિલવાડનું સૈન્ય પણ આવી પહોંચ્યું.[૧] મહમુદને હવે પોતે સર્વનાશ નોતરી લીધો છે તેમ ભાસ્યું; પણ તે સમયસૂચક હતો. તેનાં હિમ્મત હારેલાં, શ્રમિત થયેલાં અને અકળાયેલાં સૈન્યને ઇસ્લામ ખાતર શહીદ થવા અનુરોધ કરી તેણે પોતે ઘોડા ઉપરથી ઊતરી નમાઝ પઢી, એક સીરકાસિયન સરદારનો હાથ પકડી, સૈન્યને ઉશ્કેરી, પોતે આગળ વધ્યો. કાબુલીઓને પણ ઝનૂન ચડયું. તેમની સામે સર્વસ્વનો નાશ અથવા વિજય સિવાય માર્ગ ન હતો. તેઓએ એકસામટો ધસારો કર્યો અને આર્યોના પગ તેમના ધસારા સામે ટકયા નહિ; પરંતુ પાછા હઠતાં હઠતાં તેઓએ એવો મરણિયો સામનો કર્યો કે મહમુદને પણ પાછા કદમ કરવા પડયા. બીજે દિવસે હિંદુઓએ ઊઠીને જોયું તો મહમુદનું સૈન્ય તેની છાવણી ઉપાડી પલાયન થઇ ગયું હતું. હિંદુઓએ પોતાનો વિજય થયો માની મહાદેવની સ્તુતિ કરી આનંદ મનાવ્યો. પણ હિંદુઓ વિજયોન્માદમાં ગાફેલ થયા છે તે ખબર દૂત દ્વારા મળતાં મહમુદે ઓચિંતો છાપો મારી સોમનાથ સર કર્યું[૨] અને હિંદુઓની કતલ કરી.

મહમુદે તે પછી જે જુલ્મ ગુજાર્યો તેનું વર્ણન કરવા કરતાં કલ્પના જ કરી લેવાની રહે છે. તેણે ઘરેઘર લૂંટયાં; સ્ત્રીઓની આબરૂ સલામત રહી નહિ; હિંદુઓને કતલ કર્યા; ગાયોને મારી તેનું લોહી મંદિરોમાં છાંટયું અને તેમ કરી મહમુદે પોતાનો વિજયોત્સવ ઊજવ્યો.[૩]

---

૧. અણહિલવાડનો રાજા વલ્લભસેન આ વખતે આવેલો તેમ ટોડ કહે છે. પણ ત્યારે તે ગુજરી ગયો હતો. અને ગુજરાતની ગાદીએ ભીમ હતો. તેનું સૈન્ય મોડું પડયું; તેથી આ યુદ્ધમાં આવી પહોંચ્યું હોવાનું સંભવતું નથી. 'કામીલ ઉલ તવારીખ' નામના ગ્રંથમાં મુસ્લિમ ઇતિહાસકાર ઇબ્ન અસીર તેમજ 'તારીખે અલ્ફી'નો કર્તા તેને ભીમ કહે છે; જ્યારે મુસ્લિમ ઇતિહાસકારો ગુજરાતના એ દાબસલીમની કપોલકલ્પિત વાર્તા લખે છે, જે સર્વથા અસંભવિત અને અમાન્ય રહે તેવી છે.

૨. ઇન્ડીઅન એન્ટીકવેરી : વોલ્યુમ આઠમું : મેજર વોટસન : શેખ દીનના કાવ્યનો અનુવાદ.

૩. આપણા કમનસીબે આ બનાવનો કોઇ ઉલ્લેખ હિંદુ ઇતિહાસકારોએ ગમે તે કારણે કર્યો નથી. માત્ર કૃષ્ણજી નામના કવિએ "મ્લેચ્છ સામો થવાને ભીમડ હતો નહિ." એ ઉલ્લેખ કર્યો છે. જૈન લેખકોએ પણ ખાસ કાંઈ લખ્યું નથી. જ્યારે નીચેના મુસ્લિમ ઇતિહાસકારોએ તેમના ધર્મ માટે આવું અપાર સાહસ ખેડનાર ધર્મવીરને બિરદાવવા તથા તેના કર્તવ્યને ન્યાયી ઠરાવવા જે વાર્તાઓ લખી છે તે ઉપરથી ઘણું અનુમાન કરવું પડે છે.

૧. તારીખે ફરિસ્તા : હીસ્ટ્રી ઓફ ધી રાઇઝ ઓફ ધી મોહમેડન પાવર : લેખક

સુલ્તાન મહમુદ તથા તેનો યુવરાજ મંદિરમાં દાખલ થયા. મંદિરના માત્ર બહારના દેખાવથી તેઓ અંજાયા હતા, પણ અંદર જતાં તેમણે જે દૃશ્ય જોયું તેની તેમણે સ્વપ્નમાં પણ કલ્પના કરેલી નહિ. તેણે મહાદેવનું લિંગ તોડવા માટે આજ્ઞા આપી ત્યારે બ્રાહ્મણોએ તેને જો તે લિંગ ન તોડે તો સુવર્ણ આપવા વિનંતિ કરી.[૧]

---

મહમદ કાસમ ફરીસ્તા (ઇન ઇન્ડિયા–જોન બ્રીગ્સ.)

૨. સફરનામા : લેખક જકરીયા ઊક.

૩. મંત્તિકુયત્તર : લેખક શેખ ફરીદુદ્દીન અત્તાર.

૪. ગુરતાન : લેખક શેખ સાદી.

૫. ફતુહુ–સલાતીન.

૬. શેખ દીનકૃત કાવ્ય.

૭. તારીખ ઉલ હિન્દ : લેખક અબ્દુલ્હેમાન મુહમદ બિન અહમદ અલબિરૂની.

૮. કામીલ ઉલ તવારીખ : લેખક અલ શૈબાની મજદુદ્દીન ઇબ્નઅસીર, અલનજરી

૯. Life and Times of Sultan Mohmmad Gazni.
(Prof. Muhhamad Habib)

૧૦. "સોમનાથનો ઘેરો" કાવ્ય (લેખકનું).

૧. આ ઇતિહાસકારોએ લખેલી વાર્તાઓ અરેબિયન નાઇટ્સની કલ્પનાસૃષ્ટિને શરમાવે એવી ભ્રમમૂલક અને એકબીજાથી જુદી પડતી, વિચિત્ર અને ન માની શકાય તેવી છે. આ પુસ્તકમાં તે સર્વેનો ઉતારો કરી ચર્ચા કરવાનું અસ્થાને છે. આ જ લેખકે "સોમનાથ" નામના પુસ્તકમાં તે લેખકો તેમજ એલ્ફીન્સ્ટન, બ્રીગ્સ, ઇલિયટ, બાલ્કૂર, ગેબ્રીયલ, ફેરટીંગ વગેરે યુરોપિયન લેખકોએ તેના આધારે પોતાની કલ્પનાને વહેતી મૂકી જે વર્ણનો લખ્યાં છે તેની વિગતવાર ચર્ચા કરી છે. આ વિષયમાં વર્તમાન ઇતિહાસકાર અલીગઢ યુનીવર્સીટીના વિદ્વાન પ્રો. મહમુદ હબીબ તેમના પુસ્તકમાં આ બ્રાહ્મણોની વિનંતિ માટે લખે છે, "મહમુદ મંદિરમાં દાખલ થયો અને અકલ્પિત ધનને હસ્તગત કર્યું. મંદિરમાંથી મળી આવેલાં સુવર્ણ અને રત્નોનો એટલો વિશાળ ભંડાર હતો કે હિન્દના કોષમાં તેના એક શતાંશ ભાગનો નિધિ નહિ હોય. પાછળ થયેલા ઇતિહાસકારોએ લખ્યું છે કે બ્રાહ્મણોએ ધન આપવા કરેલી વિનંતિનો મહમુદે "હું મૂર્તિભંજક છું–મૂર્તિવિક્રેતા નથી" તેમ કહી અનાદર કર્યો અને મૂર્તિને તેની ગુર્જથી ભાંગી અને તેના પેટાળમાંથી અમૂલ્ય રત્નો નીકળ્યાં. આ એક અશકય વાર્તા છે. એને અન્ય ઇતિહાસકારોનું સમર્થન નથી એટલું જ નહિ, પણ આ મૂર્તિ એક પૂતળા જેવી નહિ પણ એક અણઘડ પથ્થરનું રથૂળ લિંગ હતું. કમનસીબે મૂર્તિ તોડી એ વાત સાચી છે. પણ બ્રાહ્મણોએ કરેલ ધન લેવાની વિનંતિ એ પાછલા દિવસોમાં જોડી કાઢેલી કાલ્પનિક વાર્તા છે."

વિદ્વાન મુસ્લિમ ઇતિહાસકાર આ વાર્તાઓ માટે આટલું સ્પષ્ટ લખે છે. છતાં આપણા કમનસીબે આપણા સાહિત્યમાં આ ગપ્પાંઓને સાચાં માની નવલકથાઓ લખાઇ છે.

પણ મહમુદે કહ્યું કે "હું મૂર્તિભંજક છું, મૂર્તિવિક્રેતા નથી.' તેણે તેની ગુર્જ મારી મૂર્તિના બે ટુકડા કર્યા, જેમાંનો એક પોતાના મહેલના પગથિયામાં જડવા અને બીજો મક્કામાં મોકલવા આજ્ઞા કરી.[૧]

મહમુદે તે પછી મંદિરનાં રત્ન, હીરા અને સુવર્ણ કાઢવાનો ઉદ્યોગ આરંભ્યો. તેનાથી અહીં વધારે રહેવાય તેમ હતું નહિ, કારણ કે તેને બીક હતી કે પાછળ આર્ય રાજાઓનાં સૈન્યો આવશે. એટલે ભીષણ અગ્નિ પ્રજ્વલિત કરી, મંદિરના સ્થંભોમાંથી હીરા મણિ આદિ તેણે કાઢી લીધાં તથા કાષ્ટના મંદિરને બાળીને ભસ્મીભૂત કરી નાખ્યું.

**ભીમદેવ** : ભીમદેવને આ અતુલ અને વિરાટ સૈન્ય સામે મેદાનની લડાઇ લડવાનું યોગ્ય જણાયું નહિ. તેથી તેણે તેનો માર્ગ રોકી લડવાની પ્રવૃત્તિ કરી, અને ગાંધવીના કિલ્લામાં જઈ યુદ્ધની તૈયારી કરી. પણ મહમુદે તેના ઉપર[૩] ચડાઇ કરી ભીમને હરાવ્યો. ભીમ નાસી જઇ શકયો અને તેના માણસોની કતલ કરી

---

અને તે વાતને સાચી માનવામાં આવે છે. આ પુસ્તકમાં આવી કલ્પનાભરી અતિશયોક્તિથી ભરપૂર અને મિથ્યા વાતો છોડી દેવામાં આવી છે. જો મુસ્લિમ તવારીખકારોના કથનને સર્વથા અમાન્ય કરીએ તો મહમુદની ચડાઇ થઇ હતી કે કેમ તે પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ થઇ પડે છે.

૧. 'ફતુહુસ્સલાતીન'માં મૂર્તિના ટુકડા નહિ ચૂનો કરી, પાનમાં બ્રાહ્મણોને ખવડાવ્યા પછી મહમુદે કહ્યું કે 'તમારી મૂર્તિ તમારા પેટમાં છે'–આ જાતની વાર્તા છે.

૨. આ મંદિરનું વર્ણન મેળવવા માટે પણ મુસ્લિમ લેખકો પાસે જવું પડે છે. સંભવતઃ આ શિવાલય કાષ્ટનું હતું અને તે મહામેરુરાજપ્રાસાદની પદ્ધતિએ બંધાવેલું હતું. (ડો. ઇલીયટ; ડો. ભગવાનલાલ ઇંદ્રજી) તે તેર માળ ઊંચું, ચૌદ સુવર્ણકળશવાળાં શિખરોવાળું અને બાવન હાથ લહેરાતી ભગવી ધજાવાળું હતું. તેમાં એટલાં બધાં રત્ન, મણિ, હીરા જડેલાં હતાં કે જાણે આખું મંદિર તેનું જ બન્યું હોય ! તેમાં છપ્પન મણિમય સ્થંભો હતા, અને દરેક સ્થળે દાતા રાજાનું નામ હતું. આ દેવાલયનું અનેક લેખકોએ વર્ણન લખ્યું છે; પણ પ્રો. કોમિસેરિયેટ તાત્પર્ય કાઢી લખે છે તેમ "સોમનાથના મૂળ મંદિરનું ઐશ્વર્ય તો અનુમાને જ કલ્પી શકાય."

આ મંદિરના નિભાવ માટે દશ હજાર ગામ મળેલાં હતાં. ત્રણસો ગવૈયા અને પાંચસો નર્તકીઓ અહીં નૃત્યગાન કરતાં. એક હજારથી અધિક બ્રાહ્મણો રતવન કરતા, અને ત્રણસો તો હજમ રહેતા. મહાદેવની પખાલ માટે રોજ કાશીથી ગંગાજીની કાવડ આવતી અને યાત્રાળુઓની ભીડ એટલી રહેતી કે તેનો દેખાવ એક મહાન નગર જેવો લાગતો.

૩. આ ગાંધવી નહિ પણ કંથકોટનો કિલ્લો કહેવામાં આવે છે. પણ ગાંધવી હોવાનું વધારે શકય છે. આ કિલ્લો દરિયા અને ખાડીના સંગમે પોરબંદરના બરડા તથા હાલારને સીમાડે છે. કંથકોટ કચ્છમાં છે.

અથવા ગુલામ તરીકે પકડી મહમુદ અણહિલવાડ ગયો. ત્યાં ચોમાસું બેસી ગયું.[૧] આ રસાળ ધનાઢય અને સુંદર પ્રદેશમાં તેને રહી જવાનું મન થયું. તેથી તેના પુત્ર મનસુરને ગીઝનીની ગાદી આપી અહીં જ રહેવાનો તેણે નિશ્ચય કર્યો.

**મહમુદની વિદાય** : મહમુદે "દાબસલીમ"ને રાજ્ય સોંપી બીજા 'દાબસલીમ'ને સાથે લઈ સલાહકારોની વિનંતીથી અણહિલવાડ છોડી ગીઝની તરફ પ્રમાણ કર્યું.[૨] માર્ગમાં અજમેરનરેશ વીર વિશળદેવ ચૌહાણે એનો સામનો કરવા તૈયારી કરી રાખી હતી. મહમુદ તો શું પણ તે પછીના કોઇ આક્રમણકારો વરસો સુધી આવવા હિમ્મત ન કરે તેવી સજ્જડ હાર તેને મળત, પણ મહમુદે ઘણા માણસો ગુમાવ્યા હતા.

ધન મળ્યું પણ તેણે તેનું બળ ગુમાવ્યું હતું. તેથી તેને સમાચાર મળતાં માર્ગ બદલી સિંધમાં દાખલ થયો અને ત્યાં બ્રાહ્મણ ભોમિયાએ તેને રણના માર્ગે દોર્યો અને જ્યારે માર્ગ મળ્યો નહિ ત્યારે મહમુદે નિમાઝ પઢી. ઉત્તરમાં ખરતો તારો દેખાયો. તે ઉપરથી તે સાચે માર્ગે ચડયો.[૩]

મહમુદ સૌરાષ્ટ્રમાં જાન્યુઆરી માસમાં આવ્યો. જુલાઇમાં અણહિલવાડમાં ગયો અને ઓકટોબર કે નવેમ્બર સુધી ત્યાં રહ્યો.[૪] અને છ માસનો પ્રવાસ ખેડી ગીઝની પહોંચ્યો. જ્યાં પાછળના વરસોમાં તેના કૌટુંબિક ઝઘડાના પરિણામે બૂરી રીતે તે મૃત્યુ પામ્યો.[૫]

---

૧. આ સત્ય હોય તો મહમુદ સૌરાષ્ટ્રમાં સાત આઠ માસ રોકાયો હશે.

૨. આ દાબસલીમની વાર્તા તો સર્વથા કલ્પિત છે. ટોડ અને અન્ય ઇતિહાસકારો તેને અનેક અનુમાનોથી ઘટાવે છે. એ દાબસલીમ એટલે વલ્લભસેન, દુર્લભસેન હોવાનું માને છે. પણ તે બન્નેનો કાળ વ્યતીત થઇ ગયેલો. તે અનુમાન માટે પણ અયોગ્ય એવી વાહિયાત વાત છે.

૩. આ પણ એક જોડી કાઢેલી વાર્તા જ જણાય છે.

૪. આ વાત માની શકાતી નથી. ભીમ, વિશલદેવ કે મુંજ તેને સુખેથી રહેવા દે નહિ. જૈન ગ્રંથકારોએ પણ આ વાતની કયાંય નોંધ લીધી નથી.

૫. મહમુદ ગીઝની પાછો ગયો ત્યાં તેના શાહજાદાઓ તેની સામે લડયા. મહમુદને જીર્ણ-જ્વર લાગુ પડયો. તેણે તેમ છતાં ૧૦૨૭માં સિંધ ઉપર સ્વારી કરી. તેમાં હાર્યો, બીમારી વધી અને અપાર પાપ કરી એકત્ર કરેલી અને લૂંટેલી લક્ષ્મીના ભંડાર સામું જોતો જોતો ઇ. સ. ૧૦૩૦માં તે ગુજરી ગયો. તેના મરણ પછી સાતમે વર્ષે (૧૦૩૭) સેલજુકોએ ગીઝની લૂંટી, મહમુદના વંશને કાઢી મૂકી, સત્તા પ્રાપ્ત કરી.

મહમુદ પોતા સાથે સોમનાથનાં કમાડ લઈ ગયેલો. હિંદના ગવર્નર જનરલ લોર્ડ એલનબરોએ કરેલી કાબુલની ચડાઇના વિજયચિહ્ન તરીકે તે પાછા લાવ્યો અને હાલ તે આગ્રાના લાલ કિલ્લામાં છે.[૧]

**મહમુદની ચડાઇનું પરિણામ :** મહમુદની ચડાઈ અને વિજય હિંદુઓને માટે એક બોધપાઠ બની ગયાં. તેઓએ આંતરવિગ્રહો કરી કુસંપ અને વેરઝેરનાં બી રોપ્યાં હતાં, પોતાની શક્તિ ક્ષીણ કરી નાખી હતી. તેમને એક પ્રબળ તત્ત્વનો સામનો કરવાનો હતો તેનું ભાન થયું. તેમના મદોન્મત્ત નિશાનોને ધૂળમાં રગદોળાયેલાં જોયાં અને તેમના આરાધ્ય ઇષ્ટ દેવના ટુકડા થતા જોયા અને તેમના મંદિરને ભસ્મીભૂત થતું જોયું. પણ વીસલદેવ ચૌહાણ સિવાય કોઇ કમનસીબ રજપૂત રાજાને ઐકય કરવાનું કે સંયુક્ત થવાનું સૂઝયું જ નહિ. પરંતુ ગમે તે કારણે તેઓનાં પરસ્પરનાં યુદ્ધો દીર્ઘ કાળ સુધી બંધ રહ્યાં.

ગુજરાતના ઇતિહાસમાં આ પ્રસંગ બન્યા પછી ભીમદેવે કોઇ મોટી લડાઇ કરી હોય તેમ જણાતું નથી. તેમ તેના અનુગામી કર્ણે પણ કોઈ યુદ્ધ કર્યું હોવાની નોંધ નથી. છેક ઈ. સ. ૧૧૦૦ લગભગ સિદ્ધરાજ જયસિંહ અને માલવરાજ યશોવર્માને યુદ્ધના પડકાર કરતા આપણે જોઇએ છીએ. સૌરાષ્ટ્રમાં પણ રાહે કે અન્ય રાજાએ યુદ્ધનો વિચાર કર્યો હોવાનું જણાતું નથી.[૨]

**રાહ નવઘણ :** રાહ નવઘણ ગાદીએ આવ્યો ત્યારે માત્ર પંદર જ વર્ષનો હતો. તેના મંત્રી શ્રીધર અને સેનાપતિ મહીધરે[૩] સોમૈયાની સભાતે નવઘણના સૈન્ય દોર્યાં હતાં. તેમાં મહીધરે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું; પણ શ્રીધરે મહમુદની સ્વારી પાછી જતાં સોમનાથમાં નીમેલા તેના સૂબાને ઉઠાડી મૂકયો.

"જે મુસલમાનો હતા તેમને શુદ્ધ કરી હિંદુ બનાવ્યા. જે હિંદુઓનું ધર્મપરિવર્તન કરવામાં આવ્યું તેમને શુદ્ધ કરી મૂળ જાતિમાં ભેળવી દીધાં. મુસ્લિમોની દાઢી મુંડાવી તેઓને શેખાવત નામ આપી નવી જ્ઞાતિ ઊભી કરી. હલકા વર્ગના

---

૧. આ પણ એક તુત છે. આ બારણાં સોમનાથનાં સંભવે જ નહિ. તે સાધારણ દેવદ્વાર જેવા લાકડાનાં છે. તેનું ઘડતર પણ ભારતીય નથી. માન્યતા પ્રમાણે તે મહમુદના મકબરાનાં બારણાં છે. વિશેષ માટે જુઓ "બ્રીટીશ પાર્લામેન્ટનો ડીબેટ તા. ૯–૩–૧૮૪૩"

૨. રાહ નવઘણ સિંધ ઉપર ચડાઈ લઇ ગયો હતો. તે પ્રસંગ આગળ વર્ણવેલો છે. પણ તે ખાસ કારણ સારુ કરેલી ચડાઈ હતી.

૩. આ બે ભાઇઓ વડનગરા નાગર હતા. (શ્રી. જટાશંકર હ. વોરા) ત્રિમાસિક ચૈત્ર સં. ૧૯૭૨ પા. ૩૫: ભીમદેવનો સંધિવિગ્રાહક દામોદર પણ નાગર હતો. વિશેષ માટે જુઓ મારું પુસ્તક "પિતૃતર્પણ".

માણસો હતા તેમને કોલી ખાંટ વગેરેમાં ભેળવી દીધા. જે કુંવારિકાઓ હતી તેઓને જુલાબ આપી ઊલટીઓ કરાવી હિંદુઓ સાથે લગ્નગ્રંથિથી જોડી દેવામાં આવી. અન્ય સ્ત્રીઓમાં સારી હતી તેને સારા માણસોને તથા ખરાબ હતી તેને ખરાબ માણસોને પરણાવી દીધી, પણ તે જ્ઞાતિના લગ્ન તથા મરણના રિવાજો જેમની તેમ રાખવા રજા આપી."[૧]

**પુનઃ સ્થાપના** : ફેરિશ્તાના શબ્દોમાં કહીએ તો "સોમનાથનો નાશ કરીને સંકટ વેઠતો મહમુદ પોતાને દેશ જઈ પહોંચ્યો નહિ એટલામાં આરાસુર અને આબુ ઉપર હથોડા અને ટાંકણાના અવાજ ગાજી રહ્યા. અને એમ લાગ્યું કે મ્લેચ્છ હલ્લો કરનારા અથવા મૂર્તિઓનો નાશ કરનારા માત્ર બેચેન પમાડનાર સ્વપ્નના ભયંકર ભૂત છે, અને તેમની સ્વપ્નામાંજ ક્રિયા થઈ છે એવું તે દેવળ ચણાવનાર પક્કી રીતે માને છે." નવઘણના મંત્રી શ્રીધર તથા ગુર્જરરાજ ભીમદેવના મંત્રી ભાભ મળ્યા. અને મહારાજા ભીમદેવે ભસ્મીભૂત દેવાલયના સ્થાને સોમેશ્વરનું દેવળ બાંધવું શરૂ કર્યું[૩]. સોમનાથના નામે અંગત મતમંતાંતર ભુલાઇ ગયાં. ભારતના રાજાઓએ તેમાં સહાય આપી.

**ભીમદેવનું મંદિર** : ભીમદેવે બંધાવેલું મંદિર કુમારપાળના સમયમાં સમરાવ્યું એટલે બરાબર નહિ બંધાયું હોય અથવા જીર્ણ થયું હશે. પણ આગળ ચર્ચા કરીશું તેમ તે માત્ર વધારો (એકસટેન્શન) હતું. જો તે જીર્ણ હોત તો સિદ્ધરાજ જેવો

---

૧. સોરઠી તવારીખમાં દીવાન શ્રી. રણછોડજી મહમદ ગીઝની સામે માંડલિક લડયો હતો તેમ લખે છે. આ યુદ્ધમાં સોમનાથના ધ્વંસના ખબર મળતાં રાહ, ગુર્જરનરેશ સાથે સોમનાથ ઉપર ચડયો અને મહમુદને હરાવી નસાડી મૂકવાનું લખે છે. મહમુદ એવો ભાગ્યો કે "જેમ સસલાં દોડે અને રણ ગધેડાં ઠેકડા મારતાં ભાગે, જેમ ચકલાં ચમકી જાય અને વાવાઝોડું વાઇ જાય તેમ" હિંદુઓએ તેના સૈન્યને કાપી નાખ્યું અને રજપૂતના ગદાપ્રહારના સૈનિકો ભોગ થઇ પડયા. મહમુદ જીવ બચાવી નાસી છૂટયો. હિંદુ ઇતિહાસકારનું આ એક જ ભરોસાપાત્ર અને પ્રમાણભૂત વર્ણન છે. મુસલિમ ઇતિહાસકારોએ લખેલાં સામટાં પુસ્તકોમાં વર્ણવેલી બીના એકપક્ષીય છે તેમ સાબિત થાય છે. દીવાનશ્રી અંતમાં લખે છે 'સત્ય શું છે તે ઇશ્વર જાણે' છે.

૨. ભાભ લુલનો પુત્ર હતો અને વડનગરો નાગર હતો.

૩. "ભીમદેવે" પણ મીઠાખાન નામના મહમુદના સૂબાને તગડી મૂકી આ સ્થળે પુનઃ સ્થાપના કરી. આ સમયે આ દેવળ પાષાણનું ચણાવ્યું. મંદિરના સ્થાન માટે મતમતાંતર છે. એક મત પ્રમાણે શ્રી. કનૈયાલાલ મુનશીએ તોડયું તે મંદિરના સ્થળે જ તે મંદિર હતું. અલ્બીરુની જે સ્થાનનો નિર્દેશ કરે છે તે વેરાવળ પાટણની વચમાં હાલ શશિભૂષણ (ભીડીયા) મંદિર છે ત્યાં હતું. પણ નૂતન મંદિરના નિર્માણ વખતે તેમાંથી ઊંડેથી બ્રહ્મશિલા નીકળી. તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે દેવળનું સ્થાન આ જ હતું.

રાજા તેનો જીર્ણોદ્ધાર કરવાની તક જતી કરત નહિ.

એમ પણ મનાય છે કે મહમુદે મંદિર તોડેલું નહિ, પણ પાછળથી મીઠાખાને તોડેલું. પણ તે માત્ર અનુમાન જ છે.

હિંદુઓએ જાણે મહમુદની ચડાઈ અને વિધ્વંસ એક આકસ્મિક ઘટના ઘટી હોય તેમ કાંઈ પણ રંજ કર્યા વગર ત્વરિત રીતે મહાદેવનું દેવાલય વિશેષ ભભકાદાર બાંધી મહાદેવની પુનઃ સ્થાપના કરી ફરીથી ઘંટારવનો ઘોષ અને વેદોચ્ચારનો પ્રારંભ કરી દીધો.

**જાસલની કથા** : રાહ નવઘણનો ઇતિહાસ જાસલની કથા વિના અધૂરો છે. દેવાયતે તેના પુત્ર વાસણનું બલિદાન દઈ[૨], નવઘણને મોટો કરી, જૂનાગઢની ગાદીએ બેસાડ્યો અને પુત્રી જાસલ કે જેને માના ખોળામાંથી ઉતારી તેને સ્થળે નવઘણને મૂકયો હતો તેનાં લગ્ન સાસતિયા નામના આહિર સાથે કર્યાં. ત્યારે નવઘણ કાપડામાં બહેનને શું આપવું તેના વિચારમાં પડયો. ફેરા ફરતી બહેનને કહ્યું "બહેન જાસલ, તારું દૂધ આડેથી ઝડપી હું ઉજર્યો છું. તારા ભાઇના બલિદાને હું જીવ્યો છું. હું તને શું આપું ? સોરઠનું રાજ્ય આપું તોય ઓછું છે. મારું મસ્તક કાપી તારા હાથોમાં આપું તોય અધૂરું છે. બહેન માગ."[૩] અશ્રુભીની આંખે, દીન વદને સોરઠનો રાહ જાસલ પાસે ઉત્તર માગી રહ્યો છે. પણ તે દેવાયતની દીકરી હતી. તેણે કહ્યું "ભાઇ નવઘણ સમય આવ્યે માગીશ. મારી ભીડના ટાણે ભાઇ થઇ વહારે આવજે. એ વચન આપ". અને નવઘણે કહ્યું કે "જો યદુવંશમાં જન્મ્યો હોઇશ તો હું એ વચન પાળીશ."

નવઘણ રાજ્યસુખમાં પડયો. દેવાયત ગુજરી ગયો. તેની પત્ની પણ સ્વધામ ગઈ અને જાસલ તેના માલધારી પતિ સાથે વનમાં વસી. સં. ૧૦૮૭ નો ભયંકર દુકાળ પડયો.[૪] અને ઘાસના અભાવે પશુઓ મરવા લાગ્યાં ત્યારે જાસલ તેના પતિ

---

૧. વિગતવાર ચર્ચા "સોમનાથ" ગ્રંથમાં કરવામાં આવી છે. મીઠાખાન નામ કલ્પિત અથવા અપભ્રંશ થયેલું જણાય છે. તત્કાલીન મુસ્લિમોમાં "મીઠાખાન" એવું નામ હોવાનું સંભવતું નથી.

૨. દીવાન રણછોડજી દેવાયતે સાત પુત્રોનું બલિદાન દીધું હતું તેમ 'તારીખે સોરઠ'માં લખે છે.

૩. માંડવ અમારે મહાલતાં તે દી' બંધવા દીધેલ બોલ
કર કાપડની કોર જાસલને જૂનાના ધણી.

૪. કુવે કાદવ આવીયા નદીએ ખૂટયાં નીર
સોરઠ સત્યાસો પડયો અમે વરતવાં આવ્યાં વીર.

(દુહામાં "અડતાળો" પડયો એમ લખે છે. પણ આ દુકાળ સત્યાસીઓ હતો.)

સાથે ભેંસો હાંકી સિંધમાં ગઇ અને ત્યાં માનસર ઉર્ફે મન્સુર[1] ગામે નેસ નાખ્યો.

હમીર સુમરો સિંધનો રાજા ફરવા નીકળ્યો અને નેસમાં સ્નાન કરતી એકાકી જાસલની કાયા જોઈ મોહાંધ થયો. તેણે તેને પકડી મંગાવી પોતાની થવા સમજાવી; પણ આહિરાણી એકની બે ન થઇ.

જ્યારે કામી રાજાની હઠ વધી ગઇ ત્યારે તેણે ત્રણ માસની મુદત માંગી. હમીરે તેના ઉપર ફરતી ચોકી મૂકી. ચતુર જાસલે નવઘણ ઉપર પત્ર લખી સાસતિયાને મોકલ્યો.[2] સાસતિયો જૂનાગઢ પહોંચ્યો ત્યારે નવઘણની કચેરીમાં રંગ-રાગ થતા હતા. પત્ર વાંચી નવઘણે શિર ઉપરથી પાઘડી ઉતારી નાખી, રંગરાગ બંધ કરાવ્યા અને આંખમાં આંસુ લાવી પ્રતિજ્ઞા કરી કે "જ્યાંસુધી મારી બહેન

---

૧. વાદળીયું જ્હેતી થઇ પવને કરી પલાણ
સોરઠ સુકાણો પછી કર્યા માનસરે મેલાણ.
માનસર દક્ષિણ સિંધમાં સિંધુ પાસે આવેલું છે.

૨. આ હમીર સુમરો ચારણો માને છે તેમ મુસલમાન ન હતો પણ રજપૂત હતો. આ પત્ર દુહામાં લખાયો છે.

તું નુતે જી ન હોય તે તુ હુતે હુઈ
વીર વીમાસી જોય નવઘણ નવ સોરઠ ધણી.
નહિ સગુ નહિ સાગવું નહિ માડી જાયો વીર
મને સિંધમાં રોકી સુમરે હાલવા ન દીયે હમીર.
સોરઠના સરદાર મને વિપત્તના વાદળ વળ્યાં (આ દુહો ક્ષેપક છે)
મોંઘા સહુ શણગાર આજ સોંઘામાં ઓછાં થયાં.
ગરવો તુજ ગીરનાર પાદર તારે શોભતો (આ દુહો પણ પાછ-
જાસલના શણગાર સિંધમાં ઉતાર્યા સુમરે. ળથી રચેલો જણાય છે)
એક આંખે શ્રાવણ વહે અને બીજે ભાદર નીર
જાગો સોઢ સધીર નવઘણ નવ સોરઠ ધણી.
વિપત વેળાએ વીર હ્યારે વહડજે વહાલથી
સોરઠ પોઢ સધીર નવઘણ નવ નેજા ધણી.
માંડવ અમારે માલતાં તેદી બંધવા દીધેલ બોલ
કર કાપડની કોર જાસલને જુનાધણી.
છેતરી દીધો છેહ વળતી વાળ્યાં સુમરે
પાડીશ મારી દેહ સોરઠના શણગાર! હું.

આ દુહાઓ મૂળ હશે કે કેમ તે શંકાસ્પદ છે. જૂની ભાષાવાળા દુહાઓ તો માત્ર ત્રણ જ છે. પછી વાર્તાકારો જોડતા ગયા હશે. પણ વર્તમાન ચારણી સાહિત્યના ભારકર જેવા કવિ દુલાભાઇ કાગે જાસલનો પત્ર લખેલો છે, તે અતિ સુંદર અને વાંચવા યોગ્ય છે, જે અત્રે વાચકોના રસ ખાતર લખવાની લાલચ પરાણે રોકવી પડે છે.

જાસલને છોડાવી તેનું મુખ ન જોઉં ત્યાં સુધી હું અન્નનો ત્યાગ કરું છું". અને પછી ગર્જના કરી કે 'મારી બહેનની સહાયે સિંધમાં જવું છે. જેઓ પોતાનાં માથાં મૂકવા તૈયાર હોય તે આવો.' રાહ રાણીઓની વિનંતી છતાં રણવાસમાં પણ ગયો નહિ અને સમય ખોયા સિવાય સૈન્ય સજી સિંધને માર્ગે પડ્યો.

**વરૂઅડી** : માર્ગમાં ખોડ બંદર આવ્યું. હિલોળા લેતી સમુદ્રની ખાડી આડી પડી હતી. ત્યાં ચારણ બાળા વરૂઅડીએ[1] સૈન્યને તેની કુડલીમાંથી જમાડ્યું. અને વરૂઅડીએ રાહને વરદાન આપ્યું કે સમુદ્રમાં પહેલો ઘોડો નાખીશ તો માર્ગ થઈ જશે. રાહે જળમાં અશ્વ નાખ્યો અને માર્ગ થઈ ગયો. ત્યાં રણ થયું.

**હમીર** : રાહ નવઘણે હમીર સુમરાના નગરને ઘેરો ઘાલ્યો. અને હમીરને પડકાર કર્યો. આ ચડાઈ રાજવિસ્તાર કે દ્રવ્યલોભના પરિણામે થઇ ન હતી. તેનો ઉદ્દેશ મહાન હતો. નવઘણના જુસ્સા આગળ હમીર ટકી ન શક્યો. તેનો પરાજય થયો.[2] તેણે તેના વર્તન માટે રાહની માફી માગી. રાહે તેને ફિટકાર આપી માફી પણ આપી. નવઘણે જાસલને છોડાવી તેના ચરણમાં મસ્તક મૂકી બન્ને આંખોમાંથી આંસુ વહેવરાવી તેના પગ પલાળ્યા. જાસલે નવઘણની અન્નત્યાગની પ્રતિજ્ઞા સાંભળી હતી. તેથી ઘી, ગોળનો કોળીઓ ભાઇના મુખમાં મુક્યો. હમીરના રાજમહેલમાંથી નવઘણે પ્રત્યેક સૈનિકને એક એક સુવર્ણ ઈંટ લેવા આજ્ઞા આપી. દરેકે લીધી, પણ રાહના સાળાએ ન લીધી. રાહે તેને દેહાંત દંડની સજા કરી. અને એક ભાટે વરૂઅડીની નિંદા કરી અને મોં મરડ્યું ત્યારથી તેનું મોઢું વાંકું જ રહ્યું. આ ઈંટોમાંથી વરૂઅડી દેવીનું મંદિર રાહે બંધાવ્યું અને બાર ગામની જાગીર આપી; પણ દેવીએ તે લીધી નહિ. છેવટ રાહે બહુ સમજાવતાં તેના ભત્રીજા સાખડાએ સ્વીકારી રાવળોને આપી દીધી.[3] સાખડો વરૂઅડીનો પિતા હતો તેમ પણ ચારણો કહે છે.

---

૧. ખોડ ગામ હળવદ તાલુકામાં છે. ત્યાં વરૂઅડીનું સ્થાન છે.

ખોડી ખોડી હું જપું ખોડી પાડો નામ
તુઠી આપું દીકરા નવઘણ પાડો નામ.

વાર્તા પ્રમાણે આ ખોડી દેવીએ જ રાહ કવાટની ઉપર ખુશ થઇ દીકરો આપ્યો હતો. અને તે જ નવઘણ.

૨. આ યુદ્ધમાં હમીરે રાહ નવઘણની માફી માગી છુટકારો મેળવ્યો. પણ પાછળથી કચ્છના જામ લાખા જાડાણીના કાકા હામાજીના કુંવર હોથીજીએ એક લડાઇમાં મારી તેને નાંખ્યો.

૩. આ ગામો રખડ, રાવળીયા પાદર, કલનીયાણ, કાનત્રોડી, ગજનવાવ, ગોહગીર (નારીયાણા), તુનવાણ (વાંટાવદર–મયૂરનગર), મહીયાણી–બે ગામ, ધનાળા, આડધરા અને ટીકર.
(કર્નલ વોટસન કૃત ગેઝેટીયર.)

રાહ જસલ બેનને લઇ રાજધાનીમાં પાછો આવ્યો ત્યારે પ્રજાએ તેને વધાવ્યો અને જસલને જાગીર આપી પોતાનું ઋણ વાળ્યું.

આ ચડાઇમાં નવઘણ નવ લાખનું સૈન્ય લઈ ગયો હતો તેમ કહેવાય છે.[1]

નવઘણ શક્તિપૂજક હતો. તેના પિતા રાહ કવાટને પુત્ર ન હતો તેથી બોડિયારની માનતા કરેલી. તેથી નવઘણનો જન્મ થયો. તેથી બોડિયારની નવઘણ પૂજા કરતો. આ સ્થાન ધારી પાસે આવેલું છે. એક વાત છે કે રાહની બહુ મૂલ્યવતી વીંટી સરોવરમાં પડી જતાં તેણે આ સ્થળે આખું તળાવ ખાલી કરાવ્યું હતું. રાહે જૂનાગઢમાં નવદુર્ગાની સ્થાપના કરી છે. અને ગિરનાર ઉપર અંબાજીનાં મંદિરને સમરાવ્યું હોવાનું પણ કહેવાય છે.

નવઘણ ઇ. સ. ૧૦૪૪ માં ગુજરી ગયો. તેની પાછળ તેનો જ્યેષ્ટ પુત્ર રાહ બેંગાર ૧લો ગાદીએ આવ્યો.

**રાહ બેંગાર ૧લો :** ઇ. સ. ૧૦૪૪ થી ઇ. સ. ૧૦૬૭.

રાહ બેંગારે ત્રેવીસ વર્ષ રાજ્ય કર્યું. પરંતુ તેના સમયમાં કાંઇ નોંધવા પાત્ર બનાવ બન્યો નથી. ગુજરાતની ગાદી ઉપર ભીમદેવ હતો. તેનો તથા રાહનો સંબંધ સારો રહ્યો હોવાનું જણાય છે. ભીમદેવે મહમુદની ચડાઇ પછી સૌરાષ્ટ્ર ઉપર ચડાઇ કરી ન હતી. તે માળવા સાથેના યુદ્ધોમાં રોકાયો હતો કચ્છ તો તેના તાબામાં જ હતું અને કદાચ સૌરાષ્ટ્રના અન્ય રાજાઓ તેના બંડિયા હશે.

રાહ બેંગાર ઈ. સ. ૧૦૬૭માં ગુજરી ગયો.

**રાહ નવઘણ ૨ જો :** ઈ. સ. ૧૦૬૭ થી ઇ. સ. ૧૦૯૮.

---

૧. આ અતિશયોક્તિ જણાય છે. પણ પ્રબળ સૈન્ય લીધું હશે. તારીખે સોરઠમાં લખ્યું છે કે આ સૈન્ય કાશ્મીરથી મકરાણ સુધી ફેલાય તેટલા વિસ્તારનું હતું. તેમાં ખાંટ, કોળી, મેર, કાઠી હતા. આગળ લખે છે કે, તેમાં મીર બહેરામ કુલીખાન, જંગીઝખાન, મીરઝાં કુલી અલી હૈદર, શાદાખાન ગજનવી એક તરફ તથા બીજી તરફ મહારાજા શકિતસિંહ, જદુનાથ જેઠવા, હરસુર ખાચર, દેવસુરવાળા, નાગદાન ખુમાણ, બહરૂલાંખાન, હીરા કચ્છદાન, પાંડુરંગ આપાજી, નીંબાલકર ગણપતરાવ અને ભુજંગરાવ ભોંસલે હતા. તેઓ પાસે બંદુકો હતી વગેરે. વિદ્વાન દીવાન શ્રીરણછોડજી આ શું લખે છે તે સમજાતું નથી. બર્જેસે પણ તે જ લખ્યું છે. સંભવ છે કે કોઇ અન્ય યુદ્ધના વર્ણનનાં પાનાં આ સાથે સામેલ રહી ગયાં હોય. નવઘણના સમયમાં મુસ્લિમ અને મરાઠા યોદ્ધાઓ ન હતા તેમ બંદુકો પણ ન હતી.

નવઘણ ૨ જો ગાદીએ આવ્યો ત્યારે ગુજરાતનો રાજા ભીમ વૃદ્ધાવસ્થામાં હતો. માળવાના રાજાઓ સામે યુદ્ધમાં પ્રવૃત્ત હતો અને સૌરાષ્ટ્રમાં કોઈ પણ સત્તા રાહ સામે આંખ ઊંચી કરી શકે તેમ ન હતી. તેથી તે સમયનો લાભ લઈ રાહ નવઘણે સૈન્યની સજાવટ કરી. મહમુદે વેરેલા વિનાશની વાતો ભુલાઈ ગઈ હતી. અને નવઘણે તેના પૂર્વજોની કીર્તિની ગાથાઓ સાંભળી દિગ્વિજય કરવાનાં સ્વપ્ન સેવ્યાં.

**કચ્છ :** કચ્છ તે સમયે ભીમના અધિકાર નીચે હતું એમ મનાય છે; પણ વાસ્તવમાં અમુક ભાગ જ તેના કબજામાં હતો. કચ્છના યાદવવંશી રાજા[૧] સાથે તેણે મૈત્રી બાંધી અને તેની સહાયથી તેણે સિંધ ઉપર સ્વારી કરી.

**સિંધ ઉપર સવારી :** પણ જામ ઉન્નડજી કે જે નગરસમૈમાં રાજ કરતો હતો અને પુંવરાનો કુટુંબી હતો તેણે વચમાં પડી આ સૈન્યોને પાછાં કાઢયાં. તેથી તેઓએ હમીર સુમરા ઉપર ચડાઇ કરી. તેમાં તેને જામ હામાજીના કુંવર હોથીજીએ સહાય કરી. આ ત્રણે સૈન્યો સામે સુમરો ટકી શકયો નહિ અને સમરાંગણમાં હોથીજીના ઘાથી મૃત્યુ પામ્યો.[૨]

**સૌરાષ્ટ્ર :** રાહ નવઘણ આ વિજયથી મદોન્મત્ત બન્યો. સિંધમાંથી તેને ધન પણ સારું મળ્યું. તેથી તેણે સૌરાષ્ટ્રના ચાવડા, ગોહિલ તથા જેઠવાઓને[૩] પોતાને તાબે કર્યા.

**ગુજરાત :** ભીમદેવ ઇ. સ. ૧૦૭૨માં મૃત્યુ પામ્યો. તેના અનુગામી રાજા કર્ણે યુદ્ધો તરફ બહુ લક્ષ આપ્યું નહિ. તેણે તો માત્ર મકાનો, મંદિરો,[૪] તળાવો

---

૧. લાખા ફૂલાણી અપુત્ર ગુજરી ગયો. તેથી તેના ભાઇ ધાઇનો પુત્ર પુરો (પુંવરો) ગાદી ઉપર આવ્યો. તે પણ અપુત્ર ગુજરી જતાં લાખા ફૂલાણીના પિતામહના પિતામહ મોડના પિત્રાઇ ભાઇ ઉન્નડની છઠ્ઠી પેઢીએ જામ જાડો સિંધમાં રાજ્ય કરતો. તેના દત્તક પુત્રો અને વેરાજીના પુત્રો લાખા તથા લખધીર કચ્છમાં આવ્યા. તેઓ જાડેજા કહેવાયા. (ઇ. સ. ૧૧૪૭) એટલે આ સમયે કચ્છમાં જામ પુંવરો રાજ કરતો હશે.

૨. લાખો તથા રણધીર વેરાજીના કુંવર હતા. તેઓને ઉન્નડજીએ પુત્રવત્ પાળેલા. વેરાજીનો ભાઇ હામાજી હતો. તેનો પુત્ર હોથીજી પરાક્રમી અને બળવાન હતો.

૩. ભાવનગર રાજકુળના પૂર્વજ હજી આવ્યા ન હતા. પણ માંગરોળમાં સાહર ગોહિલ નામે નાનો રાજા હતો. (જુઓ સોઢદીવાવ માંગરોળનો સંવત ૧૨૦૨નો લેખ : ભાવનગર ઇન્સક્રીપ્શન)

જેઠવા રાજા સંગજી ધુમલીમાં રાજ્ય કરતાં. તેની સત્તા ઊગતી હતી અને રાહને તેના તરફથી સદા ભય રહેતો.

ચાવડાઓનાં છૂટાંછવાયાં નાનાં નાનાં રાજ્યો સાગરકાંઠે હતાં. વાળાઓ તળાજામાં હતા.

૪. ગિરનારનું નેમિનાથનું મંદિર તેણે બાંધ્યું હોવાનું 'રાસમાળા'ના કર્તા કહે છે; પણ તે મંદિરના સં. ૧૨૮૮ના લેખમાં તે વસ્તુપાળે બંધાવ્યાનો ઉલ્લેખ છે. (હી. ઇ. ઓ. ગુજરાત, ભા. ૩ શ્રી. આચાર્ય.)

બાંધવામાં સમય ગાળ્યો. રાજા કર્ણ ઈ. સ. ૧૦૯૪ લગભગ નિવૃત્ત થઈ થોડા સમય પછી ગુજરી ગયો. સિદ્ધરાજ તે સમયે બાળક હતો. તેથી તેની માતા મયણલ્લા વા મિનળદેવીએ રાજ્ય ચલાવ્યું. એ વખતે સોલંકીઓનો એવી તો નબળો કાળ આવ્યો કે માળવાના રાજા યશોવર્માને પાટણને પાદરેથી યુદ્ધ ન આપતાં ધન આપી પાછો કાઢવો પડયો હતો. એટલે તે દિશામાંથી નવઘણને ભય ન હતો બલકે ગુજરાત ઉપર ચડાઇ લઇ જવાની તે તક શોધતો હતો.

**મહીકાંઠો :** તેણે ગુજરાત ઉપર ચડાઇ કરી, પણ પાટણ પડખે મૂકી દીધું અને ઉમેટાના ઠાકોર હરરાજને હરાવ્યો અને તેની કન્યા સાથે બળાત્કારે લગ્ન કર્યાં.[૧] આ લગ્નમાં હરરાજના પુત્ર હંસરાજ મહીડાની સમ્મતિ ન હતી; તેથી તેણે નવઘણને કહ્યું કે "તું મારી બહેનનું હરણ કરી જાય છે, પણ યાદ રાખજે હું તારું માથું કાપી લઈશ."

**ભોંયરા :** નવઘણ વિજય કરી વંથળી પાછો ફરતાં માર્ગમાં ભોંયરા આવ્યું. ત્યાંનો કિલ્લો ચણાતો હતો ત્યારે ત્યાંના ઠાકોરે કહ્યું કે 'મારો કિલ્લો જો ચણાઈ ગયો હોત તો ઉમેટાની કન્યા ભોંયરામાં જ રહેત.' આ વાતની ખબર રાહને પાછળથી પડી, નહિતર તે ભોંયરાને ભોંયમાં જ દાટી દેત.

**લીંબડી :** રાહ નવઘણે પાછી ગુજરાત ઉપર ચડાઇ કરી, પણ સિદ્ધરાજનાં સૈન્યો તેને લીંબડી પાસે ભેટી ગયાં. નવઘણ ઓચિંતો ઝડપાયો. તેને ભાગવા કે પાછા વળવા માર્ગ ન હતો. તેથી તેણે સંધિ કરી.[૨]

**મેસણ :** મેસણ નામના એક ભાટે આ પરાજયનું કાવ્ય કરી નવઘણની અપકીર્તિ કરી; તેથી નવઘણે પ્રતિજ્ઞા કરી કે (૧) મેસણના ગાલ ફાડી નાખીશ; (૨) પાટણનો દરવાજો તોડી પાડીશ; (૩) ભોંયરાનો કિલ્લો પાડીશ; તથા (૪) ઉમેટાના હંસરાજ મહીડાને મારીશ.

---

૧. જૈન ઇતિહાસગ્રંથો સિવાય ગુજરાતનો ઇતિહાસ જાણવા બીજું સાધન નથી. તેઓ નવઘણની ચડાઇની નોંધ કરતા નથી; પણ સૌરાષ્ટ્રના ચારણો હિમ્મતપૂર્વક કહે છે કે, રાહ નવઘણે પાટણ ઉપર ચડાઇ કરેલી, પણ સિદ્ધરાજના મંત્રીઓએ તેને સમજાવી ધન આપી પાછો વાળ્યો. તે સમયે ઉમેટાના ઠાકોર હરરાજે પાટણપતિ વતી સંધિ કરવા જતાં રાહ નવઘણને "ભરવાડ" કહી સંબોધ્યો હતો. તેથી રાહે અપમાનનો બદલો લેવા ઉમેટા જીતી લીધું. પરિણામે ઠાકોરે પોતાની કન્યા પરણાવી માફી માગી.

૨. આ ચડાઇ બીજી હતી. આ વખતે રાહ નવઘણ નક્કી હાર્યો હશે. તે સિવાય તે સંધિ કરે નહિ. વાર્તા કહે છે કે તેને મોઢામાં તરણું લેવું પડયું. આ વાર્તા મેસણ નામના ચારણે જોડી કાઢી રાહ નવઘણની નિંદા કરી હતી. રાહ નવઘણ એવો વીર રાજા હતો કે તે તરણું લેવા કરતાં મૃત્યુને વિશેષ પ્રિય ગણે.

આ ચારે પ્રતિજ્ઞા તે પૂરી કરી શકે તે પહેલાં મૃત્યુશય્યા ઉપર સૂતો. તેના હૃદય ઉપર આ પ્રતિજ્ઞાઓ પૂર્ણ ન થઇ શકી તેનો ભાર રહેવા માંડયો. તેથી તેના ચાર કુંવરો– ભીમ, સરવો. દેવધણજી (રામધણજી) તથા ખેંગાર[૧]–ને પોતા પાસે બોલાવ્યા અને પોતાની અપૂર્ણ પ્રતિજ્ઞાની વાત કરી. ત્યારે ખેંગારે તે પરિપૂર્ણ કરવા કબૂલ કર્યું. તેથી તેને ગાદીએ બેસાડી નવઘણ પરલોકમાં ગયો.

રાહ નવઘણ એક સાહસિક અને પરાક્રમી પુરુષ હતો. તેને સંયોગો અનુકૂળ ન હતા, નહિતર તે સૌરાષ્ટ્રના સીમાડા બહાર તેનો વિજયધ્વજ જરૂર ફરકાવી શકત.

---

૧. રાસમાળામાં આ કુંવરોનાં નામ રાયધણ, શેરસિંહ, ચંદ્રસિંહ અને ખેંગાર આપેલાં છે. રાયધણે ભોંયરા તોડવાનું કામ સ્વીકાર્યું. તેથી તેને ચાર પરગણાં આપ્યાં. તેના વારસો રાયજાડા (રાયજાદા) કહેવાયા. શેરસિંહે મહીડાને મારવા કબૂલ્યું; આથી તેને પણ થોડાં ગામો આપ્યાં તેના વારસો સરવૈયા કહેવાયા. ચંદ્રસિંહે પાટણનો કોટ તોડવાનું માથે લીધું. તેથી તેને પણ થોડાં ગામ આપ્યાં. તે અંબાનો ભક્ત હતો તથા ચૂડીઓ પહેરતો તેથી તેના વારસો ચુડાસમા કહેવાયા. પણ આ ચારે કામ કરવા ખેંગારે હિમ્મતપૂર્વક હા કહી તેથી તેને ગાદી મળી.

શેરસિંહ નામ સંભવતું નથી. આ શબ્દ ફારસી છે, સરવૈયા સરવા ઉપરથી કહેવાયા. "સરવો" શબ્દ જૂની ગુજરાતીમાં શ્રેષ્ટ તરીકે વપરાતો. (જેમકે સરવો સોરઠ દેશ સાવજડા સેંજળ પીએ) તેને જે પરગણાં મળ્યાં તે સરવૈયાવાડ કહેવાયો. કર્નલ વોટસન કહે છે કે ભીમને સરવા ગામ મળ્યું તેથી તેના વારસો સરવૈયા કહેવાયા.

ચંદ્રસિંહ ચૂડીઓ પહેરતો તેથી તેના વારસો ચૂડાસમા કહેવાયા તે પણ ભ્રમ છે. ચંદ્રચૂડ કે જે આ વંશનો સ્થાપક હતો તેના નામ પરથી તેના વારસો ચૂડાસમા કહેવાયા. ચોટીલા પાસેનું આણંદપુર ઉજ્જડ પડેલું. ત્યાં અનંતદેવ ચૂડાસમાએ અનંતપુર વા આણંદપુર સં. ૧૧૨૪ (ઇ. સ. ૧૦૬૮)માં વસાવી અનન્તેશ્વરનું શિવાલય બાંધ્યું. (વોટસન ગેઝેટીયર) રાહ નવઘણ ગાદીએ હતો તે સમયમાં મીનલદેવીની કૂખે ગુજરાતના પ્રસિદ્ધ મહારાજા સિદ્ધરાજ જયસિંહે સૌરાષ્ટ્રમાં જન્મ લીધો. સૌરાષ્ટ્રમાં આવેલા ધાંધલપુર (ઢાંઢલપુર) ગામે મીનળદેવી (આ ગામ ઝાલાવાડ જિલ્લામાં સાયલા તાલુલામાં છે.) સિદ્ધના દર્શને ગઇ હતી. ત્યાં તેને પુત્રજન્મ થયો. તેનું સ્મરણ રાખવા પુત્રનું નામ સિદ્ધરાજ રાખ્યું, તથા ધાંધલપુરમાં દુર્ગ, વાવ, રાજમહેલ વગેરે બંધાવ્યાં, જેનાં ખંડિયેરો આજ પણ જોવામાં આવે છે.

બીજી માન્યતા પ્રમાણે સિદ્ધરાજ રાજકોટ અને ગોંડળના માર્ગે આવેલા વીરપુર ગામે જન્મ્યો હતો. તેની સ્મૃતિમાં ત્યાં મીનળવાવ બંધાવી છે.

ત્રીજી વાર્તા પ્રમાણે દસાડા પાસે આવેલા ઝીલાણદ્ર બેટમાં ઝુંઝા નામના રબારીની સલાહથી મીનળદેવીએ ઝીલાનંદ સાધુની સહાય માગી અને માનતા કરી તેથી પુત્ર જન્મ્યો. આ પુત્રજન્મ હાલ જે સ્થળે ઝીંઝુવાડા ગામ વસે છે તે સ્થળે થતાં ત્યાં ઝુંઝાના નામથી ઝીંઝુવાડા બાંધ્યું. હાલ તેનો કિલ્લો તથા દરવાજો ખંડિયેરની સ્થિતિમાં છે.

મેરુતંગ પ્રમાણે તેનો જન્મ પાલનપુરમાં થયો હતો. સૌરાષ્ટ્રમાં આ મહાપ્રતાપી રાજાનો જન્મ થયો હતો તેથી આ નોંધ લેવાનું જરૂરી જણાયું છે.

આ સમયમાં જ ઝાલાઓ આ દેશમાં આવ્યા. તેઓએ ઝાલાવાડ ઈ. સ. ૧૦૯૦ લગભગ લીધું, જેનો ઇતિહાસ આગળ ચર્ચવામાં આવ્યો છે.

## રાહ ખેંગાર બીજો : ઈ. સ. ૧૦૯૮ થી ઈ. સ. ૧૧૧૪

જૂનાગઢ : ખેંગારે ગાદી ઉપર આરૂઢ થઈ પોતાના મરતા પિતાને આપેલાં વચન પાળવા માટે પ્રવૃત્તિ શરૂ કરી. પણ તેણે વિચાર્યું કે પાટણનો કિલ્લો પાડવો એટલે એક પ્રબળ શત્રુને છંછેડવો. અને તેથી તેણે વંથળીથી ફેરવીને જૂનાગઢમાં રાજધાની કરી, તથા ત્યાં ઉપરકોટના કિલ્લાને મજબૂત બનાવી અડીચડી વાવ અને નવઘણ કૂવો બંધાવ્યાં.[૧] વળી, પાણીનો અગાધ પુરવઠો મળે તેવી યોજના કરી, ભોંયરાં ખોદાવી તેમાં પુષ્કળ અનાજ ભર્યું; અને સૈન્યની ભરતી કરી હથિયારોનો પણ સંગ્રહ કર્યો.

ભોંયરા : આ તૈયારી કરી તેણે ભોંયરા ઉપર ઘેરો ઘાલ્યો. ભયંકર અને દીર્ઘ સંગ્રામને અંતે ભોંયરા પડયું અને પોતાની દેખરેખ નીચે તેણે ભોંયરાનો કિલ્લો પડાવી નાખ્યો.

ઉમેટા : ત્યાંથી તે ઉમેટા ગયો. અને હંસરાજ મહીડાને યુદ્ધમાં મારી ઉમેટા તેના કુંવરને પાછું સોંપી ખેંગાર પાટણ ગયો.

પાટણ : પાટણનો દરવાજો તોડવાનું ઉમેટા કે ભોયરા જીતવા જેટલું સહેલું ન હતું. પણ તે સમયે સિદ્ધરાજ માળવા ઉપર ચડાઈ લઈ ગયો હતો. તેનો લાભ લઇ રાહે પાટણ જઈ ત્યાં ઓચિંતો છાપો મારી દરવાજો તથા તેનો કોઠો તોડી તેના પથ્થરો લઈ આવી જૂનાગઢમાં કાળવો દરવાજો તેનાથી બનાવ્યો.[૨]

---

૧. શાપુર–જૂનાગઢ માર્ગમાં ખેંગારવાવ નામની સ્થાપત્યના નમૂના જેવી સુંદર વાવ તથા ઉપરકોટમાં આવેલા "અડીચડી વાવ અને નવઘણ કૂવો" પણ આ સમયમાં થયાં હોવાનું જણાય છે.

નવઘણ કૂવો ૧૭૧ ફીટ ઊંડો છે અને તેમાં ૨૫૫ પગથિયાં સુંદર ગોળાકારે બનાવેલાં છે. તે રાહ નવઘણે બંધાવ્યો હોવાનું કહેવાય છે. અડી ચડી વાવ રાહ નવઘણની વડારણો અડી અને ચડીના નામે બંધાઇ હોવાની દંતકથા છે. ઉપરકોટ તો ઘણો પુરાણો છે; છતાં ગ્રહરિપુએ તે બાંધ્યો કે સુધાર્યોવધાર્યો હોવાનું ગણાય છે. પ્રચલિત લોકોક્તિ છે કે "અડીચડી વાવ અને નોંઘણ કૂવો, ન જુએ તે જીવતે મૂએ."

૨. આ વાત બંધબેસતી નથી. પાટણનો કિલ્લો ખેંગાર તોડે અને સિદ્ધરાજ તે અપમાન સહન કરી લે તે સંભવતું નથી. વળી, પાટણનો કોઇ દરવાજો કાળવો કહેવાતો નહિ, તેમ જૂનાગઢનો કાળવો દરવાજો પણ ખેંગાર પછી ઘણા વખતે બંધાયો. એટલે આ વાત માત્ર જોડી કાઢેલી જણાય છે. ખેંગારે પ્રતિજ્ઞા કઇ રીતે પૂરી કરી તે સમજાતું નથી; પણ રાણકદેવીના કારણે સિદ્ધરાજે ચડાઇ કરી ત્યારે આ કારણ પણ ચડાઇનાં કારણો પૈકી એક હોય.

**મેસણ :** મેસણને તેના ગાલ ફાડવાના છે તેવી ખબર પડતાં તેણે ખેંગારની પ્રશસ્તિ બનાવી એવાં કાવ્યો રચ્યાં કે ખેંગાર ખુશ થઈ ગયો અને તેના મુખમાં હીરા મોતી એટલાં ભર્યાં કે પાસે ઊભેલા લોકો બોલી ઊઠ્યા કે "બસ બસ, મેસણના ગાલ ફાટી ગયા."

**રાણુકદેવી :** કચ્છમાં શેર પાદર ગામમાં હડમત કુંભાર રહેતો હતો. તેને ત્યાં રાણુક નામે પુત્રી હતી. આ પુત્રીના અપ્રતિમ રૂપની વાત સાંભળી કચ્છના લાખા જાડાણીએ તેનું માગું કર્યું; પણ હડમતે લાખાને કન્યા આપવા ઇન્કાર કર્યો. તેથી ત્યાંથી તેની બીકે ભાગી તે જૂનાગઢ પાસે મજેવડી (મજાવાડી)[૧] ગામ વસતું હતું ત્યાં આવી વસ્યો. અને ત્યાં કુંભારનો ધંધો શરૂ કર્યો.

રાણુકદેવીને હડમત બહાર જવા દેતો નહિ; પરંતુ એક દિવસે પ્રભાસની યાત્રા કરી પાછા ફરતા સિદ્ધરાજના દરબારીઓ લાલો ભાટ, ભંગડ ભાટ, ચંચ ભાટ અને ડબલ ભાટ મજેવડી આવ્યાં અને કુંભાર હડમતને ત્યાં ઊતર્યા.[૨] રાણુકે પરોણાગત કરવામાં કચાશ રાખી નહિ. પાણી પાઈને પાછી જતી રાણુકના પગમાંથી કંકુ ઝરતું જોયું. ચારે જણાએ સમજી લીધું કે આ કન્યા કુંભારની નથી અને કુંભારની પત્ની થવા સરજાઈ નથી.[૩]

સિદ્ધરાજ કામી હતો, અને આવી ખબર આપતાં તેમને મોટું ઇનામ આપશે એ આશાએ આ ભાટો વિના વિલંબે પાટણ ગયા અને સિદ્ધરાજને ખુશખબર આપ્યા.[૪] રાણુકને પદ્મિની અને અપ્સરા તરીકે વર્ણવી સિદ્ધરાજને તેની

---

૧. આ ગામ આજ મજેવડી નામથી ઓળખાય છે.

૨. આજે પણ સોરઠમાં જે ગામોમાં ધર્મશાળા કે ઊતરવાનું અન્ય સ્થાન ન હોય ત્યાં પ્રવાસીઓ કુંભારને ત્યાં ઊતરે છે.

૩. રાણુકના જન્મની જુદી જુદી વાર્તા કહેવાય છે. એક વાર્તા પ્રમાણે તે કચ્છના શેર પાવર પરમાર રાજાની પુત્રી હતી. જન્મ થતાં જ જોશીઓએ ભવિષ્ય ભાખ્યું કે આ કન્યા જ્યાં જશે તેનું નિકંદન કાઢશે. તેથી તેને વનમાં તજી દેવામાં આવી ત્યાં હડમત માટી ખોદવા ગયેલો. તેણે બાળકાને જોઈ અને પોતાને ત્યાં લઈ આવ્યો.

"સોરઠ સિંહલદ્વીપની જાત તણી પરમાર
બેટી રાજા શેરની પરણ્યો રાહ ખેંગાર."

કન્યાકાળ વીતતાં રાજાએ તેની માગણી કરી. તેથી હડમત તેને લઈ મજેવડી આવ્યો.

બીજી વાત પ્રમાણે તે કાલડીના દેવડા રજપૂતની પુત્રી હતી. એક વાર્તા મુજબ સિદ્ધરાજની સોળ રાણીઓના મહેલે વારાફરતી યાત્રામાંથી આવેલા ભાટોનો સત્કારસમારંભ થયો. ત્યાં તેઓએ માથાં ધુણાવવા માંડ્યાં. સિદ્ધરાજે કારણ પૂછતાં કહ્યું કે

"સોળે જોઈ સુંદરી, પણ રાણુક સમી નહિ કોઈ,
મૃત્યુ લોકનું માનવી હુવું ન એવું હોઈ."

સાથે લગ્ન કરવા ઇચ્છેર્યો. સિદ્ધરાજની આજ્ઞાથી ભાટોએ હડમત પાસે જઇ માગણી કરી. સિદ્ધરાજ જેવા મહારાજાને પોતાની કન્યા આપવાની લાલચ કોણ રોકી શકે ? હડમત કબૂલ થયો અને ભાટો વધામણી દેવા પાટણ ગયા.

રાહ ખેંગાર અને રાણકદેવી : એ સમયે રાહના ભાણેજો સોલંકી દેશળ તથા વિશળે આ સમાચાર જાણ્યા. તેમણે રાહને કહ્યું કે આપણા રાજ્યમાં રહેતી આવી અતુલ સૌંદર્યવાળી કન્યા સિદ્ધરાજ પરણી જાય તો આપણી પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે. માટે રાહ ખેંગારે તેની સાથે લગ્ન કરવાં જોઇએ.

રાહ ખેંગારે કુંભારપુત્રી સાથે લગ્ન કરવા પ્રથમ ઇન્કાર કર્યો. પણ તે મૂળ રાજકન્યા છે તેમ ખાતરી થતાં તેણે હડમતને રાણકદેવી[1] પોતાને પરણાવવા આગ્રહ કર્યો. પણ કુંભારે વાગ્દાન આપી દીધું હોઇ ના પાડી, ત્યારે ખેંગારે કહેલું કે 'મારી રૈયત થઇ શત્રુ રાજાને તું તારી દિકરી આપીશ ! સિદ્ધરાજ બળવાન હશે તો હું અધિક બળવાન છું.' ત્યારે કુંભારે કહ્યું કે, 'સિદ્ધરાજે માળવા જીત્યું છે, તેની સાથે રાહ વેર કરે તે હિતાવહ નથી.'[2] ખેંગારે માન્યું નહિ અને રાણકને રથમાં બેસાડી જૂનાગઢ લઇ ગયો અને ત્યાં તેની સાથે લગ્ન કર્યાં.[3]

જૂનાગઢની પ્રજાએ રાહનો લગ્નોત્સવ ઊજવ્યો અને નગરજમણ કર્યું. તેમાં પાટણના વાઘરીઓ જમવા ન ગયા. અને તેઓએ બહિષ્કાર કર્યો છે એ સમાચાર રાહને મળે અને તેમને મારી નાખે તે બીકે તેઓ નાસી છૂટ્યા. માર્ગમાં ભૂખનું દુઃખ ટાળવા તેઓએ ફાંસલો નાખી રોઝ પકડ્યો. દરમ્યાન સિદ્ધરાજ તરફથી રાણકદેવીને ચડાવવા માટે વસંત લઈ જતા સ્વારો ઘોડા દોડાવતા નીકળ્યા. તેના અવાજથી રોઝ છટકી ગયો. વાઘરીઓએ તેમની વિતક ઘોડેસ્વારોને કહી કે 'અમે ભૂખ્યાં છીએ અને માંડ રોઝ પકડ્યો ત્યાં તમે તેને તગડી મૂકયો ? તમને શું કહેવું ?' ત્યારે સ્વારોએ કારણ પૂછ્યું અને જ્યારે તેમના નાયકે જાણ્યું કે રાણકદેવી તો રાહની રાણી થઇ છે ત્યારે ત્યાંથી જ તેઓ પાટણના માર્ગે પાછા વળી ગયા.

---

૧. આંગણ આંબો મ્હોરિયો, શાખ પડી ઘર બહાર
દેવે ઉગાડ્ય દેવડી, નહિ જાતે કુંભાર. (આ દુહો અર્વાચીન જણાય છે)

૨. જયસિંહદેવે જાય ધાર નગર ઢંઢોળિયો,
કપરો એ કહેવાય ખેંધો મકર ખેંગાર તું. ત્યારે ખેંગારે જવાબ આપ્યો કે :
બાવન હજાર બાંધિયા ઘોડા ગઢ ગિરનાર,
કેમ શકે સોરઠ ધણી બોહણ દળ બેંગાર.

૩. આ વાત પ્રચલિત છે; પણ રાણકદેવીના અથાગ ભાવ અને રાહ પ્રત્યેના અનુરાગથી આમ થયું હોવાનું સાબિત થતું નથી.

સિદ્ધરાજને સમગ્ર વાર્તા સાંભળતાં જ હાડોહાડ ક્રોધ વ્યાપ્યો. અને તેના સમસ્ત સૈન્યને સજાવી બાબરા ભૂતને[૧] તેના પાંચ હજાર ભૂતો સાથે લેવા કહી સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરવા પ્રવૃત્તિ કરી. એક સૈન્ય આગળથી રવાના કરી તેણે યુદ્ધના પુરવઠા માટે ધાંધોળ, વિરમગામ, વઢવાણ, સાયલા વગેરે સ્થળે તળાવો તથા[૨] થાણાં નાખવા આજ્ઞા કરી.

ઉપરકોટનો ઘેરો : સિદ્ધરાજનું પ્રબળ સૈન્ય જૂનાગઢ આવી પહોંચ્યું. રાહને તેને મૈદાનમાં લડાઇ આપવાનું યોગ્ય જણાયું નહિ. તેથી તે ઉપરકોટમાં ભરાયો. પાટણના સૈન્યે ઉપરકોટને ઘેરો ઘાલ્યો.

સિદ્ધરાજે પોતાની સમસ્ત શક્તિ ઉપરકોટ જીતવા માટે રેડી. સૌરાષ્ટ્રની પ્રજા ઉપર જેમ જેમ ઘેરો ચાલતો ગયો તેમ તેણે અનહદ જુલ્મ વરસાવ્યો; છતાં ૧૧ વર્ષ સુધી ઉપરકોટ પડયો નહિ. રાહ ખેંગાર જેવો વીર પુરુષ અગિયાર વર્ષ સુધી ઉપરકોટમાં કેદ રહ્યો અને સૌરાષ્ટ્ર સિદ્ધરાજની તલ્વાર નીચે આવ્યું. પ્રજા પાયમાલ થવા માંડી. પાટણનાં સૈન્યોનો ખર્ચ પ્રજા ઉપર પડવા માંડયો. સિદ્ધરાજે પણ સબૂર ખોઈ નહિ. તેણે પણ 'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ'ના ન્યાયે યુદ્ધ જારી રાખ્યું.[૩]

---

૫. રાણકદેવી લગ્ન કરી રાજમહેલમાં પ્રવેશી ત્યારે તેને ઠેસ વાગી.

પરથમ પોળે પેસતાં, થયો ઠપકો ને ઠેસ
રંડાપો રાણુકદેવીને સૂનો સોરઠ દેશ.

૬. નિધણિયા ને નઠોરિયા ભણિયેલ જાતે ભાટ,
ખોળી કાઢી રાણુકદેવીને પાડી ખેંગારે વાટ.

૧. બાબરો ભૂત પ્રચલિત વાતોમાં ભૂત હતો. તેનું વર્ણન આગળ છે. પણ સેનાપતિ બબ્બરક તેનાં વિકરાળપણા તથા શક્તિના કારણે બાબરો ભૂત કહેવાતો.

૨. આ વૃતાંત ઘણું જ મહત્ત્વનું છે. ખેંગાર સામે સૈન્ય લઇ જવાનું સિદ્ધરાજને પણ અઘરું જણાયું હશે તે ખેંગારની શક્તિનો પરિચય આપે છે. યુદ્ધ દીર્ઘ કાળ સુધી ચાલે તો પાટણ અને જૂનાગઢની વચમાં પાણી અને ખોરાકનો પુરવઠો મળે તે માટે આ યોજના કરી હશે. ધાંધોળ વસાવ્યું ત્યાં ધાંધા ભરવાડનો નેસ હતો. તે સ્થળ ઝીંઝુવાડા પાસે છે. વીરમગામ તે પછી વસ્યું અને વઢવાણમાં કિલ્લો હતો. એટલે દરેક સ્થળે કિલ્લા બંધાવ્યાનો ઉલ્લેખ છે તે તળાવ ને કિલ્લા આઠ દિવસમાં બંધાઇ ન જાય; પણ તે કામજે લીધાં અથવા સમરાવ્યાં હોય કે થાણાં સ્થાપ્યાં હોય.

૩. નિત્યવિજયી સિદ્ધરાજને હારીને પાછા જવાનું યોગ્ય નહિ જણાયું હોય.

**દેશળ-વિશળ** : રાહના સોલંકી ભાણેજોને અંતે સિદ્ધરાજે ફોડ્યા. તેમણે દુર્ગનાં દ્વારો ઉઘાડી નાખ્યાં અને સિદ્ધરાજ અંદર દાખલ થયો.[૧] રાહના સેનાપતિ દુદો અને હમીર દુર્ગના દ્વારમાં જ દગાથી દાખલ થયેલાં સૈન્યો સામે ઝઝુમ્યા, પણ માર્યા ગયા. રાહ ખેંગારને ખબર પડતાં તેણે પણ હાથમાં તલ્વાર લઈ રણસંગ્રામમાં સોલંકી સેનાને કાપવા માંડી. દીર્ઘ અને ભયંકર સંગ્રામને અંતે રાહનું મસ્તક કપાયું પણ તેનું ધડ લડ્યું; ઉપરકોટ પડ્યો. રાહ ખેંગારના મૃતદેહ અને સૈનિકોનાં મડદાંઓના ઢગલાઓ ઉપર પગ મૂકી સિદ્ધરાજ રાજમહેલમાં દેશળ સાથે પ્રવેશ્યો. રાણુકને ખેંગાર વિજય કરી આવ્યો છે અને તે પ્રવેશ માગે છે તેમ દેશળ વિશળે કહી દ્વાર ઉઘડાવ્યાં અને જેના માટે બાર બાર વર્ષ સંગ્રામ ખેલ્યો હતો તે રાણુક અને સિદ્ધરાજ સામસામાં ઊભાં.

**સિદ્ધરાજ અને રાણુકદેવી** : સિદ્ધરાજની વિનંતીથી રાણુક પલળી નહિ. તેણે સિદ્ધરાજને ક્ષત્રિય થઈ પરિણીતા સ્ત્રીની ઇચ્છા કરવા માટે ધિક્કાર આપ્યો. સિદ્ધરાજને રાણુકની જરૂર હતી, શિખામણની નહિ. આ નિર્દય રાજાએ કામાંધ બની રાણુકનો પાંચ વર્ષનો પુત્ર દગામચો માની ગોદમાં બેઠો હતો તેને ખેંચી લઈ તલ્વારથી તેનું માથું કાપી લીધું. આ દૃશ્ય જોતાં જ મોટો પુત્ર માણેરો 'મા' કહી રાણુકદેવી પાસે આશ્રય મેળવવા પહોંચ્યો. ત્યારે સિદ્ધરાજે રાણુકદેવીને પોતાની પટરાણીના પદનો સ્વીકાર અથવા બીજા પુત્રનું પણ મૃત્યુ નોતરવા કહ્યું. માણેરો મા પાછળ છુપાઈ ગયો ત્યારે રાણુકે સિદ્ધરાજની વિનંતિનો અસ્વીકાર કરી પુત્રને

---

૧. આ પ્રસંગ વાર્તામાં એવી રીતે ગૂંથાયો છે કે દેશળ, વિશળ તથા રાણુકે દારૂ પીધો અને બેભાન બન્યાં. રાહ ખેંગાર ત્યાં આવતાં તેણે ત્રણેને કઢંગી હાલતમાં જોયાં. ખેંગારે તલ-વારનો ઘા દેશળ ઉપર કર્યો પણ વચમાં સાંકળ આવી જતાં દેશળ બચી ગયો. પછી જમૈયો કાઢી ઘા કર્યો તે ચંપામાં લાગ્યો. તેથી રાહને થયું કે આ લોકો નિર્દોષ જણાય છે. તે છતાં તેણે તેઓને જાણ કરવા પોતાની પામરી ઓઢાડી અને પોતે ચાલ્યો ગયો અને તેની બહેનને ફરિયાદ કરી. તેણે દેશળને ઠપકો આપ્યો ત્યારે તેણે કહ્યું કે :

'નથી મેં ઘોડા ગુડિયા નથી ભાળ્યા ભંડાર,
નથી મ્હાણી રાણુકદેવીને, કાં ઓળંભા દે ખેંગાર ?'

માએ દેશળને ઉશ્કેર્યો અને દેશળ આવા ન્યાયી મામાનું નિકંદન કાઢવા સિદ્ધરાજની છાવણીમાં ગયો, અને અફીણની પોઠ આવી છે તેવા મિષે દુર્ગનાં દ્વાર દગાથી ઉઘડાવી સિદ્ધ-રાજનાં સૈન્યોને અંદર દાખલ કરાવ્યાં.

'ઝાંપો ભાંગ્યો ને ભેળ પડી, ઘેર્યો ગઢ ગિરનાર,
દુદો હમીર માર્યા સોરઠના શણગાર.'

ક્ષત્રિયવટની યાદ આપી.[૧]

સિદ્ધરાજનું હૃદય પીગળ્યું નહિ. કઠોરહૃદયી કામાંધ અને નિઃસંતાન નિર્દય રાજા રાણુકદેવીને પકડી પાટણ તરફ જવા રવાના થયો. જૂનાગઢ છોડતાં રાણુકે રાહને યાદ કરી નિઃસહાય સ્થિતિમાં આંસુભરી આંખે અંજલિ આપી.[૨]

સિદ્ધરાજે રાણુકદેવી પ્રત્યે ક્રૂર વર્તન કર્યું અને આશા રાખી કે બીકે ધાકે અને ત્રાસે તે તેની ઇચ્છા પૂર્ણ કરશે. પણ તે નૂરજહાં ન હતી. રાણુક ક્ષત્રિયની પુત્રી અને પત્ની હતી. ખેંગારની સ્મૃતિ તે ભૂલતી ન હતી ત્યારે સિદ્ધરાજ તેને રાહ ખેંગારના ધૂળમાં પડેલા મૃતદેહ પાસે લઇ ગયો.[૩] રોતી રાણુકનું હૃદય આ

---

૧. માણેરા તું મ રોય, મકર આંખો રાતિયો,
કુળમાં લાગે ખોટ, મરતાં મા ન સંભારિયે.

સિદ્ધરાજે તે વખતે માણેરાને માર્યો નહિ, પણ પાછળથી તેનો વધ કરાવ્યો.

૨. લોકસાહિત્યમાં પ્રચલિત એવા કેટલાક દુહા આ રહ્યા. રાણુકદેવીને જૂનાગઢથી પાટણ તરફ સિદ્ધરાજે લઇ જવા માંડી ત્યારે તે કહે છેઃ–

રાહના ઘોડાને જોઇનેઃ– તરવરિયા તોખાર, હૈયું ન ફાટયું હંસલા,
મરતાં રાહ ખેંગાર, ગામતરાં ગુજરાતનાં.

મોર ટહુકતો સાંભળીઃ– કાંઉ ગરછે મોર, ગોખે ગરવાને ચડી,
કાપી કાજળ કોર, પિંજર દાઝયો પાણીયે.

ગિરનાર જોઇને :– ઊતર્યો ગઢ ગિરનાર, તનડું આવ્યું તળેટીએ,
વળતાં બીજી વાર, દામો કુંડ નથી દેખવો.
ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે.
મરતાં રાહ ખેંગાર, રંડાપો રાણુકદેવીને.

વિજેતાની આજ્ઞાથી ગોઝારા ગિરનાર, વળામણ વેરીને થયો.
પાડી નાંખવામાં મરતાં રાહ ખેંગાર ખરેડા ખાંગો નવ થિયો,
આવતી ગઢની મ પડ મુજ આધાર, ચોસલ કોણ ચડાવશે ?
શિલાઓ પ્રત્યે :– ગયા ચડાવણહાર જીવતાં જાતર આવશે.
ચંપાના ઝાડને :– ચંપા કાં તું મોરિયો, થડ મેલું અંગાર,
(દેશળના પાતકનો સાક્ષી) મહોરે કળિયું માણિયું, માર્યો રાહ ખેંગાર.

૩. સ્વામી ઊઠો સૈન્ય લઇ, ખડગ ધરો ખેંગાર !
છત્રપતિએ છાઇઓ, ગઢ જૂનો ગિરનાર.
બાળું પાટણ દેશ, પાણી વિના પૂરા મરે,
સરવો સોરઠ દેશ સાવજડાં સેંજળ પીએ.
બાળું પાટણ દેશ, જીસે પટોળાં નીપજે
સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી.
વાયે ફરકે મૂછડી, રેણ ઝબૂકે દંત,
જુઓ પટોળાંવાળીયું લોબેડીયાળીનો કંથ, (રાહ ખેંગારને ઉદ્દેશીને)

અપમાન સહન ન કરી શકયું. સિદ્ધરાજ તેને આવા ત્રાસ આપતો લઇ ચાલ્યો. વઢવાણને પાદરે સિદ્ધરાજે મુકામ કર્યો. તેણે વડારણોને રાણુકને સમજાવવા મોકલી. તેમણે સિદ્ધરાજના ઐશ્વર્યની, શકિતની અને સંપત્તિની વાતો કરી ત્યારે રાણુકે આર્ય નારીને શોભે તેવો એક જ ઉત્તર આપ્યો કે તેના ભવમાં એક પતિ થયો તે ભવો-ભવનો પતિ હતો. અંતે રાણુકે ભોગાવાને કાંઠે ચિતા રચાવી. પાષાણહૃદયી સિદ્ધરાજે અગ્નિ આપવામાં પણ કૃપણતા બતાવી. રાણુકના સતના કારણે સ્વયં અગ્નિ પ્રગટ થયો અને સોરઠની રાણી રાણુકના દેહને અગ્નિએ તેના પેટાળમાં સમાવી લીધો.[૧]

બળતી રાણુકની અંતિમ પળે જ્યારે સ્વયં અગ્નિ પ્રગટયો ત્યારે આ નિર્દય રાજાએ પાઘડી ઉતારી હાથ જોડયા. ત્યારે સતી રાણીએ કહ્યું "સિદ્ધરાજ, હિમ્મત હોય તો આવ ચિતામાં. આવતે ભવ તારી સ્ત્રી થવા તૈયાર છું."[૨] સિદ્ધ-રાજે તેની પામરી બળતી ચિતા ઉપર નાખી. તે રાણુકે પાછી નાખી દીધી. બળતી સતીએ હાથ લાંબા કરી થાપા માર્યા તે ખેંગારના મહેલમાં પડયા.[૩] ભોગાવા પાસે રાણુકે પાણી માગ્યું તે ન મળ્યું. તેથી શાપ દીધો કે 'ભોગાવો સદા સૂકો રહે.'

---

૧. પાપણને પલણે કોંતો કૂવો ભરાવીએ,
માણેરો મરતે, શરીરમાં સરણાં વળે.

(એક કથન પ્રમાણે સિદ્ધરાજે માણેરાને વઢવાણમાં ચિતા પાસે માર્યો અને તેનો મૃતદેહ કાગડા-કૂતરાંના ભક્ષ્ય માટે ફેંકાવી દીધો.)

શ્રી. કનૈયાલાલ મુનશીએ તેમની નવલકથા "રાજાધિરાજ"માં વાતોનો રસ જાળવવા ભાવ બૃહસ્પતિ પાસે રાણુકનાં લગ્ન કરાવ્યાની કલ્પના ઊભી કરી છે. ભાવ બૃહસ્પતિ તો તે પછી ઘણાં વર્ષે આવ્યો.

(શ્રી. હરિશંકર શાસ્ત્રીકૃત "પરમ માહેશ્વર રાજા કુમારપાળ") રાસમાળા ભાષાંતરમાં આ વિષયમાં એક દુહો પ્રસિદ્ધ થયો છે.

તઇ ગહુઆ ગિરનાર, કાહુ મણિ મત્સર ધરીઉ,
મારીતા રાહ ખેંગાર એકક સિંહર ન ઢાલીયું

૨. વાયો વાયુ સવાઇ, વાયે વેળુ પરજળે,
ઊભો ત્યાં સિદ્ધરાજ, સત જોવા સોરઠિયાણીનું.
વારૂ શહેર વઢવાણ, ભાગોળે ભોગાવો વહે,
ભોગવતો ખેંગાર, તું ભોગવ ભોગાવાધણી : આ દુહો સ્પષ્ટ રીતે ક્ષેપક છે.

રાણુકદેવી આટલા જુલ્મો સહન કરી આવો આશીર્વાદ આપે જ નહિ. તેના શબ્દો અને રચના પણ અર્વાચીન છે.

૩. રાહનો વંશ હજી ચાલે છે. સિદ્ધરાજ તેનાં પાપી કર્મોનાં કારણે નિઃસંતાન ગુજરી ગયો. સિદ્ધરાજનાં વિજયો, યશ અને કીર્તિ ઉપર આર્ય રાજાને શરમાવે તેવાં નિર્દય, ઘાતકી

અને પાતકી કર્તવ્યોનું કલંક એક મોટી કાલિમા પાથરે છે. સિદ્ધરાજની આંખ મીંચીને પ્રશંસા કરનારા લેખકો પણ તેનો બચાવ કરી શકતા નથી. વઢવાણમાં સિદ્ધરાજે રાણુકનું મંદિર તે સતી થઇ તે સ્થળે ચણાવ્યું હોવાનું કહેવાય છે અને આજે તે બતાવવામાં આવે છે. પણ તે વાતને પણ સમર્થન મળતું નથી. તે તો મહાદેવનું મંદિર છે. સિદ્ધરાજના પાષાણ અમાનુષી હૃદયમાંથી આટલી પણ દયાનું ઝરણ વહે તે માની શકાય નહિ.

રાસમાળા ભાષાંતરમાં એક સુંદર પ્રાકૃત દુહો છે. રાણુક ભોગાવા નદીને ઉદ્દેશીને કહે છે કે :

જેસલ મોડી વવાહ વલી વલી વિરૂપ ભાવવિઅ,
નઇ જિમ નવા પ્રવાહ નવઘણ વિણ આવઅ નઇ.

"જેમ મારો દેશ તજી હું મારા પતિ વિના વિફળ થઇ છું, તેમ તું પણ નવા મેઘ વિના દુબળી થતી જાય છે, અને તેના વિના શોભા થતી નથી. તેં તારા પર્વત રૂપી સ્થાનનો ત્યાગ કર્યો છે, એમ મેં પણ કર્યું છે; આપણે સમાન છીએ."

આ વિષયમાં તુરીઓ એક વિચિત્ર વાર્તા કહે છે. (રાસમાળા ભાષાંતર).

સિદ્ધરાજ પાસે લાકડાની સાંઢ હતી. મીનળદેવીએ કહ્યું કે 'તું આવડું યુદ્ધ કરવા જાય છે તો તે સ્ત્રી કેવી છે તે પ્રથમ જાણવાની જરૂર છે.' તેથી માતા અને પુત્ર સાંઢણી ઉપર બેસી રાણુકના મહેલ ઉપર રાત્રે આવ્યાં, અને બાર ઠોકયાં ત્યારે પ્રશ્ન આવ્યો :

"કવણ ખટકાવે કમાડ ? મેડી છે રાણુકદેવીની,
જાણે રાહ ખેંગાર તો ત્રાટક કાનજ તોડશે."

ત્યારે મીનળદેવીએ ઉત્તર આપ્યો :

"મારો મેઢો લાડકો, ઓખો ગઢ ગિરનાર,
મારી રા'ખેંગાર, ઉતારૂં રાણુકદેવીને"

રાણુકે જવાબ આપ્યો :

"આ મારા ગઢ હેઠ, કોણે તંબૂ તાણિયા ?
શું સધરો મોટો શેઠ ! બીજા વરતાઉ વાણિયા ?

મીનળે તે સાંભળી કહ્યું :

"વાણીડાના વેપાર, જાતે દીયે જાણજો
મારી રા'ખેંગાર, ઉતારશું રાણુકદેવીને."

રાસમાળા ભાષાંતરમાં તે દુહો આમ છે :

"રાણા સબ્બે વાણિયા, જેસલું વડુર શેઠી,
કાહુ વણીજડુ માણ્ડીયઉ અમ્બિણા ગઢ હેઠી"

આ દુહાઓ વરસોથી પરંપરાગત કહેવાતા આવ્યા છે. સૌરાષ્ટ્રના ગામડે ગામડે રાણુકદેવી રાહ ખેંગારની વાત હજુ પણ થાય છે. આઠ આઠ સૈકાઓ થયા હોવા છતાં તે પાત્રો હજુ પણ જાણે હમણાં જ થઇ ગયાં હોય એટલાં જીવંત છે.

જે સાંચે સોરઠ ઘડયો, ઘડિયો રાહ ખેંગાર
ઇ સાંચો ભાંગી ગયો, જાતો રહ્યો લુહાર.

સિદ્ધરાજે આ વિજયની સ્મૃતિ જાળવવા સં. ૧૧૬૯–૭૦ (ઇ. સ. ૧૧૧૩–૧૪)થી સિંહ સંવત ચલાવ્યો. (રાસમાળા–ભાષાંતર)

અને સિદ્ધરાજને શાપ દીધો કે 'તું અપુત્ર ગુજરી જઇશ તથા તારા પછીના રાજાઓ કોઢિયા થશે.'

દેશળ-વિશળ : બાર વર્ષોની મહેનતને અંતે રાણુક મળી, પણ તે રણુવાસમાં આવી નહિ. આ ભયંકર પરાજયથી સિદ્ધરાજ હતાશ થઇ ગયો અને દગો કરી મામાને મરાવનાર દેશળ વિશળને મૃત્યુદંડ આપ્યો.[1]

સિદ્ધરાજે ખેંગારને જીત્યો, સોરઠ પાદાક્રાંત કર્યું, પણ તે પરાજય પામી પાછો પાટણ ગયો-માત્ર પ્રજાના ફિટકાર અને ધિક્કારને પાત્ર થવા.

રાહ નવઘણ ૩ જો : ઇ. સ. ૧૧૨૫ થી ઈ. સ. ૧૧૪૦.

સિદ્ધરાજનો અમલ : રાહ ખેંગારને મારી સિદ્ધરાજે સોરઠ સંવત ૧૧૬૯ (ઇ. સ. ૧૧૧૩)માં સર કર્યું.[2] અને ગુજરાતના ખાલસા પ્રદેશ સાથે તેને ભેળવી દીધું. ત્યાં તેણે સજ્જન ઉર્ફે સાજણ નામના પ્રતિનિધિને નીમ્યો. આ સજ્જન વનરાજના મિત્ર ચાંપાનો વંશજ હતો. (તેનું બીજું નામ જંબ હતું.) તેણે સોરઠની તમામ ઊપજ ગિરનાર ઉપર નેમિનાથનો ચૈત્ય બનાવવામાં વાપરી નાખી. આ બાબત સિદ્ધરાજે તેને ઠપકો આપ્યો ત્યારે ધર્માર્થે વાપરેલા ધનનું પુણ્ય તેમને મળશે તેમ કહેતાં સિદ્ધરાજ ખુશ થયો.[3]

સિદ્ધરાજે ગિરનારની યાત્રા કરી મંદિરોના નિભાવ અર્થે બાર ગામો આપ્યાં. ત્યાંથી તે પ્રભાસપાટણ ગયો. ત્યાં બ્રાહ્મણોએ તેને જૈન ધર્મનો વિનાશ કરવા વિનંતી કરી, પણ સિદ્ધરાજ માન્યો નહિ. પરિણામે તેણે સોમનાથના બ્રાહ્મ-

---

૧. મહારાણા બાપાના પુત્ર અસીલે સોરાષ્ટ્રમાં અસીલગઢ વસાવેલ. તેના વંશમાં બીજકુમાર થયો. તેની મા ખેંગારની બહેન થાય. તેથી ખેંગારે તેને "સોનલ" પરગણું આપેલું. આ યુદ્ધમાં સિદ્ધરાજ સામે લડતાં તે પણ મરાઇ ગયો. (રાસમાળા-ભાષાંતર.)

૨. વેરાવળના શિલાલેખમાં ત્રણ સંવત્સરો છે. તેમાં વિક્રમ સંવત ૧૩૨૦ તથા સિંહ સંવત ૧૫૧ છે. એટલે સિંહ સંવત વિ. સં. ૧૧૬૯માં (ઇ. સ. ૧૧૧૩) શરૂ થયો. અને તે વર્ષમાં રાહ ખેંગાર જિતાયો. રાસમાળા ભાષાંતરકાર શંકા કરે છે કે સં. ૧૧૭૬માં સજ્જને બંધાવેલા મંદિરના લેખમાં તે સંવત નથી. તેથી તે સૌરાષ્ટ્રના પતન પછી છ વર્ષ પછી ચલાવ્યો હશે. અને કુમારપાળે તે ચલાવ્યો હશે તેમ શ્રી. અભયતિલકસૂરિ સં. ૧૩૧૨માં દ્વયાશ્રયના પુનરાવર્તનમાં લખે છે. પણ માંગરોળની સોઢળી વાવના લેખમાં વિ. સં. ૧૨૦૨ અને સિંહ સંવત ૩૨ છે. એટલે આ સંવત ૧૧૬૯માં શરૂ થયો. કુમારપાળ સં. ૧૧૯૯માં ગાદીએ આવ્યો એટલે માત્ર એક લેખમાં નિર્દેશ ન હોય તો તે પ્રમાણ ગણાય નહિ.

૩. આ નેમિનાથનું મંદિર કર્ણે બંધાવ્યું હોવાનું 'કુમારપાળપ્રબંધ'માં લખ્યું છે. પણ તે વાસ્તવિક નથી.

ણોને કાંઇ આપ્યું નહિ, તેમજ સોમનાથના દેવાલયમાં પણ કાંઇ દીધું નહિ. હત્યારા સિદ્ધરાજને આ બ્રાહ્મણોએ બરાબર સંમાન્યો નહિ તે પણ એક કારણ છે.

ત્યાંથી તે સિંહપુર–શિહોર ગયો. મૂળરાજે મામાની હત્યાના પાપના પ્રાયશ્ચિત્ત માટે બ્રાહ્મણોને ઉત્તરમાંથી આમંત્રી ત્યાં વસાવેલા. તેમણે સિદ્ધરાજને રાણુકની તથા તેના પુત્રોની હત્યાના પાપને ધોવા ગોદાન, ભૂદાન અને સુવર્ણદાન દેવા કહ્યું. અને સિદ્ધરાજે બળતા હૃદયને શાંત કરવા આ બ્રાહ્મણોને સો ગામો દાનમાં દીધાં.[૧]

<u>લા ગોહિલ</u> : સિદ્ધરાજ સમુદ્રકિનારે છાવણી નાખી પડ્યો હતો. ત્યારે ત્યાં લા ગોહિલ નામનો એક વીર અધિકારી હતો.[૨] દરિયાના ઊછળતા પાણીમાં કોઈ જઇ શકે નહિ તેવું વિધાન સમુદ્રતીરે સિદ્ધરાજ અને તેની મંડળી ઊભી હતી ત્યારે થતાં એક મૂર્ખ મિત્રે કહ્યું કે 'તેવી હિમ્મત તો એક લા ગોહિલ કરે; તેવો બીજો કોઇ મર્દ આ દેશમાં નથી.' તેથી લા ગોહિલ સ્વાર થઇ દરિયામાં ચાલી નીકળ્યો અને ડૂબી ગયો. લા ગોહિલની સિદ્ધરાજે ઉત્તરક્રિયા કરી. લાનો ચારણ રાવ અઘો ઘોડો લેવાનું લા પાસેથી વચન લઇ ગયેલો. તે આવ્યો અને સમુદ્રને કાંઠે બેસી તેણે ઘોડો માંગ્યો. સિદ્ધરાજે તેને સમજાવ્યો, પણ તે માન્યો નહિ. લાએ સ્વપનમાં જઇ સમજાવ્યો પણ નિરર્થક. આખરે સમુદ્રમાંથી અશ્વિણની ડબી આવી, તે પણ ચારણે ફેંકી દીધી. અંતે લાએ સમુદ્રમાંથી આવી ગામમાં જઇ ઘોડો આપ્યો અને ચારણને પાછું ફરી ન જોવા સૂચના આપેલી. પણ તેણે પાછું જોયું તેથી લા ઘોડો મૂકી અદૃશ્ય થઈ ગયો.[૩]

<u>નવઘણ</u> : રાહ બેંગારે રાણુકદેવી સાથે લગ્ન કર્યાં તે પહેલાં તે કુંવરપદે હતો. ત્યારે જેઠવા રાણા સંગજીની પુત્રી વેરે તે પરણ્યો હતો. આ જેઠવી રાણીને નવઘણ નામનો પુત્ર હતો.[૪] તે આ ઘેરાના સમયે તેના મોસાળમાં રહેતો હતો. રાણા સંગજી ઇ. સ. ૧૧૨૦ લગભગ ગુજરી ગયા. નવઘણની વય તે સમયે પચીસેક વર્ષની હતી. તેથી તેણે પિતાની રાજધાની પ્રાપ્ત કરવા પ્રયત્ન આરંભ્યો. પણ સિદ્ધરાજ જેવા બળવાન શત્રુને જીતવાનું સહેલું ન હતું. સૌરાષ્ટ્રમાંથી તેને કોઇ

---

૧. પાછળથી આ ગામો વનપ્રદેશમાં હોઈ અદલોબદલો કરી બ્રાહ્મણોએ ગુજરાતમાં આશાવળ પાસે સાબરમતીને કાંઠે ગામો લીધાં.

૨. લા ગોહિલ માંગરોળના ગોહિલો પૈકીનો હોવો જોઇએ; તે સિદ્ધરાજના સૈન્યનો અધિકારી હશે તેમ માનવા જેવું છે. આ ગોહિલ ભાવનગર રાજ્યના સ્થાપક સેજકજીના કુટુંબનો ન હતો.

૩. પાછળની વાત ચારણો કહેતા આવ્યા છે. તેનાં કાંઈ ઐતિહાસિક પ્રમાણ નથી. સિદ્ધરાજે અહીં દહેરું બંધાવ્યું હોવાનું કહેવાય છે.

૪. એક ગ્રંથકાર નવઘણને બેંગારનો નજીકનો સગો કહે છે, પણ તે સાચું નથી.

સહાય કરે તેમ ન હતું. આલાવાડ આલાઓને હાથ પડયું હતું. ચાવડા, ગોહિલ અને પરમાર રાજાઓ[1] સિદ્ધરાજ સામે થવાની હિમ્મત કરે તેમ ન હતા. પણ રાહ ખેંગારનો મંત્રી સોમરાજ જે વસ્તુ યુદ્ધથી ન બની તે બુદ્ધિથી કરવા તૈયાર થયો.

પ્રજાનો બળવો : મંત્રી સોમરાજે ખેંગારના પતન પછી ગુપ્ત સ્થાનમાં વાસ કર્યો હતો. તેણે સોરઠમાં એક જબ્બર ષડયંત્ર ઉત્પન્ન કર્યું. તેણે સ્થળે સ્થળે પોતાના માણસો મોકલ્યા અને ખમીરવંતી સોરઠી પ્રજાને પરદેશી ધૂંસરી ફગાવી દેવા હાકલ કરી. સોમરાજનું કાવતરું સફળ થયું. અને ઇ. સ. ૧૧૨૫માં સિદ્ધરાજ જ્યારે માળવા સાથેના યુદ્ધમાં પ્રવૃત્ત હતો ત્યારે સોરઠમાં બળવો ફાટી નીકળ્યો. સ્થળે સ્થળેથી સિદ્ધરાજનાં થાણાંઓ ઉઠાડી મૂકયાં અને જૂનાગઢના દંડનાયકને કેદ કરવામાં આવ્યો. સેનાપતિ સહજીગ હાર્યો.[3] જેઠવા રાણા નાગજી (સંગજીના પુત્ર) પોતાનું સૈન્ય લઈ આવ્યા અને નવઘણને જૂનાગઢની ગાદીએ બેસાડયો. તે સાથે સોમરાજે કરેલી યોજના અનુસાર તે પાટણ પહોંચ્યો.

પાટણનું શરણ : તેણે પાટણ જઈ સિદ્ધરાજનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું, ખંડણી ભરી અને સમયને ઓળખી નવઘણ સિદ્ધરાજનો ખંડિયો રાજા થયો.[4]

રાજ્યવિસ્તાર : રાહનું રાજ્ય નાશ પામ્યું. સૌરાષ્ટ્રનો બળવાન રાહ સોરઠનો રાજા થઈ ગયો. રાહની આણ માનતા ઠાકોરોએ સિદ્ધરાજનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું, અને સૌરાષ્ટ્ર મંડળમાં રાહની સત્તા અને શક્તિ નહિવત્ થઈ ગઈ.

---

૧. માંગરોળમાં સં. ૧૨૦૨ (ઇ. સ. ૧૧૪૬)નો સોઢડી વાવનો શિલાલેખ છે. તેમાં માંગરોળના હાકેાર મલુક, તેના પિતા સહજીગ તથા તેના પિતા સહારનો ઉલ્લેખ છે. મલુક ઇ. સ. ૧૧૪૬માં હતો. તેના ભાઈ સોમરાજે પિતાની યાદગીરીમાં પિતૃનામા એટલે પિતાના નામે મહાદેવનું મંદિર-સહજીગેશ્વર બંધાવ્યું, સોમનાથના મંદિર ઉપર સુવર્ણકળશ ચડાવ્યો. તેના પિતા સહજીગ ચૌલુક્ય સૈન્યનો સેનાપતિ હતો એમ લખ્યું છે. એટલે સોમ-મલુક ઇ. સ. ૧૧૪૬માં થયા હોય તો ઇ. સ. ૧૧૨૫માં સોલંકીઓનાં સૌરાષ્ટ્રનાં સૈન્યોનો અધિપતિ સહજીગ હોય અને તે રાહને સ્વાભાવિક રીતે મદદ ન જ કરે.

૨. આ મંત્રી સોમરાજ વડનગરા નાગર ઋગ્વેદી આંગીરસ ગોત્રનો હતો. (લેખક ઋગ્વેદી છે. તેનું પ્રવર આંગીરસ છે.)

૩. ઇ. સ. ૧૧૪૬ના શિલાલેખમાં ટેાડ "ચૌલુક્યોની કીર્તિ કલંકિત કરી" એમ કહે છે. તેનો અર્થ એ કે સહજીગ હાર્યો હતો.

૪. સિદ્ધરાજ ગુજરી ગયો (ઇ. સ. ૧૧૪૩) ત્યારે તે ૧૮ દેશનો સ્વામી હતો.

**कर्णाटे गुर्जर लाटे, सौराष्ट्रे कच्छ सैन्धवे**
**उच्चायां चैव भम्भेर्या, मारवे मालवे तथा।**
**कौरणे च महाराष्ट्रे कीरे जालंधर पुनः**
**सपादलक्षे मेवाडे दीयाभीराख्ययोरपि॥**

(વિશેષ માટે જુઓ રાસમાળા-ભાષાંતર)

ઝાલાઓ : આ સમયમાં ઝાલાઓએ વર્તમાન ઝાલાવાડમાં પોતાની સત્તા સ્થિર કરી.

ઝાલાઓનો મૂળપુરુષ હરપાળ કેરન્તિગઢના કેસર મકવાણાનો પુત્ર હતો.[૧] કેસરને સિંધના રાજાએ હરાવી મારી નાખતાં હરપાળ તેના માશિયાઈ ભાઇ પાટણ-પતિ કર્ણ સોલંકીને આશ્રયે આવ્યો.

હરપાળની સ્ત્રી શક્તિસ્વરૂપ હતી અને હરપાળ મંત્રસાધના કરતો. કર્ણ રાજાની રાણીને બાબરો ભૂત વળગેલો. તેથી રાજાએ કહ્યું કે જે બાબરાને કાઢે તે એક રાતમાં જેટલાં ગામને તોરણ બાંધે તેટલાં ગામ તેને દઉં. હરપાળે તેની મંત્ર-સાધનાના પ્રતાપે રાણીને મુક્ત કરી અને શક્તિની સહાયથી બે હજાર ગામોને એક

---

૧. વર્તમાન સિંધ (પાકિસ્તાન)ના નગરપારકર પાસે હાલ થલા તાલુકો છે. તેમાં કેરન્તિ આવ્યું. થલાના નામે ઝાલાવાડમાં પણ થલા વસાવેલું છે. કેસરનો પિતા વિહીયાસ મૃત્યુશય્યા ઉપર સૂતો ત્યારે કેસરે પૂછ્યું, "પિતાજી! જીવ કેમ જતો નથી?" તેણે કહ્યું કે, "સમૈયાનો હમીર સુમરો મારો વેરી છે. તેના સવાસો દૂમમલ વછેરા લાવી મારા કારજમાં બ્રાહ્મણને આપવાનું પાણી મૂક તો હું ગતે જાઉં." કેસરે કબૂલ્યું. કેસર આજ્ઞાંધાહુ હતો અને સવા મણનું તો તેનું ભાલું હતું. તે એકલો સમૈયા ગયો અને પ્રતિજ્ઞા પૂરી કરી. તે પછી જ્યોતિષીએ કહ્યું કે તમારું આયુષ્ય ઓછું છે. તેથી યુદ્ધભૂમિમાં મરવા ફરી હમીર ઉપર ચડી તેની ૭૦૦ સાંઢણી લઇ આવ્યો. તોયે હમીરે લડાઈ કરી નહિ. તેથી તેણે તેના રણવાસની ૧૨૫ સ્ત્રીઓનું હરણ કર્યું અને હમીરના સુલેહના કહેણનો ઇન્કાર કરી સ્ત્રીઓ પાછી નહિ સોંપતા ચાર પોતે રાખી અને બીજી ભાયાતોને વહેંચી દીધી. હમીરે કહેવરાવ્યું કે 'હું તારું રાજ ચપટીમાં ચોળી નાખું; પણ તારા પ્રદેશમાં મારાં ઊંટ ઘોડાને ચારો મળે નહિ.' તેથી કેસરે એક હજાર વીધામાં ઘઉં વવરાવ્યા અને હમીરને આમંત્રણ મોકલ્યું. હમીર પ્રબળ સૈન્ય લઇ ચડ્યો. યુદ્ધ ઘણું ભયંકર થયું. તેમાં અનેક મકવાણા રજપૂતો સાથે કેસર પણ મરાયો.

જે સુમરી સ્ત્રીઓ કેસરે રાખી હતી તેનાથી તેને નવ પુત્રો થયા હતા. આ સ્ત્રીઓ કેસર સાથે સતી થઇ.

રાસમાળા ભાષાંતરમાં આ સ્ત્રીઓમાં એક ચારણ હતી તેમ લખે છે. ચારણને પોતાની રખાત તરીકે ક્ષત્રિય રાખે નહિ તેથી તે વાત બંધબેસતી નથી.

આ કેરન્તિ માટે પણ રાસમાળા ભાષાંતરકર્તા શ્રી. રણછોડભાઇ માને છે કે તે ભચાઉ પાસે કેરાકોટ છે તે હશે. કચ્છના રાજાઓએ સિંધનો ઘણો ભાગ જીતી લીધેલો. કેરન્તિ કચ્છમાં નહિ પણ કચ્છના રાજ્યમાં હોવાનું વિશેષ સંભવિત છે.

હરપાળ કર્ણના નહિ પણ સિદ્ધરાજના સમયમાં થયો તેવી કેટલાએક લેખકોએ કલ્પના કરી છે. પણ તે ઇતિહાસનાં પ્રમાણોથી ખોટી ઠરે છે. બાબરો ભૂત સિદ્ધરાજની રાણીને વળગ્યો હતો તેમ પણ કહેવાય છે. પણ તે અન્ય હશે. તેને જગદેવ પરમારે કાઢ્યો. પણ તે એક કોયડારૂપ છે. આ પ્રશ્નો ગુજરાતના ઇતિહાસના હોઇ વિશેષ વિગતો અત્રે ચર્ચવાનું ઉચિત નથી. વિગતો માટે રાસમાળા ભાષાંતર જોવું.

રાતમાં તોરણ બાંધ્યાં. પણ કર્ણને આટલાં ગામોને કોઇ તોરણ બાંધે તે ખબર ન હતી. તેથી ચિંતાતુર થતાં રાણીએ કર્ણ રાજાની ચિંતા દૂર કરવા માટે માર્ગ કાઢયો. તેણે હરપાળ મકવાણાને ભાઈ કહેલો, તેથી કાપડું માગ્યું અને તેના ભાલનાં ૫૦૦ ગામ કાપડામાં પાછાં લીધાં. હરપાળે પાટડીમાં રાજધાની કરી અને ઇ. સ. ૧૦૯૦ થી ઇ. સ. ૧૧૩૦ સુધી ત્યાં રાજ્ય કર્યું.

તેને શક્તિદેવીથી સોઢો, માંગુ અને શેખરો નામે પુત્રો થયા તથા થરપારકરના સોઢાની કુંવરી રાજકુંવરબાથી ખવડ, ઓડાજી, જોગુજી, રાણોજી, બાપુજી, બળવંતજી, લોણકજી, દેવાજી તથા વીઠલજી થયા. શક્તિદેવીને ઉમાદેવી નામે એક કુંવરી પણ હતી.

સોઢોજી વડીલ હોઇ ગાદીએ બેઠો, માંગુજી ને જાંબુને ગરાસ મળ્યો. શેખરાજીને સમાણા, ચોરવડોદરા મળ્યાં. ખવડ કાઠી કન્યાને પરણ્યા. તેના વંશજો ખવડ કાઠી થયા. બાપુજીના વંશજો પાછળથી મોલેસલામ થયા જે લાલ માંડવા વગેરેના તાલુકદારો છે.

સોઢાજીનાં મા શક્તિદેવી ઇ. સ. ૧૧૧૫ લગભગ ગુજરી ગયાં. રાજધાની તો હરપાળના જ સમયમાં પાટડીથી ધામા ફેરવી. થોડા જ સમયમાં ઝાલાઓએ હાલના હળવદથી લઇ પાટડી ઉપરના પ્રદેશ ઉપર સંપૂર્ણ હકૂમત જમાવી, તથા પાટણના રાજાઓ સાથે તેમને ગાઢ સંબંધ હોવાથી તેમના રાજ્યકારભારમાં કંઇ પણ હરકત ઉપસ્થિત થઇ નહિ.

<u>ઝાલા કેમ કહેવાયા</u> : ઝાલાઓ કેમ કહેવાયા તે માટે એવી દંતકથા છે કે શક્તિ કે જે પ્રતાપ સોલંકીની પુત્રી હતી તેણે કુંવરોને ઝાલી લીધા હતા.[1]

<u>રાહ કવાટ રજો</u> : ઇ. સ. ૧૧૪૦ થી ઇ. સ. ૧૧૫૨.

રાહ કવાટ ગાદી ઉપર આવ્યો ત્યારે સિદ્ધરાજના અંતિમ દિવસો હતા. પણ ગુજરાતના મહારાજ્યનો સૂર્ય પૂર્ણ કળાએ પ્રકાશતો હતો. ઇ. સ. ૧૧૪૩માં સિદ્ધરાજ મૃત્યુ પામ્યો અને તેની ગાદી ઉપર કુમારપાળ બેઠો.

<u>કુમારપાળ</u> : કુમારપાળને પોતાનો અનુગામી થવા ન દેવા સિદ્ધરાજે આકાશ-પાતાળ એક કરેલાં અને કુમારપાળને આ જુલ્મી અને નિર્દય રાજાનો ક્રોધ વહોરી

---

૧. પાટડીના મહેલના ઝરુખે રાણી બેઠાં હતાં અને બાળકુંવરો રમતા હતા ત્યારે હાથી નીકળ્યો. તે કુંવરોને કચરી ન નાખે તે માટે શક્તિદેવીએ હાથ લાંબો કરી નીચેથી કુંવરોને ઝાલી લીધા તેથી તે ઝાલા થયા. આ વાત સર્વથા માન્ય રહે તેમ નથી. ૧૯

પરદેશમાં ભટકવું પડયું હતું. તે પચાસ વર્ષની વયે ગાદીએ આવ્યો ત્યારે સિદ્ધ-રાજના સામંતો અને મંત્રીઓ તેના શત્રુ થઇ પડયા. તેમાં કુમારપાળનો બનેવી કાન્હડદે તથા મંત્રી વાહડ મુખ્ય હતા. સિદ્ધરાજને હાથે પરાજિત થયા હતા તે રાજાઓ પણ ગુજરાતની સત્તાને ઉખેડી નાખવા તૈયાર થયા. તેમાં નાગોરનો રાજા આન્ન અને ઉજ્જૈનનો બલ્લાલ મુખ્ય હતા.

આ સમયનો લાભ લઈ રાહ કવાટે પાટણની સત્તાનો અનાદર કરી ખંડણી ભરવી બંધ કરી અને સ્વતંત્રતા ધારણ કરી. કુમારપાળ ઉપર જ્યારે શત્રુ રાજાઓ ચડી આવ્યા ત્યારે અનેક ખંડિયા રાજાઓ તેની સહાય અર્થે ગયા, પણ કવાટ ગયો નહિ. અને તેણે પૂર્વજોની ગુમાવેલી શક્તિ પુનઃ પ્રાપ્ત કરવા વૃથા પ્રયત્ન કર્યો.

માંગરોળ: રાહ કવાટને જોઇએ તેવો સહકાર મળ્યો નહિ. જેઠવાઓ રાહના પગલે ચાલી તેમનું નાનું રાજ્ય ખોવા તૈયાર ન હતા. માંગરોળનો ગોહિલ ઠાકોર કુમારપાળનો ખંડિયો બન્યો હતો. તેણે ઇ. સ. ૧૧૪૬માં કોતરાવેલ શિલાલેખમાં "કુમારપાળ રાજાના રાજ્યમાં" એવા સ્પષ્ટ શબ્દો વાપર્યા છે. આ ગુહિલ વલ્લભી વંશના અવશેષો હતા. માંગરોળમાં રહી તે પોતાને સૌરાષ્ટ્રનો નાયક કહેવરાવતો. ઇ. સ. ૧૧૪૬માં મૂલુક નામે ઠાકોર હતો. તેનો ભાઇ સોમ અતિ બળવાન હતો. તેણે સહજીગેશ્વરનું દેવળ બંધાવ્યું તથા સોમનાથ ઉપર સુવર્ણકળશ ચડાવ્યો. અને તેના ખર્ચ માટે ચોરવાડ, બળેજ તથા માંગરોળની જકાતમાંથી પ્રતિદિન કાર્ષાપણ (એક પૈસો) પ્રત્યેક વિક્રય ઉપર વસૂલ કરી આપવા આજ્ઞા કરી. વંથલી માટે પણ તે જ આજ્ઞા કરી અને વીસણવેલની દેગુયા વાવ ઝાડના ઝૂંડ સાથે આપી.[૧]

આથી જણાય છે કે ગોહિલ મૂલુકના રાજ્યનો વિસ્તાર વંથળીથી ચોરવાડ સુધી અને માધુપુર પાસે આવેલા બળેજ સુધી હશે.[૨]

આ સમયે જાંબુની ગાદીએ માંગુજી ઝાલા હતા. તેના પાટવી કુંવર માધુપાળ (મુંજપાળ) રાહના જમાઈ થતા. તેના પુત્ર ધવળ કે ધમળ થયા. તે પ્રભાસના વાળા ઠાકોર પસાજી કે પલાજીના જમાઈ હતા. સુલ્તાન કુતુબુદ્દીન ઐબકે તેને મારી જાંબુ

---

૧. લેખ માટે જુઓ ભાવ. ઇન્સ. અથવા હી. ઇ. ઓ. ગુજરાત : શ્રી. આચાર્ય; ભાગ ૨ જો.

૨. વર્તમાન સોરઠના લગભગ ½ ભાગ વંથળી ઉપરથી રાહની હકૂમત ઊઠી ગઇ હશે તેમ જણાય છે. ચિત્તોડ ઉપર જેમ ઉદયપુરની સત્તા ન હતી તેમ સંભવ છે કે રાહે વંથળી તજી દીધું હશે.

જીતી લીધું ત્યારે તે સોરઠમાં આવી ધામળેજ ગામ વસાવી ત્યાં રહ્યા.[1]

સોમનાથનો જીર્ણોદ્ધાર : કુમારપાળે ગુજરાતના સિંહાસને બેસી તેના દુઃખના દિવસોમાં સહાય કરનારા સ્નેહીઓ અને સેવકોને યોગ્ય બદલો આપ્યો. તેમાં મુનિ હેમચંદ્રનો સમાવેશ થતો હતો. તે હેમચંદ્ર સાધુ હતા, વિદ્વાન હતા, તપસ્વી અને વીતરાગ હતા. એટલે તેના ઉપકારનો બદલો વાળવા કુમારપાળે જૈન ધર્મનો સ્વીકાર કર્યો. ઉદયન મંત્રી કુમારપાળ તથા હેમચંદ્ર વચ્ચે ભાવ વધે તેવો ઉદ્યોગ કરતો હતો.

પ્રજાને હેમચંદ્ર પ્રત્યે અભાવ ન થાય તથા વિરોધ પક્ષ ઈર્ષ્યા ન કરે તેવો વર્તાવ હેમચંદ્ર રાખતા. તેમને ખબર હતી કે રાજાને અંતઃકરણથી મહાદેવ ઉપર પ્રેમ છે. તેથી જ્યારે એક વાર રાજાએ તેમને પૂછ્યું કે 'મારે કંઈ ધર્મનું કામ કરવું છે. આપ બતાવો.' ત્યારે તેમણે કહ્યું કે સોમનાથનું દેવળ સમુદ્રના આક્રમણથી તૂટી ગયું છે. તે સમરાવો. કુમારપાળે તે ખુશીથી સ્વીકાર્યું. અને હેમચંદ્રની સલાહથી જ્યાં સુધી તે કામ સંપૂર્ણ ન થાય ત્યાં સુધી માંસાહાર ન કરવાની તથા બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી.[2] તેણે દેવાલયનું કામ ભાવ નામના બ્રાહ્મણને સોંપ્યું. તે પૂરું થયું ત્યારે રાજાએ હેમચંદ્રસૂરિને કહ્યું કે 'મારું વ્રત મુકાવો'. હેમચંદ્રસૂરિ પાલીતાણા–ગિરનાર વગેરે સ્થળોએ થઈ પ્રભાસ ગયા અને કુમારપાળ પણ ત્યાં પહોંચ્યા. ભાવ બૃહસ્પતિએ તેમનો સત્કાર કર્યો. કુમારપાળે દેવાલયના પગથિયે જઈ મહાદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યા. હેમચંદ્રસૂરિ સાથે હતા. તેમણે કહ્યું કે "આ દેવાલયમાં કૈલાસપતિ મહાદેવ અવશ્ય બિરાજે છે." કુમારપાળે પૂજન કર્યું, પણ હેમચંદ્રે તેથી

---

૧. પ્રભાસ પાટણના ઠાકોરની સહાયથી તેણે ધામળેજ વસાવ્યું. તે પાછા જઈ કોઈ કાળે સ્વરાજ્ય પ્રાપ્ત કરી શકયા. પણ ધામળેજ અદ્યાપિ વિદ્યમાન છે. આ પાલજી ઠાકોર વાળે હોવા સંભવ નથી. સંભવતઃ તે ચાવડા હશે.

૨. આ વૃત્તાંત જૈન ગ્રંથ દ્વયાશ્રયમાં આપેલું છે, જ્યારે શિલાલેખનું પ્રમાણ અન્ય વૃત્તાંત આપે છે. પ્રભાસપાટણમાં ભદ્રકાલીના મંદિરમાં વલ્લભી સં. ૮૫૦–ઈ. સ. ૧૧૬૯નો લેખ છે. છે. તેમાં વારાણસીમાં ભાવ બૃહસ્પતિ નામનો મહાપંડિત રહેતો હતો. તે "ઉપમન" બિરુદ પ્રાપ્ત કરી માળવા કાન્યકુબ્જ અને ઉજ્જૈનમાં દિગ્વિજય કરી, પરમારોને પોતાના શિષ્ય બનાવી, મોટો સ્થાપી પાટણ આવ્યો. ત્યાં જયસિંહદેવ તેનાથી ખુશ થયો. ભાવે સોમનાથના દેવાલયનો જીર્ણોદ્ધાર કરવાની વાત કરી તેથી તે રાજી થયો, પણ જયસિંહ ગુજરી ગયો, અને ગંડ ભાવ બૃહસ્પતિએ જીર્ણ થયેલા દેવળને સમરાવવા કુમારપાળને વિનંતી કરી. કુમારપાળે ભાવ બૃહસ્પતિનો નમ્રતાથી સત્કાર કરી તે વાતનો સ્વીકાર કર્યો. ભાવ બૃહસ્પતિએ કામનો પ્રારંભ કર્યો અને તે પૂર્ણ થયે ૫૦૫ પુણ્યપુરુષનું પૂજન કર્યું; સ્થાન ફરતો કિલ્લો બાંધ્યો; વસ્તીને લાવીને વસાવી; બ્રાહ્મણોને મકાનો બાંધી આપ્યાં; રાજાઓ માટે કચેરી કરી; સુવર્ણકળશ ચડાવ્યા, અને બીજાં મંદિરો બાંધ્યાં તેમજ સમરાવ્યાં; ઘાટ બાંધ્યા, વગેરે. (ભાવ. ઇન્સ.)

(વિશેષ માટે શાસ્ત્રી હરિશંકરજીનો લેખ, 'પરમ માહેશ્વર રાજા કુમારપાળ' જુઓ.)

અધિક ભાવપૂર્વક પ્રાર્થના કરી. સર્વે જનો જૈનાચાર્યને મહાદેવનું સ્તવન કરતા જોઈ ચકિત થયા. કુમારપાળની તુલાવિધિ થઇ. હાથી, ઘોડા આદિનું દાન દીધું.[૧] હેમચંદ્રસૂરિએ પછી સર્વેને બહાર જવાની આજ્ઞા કરી. હવે માત્ર તે તથા રાજા મંદિરમાં રહ્યા.

કુમારપાળે પછી કહ્યું "સૂરીશ્વર, સોમેશ્વર જેવા દેવ નથી, આપના સમા સાધુ નથી, અને મારા સમાન રાજા નથી એ ત્રિવેણી સંગમ થયો છે. તો મહાદેવની સમક્ષ જૈનોથી યુકત થાય એવો એક દેવ સાચે સાચી રીતે મને બતાવો'. હેમચંદ્રસૂરિએ કહ્યું, 'હું સોમેશ્વરનો સાક્ષાત્કાર કરાવીશ'. અગરનો ધૂપ કરવામાં આવ્યો અને બન્ને ધ્યાનસ્થ થયા. થોડી વારે જ્યોતિ પ્રકાશી; સોમેશ્વર સાક્ષાત્ પ્રગટ થયા અને રાજાએ પ્રણામ કરીને કહ્યું, "હે જગત્પતિ! આપની સાધનાને કારણે મારી આંખોને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઇ. હવે કૃપા કરી કાનોને તૃપ્ત કરો." સોમેશ્વરે કહ્યું "ઓ રાજા! આ સાધુ સર્વ દેવતાઓનો અવતાર છે. એ કપટ વિનાનો છે. જેમ તે સ્વહસ્તમાં મુકતાફળ નીરખી શકે છે તેમ દેવત્વ જોવાનું પણ તેને સ્વાધીન છે. તે ભૂત ભવિષ્ય વર્તમાન જાણે છે. તે જે માર્ગ બતાવે તે ગ્રહણ કરવો." શંકર અંતર્ધાન થયા અને કુમારપાળ હેમચંદ્રસૂરિના ચરણમાં માથું મૂકી તેને શરણે ગયો. કુમારપાળે જૈન ધર્મનો સંપૂર્ણ સ્વીકાર કરી માંસાહાર અને મદિરાપાન બંધ કર્યાં.[૨]

કુમારપાળે બ્રાહ્મણોને દાન આપ્યાં અને ગુજરાતમાં પાછો ગયો. આ સમયે અનેક રાજાઓ આવ્યા પણ રાહ ગયો નહિ.

**સમરશી** : સોરઠના રાજા સમરશીએ[૩] કુમારપાળના સાર્વભૌમત્વનો અનાદર

---

૧. આ વિષય વિસ્તૃત હોઇ આ પુસ્તકમાં મૂકી દેવામાં આવ્યો છે. મારું "સોમનાથ" નામનું પુસ્તક વિશેષ વિગતો માટે જોવું.

૨. આ વાત ધાર્મિક દૃષ્ટિએ કે પ્રચારની દૃષ્ટિએ જોઇએ તો માની શકાય; પણ પોણા સૈકા પહેલાં કુહારાઘાત થયો ત્યારે મહાદેવ સાક્ષાત્ થયા નહિ. હેમચંદ્રસૂરિ તાંત્રિક હતા. રાજાના પલંગને ઉપાડી આણ્યો હતો અને દેવી ચક્રેશ્વરીની સહાયથી અનેક તંત્ર વિદ્યાના ચમત્કાર તેમણે કરેલા હતા. તેવો આ પણ એક ચમત્કાર જ હશે. રાજાને પોતાનો શિષ્ય બનાવવાની આ એક સુંદર તરકીબ હશે.

૩. 'પ્રબંધચિંતામણિ'માં આ રાજાનું નામ 'સુંડર' છે; એક પ્રતમાં સઉચર છે; બીજે સ્થળે સંસર કે સાંસર છે. તેથી રાસમાળા – ભાષાંતરકાર અનુમાન કરે છે કે તે મેર જાતિનો ચાચર કે છાછર હોય; પણ ઉદયન જેવા વૃદ્ધ અને અનુભવી સેનાપતિને શિકસ્ત આપે તે ટીંબાણાના મેર જેવો નાનો ઠાકોર હોઇ શકે નહિ. સમરશી અર્થાત્ સમરસિંહ નામ નહિ પણ ઉપનામ હોઇ શકે અને રાજાઓ આવાં બિરુદો ધારણ કરતા. સૌરાષ્ટ્રમાં એ સમયે આવો કોઇ રાજા હતો નહિ અને કુમારપાળ સામે વિરોધ જાહેર કરી શકે તેવો કોઇ રાજા હોય તો તે સોરઠનો રાહ જ હતો. સોમનાથના જીર્ણોદ્ધારના ઉત્સવમાં તે ગયો ન હતો અને કુમારપાળને તેથી અપમાન લાગ્યું હશે. વળી તેણે ખંડણી પણ આપવી બંધ કરી હતી. તેથી રાહને શિક્ષા કરવા ઉદયનને મોકલ્યો હોવાનું સંભવિત છે.

કર્યો. તેથી મંત્રી ઉદયનને તેના સામો મોકલ્યો. કુમારપાળ વઢવાણમાં રહ્યો. આ યુદ્ધમાં ઉદયને સજ્જડ હાર ખાધી. તેથી તેને કુમારપાળને મોઢું બતાવવાનું યોગ્ય જણાયું નહિ અને માનસિક આઘાતથી પાલીતાણામાં તે મૃત્યુ પામ્યો.[૧] અજિત કુમારપાળને આ રાજાએ હરાવ્યો. તે કોણ હતો તે માટે જૈન ગ્રંથોમાંથી કાંઈ મળતું નથી.

કુમારપાળ ઉદયનની હારથી ચિડાયો અને તેણે વાહડની સરદારી નીચે ફરીથી બીજું સૈન્ય મોકલ્યું.

ચારણોની વાર્તા પ્રમાણે રાહ કવાટે કુમારપાળના સૈન્યને પરાજિત કર્યું. જ્યારે વાગ્ભટ કે વાહડ ફરી ચડ્યો ત્યારે તેને નમતું આપવા સલાહ મળેલી, પણ કવાટ માન્યો નહિ અને કુમારપાળના સૈન્ય સામે લડતાં તે મરાઈ ગયો.

જૂનાગઢ ફરીથી સોલંકીઓના હાથમાં પડ્યું; પણ કુમારપાળ હવે વૃદ્ધ થયો હતો અને તેને સંતાન હતું નહિ. તેથી તેણે રાહ કવાટના[૨] પુત્ર જયસિંહને ગાદી

---

૧. ઉદયનના મૃત્યુ માટે પ્રબંધચિંતામણિ તથા કુમારપાળ રાસમાં ફરતી હકીકત છે. એક મત પ્રમાણે સમરને મારી, તેના પુત્રને ગાદીએ બેસાડી, સમૃદ્ધિ લઇ આવતાં માર્ગમાં ઉદયનને મૂર્છા આવી અને તે વખતે તે આક્રંદ કરવા લાગ્યો. પૂછતાં કહ્યું કે 'મારા મનમાં ચાર ઇચ્છાઓ રહી જાય છે. ૧ આંબડ દંડનાયકની પદવી પ્રાપ્ત કરે; ૨. શત્રુંજય કે જેમાં ઊંદરે દીપકજ્યોત તાણી લઇ જવાથી કાષ્ટ મંદિર આગમાં તારાજ થયાં હતાં તે પુનઃ પાષાણનાં બંધાય; ૩. ગિરનાર ઉપર નવાં પગથિયાં બંધાય; ૪. મને અત્યારે ભવસાગર તરાવી શકે તેવો ગુરુ મળે.'

સામંતોએ પ્રથમની ત્રણ ઇચ્છાઓ તેનો પુત્ર વાહડ પૂરી કરશે તેમ ખાતરી આપી અને ચોથા માટે એક ધૂર્તને વેશ પહેરાવી ઊભો કર્યો. ગુરુ જાણી ઉદયને તેને પ્રમાણ કર્યા અને મૃત્યુ પામ્યો. આંબડ દંડનાયક થયો. અને વાહડે કુમારપાળની આજ્ઞાથી ગિરનાર ઉપર જઇ ત્રેસઠ લાખના ખર્ચે પગમાર્ગ બંધાવ્યો. પછી કપર્દી મંત્રીને પોતાનું કામ સોંપી શત્રુંજયની તળેટીમાં છાવણી નંખી અને અન્ય ધનિકોના આગ્રહથી આવેલી સહાય વડે ત્રણ વર્ષમાં તીર્થોદ્ધાર કર્યો. તેમાં બે કરોડ દામ ખર્ચ્યા. મેરુતુંગ આ આંકડો એક કરોડ સાઠ લાખનો આપે છે. તેણે હેમચંદ્રસૂરિને બોલાવી પ્રતિષ્ઠા કરી અને ત્રિભુવનપાળપ્રાસાદ બંધાવ્યો અને ત્યાં પોતાની સ્મૃતિ રાખવા વાહડપુર વસાવ્યું.

૨. કોઇ જૈન ઇતિહાસમાં આ પ્રસંગ વર્ણવ્યો નથી. 'પ્રબંધચિંતામણિ'માં ઉદયને જ આ રાજાને માર્યો અને તેના પુત્રને ગાદી આપી તેમ લખ્યું છે. પણ એક ચારણ વાર્તાકાર પાસેથી મને બે દુહા મળ્યા છે. તે રાહ કવાટ વિષે માટે તેણે કહેલા; પણ તેનાથી જણાય છે કે તે આ રાહ કવાટ માટેના છે તથા રાહ કવાટ બીજો વાહડ સામે લડતાં માર્યો ગયો.

સૂર સોલંકીરાજને, ચતુર પ્રધાન ચવાટ, (ચાહડ કે વાહડ)
કારી એમાં તારી કે કયાં ફાવે કવાટ..... ૧
નમતું નહિ દે નરપતિ તો પરવારીશ પાટ,
ઊભો ભાંગ મ ભૂપતિ, મોટો કાળ કવાટ... ૨

કાળ મોટો છે. કાલે પાટણ પડશે; માટે હમણાં નમતું દે. જીવતો નર ભદ્રા પામે.

આપી અને જયસિંહે કુમારપાળનું આધિપત્ય સ્વીકાર્યું.

## રાહ જયસિંહ : ઇ. સ. ૧૧૫૨ થી ઇ. સ. ૧૧૮૦

રાહ જયસિંહનું નામ ગારિયેા હતું. તે જયસિંહનું નામ ધારણ કરી ગાદ્દી ઉપર બેઠેા. ચારણેા કહે છે તેમ તેનું નામ દયાસ પણ હતું.[૧]

**જૈન મંદિર :** રાહ જયસિંહ ગાદ્દી ઉપર આવ્યેા ત્યારે કુમારપાળ જૈન ધર્મનેા પૂરેા અનુયાયી થઈ ચૂકયેા હતેા. તેણે તેના ખંડિયા રાજાઓને તેઓ જે ખંડણી આપતા તે ન લેતાં તેમાંથી હિમાલયના શિખર જેવાં જૈન મંદિરેા ચણાવવા આજ્ઞા આપી. અને રાહ જયસિંહે તેની આજ્ઞાનેા અમલ કર્યેા.[૨]

**કનેાજ :** ગુજરાતના મહાપરાક્રમી રાજા કુમારપાળને જયસિંહે ખંડણી આપી હતી, તેના ધાર્મિક સિદ્ધાંતેાને અનુસરવા પ્રયત્ન કર્યેા હતેા અને તેનેા તેને કેાઇ ભય ન હતેા; પણ પરાધીનતાનેા કીડેા તેના હૃદયને કેારી ખાતેા હતેા. રાહ જયસિંહ મૌન અને શૂન્યમનસ્ક બેઠેા રહેતેા. તેણે અન્યત્ર પરાક્રમ કરી નવું રાજ્ય પ્રાપ્ત કરવાનેા મનસૂબેા કર્યેા; અને તે પાર પાડવા કનેાજના રાજા જયચંદ્ર રાઠેાડને ત્યાં સંયુક્તાના સ્વયંવરના મિષે મેાટું લશ્કર લઈ તે મહેમાન થયેા. રાજા જયચંદ્ર રાઠેાડ જયસિંહનેા સગેા[૩] થતેા હતેા. સંયુક્તાના સ્વયંવરમાં તે હાજર હતેા અને પૃથ્વીરાજે સંયુક્તાનું હરણ કર્યું. તે પછી જે યુદ્ધ થયું તેમાં પણ તે જયચંદ્ર તરફથી લડયેા હતેા.

રાજા જયસિંહ રૂપાળેા, ગૌરાંગ અને બલવાન દેહવાળેા હતેા. તેની બુદ્ધિ કુશાગ્ર હતી. તેથી જયચંદ્રે તેનેા કારભાર તેને સેાંપી પૃથ્વીરાજ સામે તેણે યુદ્ધેા કર્યાં. આ તકનેા લાભ લઈ જયસિંહે કનેાજની ગાદ્દી પચાવી પાડી અને પેાતાના નામની આણ ફેરવી. જયચંદ્રે પેાતાની ત્રિશંકુ જેવી દશા જોઇ તેના દસેાંદીને વિષ્ટિ કરવા મેાકલ્યેા. તેના પરિણામે જયચંદ્ર પાસેથી અઢળક ધન લઇ કનેાજ છેાડી જય-

---

૧. કર્નલ વેાટસન કહે છે કે તેણે જયચંદ્ર રાઠેાડ સાથે યુદ્ધ કર્યું, માટે તે ગારિયેા કહેવાયેા. ગ્રહાર–ગાર–ધાર–ગ્રહરિપુ એ નામ આ કુળમાં પૂર્વજનું હતું. તે નવું ન હતું. દયાસ નામનું પણ તેમજ.

૨. તેણે કયું મંદિર બંધાવ્યું તેનેા જૈન ગ્રંથેામાં ઉલ્લેખ નથી; પણ ગિરનાર ઉપર કુમારપાળની ટૂક છે. તે મંદિર આ રાહે બંધાવ્યું હેાવાનું જણાય છે.

૩. એક ગ્રંથકાર તેને માતામહ કહે છે; પણ રાઠેાડ યદુવંશી હેાઈ મામેા હેાવાનું સંભવે નહિ. (ગૌ. હી. ઓઝા)

સિંહ ગ્વાલિયર આવ્યો. તે કિલ્લો હસ્તગત કરી જયસિંહે ત્યાં પોતાની આણ ફેરવી.[૧]

ગુજરાત : આ સમયમાં, એટલે ઈ. સ. ૧૧૪૭માં, કુમારપાળ ગુજરી જતાં તેની ગાદીએ અજયપાળ બેઠો. અજયપાળે જૈનધર્મીઓ ઉપર જુલ્મ ગુજારી શાંકર મતનું પ્રતિપાદન કર્યું. પણ તે ઝાઝું જીવ્યો નહિ અને ઈ. સ. ૧૧૭૭માં ગુજરી ગયો. તેની પાછળ તેનો બાળપુત્ર મૂળરાજ ગાદીએ આવ્યો; પણ તે બાળક હતો. તેથી અજયપાળનો ભાઈ ભીમદેવ તેના વતી રાજ્ય ચલાવવા લાગ્યો. પણ તે પણ બે વર્ષ ગાદી ભોગવી ઈ. સ. ૧૧૭૯માં ગુજરી જતાં ભીમદેવ ગુજરાતનો સ્વામી થયો. ભીમદેવ પરાક્રમી અને તેજસ્વી રાજા હતો. તેણે સૌરાષ્ટ્ર, કચ્છ અને અન્ય પ્રદેશના રાજાઓ પાસેથી ખંડણી લીધી અને પોતાના સાર્વભૌમત્વનો સ્વીકાર કરાવ્યો.

સૌરાષ્ટ્ર : રાહ જયસિંહની ગેરહાજરીનો લાભ લઈ ઘુમલીના જેઠવા રાણા ભાણજીએ માંગરોળ અને ચોરવાડ સુધીનો પ્રદેશ ગોહિલો પાસેથી જીતી લીધો. અને ઘુમલીના રાજ્યનો ચારે તરફથી વિસ્તાર વધારી છેક આરંભડા અને મોરબી સુધીના પ્રદેશને સ્વાધીન કર્યો. વાઘેલાઓએ દીવના ચાવડાઓને મારી, તે પ્રદેશ તેઓ પાસેથી આંચકી લીધો. ભાણ જેઠવો[૨] એવો પ્રબળ થયો કે રાહને પોતાના સોરઠના રાજ્યને તેનાથી બચાવવાનો પ્રશ્ન થઈ પડ્યો.

પરદેશી ચડાઈ : ઈ. સ. ૧૧૭૮માં ગીઝનીનો મુયુઝુદ્દીન અહમદ બિન શામ

---

૧. આ કિલ્લો કયાં સુધી તેને સ્વાધીન રહ્યો તે જાણવા મળતું નથી. પણ તે સમયે દિલ્હીના તુંવાર રાજાઓએ દિલ્હી ખોયા પછી, ગ્વાલિયરમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. તેથી તેમના અધિકારમાં આ કિલ્લો હશે.

(આર્કી. સર્વે ઓફ ઇન્ડીયા : પ્રથમ પુસ્તક : જનરલ કનિંગહામ)

૨. ભાણ જેઠવો લોકસાહિત્યનો એક બહુ ગવાયેલો રાજા હતો. તેની માનીતી રાણીનો ક્રોધાવેશમાં તેણે ત્યાગ કર્યો; પણ તેના વગર રહી શકયો નહિ. તેને પુનઃ રાણીવાસમાં લાવવા શું કરવું જોઇએ તે બ્રાહ્મણોને પુછતાં, તેઓએ ૧૮૦૦ કન્યાદાન દેવાથી તે પાતકનું પ્રાયશ્ચિત્ત થશે તેમ કહેતાં તેણે માંગરોળમાં એક મહાન મંડપ બાંધી ત્યાં ૧૮૦૦ કન્યાનાં લગ્ન કરાવ્યાં અને પોતે કન્યાદાન દીધું.

"ઘુમલીયે ધમસાણ, જંગ મચાવ્યો જેઠવે,
ભલ પરણાવે ભાણ, એક લગ્ને અઢારસેં."

એક મંતવ્ય પ્રમાણે આ કન્યાદાન ઘુમલીમાં દીધાં હતાં તથા ત્યાં આ મંડપ હતો. માંગરોળમાં પણ આ મંડપ છે, જે પાછળથી ફિરોઝ તઘલખના સૂબા શમ્શુદ્દીન અન્વરે તોડી પાડી, ત્યાં મસ્જીદ બનાવી.

ગોરી મુલ્તાન ઉચ્ચના માર્ગે ગુજરાત ઉપર ચઢી આવ્યો. તેણે કચ્છનું રણ ઓળંગી પાટણ ઉપર આક્રમણ કર્યું.[૧]

મુસલમાનોની દોઢસો વર્ષ પછી આવતી આ ચઢાઈના સમાચારથી ભીમ વિહ્વળ થયો. તેણે તેના સામંતો, ખંડિયા રાજાઓ તથા મિત્રોને મદદે બોલાવ્યા.

રાહ જયસિંહ પણ સૌરાષ્ટ્ર પ્રતિ જતો હતો તે માર્ગમાંથી પાછો વળી ભીમદેવને મળ્યો અને તેણે મુસલમાનો સામે રણસંગ્રામમાં અતુલ શૌર્ય બતાવ્યું. આ યુદ્ધમાં પરદેશીઓનો સખ્ત પરાજય થયો, અને સુલ્તાનનું સૈન્ય કપાઈ ગયું. થોડા બચેલા સૈનિકોને લઈને તે માંડ ભાગી જઈ શકયો.

**ભીમ સાથે મૈત્રી** : આ યુદ્ધમાં સહૃદય સહાય આપવાથી ભીમદેવ તથા જયસિંહને મૈત્રી થઈ; અને જયસિંહે ભીમદેવને સોમેશ્વરના દેવાલયનો પુનઃ જીર્ણોદ્ધાર કરવા તેમજ તેને વિશેષ જાજવલ્યમાન બનાવવા પ્રેરણા કરી. ભીમે તેના નાગર મંત્રી શ્રીધરને મોકલી, ત્યાં મેઘધ્વનિ નામે મંડપ બંધાવ્યો.[૨]

**પૃથ્વીરાજ સાથે યુદ્ધ** : ભીમદેવે આબુના પરમાર રાજા જેતસી (જૈત્રસિંહ)ની પુત્રી ઇચ્છિનકુમારીનું માગું કર્યું. પણ તે કુંવરી પૃથ્વીરાજને આપેલી હોઈ જેતસીએ ભીમને તે સગપણ તોડી કન્યા આપવા ના પાડી. તેથી ભીમે તેના ઉપર ચઢાઈ કરી. અજમેરપતિ સોમેશ્વર ચૌહાણ બળવાન રાજા હતો. તે પૃથ્વીરાજનો પિતા હતો. તેથી ચૌહાણો પરમારની સહાયે આવશે તે વિચારે ભીમે રાહની સહાય માંગી. રાહ જયસિંહ અને કચ્છનો જાડેજો રાજા રાયધણ રાણીંગ ઝાલા વગેરે રાજાઓ ભીમને જઈ મળ્યા અને બન્ને પક્ષો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ચંદ બારોટ તેનું વર્ણન કરતાં લખે છે કે "યાદવ જામ જાણે હમણાં પૃથ્વીનો નાશ કરી નાખશે એમ પોતાના મિત્રોની જમણી બાજુએ ગર્જી ઊઠયો. તેના સામો ખેંગાર પૃથ્વી ઉપર અગ્નિના ભડકા સરખો થઈને આવ્યો. બન્ને ઉન્મત્ત સાંઢ થઇ લડયા."

---

૧. "તારીખે ફરિશ્તા" સોરઠી તવારીખમાં દીવાન રણછોડજી આ યુદ્ધને માંડળિક તથા મહમદ ગીઝનીનું કહે છે. (આ ચર્ચા આગળ કરવામાં આવી છે.) શ્રી. રણછોડભાઇ ઉદયરામ તે યુદ્ધ આ હોવું જોઇએ તેમ અનુમાન કરે છે અને તે વાસ્તવિક જણાય છે.

૨. આ મંડપ બીજા ભીમે બંધાવ્યો. તેનો ઉલ્લેખ પ્રભાસપાટણના મોટા દરવાજાના સં. ૧૨૭૩ (ઇ. સ. ૧૨૧૭)ના શિલાલેખમાં છે.

**श्री मूलराजस्नदनूदियाय तस्यानुजन्मा जयति क्षितिशः**
**श्री भीमदेवप्रथित प्रताप अकारि सोमेश्वर मंडपोऽय येनात्र मेघध्वनि नाम घेयः।** એમ સ્પષ્ટ લખ્યું છે. એટલે આ ભીમદેવ હોવો જોઇએ.

રાહુ જયસિંહ કનોજનો સંબંધી હતો અને ચૌહાણોનો શત્રુ હતો. વળી, ભીમદેવ સાથે તેને મૈત્રી હતી. એટલે તેણે અતુલ પરાક્રમ બતાવી યુદ્ધ કર્યું; પણ આ યુદ્ધમાં તે ચૌહાણોની તલવારના ઘાથી મરાયો.[૧]

રાહુ જયસિંહ એક સ્વપ્નદ્રષ્ટા હતો. ગુજરાતના રાજાની બેડી નીચે રહેવા કરતાં અન્યત્ર રાજ્ય સ્થાપવાની તેની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ ન થઈ, ત્યારે ભીમની મૈત્રી કરી, તેમાંથી લાભ મેળવવા તેણે પ્રયત્ન કર્યો; પણ સંયોગો પ્રતિકૂળ હતા. રાહુના નહિ પણ સમસ્ત આર્ય રાજાઓના પતનના પ્રસ્તાવનો તે કાળ હતો. રાહુ જયસિંહ તેમાંથી અપવાદ થઈ શકયો નહિ અને તેનાં સ્વપ્નો સિદ્ધ કરે તે પહેલાં તે યુદ્ધભૂમિ ઉપર શાશ્વત નિદ્રામાં પોઢી ગયો.

**રાહુ રાયસિંહ** ઈ. સ. ૧૧૮૦ થી ઈ. સ. ૧૧૮૪.

રાહુ જયસિંહ પછી તેનો પુત્ર રાયસિંહ પાટે બેઠો; પણ તે બહુ જીવ્યો નહિ. તેના સમયમાં ભીમદેવ યુદ્ધમાં પરોવાયેલો હતો અને રાહુ રાયસિંહ તેની સાથે યુદ્ધમાં રહ્યો. તે યુદ્ધભૂમિમાં માર્યો ગયો કે કેમ તેની ઐતિહાસિક નોંધ પ્રાપ્ત થતી નથી; પણ તે ઈ. સ. ૧૧૮૪માં મૃત્યુ પામ્યો.

**રાહુ મહીપાળ રજો** : ઈ. સ. ૧૧૮૪ થી ઈ. સ. ૧૨૦૧.

રાહુ મહીપાળ રાહુ રાયસિંહનો પુત્ર હતો. તે ગાદી ઉપર આવ્યો ત્યારે યુવાન હતો. તેનું બીજું નામ ગજરાજ હતું.

**પૃથ્વીરાજ ચૌહાણ** : પોતાના પિતા સોમેશ્વરને ભીમે માર્યો હતો. તેથી પૃથ્વીરાજ તથા ભીમને અણબનાવ હતો. તેનું વેર લેવા પૃથ્વીરાજ ભીમ ઉપર ચડી આવ્યો. અને ભીમનો પરાજય થયો.[૨] પરિણામે ગુજરાતના રાજાનું બળ ઘટયું.

**મુસ્લિમ ચડાઇઓ** : મુસલમાનો માટે ભારતના દરવાજા ઊઘડી ગયા હતા. ઈ. સ. ૧૧૯૪માં મહમદ ગોરીએ પૃથ્વીરાજના પતન પછી જયચંદ્રને હરાવ્યો અને કનોજ લીધું. કાશીનાં મંદિરો અપવિત્ર થયાં. તેના સેનાપતિ કુતુબુદ્દીને અજમેર ઉપર ચડાઇ કરી અને ઈ. સ. ૧૧૯૪માં પાટણ લીધું. ભીમનો સેનાપતિ

---

૧. ઉપરોક્ત વર્ણનમાં "ખેંગાર" યાદવ જામ સામે લડયો એમ કહ્યું છે; પણ ખેંગાર રાહ નહિ, પણ અન્ય રાજા હોવો જોઇએ.

૨. ચંદના રાસ પ્રમાણે ભીમ આ યુદ્ધમાં મરાઇ ગયો. પણ તે બરાબર નથી. ભીમ તે પછી પણ જીવતો હતો.

જીવણરામ[૧] મુસ્લિમો સામે ટકી શકયો નહિ; તે નાસી ગયો અને મુસ્લિમોનાં પાછળ પડેલાં સૈન્યો સાથે લડતાં વીરગતિને પામ્યો. પાટણ પડયું અને સ્વધર્મીઓનાં શિરોને યુદ્ધવેદીમાં આનંદથી હોમતા ભીમદેવનું અભિમાન ઓગળી ગયું; પરંતુ તે હિમ્મત હારે તેમ હતો નહિ. કુતુબુદ્દીન જતાં તેણે મુસ્લિમ થાણાં ઉઠાડી મૂકયાં.

કુતુબુદ્દીન સૌરાષ્ટ્રમાં : કુતુબુદ્દીને પાટણ જીતી તેના ભૂખ્યાં વરુના ટોળા જેવા સૈન્યને સૌરાષ્ટ્રમાં છૂટું મૂકી દીધું; પણ સૌરાષ્ટ્રના ઝાલાઓએ તેને ધંધૂકા પાસે આંતર્યાં; પણ કુતુબુદ્દીન યુદ્ધ ન આપતાં ઘોઘા ગયો. ત્યાં તેનો સલાહકાર બાવા તાજુદ્દીન ઝાલાઓ સામે લડતાં માર્યો ગયો.[૨] આગળ વિરોધ પ્રબળ થશે તેવી કે કોઇ બીજી ધારણાએ તે પાછો વળ્યો અને માર્ગમાં જાંબુ જીતી, ત્યાંના ઝાલા ધામળજી[૩]ને હરાવી મોરબી ગયો. ત્યાં જેઠવાઓને હરાવી તે પ્રાંતમાંથી તેની સત્તા ઉઠાડી મૂકી.

વત્સરાજ : આ સમયમાં વાયવ્ય સરહદેથી સિરસાનો વત્સરાજ નામનો રાજા કચ્છના માર્ગે થઇ સૌરાષ્ટ્રમાં આવ્યો. પ્રદેશો જીતતો તે સૌરાષ્ટ્રને સીમાડે આવી પહોંચ્યો. રાહનો સેનાપતિ ચુડામણિ આ આક્રમણને ખાળવા તેના સૈન્ય સાથે સામો થયો. ઘોર સંગ્રામ થયો. તેમાં વત્સરાજ હાર્યો અને ચુડામણિના હાથે માર્યો ગયો.

વત્સરાજ કોણ હતો અને સિરસા કયાં આવ્યું હતું તે અપાર સંશોધન કરવા છતાં પ્રાપ્ત થતું નથી. વાયવ્ય ભારતમાં તે સમયનાં જે રાજ્યો હતાં તેમાં વત્સરાજ નામનો કોઇ રાજા થયો હોવાનું જણાતું નથી. હાલના અંબાલા (પંજાબ) પાસે સિહપુરનું રાજ્ય હતું. ત્યાંનો રાજા નદીમાં તણાઇ ગયો અને તેને વારસ ન હતો. તેથી અંધાધૂંધીનો લાભ લઇ જેસલમીર રાજ્યના એક કુટુંબી અગરસેન રાવળે ઇ. સ.

---

૧. જીવણરામ ભીમનો સેનાપતિ હતો. (પ્રો. કોમીસેરિયેટ તેને કુમારપાળનો સેનાપતિ કહે છે.)

૨. ઘોઘામાં તેનો શિલાલેખ હી. સ. ૫૯૧ (ઇ. સ. ૧૧૯૫)નો છે. તેમાં બદરૂદ્દીનનો પુત્ર તાજુદ્દીન શહીદ થયાની નોંધ છે.

૩. ધામળજીએ દક્ષિણ કિનારે નાવેરમાં ધામળેજ વસાવ્યું. ત્યાં તે રિસામણે ગયેલા. તેનાં રાણી વાઘેલા વંશનાં હતાં, અને રાહ મહીપાળ તેના મામા થતા હતા. તેના સસરા નાવેર પ્રદેશના નાના ઠાકોર હતા. તેની સહાયથી સમુદ્રતીરના ચાવડાઓ પાસેથી ૪૧ ગામો જીતી તાલુકો સ્થાપ્યો. કુતુબુદ્દીન જાંબુની હિંદુ પ્રજાને વટલાવી, અપાર જુલ્મ કરી, જાંબુ ઉજ્જડ જેવું કરી પાછો ગયો. પછી ધામળજી પાછા ગયા અને તેના રાજ્યની આ હાલત જોઇ ધામળેજમાં જ રહ્યા. પણ તેના પછી તેના કુંવર કલોજીએ જાંબુ પાસે કુંડણીમાં રાજધાની કરી. ધામળેજ આસપાસ કારડિયા ઝાલાઓની વસ્તી હજુ પણ વિપુલ પ્રમાણમાં છે.

૧૦૯૫માં આ રાજ્ય લઈ પોતાની ગાદી સ્થાપી. સંભવ છે કે આ રાજાનો અનુગામી કે કુંવર આ ચડાઈ લાવ્યા હોય.[૧]

ચુડામણિ : ચુડામણિ[૨] આ વિજયથી ગર્વોન્મત્ત બન્યો. તેણે મેહ જેઠવાને હરાવી માંગરોળ અને ચોરવાડનો પ્રદેશ પડાવી લીધો. ચુડામણિની સહાયથી રાહે ગુજરાત ઉપર પોતાનો ધ્વજ ફરકાવવા ધાર્યું. પણ કુતુબુદ્દીનની ચડાઈ અને ગુજરાતના રાજાઓની અંતિમ પરિસ્થતિ છતાં ભીમદેવ સામે બાથ ભીડવાની તેની હિમ્મત ચાલી નહિ. તેથી તેણે પાટણ મૂકી વત્સરાજના સૈન્યાધિપતિ તથા સાળા આલા અને ઉદ્દલ ભાણેજોની રાજધાની મહોબા[૩] ઉપર ચડાઈ કરી અને એવો પડકાર ફેંકયો કે ચુડામણિને હરાવે તેને રાહની કુંવરી મોતીદે પરણશે. મહોબા ચુડામણિ સાથે યુદ્ધ કરવા શક્તિશાળી ન હતું; તેથી તેણે પરાજય સ્વીકારવા તત્પરતા બતાવી. ચુડામણિએ તેથી મહોબાના આલા પાસે તેના ભાણેજ મલ કે જે વત્સરાજનો પુત્ર થતો હતો તેને સોંપી દેવા માગણી કરી. પણ ક્ષત્રિય ધર્મ પ્રમાણે આ માગણીનો ઈન્કાર કરી આલા તથા ઉદ્દલે યુદ્ધ કર્યું. આ યુદ્ધમાં મલે ચુડામણિને દ્વંદ્વ યુદ્ધમાં મારી નાખ્યો. સોરઠનું સૈન્ય પરાજિત થયું; તેથી મલે મોતીદેની માગણી કરી, પણ અન્ય સેનાનાયકોએ કહ્યું કે તમે ચુડામણિને માર્યો તેથી સૈન્ય પરાજિત થયું ગણાય નહિ. આમ કહી તેઓ સોરઠ પ્રતિ પાછા વળ્યા; પણ મલે તેના મામા આલા તથા ઉદ્દલની સહાયથી પોતાની મદદે કનોજના રાજા લાખણુસી, ગુજરગઢના રામયા રાજા પ્રથિપતિ, અને મોહનગઢના રાજા મકરંદને[૪] બોલાવ્યા. આ રાજાઓ સોરઠી સૈન્યની પાછળ પડયા અને આબુ પાસે ભયંકર યુદ્ધ થયું. તેમાં સોરઠી સેના કપાઈ ગઇ. અંતે રાહે તેની કુંવરી મોતીદે મલને વચન પ્રમાણે પરણાવી.

જેઠવા : માંગરોળ–ચોરવાડનો પ્રદેશ ખોયા પછી અને મહોબાના પરાજયનો

---

૧. સિંહપુરનો ઇતિહાસ (ભારત રાજ્યમંડળ)

૨. ચુડામણિ નાગર હતો. આ સમયમાં રાઠોડનો સેનાપતિ ચુડા હતો. તેણે પ્રતિહાર રાજા પાસેથી તેનું રાજ્ય જીતી લીધું હતું. તે રાઠોડ હતો. તે તથા આ ચુડામણિ બન્ને જુદા.

૩. મહોબા વિન્ધ્ય પર્વતની પૂર્વ અને જમના નદીને દક્ષિણ દિશાએ આવેલો પ્રાન્ત છે. આ રાજ્ય ચંદેલાઓનું હતું. આ સમયે ત્યાંનો રાજા મદનવર્મદેવ હતો. એટલે મહોબા કોઇ બીજું હોય અથવા આલા અને ઉદ્દલ ત્યાંના ઠાકોરો કે સેનાપતિઓ હોય.

૪. આ રાજાઓનાં નામ પણ ઇતિહાસમાં મળતાં નથી. કનોજમાં ઇ. સ. ૧૨૧૨ સુધી જયચંદ્ર રાઠોડ હતો. એટલે લાખણુસી રાજા હોય નહિ. આ વૃત્તાંત ચારણોના ઇતિહાસમાંથી મળે છે. પણ વત્સરાજ–મલ–મહોબા વગેરે નામનો ઉલ્લેખ મળતો નથી. સંભવ છે કે આ લોકો સિંધના લુપ્તપ્રાય થયેલા કોઇ રાજ્યના રાજાઓ હશે, અને વત્સરાજને રાહ ઉપર ચડાઇ લઇ આવવા કાંઇ ખાસ કારણ હશે.

લાભ ઉઠાવી ઘુમલીના જેઠવા રાજાએ પોરબંદર--બળેજ, માધુપુર તથા વર્તમાન કુતિયાણા સુધીનો પ્રદેશ જીતી લીધો. રાહ મહીપાલે તેના ઉપર જાતે ચડાઇ કરી અને ઇ. સ. ૧૨૦૦માં રાણાના યુવરાજ વિક્રમાજિત (વીકિયાજી) તથા રાહ વચ્ચે સાકુકાના પાદરમાં લડાઇ થઇ. તેમાં રાણાના સૈન્યને સખ્ત પરાજય મળ્યો અને રાહે તે પ્રદેશ પોતાના રાજ્યમાં જોડી દીધો.

રાહ તથા જેઠવાના સંબંધો સારા હતા. પણ ભાણ જેઠવાએ ઇ. સ. ૧૧૭૯માં ગાદીએ આવી રાહની સરહદો દબાવવા માંડી અને તેના પુત્ર મેહ જેઠવાએ તેના પિતાનું ૧૧૯૦માં મૃત્યુ થતાં ગાદીએ આવી આક્રમણકારી નીતિ જારી રાખી. તેથી સોરઠ અને ઘુમલી[૧] વચ્ચે વૈમનસ્ય વધ્યું. ચુડામણિએ તેઓ પાસેથી માંગરોળ પ્રદેશ જીતી લીધા પછી પણ મેહના પુત્ર નાગે ઇ. સ. ૧૨૦૦માં સાકુકાની હાર બાદ પોતાની તલ્વાર મ્યાન કરી.[૨]

આ રાહના સમયમાં જૈનોએ ગિરનાર ઉપર ભીમદેવની સહાયથી અને સમ્મતિથી ઘણાં મંદિરો બાંધ્યાં. પ્રભાસપાટણમાં પણ કીર્તિસૂરિની પ્રેરણાથી મૂલવસંતિકા નામનું મંદિર બંધાવ્યું તથા કોઢનો રોગ મટે તેવા ચમત્કારક ગુણવાળા પાણીનો કુંડ બંધાવ્યો.[૩]

---

૧. જેઠવા રાજા ભાણ કે જેણે ૧૮૦૦ કન્યાઓ એક સાથે પરણાવી હતી તે વાર્તાઓનું એક પ્રિય પાત્ર છે. 'ભડની કોલણને ભાણ જેઠવે બોલાવી' વગેરે તેના નામની કહેવત કહેવાય છે. તે ઇ. સ. ૧૧૯૦માં ગુજરી ગયો. તેનો પુત્ર મેહ જેઠવો ઇ.સ. ૧૧૯૩ સુધી માત્ર ચાર વર્ષ રાજ્ય કરી ગુજરી ગયો. ચારણી ગાથાઓ પ્રમાણે તેનું રાજ્ય ઘણું લાંબું ચાલ્યું. તે પણ લોકસાહિત્યનું એક સુંદર પાત્ર છે.

ભડ ભાગી ગઢ ઘુમલી, તારું થાણું નક્કી થિર,
વિક્રમ જેડો વીર, ભાણુઉત ભડ જેઠવો.
સુણ્યો વિક્રમ સિંહાસને, વડો વાતુંએ વીર,
પણ નીરખ્યો નયને ધીર, ભાણુઉત ભડ જેઠવો.

એવો મેહ જેઠવો પરદુઃખભંજન વિક્રમના અવતાર સમો હતો. ઊજળી અને મેહ જેઠવાની વાર્તા પણ જાણીતી છે.

૨. સાકુકા હાલ ઉજ્જડ છે. તે સ્થળ નજીક કુંતી ચારણિયાણીનો નેસ હતો. સાકુકાના લોકોએ રાહને દગો દીધો; તેથી તેણે તે ગામ ઉજ્જડ કર્યું અને કુંતી તેને વફાદાર હતી. તેથી નેસને સ્થળે ગામ વસાવી તેનું કુતિયાણા નામ પાડ્યું. આ કુતિયાણાનું નામ કુંડિનપુર હતું એમ પણ કહેવાય છે. અહીંથી શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું હતું તેમ મનાય છે.

૩. ગાળા તથા ગિરનારના તેમજ પાટણના ઇ. સ. ૧૨૦૦ના લેખ.

(હી. ઇ. ઓ. ગુજરાત : ભાગ ૩. શ્રી. આચાર્ય)

રાહ મહીપાલ ઇ. સ. ૧૨૦૧માં ગુજરી ગયેા. આ રાહે તેના વીરત્વથી વિજયેા મેળવ્યા, પણ ગુજરાતના ભીમદેવના અંતરાયના કારણે તે બહુ પ્રગતિ કરી શકયેા નહિ.

## રાહ જયમલ : ઇ સ. ૧૨૦૧ થી ૧૨૩૦.

રાહ જયમલ ગાદીએ આવ્યેા ત્યારે કુમાર અવસ્થામાં હતેા; તેથી તેના પિતાના શત્રુઓએ માથું ઊંચકયું. ભીમદેવ પણ નબળેા પડયેા હતેા. એટલે સૌરાષ્ટ્રના રાજાઓએ પેાતપેાતાના વિસ્તારેા વધારવા પ્રયત્ન શરૂ કર્યા.

જેઠવા : જેઠવા રાજા વીકિયાજીએ પુનઃ રાહ સામે યુદ્ધ કરવા કમર કસી. તેણે ઢાંક અને કંડેારણાની વચમાં પર્વતમાળા છે ત્યાં મેાટી છાવણી નાખી અને રાહના પ્રદેશેા દબાવવા માંડયા. રાહે તેનું સૈન્ય લઇ તે છાવણી ફરતી કિલ્લેબંધી કરી અને વીકિયાજીને શરણે જવા અથવા યુદ્ધ આપવા ફરજ પાડી. પાટણવાવ પાસે ઓસમમાત્રીના ડુંગર પાસે એક ખૂનખાર યુદ્ધ થયું. તેમાં રાણાએ સંધિ કરી અને ઢાંકથી બરડા સુધીના પ્રદેશમાં રાહે ન જવું અને ઘેડ અને તે પછીના ભાગ ઉપર રાણાએ આક્રમણ ન કરવું તેવા કરાર થયા.

પણ વીકિયાજી ઇ. સ. ૧૨૨૦માં ગુજરી જતાં તેના કુંવર અને અનુગામી રાણા વિજયસિંહે (વજેસંગે) પુનઃ આ કરારનેા ભંગ કરી આક્રમણ કર્યું. પણ રાહે તેને ફરીથી સજ્જડ હાર આપી અને મેાટેા દંડ લીધેા.

મેર : આ સમયે ટીંબાણામાં જગમાલ[1] મહેર નામનેા એક ખંડિયેા રાજા હતેા. મૈત્રકેાના સમયથી આ પ્રદેશમાં મેર રાજાઓ હતા. જગમાલે ભીમદેવનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું અને રાહના અધિકારને તે અવગણતેા હતેા.

---

૧. જગમાલનું એક દાનપત્ર મળ્યું છે. તેણે તલાજામાં બે લિંગ સ્થાપ્યાં. તેમાં એકનું નામ તેની માતા પૃથિવીદેવી ઉપરથી પૃથિવીદેવેશ્વર તથા બીજું પિતા ચૌંડના નામ ઉપરથી ચૌંડેશ્વર રાખ્યું. તેના ખર્ચ માટે કાંબલ ઉલિંગ (કામ્બોલ) તથા કૂલસર ગામમાં જમીન આપી. તેનેા દ્વારપાલ સાખડેા હતેા. જગમાલ મહેર રાજા ચૌંડનેા પુત્ર હતેા. તે આનનેા પુત્ર હતેા. મેર લેાકેાનેા ઉલ્લેખ અહીં જોવામાં આવે છે.

ધંધૂકાના ધનમેરે ધંધૂકા વસાવેલું. તેના પૂર્વજ સોનિંગ મેર આ દેશમાં પ્રથમ આવેલા મહેરેા પૈકીના હશે. એક કથન પ્રમાણે સિંધમાં હિંગળાજ માતાનું સ્થાન છે ત્યાં તે રહેતેા. ત્યાંથી તેઓ માતાજીને નળકાંઠામાં લઇ આવ્યા. તેઓમાં સોનંગ મેર થયેા. તેને બાર દીકરા હતા. તેઓ પૈકી મેાટેા નરવાન તથા બીજો ધન અથવા ધાંડ હતેા. તેણે ધંધૂકા વસાવ્યું. (રાસમાળા). બીજા કથન પ્રમાણે શ્રી. રામચંદ્રજી જ્યારે લંકા ગયા ત્યારે સેતુના રક્ષણ માટે તેમણે પીઠના વાળમાંથી એક પુરુષ ઉત્પન્ન કર્યો. તે કેશવાળેા થયેા. તેને લંકાથી વળતાં રાક્ષસી પરણાવી. તેના વંશજો

વાજાઓ : રાહુ મહીપાલના રાજ્યકાળમાં સૌરાષ્ટ્ર દેશના તંખ્તા ઉપર એક નવો રાજ્યવંશ મહત્ત્વાકાંક્ષા અને મરદાનગી લઇ આવ્યો. તેઓએ પણ પોતાના બાહુબળે એક નાનકડો રાજ્યવંશ સ્થાપ્યો.

તેઓ રાઠોડ વંશમાંથી ઊતરી આવેલા હતા અને પાછળથી ઇતિહાસમાં વાઢેલ અને વાજા જાતિના નામથી પ્રસિદ્ધ થયા.[૧] તેઓએ માંગરોળ, માધુપુર, સોમનાથ અને ઉનાથી આંબેર સુધીનો પ્રદેશ જીતી લઈ ત્યાં તેમનાં રાજ્ય સ્થાપ્યાં.

---

રજપૂતમાં પરણ્યા. તેની પ્રજા મેર થઇ. (વોટસન)

કર્નલ ટોડ માને છે કે તેઓ હૂણ સેનાપતિ મિહિરના વંશજ છે. અજમેરની આજુ-બાજુ મેર લોકોનું રાજ્ય હતું. તેઓ મેરાવત અથવા મેરાત કહેવાતા. તેનો અર્થ "પર્વતનાં સંતાનો" એવો થાય છે.

એમ પણ ઇતિહાસમાં નોંધ થઇ છે કે આરબોએ સિંધ જીત્યું ત્યારે ઇ. સ. ૭૧૨માં દક્ષિણ સિંધમાં મ્હેડ-મેર-કે મનેડ નામની બળવાન જાતિ હતી. (વોટસન)

કુતુબુદ્દીન ઐબકે અજમેર જીત્યા પછી મેર લોકોએ આર્ય રાજાઓ સાથે મળી જઇ અજમેર પાછું લેવા પ્રયત્ન કરેલો. તેથી ઐબક તેના ઉપર પ્રબળ સૈન્ય લઇને ચડ્યો; પણ તેને હાર ખાઇ ઘાયલ સ્થિતિમાં પાછું જવું પડ્યું. (રાસમાળા)

કર્નલ વોટસન એમ પણ માને છે કે જેઠવાઓ સાથે મેરો આવ્યા. તેઓના રાણાને "મેર" આવી તેથી મેર કહેવાયા.

વલ્લભીના મૈત્રકોના સમયમાં મેર તેના સામંતો હતા. તેઓનું ટીંબાવાળું રાજ્ય ઇ. સ. ૧૨૦૭ સુધી તો પૂર્ણ કળાએ હતું. તે પછી હાથસણીમાં ઇ. સ. ની ચૌદમી સદીમાં પણ તેઓ હતા.

જેઠવાઓ સાથે તેઓ ઢાંક આવ્યા અને પાછળનાં વર્ષોમાં રાણાને તેના રાજ્યનું રક્ષણ કરવામાં તેઓએ વફાદારીથી સહાય કરી અને જેઠવા તથા મેરો પરસ્પર અદ્યાપિ પર્યંત સાથે રહ્યા. કર્નલ વોટસન એક કલ્પના કરે છે કે તે રણધીરજી નામના જેઠવાના વંશજ છે.

મેરની ચાર મુખ્ય શાખા છે: રાજસખા, કેશવાળા, મોઢા અને ઓડેદ્રા. રાજસખા રાણાના અમીરો છે. મોઢા મોઢવાડા ગામ ઉપરથી અને ઓડેદ્રા ઓડદર ગામ ઉપરથી કહેવાયા છે.

૧. જયશિખર ચાવડાના પતનકાળે અખેરાજ નામના ચાવડા સામંતે ઓખામંડળમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. સૌરાષ્ટ્રમાં આવાં અનેક નાનાં ચાવડા રાજ્યો હતાં. (જીતે ઉમરકોટ તીથે ચાવડા રાજ કરે, પોષે પ્રજા સંતોષ, માણેક મોતીએ દીવા બળે.) કુંગર વા ડમરકોટનું રાજ્ય વર્તમાન ગોહિલવાડમાં હતું. દીવ-સોમનાથ-માંગરોળ વગેરેમાં પણ તેમનું રાજ્ય હતું. તેણે કાબા-ઓને મારી, હરાવી તેના સરદાર તરીકે સ્વીકૃતિ મેળવી. અખેરાજના મૃત્યુ પછી તેનો પુત્ર ભુવડ થયો અને તેમના જયસંગ અને જયદેવ થયા. જયસંગ ગાદીએ આવ્યો. તેણે ચાવડાપાધર ગામ

વસાવ્યું તથા ચાવડાસર નામે તળાવ ખોદાવ્યું, જે હાલ મૂળવાસા તથા મૂળસર કહેવાય છે (કદાચ મૂળરાજના નામ પાછળ ફેરજિયાત નામ ફેરવાયું હશે.) તે બંધાવ્યાં. જયસંગ નિઃસંતાન ગુજરી જતાં જગદેવ રાજા થયો. તેણે ૨૧ વર્ષ રાજ્ય કર્યું અને તેની પછી તેનો પુત્ર મંગળદેવ અને તેના પછી તેનો પુત્ર દયાળદેવ રાજા થયો. તેની પછી જગદેવ રાજા થયો. એ પુત્ર હતા; કનકસેન તથા અનંતસેન.

કનકસેને કનકાપુરી વસાવી. તેનું વર્તમાન નામ વસાઇ અથવા વસાવી છે. ગીરના જંગલમાં હાલ કનકાઇનું સ્થળ છે ત્યાં કનકાવતી નગરી સ્થાપી. ત્યાંનો અમુક પ્રદેશ જીતી રાજ્ય સ્થાપ્યું. તેણે જૈન મંદિરો પણ બંધાવ્યાં અને બાંધકામને ઉત્તેજન આપ્યું. અનંતદેવે દ્વારકામાં ગાદી સ્થાપી. દ્વારકામાં રાજા રણછોડરાય જ હોય, છતાં અનંતદેવે ગાદી સ્થાપી, તેથી ત્યાંના હેરોલ રજપૂતોએ વાંધો ઉઠાવ્યો અને યુદ્ધ થયું. તેમાં અનંતદેવ માર્યો ગયો. રાહ કવાટને કેદ કરનાર આ અનંત હતો તેમ પણ એક માન્યતા છે.

**હેરોલ** : હેરોલ રજપૂત પરમાર શાખાના હોવાનું જણાય છે. તેઓએ ચાવડાની સત્તાને અંકુશ નીચે આણી અને લૂંટફાટ કરીને ઘણું દ્રવ્ય મેળવ્યું.

**રાઠોડ** : કનોજના જયચંદ્રે ગંગામાં પડી આત્મહત્યા કરી. પછી તેનો વારસ અને મંત્રીઓ શિયોજી ઇ. સ ૧૨૧૨માં કનોજથી નાસી છૂટયો અને કાલમૂઢ ગામે આવી ત્યાંના સોલંકીની કુંવરીને પરણ્યો. કાલમૂઢના સોલંકીએ માત્ર તેના શત્રુ કચ્છના લાખા ફૂલાણી ઉપર વેર લેવા રાઠોડને કુટુંબી બનાવ્યા. શિયોજીએ લાખા સાથે યુદ્ધ કર્યું, (આ લાખો રાહ ગ્રહરિપુનો મિત્ર લાખો નહિ, પણ તેનો વંશજ) અને ત્યાંથી પાટણ થઇ ખેડનાથ અથવા ખેડબ્રહ્મ આવ્યો; ત્યાંના ગોહિલોને મારી લુણીનાં કાંઠે રાજ્ય સ્થાપ્યું. મેર લોકો અને મીના લોકોને પણ તેણે હરાવ્યા. તેઓને આશ્રય દેનારા પાલીના બ્રાહ્મણોને તે પછી હોળીના તહેવારોમાં કતલ કરી પાલી ખૂંચવી લીધું ને મારવાડનું રાજ્ય સ્થાપ્યું.

શિયોજીનો યુવરાજ આસ્થાન હતો. તે મારવાડની ગાદીએ બેઠો અને બીજો પુત્ર સોનિંગ હતો. ઇડરનો ભીલ રાજા શામળિયો સોઢ તેના નાગર મંત્રી ગોવિંદરાયની પુત્રીનું બળાત્કારે પાણિગ્રહણ કરવા માંગતો હતો; તેથી ગોવિંદરાયની પુત્રીનું પોતે કન્યાદાન આપ્યું; તેથી મંત્રીના કુટુંબની સ્ત્રીઓએ ગાયું કે, "અમે ઇડરિયો ગઢ જીત્યાં રે, આનંદ ભયો." (આ ગીત હજી નાગર જ્ઞાતિમાં લગ્નપ્રસંગે ગવાય છે.)

શિયોજીનો ત્રીજો પુત્ર અજ હતો. તેણે એક સૈન્ય સજી સૌરાષ્ટ્ર તરફ ભાગ્ય અજમાવવા પ્રયાણ કર્યું અને દ્વારકાની યાત્રા કરી પરાક્રમ કરવા ધાર્યું. દ્વારકામાં ચાવડા અને હેરોલ વચ્ચે યુદ્ધ ચાલતું હતું. તેઓએ આ સૈન્ય તથા તેના રાજવંશી નાયકને જોઇને સહાય માગી. અજે હેરોલને સહાય આપી અને ચાવડા રાજા ભીખનસિંહને દગાથી માર્યો. અને પછી હેરોલને પણ મારી ઓખામંડળ પચાવી પાડયું.

તેના બે પુત્રો થયા : વેરાવળજી અને વીજજી. વેરાવળજીના વંશજો વાઢેલ થયા અને વીજજીના વાજા

વીંજાના વાજા હુઆ, વેરાવળ વાઢેલ;
ભડને ભાડા ભૂંજિયા, ઈ રાવ રાઠોડ.

રાહ જયમલ કવિઓને આશ્રય દેનારો હતો, પરાક્રમી હતો અને તેણે અનેક વિજયો પ્રાપ્ત કર્યા હતા. સૌરાષ્ટ્ર દેશના રાજાઓએ તેને કીમતી નજરાણાં તથા બક્ષિસ આપી હતી. રાહ જયમલના દરબારમાં કવિઓ રહેતા. તેમનાં કાવ્યોમાં રાહ જયમલનું એક કાવ્ય 'જયમલ–જશવર્ણન' લખ્યું છે.'[૧]

**નાગરો** : ઇ. સ. ૧૨૧૬માં વડનગર ઉપર આક્રમણ થતાં અથવા કંઈ કારણ બનતાં ઘણાં નાગર કુટુંબો સૌરાષ્ટ્રમાં આવ્યાં. રાહે તેમને અધિકારો, જમીન, જાગીરો આપ્યાં અને સૌરાષ્ટ્રમાં નાગર જ્ઞાતિનો કાયમી વસવાટ થયો.[૨] રાહ જયમલ ઇ. સ. ૧૨૩૦માં ગુજરી ગયો.

---

વાજાના વહીવંચા મેવાડના બહુવાના બારહડ સાગરદાનજીના ચોપડામાં લખ્યું છે કે અજના કુંવરો સં. ૧૧૩૩ (ઇ. સ. ૧૧૭૭)માં થયા. એ હિસાબે આ ચડાઈ ઇ. સ. ૧૧૨૫–૧૧૫૦ વચમાં થઈ હોય. કનોજ ઇ. સ. ૧૧૯૪માં પડયું એ કથન સત્ય માનીએ તો અજ કાં તો જયચંદ્રની હયાતિમાં જ અહીં આવ્યો હોય અથવા તે શિયોજીની હયાતિમાં આવ્યો હોય. શિયોજી ઇ. સ. ૧૨૧૨માં હતો. બારોટ સાગરદાનજીના ચોપડા પ્રમાણે વીંજાજી સં. ૧૨૭૦ (ઇ. સ. ૧૨૧૪)માં પ્રભાસ આવ્યા. ત્યાં યાત્રા કરી ઊના આવી તેમણે ગાદી સ્થાપી. તે સમયે દિગંતમાં વાજાં વાગ્યાં. તેથી તે વાજા કહેવાયા. સારાં શુકન થતાં ઘોડે ચડી આગળ વધ્યા. ઘોડો દૈવપ્રેરણાથી આગળ ચાલતાં ઝાંઝમેર પાસે અટકયો. ત્યાં સુધીની ભૂમિ તેઓએ હસ્તગત કરી.

૧. અપાર પરિશ્રમ છતાં આ પુસ્તક મળ્યું નથી. સંભવ છે કે તેમાં ઘણી ઐતિહાસિક હકીકતો ઉપલબ્ધ હશે.

૨. આ ઇતિહાસમાં જોયું તેમ વૃદ્ધનગર–વડનગર કે આનંદનગરના વેદપાઠી અયાચક નાગર બ્રાહ્મણોને વલ્લભી રાજ્ય સાથે ગાઢ સંબંધ હતો. વલ્લભી રાજાઓએ તેમને અનેક દાનપત્રો આપેલાં છે. શીલાદિત્યના મરણ પછી તેની રાણી પુષ્પાવતી પણ વડનગરના નાગરને ત્યાં રહી હતી, અને ડૉ. ભાંડારકર તો એટલે સુધી કહે છે કે ગુહા કે જે ચિતોડ વંશનો સ્થાપક હતો તે નાગરનો પુત્ર હતો અને દશ પેઢી સુધી તે રાજાઓ બ્રહ્મકર્મ કરતા.

(ઉદયપુરકા ઇતિહાસ : શ્રી. ગૌ. હી. ઓઝા.)

**आनंदपुर विनिर्गत विप्रकुलनंदनो महीदेवः**
**जयति श्री गुहदत्तप्रभव : श्री गुहिल वंशस्य ॥**

(ઇ. એ. વો. ૩૬ પા. ૧૬૧)

એટલે વલ્લભી રાજાઓના સમયમાં નાગરો અહીં આવેલા. તે પછી વિશળદેવ ચૌહાણે (ઇ. સ. ૧૦૨૫–૧૧૫૦) વીસનગર વસાવ્યું ત્યારે નાગરો દાન ન લેતા. તેથી દયાથી પાનનાં બીડાંમાં ગામ આપ્યાં. જેમણે ભૂલથી લીધાં તેમને ગૃહસ્થોથી જુદા પાડી બ્રાહ્મણ કહ્યા. આ પ્રસંગ પછી પણ નાગરો આ દેશમાં આવ્યા.

રાહ નવઘણના ઇ. સ. ૧૦૨૫ના મંત્રી શ્રીધર તથા મહીધર નાગર હતા.

આ રાજાને તક મળી હોત તો એક મહાન રાજા થઈ શકત, પણ ગુજરાતના રાજાઓ અને પાડોશીઓના કારણે તે બહાર નીકળી શકયો નહિ, એટલું જ નહિ પણ તેના અંતિમ દિવસોમાં તેના રાજ્યના કેટલાએક પ્રદેશો તેની પડતી દશાનો લાભ લઇ જેઠવા તથા વાજાઓએ દબાવી દીધા હતા.

રાહ મહીપાલ ઉર્ફે : ઈ. સ. ૧૨૩૦થી ઈ. સ. ૧૨૫૩.

રાહ મહીપાલના સમયમાં ગુજરાતના રાજકારણે પલટો ખાધો. વાઘેલાનું પરિબળ થયું, અને પાટણની ગાદી ઉપર તેઓ આંખો માંડીને બેઠા. ધોળકાનો મહામંડલેશ્વર લવણપ્રસાદ વાઘેલો લગભગ સ્વતંત્ર થઇ ગયો હતો. સોલંકીના દીર્ઘ રાજ્યકાળના પતનની ઘડીઓ ગણાતી હતી અને એ સાથે રાહના પવિત્ર વંશમાંથી પણ શૌર્ય અને વીરતા મરી પરવારતાં હતાં. રાહે આ સમયે ધાર્યું હોત તો સૌરાષ્ટ્ર જ નહિ પણ ગુર્જરરાષ્ટ્રનો રાજમુકુટ પોતાને શિરે મૂકી શકત; પણ રાહ મહીપાલ પાસે તેના પૂર્વજોની વીરતા કે દીર્ઘદૃષ્ટિ ન હતી.

વસ્તુપાળ-તેજપાળ : ગુજરાતમાં વાઘેલાઓના ઉદય સાથે તેમના પ્રધાન વસ્તુપાળ-તેજપાળ પણ તેટલા જ પ્રકાશમાં આવ્યા. તેઓ ધોળકાના વાઘેલાના મંત્રીઓ હતા અને યુદ્ધવીરો પણ હતા. તેમણે ઈ. સ. ૧૨૩૨માં ગિરનાર ઉપર તેમજ શત્રુંજય ઉપર સુંદર જૈન દેવાલયો બંધાવ્યાં.[૧] સૌરાષ્ટ્રમાં આ મંદિરો ઐતિહાસિકતા ધાર્મિકતા અને સ્થાપત્યનાં મૂર્તિમંત પ્રતીકો છે. વતુપાળ તથા તેજપાળે[૨] એ મંદિરો પાછળ અઢળક ધન ખર્ચ્યું છે.

---

ગુજરાતના રાજાનો જ્યોતિષી (મંત્રી) ઉયો હતો. તેના પુત્ર માધવ, લુલ અને ભાભ ગુજરાતપતિના વંશપરંપરાના મંત્રી હતા, એટલું જ નહિ પણ ભીમના મિત્ર હતા. તેનો પુત્ર શ્રીધર સેનાનાયક પણ હતો. શ્રીધર ઇ. સ. ૧૨૧૬માં હતો. જુઓ પ્રભાસપાટણની શ્રીધર-પ્રશસ્તિ. (ભાવ. ૮૯સ.)

એટલે નાગરો ઘણા વખત પહેલાં આવેલા; પરંતુ આ વખતે મોટા સમુદાયમાં આવ્યા અને તેઓ પ્રથમ તળાજા પછી અનુક્રમે ધોધા, મહુવા, ઊના, દેલવાડા, પાટણ, વેરાવળ, માંગરોળ અને જૂનાગઢમાં વસ્યા.

૧. જુઓ ગિરનારનાં જૈન મંદિરોના સં. ૧૨૮૮ના શિલાલેખો.
(હી. ઇ. ઓ. ગુજરાત ભા. ૩ શ્રી. આચાર્ય)

૨. વસ્તુપાળ-તેજપાળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ભાઇઓ હતા. તેઓ અણહિલપુર પાટણમાં રહેતા અને જ્ઞાતિએ પ્રાગ્વાટ (પોરવાડ) વાણિયા હતા. વીરધવલના પ્રધાન ચાહડે તેમનું નામ વીરધલવને સૂચવ્યું. ત્રણ લાખ દ્રમની પૂંજી લઇ તેઓ તેની ચાકરીમાં રહ્યા. તે ચાકરી સ્વીકારતાં તેમણે એવી ખાતરી લીધી કે ભવિષ્યમાં રાજા કોપે તો પણ તેણે તેનું ધન

આ મંદિરો ગિરનાર ઉપર રાહના સમયમાં બંધાયાં, અને એમ પણ જણાય છે કે રાહ એવો તો નિર્માલ્ય થઈ ગયો હશે કે તેની રજા તો શું પણ વિવેક ખાતર પૂછવાનું પણ જરૂરી નહિ જણાયું હોય!

**વંથલી** : જૂનાગઢથી માત્ર નવ માઇલ છેટે આવેલી રાહની જૂની રાજધાની વંથળી પણ રાહને કબજે ન હતી. તે રાઠોડ લોકોએ કબજે કરી હતી. આ સ્થળે સાંચણ તથા ચામુંડ નામના ભાઈઓ રાજ્ય કરતા, વીરધવલ વાઘેલો તેજપાળની સાથે

---

લેવું નહિ. તે પછી શત્રુંજય જતાં માર્ગમાં હડાળા ગામે પોતાનું દ્રવ્ય દાટવા જતાં તે સ્થળેથી અન્યનું દાટેલું અપાર દ્રવ્ય મળ્યું. તે માટે દેવીએ તેમને અંતરિક્ષમાંથી સલાહ આપી કે 'પર્વત ઉપર ધન રાખો કે જે સર્વ જુએ અને કોઇ લે નહિ.' તેથી તેમણે ગિરનાર, શેત્રુંજય તથા આબુ ઉપર સુંદર, વિશાળ અને આકર્ષક મંદિરો બંધાવ્યાં તેમજ સમરાવ્યાં.

તેઓ યુદ્ધવિશારદ પણ હતા. તેજપાળે ગોધરાના રાજા ધુધલને હરાવ્યો હતો. વસ્તુપાળે વીરધવલના સાળા સિંહ જેહવાએ એક સાધુને માર્યો, તેથી તેનો હાથ કાપી નાખ્યો હતો. તેમણે મોજદીન બાદશાહની માની સેવા કરી બાદશાહ પાસેથી ગુજરાત ઉપર ચડાઇ ન કરવાનું વચન મેળવ્યું હતું અને દેવગિરિના સિંઘણ સાથે સંધિ કરી હતી. વીરધવલના મૃત્યુ પછી તેમણે તેના પુત્ર વીરમને હરાવી તેના સસરા જાવાલીના ઉદયસિંહને હાથે તેનો ઘાત કરાવી, વીશળદેવને ગાદીએ બેસાડ્યો; પણ સિંહ જેહવાની ઉશ્કેરણીથી તેમનો કારભાર લઇ લીધો, તથા નાગડ નામના નાગરને મંત્રી નીમ્યો.

તેણે વસ્તુપાલના અધિકારો ઓછા કરી નાખ્યા. તે સં. ૧૨૯૮ એટલે ઈ. સ. ૧૨૪૨માં તાવથી બીમાર પડ્યો. તેથી શત્રુંજય તીર્થમાં ગયો અને ગુજરી ગયો; અને તેજપાળ સં. ૧૩૦૮ એટલે ઇ. સ. ૧૨૫૨માં શંખેશ્વર યાત્રાએ ગયો. ત્યાં ચંદ્રોમ્યાનપુરમાં તે ગુજરી ગયો. (રાસમાળા તથા આદિનાથનો શિલાલેખ : ભાવનગર ઇન્સ.)

આ સ્થળે ગુજરાતના આર્ય રાજને મુસ્લિમોથી પરાજિત થઇ ગુમાવનાર કરણ વાઘેલાના પૂર્વજોનો ઇતિહાસ જાણવો જરૂરી છે.

ભીમદેવ સોલંકીના અંતિમ કાળમાં કુમારપાળના પિતાના માસીના દીકરા અર્ણોરાજ હતા. તેની દરબારમાં ભારે લાગવગ હતી. તેનો પિતા ધવલ્લક વાઘેલ ગામનો ગીરાસિયો હતો. તેણે ધોળકા વસાવ્યું તથા વાઘેલા શાખ રાખી. અર્ણોરાજનો પુત્ર લવણપ્રસાદ થયો. તે ભીમના સમયમાં અતિ બળવાન થયો. તેણે ધોળકામાં રહી એક રાજ્ય સ્થાપી દીધું. ગુજરાતનું રાજ્ય-તંત્ર સોલંકીઓના અંતિમ દિવસોમાં કથળ્યું ત્યારે લવણપ્રસાદ સ્વતંત્ર થઇ પડ્યો. (ઇ. સ. ૧૨૦૦–૧૨૩૦) તેની હયાતીમાં જ તેનો પુત્ર વીરધવલ અતિ પરાક્રમી થયો. તેના પ્રધાનો વસ્તુપાળ તથા તેજમાળ હતા. તેણે ઘણા લોકો પાસેથી ધન લૂંટી અપાર દ્રવ્ય એકત્ર કર્યું. વીરધવલને બે રાણીઓ હતી. એક રાઠોડ સાંગણની બહેન, બીજી સિંહ જેહવાની બહેન. તેને ત્રણ પુત્રો હતા. જ્યેષ્ઠ પુત્ર વિરમને વીરધવલના મરણ પછી ગાદીએ બેસવા ન દીધો તેથી તે નાસી તેના સસરાને આશ્રયે ગયો. પણ મંત્રીઓના સંદેશાથી ભય પામીને જાવાલીના ઉદયસિંહે તેના જમાઇ વિરમને મારી નાંખ્યો. બીજો પુત્ર વીસલદેવ ગાદીએ આવ્યો અને તે ગુજરાતનો રાજા થયો (૧૨૪૩–૬૧). તેના પછી વીસલના ભાઇ પ્રતાપનો પુત્ર અર્જુનદેવ ગાદીએ આવ્યો. (ઇ. સ. ૧૨૬૧–૭૪) તેના પછી તેનો પુત્ર સારંગદેવ (ઇ. સ. ૧૨૭૪–૧૨૯૬) અને તે પછી તેનો કમભાગી પુત્ર કરણ વાઘેલો (૧૨૯૬–૧૩૦૪) અનુક્રમે રાજાઓ થયા.

સૌરાષ્ટ્રને લૂંટવા ચડાઇ લઇને આવ્યો. તેઓએ ગુજરાતમાં વેપારીઓ, ઠાકોરો, અધિકારીઓ, વગેરેને લૂંટી અઢળક લક્ષ્મી એકત્ર કરી હતી. તેથી તેમનો સૌરાષ્ટ્ર લૂંટવાનો વિચાર થયો. પ્રથમ તેણે વઢવાણના ગોહિલોને લૂંટ્યા.[૧] ત્યાંથી જૂનાગઢ આવી રાહ પાસેથી ખંડણી લીધી અને વંથળીના સાંગણ તથા ચામુંડ કે જે તેના સાળા થતા હતા તેને ખંડણી આપવા કહેણ મોકલ્યું. પણ તેઓએ ઇન્કાર કર્યો. વીરધવલે તેની રાણી જયતલદેવીને વિષ્ટિ કરવા મોકલી. પણ તેઓ માન્યા નહિ અને ભયંકર યુદ્ધ થયું. તેમાં બન્ને ભાઇ મરાયા. વીરધવલે વંથલીનો ભંડાર લૂંટ્યો. ૧૪૦૦ ઘોડા, ૫૦૦ બીજા તેજી ઘોડા, મણિ, મોતી, હીરા, ચાંદી આદિ તેના હાથમાં પડ્યાં. સાંગણના પુત્રને ગાદીએ બેસાડી તે નાઘેર તરફ ગયો. ત્યાં વાળા રાજાઓને લૂંટ્યા, નગજેન્દ્ર, ચુડાસમા તથા વાલાક[૨] આદિ પ્રદેશોના રાજકર્તાઓ પાસેથી દ્રવ્યનો દંડ લઇ તે દ્વારકા પહોંચ્યો અને ત્યાંથી વિજયો કરતો કરતો ધોળકા ગયો. એ રીતે સમસ્ત સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠાને પોતાના પરાક્રમના પાણીથી વીરધવલે ધોઈ નાંખી અને વાઘેલાના ઊગતા સૂર્ય સામે ચુડાસમાની અસ્ત પામતી સત્તા ટકી શકી નહિ.

ગોહિલો : આ રાહના સમયમાં વર્તમાન ભાવનગર રાજકુળના પૂર્વજ સેજકજી ગોહિલ[૩] સૌરાષ્ટ્રમાં આવ્યા. તેઓના મૂળ વિષે ઘણાં પરસ્પર વિરોધી મંતવ્યો છે.

ભાવનગર રાજકુટુંબના ઇતિહાસ પ્રમાણે વિ. સં. ૧૩૪(ઈ. સ. ૭૮)માં દક્ષિણ ભારતમાં પૈઠણ નગરમાં શાલિવાહન નામે રાજા થયો. તેના વંશજો મારવાડમાં આવી લૂણી નદીના તીરે આવેલા ખેરગઢના ભીલ રાજા ખેડવા પાસેથી તેનું રાજ્ય જીતી ત્યાં સ્થિર થયા, અને ૨૦ પેઢી રાજ્ય કર્યું. ૨૦મી પેઢીએ મોહોદાસ નામે રાજા થયા. તેને કનોજના રાઠોડ રાજા જયચંદ્રના ભત્રીજા શિયાજીએ મારી ગોહિલોને હાંકી કાઢ્યા. મોહોદાસ રણમાં પડ્યા અને તેના પૌત્ર સેજકજી (સહજીગ ?) વિ. સં. ૧૩૦૬–૭ (ઈ. સ. ૧૨૫૦)માં સૌરાષ્ટ્રમાં આવ્યા. તેના પિતા ઝાંઝરજી રણક્ષેત્રમાં

---

૧. ગોહિલો એ વખતે વઢવાણ નહિ પણ સેજકપુરમાં તરતમાં જ આવેલાં હતાં.

૨. આ સમયે વાળાઓ નાઘેરમાં, જેઠવાઓ બરડામાં તથા વાળાઓ વળાંકમાં હતાં. પણ નગજેન્દ્ર કોણ હતો તે સમજાતું નથી. વીરધવલની એક રાણી સિંહ જેઠવાની બહેન હતી. તેનો પુત્ર વીસલદેવ હતો. આ સિંહ ગાદીપતિ નહિ હોય પણ રાણાનો ભાઇ હશે. તત્કાલીન જેઠવા રાજા વજેસિંહ હતો. જેઠવાઓના નામ પાછળ "જી" એ સમયમાં લાગતો. તેમાં વિજયસિંહ એક જ 'સિંહ' પ્રત્યયવાળો છે. એટલે તે પણ સિંહ જેઠવા નામે પ્રસિદ્ધ હોય તો તે સંભવિત છે.

૩. માંગરોળમાં ગોહિલો હતા, પણ તે આ કુટુંબના નહિ. આગળ જોયું તેમ તેઓ સૂર્યવંશી ગુહાના વંશજ હતા અને વલ્લભી રાજાઓમાંથી ઊતરી આવેલા હતા. આ ગોહિલો મારવાડમાંથી આવ્યા.

સૂતા કે કેમ તે જણાતું નથી, પણ ખેરગઢની ગાદીએ સેજકજી હતા. એટલે ઝાંઝરજી પણ રણક્ષેત્રમાં વીરગતિને પામ્યા હશે.[૧]

સૌરાષ્ટ્રમાં : સેજકજી તેના કુટુંબીઓ, સૈનિકો તથા અશ્વો લઈ સૌરાષ્ટ્રમાં આવ્યા અને પ્રથમ પંચાળમાં મુકામ કરી રાહના દરબારમાં આવ્યા. રાહ મહીપાળે તેના મોભાને છાજે એવું સન્માન કર્યું અને રાજાના પરોણા તરીકે રાખ્યા.[૨] સેજકજીને બે રાણીઓ હતી. એક રાણીથી કુંવર રાણોજી તથા એક કુંવરી હતાં તથા બીજી રાણીથી કુંવર શાહજી, સારંગજી અને વાલમકુંવર હતાં. રાહે સેજકજીને શાહપુર તથા ફરતાં બાર ગામ જાગીરમાં આપ્યાં. ગોહિલોની છાવણીમાં, રાહના યુવરાજ ખેંગારનો ઘાયલ કરેલો શિકાર ગયો. ખેંગારે તે માગતાં ક્ષત્રિય રીતિ મુજબ ગોહિલોએ શરણાગતને સોંપ્યો નહિ ત્યારે યુદ્ધ થયું. તેમાં બન્ને પક્ષે ઘણા માણસો મરાયા. રાહની કચેરીમાં સેજકજી બેઠા હતા. ત્યાં ખબર આવી કે તેના માણસોએ ખેંગારકુંવરને મારી નાખ્યા. તેથી સેજકજી પ્રણામ કરી ઊભા થયા. ત્યારે રાહે પૂછતાં કહ્યું કે "મારા માણસોએ મારા આશ્રયદાતા ઉપર આવું દુઃખ નોતર્યું છે. એટલે હવે હું શું મોઢે અહીં બેસું ?" રાહે હસીને કહ્યું કે "ક્ષત્રિયપુત્રો મરવાને જ જન્મે છે. તમારા માણસોએ ક્ષાત્રધર્મ પ્રમાણે કર્તવ્ય કર્યું છે. પુત્રો તો મળશે; પણ તમારા જેવા મિત્રો નહિ મળે." પણ તરત જ ખબર આવી કે પ્રથમના ખબર ખોટા છે. ખેંગાર મરાયા ન હતા પણ પકડાયા હતા. સેજકજીએ તેથી તેની કુંવરી વાલમકુંવર ખેંગારને પરણાવી. તેના ભાઈઓ શાહજી અને સારંગજી રાહની સેવામાં રહ્યા. શાહજીને માંડવીની ચોરાસી અને સારંગજીને અર્થિલાની ચોવીસી આપી.[૩]

સેજકજીએ તે પછી રાહના શત્રુઓ પાસેથી ઘણો પ્રદેશ જીતી દીધો અને પંચાળમાં કાઠીઓ પાસેથી ઘણો પ્રદેશ હસ્તગત કરી ત્યાં સેજકપુર વસાવ્યું;[૪] અને

---

૧. સેજકજીને તેના વજીરના કારણે મારવાડ ભાગવું પડયું તે લોકવાર્તા છે. આ વાર્તા રસિક હોઇ વાંચવા જેવી છે. (સૌરાષ્ટ્રની રસધાર.)

૨. નબળી પડતી સત્તાને આવા વીરપુરુષોના સહકારથી પ્રબળ બનાવી શકાશે, એ કારણે અથવા સૌરાષ્ટ્રના આતિથ્યસત્કારના ધર્મની ભાવનાથી પ્રેરાઇ રાહે સેજકજીને સત્કાર્યા હશે.

૩. શાહપુર વંથલીના રાઠોડોનું જોર તોડવા સેજકજી દ્વારા વસાવ્યું હોવાનું જણાય છે. શાહજીના નામ ઉપરથી શાહપુર પડયું હોય તેમ જણાય છે. માંડવી કયું તે સમજાતું નથી. પણ તે શત્રુંજય પાસે હતું. અર્થિલા તે લાઠી. શાહજીના વંશજે પાલીતાણામાં અને સારંગજીના વંશજે લાઠીમાં રાજ્ય સ્થાપ્યાં છે.

૪. કર્નલ વોટ્સન સેજકપુર વસ્યાનું વર્ષ, શિયાળબેટના ઇ. સ. ૧૨૪૪ના પાળિયા ઉપરથી ઇ. સ. ૧૨૪૪નું મૂકે છે. પણ સેજકજી આ દેશમાં ઇ. સ. ૧૨૫૦ પછી આવ્યા. આ લેખમાં સહજીગપુરના પાલીવાવના વણિકોએ મલ્લિનાથ મહાદેવની સ્થાપના કરી તેનો ઉલ્લેખ છે. સહજીગ માંગરોળના ગોહિલનું નામ હતું, અને તેણે વસાવેલું સહજીગપુર કોઇ અન્ય હશે.

તેના ભાઈ હનુજીને બગડ, માનસિંહને ટાટમ, દેપાળજીને પાળિયાદ, મેઘાજીને જમરાળા અને દુદાજીને તુરખા આપ્યાં. પાંચમો ભાઈ વીસોજી કોળી કે મેર કન્યા પરણ્યો. તેને ખસ ગામ મળ્યું હતું. તેથી તેના વંશજો ખસિયા કહેવાયા.

બીજું મંતવ્ય : બીજું મંતવ્ય એ છે કે આ શાલિવાહન પૈઠણનો નહિ, પણ મેવાડમાં ઇ સ. ૬૭૫માં બીજો શાલિવાહન થયો. તેના અધિકાર નીચે ખેડ પ્રદેશ હતો, (જે હાલ વર્તમાન જોધપુર રાજ્યમાં છે.) ગુજરાતમાં સિદ્ધરાજ રાજ્ય કરતો તે સમયમાં ગોહિલવંશીઓ ખેડથી અણહિલપુર જઇ તેની સેવામાં રહ્યા. ગોહિલવંશી સહારનો પુત્ર સહજીગ સિદ્ધરાજનો અંગરક્ષક થયો. તેને સૌરાષ્ટ્રમાં જાગીર મળી. સહજીગના પુત્ર મુલુક અને સોમરાજ થયા, જેમાં મુલુક પિતાનો ઉત્તરાધિકારી થયો.[૧]

આ કથન માંગરોળના એક શિલાલેખના આધારે થયું હોવાનું જણાય છે.[૨] પણ બન્ને ગોહિલો હતા. બન્નેમાં સહજીગ કે સેજક નામ હતું. તેથી પ્રસિદ્ધ અને સર્વમાન્ય ઇતિહાસને વિકૃત સ્વરૂપ આપી સૂર્યવંશી ગુહાના વંશજોને આ ચંદ્રવંશી ગોહિલો સાથે મેળવી દેવાનું વિધાન અસ્વીકાર્ય બની જાય છે.[૩]

કાઠીઓ : મહીપાળનો પ્રધાન મોતીશા હતો. તેણે તેના વર્તનથી પ્રજાને ત્રાસ આપ્યો. અને અદ્યાપિ પર્યંત રાહની પ્રજાપ્રિયતા ઓછી થઇ. કોટડાના કાઠી

---

૧. 'ઉદયપુર રાજ્યકા ઇતિહાસ' : શ્રી. ગૌ. હી. ઓઝા.

૨. સોઢળી વાવનો શિલાલેખ (ભાવનગર ઇન્સ.)

૩. શ્રી. ઓઝાને વળાના કારભારી શ્રી. લીલાધરભાઇ પાસેથી મળેલા ઇતિહાસમાં તેમને

"ચંદ્રવંશ સરદાર ગૌત્ર ગૌતમ વખાણું
શાખા માધવી સાર જે કે પ્રવર ત્રિ જાણું.
અગ્નિદેવ ઉદ્ધારદેવ ચામુંડા દેવી
પાંડવ કુલ પરમાણુ આદ્ય ગોહિલ મૂળ એવી
વિક્રમ વધ કરનાર નૃપ શાલિવાહન
ચકવે થયો તે પછી ઓલાદમાં સોરઠમાં સેજક થયો."

પુષ્કરના સં. ૧૨૪૩ (ઇ. સ. ૧૧૮૬)ના શિલાલેખમાં ગુહિલવંશી ઠાકુર કોલ્હણને ગૌતમ ગોત્રનો લખ્યો છે, જ્યારે મધ્યપ્રદેશમાં દમોહના લેખમાં વિજયસિંહ ગુહિલને વિશ્વામિત્ર ગોત્રનો લખ્યો છે. મેવાડમાં ગુહિલો તેમને વૈજપાયન માને છે. ક્ષત્રિયો તેમના પુરોહિતોના ગોત્રને પોતાનું ગણે છે. (ઉદયપુર રાજ્યકા ઇતિહાસ : શ્રી. ઓઝા)

- વિશેષમાં શ્રી. ઓઝા મંડલિક કાવ્યનો નીચેનો શ્લોક ઉદ્ધૃત કરી એમ પ્રતિપાદન કરે છે કે સૌરાષ્ટ્રના ગોહિલો સૂર્યવંશી છે.

લોકો કે જે રાહના સૈનિકો હતા તથા રાહને વફાદાર હતા તેઓએ બળવો કર્યો અને મોતીશા તેના સામો ચડયો. પણ તે હાર્યો અને રાહના સૈન્યને કાઠીઓએ[૧] છિન્નભિન્ન કરી નાખ્યું, તેથી રાહે તેના માંડલિક અને મિત્ર ઢાંકના વાળા અર્જુનસિંહને તેની સામે મોકલ્યો. તેણે કાઠીઓને હરાવ્યા, પણ કાઠીઓએ ઢાંક સામે વેર બાંધ્યું અને પરિણામે ઢાકનાં ઘણાં ગામ કાઠીઓએ દબાવી દીધાં.

કાઠીઓનું એ રીતે આ પ્રદેશમાં ઘણું પરિબળ વધી ગયું અને રાહે ઇ. સ. ૧૨૫૩માં તેઓ સામે અર્જુનસિંહની સહાયતા માટે એક પ્રબળ સૈન્ય સજ્જ કરી આક્રમણ કર્યું. ભાદરના કાંઠે કોઈ સ્થળે ભયંકર યુદ્ધ થયું. તેમાં કાઠીઓ નાસી ગયા. રાહ વિજયી થયો માની પાછો ફરતો હતો, ત્યાં કાઠીઓએ પાછળથી હલ્લો કરી રાહનો પ્રાણ લીધો.

---

**रवि विधूम्दव गोहिसल्लके-**
**व्यंजत वानर भाजन धारव।**
**विविधवर्तन सवितकारणैः**
**ससमदैः समदैः सम सेव्यत ॥**

તેમાં 'રવિ વિધુમ્'નો અર્થ તેણે સૂર્યવંશી કર્યો છે. પણ તે માત્ર એક કવિની કલ્પના જ જણાય છે.

૧. **કાઠીઓ** : સૌરાષ્ટ્રનું નામ કાઠિયાવાડ થયું તેવું પરિબળ કાઠીઓનું હતું. આ કાઠીઓ ક્યારે આ દેશમાં આવ્યાં અને તેઓ કોણ હતા તે વિષય અંધારની જવનિકા પાછળ છુપાયો છે.

કર્નલ ટોડ તેમના રાજસ્થાનના ઇતિહાસમાં લખે છે કે "ઈંદુસિથિક અર્થાત્ જેટી, તક્ષક તથા અસી જાતિઓનું તથા શેષનાગ દેશ (ટોમરીસ્થાન)ની જાતિઓનું આગમન ઇ. સ. પૂર્વે ૬૦૦ લગભગ થયું. તેઓ રોમન તથા ગ્રીક રાજ્યથી લઇ સ્વીડન, નોર્વે સુધીના યુરોપના વિજેતા થયા. તે પછી અલ્પ અવધિમાં રોમ ઉપર અસી કાઠી અને કીંબી જાતિઓએ આક્રમણ કર્યું. તેઓ પુરાણોમાં જણાવેલા શાકદ્વીપ કે જેને ગ્રીક લોકો સીથિયા કહેતા ત્યાંના સૂર્યપૂજક નિવાસીઓ હતા. વળી તેઓ ઘોડાનું પૂજન કરતા તથા સૂર્યને મુખ્ય દેવતા માનતા. તે જાતિ કટ્ટા કહેવાતી. તેઓનાં રિવાજો અને મુખમુદ્રા સિથિયન છે. સિકંદરે ઇ. સ. પૂર્વે ૩૨૬માં ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે તેઓ સિંધુના તટે અધિકાર ભોગવતા. સિકંદર તેના સામેના યુદ્ધમાં માંડ બચ્યો હતો. જેસલમીરના આદિ રાજાઓને પણ કાઠીઓ સાથે યુદ્ધ થયાં હતાં. બારમી સદીમાં પૃથ્વીરાજ સામે કાઠીઓએ યુદ્ધો કર્યાં હતાં. તેઓ પાટણપતિના મિત્રો હતા, તથા કનોજના શત્રુ હતા. (રાજસ્થાનનો ઇતિહાસ : શ્રી. ઓઝા;+રાસમાળા: 'બીજો ભીમદેવ' એ પ્રકરણ).

કાઠીઓનું મૂળ સ્થાન એશિયા માઇનોરમાં કુર્દિસ્તાન પ્રાંતમાં હતું. ત્યાંથી તેમને આસીરિયાના પહેલા ટિગ્લાથ પિલઝરે ઇ. સ. પૂર્વે ૧૧૩૦માં કાઢી મૂક્યા.

એસીરિયનો તેને ખટ્ટી કહેતા. બાબ્રબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં તેને હીદીટ્ટી કહ્યા છે. તેની એક ટોળી કેમાણી કહેવાતી. તેઓએ ૨૦,૦૦૦ની સંખ્યામાં સૈન્ય રાખ્યું હતું, જેમાં અનેક ઘોડા તથા રથ હતા. રોલીયનના ઇતિહાસમાં તેના મુખ્ય શહેરને કારકેમીસ કહ્યું છે. કેમાણી તે ખુમાણ હોવા સંભવ છે. કાઠીઓએ તે પછી દમારકસના રાજા એન હાદાદની સાથે મળી એસીરિયા ઉપર આક્રમણ કર્યું. પણ તેમાં તેઓ હાર્યા અને ટિગ્લાથના પુત્ર શેલમાનેશેરને તાબે થયા. કાળે કરી મીડિયા તથા ઇરાનનાં રાજ્યો સામે ટકી ન શકવાથી હાઇડ્રોઓટ્સ નદી નજીક સંગાળા નગરમાં તેઓ વસ્યા. ત્યાં તેમણે સિકંદર સામે યુદ્ધ ખેલ્યું (ઇ. સ. પૂર્વે. ૩૨૬.) આરિયન નામનો ઇતિહાસકાર લખે છે કે કાઠીઓ કોઇ સત્તાને માનતા નહિ, તેથી પોરસે આબીસરેસ રાજાનો સહકાર મેળવી તેના ઉપર ચડાઇ કરી અને કાઠીઓને હરાવ્યા. તે પછી તેઓ ભારત તરફ આવ્યા.

જેસલમીરના ઇતિહાસ પ્રમાણે ઇ. સ. ૧૧૬૮માં કાઠીઓ રાજા શાલિવાહનના સમયમાં ઝાલોર અને અરવલ્લીમાં આવી વસ્યા. ત્યાંથી કચ્છમાં અને માળવામાં ગયા; ત્યાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા.

તેઓ સૌરાષ્ટ્રમાં પ્રથમ કયારે આવ્યા તે વર્ષ નિશ્ચિત થઇ શકયું નથી. પણ ખાચરો ઇ. સ. ૧૪૦૦માં થાન આવ્યા. (વોટ્સન.)

ચારણોના કથન પ્રમાણે મહાભારતમાં વિરાટ રાજાની ગાયો વાળવાની ક્ષત્રિયોએ ના કહી, તેથી કણે પૃથ્વી ઉપર લાકડી પછાડી અને તેમાંથી એક મનુષ્ય ઉત્પન્ન થયો. તે કાષ્ટમાંથી ઉત્પન્ન થયો માટે કાષ્ટીક કહેવાયો. તેને કચ્છમાં આવેલું પાવરનું રાજ્ય મળ્યું અને વરદાન મળ્યું કે તેના વંશજો લૂંટફાટથી જ જીવનનિર્વાહ કરશે. બીજી વાતમાં તેને કણના પુત્ર વૃતકેતુના વંશજો કહ્યા છે.

વૃતકેતે વંશ ઊજળો, ત્યાંથી વાળાજાત,
કૌરવોએ કળ ખોયું, અળ રાખી આખ્યાત.

તેના પટગીર, પાવરા, પાંજરિયા, તોરિયા, બેલ, જોબલિયા, નરેડ અને નાથો નામે પુત્રો થયા અને પ્રત્યેકમાંથી એક એક શાખા ઉત્પન્ન થઇ.

આ કાઠીઓ પૈકી એક ટોળી કચ્છમાંથી આવેલી. તેઓ ઢાંકના ધાનવાળાના આશ્રયે રહ્યા. ત્યાં ધાનવાળાનો કુંવર વેરાવળજી વીશળા કાઠીની પુત્રી રૂપાંદેને પરણ્યો. તેને ત્રણ પુત્રો થયા. વાળો, ખુમાણ અને ખાચર. તેઓ શાખાયત (રાજવંશી) કહેવાયા અને બીજા અવરતિયા કહેવાયા.

વાળા, ખુમાણ અને ખાચર ત્રણ ભાઇઓ હતા તેમ સમજાય છે. વળી તેઓના વંશજો હજી પણ અંદર અંદર લગ્નવ્યવહાર કરતા નથી. પણ ઇતિહાસ જોતાં તેઓ જુદે જુદે સમયે આવ્યા હોવાનું જણાય છે.

કાઠીઓમાં બાબરિયાની પેટા જાતિ છે. તેમાં વરુ, કોટિલા અને ધાંખડા મુખ્ય જાતિઓ છે.

ધાંખડા પોતાને પાંડવના વંશજો કહે છે. માનપાળ તંવરે પાંડવોના વંશને હાંકી કાઢી હસ્તિનાપુર લીધું ત્યારે પાંડવોના વંશજો થાન બાબરિયા આવીને વસ્યાં.

## રાહ ખેંગાર ઉજ્જે. ઈ. સ. ૧૨૫૩ થી ઇ. સ. ૧૨૬૦

રાહ ખેંગારે કાઠીઓના હાથે મરાયેલા તેના પિતાની ગાદીએ બેસી વેર લેવા તેઓ ઉપર ચડાઈ કરી. અર્જુનસિંહે[1] તથા ખેંગારે તેઓનો પીછો પકડયો. કાઠીઓ પાટણવાવના ઓસમના ડુંગરમાં ભરાયા; પણ રાહે તેઓને ઘેરી લીધા અને શરણે આવવા ફરજ પાડી. કાઠીઓને ઢાંકમાં કેટલીએક જમીનો આપી પસાયતાં આપ્યાં. અને તેમણે રાહ મહીપાળને દગાથી મારનાર કાઠી બેભલ પટગીરને સોંપી દેતાં તેણે રાહની માફી માગી; તેથી તેને છોડી મૂકયો.

રાજખટપટ : રાહ ખેંગાર તથા અર્જુનસિંહને ગાઢ મૈત્રી થઇ. તેથી રાહનો મંત્રી કલ્યાણ શેઠ તેને દૂર કરવા પ્રયત્ન કરતો હતો. ખટપટ વધી ગઈ, રાજ્યમાં અનેક કાવાદાવા શરૂ થયા. કલ્યાણ શેઠ શત્રુને મળી ગયો છે તેવી રાહને શંકા જતાં અર્જુનસિંહની સલાહથી તેને મંત્રીપદેથી દૂર કરી તેની જગ્યાએ માલજી

---

કોટિલાની ઉત્પત્તિ બ્રાહ્મણથી થઇ કહેવાય છે. સિહોરનો ત્રિકમ જાની તેના ભાઇને મારી તળાજામાં આવ્યો. ત્યાં દેવા દોરેલા નામના આહિરની પુત્રી તેને પરણવા તૈયાર થઇ. પણ ત્રિકમે ના પાડી; તેથી બેભલ વાળો ('દીયા તળાજા ડુંગરે કન્યાદાન કરોડ—એ બેભલ) વચમાં પડયો અને ત્રિકમના વારસો બાબરિયાના મુખી થશે તેમ કહી લગ્ન કરાવી આપ્યાં. (આ પ્રસંગની સુંદર લોકવાર્તા છે. જુઓ શ્રી. મેઘાણીકૃત રસધાર.) ત્રિકમના પુત્રનું નામ કોટિલો પાડયું, કારણ કે તેને કોટે જનોઇ હતી, અથવા તેના કપાળમાં ટીલું હતું.

જેહવા નાગાજણનો પુત્ર હલામણ હતો. તે માલ નામની ધાંધડા કુટુંબની કન્યાને પરણ્યો. તેનો પુત્ર વરુ નામે થયો.

૧. અર્જુનસિંહ ઢાંકનો રાજા હતો તેમ આ ચર્ણનમાંથી માત્ર ઉલ્લેખ મળે છે. ઢાંક ઉપર જેહવાઓનો અધિકાર હતો. નાગભાણ જેહવા ધ્રુમલીનું રાજ્ય યુવરાજ વીકિયાજીને આપી, પ્રેહ પાટણ-ઢાંક રહેવા જતા રહ્યા. તેની સાથે તેની પટરાણી સોન કાહિયાણી ગયાં. તેનો નાગાર્જુન નામે પુત્ર હતો. રાણીએ ઢાંક નાગાર્જુનને આપવા વિનંતિ કરી, જે રાણાએ સ્વીકારી નહિ. તેથી તે તેના પિયેર તળાજા જતી રહી. થોડા વખતમાં ધુંધણીમલે પાટણનો પ્રલય સર્જ્યો. (ધરતીકંપ થયો હશે.) તેના વિનાશ ઉપર ઢાંક બંધાયું. તળાજેથી નાગાર્જુન પાછો આવ્યો અને તેણે શાલિવાહનને હરાવ્યો. આ ઘટનાનું વર્ષ નક્કી થતું નથી. રાણાઓની વંશાવલી જોતાં નાગાર્જુન વિક્રમની ત્રીજી કે ચોથી શતાબ્દીમાં થયો હોય. વળી શાલિવાહન કયાંથી તે સમયે આવે? તે ઇ. સ. પૂર્વે ૭૮માં થયો. જેસલમીરનો શાલિવાહન કે જે ઇ. સ. ૧૧૬૮માં થયો તેણે કાઠીઓને હરાવી નસાડી મૂકયા. સંભવ છે કે કાઠીઓને પ્રેહપાટણમાં તેમની કુંવરી લગ્નમાં આપતાં આશ્રય મળ્યો હોય. અને આ જેસલમીરના ભટ્ટી શાલિવાહને તેનો પીછો પકડી પ્રેહપાટણ જીતી નાગાર્જુનને માર્યો હોય, પણ તે અરસામાં જેહવાની ગાદીએ રાણા ભારમલ હતા. વળી ઢાંક તે પછી વાળાઓના હાથમાં ગયું, અને અર્જુનસિંહ ત્યાંનો રાજા હતો તે માનવું પડે છે.

નામના નાગર મંત્રીને નીમ્યા. કલ્યાણ શેઠથી આ સહન થયું નહિ. તેથી તેણે માલજીનું ખૂન કર્યું. રાહે કલ્યાણ શેઠને મૃત્યુદંડની શિક્ષા કરી. માલજીના પુત્ર મહીધરને મંત્રીપદે સ્થાપ્યો. આમ વાણિયા–નાગરના પક્ષો પડયા અને વાણિયાઓનું જોર તોડવા રાહે વડનગરથી આવી તળાજામાં વસેલા નાગરોને જૂનાગઢ તેડાવ્યા તથા રાજ્યમાં જુદે જુદે સ્થળે તેમને અધિકારો આપી રાખ્યા.

કલ્યાણ શેઠના પુત્ર લવજીએ બાપનું વેર લેવા જ્યારે પોતાની અશક્તિ જોઇ ત્યારે તે દિલ્હી ગયો અને સુલ્તાનને સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ લઈ આવવા સમજાવવા વૃથા પ્રયત્ન કર્યો.

**જગડુશાહ** : આ રાહના સમયમાં પ્રસિદ્ધ સોદાગર જગડુશાહ થઇ ગયો કે જેણે દુષ્કાળમાં તેના અન્નભંડારો લૂંટાવ્યા હતા.[1]

**વીશળદેવ વાઘેલો** : આ સમયે ગુજરાતની ગાદીએ વીશળદેવ વાઘેલો રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં તેની આજ્ઞાથી શત્રુંજય ઉપર જ્યાં વસ્તુપાળને અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં તેના પુત્ર જેતસિંહ વા જેત્રસિંહે જિનાધીશ મંદિર પર્વતાકારે કરાવ્યું તથા સોમનાથ પાટણમાં અષ્ટાપદ પ્રાસાદ કરાવી સોમનાથનું પૂજન કર્યું.[2] પોર્ટુગલના ગામ સીંટ્રામાં પોર્ટુગીઝ લૂંટમાં ગયેલા સં. ૧૩૪૩ (ઇ. સ. ૧૨૮૭)ના લેખમાં તેનું નામ વિશ્વમલ લખ્યું છે.

વીશળની બહેન પ્રેમલદેવી વંથળીના રાઠોડ ક્ષેમાનંદને પરણી હતી. તેથી આ પ્રદેશ તરફ તેણે કદી દૃષ્ટિ રાખી હોવાનું જણાતું નથી.[3] રાહ ખેંગારનો દુષ્ટબુદ્ધિ મિત્ર તેને અધમતાની ગર્તામાં લઇ ગયો. તેણે તથા અર્જુનસિંહે એક મેર અબળાની લાજ લૂંટી. તેથી મેરોએ ઉશ્કેરાઇ જઇ તેઓને ઘેરી લીધા. તેમણે બહાદુરીથી મેરો સામે લડતાં તેમના પાપના પરિણામે પ્રાણ ખોયા.

---

૧. જગડુશા કહેવતમાં કહેવાય છે તેવી પ્રસિદ્ધ વ્યક્તિ છે. તે કચ્છના ભદ્રેસરનો હતો. પારદેશના પીઠદેવ નામના રાજા સાથે તેને વેર બંધાયું હતું; પણ લવણપ્રસાદ તથા વીરધવલની સહાયથી તેને ફાલવા દીધો નહિ અને જગડુશાએ ચણેલો ભદ્રેશ્વરનો કિલ્લો જોવા બોલાવી તેને ઝેર દઇ મારી નાખ્યો. તેણે યવનો સાથે કરેલા વેપારના નફામાંથી મસ્જીદ ચણાવી તથા બીજાં ધર્મકાર્યો કર્યાં. સૌરાષ્ટ્રના સાગરતીરે આવેલી હરસિદ્ધ માતાએ તેનાં ડૂબતાં વહાણ બચાવ્યાં. તેથી તેનું દહેરું બંધાવ્યું.

૨. સોમનાથ પાટણમાં અષ્ટાદશપ્રાસાદ વસ્તુપાળે કર્યા હોવાનું જણાય છે. સોમનાથનું પૂજન જૈને કર્યું હોય તે મનાય નહિ.

૩. આ રાઠોડ વંશની ચર્ચા આવતા પ્રકરણમાં કરવામાં આવી છે.

**રાહુ માંડલિક ૧લો** : ઇ. સ. ૧૨૬૦થી ઇ. સ. ૧૩૦૬.

રાહુ માંડલિકનો યુવાન પિતા મરાઇ ગયો. અને રાજ્યનો ભાર માંડલિકના શિરે આવ્યો ત્યારે તે માત્ર ૧૪થી ૧૫ વર્ષનો હશે. તો પણ તેણે રાજ્યતંત્ર હાથમાં લીધું.

**લવજી** : તેના પિતાના પ્રધાન કલ્યાણનો પુત્ર લવજી દિલ્હીથી નિષ્ફળ થઇ ઓખા ગયો અને ત્યાંના રાઠોડોને ઉશ્કેરી જૂનાગઢના સમૃદ્ધ અને ધનાઢય રાજ્ય, ફળદ્રુપ અને રસાળ ભૂમિ, બાળક રાજા અને ફૂટેલા સરદારોની વાતો કરી. આથી ઓખાના રાઠોડે જૂનાગઢ પર આક્રમણ કર્યું.

**જગતસિંહ રાઠોડ** : જગતસિંહ રાઠોડ એક બલવાન સૈન્ય લઇ જૂનાગઢ આવ્યો. મંત્રી મહીધરને સમાચાર મળ્યા કે રાઠોડો યાત્રાર્થે સોમનાથ જાય છે. તેથી તેમણે તેમની પરોણાગત કરી; પણ રાઠોડોએ રાજમહેલ ઘેરી લીધો તથા માંડલિકને કેદ કર્યો, પણ જૂનાગઢના સરદારોની શક્તિ તેમજ વફાદારીનો પરિચય થતાં તેને તેની ભૂલ સમજાઇ. તેણે લવજીને ઠાર માર્યો તથા મહીધરની કુનેહથી વંથળીની જાગીર સ્વીકારી તે વંથળી ચાલ્યો ગયો. તેણે રાહના મિત્ર રહેવાનું કબૂલ કર્યું.

**પંડિત નાનક** : વીશળદેવના સમયમાં સોમેશ્વર મહાદેવનો પૂજારી નાનક હતો.[૧] તે વડનગરના નાગર કુટુંબમાં કાપિષ્ઠલ ગોત્રમાં જન્મ્યો હતો. તેના પિતાનું નામ ગોવિંદ, પિતામહનું નામ દીક્ષિત અને પ્રપિતામહનું નામ સોમેશ્વર હતું.[૨]

---

૧–૨. પંડિત નાનકની બે પ્રશસ્તિઓ છે. તેમાં પહેલીમાં વર્ષ કે તિથિ નથી. પણ બીજીમાં સં. ૧૩૨૮ (ઇ. સ. ૧૨૭૬) છે. પ્રથમ પ્રશસ્તિ પંડિતની પોતાની કરેલ જણાય છે. (પંક્તિ ૧૬) પ્રથમ પ્રશસ્તિમાં તેની વંશાવલી છે.

સોમેશ્વર ધર્મોદ્ધારધૂરંધર (શ્રી. આચાર્ય તેને હેમચંદ્રસૂરિ સામે વિવાદ કરી આર્ય ધર્મની પ્રતિષ્ઠા ઉન્નત કરનાર માને છે.
|
(પત્ની સીતા)
|
આમટ —— (યજ્ઞશાસ્ત્રમાં પ્રવીણ)
|
(પત્ની સજ્જની)
|
ગોવિંદ —— (સંન્યાસી થઇ ગયો.)

ભગવાન ઉર્ફે પુરુષોત્તમ | નાનક | મલ્હણ (વેદપાઠી પંડિત)

તે પૂજારી એટલે માત્ર પૂજા કરનારો નહિ પણ રાજપુરોહિત, વેદપાઠી અને તીર્થનો અધિકારી હતો. તેના વંશજો હાલ પણ વેરાવળમાં રહે છે અને વડનગરા નાગર હોવા છતાં "પુરોહિત" શાખ ધરાવે છે.

પંડિત નાનકને ઋગ્વેદ કંઠસ્થ હતો અને વ્યાકરણ, સાહિત્ય આદિ સર્વ શાસ્ત્રમાં તે પ્રવીણ હતો. તેને વીશળદેવે અમાત્યપદે નિયુક્ત કર્યો. વીશળદેવ સોમનાથની યાત્રાએ આવ્યો ત્યારે પંડિત નાનક તેની સાથે આવ્યો અને તેનાં ચરણો તીર્થજળે ધોઈ, બ્રહ્મપુરી[1] (બ્રાહ્મણવાડી) કે જે વીશળદેવે બનાવી આપેલ તેમાં એક ઘર આપ્યું અને નાનકને પ્રભાસમાં સોમનાથ ક્ષેત્રનો અધિપતિ બનાવ્યો. તેણે ત્યાં સારસ્વત સરોવર બાંધ્યું.[2] વીશળદેવે પર્વણી શ્રાદ્ધના ખર્ચ માટે બગસરા ગામ આપ્યું અને ગંડ વીરભદ્રથી બીજા ગામનો ઉત્તમ સાતમો ભાગ આપ્યો.

નાનક પંડિત શારદાનો ઉપાસક અને શ્રીમંત પણ હતો. આ જગતસિંહ કોણ હતો તે માટે ઘણી જ શંકાઓ છે. વંથલીમાં વીરધવલના સાળા સાંગણ તથા ચામુંડ હતા. તેઓ તો તેના સાળા હતા; પણ તેઓને મારી નાખ્યા હતા અને વંથલી રાહના કબજામાં હતું. જગતસિંહ કનોજના રાજા જયચંદ્રના પુત્ર શિયાજીનો પુત્ર અજ્જ અથવા તેના કુટુંબનો હોવો જોઈએ. તે દ્વારકામાં હતો અને ત્યાંથી જૂનાગઢ ઉપર આવ્યો.

રાઠોડોએ દ્વારકા ઉપર ચડાઈ કરી. વીંજલદેવે માધુપુરથી મહુવા સુધીનો પ્રદેશ જીતી લીધો અને તેના વંશજો વાજા નામથી પ્રસિદ્ધ થયા. રાઠોડ જગતસિંહ પણ આ જ સમયે આવ્યો હોવાનું જણાય છે.

આ રાઠોડને ગમે તે કારણે વાઘેલા કુટુંબ સાથે લગ્નસંબંધ હતો. સાંગણ તથા ચામુંડ વીરધવલના સાળા હતા, તથા જગતસિંહના પૌત્ર વિજયાનંદ વીરધવલની પુત્રી પ્રેમલદેવીનો પુત્ર હતો.

---

૧. બ્રહ્મપુરી કુમારપાળે પણ બંધાવી હતી. (જુઓ આગળ) બ્રહ્મપુરી એટલે બ્રાહ્મણવાડો. પ્રભાસમાં પ્રજા ન રહેતી. તેને ભાવ બૃહસ્પતિએ શહેરમાં લાવી વસાવી.

૨. આ સરોવર સરસ્વતી નદી અને સાગરના સંગમે બંધાવ્યું, જ્યાં આજે રેતીના ઢગલા સિવાય કાંઇ નથી.


૩. આ શિલાલેખે ઇતિહાસરસિકોમાં ઘણી ચર્ચાઓ ઉત્પન્ન કરી છે. જૂનાગઢથી નવ માઇલ છેટે વંથલીમાં બીજું રાજ્ય સંભવી શકે નહીં. જગતસિંહ સાંગણ અને ચામુંડ પછી મૂળા તરીકે આવ્યો અથવા તેમને મૂળા તરીકે નીમ્યા હોય. આ શિલાલેખ સં. ૧૩૪૬ (ઇ. સ. ૧૨૯૦)નો છે. ત્યારે ગુજરાતની ગાદીએ સારંગદેવ હતો અને મંડલેશ્વર વિજયાનંદ હતો. તેનો પિતા ક્ષેમાનંદ હતો. તેણે ભાનુ (ભાણ) જેઠવાને જીત્યો. ધુમલીની ચડાઇમાં હરિપાલ સાથે હતો. તેણે કેદારના પુત્રોને દુષ્ટ લોકો મારતા હતા તે જોઇ તેની સાથે યુદ્ધ કર્યું. તેમાં તે માર્યો ગયો; તેથી તેના ભાઇઓ આ પાળિયા ઊભા કર્યા. આ પાળિયાના શ્લોક માધવ મુજંગ નામના વડનગરા નાગર બ્રાહ્મણે રચ્યા.

સાંગણ તથા ચામુંડનો વધ કર્યો ત્યારે વીરધવલની સાથે જગતસિંહ હતો. તેના ભાઇના પુત્ર ક્ષેમાનંદને વીરધવલે તેની પુત્રી આપી હતી. તેથી તે વીરધવલના પક્ષમાં હતો. સાંગણ–ચામુંડના મરણ પછી વીરધવલે તેને વંથલીનો સૂબો નીમ્યો હોવાનું પણ એક મંતવ્ય છે. તેણે માંડલિકને નહીં પણ માંડલિકોના સમૂહને જીત્યો હતો તેમ લેખની ત્રીજી પંકિતનો અર્થ કરે છે. એ કથનને સત્ય માનીએ તો ઇ. સ. ૧૨૬૧માં વૃદ્ધાવસ્થામાં કદાચ તે વંથલીમાં આવ્યો હશે.

ગમે તેમ પણ એ નિર્વિવાદ છે કે વંથલી રાઠોડના હાથમાં હતું. તે માંડલિક તરીકે કે સ્વતંત્ર રાજ્ય તરીકે, તે નિર્ણય થતો નથી; પણ તેઓ ગુજરાતના વાઘેલાના ખંડિયા હશે તે જરૂર.

---

વંથલીનો બીજો લેખ તો તેથી બીજી હકીકત આપે છે. તે પ્રમાણે વિજયાનંદ પ્રેમલદેવીનો પુત્ર હતો. તેમાં તેની આખી વંશાવળી આપી છે.




જગતસિંહે ઇ. સ. ૧૨૬૧માં વંથલી જીત્યું હોય. શિલાલેખમાં **"जित्वा संप्रति मंडलिकनिवहं स्थाने हयानां ततो"** લખ્યું છે. તેણે માંડલિકનાં સૈન્યોને જીત્યાં હતાં. પ્રો. પુરોહિત તેનો અર્થ માંડલિક રાજાઓના સમૂહ એમ કહે છે. તેણે તેનાં માતુશ્રી વિંઝલદેવીની યાદગીરી માટે વિંઝલેશ્વર મહાદેવનું દહેરું બાંધ્યું. તેનો ભાઇ અરિસિંહ હતો અને તેનો પુત્ર ક્ષેમાનંદ. **चौलुक्य नृपतेः पुत्री श्री.वीरधवल प्रत्ये श्रीमत्प्रेमलदे** । તેનો પુત્ર વિજયાનંદ હતો, તેણે વંથળીમાં બ્રહ્મપુરી કરી બ્રાહ્મણોને દાન દીધું અને હીરાદેવી તથા નાગલદેવીની મૂર્તિઓ બેસાડી.

બંનેનો વિચાર કરતાં વાઘેલાઓનો કાળક્રમ જોવાનું જરૂરી છે.

**મુસ્લિમો** : જોકે મુસલમાનોની રાજ્યસત્તા હજી આ પ્રદેશ ઉપર સ્થપાઇ ન હતી, છતાં છૂટાછવાયા મુસ્લિમો આ દેશમાં વસતા અને વેપાર માટે અરબસ્તાન ઇરાનના વેપારીઓ આવતા. જગડુશા જેવા વેપારીઓ તેમની સાથે સંબંધ રાખતા. રાહ માંડલિકના દરબારમાં સોમનાથ બંદરેથી મક્કા હજ પઢવા જતા મુસ્લિમોના હિતનું ધ્યાન રાખવા એક અમલદાર રહેતો.[1]

**નાખુદા નુરદ્દીન** : અર્જુનદેવનાં રાજ્યઅમલમાં ઈ. સ. ૧૨૬૪માં સોમનાથ બંદરે ઓર્મઝના નાખુદા નુરદ્દીન ફિરોઝ, કે જે નાખુદા અબુ ઇબ્રાહીમનો પુત્ર હતો, તેણે સોમનાથના મહાજનના આગેવાનો ઠક્કર શ્રીરામદેવ, વલુગીદેવ, રાણાશ્રી સોમેશ્વરદેવ, ઠક્કર ભીમસિંહ તથા રાજશ્રી છાડાની સાક્ષીએ મસ્જીદ બનાવવા જમીન લીધી, તથા તેના ખર્ચ માટે દુકાનો, મકાનો વગેરે લીધાં.[2]

---

| | | | |
|---|---|---|---|
| અર્ણોરાજ | ઇ. સ. | ૧૧૭૦ થી | ૧૨૦૦ |
| લવણપ્રસાદ | ,, | ૧૨૦૦ થી | ૧૨૩૬ |
| વીરધવલ | ,, | ૧૨૧૬ થી | ૧૨૩૮ (પિતાની હયાતીમાં પ્રકાશમાં આવ્યો.) |
| વિશળદેવ | ,, | ૧૨૪૩ થી | ૧૨૬૧ (ગૂર્જરનરેશ) |
| અર્જુનદેવ | ,, | ૧૨૬૧ થી | ૧૨૭૪ |
| સારંગદેવ | ,, | ૧૨૭૪ થી | ૧૨૯૬ |
| કર્ણ | ,, | ૧૨૯૬ થી | ૧૩૦૪ |

ઇ. સ. ૧૨૬૧માં અર્જુનદેવ રાજા હતો. જગતસિંહનો ભત્રીજો ક્ષેમાનંદ આ લેખ પ્રમાણે વીરધવલની પુત્રી પ્રેમલદેવીને પરણ્યો. વીરધવલ ઇ. સ. ૧૨૩૮માં ગુજરી ગયો. તેની પુત્રી તેના ભાઇ વિશળદેવીની સમકાલીન હોય. એટલે ઈ. સ. ૧૨૪૩માં તે હયાત હોય. ઇ. સ. ૧૨૬૧માં વંથલીનું રાજ્ય પ્રાપ્ત કરનાર જગતસિંહનો ભત્રીજો ઈ. સ. ૧૨૪૩માં પ્રેમલદેવીને કેમ પરણ્યો? શું જગતસિંહે ૧૨૬૧માં વંથલી લીધું તે પહેલાં ૨૩ વર્ષ પહેલાં ક્ષેમાનંદ પરણ્યો હશે? વળી, ક્ષેમાનંદ વીરધવલનો સમકાલીન પણ થઇ શકતો નથી. ભાણ જેઠવો ઇ. સ. ૧૧૭૯માં ગુજરી ગયો. એટલે તે પણ સમકાલીન નથી. એટલે આ શિલાલેખ કે જે અપૂર્ણ છે તે કોઇ પણ પ્રકારે શુદ્ધ હોવાનું જણાતું નથી. માત્ર વિંઝલેશ્વરનું માહાત્મ્ય કોઇ પુજારીએ બતાવ્યું હશે, અને તેના ઉપરથી આ લેખ કોઇએ કોતરાવ્યો હશે. સૌરાષ્ટ્રના ઇતિહાસમાં આ બનાવટી શિલાલેખે કંઇક ચર્ચા જન્માવી છે, અને હું તો આ સાલ વગરના શિલાલેખને માત્ર Forgery કહું છું. છતાં તે પ્રચલિત થઇ ગયો હોઇ ઇતિહાસમાં તેનો આધાર લીધો છે. જૈન ઇતિહાસગ્રંથોમાં બીજી ઘણી બારીક હકીકતો છે; પણ તેમાં આ પ્રસંગનો કયાંય ઉલ્લેખ નથી.

૧. જૂનાગઢ ઉપરકોટના સુર સન ૬૮૫ (ઇ. સ. ૧૨૮૪)નો અરબ્બી લેખ (ભાવ. ઇન્સ.)

૨. આ શિલાલેખ ઘણો અગત્યનો છે. એક તો તેમાં સિંહ સંવત વિક્રમ સંવત, વલ્લભી સંવત તથા હીજરી સંવત આપેલી છે. નાખુદાઓના આગમનને કારણે સોમનાથમાં મુસલમાનોની જમાત હતી. સાત માણસથી વધારે સંખ્યા થાય તો જમાત કહેવાય. તેમાંથી હિન્દુઓએ ભવિષ્યનો ભય ન જોઇ તેમના પૂર્વજોના સહિષ્ણુતાના સિદ્ધાંતે લઘુમતી કોમને તેમનો ધર્મ પાળવા તથા ધર્મસ્થાનો બાંધવા સહાય કરી તે હકીકત મળે છે.

**રાજશ્રી છાડા** : રાજશ્રી છાડા તે પ્રભાસના વાળા રાજા નાનસિંહનો કુંવર હતો.[૧] નાનસિંહ જગતસિંહની સાથે આવેલો વાળા રાજા હતો. તેણે પાટણ જીતી ત્યાં પોતાની રાજધાની કરી હતી.

**મંત્રી સામંતસિંહ** : સૌરાષ્ટ્રમાં સામંતસિંહ નામે મંત્રી અધિકાર ભોગવતો હતો. તે જૈનધર્મી હતો, છતાં તેણે દ્વારકાના માર્ગે આવેલ રેવતી કુંડનો જીર્ણોદ્ધાર કર્યો હતો.[૨]

**ગુજરાતના રાજાઓ** : રાહ માંડલિકના સમયમાં ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રનો સાર્વભૌમ રાજા અર્જુનદેવ હતો. તેના સૂબાઓ સૌરાષ્ટ્રમાં પ્રત્યેક પ્રાન્તમાં રહેતા. તે ઈ. સ. ૧૨૭૭માં ગુજરી ગયો. તેના પછી તેનો પુત્ર સારંગદેવ ગાદીએ આવ્યો. તે પણ તેના પિતાની જેમ જ સાર્વભૌમ સમ્રાટ હતો. સારંગદેવ ઈ. સ. ૧૨૯૭માં ગુજરી ગયો, અને તેની જગ્યાએ ગુજરાતનો અંતિમ આર્ય રાજા કરણદેવ ગાદીએ આવ્યો. એટલે રાહ માંડલિક ગુજરાતની પાટે ત્રણ રાજાઓનાં રાજ્ય જોયાં.[૩-૪]

**અલ્લાઉદ્દીન ખીલજી** : ઇ. સ. ૧૩૦૦માં ધન અને ધરાની પ્રબલ પિપાસા સેવતા દીલ્હીના ધર્માંધ સુલતાન અલ્લાઉદ્દીને ગુજરાત જીતવા તેના સેનાપતિ અલપ-ખાનને મોકલ્યો.[૫] અને તેણે ગુજરાતના અંતિમ મહારાજા કરણદેવને પરાજિત કર્યો. કરણે ઘણો સમય ટક્કર ઝીલી, પણ તે ફાવ્યા નહીં અને દક્ષિણમાં નાસી ગયો. ભગવાન સોમનાથનો ભગવો ઝંડો રણમાં રોળાયો અને ગુજરાતના રાજ્યમહાલય ઉપર લીલો ઝંડો ફરકી રહ્યો.

---

૧. જુઓ મારો વાળા રાજાઓ સંબંધી લેખ : 'ગુજરાતી' : ૨૧-૫-૧૯૩૭ અને પછીના અંકો.

મારા બાલમિત્ર શ્રી હરિશંકર શાસ્ત્રીએ 'ગુજરાતી'માં તા. ૧૧-૧૨-૩૪ના લેખમાં છાડા નાનસિંહનો પુત્ર હતો અને તેના પછી ગાદીએ આવ્યો તેવું વિધાન કર્યું છે. છાડા નાનસિંહનો પુત્ર હતો પણ ગાદીએ આવ્યો ન હતો.

૨. સામંતસિંહ સિદ્ધરાજ કુમારપાળના પ્રખ્યાત મંત્રી ઉદયનના પુત્ર ચાહડના પુત્ર પદ્મસિંહનો પુત્ર હતો. તેનો ભાઇ સલક્ષ પ્રથમ સૌરાષ્ટ્રનો અધિકારી હતો; પછી લાટમાં બદલાયો અને ત્યાં ગુજરી ગયો. (હી. ઇ. ઓ. ગુજરાત: ભાગ ૩જો. આચાર્ય)

૩. ભરાણા, ખરકડી, ગિરનાર, પાટણ વગેરેના શિલાલેખો (હિ. ઇ. ઓ. ગુ. ભાગ ૩જો આચાર્ય.)

૪. આમરણ, વંથલી વગેરેના લેખો (સદર)

૫. 'પ્રબંધચિંતામણિ' પ્રમાણે સં. ૧૩૬૦ એટલે કે ઇ. સ. ૧૩૦૪માં આ ચડાઇ થઇ.

સૌરાષ્ટ્રમાં : અલપખાન ઈ. સ. ૧૨૯૭માં આવ્યો અને પાટણ ઈ. સ. ૧૩૦૦માં પડયું. એટલે ત્રણ વર્ષ કરણ તથા માંડલિકોએ આ લોહીતરસ્યા આક્રમણકારોનો નિષ્ફળ સામનો કર્યો. અલપખાનની સાથે અલ્લાઉદ્દીનનો વજીર નસરતખાન ઝાલોરી પણ હતો.[૧] બન્નેએ અણહીલવાડનો કબ્જો કરી સૌરાષ્ટ્ર ઉપર કૂચ કરી. રાણપુર, ઘોઘા, ઊના–દેલવાડા જીતી, સોમનાથના દ્વારે આવી તેઓએ પોણા ત્રણસો વર્ષ પછી મહમદ ગીઝનીની આંખે સોમનાથની લહેરાતી ધજા જોઈ. તેઓની સામે સ્થાનિક રાજ્યો ટકી ન શકયાં. સોમનાથનું કુમારપાળનું બાંધેલું દેવળ તોડવામાં આવ્યું. મહાદેવના લિંગને કાઢી દીલ્હી લઈ જવામાં આવ્યું. સોમનાથ લૂંટાયું અને બ્રાહ્મણોની અને અન્ય હિન્દુ સ્ત્રીપુરુષોની નિર્દય કતલ કરવામાં આવી.[૨]

સોમનાથ ઉપર મુસ્લિમો આવ્યા છે તે સમાચાર વાયુવેગે સૌરાષ્ટ્રમાં પ્રસરી ગયા. રાહ, જેઠવા, ગોહિલ, રાઠોડ વગેરે રાજાઓ એકત્ર થઈ યુદ્ધે ચડવા વિચારી રહ્યા, પણ અલપખાન વીજળીવેગે સોમનાથનો ધ્વંસ કરી,[૩] ભૂગોળના કે માહિતીના અજ્ઞાનને કારણે જૂનાગઢ તરફ ન જતાં, માંગરોળ અને માધુપુર થઈ છેક કંથકોટ સુધી ધસી ગયો. માર્ગમાં જે જે દેવાલયો આવ્યાં તે તોડયાં, લૂંટયાં અને બાળ્યાં અને નિર્દોષ સ્ત્રીપુરુષો અને બાળકોની ધર્મના નામે કતલ કરી અને મુસ્લિમ સૈન્યોએ અકથિત અને અકલ્પિત જુલ્મો કરી હિન્દુ પ્રજાની પાયમાલી કરી નાખી.[૪]

---

૧. ઉલુગખાન તથા અલપખાન એક હતા તેમ મનાય છે; પણ તેમ નથી. ઉલુગખાન અલ્લાઉદ્દીનનો ભાઈ હતો, જ્યારે અલપખાન સાળો હતો તેમ બીજા અજ્ઞાતનશાહની દરગાહના ઇ. સ. ૧૨૬૬ (હી. ૬૬૩)ના લેખથી જણાય છે. ગુજરાત જીતી તે દિલ્હી ગયો ત્યારે ઉલુગખાનને સુલ્તાને રણથંભોર મોકલ્યો. ત્યાં તે બીમાર થઈ ગુજરી ગયો. અલપખાન ઇ. સ. ૧૩૦૦માં ગુજરાતનો સૂબો નિમાયો; પણ પાછળથી મલેક કાકુરે તેને મરાવી નાખ્યો. (એ હીસ્ટ્રી ઓફ ગુજરાતઃ પ્રો. કોમીસેરિયેટ)

૨. આ લિંગને દીલ્હી લઈ જવામાં આવતું હતું ત્યારે ઝાલોરના ચહુવાણ વીર કાન્હડદેએ યુદ્ધ કર્યું હતું. તેનું વીરરસપૂર્ણ રસિક વર્ણન પદ્મનાભ નામના કવિએ 'કાન્હડદે પ્રબંધ'માં કર્યું છે. આ કાવ્ય ઇ. સ. ૧૪૫૫માં રચાયું હોવાનું જણાય છે.

૩. સોમનાથના શિવલિંગને દિલ્હી લઇ જવામાં આવ્યું; ત્યાં તેને પ્રજાને પગ નીચે કચરી ચાલવા માટે જાહેર માર્ગમાં મૂકયું. ખરી રીતે તો આ શિવલિંગ વર્તમાન ઘેલા સોમનાથમાં છે, માર્ગમાં હિન્દુઓએ તેને છોડાવ્યું. અને ત્યાં સ્થાપના કરેલી તેમ પણ માન્યતા છે.

૪. 'પેઢા મુલકમાં મુસલમાન, મારું મારું કરતા લૂટે, ઝૂટે, વટાળે લે જાન વહુદીકરી હરતા, લડયા, પડયા હજારો શૂર ભલે મરીએ, મરીએ વહ્યું લોહી શું જલપૂર ડૂબ્યો દેશ તે દરિયે' (સ્વ. નવલરામ) આવા જુલમોના કારણે અલ્લાઉદ્દીન "અલાદીઓ ખૂની" કહેવાઇ ગયો.

પ્રો. કોમીસેરીયેટ જૂનાગઢ જીત્યું હોવાનું કહે છે. પણ અન્યત્ર ઉલ્લેખ નથી.

ખરડાનું પ્રસિદ્ધ દેવાલય ભિલેશ્વર, દ્વારકાનું જગત દહેરું અને માધુપુરનું રણછોડરાયનું મંદિર તેના ભોગ બન્યાં. રજપૂત સૈન્યો સોમનાથ ગયાં. ત્યાં તેઓએ ધ્વંસ પામેલું દેવળ અને લૂંટાયેલું નગર જોયું પણ શત્રુ મળ્યા નહીં. મુસ્લિમ સૈન્ય કંથકોટથી અણહિલવાડ પાછું ગયું. રાહે મુસ્લિમ અધિકારીને કતલ કર્યા અને તેનું થાણું ઉઠાડી પ્રભાસનું રાજ્ય વાળા વીંજલદેવને સુપ્રત કરી સહુ રાજાઓ સ્વસ્થાને પાછા ફર્યા.

ગુજરાત મુસ્લિમોથી પાદાક્રાન્ત થયું. આ વખતે તેઓ માત્ર જીતી, લૂંટી ચાલ્યા ન ગયા પણ ગુજરાતમાં પોતાનું રાજ્ય સ્થાપી રહ્યા.

રાહ માંડલિક ઇ. સ. ૧૩૦૬માં ૪૬ વર્ષનું રાજ્ય ભોગવી ગુજરી ગયો. તે ધાર્મિક વૃત્તિનો હતો. નેમિનાથના મંદિર ઉપર તેણે સોનાનાં પતરાં જડાવ્યાં તથા મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો. રેવતીકુંડના લેખમાં તેને મુસ્લિમો ઉપર વિજય મેળવનારો કહ્યો છે.

**રાહ નવઘણ ૪થો : ઇ. સ. ૧૩૦૬થી ઇ. સ. ૧૩૦૮.**

રાહ નવઘણ ૧૩૦૬માં ગાદીએ આવ્યો ત્યારે ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપર મુસ્લિમોના નિશાનડંકાના નાદથી હિન્દુઓને હતાશ થઇ ગયેલા જોયા, અને ભવિષ્યમાં રાજ્યવિસ્તાર વધારવા ને ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવાનાં તેનાં સ્વપ્નો નષ્ટ થયાં.

**માંગરોળ–ઊના :** પ્રભાસપાટણ તો મુસ્લિમોના અધિકાર નીચે ગયું અને તેઓએ ત્યાં થાણું નાખ્યું, પરંતુ રાહ માંડલિકે અન્ય રાજા સાથે મળી તેને ઉઠાડી મૂકયું. માંગરોળમાં મુસ્લિમ નાયબ સૂબો શેખ બીન તાજ હતો. આ સૂબો સોરઠના સૂબા મલેક બેદર બીન જેહબ નીચે હતો. તેણે માંગરોળ નગર ફરતો કિલ્લો બંધાવ્યો.[1] ઊનામાં હી. ૭૦૮ (ઇ. સ. ૧૩૦૮–૯માં) ફિરોઝશાહના સમયમાં હઝરત શાહે (મહમદ આસર) ઝફરખાનને મુઝફ્ફરનો ઇલ્કાબ દીધો હતો. તેણે ત્યાં મુસ્લિમ મુસાફરો માટે ધર્મશાળાનો ખંડ (Hall) બંધાવ્યો.[2] આ બન્ને શિલાલેખો બનાવટી છે[3] અને અલપખાને સોમનાથ અને સૌરાષ્ટ્ર લૂંટયા પછી થાણાં મૂકયાં હોય તે

---

૧. માંગરોળનો હીજરી સન ૭૦૦ (ઇ. સ. ૧૩૦૧)નો શિલાલેખ છે. તેમાં લખ્યું છે કે પાટણનો સર્વસત્તાધીશ અધિકારી ઝાફરખાન વજી– ઉલ મુલ્ક હતો. આ શિલાલેખમાં 'રૂમી હીસાર' લખ્યું છે; પણ તે રૂમી જણાતું નથી. (પાદફેર 'ફરતો કિલ્લો' થાય) રૂમી (રોમન કિલ્લો નહીં.)

૨. બારગાહ શબ્દ ફારસી લેખમાં છે તથા ઊનાને "બહેશ્તે ઝિયારતગાહ" તરીકે વર્ણવેલું છે.

૩. આ બન્ને શિલાલેખો પાછળથી લખ્યા હોવાનું જણાય છે. પ્રથમ શિલાલેખમાં

સંભવતું નથી; અને મૂકયાં હોય તો તે ઉઠાડી મૂકેલાં. અલ્લાઉદ્દીનનાં સૈન્યો સોમનાથના લિંગને લઇ દિલ્હી નહોતા પહોંચ્યા ત્યાં તો સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા થઇ, પૂજા શરૂ થઇ ગઇ હતી.

---

ઝફરખાનનો ઉલ્લેખ છે. અલ્લાઉદ્દીનના સેનાપતિ અલપખાનને પણ અલાઉદ્દીને ગુજરાતનો અધિકારી નીમ્યો હતો. તે ઇ. સ. ૧૩૧૬ સુધી તે પદ ઉપર રહ્યો. અંતે દરબારીઓની ખટપટના કારણે તથા મલેક કાકુરના ચડાવવાથી સુલતાને તેને બોલાવી મારી નાખ્યો. તે સમાચાર પાટણ પહોંચતાં લોકોએ બળવો કર્યો, મુસ્લિમ સત્તા ઉખેડી નાખી. પરિણામે સુલતાને મલેક કમાલઉદ્દીન ગુર્જને તેનો પ્રતિકાર કરવા મોકલ્યો; પણ તેને હરાવી મારી નાખવામાં આવ્યો. આ સાંભળી અલ્લાઉદ્દીને ખાલી ધમપછાડા કર્યા, પરિણામે ઇ. સ. ૧૩૧૬માં ડીસેમ્બરની ૨૨મી તારીખે તે ગુજરી ગયો. તેના પછી તેનો પુત્ર ગાદીએ બેઠો; પણ મલેક કાકુર સાચો રાજ્યકર્તા હતો. પણ તેને ઇ. સ. ૧૩૧૭ ફેબ્રુઆરીમાં મારી નાખ્યો અને અલ્લાઉદ્દીનની ગાદી ઉપર તેનો ત્રીજો પુત્ર કુતુબુદ્દીન મુબારક બેઠો. તેણે ગુજરાત જીતવા ઐન-ઉલ-મુલ્કને ગુજરાતમાં મોકલ્યો. તેણે ગુજરાતમાં ફરી સત્તા સ્થાપી. તે પછી ઇ. સ. ૧૩૧૭ લગભગ પોતાના સસરા મલેક દીનારને ઝફરખાનનો ઇલ્કાબ આપી સૂબો નીમી મોકલ્યો. પણ રબારી કે ભરવાડ (પરવારી કે ભરવારી)માંથી મુસ્લિમ બનેલા યુસુફખાને ઝફરખાનને બોલાવી તેના ઉપર બેટાં તહોમતો મુકાવી, સુલતાન પાસે મરાવી નાખી, પોતાના ભાઇ મલેક હિસામુદ્દીનને ગુજરાતનો સૂબો નીમ્યો. તેણે ભરવાડ-રબારીઓને ભેગા કરી બળવો કર્યો; પણ બીજા અમલદારોએ તેને પકડી દિલ્હી મોકલ્યો, જ્યાં સુલતાને તેને માફી આપી. ઇ. સ. ૧૩૨૦માં ખુશરૂએ સુલતાનને મારી રાજ્ય હસ્તગત કર્યું. તે ગાદી ઉપર કુરાન રાખી તેના ઉપર બેઠો તથા અલ્લાઉદ્દીનના રાજમહેલમાં મૂર્તિપૂજા શરૂ કરી, હિન્દુ ધર્મનો પ્રચાર શરૂ કર્યો. તેના હાથમાં રાજસત્તા થોડાક જ મહિના રહી. હિન્દુ રાજાઓએ તેને ટેકો આપ્યો નહીં. સૌરાષ્ટ્ર-ગુજરાતના ભરવાડ કે રબારી કુળમાં જન્મેલો અને જબરદસ્તીથી મુસલમાન બનેલા આ મુત્સદ્દીએ કુનેહ અને મુત્સદ્દીગીરીથી સુલતાનની સત્તાનો અંત આણવા પ્રયત્ન કર્યો, પણ કમનસીબે હિન્દુઓ તેને સહાય આપી શકયા નહીં, અને મુસલમાનોએ તેને મારી નાખ્યો. તેનું ખૂન ઇ. સ. ૧૩૨૦માં થયું અને દિલ્હીની ગાદી ગાઝી મલેક તઘલગ નામના અમીરે પચાવી પાડી. આ તઘલગના વંશમાં ફિરોઝ તઘલગ ઇ. સ. ૧૩૫૧માં ગાદીએ આવ્યો. સૌરાષ્ટ્રમાં ચાલતી દંતકથા પ્રમાણે ખુશરૂ માંગરોળનો રબારી હતો.

એટલે આ બન્ને શિલાલેખ ઇતિહાસના અજ્ઞાનવાળા કોઇ મૌલવીએ પાછળથી કોતરાવ્યા હોવાનું જણાય છે. એ કારણે આ સ્થળે મુસ્લિમ થાણાં હોવાનું માનતાં અચકાવું પડે છે. માંગરોળના લેખમાં તેરમી લીટીમાં લખ્યું છે કે "ઝ હિજરત નબી (કે) શુદ ખતમ (ઇન હીરસાર) ઝ તારીખ હફતસદ શુદદર સુમાર" એટલે અબજદ પદ્ધતિએ હીજરી ૭૦૦ની કાઢવામાં આવી છે, જ્યારે બીજાના લેખમાં "બ સાલ હફતસદ હસ્ત" લખ્યું છે, જેનો ભાવાર્થ હીજરી ૭૦૮ થાય છે. એટલે વાચનમાં ભૂલ નથી, પણ આ બન્ને શિલાલેખો પાછળથી કોતરાવેલા અને સ્પષ્ટ રીતે બનાવટી છે.

વિશેષમાં ઇ. સ. ૧૩૧૯ના માંગરોળની સોઢડી વાવના શિલાલેખમાં પણ રાહ મહીપાલે વાવ બંધાવ્યાનો ઉલ્લેખ છે. (ભાવ. ઇન્સ.)

રાણપુર : ઈ. સ. ૧૨૯૦માં ભાવનગરના ગોહિલ વંશસ્થાપક સેજકજી ગુજરી ગયા. તેની ગાદીએ તેના જ્યેષ્ઠ કુંવર રાણોજી ગાદીએ બેઠા. તેણે રાણપુર વસાવી, તે ગામે પોતાની ગાદી ફેરવી, તથા ગોહિલ રાજ્યની રાજધાની ત્યાં કરી. તેણે રાણપુર ફરતો કિલ્લો બાંધ્યો. ગોહિલોની પ્રબળ થતી સત્તા મુસ્લિમો જોઈ શકયા નહીં અને પાટણના સૂબા ઝફરખાને તેના ઉપર ચડાઈ કરી. રાહ નવઘણને આ સમાચાર મળ્યા. રાણોજી તેના મામા થતા હોઈ, તેમની મદદે લશ્કર લઈ ગયો. રાણપુર આગળ ભયંકર યુદ્ધ થયું. સોરઠી તથા ગોહિલ રજપૂતોએ તેમનું ખમીર બતાવ્યું અને બહાદુરીપૂર્વક સામનો કર્યો. પણ અંતે મુસલમાનનો જય થયો અને યુદ્ધમાં રાણોજી ગોહિલ તથા રાહ નવઘણ બન્ને મરાયા. રાણપુર મુસ્લિમોના હાથમાં પડયું અને જૂનાગઢની ગાદી રાહ નવઘણના પુત્ર મહીપાલના હાથમાં આવી.

સૌરાષ્ટ્રમાં આ સમયે ગોહિલો, જેઠવા, ચુડાસમા અને ઝાલાઓ જેવા બળવાન રાજાઓ હતા; અને ગુજરાતમાં પણ અનેક રજપૂત રાજ્યો હતાં; છતાં પરસ્પર અવિશ્વાસ અણબનાવ અને દ્વેષના કારણે તેઓ અંદરોઅંદર લડી નબળા પડી ગયા હતા. તે સાથે તેઓએ મુસ્લિમોની વધતી ભરતીનો ખ્યાલ કર્યો નહીં, તેમજ તેઓના વિનાશનું જે તાંડવ તેઓના ઉપર તોળાઇ રહ્યું હતું તેની ગંભીરતાની કલ્પના પણ કરી નહીં. નહીંતર તેઓએ અલપખાનનો વધ થયો તે સમયનો લાભ લઈ એકત્ર મોરચો રચ્યો હોત તો ગુજરાતમાં મુસ્લિમોનું વર્ચસ્વ સ્થપાત નહીં, તેમજ તે પછીનાં વર્ષોમાં હિંદુઓ ઉપર જે અત્યાચાર થયા અને ધર્મો ઉપર જે કુઠારાઘાત થયો તે થાત નહીં.

રાહ મહીપાલ ૪થો : ઈ. સ. ૧૩૦૮થી ૧૩૨૫.

રાહ મહીપાલનો વીર પિતા મુસ્લિમો સાથેના યુદ્ધમાં મરાઈ જતાં તેના ઉપર અણધારી જવાબદારી આવી પડી; પરંતુ તે વીર અને ગંભીર પુરુષ હતો, ધર્મિષ્ઠ છતાં વ્યવહારુ, દીર્ઘદૃષ્ટિ અને વીર હતો.

સોમનાથ : તેણે તેની આંખો સમક્ષ સોમનાથના પવિત્ર દેવાલયનો ધ્વંસ જોયો. પાટણ–ગુજરાતમાં અલપખાન અને પછી ઝફરખાન મૂર્તિઓ અને મંદિરોના ખંડન માટે અને નવું મંડન ન થાય તે માટે સદા જાગ્રત રહેતા, છતાં મહીપાલે સોમનાથના દેવાલયને પુનઃ સજીવન કર્યું. તૂટેલા ભાગો તેણે સમરાવ્યા[1] અને મહાદેવના લિંગની પ્રતિષ્ઠા કરી. જ્યાં માત્ર દસબાર વર્ષ પહેલાં કુહાડા અને કોદાળીથી ખનન થતું હતું, ત્યાં ઝાલર અને ઘંટના રણકારથી મહાદેવની આરતી ઉતારી, તેણે પ્રભાસના વાજા રાજા વીંજલને હુંફ આપી; સોમનાથના ચરણે સર્વસ્વ અર્પણ કર-

૧. જુઓ ગિરનારનો શિલાલેખ.

વાની પ્રતિજ્ઞા કરી, અને આર્ય રાજાઓના મૃતપ્રાય થયેલા જીવનમાં નવા પ્રાણ પૂર્યા.

જેઠવા રાણા ભાણજી : મહીપાલ ૪થાના સમયમાં ઘુમલીની ગાદીએ ભાણ હતો. જેઠવા રાજાઓની વંશાવળી પ્રમાણે ભાણ નામના ચૌદ રાજાઓ થયા. તેઓની આસપાસ અનેક કથાઓ લોકસાહિત્યમાં સંકળાયેલી છે.[૧] પણ કાળના ભાન વગર વાર્તા કહેનારાઓએ ઘણી સેળભેળ કરી નાખી છે.

ઉન્નડજીની ચડાઇ : જેઠવાઓનો પ્રદેશ મોરબીથી વર્તમાન હાલારના ઘણા-ખરા ભાગને આવરી લે તેટલો વિસ્તૃત હતો; પણ દેદા વંશના જાડેજાઓએ તેમની પાસેથી ઉત્તર સૌરાષ્ટ્રનો પ્રદેશ જીતી લઈ તેઓને બરડામાં રહેવાની ફરજ પાડી હતી. ભાણ જેઠવાએ તેના પૂર્વજોએ ખોયેલાં પરગણાં ફરી હાથ કરવા પ્રયત્ન કર્યા; પણ તેમાં તે ફાવ્યો નહીં અને તેને પાછું જવું પડયું. જામ ઉન્નડજીએ ઇ. સ. ૧૩૦૯માં એક પ્રબળ સૈન્ય લઈ ઘુમલી ઉપર ચડાઇ કરી. ભાણ જેઠવાએ ભયંકર યુદ્ધ કર્યું અને ઉન્નડજીનો પરાજય કર્યો. ઉન્નડજીને ભાગવું ભારી થઈ પડયું. તેનો સરંજામ જેઠવાના હાથમાં પડયો. પરાજયના આઘાતથી ઉન્નડજી ગુજરી ગયો. તેથી તેનો પુત્ર બામણિયોજી ઇ. સ. ૧૩૧૩માં ચડી આવ્યો. ઘુમલી ઉપર બાર માસ ઘેરો રહ્યો. અનાજ ખૂટયું અને જેઠવા કેસરિયાં કરી શત્રુઓ ઉપર તૂટી પડયા; પણ પરિણામ વિરુદ્ધ આવ્યું. ભાણ જેઠવાને જીવ લઇને નાસવું પડયું. જામે ઘુમલી લૂંટયું અને તેનો ગઢ તોડી પાડી ઉજ્જડ કરી તે સ્વદેશ ગયો. ઘુમલીની ચડાઈ

---

૧. ભાણ જેઠવા તથા સોન કંસારીની રસિક વાર્તા લોકસાહિત્યમાં ઘણી પ્રચલિત છે. શંખોદ્ધાર એટમાં દુદનશી વાઢેલ રાજ્ય કરતો. તેને ત્યાં બે દાંતવાળી પુત્રી જન્મી. જોષીઓની સલાહથી તે પુત્રી કુળનું નિકંદન કાઢે તેવી હોઇ પેટીમાં પૂરી દરિયામાં નાખી દીધી. પેટી તણાતી તણાતી મિયાણી બંદરે આવી, ત્યાં એક કંસારાને તે મળી. પેટીમાંથી કન્યા નીકળતાં નિઃસંતાન કંસારાએ તેને પુત્રી ગણી મોટી કરી. મિયાણીના પ્રભાત ચાવડાએ તેની માગણી કરી; પણ કંસારાએ ના પાડી, અને તેની બીકથી તે ઘુમલી નાસી આવ્યો. ઘુમલીના જેઠવા ભાણનો સાળો દેલનો મિયાત બામરિયો હતો, તેનો પુત્ર રાખાયત કે જે પ્રસિદ્ધ વીર પુરુષ હતો તે કુબને મળવા આવ્યો. ઇચ્છાવર વરવા ચાહતી સોને તેને પરણવા કહેણ મોકલ્યું. બન્નેનાં લગ્ન થયાં. તેઓ પરણી ઊઠયાં ત્યાં કોઇએ ઘુમલીનાં ઢોર વાળ્યાં. તેથી મીંઢોળબંધો રાખાયત લૂંટારા પાછળ ચડયો. તેણે ઢોર પાછાં વાળ્યાં, પણ તે લૂંટારુ પૈકીના ત્રણ જણા ભાણવડ પાસે પાછળ પડયા, રાખાયત ઘોડો દોડાવી ભાગ્યો; પણ ઝાડની ડાળીમાં તેનું માથું ભરાઇ ગયું અને લૂંટારુ સવારોએ આવી તેને મારી નાખ્યો. સોન સતી થવા તૈયાર થઇ પણ ભાણ જેઠવે તેને પોતા સાથે લગ્ન કરવા આગ્રહ કર્યો. સોને ના કહી, પણ ભાણે અતિ આગ્રહ કરતાં તે બ્રાહ્મણને શરણે ગઇ. બ્રાહ્મણોને સોનને પોતાને સોંપી દેવા ભાણે કહેવડાવ્યું; પણ તેઓએ ના પાડતાં ભાણે બ્રાહ્મણોને મારી નાખ્યા. સોન તો રાખાયત સાથે સતી થઇ અને શાપ આપ્યો કે "ઘુમલીનો નાશ થજો." આજે પણ ઘુમલીના ખંઢેરોમાં સોન કંસારીનું દહેરું છે તથા સોન ડુંગરી નામનો ડુંગર છે.

વખતે તેણે તેનું રાજ્ય બ્રહ્મા૫ર્ણ કરેલું. તેથી તે કચ્છમાં જ રહ્યો. રાહ ભાણુજીએ ધુમલી શાપિત ભૂમિ છે તેમ માની ફરી ન વસાવતાં વર્તમાન કિલ્લેશ્વર પાસે રાણુપુરમાં પોતાની રાજધાની સ્થાપી. ઇ. સ. ૨૩૧૪માં તેણે ખંભાળિયા પાસેના કોટાના વીકમસી ચાવડાને મારી કોટા જીતી લીધું અને પોતાના રાજ્યનો વિસ્તાર ત્યાં સુધી વધાર્યો.[૧] આમ ચાવડાઓના સમુદ્રતીરે ફેલાયેલાં નાનાં રાજ્યોના અંતની શરૂ થયેલ માળામાં એક વિશેષ મણકો ઉમેરાયો.

તળાજા : તળાજા વાળા રજપૂતોના અધિકાર નીચે હતું અને રાહ કવાટને મુકત કરનાર ઉગાવાળાના વંશનો એભલ વાળો ત્યાં રાજ કરતો હતો.[૨] માંગરોળમાં રાહનો અધિકાર હતો. સંવત ૧૩૭૫ (ઇ. સ. ૧૩૧૯)માં સોઢડી નામની મોઢ જ્ઞાતિની એક સ્ત્રીએ એક વાવ ત્યાં બંધાવી છે. તેમાં લખ્યું છે કે રાવલ મહીપાલ-

---

૧. વિકમસીનો પાળિયો આજ પણ બતાવવામાં આવે છે.

૨. વાળા વંશના પ્રારંભ માટે અગાઉ કહેવાઇ ગયું છે. આ વાળા રાજાઓની ઘણી કથાઓ કહેવામાં આવે છે અને તેમાં એભલ વાળાના નામ સાથે ઘણી વાર્તાઓ જોડવામાં આવે છે. એટલે એભલ વાળા સંબંધે થોડી સ્પષ્ટતાની જરૂર છે.

વલ્લભી રાજ્યોનો ઉચ્છેદ થયો ત્યારે તે રાજ્યકર્તાનું કુટુંબ મારવાડ નાસી ગયેલું. ત્યાંથી એભલ કુંવર પાછો આવ્યો અને તેણે વઢવાણમાં રહી વળા–ચમારડી જીતી લઇ ત્યાં રાજ્ય સ્થાપ્યું. તેને વાળાઓના મૂળપુરુષ તરીકે ઓળખાવી શકાય.

તે પછી ઇ. સ. ૧૨૩૦ લગભગ જ્યારે સોરઠની ગાદીએ રાહ મહીપાલદેવ હતો ત્યારે વળામાં એભલ હતો એ બીજો એભલ વાળો.

આ એભલ વાળો વીર અને પ્રજાપાલક રાજવી હતો. તેના અમલમાં મેઘાશા નામના એક વણિક વેપારીએ પોતે સંગ્રહ કરેલ દાણા ઊંચી કિંમતે વેંચાય તે માટે સુખવિજય નામના ગોરજી પાસે દુષ્કાળ પડે તેવો દોરો કરાવી હરણનો શીંગડીએ બાંધ્યો. તેની અસર એ થઈ કે આ દોરો હરણને શીંગડે રહે ત્યાં સુધી વરસાદ વરસે નહીં. મેઘાશાએ ઊંચા ભાવે દાણા વેંચી નફો કર્યો; પણ બાર વર્ષનો દુષ્કાળ પ્રજાને તોબા પોકરાવવા લાગ્યો. જ્યારે એભલને ખબર પડી ત્યારે તેણે હરણની શોધ કરી, તેને મારી, દોરો છોડવા સ્વારી કરી. કંઇ દિવસો પછી તેણે હરણને પકડી પાડયું. તે વખતે એભલે એકલા પડી ગયેલા હરણને મારી દોરો છોડાવ્યો કે તરત જ બાર વર્ષના બારે મેઘ એકસામટા તૂટી પડયા. એભલના માણસો તો પ્રલયકારી વર્ષામાં મરી ગયા કે તણાઇ ગયા; પણ દેવાંશી ઘોડો રાજાને લઇ ચાલી નીકળ્યો. એભલ શરદીથી બેભાન થઇ ગયો હતો. માર્ગમા સાંઇ નેસડી નામની ચારણ બાઇનો નેસ હતો. ત્યાં જઇને ઘોડો ઊભો. સાંઇએ રાજાને ઉતારી તેને શુદ્ધિમાં લાવવા પ્રયત્ન કર્યા. પણ જ્યારે તેના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે પોતાના અંગ સાથે રાજાનું અંગ જોડી ગરમી આપી. રાજાને શુદ્ધિ આવી સાંઇને કહ્યું કે, " મા, તેં મારો જીવ ઉગાર્યો છે માટે માગ " સાંઇએ કહ્યું કે, "સમય આવ્યે માંગશું." એભલ ગયા પછી સાંઇનો પતિ આવ્યો. તેને પાડોશીએ વાત કરી, એથી શંકિત

દેવના અમલમાં આ વાવ કરાવી છે.[1]

મુસ્લિમ સત્તા : અલ્લાઉદ્દીનનાં સૈન્યોએ સૌરાષ્ટ્રમાં મૂકેલાં તમામ થાણાંઓ રાજાઓએ ઉઠાડી મૂકયાં અને અલ્પ કાળમાં જ બધું વીસરી જઈ પરસ્પર વિખવાદ અને યુદ્ધો કરવાનું શરૂ કરી દીધું. પાટણમાં અલપખાન ઈ. સ. ૧૩૧૬ સુધી સૂબા તરીકે રહ્યો, પણ મલેક કાપુરની શિખવણીથી અલ્લાઉદ્દીને તેને બોલાવી મારી નાખ્યો. ગુજરાતમાં આ સમાચાર મળતાં મોટો બળવો ફાટી નીકળ્યો. પ્રજા, ઠાકોર તેમજ

---

હૃદયના પતિએ પવિત્રતાના અવતાર જેવી સાંઇને મહેણાં માર્યાં. ત્યારે સાંઇએ કહ્યું કે, "વાત ખોટી છે. મા દીકરાને પડખે લ્યે એમ મેં એભલને લીધો હતો. પણ તેનો જે અવળો અર્થ કરે તેને રોમે રોમે અઢાર જાતનો કોઢ નીકળે." તરત જ સાંઇનો પતિ કુષ્ટી રોગનો ભોગી થયો. તેનો ઉપાય પણ સાંઇને જ શોધવાનો હતો. કોઇએ કહ્યું કે બત્રીસલક્ષણા પુરુષનું એવા જ ગુણવાળો બીજો પુરુષ બલિદાન આપે અને તેનું લોહી રોગી ઉપર છાંટે તો શાપ મટે. તેથી સાંઇ ટોપલામાં રક્તપિત્ત અને કુષ્ટીથી ગળી ગયેલા પતિને લઇ તળાજા ગઇ. એભલ અને તેનો પુત્ર બન્ને બત્રીસલક્ષણા હતા. તેથી કોણ કોને મારી લોહી છાંટે તે માટે પિતા પુત્ર વચ્ચે હોડ થઇ. અંતે પુત્ર જીત્યો. એભલે પુત્રને મારી સાંઇના પતિનો કોઢ મટાડયો.

સરઠો કરો વિચાર, બે વાળામાં કયો ભલો ?
સરના સોંપણહાર, કે વાઢણહાર વખાણીયે ?

એ પછી ઇ. સ. ૧૩૦૬ લગભગ ત્રીજો એભલ થયો. તે બીજા એભલના પુત્ર અણોનો પુત્ર થાય. તેના સમયમાં વળામાં વાલમ બ્રાહ્મણોનાં એક હજાર ઘર હતાં અને તેઓ કાયસ્થોના ગોર હતા. આ બ્રાહ્મણો કાયસ્થની એક કન્યા પરણતી ત્યારે એકસો રૂપિયા લેતા. તેથી ઘણી કન્યાઓ કુંવારી રહી જતી. એભલ વાળા પાસે કાયસ્થોએ ફરિયાદ કરી. એભલે બ્રાહ્મણોને સમજાવ્યા, પણ માન્યા નહીં: ત્યારે એભલ વાળાએ કન્યાઓને એક સાથે પરણાવી કન્યાદાન દીધું. તે માટે કહેવાય છે કે :–

અણકલ ત્રીજે એભલે, સાવડ સંકટ સોડ,
દીયા તળાજા ડુંગરે, કન્યાદાન કરોડ.

કરોડ તો અતિશયોક્તિ હશે, પરંતુ તેણે ઘણી કન્યાઓ પરણાવી હશે. આ લગ્ન કરી વરકન્યા પાછાં ફરતાં હતાં; ત્યાં બ્રાહ્મણોએ આડા પડી દક્ષિણા માંગી. એભલ સમજાવવા ગયો, તો તેઓએ તેને અપશબ્દોથી નવાજ્યો. તેથી કાયસ્થોએ તેમના ભીલ નોકરોને આજ્ઞા કરતાં તેઓ બ્રાહ્મણો ઉપર તૂટી પડયા અને કંઇક બ્રાહ્મણોને કાપી નાખ્યા. જે બચ્યા તે ધંધૂકા ગયા. ત્યાં તેઓને ધન મેરે પોતાનું રાજ્ય અર્પણ કર્યું.

આ ધન મેરની પુત્રી સાથે રાણજી ગોહિલ પરણેલો અને તેને કન્યાદાનમાં ખસ ગામ આપેલું. તેથી તેના વંશજો ખસિયા કહેવાયા. (સેજકજીના ભાઇ વીસાજી ધંધુકિયા મેરની પુત્રીને પરણેલા. તેના વંશજો પણ ખસિયા કહેવાય છે.)

૧. જુઓ ગયા પ્રકરણની ફુટનોટ તથા શિવાલય માટે હી. ઇ. ઓ. ગુજરાત ભા. ૩. શ્રી. આચાર્ય.

અગ્રણી લોકોએ અલપખાને સ્થાપેલી હકૂમત ઉઠાડી મૂકી. અલ્લાઉદ્દીને મલેક કમાલુદ્દીન ગુર્ઝને ગુજરાત જીતવા મોકલ્યો, પણ તેને પણ આ લોકોએ મારી નાખ્યો. અલ્લાઉદ્દીન આ સમાચાર સાંભળી ધમપછાડા કરવા માંડયો; અને પરિણામે ગુજરી ગયો. ખરી સત્તા મલેક કાકુર નામના ગુલામના હાથમાં ગઇ. તેણે અલ્લાઉદ્દીનના સૌથી નાના પુત્રને ગાદીએ બેસાડયો. પણ ત્રણ વર્ષમાં જ કાકુરનું ખૂન થયું અને દીલ્હીની ગાદીએ અલ્લાઉદ્દીનનો ત્રીજો પુત્ર કુતુબુદ્દીન મુબારક દિલ્હીની ગાદી પચાવી પાડી સુલતાનપદે આરૂઢ થયો. તેણે ઐન ઉલ મુલ્કને ગુજરાતમાં મોકલ્યો. ઐન ઉલ મુલ્કે ગુજરાતમાં સુલ્તાનની સત્તા પુનઃ સ્થાપી, સુલ્તાન વિરોધી લોકોને કતલ કર્યા, કંઇકને પરાણે મુસલમાન બનાવ્યા અને કંઇકનો ભારે દંડ કર્યો.

**વંથલી** : દીલ્હીમાં આ ગડબડ ચાલતી હતી તેનો લાભ માત્ર સોમનાથના મંદિરનું ફરી બાંધકામનું કામ કર્યા સિવાય વિશેષ લઇ શકાયો નહીં; પણ રાહ મહીપાલે વંથલીમાંથી રાઠોડોને કાઢી મૂકી વંથલી પોતાના કબજામાં લીધું. રાહ મહીપાલ ઈ. સ. ૧૩૨૫માં ગુજરી ગયો.

**રાહ ખેંગાર ૪થો** : ઈ. સ. ૧૩૨૫થી ઈ. સ. ૧૩૫૧

**સોમનાથ** : રાહ ખેંગારે તેના પિતા મહીપાલે શરૂ કરેલું સોમનાથના ઉદ્ધારનું કાર્ય ઇ. સ. ૧૩૩૩માં પૂરું કર્યું અને મુસ્લિમોના હાથે ખંડિત થયેલા વિશ્વવિખ્યાત દેવાલયને પૂર્વવત્ સ્થિતિમાં મૂકયું.

**ઝાલાઓ** : ઝાલાઓ પ્રબળ થતા જતા હતા. રાજ મેઘપાલજીએ ટીકર સુધીનો પ્રદેશ કચ્છના જાડેજા પાસેથી જીતી લઇ ત્યાં ગામ વસાવ્યું અને કૂવા આબાદ કરી પોતાની સીમા વધારી દીધી.

**ગોહિલ** : પણ તેનાથી પણ પ્રથમ અને સૌરાષ્ટ્રના ઇતિહાસનું એક અમર પાત્ર મોખડાજી ગોહિલ આ સમયમાં થયો. મોખડાજી સેજકજીનો પૌત્ર અને રાણોજીનો પુત્ર હતો. રાણોજી ઈ. સ. ૧૩૦૮–૯માં મુસ્લિમોના હાથે માર્યો ગયો. મોખડાજીએ ગાદી ઉપર આવી તેની વીરતાથી ખોખરા, ભીમડાદ, ઉમરાળા તથા ઘોઘા જીતી લીધાં. ઘોઘાનું મુસ્લિમ થાણું તેણે તલવારની અણીએ ઉઠાડી મૂકયું અને પીરમના બેટમાં એક મજબૂત દુર્ગ ચણાવી ત્યાં પોતાની ગાદી ફેરવી.[1] તેથી તેને પીરમનો પાદશાહ કહેવામાં આવ્યો છે.

---

૧. પીરમનો બેટ ગોહિલવાડના કિનારાથી ત્રણ માઇલ દૂર દરિયામાં છે. વલ્લભી નદી દરિયામાં થઇને સમુદ્રને મળે છે. તેની તથા મુખ્ય દેશની વચમાં ખડકો છે. આ સ્થળેથી હાથી, હીપોપોટેમસ વગેરે જનાવરોના અવશેષો હમણાં સુધી મળતા. નર્મદા નદી પણ આ બેટ

"આવી જગ્યામાં મોખડાજી ગોહિલ આખરે પોતાની મેળે વસ્યો. રાણીનો કુંવર બળવાન રાજાધિરાજ, એટલે પોતાને વસવા નવું શહેર બાંધ્યું અને ડુંગર ઉપર મજબૂત કિલ્લો બાંધ્યો. દરિયાનાં મોજાં તેની ચારે બાજુએ છોળો મારતાં હતાં. ધરતીના ધણીએ કોળીઓનું રાજ્ય ખૂંચવી લઈને પીરમના નામથી જાણીતું કર્યું. તેના પહેલાં ઘોઘામાં તથા પીરમમાં બારૈયા ઘણા હતા. તે બે મોખડાજીએ લઈ લીધા. સાતસેં ખારવાને તેણે તલવારની ધારે ચડાવ્યા; બધા કોળીઓને ઠાર કર્યા; પૂર્વજન્મના તપસ્વીએ એ બે શહેર સ્વાધીન કરી પીરમની ગાદી પ્રતાપવાન કરી દીધી. ઘણા દેશનો રસ્તો ત્યાં થઈને જતો હતો. તેથી તેણે પીરમમાં ઘણું વહાણ રાખ્યાં હતાં. ઘણું વહાણો તેણે લૂંટી લીધાં હતાં અને સર્વ જગ્યાએ તેનો ત્રાસ વરતાઈ ગયો હતો. જે હુંકારી આવતા હતા તેની પાસેથી તે ખંડણી લેતો હતો, હનુમાનની મૂર્તિ તે બાજુબંધમાં રાખતો ને તેને કાલિકા માતાનો હાથ હતો."[1]

મોખડાજીએ એવું પ્રબળ સ્વરૂપ પ્રાપ્ત કર્યું કે કોઈ પણ વહાણ કર ચુકાવ્યા સિવાય જઈ શકતું નહીં અને કરનો ઈન્કાર કરવામાં આવે તો વહાણ લૂંટી લેવામાં આવતું. મોખડાજીના આ કાર્યમાં સમુદ્રસેના સહાય કરતી. તેનો સમુદ્રાધિપતિ ત્રાપજનો સુરાવાળો હતો. તેણે ખંભાત બંદરે જતાં દિલ્હીના મુસ્લિમ વેપારીની સોનાની પાટો ભરેલાં વહાણો પણ લૂંટી લીધાં.

આ વેપારીએ મહમદ તઘલગને ફરિયાદ કરી. તેથી મહમદ તઘલગે[2] આવા પ્રબળ હિન્દુ રાજાને જડમૂળથી ઉખેડી નાખવા નિશ્ચય કર્યો.

---

સામે જ આવીને મળે છે. આ બેટમાં જે મજબૂત કિલ્લો હતો તેનાં ખંડિયેરો હજુ જોવામાં આવે છે. થોડા બુરજ પણ છે. આ સ્થળથી સૌરાષ્ટ્ર અને ગુજરાતના કિનારા સ્પષ્ટ દેખાય છે અને મધ્યવર્તી હોડ ચાંચિયાઓ માટે આ સ્થળ અનુકૂળ છે.

પ્રસિદ્ધ મોરોક્કી મુસાફર ઇબ્ન બતુતાએ પીરમની નોંધ લીધી છે. તેણે આ બેટની મુલાકાત ઇ. સ. ૧૩૪૨માં લીધી હતી. તે લખે છે કે આ બેટ ઉપરની હિન્દુ રાજાઓની સત્તા મુસ્લિમોએ ઉખેડી નાખી હતી. તેના ઉપર વસ્તી હતી નહીં; પણ "વેપારીઓના" રાજા અલ કાઝે રની કે જેની ખંભાતમાં કોઠી હતી તેણે પોતાનો માલ લાવતાં લઈ જતાં વહાણોને ચાંચિયાથી બચાવવા આ સ્થળે કિલ્લો બાંધી થોડા મુસ્લિમોને વસાવવા પ્રયત્ન કર્યો હતો. (એ હીસ્ટ્રી ઓફ ગુજરાત–પ્રો. કોમીસેરીએટ) આ કથન સત્ય માનીએ તો મોખડાજીએ ઈ. સ. ૧૩૪૨ પછી અને ઇ. સ. ૧૩૪૯ વચ્ચે પીરમ વસાવ્યું હશે.

૧. રાસમાળા–ભાષાંતર.

૨. મહમદ તઘલગને બે શોખ હતા: દાન દેવાનો તથા મનુષ્યવધ કરવાનો. એવો એક પણ દિવસ ન જતો કે જ્યારે તેના દ્વારેથી કોઈ પણ ભિખારી નિરાશ થઈ પાછો ફરતો હોય. અને એવો એક પણ દિવસ ન જતો કે જ્યારે કોઈ મનુષ્યનો વધ ન કરવામાં આવ્યો

ગુજરાતનું બંડ : ઇ. સ. ૧૩૪૫માં ગુજરાતના સૂબા અમીરાને સાદાએ સુલતાનની સત્તાનો અનાદર કર્યો અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો. મહમદ જાતે સૈન્ય લઇ તેની સામે ચડયો અને વડોદરા તથા ડભોઇમાં પોતાની છાવણી નાખી અમીરાને સાદાને હરાવી મારી નાખ્યો. પણ તેનો સાથી તાધી નાસી છૂટયો. મહમદ તેની પાછળ પડયો. તાધી ત્યાંથી નાસી રાહ ખેંગારના શરણમાં જૂનાગઢ આવ્યો.

મહમદ તઘલગની ઘોઘા ઉપર ચડાઇ.[1] તાધીને રાહે આશ્રય આપ્યો તેથી મહમદ તઘલગે તેના સૈન્યનું લક્ષ્ય જૂનાગઢ તરફ કર્યું. માર્ગમાં તેણે ઘોઘા લીધું અને પછી પીરમ ઉપર ગયો. પણ દરિયાપાર સૈન્ય લઇ જવાનું શકય હતું નહીં. એટલે જમીન ઉપર ઘેરો નાખ્યો. પીરમને સમુદ્રમાંથી સહાય મળતી હતી તે છતાં ઘેરો ચાલુ રહ્યો. મોખડાજીને સલાહ મળ્યા છતાં તેના ક્ષત્રિય હૃદયમાં આવી કાયર લડાઇ લડવાને બદલે મુસ્લિમોને મહાત કરવાની પ્રબળ ઇચ્છા જન્મી, અને તે પીરમ છોડી ઘોઘા આવ્યો. મહમદે ઘોઘાને ઘેરો ઘાલ્યો. મોખડાજી પ્રાતઃકાળમાં ઘોઘાના દરવાજા ઉઘાડી લડાઇ કરવા મેદાને પડયો. પોતે જાતે યુદ્ધભૂમિમાં તલવાર લઇ ઘૂમવા માંડયો. મહમદ યુદ્ધમાં આવ્યો ન હતો. મોખડાજીએ તેને શોધવા પ્રયત્ન કર્યો, પણ જ્યારે સુલ્તાન ન મળ્યો ત્યારે સુલતાનના ભાણેજ તથા તેના સેનાપતિને ઠાર માર્યા. મોખડાજી સામે લડવા મુસ્લિમોની હિમ્મત ચાલી નહિ. મોખડાજીને વિજયની વરમાળ વરવાને ઝાઝી વાર હતી નહિ; ત્યાં કોઇ સિપાઇએ મોખડાજીને પાછળથી ઘા મારી તેનું માથું કાપી નાખ્યું. પણ મોખડાજીની મનેચ્છા એટલી પ્રબળ હતી કે તેનું ધડ લડવા માંડયું. તેણે અનેક શત્રુઓના પ્રાણ લીધા. આખરે ગળીનો દોરો નાખતાં તેનું ધડ પડયું.[2]

---

હોય. તેથી તે મહમદ "ગાંડા" નામથી પ્રસિદ્ધ થયો છે. મુસ્લિમ ઇતિહાસકારો તેમ છતાં તેના રાજ્યઅમલ માટે પ્રશંસાનાં પુષ્પો વેર્યે રાખે છે. તેને ઇન્સાફપસંદ અને નિષ્પક્ષપાત કહ્યો છે. "તેના ઇન્સાફની તલવાર આગળ અમીર અને ફકીર સરખા હતા. તેની કાયદાની કિતાબમાં પક્ષપાત ગેરહાજર હતો."

૧. કેટલાક ઇતિહાસકારો એમ માને છે કે તે પ્રથમ જૂનાગઢ ગયો. પણ તે સંભવતું નથી. જૂનાગઢ જઇ તે ગોંડલ ગયો અને ત્યાંથી બીમાર થઇ જતાં સિંધમાં ચાલ્યો ગયો. એટલે પ્રથમ ઘોઘા જીત્યું હશે તે વિશેષ સંભવિત છે.

૨. મોખડાજી વિશે એક દંતકથા છે કે તેને પુત્ર ન હતો. તેથી તેણે ખરકડીના પીરની માનતા માની. પીરે તેને ગાયની કુરબાની આપવા કહ્યું અને મોખડાજીએ તે કબૂલ્યું. પરિણામે તેને ત્યાં પુત્ર જન્મ પણ થયો. પણ ગાયની કુરબાની આપવા જતા હતા ત્યાં પાડો દેખાયો અને પાડાનું બલિદાન દીધું. તેણે પીરની જગ્યા બંધાવી. આ વાત વોટસને કોઇ પાસેથી સાંભળી ગેઝેટીયરમાં લખી છે; પણ તે સર્વથા ભ્રમમૂલક અને ગપ્પીકાર્ય છે. મોખડાજી જેવો વીર હિંદુ ગાયની કુરબાની આપવા તૈયાર થાય તે માની શકાય નહીં. ઘણે સ્થળે મુસ્લમાનોએ પીરનો મહિમા વધારવા આવી અનેક વાર્તાઓ જોડી કાઢી છે. તેવી આ એક કલ્પિત વાર્તા જ છે.

ઘોઘાનું પતન : મોખડાજી મરતાં મહમદ ઘોઘામાં ગયો. તેણે છૂટે હાથે કતલ ચલાવી અને પીરમનો કિલ્લો તોડાવી નાખી ઘોઘામાં મુસ્લિમ સરાહ પ્રમાણે રાજ્ય ચલાવવા એક કાજીની નિમણૂક કરી[1] અને ઘોઘાને ખાલસા પ્રદેશમાં જોડી દીધું.

જૂનાગઢ ઉપર ચડાઈ : મોખડાજીનું મૃત્યુ થતાં સોરાષ્ટ્રભરમાં ભયની લાગણી ફેલાઈ ગઈ. ફરીથી મહમદ આવે છે એ સમાચારે પ્રજા ભયભીત થઈ ગઈ અને તે કારણે લોકોનું તેનો સામનો કરવાનું નૈતિક બળ તૂટી ગયું.[2]

મહમદ ઘોઘાથી મહુવા ગયો, ત્યાંથી ઊના જઈ તેણે દીવના વાઘેલાઓને હરાવી દીવ લીધું અને તાઘીને શોધવાની ઉતાવળમાં સોમનાથ ઉપર ન જતાં કનકાવતી[3] નગરીનો નાશ કરી, જૂનાગઢ પહોંચ્યો. તેણે સૈન્યના એક ભાગને સોમનાથ મોકલ્યું. તેઓએ માત્ર મંદિર ભ્રષ્ટ કર્યું, લૂંટયું અને જૂનાગઢનો માર્ગ લીધો. માર્ગમાં આવતાં દેવાલયો તોડવાનું, મસ્જીદો બનાવવાનું તથા કતલ કરવાનું મહમદ ભૂલ્યો નહીં.

મહમદે ઉપરકોટને ઘેરો ઘાલ્યો અને રાહને તાઘીને સોંપી દેવા કહેણ મોકલ્યું. રાહે ઉત્તર આપ્યો કે 'હું ક્ષત્રિય છું અને શરણાગતને સોંપવાથી મને લાંછન લાગે.' તેથી મહમદે હલ્લો શરૂ કર્યો. પણ તાઘી ત્યાંથી સિંધમાં નાસી ગયો. દરમ્યાન ચોમાસું બેસી ગયું, જેથી મહમદે વાદળીઓથી વીંટળાયેલા ગિરનારનાં સુંદર દૃશ્ય જોવામાં સમય ગાળ્યો. તેના નિત્ય મનુષ્યવધ કરવાના નિયમને તેણે બરાબર જાળવ્યો. વર્ષા વીતતાં ઘેરો શરૂ થયો. રાહને તેના ઘસારા સામે ટકવું મુશ્કેલ જણાતાં છતાં કેસરિયાં કરી, સૈન્ય લઈ તે બહાર પડયો. તેનો સેનાપતિ વીરસિંહ

---

૧. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમીસેરિયેટ.

૨. મહમદ પ્રભાસ ગયો નહીં પણ એક નાનું લશ્કર માત્ર મૂર્તિભંજનના વ્યવસાય માટે મોકલ્યું. પાટણની પાનવાડી ઉર્ફે રામપુષ્કર તીર્થના રામમંદિરને તેઓએ ભ્રષ્ટ કરી ત્યાં એક મસ્જીદ બનાવી. તેમાં હી. સં. ૭૨૦ (ઇ. સ. ૧૩૨૦)નો શિલાલેખ હતો. તેમાં મહમદ તઘલગના રાજ્યમાં આ પ્રદેશનો અધિકારી (વાલી) મલેક તાજુદ્દીન અહમદ હતો અને મસ્જીદ બનાવનારો હામીદ અહમદ હતો તેવો ઉલ્લેખ છે. આ લેખ પણ પાછળથી લખાયો છે. ઇ. સ. ૧૩૨૦માં દિલ્હીની ગાદીએ ગ્યાસુદ્દીન તઘલગ હતો. મહમદ તઘલગ હજુ ગાદીએ આવેલો નહીં અને તેણે મોકલેલું સૈન્ય થોડા જ દિવસ પ્રભાસ રોકાયું હતું. એટલે શિલાલેખ કોતરાવવાનો સમય ન જ હોય. આ પણ એક ફેંજરી છે. આ લેખ હમણાં જૂનાગઢના સંગ્રહસ્થાનમાં છે.

૩. ગીરમાં હાલમાં કનકાઇનું સ્થાન છે. ત્યાં કનકાવતી શહેર હતું.

વાઘેલો[૧] મરાયો અને સૈન્યમાં ભંગાણ પડયું. રાહે નાસી જવા પ્રયત્ન કર્યો, પણ તે પકડાઈ ગયો. તાબી ભાગી ગયો છે તેવી ખબર પડતાં મહમદે ભારે દંડ લઈ રાહને જવા દીધો. રાહની રીતિનીતિથી મહમદ તેનો મિત્ર બની ગયો. રાહે વચમાં પડી અન્ય રાજાઓનો વિનાશ થતો અટકાવ્યો. મહમદને નજરાણાં ધરાવી સૌરાષ્ટ્રના રાજાઓ બચ્યા. સુલતાને તેઓને કીમતી પોશાક આપ્યા અને ત્યાંથી ગોંડલ જઈ ત્યાં મુકામ કર્યો.

**મહમદ તઘલગ ગોંડલમાં :** સુલતાન મહમદ ગોંડલમાં બીમાર થઈ ગયો; જીવનદીપક બુઝાઇ જશે તેવી ભીતિ લાગી. તેથી દિલ્હીથી તેની બહેન ખુદાવિંદ ઝાદે અને મખદુખ ઝાદે તેમજ મુલ્લાંઓ આવ્યા. તેમની સાથે બેગમો તથા રાજકુટુંબનાં માણસો પણ આવ્યાં. ઉપરાંત ફરઘાનના સુલતાન તરફથી પાંચ હજાર મોગલ સ્વારોને લઈ અમીર આલ્તુન પણ આવી પહોંચ્યો. તાબી સિંધમાં સલામત છે તથા સુમરા રાજાએ તેને આશ્રય આપ્યો છે તે જાણી, તેમજ શિયાળા સિવાય રણ નહીં ઓળંગાય તે ભયે મહમદ નબળી તબિયત છતાં ઊપડયો. તેણે માર્ગમાં કચ્છના જામ કાંયાજીને ઇ. સ. ૧૩૫૦માં હરાવી ભારે દંડ લીધો, પ્રથમ કરેલી યોજના મુજબ સિંધુમાં હોડીઓ રખાવી હતી, તેના વડે સિંધુ પાર કરી તે ઠઠ્ઠા તરફ ગયો.

**સિંધમાં :** ઠઠ્ઠા ત્રીસ કોસ દૂર હતું ત્યારે તેણે મચ્છી ખાધી. તે પચી નહિ અને તે માંદો પડયો. બીમારી વધવા માંડી, છતાં કૂચ ચાલુ રાખી અને ઠઠ્ઠા ચૌદ કોસ દૂર રહ્યું ત્યાં ઇ. સ. ૧૩૫૧ના માર્ચની ૨૦મી તારીખે તે ગુજરી ગયો. તેના ઇતિહાસકાર બદાઉની પ્રમાણે પ્રજા તેનાથી છૂટી અને તે પ્રજાથી છૂટયો. મહમૂદના મૃત્યુના ખબર પડતાં, જામે તેના સૈન્યને હાલહવાલ કરી સિંધમાંથી કાઢી મૂકયું.[૨]

મહમૂદે રાહ પાસેથી ચાંચિયાનું જોર ન વધવા દેવા શર્ત કરેલી. તે મુજબ રાહે મહમૂદ ગોંડલ હતો ત્યારે ચાંચિયાને પકડયા; પણ રાહ તો જ વર્ષમાં ગુજરી ગયો, અને તેણે મહમદને આપેલા કોલનું પાલન પણ ત્યાં જ પૂરું થયું.

---

૧. આ વીરસિંહ ક્ષેમાનંદ વાઘેલા કે જે મારવાડમાં કનકપુરી છે ત્યાંનો હતો. વીરસિંહની પુત્રી રત્નાવલી ચોરવાડના માલદેની મા થતી. ચોરવાડના લેખમાં દર્શાવ્યું છે કે લુલીંગનો પુત્ર ભીમ; તેનો લવણ; તેના ત્રણ પુત્રો : લક્ષ્મ(ણ)સિંહ, લક્ષણપાળ અને લક્ષ્ય. ભીમસિંહને પાંચાળા, કાલેજ વગેરે બાર ગામ મળેલાં. લવણપાળ કાલેજમાં ગુજરી ગયો. લક્ષ્ય રાજસિંહ નામે કુંવર મૂકી જૂનાગઢ આગળ મહમદ બેગડા સાથે લડતાં મરાયો. તેની સ્ત્રી રત્નાવલી હતી. તેને ૭ પુત્રો હતા: દુદો, લાખો, દેવો, રામો, સાંગો, લુણસી તથા પુત્રી હાંસી. જુઓ હી. ઇ. ઓ. યુ. આચાર્ય, ભાગ ૩જો.

૨. બદાઉની મુન્તખબુત ઉન તવારીખ (રેઝીંગ).

રાહ જયસિંહ : ઈ. સ. ૧૩૫૨થી ઈ. સ. ૧૩૬૯.

રાહ જયસિંહના વખતમાં મહમુદ તઘલગ ગુજરી ગયો હતો અને તેનો ભત્રીજો ફિરોઝ ગાદી ઉપર બેઠો. ફિરોઝે સિંધના જામ ઉપર વેર લેવા નેવું હજાર ઘોડા, ચારસો બેંસી હાથીઓ અને કેટલુંક પાયદળ લઇ સ્વારી કરી; પણ ઘોડામાં રોગ ફેલાતાં ઘણા ઘોડા મરી ગયા. સિંધમાં દુકાળ પડયો અને સિંધમાં રહેવું મુશ્કેલ જણાતાં ફિરોઝ ગુજરાત તરફ આવ્યો. માર્ગમાં કચ્છના રણમાં ભૂલા પડતાં હજારો સિપાઇઓ મરી ગયા, અને ફિરોઝ ઈ. સ. ૧૩૬૩માં માંડમાંડ અણહિલવાડ પહોંચ્યો. ત્યાં એક વર્ષ ગાળી તે ફરી સિંધ ઉપર ચડયો. આમ સિંધના વિગ્રહમાં ફિરોઝ રોકાયો હતો; તેથી સૌરાષ્ટ્ર ઉપર તેના આક્રમણનો ભય ન રહ્યો.

ફિરોઝ તઘલગ : અણહિલવાડ પાટણના નિવાસ દરમ્યાન ફિરોઝે સૌરાષ્ટ્રનાં તેનાં થાણાંઓ મજબૂત કરવા પ્રયત્ન કરેલો. તેથી રાજાઓ અંદર અંદર લડી શકયા નહીં, પણ પોતાનાં રાજ્યોને મજબૂત કરતા ગયા.[1]

રાહ જયસિંહે આ સમયનો લાભ લીધો. તેના દરબારમાં દિલ્હીનો એલચી રહેતો છતાં તેણે સુલ્તાને સ્થાપેલાં થાણાંઓ ઉપર પોતાનો અધિકાર સ્થાપી દીધો. જાગીરદારો તથા નાના ઠાકોરોની ઠકરાતો ખાલસા કરી અને પોતાના રાજ્યમાં જોડી દીધી. આવી ૮૪ ઠકરાતો તેણે આ સમયમાં પોતાના રાજ્ય સાથે દબાણથી કે લડાઇથી કે સમજૂતીથી મેળવી લીધી.[2]

રાહ જયસિંહ વિરુદ્ધ ઈ. સ. ૧૩૬૯માં તેણે થાણાંઓ ઉઠાવી મૂકયાં એવી ફરિયાદ સુલતાનના એલચીએ અણહિલવાડ તરફ મોકલતાં, ત્યાંથી સૂબો ઝફરખાન જૂનાગઢ ઉપર ચડી આવ્યો. તેણે રાહ જયસિંહને ખુલાસો આપવા બોલાવ્યો. રાહ જયસિંહ તેને મળવા ગયો, ત્યાં ઝફરખાને તેના માણસોને કેદ કરવા હુકમ આપ્યો; પણ રાહ જયસિંહ વીર હતો. તેણે તલવાર બહાર ખેંચી પડકાર કર્યો. ઝફરખાનના સૈનિકો સાથે ઝપાઝપી થઈ. તેમાં રાહે ઝફરખાનના બાર માણસોને મારી નાખ્યા[3]

---

૧. ઝાલાઓએ પણ પોતાના પ્રદેશોનો વિસ્તાર વધાર્યો. ઝાલારાજ વેગડજીએ વેગડમાલ વસાવ્યું. ધ્રુમલીનો નાશ થતાં જેઠવાની સત્તા ક્ષીણ થઇ ગઇ અને બરડાનો પ્રદેશ જ તેમના હાથમાં રહ્યો. કચ્છના જાડેજાઓએ સૌરાષ્ટ્ર કિનારા ઉપરનો તેમનો પ્રદેશ ખોયો હતો. તે ઝાલાઓ પાસેથી પુનઃ પ્રાપ્ત કરવા તેમણે પ્રયત્નો કર્યા, પણ તેમાં તેઓ સફળ થયા નહિ.

૨. માંડલિક-કાવ્ય

૩. આ બનાવ ટીંબાવાડીથી કે જે જૂનાગઢથી બે માઇલ દૂર છે ત્યાં બન્યો. ત્યાં "બારા શહીદ"ની કબરો હજી પણ છે. દીવાન રણછોડજી આ બાર જણા રાહ વતી મર્યા હોવાનું લખે છે. એક ચારણે એવી વાર્તા કરેલી છે કે રાહ ઝફરખાનને મળવા ગયો ત્યારે તેને ભરોસો ન પડતાં મળવા ના કહી. તેથી ઝફરે તેના બાર સરદારોને જામીન તરીકે મોકલ્યા. ઝફરે દગો કરતાં આ બારે જણા તેમના વચન ખાતર કપાઇ મૂઆ.

અને પોતે પણ પડયો.

ઝફરખાન ત્યાંથી સોમનાથ ગયો અને ત્યાં વાળા રાજાને[૧] મારી, પોતાનું થાણું પાછું સ્થાપી, પ્રદેશ લૂંટતો લૂંટતો ઊના–દેલવાડા તથા ઘોઘાને માર્ગે પાટણ પાછો ગયો.

રાહ મહીપાલ પાંચમો : ઈ. સ. ૧૩૬૯થી ૧૩૭૩.

રાહ મહીપાલ પાંચમો પિતાના મૃત્યુ પછી ગાદીએ આવ્યો. રાહ જયસિંહને ઝફરખાને મારી નાખ્યો અને જૂનાગઢ ખાલસા કરવા પ્રયત્ન કર્યો, પણ મહીપાલે તેને નજરાણું આપી પાછો કાઢયો.

સિંધની ચડાઇ : ફિરોઝ તઘલખે જામની હકૂમત ઠઠ્ઠામાંથી ઉખેડી નાખી તેથી તે રાજાએ અથવા તેમના સરદારોએ કચ્છ અને સૌરાષ્ટ્ર ઉપર ચડાઇ કરવા માંડી. આ હુમલાખોરો જાડેજા હતા અને નવું રાજ્ય પ્રાપ્ત કરવાની આશાએ સોરાષ્ટ્ર ઉપર દૃષ્ટિ રાખી રહ્યા હતા. તેઓએ હાલારની સાગરપટ્ટી ઉપરથી જેઠવાઓની સત્તા ઉખેડી નાખી અને રાણા જશધવલના પરિશ્રમ છતાં જેઠવાઓ જાડેજા સામે ટકી શકયા નહીં અને પ્રદેશ ગુમાવી બરડામાં જઈ રહ્યા. સિંધની આ ચડાઇમાં કચ્છના જામ હરભમજીએ આડા પડી જેઠવાઓ ઉપર જતાં આક્રમણો ખાળેલાં અને સહાયભૂત થયેલા.[૨]

ગોહિલો : મોખડાજીના પાટવી કુમાર હુંગરસિંહે ઈ. સ. ૧૩૭૦માં ઘોઘામાં આ રાહના સમયમાં ગાદી સ્થાપી. મહીપાલના અમલમાં બીજા કાંઈ અગત્યના બનાવ બન્યા નથી, સિવાય કે સૌરાષ્ટ્રમાં ગામે ગામમાં મુસલમાનો ફેલાઈ ગયા, ધર્માંતર વ્યવસ્થિત રીતે થવા માંડયું. જે પરદેશી વેપારીઓ ગરીબડા થઈ રહેતા તે તેઓના અધિકારી ધર્મભાઇઓ સાથે ભળી ગયા. ગરીબ લોકોને મુસ્લિમ બનાવ્યા અને ઇસ્લામનો સૂર્ય પૂર બહારમાં સૌરાષ્ટ્રમાં પ્રકાશવા માંડયો.

માંગરોળ : આ સમયે માંગરોળ એક અગત્યનું શહેર હતું તેમ જણાય છે. મહમદ ગીઝની પણ માંગરોળ ગયો હતો તેમ માન્યતા છે. હી. સન ૭૭૦ એટલે ઈ. સ. ૧૩૬૮માં માંગરોળમાં રાજા કુમારપાળ રાજ્ય કરતો હતો. તેને શમ્સખાનના લશ્કરના સૈન્યાધિપતિ ઈઝુદ્દીનના તાબાના ઉપસેનાધિપતિ સૈયદ સિકંદરે ઇસ્લામ

---

૧. વાળા વંશ માટે આગળ જુઓ.

૨. આ જાડેજાઓનો સરદાર કોણ હતો તે જાણવા મળતું નથી. ભાટ ચારણોનાં વૃત્તાંતો ઉપરથી તેમજ મોધમ લખાયેલા ઇતિહાસમાંથી આટલી જ હકીકત પ્રાપ્ત થાય છે. 'યદુવંશપ્રકાશ'ના કર્તા રાજકવિ માવદાનજી પણ આ વાતને સમર્થન આપે છે.

કબૂલ કરવા ફરજ પાડી. કુમારપાળે વીર ક્ષત્રિયની રીતે આવા અપમાનજનક ઓલાનનો જવાબ યુદ્ધથી વાળ્યો. કુમારપાળનો પરાજય થયો અને યુદ્ધભૂમિમાં તે સૂતો. સૈયદ સિકંદરે માંગરોળ લીધું. ઇઝઝુદ્દીને તે પછી આ ગામ સૈયદ સિકંદરને ઇનામમાં આપી પોતે દિલ્હી ગયો.[1]

તે પછીના પાંચમે વર્ષે એટલે હીજરી સન ૭૭૫માં લખાયેલ એક લેખમાં જણાવ્યું છે કે ઇઝઝુદ્દીન ત્યાંનો સૂબો હતો. વિદ્વાન કર્નલ વોટસન માને છે કે સૈયદ સિકંદર કે જેને પાછળથી પીર માનવામાં આવ્યા તેને જીવાઇમાં આ ગામ દેવા શમ્સખાને ઇઝઝુદ્દીનને સૂચના આપેલી. તેથી તેને વિજેતા કહ્યા છે.

આમ બે ચર્ચાગ્રસ્ત વિષયો ઉપસ્થિત થાય છે : સૈયદ સિકંદર કોણ અને રાજા કુમારપાળ તે કોણ. ?

ઇઝઝુદ્દીન બિન આરામશાહ : ઇ. સ. ૧૩૩૫થી ઇ. સ. ૧૩૬૮ લગભગ એટલે ૧૪મી સદીના મધ્ય ભાગમાં માંગરોળ એક અગત્યનું સમૃદ્ધ નગર અને આકર્ષક બંદર હતું. અલ્લાઉદ્દીન ખીલજીની[2] ચડાઇ સમયે પણ તેની જાહોજલાલી અપૂર્વ હતી. ફળદ્રુપ નાઘેર પ્રદેશનું તે એક અતિ રમણીય સ્થાન હતું અને તે સ્થળે નાના ઠાકોરો રાજ્ય કરતા. અગાઉ જોયું તેમ ત્યાં ગોહિલ રાણા રાજ્ય કરતા અને તે વંશમાં કુમારપાળ થયો હોય તો તે સંભવિત છે. અથાગ પરિશ્રમ કર્યા છતાં આ માંગરોળના શૂરવીર સહજીગના વંશજોની વંશાવલી મળી નથી. પણ આ ગોહિલો

---

૧. હી. સન ૭૭૦નો લેખ અમે જોયો નથી. કર્નલ વોટસનના આધારે આ વિષયમાં માંગરોળના ઇતિહાસની એક વાત નોંધ કરવા જેવી છે. ફિરોઝ તઘલગના ગુરુ પંજાબના પ્રસિદ્ધ મહાત્મા મખદુમ જહાંનીયા નામના સૈયદ હતા. તેની સરદારી નીચે શમ્સખાન તથા ઇઝઝુદ્દીન બિન આરામશાહ નામના સેનાપતિઓ નવ હજારનું મોટું લશ્કર લઇ માંગરોળ સર કરવા આવ્યા. તેમાં પોતાના મુરીદનો વિજય થાય તે માટે એક કાસુ (કટોરો) લિબાશ (પોષાક) તથા નેજો તે ઓલિયાએ આપેલો. તેના પ્રભાવથી માંગરોળ જિતાયું પણ શમ્સખાન મરાયો. તેની કબર માંગરોળમાં છે. સૈયદ સિકંદરની કબર તેમના ગુરુ મખદુમ જહાંનીયાની જગ્યામાં છે.

માંગરોળમાંથી અનેક ફારસી શિલાલેખો મળ્યા છે. તે હી. સ. ૭૮૪–૭૮૫–૭૮૭–૭૮૮–૭૯૧–૮૦૫–૮૨૦ વગેરેના છે. તેના ઉપરથી પ્રતીત થાય છે કે મુસ્લિમોનો માંગરોળ ઉપર આક્રમણો કરી પોતાનું મુખ્ય કેન્દ્ર ત્યાં સ્થાપવાનો ઇરાદો હશે, જેની ચર્ચા ક્રમશઃ થશે.

૨. પુછઇ વાત બાદશાહત ઇસી
ગુજરાતી તે કંઇ કીસી
કીસ્યું ખંભાયત અણહલપુર
કીસ્યું દીવગઢ માંગલહર. (કાન્હડદે પ્રબંધ)

અવશ્ય ભાવનગરના ગોહિલોના પૂર્વજોથી ભિન્ન હતા.[૧] અને તેઓનું રાજ્ય ખંડિયા તરીકેનું કે ઠાકોર તરીકેનું કે સૂબા તરીકેનું માંગરોળમાં હતું તે નિઃશંક છે. આ રાજ્યવંશનો છેલ્લા રાજા વા ઠાકોર કુમારપાળ હતો. આ રાજાએ ઇસ્લામનો સ્વીકાર કર્યો નહીં. તેથી તેના ઉપર શમ્સખાનના સૈન્યે આક્રમણ કર્યું.

ઇ. સ. ૧૩૭૫ લગભગ આ રાજવલ ગોહિલ ઉપર ઇઝઝુદ્દીન બિન આરામશાહ અને સૈયદ સિકંદરે સૈન્ય દોર્યું અને કુમારપાળ તેમાં પડયો. તેના વંશજો ત્યાંથી નાસી કોડીનાર પાસે ગયા અને ત્યાં તેઓએ એક ગામ[૨] વસાવી નિવાસ કર્યો.

આ ઇઝઝુદ્દીન બિન આરામશાહ માંગરોળનો સૂબો થયો. તેણે જ્યાં ૧૮૦૦ કન્યાદાન દેનાર ભાણ જેઠવાની ચોરી હતી અને જેને ફિરોઝ તઘલગના સૂબેદાર શમ્સુદ્દીન અન્વરખાને તોડી પાડેલ, ત્યાં તે જ સુલતાનના કાળમાં જુમ્મા મસ્જિદ બંધાવી.[૩]

કુમારપાળ : ભાણ જેઠવાના કબજામાં માંગરોળ હતું. તેથી આ કુમારપાળ જેઠવા વંશનો હતો તેવી શંકા થાય છે; પણ જેઠવાઓના કબજામાં માંગરોળ ઝાઝો વખત રહ્યું હોવાનું જણાતું નથી. ૧૮૦૦ કન્યાદાન દીધાં તે મંડપ ભાણે બંધાવ્યાની વાત પણ સાબિત થતી નથી; અને કદાચ હોય તો પણ કુમારપાળ જેઠવા વંશનો હતો તે જણાતું નથી.

ચાવડાઓ પણ તે સમયે નષ્ટપ્રાય થઇ ગયા હતા, અને વાજાઓનું આધિપત્ય માંગરોળ ઉપર ન હતું. તેથી તે ગોહિલ જ હોવો જોઇએ. આ કુમારપાળ માંગરોળના રાજા જયપાળનો વંશજ હોવાનું પણ અનુમાન થાય છે. પાટણના રાજા કુમારપાળની બહેન કોઇ જયપાળને પરણી હતી.[૪] તે માંગરોળનો હાકેમ હતો. એટલે કુમારપાળ

---

૧. માંગરોળથી ઊના સુધી પથરાયેલા કાઠિયા રજપૂતોમાં ગોહિલ શાખના રજપૂતો છે. તેઓના પૂર્વજો માંગરોળના માલિક હતા તેમ મનાય છે. આ વંશના ઇતિહાસનું સંશોધન ચાલુ છે અને કદાચ ભવિષ્યમાં તેમાંથી કંઇ હકીકત મળે પણ ખરી.

૨. ગોહિલની ખાણ નામનું ગામ અદ્યાપિ વસે છે.

૩. આ જુમ્મા મસ્જિદ મિનારા વગરની અને બેઠા ઘાટની છે. હિંદુ સ્થાપત્ય હોવા છતાં તેમાં મુસ્લિમ દૃષ્ટિબિંદુએ ઘણા ફેરફાર કરેલા જોવામાં આવે છે. સ્થંભો પૈકી અમુક ઉપર તો દેવનાગરી અક્ષરો કોતરેલા જણાય છે. એક વાવ પણ છે. આ મસ્જિદ ઇ. સ. ૧૩૮૩–૮૪માં બંધાવી છે. તેનો શિલાલેખ (ભાવનગર ઇન્સ. પા. ૧૧) બંદર દરવાજે વહોરાની મસ્જિદમાં જડેલો છે. તેમાં બાંધનારનું નામ અને વર્ણન છે, તેના લખનાર તરીકે તાહેર ઉસ્માન જાફરી જણાવેલો છે. (આર્કી. સર્વે ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા. ઇ. સ. ૧૮૯૮–૯૯ : પા. ૧૫–૧૬.)

૪. 'સહજીગે ચૌલુક્યોની કીર્તિ કલંકિત કરી' : સોઢડી વાવનો શિલાલેખ. (આગળ ચર્ચા થઇ ગઇ છે.) આ હકીકતમાં શ્રી. વીરભદ્રના સંબંધમાં કર્નલ વોટસન જણાવે છે; પણ તે વાત અહીં વધુ લાગુ પડે છે. તે વાઘેર હોવાનું કહે છે અને સોમનાથના રાસમાં લખેલું હોવાનું જણાવે છે; પણ વાઘેર કરતાં વાઢેલ હોય તો બનવા યોગ્ય છે.

તેના વંશનો હોય તો પણ બનવા યોગ્ય છે.[૧]

તે ગોહિલ હતો તેના સમર્થનમાં બીજી પણ એક વિચારવા જેવી સાબિતી છે. કામનાથ મહાદેવનો સંવત ૧૪૫૦ એટલે ઈ. સ. ૧૩૯૪નો એક લેખ મળેલો છે. તેમાં કોઇ ગોહિલ રણેશ્વર શિવરાજ સામે લડતાં સંવત ૧૪૫૦ના ભાદરવા શુદ ૯ ને શુક્રવારે ચોરવાડ સામે માર્યા ગયાની હકીકત છે. તે બતાવી આપે છે કે ગોહિલો માંગરોળ પરગણાના ઠાકોર હતા. આથી કુમારપાળ ગોહિલ જ હોવાનું વિશેષ સંભવનીય છે.

**પ્રભાસ** : પ્રભાસપાટણમાં ફિરોઝ તઘલગે મૂકેલું મુસ્લિમ થાણું હતું. તે આજની રેસીડેન્સીની કોઠી જેમ કામ કરતું હશે; કારણકે વાળા રાજાઓ તેમનો અમલ ચલાવ્યે જતા. સંવત ૧૪૩૭ (ઈ. સ. ૧૩૮૧) લગભગ રાજા ભર્મ પ્રભાસમાં અધિપતિ હતો.[૨] તેની પહેલાં રાજા મેઘ હતો. તેના અમલમાં એટલે ઈ. સ. ૧૩૬૯માં થાણાને ઉઠાવી મૂકવામાં આવ્યું અને વાળાઓ પ્રબળ થયા.

**રાહનું મૃત્યુ** : રાહે વંથલી અમરસિંહ તથા જેતસિંહ પાસેથી જીતી લીધું અને પુનઃ વંથલી રાહના કબજામાં આવ્યું. તે ઇ. સ. ૧૩૭૩માં ગુજરી ગયો.

રાહ મોકલસિંહ ઈ. સ. ૧૩૭૩થી ૧૩૯૭

**ગુજરાતનું રાજ્યતંત્ર** : રાહ મોકલસિંહ ગાદીએ આવ્યો ત્યારે ગુજરાતની રાજ્યવ્યવસ્થામાં અંધાધૂંધી વ્યાપી હતી. ઝફરખાન ઇ. સ. ૧૩૭૧--૭૨માં ગુજરી ગયો અને તેનો પુત્ર દરિયાખાન ગુજરાતના સૂબા તરીકે નિયુક્ત થયો હતો. પણ તેણે રાજ્યતંત્ર પોતે હાથમાં ન લેતાં તેના નાયબ શમ્સુદ્દીન અન્વરખાનને ગુજરાતમાં મોકલ્યો. તેણે સત્તા બહુ ભોગવી નહીં, અને ઊપજ ઘટવાથી તેને દૂર કરવામાં આવ્યો. શમ્સુદ્દીન દમ ધાની તેની જગ્યાએ નિમાઈને આવ્યો. તેણે પાદશાહી ખજનામાં પૂરતી રકમ મોકલવાની અશક્તિના કારણે બળવો કર્યો અને પાદશાહે રકમ વસૂલ કરવા મોકલેલા સૈન્યની સામે લડતાં તે માર્યો ગયો. તેનું મસ્તક દિલ્હી મોકલવામાં આવ્યું. ઈ. સ. ૧૩૭૭માં મલિક મુફરરાહ સુલતાની ઉર્ફે ફરહત ઉલ મુલ્ક ઉર્ફે રાસ્તીખાન સૂબો થઈને આવ્યો. તેણે ૧૫ વર્ષ એટલે ઈ.સ. ૧૩૯૧ સુધી સૂબાગીરી ભોગવી.

---

૧. જયપાળ પ્રભાસપાટણનો દંડનાયક હતો. તેનો એક પાળિયો થએલો, જે નાશ પામ્યો છે.

૨. આ રાજાએ પ્રભાસનો કિલ્લો સમરાવ્યો તેનો શિલાલેખ સંવત ૧૪૪૨ (ઇ. સ. ૧૩૮૬)નો છે.

**રાહે સ્થાપેલી વ્યવસ્થા** : એ રીતે રાહ મોકલસિંહના રાજ્યના આરંભનાં વર્ષોમાં ગુજરાતની મુસ્લિમ શાહી સત્તા ડગમગતી હતી. ઉમરાવો અને સૂબાઓ વચ્ચે એખલાસ ન હતો. સૈન્યો એક જ શાહનાં હતાં, છતાં અંદર અંદર લડતાં હતાં. તે કાળનો લાભ લઈ રાહ મોકલસિંહે પોતાના રાજ્યમાં વ્યવસ્થા સ્થાપી સૈન્ય અને દ્રવ્ય વધારવામાં વિશેષ લક્ષ આપ્યું.

**માંગરોળની મસ્જીદો** : માંગરોળની જુમ્મા મસ્જીદ માટે આગળ લખવામાં આવ્યું છે તે ઉપરાંત ઈ. સ. ૧૩૮૨–૮૩માં માંગરોળની રહેમત મસ્જીદ પણ કાઝી ઉલ કુતુબે બંધાવી. તેનો હીજરી સન ૭૮૪ (ઇ. સ. ૧૩૮૨–૮૩)નો શિલાલેખ મળ્યો છે. તે અરબીમાં લખાયો છે અને તેમાં જણાવ્યું છે કે આ મસ્જીદ સુલતાન ફિરોઝ તઘલગના કાળમાં બંધાવેલી છે.[૧]

ત્રીજી મસ્જીદ આ જ કાળમાં એટલે હીજરી સન ૭૮૮ (ઇ. સ. ૧૩૯૬) લગભગ બંધાઈ છે. આ મસ્જીદ રાવળી મસ્જીદ કહેવાય છે અને તે પણ ફિરોઝ તઘલગના કાળમાં મલેક અબ્દુલ મલેક હીસામે બંધાવી છે તેમ શિલાલેખમાં લખ્યું છે. તે મસ્જીદ રાવળના મંદિરમાંથી બનાવી, તેથી રાવળી મસ્જીદ કહેવામાં આવી.[૨]

**માંગરોળનો કિલ્લો** : હીજરી સન ૭૯૭ના રજબની ૧૪મીએ એટલે કે ૫મી મે ઈ. સ. ૧૩૯૫ની સાલનો એક શિલાલેખ મળી આવેલો છે. તે પ્રમાણે શહેનશાહ નુશરતજહાનના[૩] સમયમાં મુઝફ્ફર જફરખાન વઝીર ગુજરાતનો સૂબો હતો. તેનો રાજ્યઅમલ દીર્ઘ કાળ પર્યંત ચાલ્યો. તેના કાળમાં મલેક યાકુબ સોરઠ પર પ્રબળ સત્તા ધરાવતો અને માંગરોળ પરગણાનો કોટવાલ મલેક મુશા હતો ત્યારે માંગરોળનો માંહે (માંહ્ય) કોટ (હીસ્સારે સંગીન હીસ્સાર) બંધાવેલો છે અને ૫મી મે, ઈ. સ. ૧૩૯૫ના રોજ તે સંપૂર્ણ થયાની નોંધ છે.[૪]

---

૧. આ મસ્જીદ માંગરોળના કિલ્લાની રાંગમાં ઇશાન ખૂણામાં મકબરા પાસે છે.

૨. ભાવનગર ઇન્સ.

૩. આ પાદશાહ નુસરતજહાન કોણ હતો તે જાણવું જરૂરી છે. ફિરોઝ તઘલગના પુત્ર ફત્તેહખાનનો પુત્ર નસિરૂદ્દીન નશરતશાહ હતો. ફિરોઝનો બીજો પૌત્ર નસિરૂદ્દીન હતો. ફિરોઝ પછી અમીરોએ નુસરતને ગાદીએ બેસાડયો અને તેની રાજધાની ફિરોઝાબાદમાં કરી. નસિરૂદ્દીન મહમુદે દિલ્હીમાં રાજધાની રાખી. આ બન્ને રાજાઓ ઇતિહાસકાર 'બદાયુની'ના શબ્દોમાં શૈતરંજના રાજાઓ જેવા નામના રાજા હતા. અમીરોમાં પણ બે પક્ષો હતા. ઝફરખાન નસિરૂદ્દીન નુસરતના પક્ષનો હશે; તેથી તેણે તેનું નામ લખ્યું હશે. નુસરત ઇ. સ. ૧૩૯૫માં મેવાતમાં ગુજરી ગયો.

૪. ભાવનગર ઇન્સ.

માંગરોળ કિલ્લાનાં લેખંડનાં દ્વાર : તે પછીનો એક સંસ્કૃત લેખ મળેલો છે. તેમાં લખ્યું છે કે: 'સંવત ૧૪૫૨ના વૈશાખ સુદ ૧૫, વાર રવિવારે (૨૩ એપ્રીલ ઈ. સ. ૧૩૯૬) જ્યારે વિજયી પાદશાહ નુસરત શાહ યોગિનીપુરામાં રાજ્ય કરતો હતો અને અહીં સૌરાષ્ટ્રના માંગરોળમાં મોતીના વેપારી રાય મુલ્તાનીનો પુત્ર થામીન મલેક યાકુબ અમલ કરતો ત્યારે લોખંડના દરવાજા તૈયાર કરવામાં આવ્યા હતા અને કોટવાલ મલેક મુસાએ તેને કિલ્લામાં જડાવ્યા હતા.'[૧]

માંગરોળના કિલ્લાની દીવાલો : માંગરોળનો એક શિલાલેખ હી. સન ૮૦૦ (ઈ. સ. ૧૩૯૭-૯૮)નો છે. તે અનુસાર ઝફરખાન વજી-ઉલ-મુલ્ક ગુજરાતનો સર્વસત્તાધીશ સૂબો હતો, "જે પવિત્રતામાં ઉસ્માન જેવો, બહાદુરીમાં બલીફા હૈદર જેવો, ડહાપણમાં અસફ જેવો અને વિગ્રહમાં રૂસ્તમ જેવો" હતો. તેનો સોરઠનો નાયબ મલેક બદર બીંજાલ હતો અને માંગરોળનો હાકેમ મલેક બીન તાજ હતો. તેના સમયમાં એટલે હીજરી સન ૮૦૦ (ઈ. સ. ૧૩૯૭-૯૮)માં તેની મહેનતથી કિલ્લો બાંધવામાં આવ્યો.[૨]

આ લેખમાં પાદશાહ કે જેને સંસારના કેન્દ્ર જેવો વર્ણવ્યો છે તેનું નામ જ નથી. તે જેટલું વિચારવા જેવું છે તેટલું જ અજાયબીભરેલું છે. આ સમયે દિલ્હી ઉપર ઈ. સ. ૧૩૯૪થી અમીરો વચ્ચે મોટા પક્ષો બંધાઈ આંતરવિગ્રહ ચાલ્યા કરતો અને ઈ. સ. ૧૩૯૮માં તો તૈમુર લંગે તેની સેનાને હિન્દુસ્થાન ઉપર લૂંટફાટ કરવા છૂટી મૂકી દીધી હતી. એટલે દિલ્હીનો સુલતાન કોણ હતો તે કહેવું અશકય હતું. વળી ઝફરખાન વજી-ઉલ-મુલ્ક તે સમયે ગુજરાતમાં સ્વતંત્ર જેવો થઈ પડેલો. એટલે આ નામ ઇરાદાપૂર્વક મૂકી દીધેલું જણાય છે.

સોમનાથનો ધ્વંસ : ઇડરના રાવ રણમલનો પરાજ્ય કરી મુઝફરખાન સોમનાથ ઉપર ચડયો. ત્યાં તેણે ફરીથી આ પ્રસિદ્ધ દેવાલયનો ધ્વંસ કર્યો, શહેર લૂટયું અને એક મસ્જીદ બાંધી, ઇસ્લામના પ્રચાર માટે ત્યાં વિદ્વાન મૌલવીઓને રાખ્યા અને આખા પરગણામાં ધાર્મિક પ્રચાર માટે અમલદારો નીમ્યા.[૪]

---

૧. 'બર્જેસ એન્ડ કઝીન્સ રિવાઇઝિડ લીસ્ટ ઓફ એન્ટીકવેરીયન રીમેઇન્સ ઇન ધ બોમ્બે પ્રેસીડેન્સી' તથા 'બોમ્બે ગેઝેટિયર' ભાગ ૮-૫૪૪.

૨. ભાવ. ઇન્સ.

૩. ભાવનગર ઇન્સ. ૨-૩

૪. તારીખે ફરીશ્તા.

ઈ. સ. ૧૪૦૨માં મુઝફ્ફરખાનને કાને હકીકત આવી કે હિન્દુઓ પુનઃ સોમનાથની સ્થાપના કરે છે. તેથી તેણે ફરી ચડાઈ કરી. સોમનાથ પડયું અને ત્યાંના હિન્દુઓ નાસી દીવમાં ભરાયા. આખોય માર્ગ લૂંટતો બાળતો અને ઉજ્જડ કરતો મુઝફ્ફર દીવ આવ્યો. ત્યાંનો કિલ્લો તેના અજિત સૈન્યે લીધો. દીવનો હિન્દુ રાજા તેના સૈનિકો સાથે રણમેદાનમાં સામો થયો, પણ જીવતો પકડાયો. તેને તથા તેના દીવાન અને અમીરો વગેરેને હાથીના પગ નીચે છુંદાવી મારી નાખ્યા અને દીવનું પ્રસિદ્ધ દેવળ તોડી ત્યાં મસ્જીદ બનાવી. દીવમાં ઇસ્લામના પ્રચાર અર્થે વ્યવસ્થા કરી તે પાછો ફર્યો.

<u>ગુજરાતના સુલતાનોના પૂર્વજો</u> : આ મુઝફ્ફરખાન કે જેણે અને તેના વંશજોએ ગુજરાત અને સૌરાષ્ટ્ર પર પ્રબળ અને દીર્ઘકાળ પર્યંત મુસ્લિમ સત્તા જમાવી અને જેણે ઇસ્લામ ઝંડો આ ભૂમિમાં રોપ્યો તે કોણ હતો તે પણ જાણવું જરૂરી અને રસપ્રદ છે.

ફિરોઝ તઘલગ યુવરાજપદે હતો ત્યારે પંજાબના સરહિન્દ પ્રાન્તમાં સ્થાનેશ્વર ગામ પાસે શિકાર ખેલતાં તે માર્ગ ભૂલ્યો અને સ્થાનેશ્વર ગામમાં એકલો જઈ ચડયો. આ ગામમાં સહારન અને સાધુ નામના ટાંક (તથીક–સૂર્યવંશી) રજપૂત જમીનદારો રહેતા. તેઓએ ફિરોઝની આગતાસ્વાગતા કરી. તે દરમ્યાન ફિરોઝની દૃષ્ટિ તેમની બહેન પ્રતિ ગઇ અને તેને પોતાના રણવાસમાં લઇ જવા તે લલચાયો. પોતે કોણ છે અને જો તેઓ પોતાની બહેન તેને પરણાવે તો તેને કેવું સુખ મળશે વગેરે વાતો કરી સહારન અને સાધુની સમ્મતિ મેળવી તેની સાથે લગ્ન કર્યાં અને તેઓ પણ તેની બહેન સાથે દિલ્હી ગયા. ટૂંક સમયમાં સહારન અને સાધુએ ઇસ્લામ સ્વીકાર્યો. મહમહ તઘલગે સહારનને વજી ઉલ મુલકનો ઇલ્કાબ આપ્યો. તેના બે પુત્રો ઝફ્ફરખાન અને શમ્સખાન થયા. તેમને ફિરોઝે અમીર બનાવ્યા અને આબ બરદાર પદે સ્થાપ્યા. ઝફ્ફરખાનનો જન્મ ઇ. સ. ૧૩૪૨ની ૩૦મી જુને થયો હતો અને ઇ. સ. ૧૩૯૧માં તો તે ગુજરાતનો સૂબો થયો.

તેણે તે પછી ગુજરાતની સૂબાગીરી માટે કેટલી જહેમત ઉઠાવી અને અંતે તે સ્વતંત્ર કેમ થયો તે આ ગ્રંથના વિષયવર્તુલની બહાર હોવાથી તેની નોંધ અનાવશ્યક છે.

<u>મુસ્લિમ સત્તા</u> : આ ઉપરથી પ્રતીત થશે કે આ રાહના કાળમાં સૌરાષ્ટ્રમાં મુસ્લિમ સત્તાએ પ્રબળ સ્વરૂપ પકડયું હતું, તથા અગત્યનાં મથકોમાં ઇસ્લામનો પ્રચાર થઇ રહ્યો હતો. સ્થળે સ્થળે મસ્જીદો બંધાવી હતી અને રાહ સૂબાની સત્તા

નીચેના ખંડિયા જેવી સ્થિતિમાં આવી પડેલો રાજા હતો.[૧]

માંગરોળના ઉપલબ્ધ શિલાલેખોથી તે જ શહેરની મસ્જીદો અને કિલ્લા પરત્વે આટલું બધું ધ્યાન અપાયું તે જોવામાં આવ્યું છે. કદાચ તે હજ પઢવા જતા મુસ્લિમો માટે સગવડ આપવા માટે પણ હોય; પણ તેથી એમ સમજી શકાય નહીં કે મુઝફર જેવો દૂરંદેશી અને બળવાન રાજનીતિજ્ઞ માંગરોળનું સંરક્ષણ કરે અને બીજાં શહેરો છોડી દે. તેણે સૌરાષ્ટ્રનાં અગત્યનાં મથકો કબજે કર્યાં હતાં; પણ હિન્દુ રાજાઓ પાસેથી ખંડણી સ્વીકારી તેઓનો ઉચ્છેદ કર્યો ન હતો. રાહે પણ તેની આજ્ઞાથી વંથલીમાં રાજધાની કરી અને જૂનાગઢમાં મુસ્લિમ થાણું મુકાવ્યું.

વળી બીજું પણ એક કારણ છે કે હિન્દુ રાજાઓએ તેમના પર ઇસ્લામની અસર થવા દીધી ન હતી અને જ્યારે જ્યારે અવસર આવતો ત્યારે ત્યારે તેઓ મુસ્લિમ થાણાંઓ હાંકી કાઢતા અને સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા. પણ આ રાહના સમયમાં એવા અર્ધ સ્વાતંત્ર્ય યુગનો પણ અંત સમીપ હતો. માંગરોળ, દીવ તથા એવા બીજા કંઈક નાના ઠાકોરોની ઠકરાતો નાશ પામી હતી અને ખાલસા પ્રદેશમાં જોડી દેવામાં આવી હતી.

**પ્રભાસનો રાજા ભર્મ** : પ્રભાસનો અધિપતિ તે સમયે બીજો રાજા ભર્મ હતો. તે ઇ. સ. ૧૩૮૧માં ગાદી ઉપર આવ્યો. આ વીર રાજાએ પ્રભાસનું સ્થિતિ-સ્થાપક રાજ્યતંત્ર એવી કુનેહથી ચલાવ્યું કે ચડાઈઓ થાય, પ્રભાસ પડે અને આક્રમણકારી સૈન્ય જાય એટલે તરત જ તે પાછો રાજ્યસત્તા સ્થાપે. તેણે તેના પુરોગામી તથા ભાઈ રાજા મેઘની પાછળ બ્રાહ્મણોને મેઘપુર ગામ વસાવીને આપ્યું.[૨] તેને કરમસી નામનો પ્રાગ્વાટ (પોરવાડ) મંત્રી હતો.[૩] તે ગુર્જરપતિના મંત્રી તેજાના પુત્ર રણનો પુત્ર હતો. અને તેની પુત્રી યમુના હતી. તેના નામ પાછળ સંવત ૧૪૪૨ના આષાઢ સુદ ૫ (ઈ. સ. ૧૩૬૮)ના લેખ મુજબ રાજા ભર્મે પાટણનો કિલ્લો સમરાવ્યો અને ઘણો ભાગ વધાર્યો. ભુવડનું તળાવ પણ તેમણે બંધાવ્યું.[૪]

---

૧. ગુજરાત સર્વસંગ્રહ (પા. ૩૦૨)માં લખ્યું છે કે મુસ્લિમ સત્તાનું પ્રાબલ્ય હોવા છતાં જૂનાગઢનો રાહ અને રાજપીપળાના રાજા સ્વતંત્ર હતા. રાહે ઝફર સામે કોઈ યુદ્ધ કરીને તેની સત્તાનાં વધતાં પૂર ખાળ્યાં નથી કે ખાળવા પ્રયત્ન કર્યો નથી. એથી પ્રતીત થાય છે કે તેમની સ્વતંત્રતા પણ આક્રમણકારી મુસ્લિમ સૈન્યો પાસે ટકી નહિ શકી હોય.

૨. ધામળેજનો શિલાલેખ : જુઓ મારો લેખ: પ્રભાસના વાજા રાજાઓ : 'ગુજરાતી' તા. ૨૧-૫-૩૩ તથા ક્રમશ :

૩. ધામળેજનો શિલાલેખ ,, ,, ,, ,,

૪. ભુવડ પ્રભાસપાટણથી ૧૦ માઇલ દૂર છે. તેના તળાવનો શિલાલેખ.

**નાગર મંત્રીઓ** : એ જ સમયનો સંવત ૧૪૪૦નો એક લેખ કે જે હાલમાં જૂનાગઢમાં છે તેમાં લખ્યું છે કે મંત્રી માધવના પુત્ર ધાંધની "રંભા કે મેનકા જાણે સોમેશ્વરનું પૂજન કરવા આવી હોય તેવી રૂપગુણવાળી, સંગીત અને નૃત્યમાં પ્રવીણ એવી પુત્રીઓ હાંસુ જાસુએ" ૫૦૦ રૂપિયા ખરચી બડુલા ગામે વાવ બંધાવી.[૧]

સંવત ૧૪૪૫ (ઇ. સ. ૧૩૯૧)નો એક લેખ વંથલી પાસે ધંધૂસર ગામનો છે. તેમાં તે વર્ષમાં રાહ મોકલસિંહની બહેન હાનીએ તેના ભાઈના નાગર મંત્રી ગદાધર હસ્તક વાવ બંધાવી હતી[૨] તેવો ઉલ્લેખ છે.

રાહ મોકલસિંહના સમયમાં નાગરોનો વસવાટ આ દેશમાં સ્થિર બન્યો હતો અને રાજકાજમાં નાગરો અને વણિકો મંત્રીપદે હતા તેમ સ્પષ્ટ થાય છે.[૩]

મહુવાના ઇ. સ. ૧૩૮૧ (સવંત ૧૪૩૭)ના સુદા વાવના એક લેખ પરથી જણાય છે તે સમયમાં આ વાવ રાજા સુદના પ્રધાન વામનની સ્ત્રીએ બંધાવી હતી.[૪]

**ઝરંડનો રાવ** : ઇ. સ. ૧૩૯૫માં સુલતાન મુઝફ્ફરે પ્રભાસપાટણ પાસે આવેલા ઝરંડના રાવ ઉપર ચડાઇ કરી. સુલતાનને હિન્દુઓએ નમતું આપ્યું નહીં, તેથી કતલ કરી અને બ્રાહ્મણોની "પરીના જેવી ખૂબસૂરત સ્ત્રીઓ તથા બાળકો મુસલમાનોનાં કેદી થયાં અને લૂંટથી હોડીઓ ભરાઇ ને તર થઈ ગઇ." તેથી રાવ શરણે થયો.[૫]

ઝફ્ફરખાને ત્યાંથી સોમનાથ ઉપર ચડાઇ કરી અને તે દેશના હિન્દુઓનો તોર શમાવી સોમનાથ દેવળ ઉપર કૂચ કરી, આ મશહૂર દેવળને તોડીને શહેરમાં મુસલમાન ધર્મ અને રિવાજ સ્થાપન કર્યા.[૬]

---

૧. આ "રત્ન સાગરો નાગરો" મંત્રીઓ કોના હતા તે લેખમાંથી મળતું નથી; પણ તે ભર્મના મંત્રીઓ હોય તો સંભવિત છે.

૨. આ વાવમાં શેષશાયીની મૂર્તિ છે. લોકો તેને હાની ઢેઢડી કે જે સચ્ચારિત્ર્યવાળી હતી અને સતી થઇ હતી તેની ગણે છે.

૩. રાહ નવઘણના સમયથી નાગરો મંત્રીપદે હતા તે વાચકોને આ ગ્રંથમાંથી જણાશે.

૪. વોટસન.

૫. તારીખે ફરિસ્તાનું આ વર્ણન છે. આ ઝરંડ કયું ? પ્રભાસપાટણ પાસે આવા નામનું કોઇ રાજ્ય હોય તેવું રાજ્યધાનીનું શહેર નથી, તેમ હોવા સંભવ પણ નથી. પરનાવડા ગામ પાસે એક સ્થળ 'ઝુંડ' કહેવાય છે. ત્યાં વાજાઓનું રાજ્ય હતું. પણ ઝરંદ તે કદાચ જીર્ણ દુર્ગ માટે લખાયેલ હોય તો સંભવિત છે. પણ તે પ્રભાસ પાસે હોઇ ન શકે. મિરાતે સિકંદરીમાં પણ આને જ મળતું ઝરંદનું વર્ણન છે.

૬. મિરાતે સિકંદરી.

**ઝાલાવાડ :** આ રાહના સમયમાં ઝાલાવાડના ઝાલા રણમલસિંહ ઈ. સ. ૧૩૯૨માં ગાદીએ બેઠા. તે મારવાડમાં કોઇ સ્થળે પરણવા ગયા. ત્યાં બારમેર કોટડાના રાઠોડોએ કોઇ અનુમાનિત કારણે તેને પકડી કેદ કર્યા. રાજા રણમલસિંહના યુવરાજ છત્રસાલજીએ સૈન્ય લઇ મારવાડ પર ચડાઇ કરી પોતાના પિતાને છોડાવ્યા. અને પાછળથી પોતે રાજા થયા ત્યારે બારમેર કોટડા ઉજ્જડ કરી ગધેડાનાં હળ ફેરવ્યાં. આ મારવાડની ચડાઇમાં રાહે પોતાનું સૈન્ય મોકલ્યું હતું.

રાહે મુસ્લિમ સૂબાઓને ખુશ રાખી પોતાની રાજસત્તા ટકાવી રાખી હતી. હિન્દુ રાજાઓ જાણતા હતા કે મુસ્લિમો માત્ર ધન અને ધર્મના પ્રેમી છે. અને તેમની લોલુપતા એટલી પ્રબળ છે કે સૌરાષ્ટ્રમાં જ્યાં સુધી તેઓની સ્વાર્થવૃત્તિને પોષી શકે તેટલું બળ હશે ત્યાં સુધી જ તેઓ રહેશે અને તેઓ પોતાની સ્વાધીનતા તેઓની પીઠ ફરતાં કે બળ ઘટતાં પુનઃ પ્રાપ્ત કરી શકશે. તેથી તેઓ ધન આપીને અને ધાર્મિક જુલ્મો ચૂપચાપ સહન કરીને માત્ર યોગ્ય સમયની રાહ જોતા હતા.

રાહે પણ આ જ નીતિ સ્વીકારી બળવાન શત્રુઓ સામે યુદ્ધ ખેલી ખતમ થઇ જવાનું તેને વાસ્તવિક જણાયું નહિ.

**વંથલી :** મુસ્લિમ થાણું જૂનાગઢમાં હતું અને તેનો અધિકારી રાહના માર્ગમાં અનેક અંતરાય ઊભા કરતો. તેથી રાહે તેની ગાદી વંથળી ફેરવી નાખી કે શાહી સત્તાએ તેને તેમ કરવા ફરજ પાડી.

**ધુમલી ઉપર ચડાઇ :** મુસ્લિમ નીતિ હિંદુ રાજાઓને પરસ્પર લડાવી નબળા પાડવાની હતી. તે અનુસાર રાહને મુસ્લિમ સૈન્યો સાથે ધુમલી ઉપર ચડાઈ લઇ જવા આજ્ઞા થઇ. સંયુકત સૈન્યો સૌરાષ્ટ્રના આ પુરાતન શહેર ઉપર ચડયાં અને નાશ પામી ચૂકેલા આ સ્થાનનો સર્વનાશ કરી જેઠવાના સમુદ્રકાંઠાનાં થાણાંઓ જીતી લીધાં. ધુમલીના જેઠવા રાજાએ પણ તેનું શિર મુસ્લિમ આક્રમણકારો સામે નમાવ્યું.

રાહ મોકલસિંહ ઈ. સ. ૧૩૯૭માં ચોવીસ વર્ષનું રાજ્ય ભોગવી ગુજરી ગયો.

## રાહ માંડલિક રજો : ઈ. સ. ૧૩૯૭થી ઇ. સ. ૧૪૦૦

**મુસ્લિમ સત્તા :** રાહ માંડલિક રજો ગાદીએ આવ્યો ત્યારે જૂનાગઢમાં મુસ્લિમોનું થાણું હતું અને તેના થાણુદારની સીધી નજર નીચે વંથલીનું રાજ્ય ચાલતું તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. રાહ માંડલિક બળવાન રાજા ન હતો, તેમ મોટી ઉંમરે ગાદી ઉપર આવેલ હોવાથી તેનામાં જોઇએ તેટલો ઉત્સાહ પણ ન હતો. ભાટ લોકો તેને શૂરવીર, ઉદાર અને પવિત્ર કહે છે, પણ તેની શૂરવીરતાનો દાખલો મળતો નથી.

રાજા માંડલિકે વિંજલ વાજાનો કોઢ મટાડ્યો તેવું અનુમાન થઈ શકે છે,[૧] પણ તે વસ્તુ એટલી બધી વિવાદગ્રસ્ત છે કે આ સ્થાને તેની ચર્ચા કરવી આવશ્યક નથી.

**પ્રભાસપાટણનું બંડ** : ઈ. સ. ૧૩૬૮માં સોમનાથ પાટણના ઠાકોરોએ મુસ્લિમ સત્તા સામે બંડ ઉઠાવ્યું. વાજા રાજાએ થાણાને હાંકી કાઢ્યું અને પુનઃ સત્તા સ્થાપવા પ્રયત્ન કર્યો. આ બંડના પરિણામે મુસ્લિમોના થાણાને ત્યાંથી ઊઠી જવું પડ્યું અને પ્રભાસપાટણ ઉપર હિંદુઓએ આધિપત્ય સ્થાપ્યું. પણ માત્ર ત્રણ ચાર વર્ષ જ તે અધિકાર રહ્યો. ઈ. સ. ૧૪૦૨માં, પાછળ જોયું તેમ, મુઝફ્ફરખાને જાતે ચડી બંડ સમાવ્યું, હિન્દુ નાયકોને સજા કરી અને સોમનાથ પાટણ પર પુનઃ અધિકાર પ્રાપ્ત કર્યો.[૨]

આ રાહના ત્રણ વર્ષના રાજ્યમાં બીજા કાંઈ બનાવો બન્યા નથી. તે ઈ.સ. ૧૪૦૦માં ગુજરી ગયો. તેની પાછળ પુત્ર હતો નહીં, તેથી તેનો ભાઈ રાહ મેળગ (મેલક) ગાદીપતિ થયો.

**રાહ મેલક** : ઈ. સ. ૧૪૦૦થી ઈ. સ. ૧૪૧૫. રાહ મેલક વા મેળગ વા મેલીંગદેવ દાસીપુત્ર હતો તેમ સોરઠી તવારીખના વિદ્વાન કર્તા જણાવે છે. પણ તેની કાંઈ બીજી સાબિતી મળતી નથી.

**ગુજરાતની સ્થિતિ** : રાહ મેલક શૂરવીર અને હિંમતવાન હતો. તે ગાદી-

---

૧. જુઓ મારો 'પ્રભાસના વાજા રાજાઓ' એ લેખ 'ગુજરાતી' તા. ૨૧-૫-૧૯૩૩.

વિંજલ વાજો માંડલિકનો મિત્ર હતો. તેને કોઢ નીકળ્યો તેથી તે હિમાલય ગળવા જતાં માર્ગમાં જૂનાગઢમાં આવેલા દામોદર કુંડમાં નહાવા ગયો. રાહને ખબર ન આપતાં સ્નાન કરી બ્રાહ્મણોને સોનાનો હાથી આપી તે રવાના થયો. તેની દક્ષિણાનો ભાગ પાડવામાં બ્રાહ્મણો લડી પડ્યા ને માંડલિક પાસે ન્યાય માટે ગયા. ત્યારે માંડલિકને ખબર પડી કે તેને મળ્યા સિવાય વિંજલ જતો રહ્યો. તેથી પાછળ જઈ વડાલ પાસે ગંગાજળિયા વોંકળામાં તેને પકડી પાડ્યો અને વાજા રાજાની ના છતાં તેને ભેટ્યો અને વિંજલનું રક્તપિત્ત મટી ગયું.

"ગંગાજળ ગઢેસા પંડ તારૂં હુતું પવિત્ર
વિંજાને રક્ત ગયાં મને તો વાળા માંડલિક"

આ માંડલિક ત્રીજો નહીં પણ માંડલિક રજો; કારણ કે વિંજલનો સમકાલીન માંડલિક બીજો હતો. માંડલિક ત્રીજો 'રાહ ગંગાજળિયો' કહેવાતો તેવી પ્રચલિત માન્યતા છે, પણ જો તે બિરુદ તેને આ પ્રસંગ ઉપરથી પ્રાપ્ત થયું હોય તો બે ગંગાજળિયો રાહ બીજો માંડલિક હોવો જોઇએ. કોઇ પણ ઐતિહાસિક પ્રમાણોની ગેરહાજરીમાં માત્ર અનુમાન જ દોરવાનું રહે છે.

૨. વિશેષ બિગતો માટે જુઓ મારો લેખ: 'પ્રભાસના વાજા રાજાઓ' : 'ગુજરાતી' તા. ૨૧-૫-૧૯૩૩.

પતિ થયો ત્યારે તૈમુર લંગના પ્રહારમાંથી શાહી સત્તા પુનર્જીવિત થતી હતી. ગુજરાતમાં જો મુઝફ્ફરખાન ન હોત તો ગુજરાત પણ સ્વતંત્ર થઈ ગયું હોત અને મુસ્લિમ સત્તા તૂટી પડત. પણ મુઝફ્ફરખાન જેવો કાબેલ અને દીર્ઘદૃષ્ટિ સૂબો હતો. તેણે આ તકનો લાભ લઈ પોતે જ રાજ્ય સ્થાપ્યું. મુઝફ્ફરના પુત્ર તાતારખાનની સત્તા અને લાગવગ વધતી જતી હતી. તેણે તેના પિતાને દીલ્હી પર ચડાઈ કરવા અને ત્યાંનો તાજ ધરવા આગ્રહ કરવા માંડયો; કારણ કે દિલ્હીમાં તેનાથી વિશેષ કે તેના સમાન બળવાન અમીર બીજો ન હતો. પરંતુ વૃદ્ધાવસ્થાને આરે પહોંચેલા મુઝફ્ફરને દિલ્હી લેવા જતાં ગુજરાતનો તાજ ખોવાનું જોખમ વહોરવાનું યોગ્ય જણાયું નહિ. મુઝફ્ફર તેમ છતાં ગુજરાત છોડી બહાર જઈ શકે તેમ હતું નહિ. આથી પોતાનું સ્થાન મજબૂત કરવા ગુજરાતના સરદારો તથા રાજાઓનો સહકાર મેળવવામાં તે પ્રવૃત્ત થયો. આવી પરિસ્થિતિનો લાભ લઈ રાહ મેલીંગદેવે જૂનાગઢનું થાણું ઉઠાડી મૂકયું, ત્યાંના મુસ્લિમોને પોતાની હકૂમત નીચે લીધા અને જેઓ ન આવ્યા તેઓ પૈકી બોખરો, મલેક, મુલતાની વગેરે હતા. તેઓ પાસેથી રાહે વચન લીધું કે તેઓએ દાઢી બોડાવવી, ગોવધ ન કરવો અને મસ્જીદમાં જળાધારી અને શિવલિંગની મૂર્તિઓ રાખવી.[1]

**રાહની રાજ્યનીતિ** : મેલીંગદેવ ઘણો સાહસિક હતો. તેનો દીવાન હીરાસિંહ હતો. તેની સહાયથી તેણે નાના નાના ઠાકોરોને જીત્યા અને પોતાનાં સૈન્યોને બળવાન બનાવી તેનો ધનકોષ સમૃદ્ધ કરી મુસ્લિમ સત્તા સામે ઊભા થવા કમર કસી. સંયોગો પણ અનુકૂળ થતા જણાયા. મુઝફ્ફરખાને જ્યારે તાતારખાનની સલાહ ન માની દિલ્હી ઉપર ચડવા અનિચ્છા બતાવી ત્યારે તાતારખાને તેના પિતા મુઝફ્ફરને કેદ કર્યો અને પોતે ગુજરાતની ગાદી ઉપર ચડી બેઠો. અમીરોમાં પણ પક્ષો પડયા. રાહે તેથી તેર વર્ષ સુધી નિરંકુશપણે રાજ્ય કર્યું. ગુજરાતની દિશામાંથી તેને ભય રહ્યો નહિ.

**અહમદશાહની ચડાઈ** : તે દરમ્યાન પોતાના દાદાને મારી અહમદશાહ ગાદીએ આવ્યો. તેનામાં પૂર્વજોનું શૌર્ય હતું, તેના પિતાની સાહસિક વૃત્તિ હતી અને તેના પિતામહની દીર્ઘદૃષ્ટિ અને ધર્મઝનૂન હતાં. તે યુવાન હતો, ચંચળ હતો, મહત્ત્વાકાંક્ષાથી ભરેલો અને સમયસૂચક હતો.

---

૧. આ હકીકત સોરઠી તવારીખના ગુજરાતી ભાષાંતરમાં રાજા ખેંગાર બિન જયસિંહ નિસ્બતે જણાવી છે. આવી શરતો રાહ કરે અને મુસ્લિમો કબૂલ કરે તે સંભવતું નથી. અને ખાસ કરીને જ્યારે ગુજરાતની ગાદી ઉપર મુઝફ્ફરખાન જેવો બળવાન અને ધર્માંધ સૂબો હોય ત્યારે! અને રાહ તેટલી હિંમત કરે તે પણ માનવા યોગ્ય નથી.

## સૌરાષ્ટ્ર ઉપર અહમદશાહની ચડાઇ ઇ. સ. ૧૪૧૪.

અહમદશાહે ઇ. સ. ૧૪૧૧માં ગાદીએ બેસી સૌરાષ્ટ્રમાં પ્રબળ થઇ ગયેલા રાજાઓને અને ખાસ કરીને રાહને નમાવવા નિશ્ચય કર્યો; પણ તેના ઉપર તેના કાકા ફિરોઝખાન તથા માળવાના હોશંગનો ભય તોળાઇ રહ્યો હતો. એટલે જ્યાં સુધી આવા શત્રુઓ સામા ઊભા હોય ત્યાં સુધી સૌરાષ્ટ્રમાં જવાનું તેને યોગ્ય જણાયું નહિ. પરંતુ સદ્‌ભાગ્યે તે કાર્યમાં સફળ થયો અને ત્રણ વર્ષ પોતાનું સ્થાન સ્થિર કરવામાં ગાળી ઇ. સ. ૧૪૧૪માં સૌરાષ્ટ્ર ઉપર એક મોટું સૈન્ય લઇ ચડયો.

**ચડાઇનાં કારણો** : સુલતાન અહમદશાહને ચડાઇ કરવાનાં કારણો સહેજે કલ્પી શકાય તેમ છે. મહત્ત્વાકાંક્ષી સુલતાનને તેનો વિજયધ્વજ સૌરાષ્ટ્ર પર લહેરાવવાની બહુ જ તીવ્ર ઇચ્છા હતી અને ધર્મયુદ્ધ કરી ગાઝીનું પદ મેળવવાની લાલચ તેને ખેંચી રહી હતી. તેથી તેણે પ્રથમ સોમનાથ અને ગિરનાર પ્રતિ દૃષ્ટિપાત કર્યો.

અહમદશાહને ગિરનારનો ડુંગરી કિલ્લો જોવાની ઘણી જ ઝંખના થઇ હતી. તે ઉપરથી બંડખોરોની પાછળ તેણે તે દિશામાં દોડ કરી અને કોઇ પણ રાજાએ મુસલમાન રાજ્યનું ધૂસરું ધારણ કરવાને પોતાની ડોક નીચી નમાવી ન હતી. તેથી શેર મલીકને સોરઠના રાજાએ પોતાના રક્ષણ નીચે રાખ્યો; માટે તેના દેશ ઉપર ચડાઇ કરવાનો સારો સબબ મળ્યો."[૧]

અહમદશાહ સામે શેર મલીકે બંડ ઉઠાવ્યું અને નાસીને જૂનાગઢ ગયો. ત્યાં રાહે તેને આશ્રય આપ્યો. આ ગુનાનું કારણ આપી અહમદશાહે ચડાઇ કરી. વળી, રાહ છેલ્લા ૧૩ વર્ષથી નિરંકુશપણે તદ્દન સ્વતંત્ર થઇ રાજ્ય ચલાવતો હતો અને અહમદશાહના પિતામહનાં મૂકેલાં થાણાંઓ પણ તેણે ઉઠાડી મૂકયાં હતાં. એ કારણે ઇ. સ. ૧૪૧૩માં તેણે પહેલી ચડાઇ કરી.

**પહેલી ચડાઇ** : ઇ. સ. ૧૪૧૩ની ચડાઇમાં અહમદશાહ પોતે ન આવતાં સૈન્યને મોકલ્યું હોવાનું જણાય છે. આ યુદ્ધ સંવત ૧૩૬૯ના જેઠ સુદ ૭ને રવિવારના રોજ થયું.[૧] તેમાં સુલતાન હાર્યો, તેનો માલ રાહે લૂંટી લીધો અને અહમદશાહનું સૈન્ય બેહાલ થઇને પાછું ફર્યું.

**બીજી ચડાઇ** : આથી ચિડાઇ અહમદશાહ પોતે પ્રબળ સૈન્ય લઇ ચડી આવ્યો. રાહ પાણી તથા ખોરાકની તંગી પડશે એમ ધારી વંથલીમાં ભરાયો

---

૧. સં. ૧૬૪૮ (ઇ. સ. ૧૮૯૨)ની સાલમાં જૂનાગઢ શરાફી બજારની પશ્ચિમ તરફની દુકાનના પાયામાંથી નીકળેલા શિલાલેખ ઉપરથી. (ગુલાબશંકર કલ્યાણજી વોરાકૃત જૂનાગઢનો ઇતિહાસ.)

ઈ. સ. ૧૪૧૪ના પ્રારંભમાં અહમદશાહે વંથલીમાં ઘેરો ઘાલ્યો. રાહે બહુ ટક્કર ઝિલાશે નહીં તેમ માની હરવાળ ખોલી નાખ્યા, અને સરિતાતીરે ભયંકર રણસંગ્રામ થયો. તેમાં કંઈક રજપૂતો કપાઈ ગયા અને રાહનો ઝંડો ધૂળમાં રગદોળાયો.

રાહનો પરાજય થયો, વંથલી પડ્યું; તેથી તેણે ખસીને જૂનાગઢના ઉપરકોટનો આશરો લીધો. ચપળ અહમદશાહે તેની પૂંઠ પકડી અને ઉપરકોટ પાસે તેનું સૈન્ય આવે તે પહેલાં રાહ ગિરનાર ઉપર ચડી ગયો અને ગિરનારના ઉપરકોટમાં ભરાયો. અહમદશાહે ઘણી જ મુસીબત વેઠી ગિરનારના ઉપરકોટને ઘેર્યો અને અંતે રાહને બહાર નીકળવાની ફરજ પાડી.

**રાહનો પરાજય** : મુસ્લિમ ઇતિહાસકારોના કથન અનુસાર રાહે નજરાણો ધર્યો અને અહમદશાહનું શરણ સ્વીકાર્યું. પરિણામે અહમદશાહે ખંડણી લઈ તેને છોડી મૂકયો. અહમદશાહે જૂનાગઢમાં પ્રબળ સૈન્ય રાખ્યું, મુત્સદ્દી વર્ગના અમલદારો રાખ્યા અને ખંડણીનો બાકીનો હપ્તો ઉઘરાવવા પ્રભાસપાટણ તરફ કૂચ કરી.

**ચારણોનું મંતવ્ય અને રાહનું મૃત્યુ** : આ રાહના અંત વિશે ચારણોના કથનથી મતભેદ થાય છે. ઉપર જોવામાં આવ્યું તેમ રાહે નજરાણો ધર્યો અને ખંડણી આપી તેમ ઇતિહાસકારોએ લખ્યું છે. પણ ચારણો પાસેથી મળેલી હકીકત અનુસાર અહમદશાહે ઉપરકોટનો ઘેરો ઘાલ્યો. તેમાં રાહે કેસરિયાં કર્યાં, મૂઠીભર ચુડાસમાઓ અને રજપૂતો સાથે તેણે સુલતાનના વિરાટ સૈન્યમાં ઝંપલાવ્યું અને ક્ષત્રિય રીતિએ તલવારની ધાર નીચે કાયા કપાવી નાખી. જે નજરાણો ભરવામાં આવ્યો તે આ રાહે નહીં પણ તેના મૃત્યુ પછી તેના પુત્ર અને યુવરાજ જયસિંહે ભર્યો.

આ યુદ્ધ પછી, ઇતિહાસકારોના કથન અનુસાર પણ રાહ ઝાઝું જીવ્યો નહી. તેજ વર્ષમાં તે મૃત્યુ પામ્યો. સમયનો વિચાર કરતાં રાહ મેલક વીર પુરુષ હતો, રાહના વંશમાં તે શૂરવીર અને મહાન રાજાઓ પૈકીનો એક હતો અને તેણે કેસરિયાં કરી રજપૂતની રીતિએ પ્રાણત્યાગ કર્યો હોય તો તે વિશેષ સંભવિત છે.

રાહ મેલકને મુઝફ્ફરખાન અને અહમદશાહ જેવા મહાન રાજ્યકર્તાઓની સીધી આંખ નીચે રાજ્ય કરવાનું હતું. સોરઠમાં ઠેરઠેર મુસ્લિમ થાણાંઓ હતાં, જમીનદારો હતા, કાઠીઓનું પ્રાબલ્ય વધતું જતું હતું. તેમ છતાં પોતાની ધીરતા, વીરતા, બલ અને બુદ્ધિથી તેણે રાહોના વંશમાં ખેંગાર અને નવઘણ જેવા રાહો સાથે પોતાનું પદ મેળવ્યું.

વાજા રાજાઓ : પ્રભાસના અંતિમ વાજા રાજા બ્રહ્મદાસ વિજયરાજે સોમનાથ ઉપર અમદાવાદની ફોજ વિધ્વંસ માટે આવી ત્યારે પ્રભાસ આગળ યુદ્ધ કર્યું. અમદાવાદના વિજયી સુલતાનની પ્રબળ સેના સામે વાજા રાજાની ઊભા રહેવાની શક્તિ ન હતી; છતાં પોતાની હાજરીમાં સોમનાથનો થતો ધ્વંસ જોવા કરતાં તેણે પણ ક્ષત્રિયકુળની પ્રણાલિકા પ્રમાણે પ્રાણનું બલિદાન દેવાનું યોગ્ય ધાર્યું. ઈ. સ. ૧૪૦૬માં મુસ્લિમ સૈન્યે વાજાઓને સદાને માટે પ્રભાસમાંથી હાંકી કાઢયા.[૧]

વાજા રાજાઓ, રાહના માંડલિકો હતા કે સ્વતંત્ર રાજાઓ હતા તે પ્રશ્નનો નિર્ણય થઇ શકતો નથી. પરંતુ તેઓ ઇ. સ. ૧૨૨૫ લગભગ દ્વારકા તરફથી આવી આ પ્રદેશના સ્વામી થયા હતા. અને આ ભૂમિ ઉપર તેમણે ઇ. સ. ૧૨૨૫થી ઇ. સ. ૧૪૦૬ એટલે લગભગ ૨૦૦ વર્ષ રાજ્ય કર્યું હતું.[૨]

રાહ જયસિંહ ત્રીજો : ઇ. સ. ૧૪૪૫થી ઇ. સ. ૧૪૪૦.

રાહ જયસિંહ એક પતન પામેલા રાજ્યનો વારસ થયો. તેના ભાગ્યમાં પરાજિત થયેલા સોરાષ્ટ્રનો તાજ હતો અને તેની સામે અહમદશાહ ગુજરાતી જેવા પ્રખર અને પ્રતાપી સુલતાનનાં ક્રોધ વરસાવતાં નયનો હતાં.

તેમ છતાં, રાહ જયસિંહ એક મહાન પિતાનો પુત્ર હતો અને તેની નસોમાં તેના પવિત્ર પૂર્વજોનું લોહી વહેતું હતું, તેનામાં યૌવનની ધગશ હતી. તેણે અહમદશાહની તલવાર સામે તલવાર કસવાના કોડ કર્યા, પણ તેને તે કામ સહેલું લાગ્યું નહિ.

ઊલટાનું અહમદશાહે જૂનાગઢ જીતી, બરડાના રાણા રાણુજી પાસેથી ખંડણી ઉઘરાવી, પ્રભાસના કિનારે મીટ માંડી, ખંડિત થયેલા સોમનાથના મંદિરના બાણમાં ફરીથી કારી ઘા કર્યો. તેણે સોમનાથના ભગ્ન અવશેષોને ખંડિત કર્યા, ત્યાંના મંદિરોને મસ્જીદોમાં ફેરવી નાખ્યાં અને ઇસ્લામના પ્રચારાર્થે ધાર્મિક અમલદારો મૂકી, ઊના-દેલવાડા જીતી, મહુવા મુકામ કર્યો. મહુવાની જીત કરી તેણે ગોહિલો પાસેથી ખંડણી લીધી અને મહુવામાં તેમજ વઢવાણમાં મસ્જીદ બંધાવવા હુકમ

---

૧. આ યુદ્ધ સંવત ૧૪૬૨ના શ્રાવણ સુદ આઠમ ને શુક્રવારે થયું હતું. તેનો એક મિશ્ર ભાષાનો શિલાલેખ પ્રભાસપાટણમાં છે.

૨. જુઓ મારો લેખઃ- 'પ્રભાસના વાજા રાજાઓ', 'ગુજરાતી' તા. ૨૧-૫-૧૯૩૩, ધામળેજ તથા પાટણના સંવત ૧૪૪૨ના લેખોમાં વાજા રાજાને નૃપતિ શબ્દથી સંબોધ્યો છે. તેઓ રાહના માંડલિકો અથવા મિત્રો હશે.

આપી અમદાવાદ ગયો.[૧]

**સૌરાષ્ટ્રમાં ગુજરાતના સુલતાનનાં સૈન્યો** : અહમદશાહ એ પછી ફરીથી સૌરાષ્ટ્રમાં આવ્યો કે કેમ તેની ઇતિહાસકારો નોંધ લેતા નથી. મેવાડ, માળવા, ઇડર અને ચાંપાનેર સામેના વિગ્રહોમાંથી તેમજ અમદાવાદ વસાવવાના કામમાંથી તેને પુરસદ પણ મળી નહીં હોય, તેથી તે પુનઃ સૌરાષ્ટ્રમાં આવ્યો હોય તે સંભવતું નથી. પરંતુ તેનાં સૈન્યો તો સૌરાષ્ટ્રને પાદાક્રાંત કરી રહ્યાં હતાં અને ગુજરાતના બલિષ્ઠ સુલતાનની સત્તા અને હકૂમત દૃઢ બનાવી રહ્યાં હતાં.

**ઝાંઝમેરના વાજા** : વાજા રજપૂતોએ સૌરાષ્ટ્રના દરિયાકિનારેનાં નાનાં રાજ્યો સ્થાપેલાં. તે પૈકી તળાજાનું એક નાનું રાજ્ય અથવા ઠકરાત હતી. વાજાઓ અને રાહોને કુટુંબસંબંધ હતા. વાજાઓની પુત્રીઓ ચુડાસમા વરતા, તેમજ ચુડાસમાઓના આશ્રયે આ ઠાકોરો રાજ્ય કરતા તેમ કહેવામાં આવે તો ખોટું નથી. આ ઝાંઝમેર તળાજાના વાજાઓ નીચે હતું, પણ પાછળથી ઊંચા કોટડાના બીમાજી વાજાના અધિકાર નીચે હતું તેમ જણાયું છે. ઝાંઝમેર ગોપનાથ મહાદેવથી ત્રણ માઇલ દૂર છે. ગોપનાથનો ધ્વંસ કરવા અહમદશાહના સૈન્યે ચડાઇ કરી ત્યારે ઝાંઝમેરના વાજાઓ એકત્ર થયા અને રાહને સહાય કરવા કહેણ મોકલ્યું. રાહ જયસિંહે તુરત જ પોતે ઝાંઝમેર તરફ કૂચ કરી અને ઝાંઝમેરમાં ટકી રહેલા વાજાઓની સહાયે જઇ અહમદશાહના ઘેરો ઘાલી રહેલા સૈન્યને કાપી નાખ્યું. સૈન્ય પોતાનો સરસામાન મૂકીને ગુજરાત તરફ ગયું. આમ રાહ વાજાઓને તેમજ ગોપનાથને બચાવી પાછો ફર્યો.[૨]

ઝાંઝમેરના વાજાઓ પૈકી કોઇ કાનીઓજી વાજો સં. ૧૫૧૩ (ઈ. સ. ૧૪૫૭)માં મુસ્લિમો સાથે લડતાં મરાયો છે. તેનો પાળિયો ઝાંઝમેરમાં છે. તેથી આ યુદ્ધના સમયમાં વાજાઓ ઝાંઝમેરમાં હતા તે સ્પષ્ટપણે સાબિત થાય છે.[૩]

**રેવતીકુંડનો મઠ** : આ રાહના સમયમાં ઈ. સ. ૧૪૧૭માં કોઈ નૃસિંહ-

---

૧. આ મસ્જીદ ભાદરોડ દરવાજે મહુવામાં છે. તેમાં સુર સન ૮૨૬ (ઇ. સ. ૧૪૨૫)નો અરબ્બી શિલાલેખ છે. તેમાં લખ્યું છે કે આ મસ્જીદ મલેક અસર ઉલ મુલ્ક બીન મલેક જૌહરે સુલતાન અહમદશાહના રાજ્યઅમલમાં બંધાવી છે. આ મસ્જીદનું કામ ઇ. સ. ૧૪૨૫માં પૂરું થયું.

બીજી મસ્જીદ વઢવાણમાં છે. તેમાં સુર સન ૮૪૦ (ઇ. સ. ૧૪૩૯)નો લેખ ફારસી ભાષામાં છે. તે મલીક મહમદ બીન મલીક મુસાએ ઉક્ત સુલતાનના રાજ્યમાં બંધાવી હતી તેવો ઉલ્લેખ છે.

૨. ગુલાબશંકરકૃત 'જૂનાગઢનો ઇતિહાસ' આ વાતને ટેકો આપે છે.

૩. વોટ્સન.

દેવના પુત્ર દામોદરે રેવતીકુંડ ઉપર જૂનાગઢમાં એક મઠ બંધાવેલો છે, જે અત્યારે મહાપ્રભુજીની બેઠક તરીકે ઓળખાય છે.[૧]

રાહ જયસિંહ અહમદશાહના વ્યવસાયનો સારી રીતે લાભ લઈ સૌરાષ્ટ્રમાં બળવાન રાજા તરીકે ૨૫ વર્ષનો દીર્ઘકાળ સુધી રાજ્યઅમલ ભોગવી, ઈ. સ. ૧૪૪૦માં ગુજરી ગયો. તેમ છતાં મુસ્લિમ સત્તા વિકસતી જતી હતી. અહમદશાહે ઠેરઠેર ઇસ્લામના પ્રચાર માટે મસ્જીદો બનાવી અને મૌલવીઓને રોકી ધર્માંતરના કાર્યને વેગ આપ્યો.[૨]

---

૧. ગુલાબશંકરકૃત 'જૂનાગઢનો ઇતિહાસ'.

૨. આ કથન માટે જુઓ નીચેના શિલાલેખો.

(૧) ભાદરોડ દરવાજે મહુવામાં ઈ. સ. ૧૪૨૫ (સુર સન ૮૨૬)માં મલેક આસર ઉલ મુલ્ક બિન મલિક જુન્નરે મસ્જીદ બાંધી.

(૨) વઢવાણ : ઈ. સ. ૧૪૩૯ (સુર સન ૮૪૦) મલેક મહમદ બીન મલેક મુન્ના. ત્યાંની બીજી મસ્જીદ. તે જ વર્ષનો શિલાલેખ.

(૩) સદર, ઈ. સ. ૧૪૪૮ (સુર સન ૮૪૯).

(૪) પ્રભાસપાટણ : ઈ. સ. ૧૪૧૭ (હી. સન ૮૨૦) ફઝલુલા અહમદ અબુએ દરવાજા પાસે મસ્જીદ બનાવી તેનો લેખ.

(૫) માંગરોળ : ઈ. સ. ૧૪૧૭ (હી. સ. ૮૨૦) શાહઆલમની મસ્જીદનો લેખ.

(૬) પ્રભાસપાટણ : ઈ. સ. ૧૪૩૦ (હી. સ. ૮૩૪) મલેક હુશેન મુઝફ્ફરના ભાઈ મહમદશાહનો લેખ.

(૭) પ્રભાસપાટણ : ઈ. સ. ૧૪૩૨ (હી. ૮૩૬) મોટા દરવાજાનો લેખ.

(૮) સદર; ઈ. સ. ૧૪૬૧ (હી. ૮૬૬) ચાંદની મસ્જીદ, નસઉલ્લાએ કુરેશ અલ લાહીયા ઉર્ફે મલેક બદેહ ગદેહનો લેખ.

એ સિવાય અનેક શિલાલેખો જાણ્યાઅજાણ્યા છે. પણ આ વિષયમાં એક વસ્તુ નોંધપાત્ર છે કે આ મસ્જીદો ઉપર શિલાલેખો કોતરાવી, 'અમે બાંધી છે' એમ કહી તેના પરિવર્તકોએ પુણ્ય લૂંટવા પ્રયત્ન કર્યો છે. તે માટે કહે છે કે, "અલી અલ્લાહ અલીહે વ સલમ મન બની અલ્લાહ તઆલા મસ્જીદા બની અલ્લાહ લેહ બયાના ફી અલ જન્નત (નબી કે જેના ઉપર ઈશ્વરના આશિષ ઊતરો તેણે કહ્યું છે કે, "અલ્લાહ તઆલા માટે જે મસ્જીદ બંધાવે તેને સ્વર્ગમાં અલ્લાહ ઘર બંધાવી આપશે") હી. ૭૩૨ (ઈ. સ. ૧૩૩૧)નો વેરાવળ જુમ્મા મસ્જીદનો લેખ. (ભાવ ઈન્સ.)

આ મસ્જીદો બંધાવી નથી; પણ ઘણાંખરાં હિન્દુ મંદિરોની મૂર્તિ કાઢી નાખી તે સ્થળે મહેરાબ અને મીંબર બનાવી 'મસ્જીદ બંધાવી' કહી પુણ્ય લેવા કોશિશ કરી છે. તેથી આ ગ્રંથમાં મસ્જીદો બાંધી નહીં પણ બનાવી એ શબ્દપ્રયોગ કર્યો છે.

ગોહિલો : ઇ. સ. ૧૪૨૦માં ઘોઘાની ગાદીએ સારંગજી[૧] બેઠા. સારંગજી હજી સ્થિર થયા ન હતા ત્યાં અમદાવાદના સુલતાને એક પ્રબળ સૈન્ય સૌરાષ્ટ્ર ઉપર મોકલ્યું. સારંગજી હજી નાની વયના હતા, તેમજ રાજ્યની સ્થિતિ નબળી હતી; રાજ્યકારભાર તેના કાકા રામજી કરતા, એટલે સૈન્યની સામે થવા કરતાં ખંડણી આપી વિદાય કરવા તેણે વાટાઘાટ ચલાવી. પણ ખંડણી આપવા જેટલા પૈસા ખજાનામાં ન હતા. તેથી તે રકમ ન અપાય ત્યાં સુધી સારંગજીને બાન તરીકે રાખવાની શરતે ફોજ પાછી વળી. રામજીએ નિરકુંશપણે રાજ્ય ચલાવ્યું અને સારંગજીને મુક્ત કરાવવા જરા પણ પ્રયત્ન ન કર્યો. સારંગજી અમદાવાદથી નાસી જઈ પતાઇ રાવળને આશ્રયે ગયો .પતાઈ રાવળ ચાંપાનેરનો મહાપ્રતાપી અને બળવાન રાજા હતો. તેણે સારંગજીને સૈન્ય આપ્યું. સારંગજીએ ઘોઘા ઉપર ચડાઈ કરી. તેણે ઉમરાળામાં પોતાનું થાણું નાખ્યું. રામજીએ ગારિયાધારના ગોહિલને લાંચ આપી પોતાની સહાયે બોલાવ્યા, પણ તેઓને સારંગજીએ બાર ગામ આપવાનાં કબૂલતાં તેઓએ સારંગજીને સહાય કરી. રામજી શરણે ગયો અને આ વિજયની સ્મૃતિ કાયમ રાખવા સારંગજીએ રાવળનો ખિતાબ ધારણ કર્યો.[૨]

## રાહ મહીપાલ છઠ્ઠો ઈ. સ. ૧૪૪૦થી ૧૪૫૧.

રાહ મહીપાલ ગાદીએ આવ્યો ત્યારે અહમદશાહનાં :આખરી વર્ષો હતાં. ઇ. સ. ૧૪૪૨માં અહમદશાહ ગુજરી ગયો અને મહમુદ બેગડો ઇ. સ. ૧૪૫૮માં ગાદી ઉપર આવ્યો. ત્યાં સુધી અમદાવાદની રાજ્યવ્યવસ્થા એવી નહોતી કે મહીપાલદેવને ભય રહે.

સૌરાષ્ટ્રની સ્થિતિ : સૌરાષ્ટ્રમાં પણ એ સમયે અંધાધૂંધી વ્યાપી હતી. સોરઠના રાહ, ગોહિલવાડના ગોહિલ, ઝાલાવાડના ઝાલા, બરડાના જેઠવા અને બીજા તમામ નાના રાજાઓ મુસ્લિમ આક્રમણ સામે લડીને તૂટી ગયા હતા, અને જે બળ હતું તે બચાવવા માગતા હતા. મુસ્લિમ સૈન્ય સામે ટકવા અગર તેમની ખંડણીની માગણી તૃપ્ત કરવા ધનભંડાર ભરવાની ફિકરમાં તેઓ હતા. તેનો લાભ લઇ ચારે તરફ લૂંટફાટ અને અવ્યવસ્થા વ્યાપી ગઇ.

કોઈ રાજ્યમાર્ગ સુરક્ષિત હતો નહિ. કાઠીઓ, બાબરિયાઓ, અને બીજા ભાગ્યશોધકો ઉઘાડી રીતે લોકોને લૂંટવા માંડયા અને નિર્દોષ પ્રજા લૂંટારાનાં બાણ-બરછીનો ભોગ બનવા માંડી.

---

૧. વીર મોખડાજીના પુત્ર હુંગરસિંહ, તેના વીસાજી, તેના કાનોજી અને તેના પુત્ર સારંગજી.

૨. આ ખિતાબ તેને પતાઇ રાવળે આપ્યો હોવાનું પણ એક કથન છે.

**મહીપાલદેવ** : રાહ મહીપાલદેવ ઘણો જ ધર્મિષ્ઠ અને પવિત્ર રાજા હતો. તે શાન્તિપ્રિય અને સુલેહપસંદ હતો. વળી તે અપુત્ર હતો તેને દ્વામોદરરાયની માનતાથી માંડલિક નામે કુમાર જન્મેલો. તેથી તેને દ્વામોદરરાય તરફ અપાર શ્રદ્ધા હતી. અને તે જ કારણે દ્વારકાથી પ્રભાસ કે પ્રભાસથી દ્વારકા જતા યાત્રાળુઓને પોતાને ખર્ચે તે જમાડતો. મહીપાલદેવ ઘણી મોટી ઉંમરે ગાદી ઉપર આવ્યો હતો, તેથી જે ઉત્સાહ તેનામાં હોવો જોઇએ તે હતો નહિ. તેથી અમદાવાદની અનિશ્ચિત પરિસ્થિતિનો લાભ લેવો જોઇએ તેટલો તે લઈ શકયો નહિ.

**માંડલિકનાં લગ્ન** : રાહ મહીપાલદેવે તેના એકના એક પુત્ર માંડલિકનાં લગ્ન અર્થિલાના ગોહિલ અર્જુનસિંહની પુત્રી કુંતા સાથે કરી, તેને જૂનાગઢનું પૂર્વજોએ પરિશ્રમથી મેળવેલું પુરાતન રાજ્ય ખોવા માટે સોંપી, ગાદીએ બેસાડી, પોતે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી, તીર્થસ્થાનોમાં રહેવા ચાલ્યો ગયો.

**રાહ માંડલિક ૩ જો** : ઈ. સ. ૧૪૫૧થી ઈ. સ. ૧૪૭૨. સોરઠના છેલ્લા રજપૂત રાજવીના જીવનનો ઇતિહાસ ઘણો જ કરુણ છે. લોકસાહિત્યે, મુસ્લિમ તવારીખનવેસોએ અને અન્ય ઇતિહાસકારોની કલમોએ આ રાજાનો જુદો જુદો ઇતિહાસ સર્જ્યો છે. તેનાં સચ્ચારિત્ર્ય અને ન્યાયપ્રિયતા, તેનું પવિત્ર જીવન અને નીતિ, તેનાં શૌર્ય અને ઔદાર્યનાં જેટલાં દૃષ્ટાંતો મળે છે તેટલાં જ તેના પાપી અને વાસનામય જીવનનાં દૃષ્ટાંતો મળે છે. તેમાં સત્ય શું અને અસત્ય શું તેની તારવણી કરવાની આવશ્યકતા રહે છે. તેથી રાહ માંડલિક ઇતિહાસમાં અને લોકસાહિત્યમાં, એમ બે જુદાં જુદાં પ્રકરણો કરવામાં આવ્યાં છે.

**પ્રારંભ** : રાહ માંડલિક યુવાવસ્થામાં આવતાં જ તેના પિતાએ તેની હયાતીમાં તેને રાજગાદી આપી.

**ઉપરકોટનો લેખ** : ઇ. સ. ૧૪૫૧ (વિ. સં. ૧૫૦૭)નો ઉપરકોટનો લેખ મળેલો છે. તેમાં રાહ માંડલિકને મહીપાલદેવનો કુંવર લેખ્યો છે. એ સમયે મહીપાલદેવ હયાત હતા અને તેણે જ આ કમનસીબ કુમારને શાસ્ત્રો તેમજ શસ્ત્રવિદ્યા શીખવ્યાં હતાં.

**લગ્ન**: રાહ માંડલિકના સસરા અર્જુનસિંહ મુસ્લિમો સામેની લડાઇમાં[૧] કામ આવેલા. તેથી તેનાં રાણી કુંતાદેવી તેના કાકા દૂદા ગોહિલને ત્યાં ઊછરીને મોટાં થયેલાં. અર્થિલા વા હડીલા વર્તમાન લાઠી પાસે હતું અને દૂદા ગોહિલ તેની નીચે ચોવીસ ગામનો ગિરાસ ખાતા.

---

૧. કઇ લડાઇમાં અર્જુનસિંહ મરાણા તે ઉપલબ્ધ નથી; પણ અહમદશાહની ચડાઇમાં તે મરાયા હોવાનું સંભવિત છે.

રાજ્યાભિષેક : માંડલિકનો રાજ્યાભિષેક ઘણી જ ધામધૂમથી થયો અને તેમાં સૌરાષ્ટ્રના સર્વે રાજાઓએ નજરાણાં મોકલ્યાં અને ઘણા રાજાઓએ ત્યારે જાતે હાજરી આપી; પણ શિયાળબેટનો સાંગણ વાઘેલો આવ્યો પણ નહીં તેમજ તેણે નજરાણું પણ મોકલ્યું નહીં.

## સૌરાષ્ટ્રની પરિસ્થિતિ : ઈ. સ. ૧૪૫૧.

અત્રે એ યાદ રાખવાની જરૂર છે કે મહમદશાહના મૃત્યુ પછી અને મહમુદ બેગડો ગાદીનશીન થયો ત્યાં સુધીમાં ગુજરાતની રાજ્યવ્યવસ્થા એવી અંધાધૂંધીભરી હતી કે ગુજરાતના સુલતાનોની સત્તા પડી ભાંગી છે અગર પડી ભાંગશે એવી માન્યતા સૌરાષ્ટ્રમાં પ્રચલિત હતી; સૌરાષ્ટ્રના હિન્દુ રાજાઓ જૂનાગઢ તરફ નેતૃત્વ માટે તેમની નજર રાખી બેઠા હતા. તે સમયે સૌરાષ્ટ્રમાં બીજા કોઈ બળવાન અને સુલતાનનો સામનો કરી શકે તેવા રાજાઓ હતા નહીં. તેથી રાહ:માંડલિકે છત્રપતિને શોભે તેવા ઠાઠથી રાજ્યાભિષેક કરાવ્યો.

સોમનાથનો જીર્ણોદ્ધાર : માંડલિકે ગાદી ઉપર આવી પ્રથમ કાર્ય ગિરનાર ઉપરના અંબાજીના પ્રસિદ્ધ દેવાલયનો તેમજ પ્રભાસના સોમનાથના ખંડિત દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવવાનું કર્યું. આ જીર્ણોદ્ધાર માત્ર સમારકામ જેવો હતો. ત્યાં પુનઃ મૂર્તિની સ્થાપના કરી અને પોતે તેની પૂજા કરી. પોતાના રાજ્યાભિષેકમાં ગેરહાજર રહેનાર શિયાળબેટના સાંગણ વાઘેલા સામે તેણે પ્રયાણ કર્યું.

શિયાળ બેટ : શિયાળ બેટના વીરમદેવે રાહ કબાટને કેદ કર્યો હતો તે આગળ જોવાયું છે. તે જ શિયાળ બેટના આ શિરજોર વાઘેલા ઠાકોરે[1] માંડલિકની સત્તાની અવગણના કરેલી. ઉનાના તેમજ પ્રભાસના વાળા ઠાકોરોને સાથે રાખી માંડલિકે શિયાળ બેટ સર કર્યું અને સાંગણ કે જે ચાંચિયાનું કામ કરતો અને જેની આવક માત્ર દરિયાઇ લૂંટની હતી, તેને મારી પ્રજાને તેના ત્રાસમાંથી મુક્ત કરી.

મહમુદ બેગડો ગાદીએ : ઈ. સ. ૧૪૫૭.

માંડલિકનું રાજ્ય નિરંકુશપણે છ વર્ષ ચાલ્યું. તેણે સૌરાષ્ટ્રમાં પોતાનો વિજયધ્વજ રોપ્યો, સાગરકાંઠાના વાળા રાજાઓ સાથે મૈત્રી બાંધી, અને તેમને ખંડિયા તરીકે રહેવા દીધા. પણ ઈ. સ. ૧૪૫૭ની સાલમાં અમદાવાદમાં મહમદ બેગડો ગાદીએ આવ્યો અને માંડલિકની વિજયી કારકિર્દીની આગેકૂચ અટકી ગઇ.

---

૧. કેટલાક ઇતિહાસકારો તેને ઓખાનો સાંગણ વાઢેલ કહે છે. પણ ઓખામાં તે સમયે ભીમજી હતો. તેનું વર્ણન આગળ આવશે.

આ યુવાન રાજા અહમદશાહના જેવો જ મહત્ત્વાકાંક્ષી, વીર અને ધીર હતો. તેણે ગુજરાત ઉપર જ નહીં, પણ સૌરાષ્ટ્ર, કચ્છ, માળવા અને સિંધ પર સવારી કરી ઇસ્લામનો સર્વત્ર પ્રચાર કરવા, દેવાલયો તોડવા, હિન્દુઓને મુસ્લિમ બનાવવા તથા અમદાવાદની રાજધાની સર્વ પ્રદેશો ઉપર રોપવાના કોડ સેવ્યા હતા. મહમુદ બેગડાએ તેનાં શૈશવમાં અને યુવામાં અત્યંત દુઃખ અને કષ્ટ વેઠયાં હતાં. શાહઆલમ નામના એક સંતની સાથે રહી તેણે તેની પાસેથી ઇસ્લામના સિદ્ધાંતોનું શિક્ષણ મેળવ્યું હતું, તેમજ તેના મુખેથી ઇસ્લામના મહાન શાહો અને સુલતાનોની ધર્મપ્રચારની ઘગશ અને વિજયપ્રયાણોની વાર્તાઓ તેણે સાંભળી હતી. તેથી જ તેણે રાજ્યપદ પ્રાપ્ત કરી આ મહાન રાજાઓના પગલે પગલે ચાલવાનો નિશ્ચય કર્યો હતો. તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની વય માત્ર ૧૩ વર્ષની હતી. તેથી તેને તેની મા બીબી મુગલી, તેના ઓરમાન પિતા અને ગુરુ શાહઆલમની શિક્ષા અને સલાહ પ્રમાણે ચાલવાનું હતું. તેણે તેની નાની વયમાં જ અમીરોનો બળવો શમાવ્યો હતો, બુરહાન ઉલ મુલ્ક જેવાને જેર કર્યા હતા અને હવે તે વયમાં આવતાં જ તેણે જેહાદો કરવા કમ્મર કસી હતી.

**મહમુદનું સ્વપ્ન** : એમ કહેવાય છે કે મહમુદ બેગડાને હજરત મહંમદ પયગંબરે સ્વપ્નમાં દર્શન દઈ આજ્ઞા કરી કે, 'મૂર્તિપૂજકોના દેશ સૌરાષ્ટ્રને જીતી લે.'[1] તેથી મહમુદ બેગડાએ દબદબાભરી તૈયારી કરવા માંડી. "પાંચ કરોડ મહોરોની પેટીઓ ભરાવી, ઇજીપ્ત, અરબસ્તાન અને ખોરાસાનની રસેલી મૂઠોની અઢારસો તલવારો, તે સાથે અમદાવાદની વખણાયેલી ત્રણ હજાર અને આઠસો તલવારો તથા એ જ પ્રમાણે સોનેરૂપે રસેલી કટારીઓ એકઠી કરી. ઘોડેસ્વારના સરદારના હાથ નીચે અરબસ્તાન અને તુર્કસ્તાનના બે હજાર ઘોડાઓ તૈયાર કરાવ્યા અને મહમુદે ધાર્યું કે મારી સાથે જે યોદ્ધાઓ આવનારા છે તેઓને બદલો આપવાને આ સર્વ ઇનામ કદાપિ ઓછું ગણાશે. આથી તેઓને કહ્યું કે 'તમારા શૂરવીરપણાના બદલામાં સોરઠની બધી લૂંટ તમને વહેંચી દેવામાં આવશે.'[1]"

**અર્થિલાનો નાશ** : મહમુદ દૂરંદેશી હતો, રાજનીતિજ્ઞ હતો. પ્રથમ તેણે તેના માર્ગમાં આવતા કાંટાઓ દૂર કરવા અને રાહના હાથપગ કાપી નાખવા એક ઘણી જ સારી યુક્તિ યોજી. તેણે રાહને કહેવરાવી મોકલ્યું કે 'તમારા સસરાનો ભાઈ દુદો ગોહિલ વટેમાર્ગુઓને લૂંટે છે, ગામડાંઓ ઉજ્જડ કરે છે અને તમે તેને કાંઇ કહી શકતા નથી ? તેથી તેનો તમે નાશ કરો, નહીંતર મારી અને તમારી

---

૧. રાસમાળા ભાષાંતર આ દંતકથા જણાવે છે. આવું જ સ્વપ્ન મૂળરાજને આવ્યું હોવાનું પણ કહેવાય છે.

૨. રાસમાળા ભાષાંતર.

મૈત્રીમાં ખલેલ પડશે.' રાહે આ સંદેશાથી માન્યું કે મહમુદ તેને પોતાનો મિત્ર ગણે છે અને આવા મિત્રના શબ્દને માન આપવા તેણે દુદા ગોહિલને કહાવી મોકલ્યું કે 'તમારે મારે શરણે આવવું અને તમારી સેના વીખેરી નાખવી.' તે દરમિયાન કુંતાદેવીને પુત્રસંતતિ ન હોવાથી તેની જ સલાહથી રાહ માંડલિકે કુવાના ઝાલા વનવીરજીની પુત્રી ઉમાદે સાથે લગ્ન કર્યાં. આ કારણથી દુદો તેનો દુશ્મન બન્યો હતો. તેમાં આ આહ્વાને વૈરાગ્નિમાં ઘૃત રેડયું. તેણે માંડલિકનું કહેણ સ્વીકાર્યું નહીં અને જવાબ આપ્યો કે 'દુદાને તું સાંગણ ન સમજતો.' તેથી માંડલિકે પોતાનું સમસ્ત બળ એકત્રિત કરી અર્થિલા ઉપર ચડાઇ કરી અને દુદાને મારી અર્થિલાનો નાશ કર્યો.[1]

**મહમૂદની પહેલી સવારી** : મહમુદે તે દરમિયાન પૂરતી તૈયારી કરી લીધી હતી તેણે રાહ માંડલિકને મુસલમાન થવા અને પોતાની તાબેદારી સ્વીકારવા કહેણ મોકલ્યું. રાહે તે માન્ય રાખ્યું નહીં. તેથી મહમુદ બેગડો જૂનાગઢ ઉપર સુસજ્જ સૈન્ય લઇ ઈ. સ. ૧૪૬૮માં ચડી આવ્યો.

**સૌરાષ્ટ્રનું આકર્ષણ** : સૌરાષ્ટ્રને પોતાની આણ નીચે લાવવા મહમુદની પ્રબળ ઇચ્છા હતી. સૌરાષ્ટ્રનું નામ જ તેને પ્રિય હતું. સિકંદરે તેનું જે વર્ણન આપ્યું છે તે જ સૌરાષ્ટ્રને ગૌરવવંત ઇતિહાસમાં નોંધાયેલા યુદ્ધો લડનારા આક્રમણકારોએ તેને પ્રાપ્ત કરવા પોતાના વહાલા યોદ્ધાઓ કપાવી નાખ્યા, અને તે પર વિજયધ્વજ ફરકાવવાના સેવેલા કોડનું કારણ દર્શાવવા પૂરતું છે.

"ઓહો! સોરઠ કેવો દેશ છે! જાણે માલવા, ખાનદેશ અને ગુજરાતની તર અને તત્ત્વ ઈશ્વરે એકત્ર ન કર્યાં હોય! અને જાણે સમસ્ત વિશ્વના સારા માણસોનો મેળો ન કર્યો હોય! તેમજ આ ત્રણ દેશોના મર્દ અને ખાનદાન માણસોને એકત્ર કરી એક ઝંડા નીચે મૂકી તેને દુનિયાના બીજા દેશોના પારસમણિ જેવું ન બનાવ્યું હોય!"[2]

આવો સૌરાષ્ટ્ર કે જ્યાં ગિરનાર, ગીર અને સમુદ્રને કાંઠે નાંગરતાં વહાણો, પાનવાડીઓ, બગીચાઓ, પવિત્ર દેવાલયો હોય અને તેના પર જો અમદાવાદનો

---

૧. દુદાએ માંડલિકને કહેવરાવ્યું કે 'તું હજુ બાળક છે. વળી, મારા ભાઇ અર્જુનસિંહ(આ અર્જુનસિંહ અહમદશાહ સામે લડતાં મરાયો હતો)ની દીકરી તને પરણાવી છે. માટે પાછો જા. તું દુદાને ઓળખતો નથી.' માંડલિકે કહ્યું કે 'હું પણ ક્ષત્રિય છું અને પૂંઠ બતાવી પાછો જાઉં નહીં.' પછી યુદ્ધ થયું. તેમાં દુદો મરાયો. માંડલિકે અર્થિલા ઉજ્જડ કર્યું, અને ત્યાં ગધેડે હળ જોડાવી મીઠું વવરાવ્યું. આ કલંકરૂપ પ્રસંગને સોરઠમાં અષાડી ત્રીજના રોજ કન્યાઓ કૂટતાં યાદ કરે છે કે "હાય રે! દેદો–દેદો માર્યો લાઠીના ચોકમાં..." વગેરે.

૨. મિરાતે સિકંદરી.

સુલતાન વિજય ન મેળવે, તો પછી માળવા કે ખાનદેશ જીત્યાં ન જીત્યાં બરાબર છે.

**જૂનાગઢ ઉપર મહમુદ** : ઈ. સ. ૧૪૬૭માં મહમુદે પ્રબળ સૈન્ય લઈ જૂનાગઢ પર ચડાઈ કરી. ત્યાંથી ૮૦ માઈલ દૂર મહાબલિયા[1] નામક સ્થળે રજપૂતોનું થાણું હતું, તે લઈ લેવા તેણે પોતાના કાકા તુવલુખખાનને ૧૭૦૦ માણસો આપી મોકલ્યો. તેણે છાપો મારી રજપૂતોને કતલ કર્યા. તેથી રાહ કિલ્લામાં ભરાયો હતો તેને બચાવની આશા રહી નહિ. તેથી બહાર આવી યુદ્ધ કરી ક્ષત્રિયોના કુળાચાર પ્રમાણે અંતિમ સંગ્રામ ખેલી લેવા તે બહાર પડ્યો. મુસ્લિમો આ મરણિયા સામનાથી પાછા હઠવા માંડ્યા, રજપૂતો સામે ટકવાનું મુશ્કેલ જણાયું, પણ મહમુદ રણક્ષેત્રમાં સંધ્યાના સમયે ધસી આવ્યો. તેણે સૈનિકોને લાલચ આપી ઉત્સાહિત કર્યા; મુસ્લિમોએ મહમુદના નેતૃત્વ નીચે ભયંકર હલ્લો કર્યો. હાથમાં સમશેર લઈ ઝૂઝતો રાહ ટકી શકયો નહિ અને ઘાયલ થયો. રાત્રિનું અંધારું થતાં, રાહના અંગરક્ષકો તેને કિલ્લામાં લઈ ગયા. રાહ પાછો કિલ્લામાં ભરાઈ ગયો. મહમુદના હાથમાંથી અમલ્ય તક ગઈ. ઘેરો ફરી ચાલુ થયો. મહમુદે જૂનાગઢની ચોતરફ લૂંટફાટ કરવા અને લશ્કર માટે ખોરાકી તેમજ જરૂરી વસ્તુઓ મેળવવા સૈન્યને આજ્ઞા આપી. તેના સૈન્યનાં અનેક શસ્ત્રો પાસે રાંકડી રૈયત પોતાના ઉજ્જડ થતા વતનને પાછળ મૂકી પોતાનાં સ્વજનોનાં શબો ઉપર પગ દઈ નાસવા લાગી. મહમુદે તેના બલવાન હાથ ચારે તરફ પ્રસારી જૂનાગઢના રાજ્યનો પ્રદેશ સાફ કરી નાખ્યો.

**રાહ શરણ થાય છે** : રાહને કિલ્લામાં કંઈ પણ પહોંચી શકે તેવું રહ્યું નહીં. તેથી તેણે તેના મંત્રીઓની સલાહથી સુલેહ કરી, અને યુદ્ધના ખર્ચ પેટે પુષ્કળ જવાહીર, હીરા, મોતી અને સોનું નજરાણા પેટે લઈ મહમુદે જૂનાગઢથી પોતાનું લશ્કર પાછું અમદાવાદને માર્ગે વાળ્યું.

**બીજી ચડાઈ** : પણ મહમુદ જ્યાં સુધી જૂનાગઢ સંપૂર્ણ રીતે જીતે નહિ ત્યાં સુધી જંપે તેમ ન હતો. વળતે જ વર્ષે તેણે માંડલિક ઉપર ફરી ચડાઈ કરી.

માંડલિકે જ્યારે જૂનાગઢ ઉપર આવતાં મહમુદનાં સૈન્યોના સમાચાર જાણ્યા ત્યારે તેના હૃદયમાં ભયનો સંચાર થયો. તેણે મહમુદનું સૈન્ય ગિરનાર સમીપ

---

૧. મહાબલિયા કયું ? પ્રભાસપાટણથી સુત્રાપાડા ૧૦ માઇલ છે, ત્યાંથી વડોદરા જતાં સુત્રાપાડાથી ૩ માઇલ ઉપર મહાબલ નામનું પ્રસિદ્ધ સ્થાન છે. તે આડેધડ અંતરે જૂનાગઢથી ૮૦ માઇલ દૂર હશે. આ રથળે વાજા ઢાકારોનું રાજ્ય હતું. આ સ્થાન પહેલું લીધું હોય તો મહમુદ ઘોઘા, મહુવા, ઊના, કોડીનારના માર્ગે આવ્યો હશે. મહાબલનું બીજું સ્થાન હોવાનું જણાયું નથી.

આવતાં સામેથી જઈ નજરાણું ધરી પ્રશ્ન કર્યો કે "આ વખતે ચડાઇ લાવવાનું શું કારણ છે?" મહમુદ પાસે ઉત્તર તૈયાર જ હતો. તેણે કહ્યું કે 'ગુજરાતનો છત્રપતિ રાજા હું છું, છતાં તમે સુવર્ણછત્ર ધરાવી ગિરનાર ઉપર જાઓ છો તે મારું અપમાન છે.' રાહે તરત જ તેનું છત્ર અને રાજચિહ્નો તેને સ્વાધીન કરી, મોટી રકમનો નજરાણું આપ્યો અને મહમુદને વગર યુદ્ધે પાછો વાળ્યો.

<u>ત્રીજી ચડાઇ</u> : ઇ. સ. ૧૪૬૯ : પણ મહમુદે તો જૂનાગઢમાંથી હિન્દુ રાજ્યને ઉખેડી નાખવા નિશ્ચય કર્યો હતો. છેવટે તેણે ત્રીજે વર્ષે ફરીથી ચડાઇ કરી. જ્યારે જૂનાગઢની પાસે સૈન્ય પહોંચ્યું ત્યારે રાહ માંડલિક પુનઃ મહમુદ પાસે ગયો અને પૂછ્યું કે "હે સુલતાન, હું તો તમારે ખંડિયો છું, તાબેદાર છું, આજ્ઞાંકિત સેવક છું, છતાં મને વારંવાર કઇ કસૂર સારુ હેરાન કરવામાં આવે છે?" ત્યારે મહમુદે હસીને જવાબ આપ્યો કે "રાહ, કાફર રહેવું તેનાથી બીજો કયો મોટો વાંક છે?" તેથી રાહ ચૂપચાપ સલામ કરી પાછો કિલ્લામાં ચાલ્યો ગયો; પણ કિલ્લામાં વધુ ટકાય તેમ ન જણાતાં તે ગિરનાર ઉપર ગયો અને ત્યાંથી કેસરિયાં કરી મરી ખૂટવા તેણે તેના દરબારીઓ તથા સેનાનીઓને સલાહ પૂછવા એકત્ર કર્યા. તેમાં તેનો મંત્રી વીસળ પણ હતો. તેણે સલાહ આપી કે આપે શરણે જવું. રાહે કહ્યું, 'એક તરફ મૃત્યુ છે, બીજી તરફ ધર્મપરિવર્તન છે. મારા પૂર્વજોનો પ્રિય ધર્મ હું પ્રાણાન્તે પણ નહીં છોડું.' પણ મંત્રીની સલાહ બીજી રીતે થઇ જ નહીં. રજપૂતો મરી ખૂટવા તૈયાર થયા. રાહે દરરોજ એક એક ટુકડી સુલતાન સામે લડવા મોકલવા માંડી. રાહે સૌરાષ્ટ્રના બીજા રાજાઓને પોતાની સહાયે આવવા લખ્યું, પણ કોઇ આવ્યા નહિ. વીસળે છેવટે સુલતાનની લાંચ સ્વીકારી દગો દીધો. તેણે કોઠારનો ત્વરિત વ્યય કર્યો, અને યોગ્ય સમયે સંકેત થતાં કરેલી યોજના અનુસાર મહમુદ કિલ્લામાં દાખલ થયો. રાહ માંડલિક ઓચિંતો ઝડપાયો. હવે તેની પાસે બચાવની બારી રહી નહિ. મહમુદ પાસે તેને ઊભો કરવામાં આવ્યો ત્યારે તેની તલ્વાર મહમુદ પાસે ધરીને કહ્યું કે 'હું શરણ થાઉં છું.' મહમુદે કહ્યું કે 'મારી શર્તનું પાલન કરવું જ જોઇએ. તમે ઇસ્લામ અંગીકાર કરો.' માંડલિકે કહ્યું કે 'હું આપની શર્ત સ્વીકારું છું, પણ મારી રાણીઓ, કુંવરો તથા કુટુંબીજનોને ફરજ પાડવી નહિ.' મહમુદે તે કબૂલ કર્યું. માંડલિકે કલ્મો કબૂલ કર્યો[1] અને મહમુદ સાથે તે અમદાવાદ ગયો. મહમુદે જૂનાગઢનું નામ મુસ્તફાબાદ પાડ્યું અને પોતાના શાહજાદા ખલીલખાનને ત્યાંનો હાકેમ બનાવ્યો. રાહ માંડલિક અમદાવાદ પહોંચ્યા પછી મહમુદે તેને ખાનજહાનનો ઇલકાબ આપ્યો.

---

૧. 'મિરાતે સિકંદરી'માં અમદાવાદ ગયા પછી મુસ્લિમ બનાવ્યાનું જણાવ્યું છે, પણ તે બરાબર નથી તેમ પ્રો. ફ્રામજીસેરિયેટ માને છે. (એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. ફ્રામજીસેરિયેટ.)

માંડલિકે ઇસ્લામ ધર્મનો અભ્યાસ કરવામાં શેષ જીવન ગાળ્યું. અને જ્યારે જ્યારે તે ગિરનાર તરફ દૃષ્ટિ કરતો ત્યારે નિસાસા નાખી રોતો. તે અમદાવાદમાં જ ગુજરી ગયો. તેની કબર કંદોઈ પોળ અને કાલુપુર રોડના સંગમ ઉપર આજ પણ દેખાડવામાં આવે છે.

આ પ્રમાણે જૂનાગઢના પવિત્ર ચુડાસમા કુળના અંતિમ અને કમભાગ્ય રાહના અંત સાથે સૌરાષ્ટ્રના એક પુરાણા રાજ્યકુળનો પણ અંત આવ્યો.

રાહ માંડલિક લોકસાહિત્યમાં : જન્મ : રાહ માંડલિકનો પિતા રાહ મહીપાલ ધર્મપ્રેમી અને આસ્તિક હતો. તેને કોઇ સંતતિ ન હતી. તેથી તેનું ધ્યાન ભકિત તરફ વિશેષ હતું. તેના પુરોહિતના આગ્રહથી એક દિવસે જૂનાગઢના દામોદરરાયના મંદિરમાં જઇ તેણે માનતા માની કે 'જો મારે ત્યાં પુત્ર અવતરશે તો તેને વીસમે વરસે પરણાવી, રાજપાટ આપી, શેષ જીવન તારી ભકિતમાં ગાળીશ.' દામોદરરાયે તેને પુત્ર આપ્યો અને તે રાહ માંડલિક.[૧]

બાલ્યકાળ : રાહની બાલ્યવયમાં તેના પિતાએ તેને પૂરતો વિદ્યાભ્યાસ કરાવ્યો અને શાસ્ત્રો શીખવ્યાં. ધનુર્વિદ્યા તથા મલ્લવિદ્યાનું જ્ઞાન આપ્યું. પિંગળ અને કાવ્યશાસ્ત્રનું પણ અધ્યયન કરાવ્યું. માંડલિક બલિષ્ઠ, ગૌરવર્ણ અને રૂપાળો હતો.

લગ્ન : રાહ મહીપાલે ઘણી જ ધામધૂમથી તેનાં લગ્ન અર્થિલા(લાઠી)ના ગોહિલ અર્જુનસિંહની પુત્રી કુંતાદેવી સાથે કર્યાં. તેણે જૂનાગઢની પ્રજાને એક મહિના સુધી જમાડી અને દાન દીધાં અને દામોદરરાયજીના મંદિર આગળ ભવ્ય વિષ્ણુયાગ યજ્ઞ કર્યો.

પટ્ટાભિષેક : તે પછી ઇ. સ. ૧૪૫૧માં (સંવત ૧૫૦૭) વૈશાખ માસમાં અક્ષય તૃતીયાના દિવસે શુભ ચોઘડિયામાં માંડલિકને પોતાના હસ્તે ગાદી ઉપર બેસાડી રાહ મહીપાલ તીર્થયાત્રામાં ચાલ્યો ગયો. તેનું પાછળથી શું થયું તે જણાયું નથી. રાહ પણ ધર્મિષ્ઠ હતો. તેના સ્નાનાર્થે કાશીજીથી રોજ ગંગાજળની એક કાવડ આવતી. તેનાથી તે નહાતો. તેથી તે 'ગંગાજળિયો' કહેવાયો.

રાજ્યઅમલ : રાહ માંડલિકે સારી રીતે રાજ્ય ચલાવ્યું. તેની વિગતો આગળના પ્રકરણમાં આવી ગઈ છે. તેણે ડાહ્યા અને બુદ્ધિશાળી અમલદારો રાખ્યા

---

૧. માંડલિક નામ આ વંશમાં પ્રથમ પણ પાડવામાં આવેલું છે; પણ તેનો અર્થ "માંડલિક" એટલે ખંડિયો નહીં પણ 'માંડ જન્મેલો' એટલે બોટનો. આજે નાથો, માંડો, એવાં નામ પણ બોટના પુત્રનાં પાડવામાં આવે છે.

અને સોરઠમાંથી ચુનંદા યોદ્ધાઓ રાખી એક બળવાન સૈન્ય બનાવ્યું. તેણે આમ છ વર્ષ તો બહુ સારી રીતે રાજ્ય ચલાવ્યું. તેના નાગર પ્રધાન હીરાસિંહ(હીરારામ)ની સલાહથી તેણે ન્યાયી અને પ્રજાપ્રિય રાજા તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી; પણ તેના મરણ પછી તેણે વિશળ નામના વાણિયાને મંત્રી તરીકે નીમ્યો. આ મંત્રી લોભી, મલિન પ્રકૃતિનો અને જીભનો એવો હતો કે તેણે અનેક શત્રુઓ ઊભા કર્યા. રાહનો સેનાપતિ ઇલો ચાવડો વીર પુરુષ હતો. તેણે વિશળને દૂર કરવા રાહને સલાહ આપી; પણ રાહે તે સલાહ માન્ય રાખી નહિ. પરિણામે તેનું ન્યાયી અને લોકપ્રિય રાજતંત્ર કથળતું ગયું.

**નરસિંહ મહેતા** : આ રાહના સમયમાં ભારતમાં પ્રસિદ્ધ થયેલા પ્રખ્યાત નરસિંહ મહેતા જૂનાગઢની નાગર જ્ઞાતિમાં થયા. તેમનાં વેદાંતનાં પદો અને ભક્તિના ઉપદેશથી જનતા તેના તરફ આકર્ષાઈ અને જૂનાગઢની પ્રજામાં નરસિંહનાં ભક્તિગીતો ઘેર ઘેર ગુંજવા લાગ્યાં. નરસિંહ મહેતા નિઃસ્વાર્થ ભાવે નિષ્કામ ભક્તિ કરતા. તેથી ભગવાન પ્રસન્ન થયા અને તેના અનેક ચમત્કારોની વાતો પ્રચલિત થઈ. માંડલિકના કાન ઉપર નરસિંહ મહેતાની ખ્યાતી આવી. અને આવા પવિત્ર અને મહાન સંતના દર્શન કરવા આતુર બન્યો; પણ તેના ગુરુ રામદાસ તીર્થ નામના સંન્યાસી હતા. તે શૈવ સંપ્રદાયમાં માનતા અને નરસિંહ મહેતાના ઉપદેશની ટીકા કરતા, તેમજ નરસિંહ મહેતાની લોકપ્રિયતાથી તે ઇર્ષ્યાની આગમાં બળી મરતા. તેણે રાહ માંડલિકને કહ્યું કે 'નરસિંહ તો ધૂર્ત છે, મેલી વિદ્યાનો જાણકાર છે. માટે તેને તો હદપાર કરવો જોઇએ.' પણ રાહ ન્યાયી હતો. તેણે બન્ને વચ્ચે શાસ્ત્રાર્થ ગોઠવ્યો. સંન્યાસીઓ 'એકોહં દ્વીતિયો નાસ્તિ' અને 'બ્રહ્મ સત્યં જગન્ મિથ્યા'ના સિદ્ધાંતો ઉપર વાદ કરવા મંડયા. નરસિંહ મહેતાએ તો "તેજ તું તત્ત્વ તું ભૂમિ તું ભુધરા"નું સૂત્ર પ્રતિપાદિત કર્યું. શાસ્ત્રાર્થ ચાલતો હતો ત્યારે બહાર બન્ને પક્ષના માણસો મારામારી ઉપર આવી ગયા. તેથી રાહે આ વિવાદ બંધ કરી નરસિંહ મહેતાને તેઓ જે ચમત્કારો[1] કરે છે તે નજરે બતાવવા માગણી કરી. "જો દામોદરરાય નરસિંહ મહેતાને હાથોહાથ હાર આપે તો જ તે સાચા છે અને જો ન આપે તો તેનો પ્રાણ આપે" એમ કહી નરસિંહ મહેતાને એકાન્ત કેદમાં પૂર્યા અને ફરતી ચોકી મૂકી. તે જ પ્રમાણે દામોદરરાયજીના મંદિરનાં બારણાં ઉપર તાળાં દઇ તેના ઉપર પણ ચોકીપહેરા મૂકયા.

નરસિંહ મહેતાએ કીર્તન શરૂ કર્યાં. રાત વીતતી જતી હતી, ભજન ચાલુ હતાં, છતાં હાર આવતો ન હતો.[2] મહેતાને ઉંઘ આવવા લાગી. તેથી ગાયું કે,

---

૧. નરસિંહ મહેતાના ચમત્કારોની વાતો એટલી બધી પ્રચલિત છે કે, તે આ ગ્રંથમાં લેવાનું આવશ્યક જણાતું નથી.

૨. કેદારા વગર કનૈયો દર્શન દેતો નહિ અને કેદારો ઉનામાં મહેતાજીએ ગીરો મૂકયો હતો. તે ન છોડાવે ત્યાં સુધી ગવાય નહીં. તેથી શ્રીકૃષ્ણે વેપારીને ત્યાં જઇ કેદારો છોડાવી તેનું બત મહેતાજીના ખોળામાં નાખ્યું. પછી મહેતાજીએ કેદારો ગાયો.

'બાપજી કવણ મેં પાપ કીધાં હશે, નામ લેતાં તારું નિદ્રા આવે.
તારી કરુણા વિના કૃષ્ણ કેડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસૈયા રંકને ગંખના તાહરી, તોડ ઓડી હવે ફેડ ભાવે.'

નરસિંહ મહેતાના ખોળામાં એકાએક ઉનામાં ખત કરી કેદારો ગીરો મૂકેલો તે કાગળ પડયો અને મહેતાજીએ જાણ્યું કે ભગવાને કેદારો છોડાવી સૂચના કરી. તેથી તેમણે કેદારો ગાયો. દામોદરરાયજીના મંદિરનાં તાળાં તૂટ્યાં, પ્રકાશ વ્યાપ્યો અને શ્રીના સ્વરૂપના કંઠમાંથી હાર આપોઆપ નીકળી, નરસિંહ મહેતાના કંઠમાં આરોપાયો. માંડલિકે નરસિંહના ચરણ ઝાલી આંસુથી પખાળ્યા, તેમની ક્ષમા માગી. પણ વીતરાગી, વેદાંતી ભકતકવિ તો ભજનમાં લીન હતા. સ્વામી રામદાસ ક્રોધિત થઇ રાહને શાપ આપવા લાગ્યા, ત્યારે નરસિંહ મહેતાએ વાગતી કરતાલના તાલે કહ્યું,

'મહેતાજી કહે એમ ન કીજે, ક્રોધ રામાનંદ મુન્યજી;
હાથે દામોદર હાર આપ્યો, તે રાહ માંડલિકનું પુન્યજી.'

નરસિંહ મહેતાનું માંડલિકે પૂજન કર્યું અને અનેક ભેટો આપી. મહેતાએ તે સ્વીકારી નહીં, ત્યારે ગામગિરાસ દેવા માંડયા; પણ તેમણે તે સ્વીકાર્યા નહીં અને કરતાલ વગાડતા નરસિંહ મહેતા માંડલિકને ક્ષમા આપી ઘેર આવ્યા.

નાગબાઇ : વંથલી પાસે આવેલા દાતરાણા ગામમાં હરજોગદાન દામા નામનો ચારણ હતો. તેને ત્યાં સંતાન ન હતું. હીરાગર નામના એક પવિત્ર સાધુની આશિષથી નાગબાઇનો જન્મ થયો. તેનું નામ ગંગાબાઇ પણ હતું. તેનાં લગ્ન વીસાવદર પાસેના મોણિયા ગામે રાવસુર ભાસુર નામના ચારણ સાથે થયાં હતાં. તેનો પુત્ર નાગાજણ હતો. તે રાહના દરબારમાં રહેતો તથા કવિ હતો. રાહનો તે અનન્ય મિત્ર પણ હતો. તેની પત્નીનું નામ મીનબાઇ હતું. તેનાં રૂપ અને ગુણનાં વખાણ માંડલિકે સાંભળ્યાં. 'અપ્સરાને લજ્જિત કરે એવું રૂપ, ગાંધર્વ અને કિન્નરોને શરમાવે એવો કંઠ અને મહામુનિઓને ચલિત કરે તેવી કાયા' જોવા તે તત્પર થયો. તેણે શિકારને બહાને મોણિયા તરફ સ્વારી કરી અને નાગાજણને કંઈ બહાને દૂર મોકલી દીધો.

ઓચિંતો રાહ પોતાને ઘેર આવ્યો જાણી નાગબાઇના હર્ષનો પાર રહ્યો નહીં. ચારણોની રીત પ્રમાણે ઘેર આવેલા રાજાનું સ્વાગત કરવા તેણે આંગણે ઓળેઠ ઢાળી રાહને બેસાડયો. અને નાગાજણની પત્ની મીનબાઇ કંકુ અને અક્ષત લઇ રાહના કપાળમાં ચાંદલો કરવા જાય છે, ત્યાં સાહે મીનબાઇ ઉપર તેની કામી દૃષ્ટિ સ્થિર

કરી અને તે ફરી ગયેા. મીનબાઇને થયું દિશાનેા વાંધેા હશે, તેથી રાજા યેાગ્ય દિશાએ ફર્યેા છે; તેથી તે પણ ફરી, પણ રાહે ત્રીજી દિશાએ મુખ ફેરવ્યું ત્યારે મીનબાઇએ તેની સાસુને કહ્યું કે "ફેાઈ, રાહ ફરતેા સે." ચતુર ચારણ્ય આઇ નાગબાઇ માંડલિકનેા વિચાર કળી ગયાં. તેણે ઉત્તર આપ્યેા—"રાહ નસે ફરતેા, રાહનેા દિવસ ફરતેા સે". મીનબાઈ ઘરમાં જવા માંડી. આઇનાં રક્ત નેત્રેાથી રાહ સમજ્યેા નહિ અને તેણે મીનબાઇની નિર્લજ્જ મશ્કરી કરી. તેથી નાગબાઇ કેાપ્યાં તેણે કહ્યું.

ચાંપે જે ચારણ્ય ભણે[૧] તું વાર્યું ન માને વીર
હીણી[૨] નજરૂં હમીર[૩] માવિત્રાની[૪] ન્હેાય માંડલિક.

'ચુડારા'[૫] ચારણ તણું, વચન ન માને વીર,
નેવાં તણાં નીર, મેાભે ચડે ન માંડલિક.'

(હે ચુડાસમા ! ચારણ સ્ત્રીનું વચન માનતેા નથી, પણ યાદ કર કે નેવાંનાં નીર મેાભે ચડતાં નથી.)

'તેાળી[૬] તપસાયે આગી થઇ, ફીરીયા ઘટસે કેાટ,
ઇ ખુટામણની ખેાટ, તું વીસારેશ માંડલિક.'

પણ રાહ માંડલિક આગળ વધ્યેા, તેણે અઘટિત વર્તન કર્યું અને આઇ નાગબાઇના ક્રેાધનેા પાર રહ્યેા નહિ. તેણે શાપનાં વચનેા વહેતાં કર્યાં:—

પિસે[૭] જૂનાની પેાળ, દ્વામેાકુંડ દેખીશ નહિ,
રતન પડશે રેાળ, તેદી' મું[૮] સંભારીશ માંડલિક !

પેાથીને પુરાણ, ભાગવતે ભીળશેા નહિ,
કલમેા પઢીશ કુરાન, તે દી' મું સંભારીશ માંડલિક !

---

૧. ભણે–કહે ૨. હીણી–હલકી
૩. હમીર–રાજા ૪. માવિત્ર–માવતર, રાજા.
૫. ચુડારા = ચુડાસમા અથવા ચુડેા પહેરનાર ચારણ.
૬. તેાળી = તારી. ૭ પીસે = ભાંગશે. ૮. મું = મને.

આ દુહાઓ જુદા જુદા પાદફેરથી બેાલાય છે. જેને જેમ ફાવે તેમ જોડી કે ફેરફાર કરી બેાલે છે. તેમાંથી જૂનામાં જૂના દુહા તારવીને અહીં લીધા છે. આ દુહા જ આઇ નાગબાઇ બેાલ્યાં હતાં કે બીજા તે ઇશ્વર જાણે! પણ આવું પાપી કૃત્ય રાહે કર્યું હેાય તેા તે પેાતાની દૃષ્ટિ સમક્ષ આઇ નાગબાઇ કેમ જોઇ શકે ? તેના ઉત્તરમાં શાપ જ હેાય; અને તે શાપનાં જ વચનેા આ દુહાઓમાં છે.

નહીં વાગે નિશાન, નકીબ હુકળશે નહિ,
ઉમટશે અસરાણુ, તે દી' મું સંભારીશ માંડલિક !

નો'ય ઘોડાનાં ઘર, પાલખી ય પામીશ નહિ,
ગિરનારો ગરમોલ, ત દી' મું સંભારીશ માંડલિક !

જાશે રાહની રીત, રાહપણું રહેશે નહિ,
ભમતો માગીશ ભીખ, તે દી' મું સંભારીશ માંડલિક !

ભૂલ્યો રાજા ભીંત, નાગલ વાર્યો ના વળ્યો,
મેડી ત્યાં મસીદ, તે દી' મું સંભારીશ માંડલિક !

રાહ હવે ચેત્યો, કાલિકા સ્વરૂપ જોગમાયાના મુખમાંથી વરસતા શાપના શબ્દોનો મારો તે ઝીલી ન શકયો તેથી તે પગે પડી ગયો, "આઇ ! આઇ !" કહી તેનાં ચરણો આંસુથી પલાળી રહ્યો, પણ આઇનો ક્રોધ પ્રબળ હતો. તેણે કહ્યું :

'પોતાના પરિયા તણી લાજા લોપે મા
માન્યો નહિ મુદ્દલ રા' મત ફીં ફરી તું માંડલિક.'

આઇએ કહ્યું, 'રાહ તેં નરસિંહને સંતાપ્યો; તે તો પાલક–શક્તિ વિષ્ણુનો ભકત હતો, તેણે દુઃખનો બદલો આશિષથી દીધો; પણ હું તો લોહીની ગળતી કાળ-જીભ્ભા કાલિકાની ઉપાસક છું. મારી પાસે શાપ છે, અને મારો શાપ મિથ્યા નહિ થાય.'

ગંગાજળ ગઢેશા, પંડ તારું હુતું પવિત્ર,
વિંજાને રકત ગયાં, પણ મને તો વાળા માંડલિક.

રાહે આઇનાં ચરણો ઝાલ્યાં, તેના ગુનાની આકરી સજા માફ કરવા યાચના કરી. આઇના શબ્દો મિથ્યા થાય નહિ, પણ આઇ મા હતાં. તેણે કહ્યું કે, 'તેં કામાંધ થઇ, જેને ક્ષત્રિયો જનેતા તુલ્ય ગણે છે તેવી ચારણ સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરી છે અને મિત્રપત્નીનું શિયળ ઇચ્છયું છે; તો રાહ, તું પાવૈ થઇ પાવૈયાના પેડામાં ફરતો ફરતો મૃત્યુ પામીશ.'

"(તારે) કાને અંકોટા હસબશે, અંગે કાપડું સોય.
પાવૈના પેડામાંય, તને નર નચવશે માંડલિક"

તે ઉપરથી સૌરાષ્ટ્રના ઇતિહાસને કંઠસ્થ રાખનારા ચારણ કવિઓ માને છે કે જેવો ગુનો તેવી સજા નાગબાઇએ આપેલી અને તેથી રાહ માંડલિક કાને અકોટા અને કાપડું પહેરી પાવૈ થઈ શેષ જીવન પશ્ચત્તાપમાં વ્યતીત કરી ગુજરી ગયો.

તેનું વિશેષ પ્રમાણ પણ પ્રાપ્ત થયું છે. કહાન નામના કોઇ કવિએ એક કાવ્ય લખ્યું છે. તેમાં લખે છે કે,

'પેડે મેં પ્રાણ ગયેા, મંડલિક મહારાજકુકેા,
ભૂપત ભૂપાલ મીટે, દાસ કહલાયેા હૈ.'

આ કાવ્યમાં માંડલિકના પતન પછીનેા સંક્ષિપ્ત ઇતિહાસ છે; પણ તેમાં 'માંડલિક મહારાજનેા પેડામાં પ્રાણ ગયેા' તેમ લખે છે.

આ વિષયમાં "યદુવંશપ્રકાશ"માં તેના વિદ્વાન કર્તા શ્રી.માવદાનજી સારેા પ્રકાશ પાડી, અંતમાં સત્ય કહે છે કે 'પ્રભુ જાણે! ચારસેા વર્ષો પૂર્વની વાત જે બની હેાય તે ખરી.'

ગંગાજળિયેા પવિત્ર રાહુ ઘેાડે ચડી ચાલી નીકળ્યેા.

નાગાજણને આ ખબર પડી ત્યારે તે મહમુદ બેગડાને ઉશ્કેરી ચડાઇ લઇ આવ્યેા. દીવાન રણછેાડજી કહે છે કે આ વખતે જમિયલશા દાતાર ત્યાં હાજર હતા.

**વિમલ વાણિયેા** : રાહનેા એક મંત્રી વિમલશાહ હતેા. તેની સ્ત્રીનું નામ મનમેાહિની હતું. તેના ઉપર રાહે કુદૃષ્ટિ કરતાં વિમલશાહ મહમુદનું સૈન્ય લાવ્યેા અને તેણે તેના ભાઇ વિશળને રાહને દગેા કરવા ઉશ્કેર્યો. વિશળે નિમકહરામી કરી કેાઠાર ખાલી કરી નાખ્યેા. પરિણામે રાહનેા પરાજય થયેા; તેવી વાત પણ પ્રચલિત છે.

આ બધી દંતકથાઓ છે; પણ તે પરાપૂર્વથી ઊતરી આવેલી છે. પડતી સત્તાની અવળી વાતેા થાય તે સંભવિત છે. તેના જ આશ્રિત ચારણેા મહમદ બેગડાની કચેરીમાં ગીતેા ગાવા પહેાંચી ગયા હતા અને આ દંતકથાઓ દાયરામાં રસ જમાવવા કરેલી વાર્તાઓ જેવી છે.

પતાઇ રાવળ જેવા મર્દ અને પવિત્ર પુરુષને ભદ્રકાળીનેા હાથ ઝાલનારેા કહી મહમુદ બેગડા જેવાને નીતિમાન અને ચારિત્રમાન કહેનાર હિન્દુ કવિઓએ જાણ્યે અજાણ્યે અમર બલિદાનેા દેનારા વીર પુરુષોને ઇતિહાસમાં ભારે અન્યાય કર્યો છે. તેમ છતાં આ વાતેાનેા અસ્વીકાર કરવેા તે તેને સ્વીકારવા કરતાં વધારે જોખમકારક છે. તેથી તેના સત્યાસત્યનેા વિચાર કરવાનું વાચકેા ઉપર મૂકી દેવાનું હિતાવહ છે.

**રાહુ માંડલિક યુદ્ધમાં** : રાહ માંડલિકે જ્યારે મહમુદ સામે અંતિમ યુદ્ધ ખેલ્યું તે પહેલાં તેણે મહમદને મળી સંધિ કરવા વિશળની સલાહ ઉપરથી વિચાર્યું.

તેણે મહમુદને સંદેશો મોકલ્યો કે, 'મારે આપને મળવું છે.' મહમુદે જવાબ દીધો કે "હથિયાર મૂકીને સૈન્ય કે અંગરક્ષક વગર આવવું હોય તો આવો." મહમુદને એમ હતું કે રાહ આવી રીતે નહિ આવે. પણ માંડલિક તે પ્રમાણે એક પણ અંગરક્ષક લીધા વગર મહમુદના તંબૂમાં ગયો. રાહે મહમુદને પૂછયું કે 'મારો શું અપરાધ છે કે તમે વારંવાર ચડી આવો છો?' ત્યારે સુલતાને જવાબ આપ્યો કે "કાફરથી બીજી કઈ મોટી કસૂર છે? તમે ઇસ્લામ અંગીકાર કરો તેવી મારી ઇચ્છા છે." ત્યારે રાહે ક્રોધિત થઈ કહ્યું કે "તમે ધર્મભ્રષ્ટ રજપૂત માત્ર પેટ ખાતર તમારી બહેનદીકરીઓ મુસ્લિમોને પરણાવી આ સ્થાને પહોંચ્યા છો. હું શુદ્ધ યદુવંશી ક્ષત્રિય છું. પ્રાણાંતે તો શું પણ સર્વસ્વનો નાશ થાય તો પણ હું ઇસ્લામ સ્વીકારીશ નહીં." આ સાંભળી મહમુદના રોષનો પાર રહ્યો નહીં. તેણે હજુરિયાઓને આજ્ઞા કરી કે 'આને પકડી લ્યો.' ત્યારે રાહે કહ્યું કે "હું તો જાણીને જ આવ્યો છું કે તમે દગો કરશો. તમે જોતા નથી કે મારા પોષાક ઉપર કેસરના છાંટા છે! મેં મારું શ્રાદ્ધ પણ કરી લીધું છે. આવો, જેને જીવનની દરકાર ન હોય તે સામા આવો.' મહમુદે ગમે તે કારણે માંડલિકનું રુદ્ર રૂપ જોઈ તેને જવા દીધો અને કહ્યું કે 'હું તમને વિચાર કરવા તક આપું છું.' માંડલિકને વિચાર કરવાનો હતો નહીં. તેણે બીજે દિવસે ભીષણ સંગ્રામ ખેલ્યો અને મહમુદને પડકારી કહ્યું 'નિર્દોષ સૈનિકોની શા માટે કતલ કરાવો છો, આવો, આપણે દ્વન્દ્વ ખેલી લઈએ.' મહમુદ યુદ્ધમાં હતો નહીં. તેણે આ સાંભળ્યું ત્યારે આજ્ઞા આપી કે 'તેને જીવતો પકડવો. મને મહેણું મારનાર આ અભિમાની રાજાના મુખમાં થૂંકી, તેને મુસ્લિમ બનાવી, હું જગતને દેખાડીશ કે આ અહંકારી રાજાએ ઇસ્લામ સ્વીકાર્યો છે.'

<u>આખરે</u> : પણ માંડલિક પકડાય તેમ હતો નહીં. તેણે ઘાસ વાઢે તેમ મુસ્લિમ ફોજ કાપવા માંડી. તેનું શૌર્ય જોઇ અન્ય રજપૂતો પણ જોરમાં આવ્યા. આખરે એક સૈનિકે માંડલિકની પીઠ ઉપર ઘા કર્યો અને માંડલિક પડયો. પણ સુલતાનને રાજી રાખવા તથા તેનું વચન રાખવા એક સાધારણ સૈનિકને પકડી અમદાવાદ લઇ ગયા અને ત્યાં તેને મુસ્લિમ બનાવી ખાનજહાનનો ઇલ્કાબ આપ્યો.

આ લોકસાહિત્યમાં પ્રચલિત વાત છે. મુસ્લિમ ઇતિહાસકારોના કથનમાં મહમુદ માટે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે. ત્યાં સત્ય હકીકતની આશા કેવી રીતે રાખી શકાય?

<u>ચુડાસમા વંશ</u> : આ સ્થળે ચુડાસમા વંશના ઇતિહાસમાં ભાટચારણોએ યથેચ્છ ફેરફારો કર્યા છે. જૈન ઇતિહાસગ્રંથો તથા મુસ્લિમ તવારીખનવેશોએ તેમની ઇચ્છા પ્રમાણે લખ્યું છે અને સોરઠી તવારીખના કર્તા દીવાન શ્રીરણછોડજીએ પણ

તે સાંભળેલી હકીકતો ઉપરથી અને તે સમયે જે સાધનો ઉપલબ્ધ હતાં તેના આધારે એક નવો જ ઇતિહાસ આપેલ છે. તેનાં કેટલાંક ઉદાહરણો નીચે પ્રમાણે છે.

જૈન ગ્રંથોએ ગ્રહરિપુને રાક્ષસ બનાવી દીધો, કારણ કે સિદ્ધરાજ અને કુમારપાળના પૂર્વજ મૂળરાજે તેના સામે કારણ વગર ચડાઈ કરી હતી અને તે વાજબી ઠરાવવા આટલે હદ સુધી જૈન લેખકોને જવું પડયું.

ભાટચારણોએ જેટલા હિન્દુ રાજાઓ આવ્યા તે સિદ્ધરાજ, જેટલા મુસલ્માનો આવ્યા તે મહમુદ બેગડા, સોમનાથ ઉપર મહમદ ગીઝની, મહમદ તઘલગ, મહમુદ બેગડો વગેરે આવ્યા. મોખડાજી ગોહિલને મહમદ ગીઝનીએ માર્યો અને વેગડો ભીલ મહમદ ગીઝની સાથે લડતાં મરાયો. ભાણ જેઠવાના દરબારનો ચારણ રતનરાય સિદ્ધરાજના દરબારમાં ગયો વગેરે કાળના ભાન વગર કર્ણોપકર્ણ ચાલી આવેલી વાતો ઘણાં જ વર્ષો સુધી કરી તે તે ઇતિહાસમાં ઘટાવી દીધી છે અને ઘણા વિદ્વાન લોકો તેને માન્ય રાખી રહ્યા છે.

દીવાન શ્રીરણછોડજી 'તારીખે સોરઠ'માં લખે છે તે પ્રમાણે ચુડાસમા શ્રીસદાશિવના વંશજ હતા, તેમનો મૂળપુરુષ રાહ નવઘણ થયો. તે પછી નવ નવઘણ, દસ જખરા અને અગિયાર આલનસિંહ થયા.

રાહ દયાસના સમયમાં સિદ્ધરાજનું રાજકુટુંબ ગિરનારની યાત્રાએ આવ્યું. રાહે કર માગ્યો અને કર ન આપે તો બદલામાં સિદ્ધરાજની પુત્રીની માગણી કરી. ત્યારે તેઓ પાસે સામનો કરવા પૂરતા માણસો ન હતા. તેથી 'પાટણ જઈ ઠાઠમાઠથી પછી પરણાવવા આવશું' તેમ કહી તેઓ ચાલ્યા ગયા. અને જ્યારે સિદ્ધરાજે આ વાત સાંભળી ત્યારે પાંચસો ગાડાંમાં જાનડીઓના વેશમાં સિપાઈઓને બેસાડી સુસજ્જ સૈન્ય મોકલ્યું. આ કન્યાપક્ષના માણસો તથા રથો શહેરમાં દાખલ થતા હતા ત્યારે અંધ દરવાનીએ કહ્યું કે 'આ રથોમાં સુકુમાર સ્ત્રીઓ નહીં પણ ભારે પુરુષોનો ભાર છે.' તેથી તેઓ ગાડામાંથી કૂદી પડયા અને યુદ્ધ કર્યું. તેમાં દયાસ મરાઈ ગયો. તેનો પુત્ર નવઘણ હતો. તેને દાસી દેવાયતને ત્યાં મૂકી આવી. હાકેમને તેની ખબર પડતાં તે ત્યાં ગયો અને દેવાયતની નજર સામે તેના સાત દીકરાને માર્યા. પણ નવઘણ બચી ગયો. દેવાયતે જાસલના લગ્નને બહાને સૂબાને તથા તેના માણસોને જમવા નોતરી મારી નાખ્યા.

જાસલની વાત જેમની તેમ લખે છે, હમીરને શાહ કહે છે અને સંદેશો લાવનાર જાસલનો પતિ નહીં પણ જાસૂસ કહે છે. નવઘણના સૈન્યમાં સુમરા પક્ષે સમા અને સુમરા હતા, કાબુલીઓ અને કાશ્મીરીઓ હતા અને સેનાગ્રે મીર બહેરામ, ઇબ્રાહીમ કુલીખાન અને જંગીઝખાન હતા. મધ્યમાં મીરજા કુલી, અલી

હૈદર અને શાદાખાન ગજનવી હતા. નવઘણ પક્ષે મહારાજા શકતસિંહ, જગતસિંહ અને જદુનાથ જેઠવા હતા. તે સૈન્યમાં સંખ્યાબંધ કાઠીઓ હતા, જેવા કે હરસુર બાચર, દેવસુર વાળા, નાગદાન ખુમાણ, રાવ નનુસર, બહરૂલ્લા, હીરા કચ્છાન, સેનાગ્રે પાંડુરંગ, આપા ગણપતરાવ, નિંબાલકર અને ભુજંગરાવ ભોંસલે ઘાટીઓના ટોળા સાથે હતા. બન્ને બાજુએથી તોપોનો ઉગ્ર મારો ચાલ્યો અને ફિરંગી રીત મુજબ બંદૂકોનો મારો થવા માંડયો વગેરે.

નવઘણના પુત્ર રા'ખેંગારે પાટણ ઉપર ચડાઇ કરી કિલ્લો તોડી તેના પથ્થરોથી કાલવા દરવાજો[૨] બાંધ્યો હોવાનું કહે છે. તથા રાણુકદેવીને સિદ્ધરાજની દીકરી કહી છે. જ્યોતિષીઓએ કહ્યું કે 'તેનું લગ્ન પિતા સાથે થશે.' તેથી તેને ઉઘાડી જગ્યામાં નાખી દીધી. ત્યાંથી કુંભાર તેને લઈ ચાલ્યો, તેને ખેંગારને પરણાવી અને રાણુકને કહ્યું કે 'તું સિદ્ધરાજની પુત્રી છો.' આ પ્રસંગ ઇ.સ. ૮૯૫ (વિ. સં. ૯૫૩)માં બન્યો હોવાનું લખે છે.

તે પછી ખેંગારનું રાજ્ય ચાલ્યું હોવાનું જણાવી તેનો પુત્ર મૂળરાજ વિ. સં. ૯૫૨માં ગાદીએ આવ્યો અને તેનો પુત્ર જખરો થયો. તેનો પુત્ર ગણરાજ બતાવ્યો છે, વગેરે.

**મહમદ ગીઝની** : મહમદ ઇ. સ. ૧૨૧ (વિ. સં. ૧૦૭૮)માં આવ્યો. તેની સામે ગુજરાતના રાજા ભીમદેવ સાથે રહી રાહ માંડલિક લડયો. તેમાં મહમદ હારીને ભાગી ગયો, પણ સોમનાથ લૂંટયું. પાછળ રહેલા લશ્કરમાંથી સ્ત્રીપુરુષો હાથમાં પડયાં તેમાં તુર્ક, અફઘાન અને મોંગલ કુમારિકાઓને સ્ત્રીઓ બનાવી. બીજી સ્ત્રીઓને જુલ્લાબ અને ઊલટીઓ કરાવી શુદ્ધ કરી અને પછી કુરાનના છવીસમા ફરમાન પ્રમાણે દુષ્ટ સ્ત્રીઓ દુષ્ટ માણસોને તથા સારી સ્ત્રીઓ સારા માણસોને પરણાવી. હલકી પંક્તિની સ્ત્રીઓનાં લગ્ન હલકા પુરુષો સાથે કર્યાં. આબરૂદાર માણસોને દાઢી મૂંડાવવા ફરજ પાડી. તેઓને શેખાવત તથા વાઢેર નામની રજપૂતોની જાત સાથે ભેળવી દીધાં અને નીચ જાતને કોળી, ખાંટ, બાબરિયા તથા મેર વચ્ચે વહેંચી દીધા; પણ તેઓને શાદી માટે ગમે તે રિવાજો પાળવા છૂટ આપી.

આ વાતની ચર્ચા કરવી જ અસ્થાને છે. ઇતિહાસનાં પ્રમાણો સાથેનું વર્ણન આગળ આવી ગયું છે.

---

૧. આ વર્ણન મરાઠા યુગના યુદ્ધનું જણાય છે. આવા વિદ્વાન ગ્રંથકાર આવી ગંભીર ભૂલ ન કરે. મેન્યુસ્ક્રીપ્ટમાં પાનાંઓની સેળભેળ થઇ ગઇ હોવાનું જણાય છે.

૨. આ વખતે જૂનાગઢનો કિલ્લો જ ન હતો.

તે પછી દીવાનજી માંડલિકના પુત્ર હમીરને ગાદીએ બેસાડે છે. તેની વંશાવળી નીચે મુજબ આપે છે:–

| | | | |
|---|---|---|---|
| માંડલિક | | ખેંગાર | સં. ૧૨૨૪ |
| હમીરજી | સં. ૧૦૯૫ | માંડલિક | સં. ૧૨૭૦ |
| વિજયપાળ | ? | મહીપાળ | સં. ૧૩૦૨ |
| નવઘણ | સં. ૧૧૬૨ | ખેંગાર | સં. ૧૩૩૬ |
| માંડલિક | સં. ૧૧૮૪ | (તેણે અઢાર બેટ જીત્યા. દીવ, શંખોદ્ધાર વ. | |
| અલનસિંહ | સં. ૧૧૯૫ | તેણે સોમનાથ ફરી ચણાવ્યું. શમ્સખાને જૂનાગઢ જીત્યું.) | |
| ધનેશ | સં. ૧૨૦૯ | જયસિંહ | સં. ૧૩૯૦ |
| નવઘણપુત્ર નવઘણ | સં. ૧૨૧૪ | મુગટસિંહ ઉર્ફે મોકળસિંહ | સં. ૧૪૦૨ |
| ખેંગાર | સં. ૧૨૨૪ | મધુપત | સં. ૧૪૧૨ |

| | |
|---|---|
| મેળક | માંડલિક સં. ૧૪૨૧ |
| જયસિંહ | સં. ૧૪૬૮ |
| ખેંગાર | સં. ૧૪૮૬ |
| માંડલિક | સં. ૧૪૮૯ |

માંડલિકનો મંત્રી અને સેનાપતિ હીરાસિંહ નાગર હતો અને મહમદના થાણુદાર સૈયદ કાસમ અને સૈયદ અબુલમેર હતા. તેઓએ પોતાના ધર્મની વૃદ્ધિ કરવા સિંધ, બલુચ, બોખર, મલેક, મુલ્તાની, બુરેસી, અફઘાનો તથા ગોરીઓને વસાવ્યા, પણ વચન લીધું કે તેઓએ દાઢી બોડાવવી તથા ગોવધ ન કરવો. મસ્જીદમાં જળાધારી રાખવી અને શિવલિંગની મૂર્તિઓ અથવા કોતરેલી મૂર્તિઓ રાખવી.

તે પછી મહમદે તથા તેના અમીર અથવા ઉલ–મુલ્કે સં. ૧૫૨૦માં મુલક લૂંટ્યો. માંડલિક હાર્યો અને સંવત ૧૫૨૭ (ઇ. સ. ૧૪૭૦)માં મુસ્લિમ ધર્મ સ્વીકારી અમદાવાદમાં રહ્યો.

'સોરઠી તવારીખ'ના વિદ્વાન કર્તાએ આ બધી હકીકત લખી છે. તેના ઉપર પાછી જેમ્સ બર્જેસે નોંધ લખી છે અને વિશેષ શંકાઓ ઉત્પન્ન કરી છે. દીવાનશ્રીના સમયમાં જે હકીકતં પ્રાપ્ત થઇ તે સેળભેળવાળી અને ચારણોની કથાઓ અને ઉપલબ્ધ શિલાલેખો વગેરે ઉપરથી તેમણે લખી હશે. પણ તે પછી સંશોધન થયું અને કડીબદ્ધ ઇતિહાસ જાણવામાં આવ્યો. એટલે તમામ હકીકતનો સમન્વય કરી લખવામાં આવેલી હકીકત ઐતિહાસિક પ્રમાણવાળી અને સ્વીકાર્ય છે.

**પોરબંદરના જેઠવા :** આ ગ્રંથમાં આગળ કહેવામાં આવ્યું છે તેમ પોરબંદરના જેઠવાઓનો ઇતિહાસ પણ અંધારામાં છે. ભાટોની ઉક્તિ પ્રમાણે તેમાં ૭ ધ્વજ, ૪૬ કુમાર, ૧૭ રાજ, ૨૭ મહારાજ, ૮૩ જી, ૩ સિંહ (વર્તમાન મહારાણા નટવરસિંહજી સુધી) એમ ૧૮૩ પેઢીઓનું રાજ્ય હતું. તેઓ આ દેશમાં કયારથી આવ્યા તે નિશ્ચિત થતું નથી. હનુમાનજીથી આ વંશ ચાલ્યો આવે છે; પણ ઇતિહાસકારો, જેઠવાઓ સૌરાષ્ટ્રમાં ઇ. સ. ૯૦૦થી ૧૦૦૦ના અરસામાં આવ્યા હોવાનું માને છે. તેઓની પહેલી રાજધાની મોરબીમાં હતી. ત્યાંથી કાંઠે કાંઠે જીત મેળવતા તેઓ શ્રીનગર સુધી આવ્યા. શ્રીનગર પોરબંદર પાસે આવેલું એક નાનું ગામ હજી પણ છે. તે જેઠવા ભાયાતોનું ગિરાસદારી ગામ છે. તેઓએ બેટ અને દ્વારકા પણ જીત્યાં હતાં અને વર્તમાન જામનગર પાસે નાગણું ગામ છે, ત્યાં પીરોટન અને આજાદ બેટમાં પણ તેઓ વસ્યા હતા. પછી તેમણે ખંભાલિયામાં રાજ્ય સ્થાપ્યું; ત્યાંથી ઘુમલી વસાવ્યું અને પ્રેહપાટણ(ઢાંક)માં પણ અધિકાર સ્થાપ્યો. ઘુમલી પડતાં તેઓ રાણપુર ગયા, અને ત્યાંથી છાંયામાં ઈ. સ. ૧૫૭૪ પછી રાજ્યગાદી ફેરવી. પોરબંદર તો છેક ઇ. સ. ૧૭૮૫માં જેઠવાની રાજધાની થયું.

આ જેઠવાઓનો ઇતિહાસ ઈ. સ. ૧૧૨૦ પછી કડીબદ્ધ મળે છે. પણ તે પહેલાંનો ઇતિહાસ માત્ર ચારણોની જીભે ચડેલા બનાવોથી જાણવાનો રહે છે. તેમાં જેઓના નામે નોંધપાત્ર હકીકત જાણવામાં આવી છે તે આ રહી.

**ઇ. સ. ૧૧૦૦ પહેલાંનો અનિશ્ચિત ઇતિહાસ :** જેઠવા રાજા સીલકુમારે ઘુમલી વસાવ્યું તથા આભપરા ડુંગર ઉપર કાળોભા, કુછેલું અને હોજન તળાવ બાંધ્યાં. તેના કુમાર ગોપકુમારે ગોપ વસાવી ડુંગર ઉપર ગોપનાથની સ્થાપના કરી. કૂલકુમારે શ્રીનગરમાં સૂર્યદેવળ બાંધ્યું અને તેના ભીમકુમારે ભીમકોટ બાંધ્યો[1] તે વંશમાં

૧. આ ભીમકોટ ઘણાં વર્ષો પછી આદીતજીના ભાઇ ખીમજી બહારવટે હતા તેણે બાંધ્યો.

થયેલા મેપકુમારનો કુંવર ઓતરો બરડામાં ભૂતનાથના દર્શને ગયેલો. ત્યાં વીજળી પડતાં ૧૨૦૦ સૈનિકો સાથે તે મરણ પામ્યો. તેથી તે ડુંગર 'વીજફાડ ડુંગર' કહેવાય છે. આગળ ચાલતાં જેઠાજી થયા. તેના વંશને જેઠવા કહેવાયા.[૧] તેના વંશમાં ગોવિંદજી થયા. તેના ભાઈ નાઓજી તથા ધાકોજીએ મોરબીમાં થાણાં નાખેલાં તથા ત્યાં વાંકાનેર પાસે જડેશ્વર મહાદેવની સ્થાપના કરી.[૨] ધાકોજીએ ટંકામાં ધાકોવાવ બંધાવી. ચાંપસેનજી તેના પછી કેટલીએક પેઢીએ થયા. તે અજમેરના ચૌહાણ કનકસેનની કુંવરી હંસાકુમારીના સ્વયંવરમાં ગયા હતા અને તેને વરી આવ્યા હતા.[૩] કેટલાંક વર્ષે સંગજી થયા. તેના સમયમાં વાઘેલા મોરબી ઉપર ચડી આવ્યા. હરસિદ્ધ માતાએ સ્વપ્નમાં ખબર દેતાં તેનો નાનો ભાઈ મકન જેઠવો સામો ચડયો. મકનસર ગામે ચડાઇ થઇ.[૪] વાઘેલા હાર્યા, પણ કુંવર કાનજીને પકડતા ગયા. પાછળથી શિરોહીના અખેરાજજી, કનકસેન ચાવડા તથા હમીર જાદવની દરમ્યાનગીરીથી તે છૂટયા અને સાંગણજીએ તેની કુંવરી વાઘેલાને પરણાવી અને વાઘેલાએ જેઠવાને રાણા કહી સંબોધ્યા. ત્યારથી રાણા થયા.[૫] આ યુદ્ધ થયું તે ડુંગર જેઠવો ડુંગર કહેવાય છે.

હલામણ જેઠવો : તે પછી સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં અમર થયેલા હલામણનો કાકો શિયોજી જેઠવા વંશમાં થયા.[૬] તેના સમયમાં બાલંભાના રાજસિંહ પરમારની સોન નામે કુંવરી હતી. તેણે એવું કહ્યું કે 'જે મારી સમસ્યા પૂરી કરે તેને જ હું પરણું.' સમસ્યા લઇ પુરોહિત શિયાજીના દરબારમાં આવ્યો. તેણે તેના ભત્રીજા હલામણને દુહા મોકલ્યા, જે તેણે પૂરા કરી દીધા; પણ શિયાજીએ તે પૂરા કર્યા છે તેમ કહેતાં સોન તેને પરણવા તૈયાર થઇ. જાન બાલંભા[૭] ગઇ ત્યારે બન્ને પક્ષની દાસીઓ પાણીઘાટ ઉપર મળતાં વાત ફૂટી[૮] અને સોને શિયાજીની પરીક્ષા કરવા અર્ધો દુહો લખી મોકલ્યો. શિયાજીએ હલામણને ખોટું આળ ચઢાવી દેશપાર કરેલો. આથી

---

૧. તે પહેલાં આ રાજકુળનું શું નામ હતું તે જણાયું નથી એમ પણ કહેવાય છે.

૨. તેના માહાત્મ્યમાં બીજી જ વાત છે.

૩. આ સ્વયંવરમાં ચંદ્રચુડ હતો.

૪. મકનસર તે સ્થળે વસ્યું.

૫. આ વાઘેલા કોણ? આ યુદ્ધ કઇ સાલમાં થયું તેની નોંધ કયાંય નથી. વાઘેલાનો ઉદય આ સમયે હજી થયો ન હતો.

૬. કયા વર્ષમાં તે જણાયું નથી. વંશાવળીના હિસાબે ઇ. સ. ૩૦૦–૪૦૦માં તે થયો હોય. પણ તે સંભવિત નથી.

૭. બાલંભા, માણા મોરા વર્તમાન ધોળિયા મહાલનાં ગામો છે.

૮. બાઇ મને બાની વઢી, નદીએ ભરતાં નીર,
એક વચનને કારણે, શોષાયું શરીર.
બાંધી મૂઠી લાખની, ઉઘાડી વા ખાય,
હલામણ દુહા પારખે, સોન સિયા ઘર જાય.

દુહો પૂરો થયો નહીં અને સોને પરણવા ના પાડી. હલામણ દેશવટામાં સિંધ ગયો હતો. ત્યાં તેનો મામો સિંધનો રાજા હતો. તેણે તેને ડોબાધાની જાગીર આપી. ત્યાં લગ્ન કરવા મામીએ આગ્રહ કર્યો.[૨] પણ તેણે સોન સિવાય કોઇને ન પરણવા કહ્યું. દરમ્યાન હલામણને સર્પદંશ થયો અને વાવને કાંઠે બેભાન થઇ તે પડયો. ત્યાં તેને શોધતી શોધતી સોન આવી ચડી. તે સમયે એક મહાત્મા ત્યાંથી પસાર થતા હતા. તેણે તેનું ઝેર ઉતાર્યું. હલામણ તથા સોન પછીથી લગ્ન કરી સિંધ તરફ પાછાં ગયાં. ત્યાં તેણે તેનું રાજ્ય વધાર્યું અને ત્યાંના કોઈ ઠાકોરની દેવલ નામે કુંવરી સાથે લગ્ન કર્યાં. તેનાથી તેને ચંદ્રસિંહ અને દેવીસિંહ નામે પુત્રો થયા. શિયોજી ગુજરી જતાં હલામણ આવી તેની ગાદી ઉપર બેઠો.

આ વાર્તા ઘણા જુદા જુદા સ્વરૂપે કહેવાય છે. એક વાત પ્રમાણે હલામણ પરણ્યો તેથી શિયોજી ખિજાયો અને તેને હદપાર કર્યો. એક વાત પ્રમાણે શિયોજી હલામણને પરણાવી આવ્યા પછી સોનનું સ્વરૂપ જોઇ તેને પોતાની રાણી થવા કહ્યું. પણ આ બધી વાર્તાઓ છે. દુહાઓ ઉપરથી ઉપરનું કથન વિશેષ સ્વીકાર્ય ગણી તેની નોંધ લીધી છે. તે પછી હલામણથી પાંચમી પેઢીએ નાગ ભાણજી થયા. તેણે તેનું રાજ્ય વિકીયાજીને આપી પોતે પ્રેહપાટણમાં સોન કાઠિયાણી નામની (વાળાની પુત્રી હશે) રાણીને લઇ રહ્યા. તેનો કુંવર નાગાર્જુન થયો. રાણીએ પ્રેહપાટણનું પરગણું નાગાર્જુનને આપી દેવા માગણી કરી. પણ રાણાએ ઇન્કાર કરતાં તે રીસાઈ તેના પિયર તળાજે ચાલી ગઇ. અહીં ધૂંધણીમલની બાર વર્ષની તપશ્ચર્યામાં ચિતોડનો કુંવર શિષ્યપદે હતો. તેણે ગુરુઆજ્ઞાથી સદાવ્રત ચલાવ્યું; પણ ગામમાંથી એક કુંભારણ સિવાય કોઇએ કંઈ આપ્યું નહીં. તેથી તેણે લાકડાં કાપી, વેંચી તેની આવકમાંથી સદાવ્રતનો ખર્ચ ઉપાડયો. બાર વર્ષે ગુરુ જાગ્યા ત્યારે ચેલાના માથામાં ઘારું જોયું અને જાણ્યું કે ચેલાએ ગુરુના વચન ખાતર લાકડાના ભારા સારી સદાવ્રત ચલાવ્યું હતું અને લોકોએ કંઈ આપ્યું નથી. ત્યારે તેણે ચેલાને કહ્યું કે 'કુંભારણને કહે કે ભાગી જાય, ગામ દાટી દઉં છું.' ચેલાએ કુંભારણને ચેતવી અને તે ભાગી. ત્યાં ધરતીકંપ થયો અને પ્રેહપાટણ નાશ પામ્યું. ત્યારથી કહેવત થઇ કે "બાર વર્ષે બાવો બોલ્યો કે દટંતા આયેગા." ગુરુએ શાપ આપેલો કે "પટ્ટણ સો દટ્ટણ ઓર માયા સો મિટ્ટી." તેથી ભારતમાં જેટલાં પાટણ હતાં તે બધાં દટાઇ

---

૧. કાળો ઘોડો કાંટવો, ભમ્મર ભાલું હાથ,
બાઇ આપણી બજારમાં, દીઠી જેઠવાની જાત.

૨. લાંબા પહેરે ઘાઘરા, પેટે ડમરિયું,
વારું સોનના ઉપરે, સોળસેં સુમરિયું.

આ પ્રચલિત અને રસિક વાર્તાના ઘણા દુહાઓ છે.

ગયાં. ગુરુએ આ પાપની સજા બદલ સમાધિ લીધી અને ચેલાએ નાગાર્જુનને બોલાવી ત્યાં નવું ગામ વસાવ્યું. તેનું નામ ઢાંક પાડયું. નાગાર્જુને આ સાધુની સહાયથી શાલિવાહન[1]ની રાણીને પલંગ સાથે બોલાવી અને તેના હાથમાં લક્ષ્મીનો વાસ હોવાથી પોતાના મહેલની દીવાલ ઉપર હાથ ફેરવાવી તેને સોનાની બનાવી. રાણીએ શાલિવાહનને વાત કરી ત્યારે તે સૈન્ય લઈ ઢાંક ઉપર ચડયો. નાગાર્જુને તેને હરાવ્યો; પણ શાલિવાહને પાછા ફરી નાગાર્જુનને માર્યો અને ઢાંક જીતી લીધું.

એ પછીનો ઇતિહાસ ક્રમશ: આ ગ્રંથમાં આગળ આપવામાં આવ્યો છે.

રજપૂત સમયનો અંત : આપણે મૌર્ય, શક, ગુપ્ત અને વલ્લભી યુગો જોયા. પરદેશી અને પરધર્મી જાતિઓએ એક થઈ એક સંસ્કૃતિ સ્થાપી. ક્ષત્રિયોમાં હુણો, ગૂર્જરો અને મૈત્રકો ભળ્યા અને રજપૂત જાતિ તેમાંથી વિકાસ પામી. ઇ. સ. ૭૭૦થી ૧૪૭૨ એટલે સાતસો વર્ષના સૌરાષ્ટ્રના ઇતિહાસના સમયને 'રજપૂત યુગ' કહીએ તો ખોટું નથી. આ યુગમાં એક નૂતન સંસ્કૃતિનો જન્મ થયો અને સામાન્ય જીવન વ્યવહારમાં પ્રબળ પરિવર્તન થયું. તેની સમીક્ષા આવશ્યક છે.

બ્રાહ્મણ ધર્મ : કુમારિલ ભટ્ટ, મંડનમિશ્ર અને ભગવાન શંકરાચાર્યના પ્રબળ પરિશ્રમના પરિણામે આ યુગના પ્રારંભમાં જ બૌદ્ધ ધર્મ પરાભવ પામ્યો અને બૌદ્ધ લોકોને સૌરાષ્ટ્રમાંથી જાકારો મળ્યો. લોકો પુનઃ આર્ય ધર્મ તરફ વળ્યા. બ્રાહ્મણોનો જય થયો અને તેમણે પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું.

વેદ વેદાંત ઉપનિષદોના ગ્રંથો ફરી વંચાવા માંડયા. વડનગરના વેદપાઠી બ્રાહ્મણોએ વિદ્યા તથા જ્ઞાનનો ફેલાવો કર્યો, ભાવ બૃહસ્પતિ અને પંડિત નાનક જેવાએ પ્રભાસમાં વિદ્યાનો પ્રચાર કર્યો. પાઠશાળાઓ અને વિદ્યાલયો સ્થપાયાં. રાજાઓએ તેને આશ્રય આપ્યો. રાજકુમારોના શિક્ષકો બ્રાહ્મણો થયા અને તેમને શાસ્ત્રનું જ્ઞાન આપવા માંડયું. તે સાથે ભાગવત અને પુરાણોનો પણ પ્રચાર વધ્યો. વિદ્યા માત્ર બ્રાહ્મણો પાસે રહી. આમજનતાને સંસ્કૃતિનું કે શાસ્ત્રનું જ્ઞાન ન હતું. તેથી બ્રાહ્મણોએ પોતાની ઉદરપૂર્તિ માટે જે જે કહ્યું તે તે તેણે માની લીધું. ધર્મને નામે વહેમનો ફેલાવો થયો. માનતાઓ માનવી, શ્રાદ્ધ કરવાં, તીર્થસ્થાનમાં સ્નાન કરવું,

---

૧. શાલિવાહન કોણ ? ચક્રવર્તી શાલિવાહન ઇ. સ. ૭૮માં થયો. જેસલમીરનો શાલિવાહન ઇ. સ. ૧૬૬૮માં થયો. મેવાડનો રાજા શાલિવાહન ઇ. સ. ૧૦૦૦ લગભગ થયો. એટલે આ વાર્તા માની લેવાની જ રહે છે. જેસલમીરના ભટ્ટી કે મેવાડના ગુહિલોએ ચડાઇ કરી હોવાનું જાણવામાં નથી. વળી, ઇ. સ. ૧૦૦૦માં જેઠવાની ગાદી ઉપર વનવીરજી, નગજણજી કે ભાણજી હશે. કોઇ શાલિવાહન નામનો નાનો રાજા હોય તો કહી શકાય નહિ.

શુકન--અપશુકન માનવાં વગેરે માન્યતાઓ પ્રચલિત થઈ. શુદ્ધ અને નિર્મળ વેદ ધર્મ અને ભગવાન શંકરાચાર્યે બોધેલા વેદાંત ધર્મ ઉપર પૌરાણિક જૂઠાણાંઓએ વિજય મેળવ્યો. વૃક્ષપૂજા, નાગપૂજા, પશુપૂજા અને દિગ્પાલ–ક્ષેત્રપાળપૂજનનો પ્રચાર પણ વધ્યો.

**શૈવ** : શૈવ સંપ્રદાય પૂર દેશમાં હતો. સોમનાથની આરાધના અને ભક્તિ પ્રત્યેક ઘરનો ધર્મ થયો. રાજાઓ મહાદેવને ચરણે ધન અર્પણ કરવામાં હોડ કરવા લાગ્યા. અને પ્રજાના અને લૂંટના ધનમાંથી સોમનાથના મંદિરને હીરા, માણેક મોતીથી શણગાર્યું. લકુલેશ સંપ્રદાયનું પરિબળ વધ્યું. ગામે ગામે આ યુગમાં શિવનાં મંદિરો બંધાયાં. જડેશ્વર, ખીલેશ્વર, ગોપનાથ, બરડાના ગોપનાથ, સહજીગેશ્વર (માંગરોળ), નાગનાથ (ચોરવાડ) વગેરે અનેક ખ્યાત, જ્ઞાત તેમજ અજ્ઞાત મંદિરો બંધાયાં. લોકો રુદ્રાક્ષ ધારણ કરતા થયા. સન્માનશબ્દ 'જય સોમનાથ' થયો, અને મુસ્લિમોના હુમલાઓ અને મંદિરોના થતા નાશ છતાં તેઓની ભક્તિ લેશમાત્ર ન્યૂન થઇ નહીં.

**વેદાંત** : દ્વૈતાદ્વૈત, અદ્વૈતાદ્વૈત અને શુદ્ધાદ્વૈતના સિદ્ધાંતો ઉપર તો ચર્ચા ચાલુ જ રહી. શંકરાચાર્યે પ્રદેશમાં ફરી ઉપદેશ આપતા રહ્યા. દ્વારિકાની શારદાપીઠના સંન્યાસીઓ પ્રચાર માટે પ્રવાસ કરતા રહ્યા. અને તેમની સાથે વૈષ્ણવ અને શાકત સંપ્રદાયના પંડિતો લડતા રહ્યા. નરસિંહ મહેતા તથા રામદાસજીનો શાસ્ત્રાર્થ તેવો જ એક શાસ્ત્રાર્થ હતો.

**વૈષ્ણવ સંપ્રદાય** : આ યુગ પહેલાં "પરમ ભાગવત" મહારાજાઓ હતા. વિષ્ણુભક્તિ પ્રચલિત હતી, પણ શ્રીકૃષ્ણનું નામ લઈ, તેનાં પદો રચી ભક્તિ કરનાર નરસિંહ મહેતા પ્રથમ જોવામાં આવે છે. શ્રી.કૃષ્ણપૂજા પ્રચલિત થઇ, પણ નરસિંહ મહેતા એકલા વૈષ્ણવ જ ન હતા, તેઓ વેદાંતી પણ હતા. તેનાં કાવ્યો અંધ-શ્રદ્ધાની વેવલી ભક્તિનાં નથી, પણ ઉપનિષદો અને વેદાંત ગ્રંથોના સારરૂપ છે. તેમની કૃષ્ણભક્તિ કૃષ્ણને લક્ષ્યાંક કરી એકેશ્વરની ઉપાસનાની હતી. રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય નિંબાર્ક, બસવ, જ્ઞાનેશ્વર, ગોરા કુંભાર, નામદેવ, દરજી ચોખા મેળા[1] વગેરે

---

૧. (૧) રામાનુજાચાર્યનું મૃત્યુ ઇ સ. ૧૧૩૭
(૨) મધ્વાચાર્યનું મૃત્યુ ઇ. સ. ૧૧૯૦ ? (જન્મ ઇ. સ. ૧૧૬૭)
(૩) નિંબાર્કનું મૃત્યુ ઇ. સ. ૧૧૬૨
(૪) બસવનું મૃત્યુ ઇ. સ. ૧૧૮૦
(૫) જ્ઞાનેશ્વરનું મૃત્યુ ઇ. સ. ૧૨૯૬
(૬) નરસિંહ મહેતાનું મૃત્યુ ઇ. સ. ૧૪૭૪ ? (જન્મ ઇ. સ. ૧૪૧૪)
(૭) વલ્લભાચાર્યનું મૃત્યુ ઇ. સ. ૧૫૩૧ (જન્મ ઇ. સ. ૧૪૭૯)
(૮) શંકરાચાર્યનું મૃત્યુ ઇ. સ. ૮૨૦ (જન્મ ઇ. સ. ૭૮૮)

સંતોએ દક્ષિણ ભારતમાં કૃષ્ણ અને વિષ્ણુના અવતારોની ભક્તિનો પ્રચાર કર્યો હતો, પણ વલ્લભાચાર્યના સિદ્ધાંતોના પ્રચારનો પ્રારંભ હજી થયો ન હતો. તેથી નરસિંહ મહેતાએ પોતાની પદ્ધતિ પ્રમાણે યુદ્ધો, સંહાર અને વિનાશથી ત્રાસી ગયેલ પ્રજાને રસવૃત્તિમાં તરબોળ કરવા, અસાર સંસારમાં શાન્તિ અને રસ મળે તેવી રીતે પાલક શક્તિ વિષ્ણુના કૃષ્ણાવતારની ભક્તિનો બોધ આપ્યો.

અવતાર પૂજા : જેનો આગલા યુગમાં પ્રચાર હતો તે અવતારપૂજા અસ્ત પામી અને રામાવતારની પૂજાનો પણ પ્રારંભ થયેલો જોવામાં આવતો નથી. નરસિંહ મહેતા પહેલાં રાહ મહીપાલ દામોદરરાયજીની માનતા માને છે અને વૈષ્ણવ ધર્મને અનુસરે છે; પણ આખા યુગમાં રામચંદ્રજીની પૂજા કે ભક્તિનું કયાંય નામનિશાન નથી; છતાં તે હતી નહિ તેમ કહી શકાતું નથી; કારણ કે રામાવતારથી વર્તમાન યુગ સુધી દરેક હિન્દુની જીભે સુખેદુઃખે તે પવિત્ર નામનું રટણ રહ્યું છે. તેથી તેની પૂજા ન થતી હોય તે માનવા યોગ્ય નથી. સંવત ૧૩૨૦ના કાંટેલાના શિલાલેખમાં ઉદયનના પૌત્ર પદ્મસિંહને 'રઘુ પ્રભો' સાથે તથા તેની પત્ની પૃથિવીદેવીને 'મૈથિલી' સામે સરખાવી છે. સંવત ૧૦૦૫માં નૃસિંહઅવતારની પૂજા થતી તેવો ઉલ્લેખ એક લેખમાંથી મળે છે.[૨]

શાકત સંપ્રદાય : આ યુગમાં શાકત કાપાલિક અને દેવીપૂજકો પણ હતા. નીચલા થરના લોકો શક્તિની ઉપાસના કરતા. તેનાં સ્વરૂપો હીન દશાએ પહોંચ્યાં અને ધર્મને નામે અનાચાર શરૂ થયો ને અદ્યાપિ આ પ્રાન્તમાં તે પ્રચલિત છે. દરેક કુળે પોતાની ઇષ્ટ દેવી સ્થાપી અને તેની ઉપાસના અનિવાર્ય બની.

હનુમાન : ગણેશ : હનુમાનની ઉપાસનાસાધના પણ પ્રચલિત હતી. મોખડાજી તેની બાજુમાં હનુમાનની મૂર્તિ રાખતો અને શુભ કામમાં ગણપતિની કૃપા યાચી પ્રારંભ કરવામાં આવતો. પ્રાપ્ત થયેલી પ્રશસ્તિઓમાં "શ્રી.ગજાનનો જયતિ" "ઓમ્ નમો ગણપતયે" "કપર્દી સંપદેષુ" એમ ઘણા લેખોમાં જોવામાં આવે છે; પણ પ્રત્યેકમાં નથી. ઘણે ભાગે માત્ર "ઓં" છે. ઘણામાં 'ઓમ્ નમઃ શિવાય' છે. એટલે ગણપતિનું નામ મનાય છે એટલું પ્રચલિત ન હતું.

જૈન ધર્મ : જૈન ધર્મનું પ્રાબલ્ય બૌદ્ધો ગયા પછી પણ જેવુંને તેવું રહ્યું. કલ્પસૂત્રનું વાંચન થતું. શ્વેતાંબર દિગંબરના ઝગડા રહેતા. પણ મૂર્તિપૂજક શ્વેતાં-

---

૧. મહારાજા સારંગદેવે શ્રીકૃષ્ણપૂજા માટે, નાટયપ્રયોગ માટે તથા નૈવેદ્ય માટે દાન આપ્યાનો અનાવડાના સંવત ૧૩૪૮ના શિલાલેખમાં ઉલ્લેખ છે.

૨. કુમારપાળનો રતનપુર (જોધપુર)નો તારીખ વગરનો લેખ. હી. ઇ. ઓફ ગુજ. ભા. ૩: પૃ. ૪૦: આચાર્ય.

બરોનું પરિબળ વધારે હતું. આ સમયમાં શેત્રુંજ્ય, ગિરનાર ને આબુનાં જૈન મંદિરો બંધાયાં, અને ગુજરાતના રાજાઓએ જૈન ધર્મ સ્વીકારતાં પ્રજાના ઉપલા વર્ગમાંથી માંસાહાર બંધ થયો. નાગરો, બ્રાહ્મણો, વણિકો વગેરેએ માંસાહારનો ત્યાગ કર્યો, જીવદયાની ભાવનાનો ઉદય થયો અને સંસાર નશ્વર છે અને તેનો ત્યાગ કરવો તે લાગણી પ્રચલિત થઇ. લોકો આનંદભોગ, રસમસ્તી અને રાગરંગમાંથી દૂર ગયા. વૈભવવિલાસ રાજાઓ પૂરતો રહ્યો, સામાન્ય લોકો માટે મહેનતમજૂરી અને ત્યાગની ભાવના સિવાય કાંઇ રહ્યું નહીં.

સહિષ્ણુતા : તેમ છતાં જૈનો સહિષ્ણુ હતા. હેમચંદ્રાચાર્યે સોમનાથનો ઉદ્ધાર કરવા કુમારપાળને પ્રેરણા કરી; પોતે પણ સોમનાથનાં દર્શને ગયા. વસ્તુપાળે પણ હિન્દુ મંદિરોને સહાય આપી, તેના પુત્રે સોમનાથનું પૂજન કર્યું. કુમારપાળના મંત્રી ઉદયનના પુત્ર બાહડના પૌત્ર સલક્ષે કાંટેલામાં સલક્ષનારાયણ નામે વિષ્ણુનું તથા તે સાથે પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. એટલે જૈનધર્મી લોકો હિન્દુઓ સાથે મળીને રહેતા એટલું જ નહિ, પણ તેમના ધર્મનો વિરોધ ન કરતાં તેમના અનુયાયી અથવા સહાયક થતા.

સ્થાપત્ય : આ યુગ સ્થાપત્ય માટે તો ભારતના સ્થાપત્યના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ચૌલુક્ય સ્થાપત્ય તેની એક વિશિષ્ટતા છે. ડૉ. બર્જેસ, ડૉ. ફર્ગ્યુસન વગેરેએ તેના અભ્યાસને અંતે તેને શ્રેષ્ઠ સ્થાપત્ય અને કળાનાં પ્રતીક કહ્યાં છે.

ગોપનું મંદિર કાશ્મીરનાં મંદિરોને મળતું છે. આ મંદિર આ યુગ પહેલાંનું છે અને તે પછી વિસાવાડા, ખીલેશ્વર અને સુત્રાપાડાનું સૂર્યદેવળ, થાનનું સૂર્યમંદિર, કદવારનું વરાહ દેવળ, કીંદરખેડ, ઘુમલીનું સોન કંસારીનું મંદિર આ યુગ પહેલાંનાં હોવાનો સંભવ છે. આ યુગનાં મંદિરના બે વિભાગ પાડી શકાય. પ્રારંભકાળ અને અસ્તકાળ.[1] પ્રથમ વિભાગમાં પરબડી, ચોબારી વગેરેનાં મંદિરો, શીતળા (પ્રભાસપાટણ)નું સૂર્યમંદિર અને ભીમનાથનું સૂર્યમંદિર ગણી શકાય. બીજા વિભાગમાં સેજકપુર અને ઘુમલીનાં, ગિરનારનાં તથા શત્રુંજયનાં જૈન મંદિરોનો સમાવેશ થઈ શકે. સોમનાથનું જે મંદિર ઇ. સ. ૧૯૫૦માં સોમનાથ ટ્રસ્ટે તોડી પાડયું તે ચૌલુક્ય સ્થાપત્યના એક અત્યુત્તમ નમૂના જેવું હતું.[2]

---

૧. આર્કીઓલોજી ઓફ ગુજરાત : ડૉ. સાંકળિયા.

૨. મેરુ રાજપ્રાસાદ પદ્ધતિનું આ મંદિર હતું. ડૉ. ફર્ગ્યુસન માને છે કે તે કુમારપાળે ઇ. સ. ૧૧૬૯માં બંધાવેલું હતું. પણ તેમાં વારંવાર ફેરફારો થયા હોવાથી પાછળની સદીઓની પણ અસર હતી. મંદિર આસપાસ પ્રદક્ષિણાનો માર્ગ હતો. આગળ ગૂઢમંડપ હતો અને ત્રણ બાજુ હિન્દુ યુગની કમાનોવાળાં દ્વાર હતા. આખું દેવળ આકારમાં પૂર્વાભિમુખ અને ચોરસ હતું. તેના ગર્ભગૃહમાં મહાદેવનું લિંગ હતું. પ્રદક્ષિણામાર્ગમાં ત્રણ બાજુએ બારીઓ

વાવકૂવા : અનેક મંદિરો ઉપરાંત આ યુગમાં સુંદર પગથિયાંવાળી વાવો અને કૂવાઓ બંધાયાં. ખેંગારવાવ, અડીકડી વાવ, નોંઘણ કૂવો, ધંધૂસરની વાવ, પ્રભાસની ભણુસાળીવાવ, માંગરોળની વાવ, પ્રભાસની માત્રીવાવ વગેરે તેના નમૂના છે. આવી અનેક વાવો સૌરાષ્ટ્રમાં સ્થળે સ્થળે અદ્યાપિ જોવામાં આવે છે.

રાજમહેલ : આ ઉપરાંત વંથલીનો નવલખો મહેલ, ગિરનારનો રાણુક ઝરૂખો, જૂનાગઢનો ઉપરકોટ, દેલવાડાનો કિલ્લો, વઢવાણનો કિલ્લો, જોડિયાનો કિલ્લો, પ્રભાસનો કિલ્લો વગેરે રહેવાનાં મકાનો તથા રક્ષણની દૃષ્ટિએ બાંધવામાં આવેલી ઇમારતો, દુર્ગોનાં દ્વારનાં તોરણો, બાજુના ગોખલાઓ અને પ્રતિહારો પણ આકર્ષક અને અમર છે.

સમાજ : સમાજની સ્થિતિનો વિચાર કરતાં આ યુગમાં સમાજ અનેક પ્રકારે પતિત થયો હતો. નીતિનાં બંધનો શિથિલ થયાં હતાં. રાજાઓએ નીતિના નિયમોને વિસારી દીધા હતા[1] અને પ્રજાની પણ તે જ સ્થિતિ હતી. પ્રજામાં અજ્ઞાન,

---

હતી. ઉપર શિખર હતું. તે થોડાં વર્ષ પહેલાં જ પડી ગયું હતું. ગૂઢમંડપમાં આઠ સ્થંભો હતા. તેના ઉપર હિંદુ સ્થાપત્યની કમાનો હતી. પ્રભાસની માધપુરીની મસ્જીદ કે જે મૂળ હિન્દુ મંદિર હતું તેની જે છત છે તેવી આ મંદિર ઉપર છત હશે તેમ ડૉ. કઝીન્સ માને છે. આબુ અને મોઢેરાનાં મંદિરોમાં કોતરેલી શિલાઓ છતમાં છે તેવી શિલાઓ ઉપર હતી. તેમાં કાલિયાદમનની સુંદર આકૃતિ પ્રવેશમાં જ હતી. દ્વારમાં તોરણો હતાં.

આ મંદિરના સ્થંભો પૈકી કેટલાક અષ્ટકોણ બેઠક ઉપર એક પથ્થરના મથાળે ત્રિકોણાકૃતિથી શણગાર્યાં હતા. તેના ઉપર મનુષ્યનાં શિરો ઉપર કળશ ટેકાવ્યા હતા. ઉપર જતાં તેની સોળ કળાની સોળ પાંખડીઓ હતી. પછી મનુષ્યાકૃતિઓ, ત્રિકોણાકારનાં પાંદડાં અને ઉપર કીર્તિમુખ આકૃતિઓ હતી. બીજા પ્રકારના સ્થંભોની બેઠકો અષ્ટકોણ હતી; પણ કીર્તિમુખ આકૃતિઓ નીચે ઊભેલા દેવતા નહિ પણ બેઠેલા દેવતાઓ કોતરેલા હતા. તેથી આ સ્થંભો ૧૪મી સદીમાં થયા હોવાનું, આબુની સરખામણી કરતાં, ડૉ. કઝીન્સ માને છે. ત્રીજા પ્રકારના સ્થંભો સાદા હતા. તે ટૂંકા અને લગભગ અર્ધે સુધી ચોરસ હતા. તેને ઉપરથી ચારે બાજુ ફરતા પટ્ટાથી શણગારેલા હતા. મંદિર પથ્થરજડેલી ફરસ પર હતું. ગુજરાત-સૌરાષ્ટ્રના કોઈ પણ મંદિર કરતાં તેની જંઘા ઊંચી હતી. બહારના ભાગમાં ભીંતો ઉપર તાંડવ નૃત્યના શરીરના એક એક ભાગ અને આસન દર્શાવતી મૂર્તિઓ હતી. સુંદર સપ્રમાણ અને આકર્ષક શિલ્પ જોવાનો પણ અનુપમ લહાવો હતો. દધીચિ ઋષિની એક મૂર્તિ તો અસાધારણ સુંદર હતી. આ મંદિર આગળ એક બીજો સભામંડપ હતો. તે મુસ્લિમોએ તોડી પાડયો હતો. સોમનાથ ટ્રસ્ટે બાકીનું મંદિર તોડી નાખી ચૌલુક્ય સ્થાપત્યના એક અપ્રતિમ પ્રતીકનો નાશ કર્યો છે. (વિશેષ માટે જુઓ મારું ટૂંકમાં જ પ્રસિદ્ધ થનારું પુસ્તક "સોમનાથ.")

૧. ચામુંડે તેની બહેન સાથે અઘટિત સંબંધ રાખ્યો હતો. સિદ્ધરાજે જસમા અને રાણુકદેવી ઉપર કામુક દૃષ્ટિ કરી હતી; લવણપ્રસાદની પત્ની પરિણીતા હોવા છતાં તેના બનેવી

વહેમ અને ધર્માંધતાના કારણે નીતિનાશ થઈ રહ્યો હતો. ધર્મસ્થાનોમાં ભ્રષ્ટાચાર થતો; છતાં તે સામે રજપૂતોએ એકવચનીપણું, શૂરવીરતા, ટેક, વટ અને પરદુઃખ-ભંજન થવાના ધર્મની પ્રણાલિકા સ્થાપી હતી. સ્ત્રીસન્માન, ગૌબ્રાહ્મણની સહાય, ધર્મનું રક્ષણ, વિદ્યાનું ઉત્તેજન અને ધર્મપ્રચારની પ્રવૃત્તિ પણ આદરી. ધર્મને માટે અનેક બલિદાનો તેમણે આપ્યાં અને રાજાઓએ, ઠાકોરોએ અને સામાન્ય પ્રજાજનોએ અનુપમ સદ્‌ગુણોના અનેક પ્રસંગો ઇતિહાસને પાને નોંધવા સર્જ્યા.[1]

બાળલગ્ન પ્રચલિત હતાં. વિધવાવિવાહનો ચાલ ઉપલા વર્ણોમાં ન હતો. સતી થવાનો ચાલ પણ હતો. આંતરવર્ણીય અનુલોમ લગ્ન થતાં.[2] એકથી વિશેષ પત્ની થતી.

આ યુગમાં આ દેશમાં નાગરો, ઔદિચ્ય બ્રાહ્મણો, ભાટિયાઓ, પુષ્કરણા બ્રાહ્મણો, લોહાણા વગેરે આવ્યા. જાડેજા, ઝાલા, પરમાર, રાઠોડ, વાજા, વાઢેલ, જેઠવા, ચુડાસમા, કાઠીઓ, મેરો વગેરે આવ્યા. ખાંટ, ખસિયા, વાઘેર, જોધપુરા, કોટિલા, વરુ વગેરે નવીન જાતિઓ થઈ અને બધી એકબીજા સાથે ભળી એક સમાજ સ્થાપી શકી.

<u>ભાષા : લિપિ</u> : ભાષા ગુજરાતી હતી. આ ગુજરાતી જૂની ભાષા, મારવાડી ભાષા અને સંસ્કૃતમાંથી બનેલી એક જુદી જ ગુજરાતી આ સમયમાં ખીલી. વિદ્વા-નોની ભાષા સંસ્કૃત હતી, પણ તેમાં રૂઢ દેશી ભાષાના પ્રયોગો વપરાતા, જેવા કે 'બુટ', 'હાટ', 'ઘાણી' વગેરે. ઝાલાઓ તથા જાડેજાઓ સિંધમાંથી આવ્યા. રાઠોડો તથા ગોહિલો મારવાડમાંથી આવ્યા. તેથી દરેક જાતિ પોતાના રિવાજો, ભાષા, શબ્દ-પ્રયોગો અને કહેવતો સાથે લાવ્યા, જે ગુજરાતીમાં ભળી ગયાં અને એક જુદી જ ભાષા તેમાંથી સ્વરૂપ બદલતી બદલતી નરસિંહ મહેતાના સમયમાં આકાર પામી. નરસિંહનાં મૂળ પદો પણ આજની ગુજરાતીથી જુદાં છે. 'માત્રા' લખવાને બદલે 'ઇ' લખાતો. 'પૂછે'ને બદલે 'પુછઇ' શબ્દ લખાતો; 'કેવો'ને બદલો 'કેસો' લખાતું.

---

સાથે પત્ની તરીકે રહેતી હતી; રાહ ખેંગાર તથા અર્જુનસિંહે મેર સ્ત્રીની લાજ લૂંટી હતી. માંડલિકે ચારણ સ્ત્રી મીનળદે તરફ કુદૃષ્ટિ કરી હતી તથા વીશળશાહની સ્ત્રીની ઇચ્છા કરી હતી; કરણ વાઘેલાએ માધવની પત્નીનું હરણ કર્યું હતું વગેરે. મંદિરોમાં નગ્ન અને બીભત્સ મૂર્તિઓ કોતરાવી શિલાલેખોમાં પણ શૃંગારી ઉપમાઓ નિર્લજ્જ રીતે અપાતી હતી.

૧. ગાયો વાળનારા પાછળ પડી પ્રાણ અર્પનાર માંગડો, ધર્મના રક્ષણે મરનાર વેગડો ભીલ અને હમીર લાઠિયા, મુસ્લિમ ભાગેડુને આશ્રય આપનાર રાહ, તેતરને કારણે લડનાર ચભાડિયા એવાં અનેક દૃષ્ટાંતો છે.

૨. ત્રિભુવનપાળના બાપ દેવપ્રસાદની પત્ની વણિક હતી. ખેંગાર કુંભાર રાણુકદેવીને પરણ્યો હતો.

આજના સૌરાષ્ટ્રની ગ્રામ્ય ભાષા છે તેમાં તેનો પ્રતિધ્વનિ સંભળાય છે. કાંઉ–કેમ, ભણે–કહે, તોળો–તારો વગેરે શબ્દો હજી ઘણાં ગામડાંઓમાં વપરાય છે. સંસ્કૃતમાંથી પ્રાકૃત અને અપભ્રંશ(જૂની ગુજરાતી)માંથી વર્તમાન ગુજરાતીનો વિકાસ શરૂ થયો.

લિપિ ગુજરાતી હતી, પણ અક્ષરો ઉપર લીટી બાંધીને લખવાનો ચાલ હતો. તેમાં 'અ' 'ચ' વગેરે દેવનાગરીમાં બહુધા લખાતા. શિલાલેખો, તામ્રપત્રો અને દાનપત્રોની ભાષા સંસ્કૃત અને લિપિ નાગરી હતી.

<u>સાહિત્ય</u> : આ યુગમાં જૈન સાહિત્ય વિશેષ પ્રમાણમાં લખાયું હોવાનું જણાય છે.

૧. 'દ્વયાશ્રય' ગ્રંથનો પ્રસિદ્ધ વ્યાકરણાચાર્ય જૈન મુનિ હેમચંદ્રાચાર્યે પ્રારંભ કરેલો. તેઓ ઇ. સ. ૧૧૩૪માં તેમનું મરણ થયું ત્યાં સુધી તેને સમાપ્ત ન કરી શકતાં પ્રહ્લાદનપટ્ટણના (પાલનપુર) લેશાન્યતિલકગણિએ ઇ. સ. ૧૨૫૬માં આ ગ્રન્થ સમાપ્ત કર્યો. તેની લક્ષ્મીતિલકે ટીકા લખી. તેમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણની સમજણ છે, તથા ચૌલુક્ય–વંશવર્ણન છે.

૨. 'પ્રબંધચિંતામણિ' તેના પછી વઢવાણમાં ઇ. સ. ૧૩૦૫માં પૂર્ણ થયો. તેનો કર્તા આચાર્ય મેરુતંગ હતો. ગુણચંદ્ર આચાર્યે આ ગ્રંથ લખેલો, પણ તે બરાબર ન હોઇ તે લખે છે કે પૂર્વની વાતો સાંભળીને પંડિતોનાં મન તૃપ્તિ પામ્યાં નથી. એટલા માટે હું 'પ્રબંધચિંતામણિ' ગ્રંથમાં વર્તમાન મહારાજાઓના પરાક્રમનું વર્ણન મારી અલ્પ મતિ છતાં શ્રમ લઇને કરું છું.

<u>લેખ-પદ્ધતિ</u> : આ ગ્રંથમાં જુદાજુદા લેખો સં. ૮૦૨થી સં. ૧૨૮૮ના છે, પણ તેમાં લેખકનું નામ નથી. (રાસમાળા ભાષાંતર).

| | | |
|---|---|---|
| સિદ્ધહૈમ પ્રશસ્તિ | : | લેખક શ્રી હેમાચાર્ય |
| હમ્મીરમદમર્દન | : | ,, જયસિંહસૂરી |
| કુમારપાળપ્રબંધ | : | ,, જિનાનંદ |
| વિચારશ્રેણી | : | ,, મેરુતંગ |
| કુમારપાળભૂપાલચરિત્ર | : | ,, જયસિંહસૂરિ |
| ઠેરાવલી | : | ,, મેરુતંગ |
| સુકૃતકીર્તિકલ્લોલિની | : | ,, મદયપ્રભા |
| કીર્તિકૌમુદી | : | ,, સોમેશ્વર |
| વસંતવિલાસ | : | ,, ? |
| વસ્તુપાળતેજપાળચરિત્ર | | ,, ? |

કાન્હડદેપ્રબંધ : લેખક પદ્મનાભ કવિ
પદો ઇત્યાદિ : ,, નરસિંહ મહેતા
માંડલિક કાવ્ય : ,, ?
રેવંતગિરિરાસા : ,, ?

આવાં અનેક કાવ્ય, સાહિત્ય, તર્ક, નાટય, વ્યાકરણ વગેરેના વિવિધ ગ્રંથો આ યુગમાં લખાયા અને ગુજરાતી સાહિત્યમાં તેમનો ફાળો તે કારણે અમૂલ્ય ગણાય. તત્કાલીન ઇતિહાસ પણ જૈન ગ્રંથોમાંથી મળી આવે છે.

ચલણ : આ યુગમાં ચલણ દ્રમનું હતું. રૂપક પણ ચાલતો અને વિશોપક નામનો સિક્કો પણ ચલણમાં હતો.[૧] તેની શું કિમ્મત હતી તે જણાતું નથી, પરંતુ સંવત ૧૨૦૨ના સોઢડીવાવના શિલાલેખ ઉપરથી જણાય છે કે રૂપક દ્રમથી મોટો હતો. મંદિરના ખર્ચ માટે પાનના એક ગાડે એક દ્રમ લેવાનું ઠરાવ્યું હતું, જ્યારે ઠાકોર શ્રી.મલુકે રોજ એક રૂપક આપવા કબૂલ્યું હતું. વિશોપક દ્રમના વીસમા ભાગની કિમ્મતનો ત્રાંબાનો સિક્કો હતો.[૨] પાછળના સમયમાં જેમ જામશાહી કોરી અને દીવાનશાહી કોરી થઇ તેમ ભીમપ્રિય વિશોપક અને વરાહપ્રિય વિશોપકનું ચલણ હતું.

આ ચલણ કોનાં ચાલતા તેનો કાંઈ ઉલ્લેખ નથી. સોલંકી રાજાઓએ પોતાના સિક્કા પાડયા હતા; પણ સૌરાષ્ટ્રમાં રાહના સમયમાં કોના સિક્કા ચાલતા તે તેમજ કોઇ રાજાએ પોતાના સિક્કા પાડયા હોવાનું જણાતું પણ નથી. કદાચ જૂના વલ્લભી અમલના સિક્કાઓ અને પછી ગુજરાતના ચાલતા હોય તેમ જણાય છે. રાહના ઉદયકાળે અને મધ્યકાળે તેઓએ સિક્કા પડાવ્યા હશે[૩] પણ કમભાગ્યે એક પણ સિક્કો પ્રાપ્ત થયો નથી.

---

૧. પંડિત 'નાનક પ્રશસ્તિ' સંવત ૧૩૪૩–(ઇ. સ. ૧૨૯૬) દ્રમ કે દ્રામ માટે; નાડોલનો લેખ સં. ૧૩૪૮ (ઇ. સ. ૧૨૯૨) : રૂપક માટે; ભીમ બીજાનો લેખ સં. ૧૨૩૫ (ઇ. સ. ૧૧૭૬): વિશોપક માટે.

૨. પ્રો. ડી. આર. ભાંડારકર તેમ માને છે, પણ શ્રી આચાર્ય કહે છે તેમ આ લેખમાં રાણીએ સોમેશ્વરની પૂજા માટે રોજના બે વિશોપક આપ્યા છે. એટલે તે આવી હલકી કિંમતના ન હોય, પણ રૂપાનો હશે. હું તેમાં મળતો થાઉં છું.

૩. મારા પૂજ્ય કૈલાસવાસી પિતાશ્રી પાસે રાહનો એક રૂપાનો સિક્કો હતો. તેમણે એકત્ર કરેલા આશરે ૨૦૦ થી ૩૦૦ સિક્કાઓ ચોરાઇ ગયા વા ગૂમ થયા, પણ તેઓશ્રીએ તારવેલા સિક્કાઓમાં રાહમાં યાદવ ... એવું વંચાતું તેની બીજી બાજુ લાસી હતી.

આરબ મુસાફર (અજ્ઞાત) લખે છે કે 'સોરાષ્ટ્રના દ્રામ અરબી દ્રામ કરતાં અર્ધા છે. રાજાનું મુખ તેમાં ઉપસાવવામાં આવે છે તથા થારતેહિમન દ્રામનું તથા કેાડીનું ચલણ છે.'

<u>સંવત્સર</u> : વેરાવળના હરસિદ્ધ માતાના ઇ. સ. ૧૨૬૪ના શિલાલેખના અપવાદ સિવાય આ યુગમાં સર્વત્ર વિક્રમ સંવત પ્રચલિત હતેા.

<u>જકાત–કરવેરા</u> : આ સમયમાં જકાત તથા કરવેરા ઉઘરાવવામાં આવતા. જમીનની ઊપજમાંથી રાજભાગ નીકળતેા અને તે ઉપરાંત જુદી જુદી પેદાશ ઉપર જુદા જુદા કર લેવામાં આવતા.

કર વસૂલ લેનાર શુલ્કી કહેવાતેા અને તેની કચેરીને "શુલ્ક મંડપી" (માંડવી) કહેતા. આ જકાત ઉર્ફે શુલ્કમાંથી પ્રત્યેક મણે "મણિક" દાણાનાં ગાડાં, ગધેડાનાં છાલકાં, ઊંટ ભાર, પાનનાં ગાડાં તથા પડા, બકાલુ, કેરી, વાટુયા ઉપર જકાત લેવાતી. મીઠાના અગરના ખૂંટી ખરાબી અને હાંસા પાસેથી વેરેા લેવાતેા.[1]

<u>હુન્નર ઉદ્યોગ</u> : હુન્નરઉદ્યોગ પણ પૂરા ખીલ્યા હતા. સંવત વગરના પણ ચૌલુક્ય સમયના પ્રાચિના લેખમાં ઉલ્લેખ છે કે કુમારપાળ કે તે પછીના રાજાના અધિકારી ગુમદેવે ધર્માદિત્ય માટે એક આશ્ચર્યકારક હીંચકેા બનાવ્યેા હતેા.

બંદરેા બધાં આબાદ હતાં, તેમાં પ્રભાસનું બંદર અતિ પ્રસિદ્ધ હતું, પીરમ અને ઘેાઘા પણ એટલાં જ જાણીતા હતાં. ઈરાન, સીરિયા, અરબસ્તાન, ઇજીપ્ત અને મેારેાક્કેાનાં વહાણેા ત્યાં નાંગરતાં અને દેશપરદેશ સાથેનેા વેપાર બહુ મેાટા પ્રમાણમાં ચાલતેા. માંગરેાળનું બંદર પણ મશહુર હતું.

કપાસમાંથી કાપડ બનાવવામાં આવતું. તે "ચમત્કારિક રીતે" બનાવવામાં આવતું; તેવું બીજી કેાઈ જગ્યાએ જોવામાં આવતું નહીં. તે સફાઇદાર અને બારીક બનતું કાપડ એવું ઝીણું થતું કે તે સાધારણ કદની વીંટીમાંથી કાઢી શકાય."[2]

ચામડાની ઢાલેા, જોડા અને અન્ય વસ્તુઓ થતી. સેાનું તથા રૂપું શેાધી તેમાંથી શુદ્ધ રવેા બનાવી તેમાંથી સુંદર આભૂષણેા બનાવવામાં આવતાં. હીરા,

---

૧. સેાઢડીવાવનેા શિલાલેખ સં. ૧૨૦૨ (ઇ. સ ૧૧૪૬) : ભાવ ઇન્સ.

સં. ૧૨૧૩ (ઇ. સ. ૧૧૫૭)નું કુમારપાળનું દાનપત્ર : તેમાં પણ 'વદર્થામંડપિ"માંથી રેાજનેા એક રૂપક આપવાનેા ઉલ્લેખ છે. (હી. ઇ. એા. ગુ. : આચાર્ય)

૨. અરબ પ્રવાસીની નેાંધ (રાસમાળા–ભાષાંતર)

માણેક અને મોતીનાં બહુમૂલ્ય આભૂષણો અને અલંકારો પણ બનતાં ઘોડાનો સામાન કૂંવાર અને કાળી રૂંવાટીનાં ચામડામાંથી બનાવવામાં આવતો.

હાથીદાંતની પણ નાના પ્રકારની વસ્તુઓ બનાવવામાં આવતી. વૈદરાજો અમ્બર, કેસર અને કસ્તુરીમાંથી અમૂલ્ય દવાઓ બનાવતા.

પશુપાલન : ઘોડા, ઊંટ, ગધેડાં, બકરાં, ઘેટાં, ગાય અને ભેંસનો બહોળા પ્રમાણમાં ઉછેર થતો. અહીંના ઘોડાઓ પરદેશ જતા. હાથીઓ પણ રાજાઓ પુષ્કળ પ્રમાણમાં રાખતા.

જંગલી જાનવરોમાં સિંહ, વાઘ, દીપડા, ગેંડા, મગર, હરણ, સાબર, વગેરે બહુ હતાં. તેનો શિકાર કરી તેનાં ચામડાંનો પણ ઉદ્યોગ થતો.[૧]

સૌરાષ્ટ્રમાં સોનાની ખાણો હતી.[૨] સમુદ્રમાંથી મોતી પણ નીકળતાં[૩] તથા માંગરોળ અને સીલ આગળ પરવાળાં નીકળતાં. તે ઉપરાંત ત્રાંબા–પિત્તળનાં વાસણો, જરીનું કામ, રેશમ, કિનખાબ અને રંગાટ તથા વણાટનો મોટો વેપાર હતો. મચ્છી-મારો પણ પોતાનો ધંધો સમુદ્ર તેમજ નદીઓમાં કરતા.

ખેતીવાડી પણ આગળ વધી હતી. વાડીઓ હતી. નાગરવેલનાં પાન થતાં. શાકભાજી દરેક પ્રકારનું થતું. અનાજ, નાળિયેર, કેરી, કેળાં, પપૈયાં, લીંબુ વગેરે ફળ વિપુલ પ્રમાણમાં થતાં.[૪]

પ્રજાવર્ગ : ખેડૂતો, આહિર, કણબી (કુટુમ્બિક)[૫] તથા કોળી હતા. જમીન-દારો બહુધા રજપૂતો હતા. કાઠીઓ, ખસિયા, ખાંટ, વગેરે રજપૂતોમાંથી ઊતરેલી અથવા તેની સાથે સંબંધ રાખનારી જાતિઓના હતા. નાગરો, બ્રાહ્મણો પણ ગિરાસદાર હતા.

નાગરો : નાગરો વિદ્વાન હતા, યુદ્ધવીર પણ હતા. મંત્રીઓ બહુધા વાણિયા તથા નાગરો હતા. મહીધર, શ્રીધર, મહીધર બીજો, નાગડ, હીરાસિંહ, માધવ, લુલ, ભાભ, વગેરે નામો આપણે જોયાં છે. પંડિત નાનક, સોમેશ્વર વગેરે વિદ્વાનો હતા. પ્રશસ્તિકારો અને કવિઓ પણ તે જ્ઞાતિમાં થયા છે.

---

૧. આરબ પ્રવાસી (રસમાળા–ભાષાંતર).

૨. આલેચના કુંગરોમાં સોનાની ખાણ હતી : કેપ્ટન મેકમર્ડોના આધારે કર્નલ વોટસન.

૩. હજી નીકળે છે–જામનગર પાસે.

૪. સોઢળીવાવનો શિલાલેખ (આગળ છે તે).

૫. આહિર માટે જુઓ પ્રાચીનો શિલાલેખ (આગળ છે તે)કુટુમ્બિક માટે રાસમાળા ભાષાંતર, ભીમદેવ ૧લો તથા વલ્લભીનાં દાનપત્રો.

બ્રાહ્મણો પણ વેદનો પાઠ કરનારા, કર્મકાંડ જાણનારા તથા બ્રાહ્મણવૃત્તિથી પવિત્ર જીવન ગાળનારા હતા; છતાં અન્ય આર્ય પ્રજા ઉપર તેમનો અંકુશ હતો. તેઓની આજીવિકા ભિક્ષામાંથી હતી.[1]

**વાણિયા** : વ્યાપારમાં વાણિયા જ હતા. જગડુશા, વસ્તુપાળ, તેજપાળ વગેરે શાહ સોદાગરો હતા. પ્રધાનપદે પણ વાણિયાઓએ નામના મેળવી છે. તેમાં પણ આપણે વીસળ, કલ્યાણ, લવજી, વગેરેનાં નામ જોઈએ છીએ. ઉદયન અને તેના પુત્ર ચાહડ તો યુદ્ધવીર પણ હતા. તેનો પૌત્ર સલક્ષ પણ પ્રતાપી પુરુષ હતો.

તે સિવાય અનેક વર્ણના લોકો આ દેશમાં વસતા અને પૃથક્ પૃથક્ વ્યવસાય કરતા.

તેઓની આર્થિક સ્થિતિ સારી ન હતી. કરવેરા બહુ હતા. રાજાઓ યુદ્ધે ચડતા ત્યારે તેઓના ઉપર વેઠનો, સૈનિકોને ખોરાક આપવાનો અને તેનો ખર્ચ ઉપાડવાનો બોજ પડતો. યુદ્ધમાં તેમનાં ખેતરોનો નાશ થઈ જતો અને શત્રુસૈન્ય નિર્દોષ પ્રજાની કતલ કરવામાં ગૌરવ લેતું.

**રાજ્યવ્યવસ્થા** : વલ્લભીના પતન પછી આ દેશમાં રાજ્યવ્યવસ્થા કેવી હતી તે જાણવાનું સાધન નથી; કારણ કે તે પછી દેશ નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયો; પણ સોલંકીઓનું આધિપત્ય થતાં તે સમયની હકીકત પૃથક્ પૃથક્ પ્રમાણોથી ઉપલબ્ધ થાય છે. રાજ્યવહીવટમાં નીચેના હોદ્દાઓ હતા :

૧. મહામાત્ય : મુખ્ય પ્રધાન
૨. અમાત્ય : પ્રધાન
૩. પ્રધાન : પ્રધાન (રાજ્યમાં રહેનારો)
૪. મંત્રી : પ્રધાન (રાજા પાસે રહેનારો)
૫. દેશઠક્કુર : પ્રદેશનો સેનાપતિ.
૬. અધિષ્ઠાતા : ગવર્નર
૭. અધિકારી : તેનાથી નીચેનો પ્રાંતપતિ.

---

૧. પ્રભાસના સોમપુરા બ્રાહ્મણોએ, સિદ્ધરાજે રાહ બેંગારને મારી પ્રભાસની યાત્રા કરી ત્યારે જૈન ધર્મના ઉચ્છેદ માટે તેની સાથે કલેશ કરેલો.

તળાજાના વાલમ બ્રાહ્મણોએ કાયસ્થો પાસેથી તેમની મનધારી દક્ષિણા ન મળી તે માટે સ્વદેશત્યાગ કર્યો હતો.

મુસ્લિમ આક્રમણકારોની તલવારો નીચે તેમણે ધર્મના રક્ષણે માથાંઓ પણ કપાવેલાં. એટલે જેમ તેઓ ધર્મના સ્થંભો અને અન્ય પ્રજાના ધર્મ સંબંધમાં માર્ગદર્શક હતા તેમ ધર્મ માટે ત્યાગ પણ કરી શકતા.

૮. મહાશ્રીકરણ : રાજા પાસે રહેનારો મુખ્ય મંત્રી
૯. લઘુશ્રીકરણ : ,, ,, ,, નાનો મંત્રી
૧૦. કરણપુરુષ : ,, ,, ,, કનિષ્ઠ મંત્રી
૧૧. વિશયિક : મામલતદાર જેવો
૧૨. મહાસંધિવિગ્રાહક : યુદ્ધસુલેહ કરનારો
૧૩. દંડનાયક : પોલીસ અધિકારી
૧૪. પટ્ટકિણ : પ્રાંતીય પોલીસ અધિકારી ?
૧૫. ભટ : લેફ્ટેનન્ટ જેવો સેનાપતિ
૧૬. સુભટ : કેપ્ટન જેવો સેનાપતિ
૧૭. ભટ્ટાર્ક : સેનાપતિ
૧૮. નિયુક્ત : સર્કલ ઈન્સ્પેકટર જેવો
૧૯. આયુક્ત : તલાટી જેવો
૨૦ ગ્રામીણ : પટેલ
૨૧. મહારથી (?) મહાક્ષત્રપ : ખાસ નીમેલો પ્રતિનિધિ (મીલીટર)
૨૨. મહેતા : સીવીલ પ્રતિનિધિ
૨૩. જલવાહક : રાજાની સાથે પાણી લઇ ચાલનારો
૨૪. તાંબૂલવાહક : રાજાની સાથે પાન લઈ ચાલનારો
૨૫. શય્યાપાલ : રાજાની શય્યાનો ચોકીદાર
૨૬. અંગરક્ષક : રાજાનો અંગરક્ષક
૨૭. મંડલિક : ખંડીઓ રાજા
૨૮. દૂતક : એલચી.
૨૯. રાજદૂત : ખાસ એલચી
૩૦. મુદ્રાવ્યાપારઅધિકારી : નાણાંપ્રકરણી અધિકારી.

આ ઉપરાંત દરેક પ્રાંતીય અધિકારીને સલાહ આપવા પંચો હતા તે પંચકુળ કહેવાતા. તેનો પ્રમુખ હતો.[1]

ગાળાના સં. ૧૨૦૧ (ઇ. સ. ૧૧૪૫)ના લેખમાં અમલદારોનાં નામો છે; પણ તે મહાશ્રી. અને મહે. કરી બાંધી લીધાં છે. શ્રી. આચાર્ય તેને મહાક્ષત્રિય

૧. ૧. સં. ૧૩૧૫ (ઇ. સ. ૧૨૫૯)નો પોરબંદરનો શિલાલેખ.
૨. સં. ૧૩૩૦ (ઇ. સ. ૧૨૭૪)નો ગિરનારનો શિલાલેખ.
૩ સં. ૧૩૨૭ (ઇ. સ. ૧૨૭૧)નો ભરાણાનો શિલાલેખ.
૪. સં. ૧૩૨૮ (ઇ. સ. ૧૨૭૨)નો કચ્છરવનો શિલાલેખ.
૫. સં. ૧૩૩૩ (ઇ. સ. ૧૨૭૪)નો આમરણનો શિલાલેખ.
૬. સં. ૧૩૧૧ (ઇ. સ. ૧૨૫૫)નો ડભોઇનો શિલાલેખ.

અને મહેતા માને છે, પણ તે મહાક્ષત્રપ હોવાનું વધારે બંધબેસતું છે. મહેતા માટે વિવાદ નથી.

<u>પ્રાદેશિક વિભાગો</u> :[1] શ્રીકરણ પ્રાંતનું નામ હશે. પ્રાંતોના સમૂહને મંડળ કહેવાતું. પરગણાને પથક, શહેરને નગર, નાના શહેરને પુર અને ગામડાને ગ્રામ અથવા ગ્રામ્ય અથવા પલ્લી કહેતા. દેશના ભાગ રાજ્ય, દેશ, મંડલ, પથક, વિસય અને ગ્રામ એમ પડેલા હતા. ખેડવાણુ જમીનને 'ભૂમિહલ', બિનખેડવાણુને 'ન ભૂમિ-હલ', નિર્જળા કૂવાને ખુટ કહેતા.

<u>જમીનનું ક્ષેત્રફળ</u> : જમીનનું ક્ષેત્રફળ માપવા માટે, વલ્લભીમાં "પાદાવર્ત" વપરાતો, જ્યારે આ યુગમાં હળનું માપ ગણ્યું છે, તેમજ 'કુમા' પણ એક માપ હતું. કુમો વીઘા જેવડો હશે ? કારણ કે પેટલાદના ઇ. સ. ૧૩૨૩ના લેખમાં ૨૦ કુમા જમીન આપી છે. એટલે તે પોષણક્ષમ ક્ષેત્ર હશે. હળ આજના સાંતી બરા-બર, એટલે ૨૦ એકર જેટલું હશે અને ૪૦ કુમાનો એક હળ થતો હોય તો અર્ધા એકર કે એક વીઘા જેટલો કુમો થતો હશે તેમ અનુમાન થઇ શકે છે. તે ઉપરાંત પાસનું માપ પણ હતું. એક સ્થળે ૫૦ પાસ વાડી માટે તથા ૧૦૦ પાસ બારેત જમીન આપવામાં આવી છે.[2]

---

૧. ૧. સં. ૧૩૫૦ (ઇ. સ. ૧૨૯૪)નો આબુનો શિલાલેખ.
૨. સં. ૧૩૧૭ (ઇ. સ. ૧૨૬૧)નો વિશળદેવનો લેખ.
૩. સં. ૧૧૯૬ (ઇ. સ. ૧૧૪૦)નો જયસિંહનો લેખ.
૪. સં. ૧૨૦૧ (ઇ. સ. ૧૧૫૫)નું કુમારપાળનું દાનપત્ર.
૫. સં. ૧૨૬૬ (ઇ. સ. ૧૨૧૦)નો ભીમદેવ રજાનો શિલાલેખ.
(હી. ઇ. ઓફ ગુ : આચાર્ય.)

૨. પાસ એટલે કૂવાની જેમ અર્ધીથી પણ અર્ધો (½) વીઘા જેટલું માપ હશે. વાડી સાથે ૧૨॥ તથા બારેત ૨૫ વીઘા જમીન પોષણ માટે પૂરતી માનવામાં આવેલી.

## મહમુદ બેગડો

સૂબાઓ : ઇ. સ. ૧૪૭૨થી ૧૫૧૧. સુલતાન મહમુદ બેગડાએ સોરઠ સર કર્યું, અને જૂનાગઢમાં રહી ત્યાંનો કિલ્લો સમરાવ્યો, એટલું જ નહિ પણ ઉપર-કોટમાં રાહ બેંગારે ચણાવેલા મહેલમાં યોગ્ય પરિવર્તન કરી ત્યાં મસ્જીદ બનાવી,[1] તથા પોતા માટે નિવાસસ્થાન મુકરર કર્યું.

સુલતાન મહમુદનો જૂનાગઢ પ્રત્યે ભાવ : સુલતાન મહમુદને જૂનાગઢની રમણીય વાડીઓ, તેનું સુંદર અને આકર્ષક સ્થાન અને પ્રકૃતિએ છૂટે હાથે વેરેલી અને મનુષ્યે તેની કળાથી સમારેલી શોભા એટલી તો પસંદ પડી કે તેણે જૂનાગઢનું નામ મુસ્તફાબાદ પાડયું અને ત્યાં જ પોતે રાજધાની સ્થાપવા વિચાર કર્યો. તેને મૂર્તિમંત બનાવવા માટે જમાલુદ્દીન નામના એક અમીરને મુહા-ફીઝખાનનો ઇલ્કાબ આપી અમદાવાદના ફોજદાર તરીકે નીમ્યો.[2]

ઇસ્લામનો પ્રચાર : સુલતાન મહમુદે જૂનાગઢમાં વિદ્વાન સૈયદો, કાઝીઓ મુલ્લાઓ અને મૌલવીઓને બોલાવ્યા. તેઓને પાક ઇસ્લામનો પ્રચાર કરવાની આજ્ઞા આપી અને જેઓએ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો તેને ધન અને ધરાથી નવાજ્યા. ઠેર ઠેર મસ્જીદો બનાવી અને જૂનાગઢમાં રહી તેણે પોતે પણ આ કાર્યને વેગ આપ્યો.

રાજધાની : જૂનાગઢની આજુબાજુનો પ્રદેશ જિતાઇ ગયો હતો. નાનામોટા રાજાઓ, જાગીરદારો તેમજ જમીનદારોએ સુલતાનની સાર્વભૌમ સત્તા માન્ય રાખી હતી અને પ્રતિવર્ષ ખંડણી ભરવાનું કબૂલ કર્યું હતું. તે કામ માટે સુલતાને સૌરાષ્ટ્રનાં રાજ્યોની ખંડણી વસૂલ કરવા, તેઓનું નિયમન કરવા અને તેઓના ઉપર નજર રાખવા જૂનાગઢમાં એક રેસીડેન્સી જેવી કોઠી સ્થાપી.

---

૧. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમીસેરિયેટ.

૨. મુહાફીઝખાનને નીમવાનું બીજું પણ કારણ એ હતું કે સુલતાનની ગેરહાજરીના કારણે લૂંટારાઓનું જોર એટલું વધી પડેલું કે ખુદ અમદાવાદમાં પણ બેાળે દિવસે ધાડ પડતી અને માર્ગો તો એટલા બધા ભયપ્રદ હતા કે ભાગ્યે જ કોઇ લૂંટાયા સિવાય મુસાફરી કરી શકતું.

સુલતાનનાં લશ્કરો અન્ય પ્રદેશો ઉપર વિજય મેળવતા અને તેની પ્રજાને લૂંટારાઓ લૂંટતા, પોતે કાયમ માટે જૂનાગઢમાં વસવા માગતો હતો, તેથી આ વ્યવસ્થા આવશ્યક હતી.

**ટંકશાળ** : એટલું જ નહિ પણ ત્યાં એક ટંકશાળ સ્થાપી સિક્કા પાડવા માંડ્યા[૧] અને જૂનાગઢનું મહત્ત્વ ઘણું જ વધી ગયું.

**થાણદાર** : જૂનાગઢ મહત્ત્વનો પ્રાંત છે એમ સમજી તેણે કોઇનો પણ વિશ્વાસ ન કરતાં પોતાના શાહજાદા ખલીલખાનને થાણદાર તરીકે નિયુક્ત કર્યો.

**રાહઝાદા** : રાહ માંડલિકને વચન આપ્યા પ્રમાણે સુલતાને તેના રાજકુમાર રાહ ભૂપતને બગસરા ચોરાસી ગીરાસમાં આપી અને જૂનાગઢમાં રહેવા રજા આપી એટલું જ નહિ પણ ભૂપતસિંહની શક્તિ અને રીતભાતથી સુલતાન એટલો ખુશ થયો કે દીવાની–ફોજદારી અધિકારો પોતાના શાહજાદાને સોંપ્યા, ત્યારે મુલ્કી કામની સર્વ સત્તા રાહના કુંવરને સોંપી તેમને સુલતાનને જ રાહઝાદા કહ્યા; ત્યારથી તેઓ રાયજાદા કહેવાય છે.

**જાગીર દેવાની નીતિ** : ભૂપતસિંહ પદભ્રષ્ટ રાજાનો કુમાર હતો અને ભવિષ્યમાં શત્રુ થઇ ઊભો રહે તેવો સંભવ રહે તેમ છતાં સુલતાન મહમુદે તેને મુલ્કી વહીવટ સોંપી દીધો. તે સુલતાનોના જ માનામાં જાગીર–જમીન દેવાનો આ પ્રથમ દાખલો છે.[૨]

**કચ્છ** : કચ્છમાં તે સમયે ઇસ્લામના પ્રચાર માટે સારી તક હતી. કારણ કે ત્યાંના સુમરા અને સોઢા રજપૂતો ઇસ્લામ અને હિન્દુ બન્ને ધર્મ પાળતા હતા. ઇસ્લામના સારા સિદ્ધાંતો તેઓએ અપનાવ્યા હતા; પરંતુ હિંદુ રિવાજો અને હિંદુ ધર્મની કેટલીક આજ્ઞાઓ પાળતા હતા. તેઓ બાણાવળી હતા, લડવૈયા હતા અને તેમની સામે વિવાદથી જીતવું કઠિન હતું. મહમુદે તેનાં સૈન્યો રણપાર ઉતાર્યાં અને ટૂંક વખતમાં જ તેઓને પરાસ્ત કર્યા, કચ્છમાં પોતાનું આધિપત્ય સ્થાપી આ ટોળીના નાયકોને ઇસ્લામનું શિક્ષણ લેવા જૂનાગઢ મોકલી આપ્યા.

**સિંધ** : પોતાના મોસાળ પક્ષમાં તેને વિજયયાત્રા કરવા ઇચ્છા હતી નહિ, પરંતુ સિંધનો રાજ્યકર્તા જામ નિઝામુદ્દીન કે જે સુલતાન મહમુદની માનો બાપ થતો હતો તેની સામે બલુચી લોકોએ બળવો કર્યો.

સુલતાન મહમુદે તેઓનો પરાભવ કર્યો અને ત્યાંથી ભેટસોગાદ લઇ જૂનાગઢ તરફ પાછો ફર્યો.

**દ્વારકા** : ઇ. સ. ૧૪૭૩ : એ સમયે દ્વારકામાં ભીમજી વાઢેલ નામનો શૂરો રજપૂત રાજા રાજ્ય કરતો હતો. તેના પ્રખ્યાત પિતા હમીરજીએ ઓખાની આજુ-

---

૧. પ્રો. ફ્રામજીસેરીયેટ પ્રમાણે ટંકશાળ પછીના વર્ષમાં થઇ હતી (એ હીસ્ટ્રી એ ફ ગુજરાત)
૨. બોમ્બે ગેઝેટીયર : વો. ૮, કાઠિયાવાડ, ૨૮૮, ૩૭૨, ૫૦૦, ૫૦૮.

બાજુનો પ્રદેશ જીતી લીધો હતો. હમીરજીએ પોતાના રાજ્યનો વિસ્તાર છેક ખંભાલિયા સુધી વધાર્યો અને તેની પાછળ જ્યારે તેનો કુમાર ભીમજી ગાદીએ બેઠો ત્યારે તેણે તેની અનુપમ બુદ્ધિ અને અજિત સમશેરના સુમિલનનો સુયોગ્ય ઉપયોગ કરી બેટ અને દ્વારકામાં પોતાની આણ વર્તાવી અને રાજ્યની સીમા વધારી.

**મહમુદની ચડાઇનું કારણ** : મહમુદે સોમનાથ અને ગિરનારની ભૂમિ ઉપર ઇસ્લામનો ઝંડો ફરકાવ્યો હતો અને સારુંયે સૌરાષ્ટ્ર તેના લોખંડી ઉપાનની એડી નીચે આવી ગયું હતું. પણ સમસ્ત ભારતના યાત્રીઓને ગીતો ગાતાં ગાતાં ગોકુલ અને વૃંદાવનના વ્રજવિહારીની યૌવન અને વૃદ્ધાવસ્થાની વિહારભૂમિ શા દ્વારકાની યાત્રાએ ચાલ્યા આવતાં તેણે જોયા હતા અને આસમાન સાથે વાત કરતા જગત હહેરાનાં સુવર્ણશિખરો અને લહેરાતી ધજાની વાતો સાંભળી હતી. તેણે આ મંદિર અને આ સ્થાનને જગતના પટ પરથી ઉખેડી નાખવા ભીષણ નિશ્ચય કર્યો હતો. પણ માળવા, ઇડર અને જૂનાગઢના વિગ્રહોમાંથી તેને સમય મળ્યો ન હતો. તેથી તેને તે કાર્યમાં વિલંબ થયો. વિશેષમાં ભીમજી હજી સ્વતંત્ર હતો. કોઇ પણ મુસ્લિમ રાજાએ દ્વારકાને પાદાક્રાંત કર્યું ન હતું. મહમુદે કચ્છ અને સિંધની સ્વારીમાં દ્વારકાની પ્રશંસા સાંભળી, તેનો નાશ કરવા બીડું ઝડપ્યું.

**મહમદ સમરકંદીની ફરિયાદ** : દરમ્યાન મોલાના મહમદ સમરકંદી નામનો એક વિદ્વાન કે જે દક્ષિણના બહામની સુલતાનોની નોકરીમાં હતો, તે હોરમઝ જવા એક વહાણમાં નીકળ્યો. મહમદ સમરકંદી નામચીન કવિ અને તત્ત્વવેત્તા હતો અને મહમુદે તેની કીર્તિ સાંભળી હતી. તેનો ફત્તેહમારી[1] ભોગળોગે તોફાની પવનમાં ઢસડાઇ દ્વારકાને કિનારે લાધી ગઇ અને ઓખાના વાઘેર ચાંચિયાઓએ તે લૂંટી લીધી. મૌલાનાની સ્ત્રીઓને તેમજ માલમિલકતને પણ તેમણે સ્વાધીન કર્યાં. માલાનાને તથા તેના બે બાળક પુત્રોને દરિયાકાંઠે રખડતા મૂકી દીધા. માલાના સમરકંદી ત્યાંથી મુસ્તફાબાદ આવ્યા અને મહમુદના દરબારમાં ફરિયાદ કરી.

**ચડાઇ**: ઇ. સ. ૧૪૭૩ના મે માસની ૧૪મી તારીખે મહમુદનું સૈન્ય "અલ્લાહો અકબર"ના જયનાદ સાથે જૂનાગઢથી નીકળ્યું. આરંભડા અને દ્વારકા પડે તે પહેલાં ભીમજી નાસીને બેટમાં ભરાયો. મહમુદે દ્વારકા લૂંટ્યું. તેનાં મુખ્ય મંદિરો, મઠો અને ધર્મસ્થાનો તોડી પાડ્યાં અને તે સિવાય અનેક નાનાં મંદિરો અને મકાનોનો ધ્વંસ કરવામાં આવ્યો અને મૂર્તિઓના ટુકડા કરવામાં આવ્યા.

**બેટ** : આરંભડા કે જે ઓખાની રાજધાની હતી[2] તે "ક્ષણ માત્રમાં"

---

૧. મોટી સફર કરનારાં ઘણા સઢોવાળાં વહાણ.

૨. દ્વારકાનો રાજા રણછોડરાય, તે માન્યતાએ આરંભડામાં ગાદી હતી.

જીતવામાં આવ્યું અને ત્યાં મહમુદે અમુક માસ સુધી પોતાનો પડાવ રાખ્યો. આ પડાવ દરમ્યાન સુલતાનના લશ્કરને સિંહો અને સર્પોએ અપાર દુઃખ દીધું.[૧] સુલતાને તે પછી શંખોદ્ધાર બેટ ઉપર ચડાઈ કરી. મહાભયંકર યુદ્ધના પરિણામે બેટ પડયું. ભીમજી હોડીમાં બેસી નાસી ગયો, પણ તેને પકડવામાં આવ્યો.

ભીમજીનો અંત : તારીખે ફરિસ્તા પ્રમાણે મહમુદે દ્વારકાનો પ્રાંત ખાલસા કરી ત્યાં મલીક તુઘાનને ફરહત-ઉલ-મુલ્કનો ખિતાબ આપી સૂબો નીમ્યો અને ભીમજીને હાથકડી અને બેડી નાખી જૂનાગઢ લઈ જવામાં આવ્યો. સમરકંદીની સ્ત્રીને પણ કબજે લેવામાં આવી. જૂનાગઢ જઈ મહમુદે મોલાનાને તેની સ્ત્રી તેમજ ભીમજીને સોંપી દીધાં.

મૌલાનાએ સુલતાનનો અહેસાન માન્યો અને ઇસ્લામના એક અદના સભ્ય માટે તેણે આવું કાર્ય કર્યું તે માટે તેની પ્રશંસા કરી; પણ તે મહાત્માએ રાજા ભીમને તે નિર્દોષ હોવાથી મુકત કર્યો. પરંતુ મહમુદે તેને અમદાવાદ મુહાફીઝખાન ઉપર એવી આજ્ઞા સહિત મોકલ્યો કે તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખવા અને પ્રત્યેક દુર્ગદ્વારે તેના શરીરનો એક એક ટુકડો ટાંગવો. આવી રીતે આ કમભાગી રાજાને ગળામાં સાંકળો નાંખી અમદાવાદ મોકલ્યો અને મુહાફીઝખાને તેના માલિકની આજ્ઞાનો અમલ કરી આ ભયંકર સજાનો તેને ભોગ બનાવ્યો.[૨]

સ્થાનિક માન્યતા : ભાટ લોકો અને બીજા ઇતિહાસકારો રાજા ભીમજી માટે બીજી જ હકીકત વર્ણવે છે. તે પ્રમાણે રાજા ભીમે મહમદના હાથમાંથી નાસી જઈ પુનઃ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું. તેણે જબ્બર ફોજ તૈયાર કરી મુસ્લિમોનો પરાભવ કર્યો અને આરંભડા અને દ્વારકા પુનઃ સર કર્યાં.[૩]

ભીમજી આ પ્રમાણે જીવતો હતો તેનું બીજું પ્રમાણ એ છે કે આ પ્રસંગ પછી કેટલાંક વર્ષો બાદ ભીમજી અને હમીરજીના વંશજ વચ્ચે તકરાર થતાં ભીમજીએ પ્રથમ યુદ્ધ કર્યું, પણ પછીથી સંધિ કરી તે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[૪]

---

૧. સિંહો એખા સુધી તે સમયે હશે.

૨. ફ્રીશ્ત "ફરીશ્તા"

૩. એખામંડળનો ઇતિહાસ. કર્નલ વેટ્સનનું પણ તે જ મંતવ્ય છે.

૪. દ્વારકાનો રાજા ભીમજી કોણ હતો તેનું વર્ણન અત્રે અસ્થાને નથી.

અગાઉ જોવામાં આવ્યું છે તેમ રાઠોડોએ ચાવડા તથા હેરોલોને કાપી નાખ્યા અને તેઓ દ્વારકાના ધણી થઈ બેઠા. તેઓ પાછળથી વાઢેલ કહેવાયા. તે વંશમાં વીકમશી નામે કુમાર થયો. તેને કચ્છના રાહ જીયાજીની કુંવરી પરણી હતી. તે સાસરે આવતી હતી ત્યારે તેની સાથે

**અમરેલી** : સુલતાન મહમુદે માર્ગમાં અમરેલી, કુંડલા વગેરે પરગણાંઓ ખાલસા કર્યાં અને સરવૈયા રાજપૂતોના ગીરાસ ઝૂંટવી લીધા, જે પુનઃ પ્રાપ્ત કરવા માટે પ્રસિદ્ધ જેસોજી અને વેજોજી[1] સુલતાન સામે બહારવટે નીકળ્યા.

**જેસોજી – વેજોજી** : જેસોજી તથા વેજોજી અમરેલીના ગરાસિયા હતા. સુલતાન મહમદે જ્યારે અમરેલી લીધું ત્યારે માર્ગમાં આડે આવતાં આ જેસોજીના પિતાનો ગિરાસ પણ ખૂંચવી લીધો. પ્રાણથી વિશેષ પ્રિય પોતાની ભૂમિને સૈન્યો અને યુદ્ધોથી પ્રાપ્ત કરવાની આશાઓ સર્વાંશે તજી તેમણે બહારવટાની પ્રથાને અનુસરી, મહમુદ બેગડા સામે બહારવટું ખેડયું. જેસાજી તથા વેજાજીએ અનેક પરાક્રમો કર્યાં. અંતે મહમુદને તેમની સાથે સમાધાન કરવું પડયું.[2]

---

તેનો ભાઇ હમીરજી પણ આવતો હતો; ત્યારે હમીરજી હેરોલ સરદારની પુત્રી સાથે પ્રેમમાં પડયો. લોકવાર્તા પ્રમાણે તે મચ્છીયારી હતી. એ બળવાન લડતી ભેંસોને, માથે હેલ હોવા છતાં તેણે જુદી પાડી; તેથી તેની શકિત પર આફરીન થઇ બળવાન પ્રજા થશે તે લોભે તેને તે પરણ્યો હતો. તેને પુત્ર આવ્યો ત્યારે બાઇઓ જોવા ગઇ. તેમણે અપૂર્વ પુત્રને જોઇ કચ્છી ભાષામાં કહ્યું કે 'હી તો માણેક જેડો મોતી આય.' (અર્થાત્ આ તો માણેક જેવડું મોતી છે.) તેથી તે પુત્રનું નામ મોતી અને શાખ માણેક પડી. ખરું જોતાં ચાવડા, હેરોલ અને જાડેજા એ ત્રણે જાતિઓ લગ્નગ્રંથિથી જોડાઇ, પણ હમીરજીના વારસો વાઢેલમાંથી વાઘેર થયા. એમ પણ કહેવાય છે કે તેનાં બાળકો વાઘનાં બચ્ચાં સાથે રમતાં, તેથી વાઘેર કહેવાયા. વિક્રમશીએ તેને બરવાળા તથા બોરબેતરી ગામો ગીરાસમાં આપ્યાં. હમીરજીએ વસઇ ગામ પણ પોતાના બિનવારસ શ્વસુરનું છે તેમ કહી જબરીનથી લીધું.

આ વિક્રમશી પછી નવ રાજાઓ થયા અને બધાએ મળી ૧૨૦ વર્ષ રાજ્ય કર્યું. વિક્રમશીના વંશમાં સાંગણજી થયો અને તેનો પુત્ર ભીમજી થયો. બીજી તરફથી હમીરજીના વંશના વાઘેરો પણ બળવાન થતાં ગયા. આ બન્ને કોમો અંદર અંદર લડતી પણ પ્રસંગ પડયે સામાન્ય શત્રુઓ સામે એકત્ર થઇ જતી.

૧. આ ભાઇઓ વાજા હોવાનો સંભવ છે. જુઓ મારો લેખ "પ્રભાસના વાજા રાજાઓ." રાહ નોંઘણ બીજાના કુમાર ભીમને ગાદી મળી નહિ, તેથી તેને ઇ. સ. ૧૦૬૮માં સરવા ગામ સાથે ચોરાસી ગામો આપ્યાં. તેના વંશજો સરવૈયા કહેવાયા. તેમણે અમરેલી, હાથસણી જીતી ત્યાં ગાદી સ્થાપી. ઇ. સ. ૧૪૭૬માં મહમુદ બેગડાએ અમરેલી વગેરે ગામ તેમની પાસેથી પડાવી લીધાં.

૨. જૂનાગઢના ઉપરકોટના કિલ્લા ઉપર ચડી સુલતાનની કતલ કરવાનો નિશ્ચય કરી તેઓ કિલ્લામાં દાખલ થઇ ગયા. પરંતુ તે દરમ્યાન રાણી રૂપમંજરીનું વસ્ત્ર ખસી જતાં 'બહેન ઉપર વસ્ત્ર નાખું છું' તેવો શબ્દ જેસાજીના મુખમાંથી નીકળતાં વેજોજી પાછો હઠયો અને રાણીએ 'ભાઇ' કહી તેના પાસેથી સૌભાગ્ય યાચ્યું. રાણીએ તેમજ સરબેજ માર્ગે પકડેલી બેગમે સુલતાનને સમજાવ્યો અને અંતે જેસાજી વેજાજીએ તેમની બહેન સુલતાનને પરણાવી ગિરાસ પુનઃ પ્રાપ્ત કર્યો.

**મહમુદ પાછો ગુજરાતમાં** : ઈ. સ. ૧૪૭૩ના અંતમાં લગભગ પાંચ વર્ષની ગેરહાજરી પછી અમદાવાદમાં સુલતાને પ્રવેશ કર્યો. માર્ગમાં સરખેજમાં તે ત્રણ દિવસ રોકાયો. ત્યાં રોકાઈ જેઓ યુદ્ધમાં ખપી ગયા હતા તેઓનાં કુટુંબોને મળવામાં તેણે દિવસો વીતાવ્યા. તે સમયે નિઝામુદ્દીન નામના એક કાજી મળવા આવ્યા અને સુલતાનને સૌરાષ્ટ્રના જય માટે તેમણે અભિનંદન આપ્યાં અને ખબર પૂછી ત્યારે શોકગ્રસ્ત ચહેરે સુલતાને જવાબ આપ્યો કે, "ઓ કાજી, મને તો ઠીક છે. પણ છેલ્લાં પાંચ વર્ષમાં મારી સાથે યુદ્ધમાં જેમના પુત્રો અને ભાઈઓ શહીદ થયા છે તેની વાત કરો. જો આ પાંચ વર્ષ દરમ્યાન હું ઘેર રહ્યો હોત તો આ વિજયો માટે ખપી ગયા છે તેને ઘેર કેટલાંયે છોકરાં જન્મ્યાં હોત !"[૧]

**જૂનાગઢમાં મહમુદ** : મહમુદે જૂનાગઢ ફરતો ઉપરકોટ અને શહેરને શમાવી દેતો કિલ્લો બાંધ્યો તથા ગિરનારનાં જૈન તથા હિંદુ મંદિરો તોડી તેના પથ્થરોમાંથી ઉપરકોટમાં મસ્જીદ બાંધી.[૨] [૩]

**કુવાના ઝાલાઓ** : શાહજાદો ખલીલખાન જૂનાગઢમાં થાણદાર હતો ત્યારે તેણે એક આપસજી પીડા વહોરી લીધી.

**વાઘોજી ઝાલો** : ઝાલાવાડની ગાદીએ વાઘોજી નામનો રાજા હતો. તે રાહ

---

તે ગિરાસ પ્રાપ્ત કરી જેસાએ જેસર અને વેજાએ વેજલકુ વસાવ્યું. ગિરાસની વહેંચણીમાં હાથસણી જેસાને ભાગે ગયું. એક વખત વેજાનો દીકરો સાંગો કાકાને ઘેર જમવા ગયો હતો. ત્યાંથી પાછા વળતાં તળાવકાંઠે એકાએક તે મરી ગયો. તેથી વેજાને પોતાના પુત્રને ઝેર દીધાનો વહેમ જતાં, જેસાનો દીકરો રણમલ પોતાને ત્યાં આવ્યો ત્યારે તેને મારી નાખ્યો, અને પોતે ગીરમાં ભાગી ગયો. જેસો પાછળ ચડયો. ત્યાં બન્ને વચ્ચે યુદ્ધ થયું અને વેજોજી મરાયો. ભ્રાતૃહત્યાથી ગભરાઈ જેસાએ પણ છાતીમાં કટાર મારી આપઘાત કર્યો. જેસાનો નાનો દીકરો ભાણજી તેના મામા રતનસિંહ પાસે ઢાંક હતો. વેજાજીનો દીકરો પણ નાનો હોઈ ભાગી ગયો. પછી મોટો થયે નાગસીયા ઢેઢોની મદદથી તેણે ગામો જીતી લીધાં, જેથી તેમને ભામ માફ કરી.

ગીરમાં તુલસીશ્યામ પાસે આવેલો વેજલ કોઠો બાંધ્યો હોવાનું કહેવાય છે. પણ તે વેજલ કોઠો વેજલ વાજાએ બંધાવ્યો છે.

૧. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમિસેરિયેટ.

૨. સદર, પા. ૧૬૯.

૩. કર્નલ ટોડ 'ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડીયા'માં કહે છે, "કેટલાંયે પ્રબળ કારણોથી માનવું પડે છે કે આ મકાન બીજા મંદિરોના અવશેષોમાંથી બનેલું છે. ખાસ કરીને પવિત્ર પર્વતની ઉપરના અર્ધખંડિત મંદિરોના હજી ઊભેલા સ્થંભો અને આ સ્થંભોના કદ અને આકાર સરખા છે." પા. ૩૩૬.

માંડલિકનો મિત્ર હતો[૧] અને જૂનાગઢના પતનથી તે શરમિંદો રહેતો. તેણે મુસ્લિમ સત્તાનો ઉઘાડી રીતે અનાદર કર્યો અને મહમુદના સાર્વભૌમત્વનો તેણે સ્પષ્ટ ઇન્કાર કર્યો. તેથી ખલીલખાન ફોજ લઇ તેના ઉપર ચડી ગયો. ખલીલખાનના સૈન્યને સેજપુર આગળ વાઘોજીએ સખત હાર આપી તેના ઘણા માણસો કાપી નાખ્યા. તેથી તેણે અમદાવાદથી સુલતાનની સહાય માગી.

સુલતાન મોટું સૈન્ય લઇ જાતે યુદ્ધે ચડયો, અને કુવા ઘેર્યું. ઝાલાઓ બહાદુરીથી લડયા. તેમના ભાયાતો આવી મળ્યા; પણ ઘેરો એવો સખત થયો કે અનાજપાણીની પણ તંગી પડવા માંડી. તેથી વાઘોજીએ કેસરનાં છાંટણાં છાંટી કેસરિયા કર્યા અને તેની સાથેના રજપૂતોએ પણ તેમના નાયકનું અનુકરણ કર્યું. વાઘોજી તેની રાણીઓને કહેતા ગયા કે 'મારો ધ્વજ જુઓ ત્યાં સુધી જીવજો પછી દેહાંત કરજો.' વાઘોજીએ અતુલ પરાક્રમ દર્શાવ્યું. તેણે સુલતાનની ફોજને કાપી નાખી અને અજિત મહમુદ પણ પાછો હઠયો. વાઘોજી રણનાદ ગજવતો પાછો ફર્યો. ત્યાં ધ્વજધારકે થાકી જવાથી ધ્વજ નીચે મૂકયો, જેથી ધ્વજ પડયો જાણી વાઘોજીની રાણીઓ તથા બીજી રજપૂતાણીઓ જીવતી સતી થઇ ગઇ.[૨] તે એટલે સુધી કે કલારિયાના સોલંકીની કુમારી કુંવરબા કે જેનું હજી વેવિશાળ કર્યું હતું તે પણ સતી થઈ. આ કરુણ દૃશ્ય જોઇ વિજેતા વાઘોજી પાછો બહાર નીકળ્યો અને દુશ્મનોને પડકારીને લડયો. તેનામાં શકિત ન હતી, દિલ ન હતું અને ભાગ્ય ન હતું. પરિણામે વિજયશ્રી મહમુદને વરી. વાઘોજી પડયો.

---

૧. છત્રસાલ ઝાલાએ અહમદશાહ સામે યુદ્ધો કરેલાં હતાં. ( તેણે સુલતાનપુર નામનું ગામ પોતાના બીજા નામ ઉપરથી વસાવ્યું હતું.[૧] ) તેનો જ્યેષ્ઠ પુત્ર જેતસિંહ ગાદીપતિ થયો. બીજો પુત્ર રાઘવદેવજી થયો. તેણે રામતળાવ હાલના વિઠ્ઠલગઢ પાસે બોદાવ્યું. તેણે માળવામાં હોશંગ સુલતાનના દરબારમાં જઇ પરાક્રમ દર્શાવતાં, ત્યાં તેને જાગીર મળી. તે પ્રદેશ ઝાલાવાડ કહેવાયો. તેના વંશજો નરવરમાં છે.

અમદાવાદના સુલતાનોએ ઝાલાઓને પાટડીથી ખસેડી મૂકયા અને તેઓ કુવા ગામે જઇ વસ્યા. જેતસિંહ પછી વનવીર ઇ. સ. ૧૪૬૦ સુધી ગાદીએ રહ્યો, જેની પુત્રી રાહ માંડલિકની બીજી રાણી હતી.[૨] તેની પાછળ તેનો યુવરાજ ભીમસિંહ ઇ. સ. ૧૪૬૯ સુધી ગાદીએ રહ્યો અને તેના પછી વાઘોજી નામનો કુમાર ગાદીપતિ થયો.

૨. આ વાત રાણપુરના હાલોજી માટે પણ કહેવાય છે. તેમાં ધ્વજધારક પાણી પીવા વાવમાં ઊતરતાં ધ્વજ નીચે મૂકયો, તેવો પાઠ છે.

---

૧. 'મિરાતે સિકંદરી' તથા 'તબકાતે અકબરી'.

૨. કેટલાકના કહેવા પ્રમાણે તે તેના પુત્ર ભીમની કુંવરી હતી.

કૂવાનો કેર : ઇ. સ. ૧૪૮૬ : મુસલમાનોએ ઝાલાઓની કતલ કરી; કૂવામાં કહાણી કહેવા કોઇ રહ્યું નહિ. ઉજ્જડ સ્થાનોમાં મૃતદેહોના ઢગલા ઉપર પગ દઈ મહમુદ પાછો ફર્યો. તે દિવસથી સૌરાષ્ટ્રમાં 'કૂવાનો કેર' એ કહેવત પ્રચલિત થઈ.

રાણુજી ગોહિલ : ઝાલાઓને જેર કર્યા પછી મહમુદે ગોહિલ તરફ તેની દૃષ્ટિ ફેરવી. રાણુપુરનો રાણુજી ગોહિલ વીરપુરુષ હતો.[1]

ચડાઇનાં કારણો : તેને જીતવા માટે મહમુદ લાગ શોધ્યા કરતો હતો. એવામાં એક મુસ્લિમ વૃદ્ધા અને તેનો પુત્ર મક્કા જવાના માર્ગે રાણુપુર રાત રહ્યાં. પ્રાતઃકાલે પુત્રે આઝાન દીધી. તેથી બ્રાહ્મણોના કહેવાથી રાણુજીએ તેને મારી નાખ્યો. ડોસી સુલતાનના દરબારમાં ફરિયાદે ગઈ. સુલતાને રાણુજીને જીતી તેને પકડી લાવવા સેનાપતિને આજ્ઞા કરી; પણ તે દિવસે જ પરણેલા ભંડારીખાન નામના સુલતાનના ભાણેજે આ તક તેને આપવા અરજ કરતાં, તેના આધિપત્ય નીચે સૈન્ય આપી તેને મહમુદે રાણુપુર જીતવા મોકલ્યો. ગુજરાતનું પ્રબળ સૈન્ય રાણુપુર ઉપર ચડ્યું. રાણુજી રજપૂતનાં શૌર્ય અને ગૌરવના પ્રતીક જેવો હતો. તેણે રાણુપુર પાસે ભીષણ સંગ્રામ ખેલ્યો. પણ રાણુજી સુલતાનના બળવાન સૈન્ય સામે ટકી શકયો નહિ. તેણે અને તેના રજપૂતોએ કેસરિયા કર્યા અને મુસ્લિમ સૈન્યની કતલ કરતાં કરતાં તેઓ કપાઇ ગયા. રજપૂતાણીઓએ જૌહર કર્યો અને રાણુપુર ખાલસા થયું.

---

૧. રાણુજી ગોહિલની રાણી અને સુલતાન મહમુદની એક રાણી, બન્ને મારવાડના રાજાની કુંવરીઓ હતી. સુલતાનાએ પોતાની બહેનને મળવા બોલાવી. રજપૂતાણી તેને મળવા ગઇ.[1] પણ બહેન મુસ્લિમ થઇ ગઇ હોવાથી તેની સાથે એક ભાણે જમી નહિ અને રાણુપુર ચાલી ગઇ. તેથી સુલતાનાએ મહમુદના કાન ભંભેર્યા. મહમુદે દગાથી રાણુજીને બોલાવી તેની પાસેથી એક દિવસે કટાર, બીજે દિવસે તલવાર તથા ત્રીજે દિવસે માદળિયું લઈ લીધાં અને રાણુજીએ કાઢી મૂકેલા એક નીચ નોકર સાથે રાણુજીની રાણીને મોકલ્યાં અને તે આધારે રાણુજીને તેના પતિ બોલાવે છે તેમ કહેવરાવ્યું. રાણુજીની રાણીએ પતિની વસ્તુઓ જોઇ અને તેની ખાતરી થતાં વિશ્વાસ કરી તે અમદાવાદ તરફ ચાલી નીકળી. ત્યાં રાણુજીને મળતાં જ રાણુજીને થયું કે દગો છે. તેથી તે મૂંઝાયો. અહીં સુલતાને તેને પોતાની રાણીને પોતા પાસે મોકલવા ગેરવ્યાજબી દબાણ કર્યું ત્યારે સંકટ સમયે સહાય આપવા વચન આપેલી ઉમેટાના દુદા ચારણની દીકરી[2] રાજબાઇને રાણુજીએ બોલાવી અને સુલતાન પાસે મોકલી. સુલતાન જોવા અડવા ગયો કે તુરત જ તે ભડકો થઇ ઊડી ગઇ અને અહીં રાણુજી રાણુપુર પહોંચી ગયો.

---

૧. કોઈ વૃત્તાંત પ્રમાણે બંને બહેનો પોતાના પિયરમાં મળેલી.

૨. રાણુજીને તરસ લાગતાં ઉમેટા ગામે આવી તેણે આઇ પાસેથી પાણી માગ્યું. આઇએ બેઠે બેઠે હાથ ધોડા સુધી લાંબો કરી પાણી આપ્યું. આઇનું સત્ જોઇ રાણુજી તેને પગે લાગ્યો અને જ્યારે રાજબાઇ પ્રસન્ન થયાં ત્યારે કહ્યું કે "ભીડ ટાણે આવજો."

(રાસમાળા ભાગ, ૧.)

હાલોજી પરમાર : મૂળીમાં લખધીરજી પરમાર ગાદીએ હતા. તેના સમયમાં સિંધના જત લોકોના એક મુખીની સુમરીબાઇ નામની પુત્રીનું સ્વરૂપ જોઇ ત્યાંના જામે પોતા સાથે તેનાં લગ્ન કરી દેવા ઠબાણુ કર્યું, પણ જતે ના પાડી. જામ જબરદસ્તીથી સુમરી સાથે લગ્ન કરશે તેવી બીકે તે તેના સત્તરસો જત સાથે સિંધમાંથી ભાગી છૂટયો. તેઓ મારવાડ–ગુજરાતમાં થઇ સૌરાષ્ટ્રમાં મૂળી ગામે આવ્યા. લખધીરજી સગીર વયમાં હતા તેથી પદમાં અને વયમાં નાના હતા. તેમ છતાં ઠાકોરે તેમને રોકયા અને પોતાનો આશ્રયધર્મ જાણી તેમને આશ્રય આપ્યો. સિંધના રાજાની બીકે તેઓ માંડવના ડુંગરમાં ભરાયા અને ઘેરાની વાટ જોવા લાગ્યા. અમુક દિવસે સિંધી લશ્કર આવી પહોંચ્યું. ભયંકર સંગ્રામ થયો. તેમાં એક હજામે ખુટામણ કરી શત્રુઓને પીવાના પાણીનો કૂવો બતાવી દીધો. તેમાં મુસ્લિમોએ ગાય મારી તેનું માથું નાંખ્યું. તેથી રજપૂતો માટે અન્ય માર્ગ રહ્યો નહિ. પરિણામે તેમણે આશ્રિતોને નસાડી મૂકી સુલેહ કરી. શત્રુસન્યે ઠાકોરના ભાઇ હાલોજીને તેઓ સુમરીને રજૂ ન કરે ત્યાં સુધી ઓળમાં લીધા. પણ સુમરી તો વણોદ જઈ જીવતી દટાઇ ગઇ.[1] હાલોજીને સુમરી રજૂ કરવાની શરતે સિંધમાં લઇ ગયેલ. પણ લખધીરજી અમદાવાદના સુલતાનની સહાય લઇ સિંધ ઉપર ચડયા અને હાલોજીને છોડાવ્યા. હાલોજી મુસ્લિમો સાથે રહેલા. તેથી લખધીરજીની સ્ત્રીએ તેનો તિરસ્કાર કર્યો. તે ઉપરથી હાલોજી અમદાવાદ જઇ મુસલમાન થયા. મહમુદે પ્રસન્ન થઇ તેને તેના મામા રાણુજીની રાણપુર ચોવીસી ગિરાસમાં આપી.

હાલોજીએ ત્રાંબાના પતરે રાણપુરનો લેખ માગ્યો, ત્યારે મહમુદે જવાબ દીધો કે "તમે મુસ્લિમ થયા છો તે ભુલાશે નહિ.[2]"

તેના વંશજો કસબાતી મલેક કહેવાયા. તેનો નાનો ભાઇ મુસલમાન થયો. તેને બોટાદ ચોવીસી મળી; પણ પાછળથી તેઓ ધોળકા ગયા, જ્યાં તેના વંશજો છે.

---

૧. વણોદમાં તેની કબર છે.

૨. આ પરમારો માટે ઘણી જ ભળતી વાર્તા કહેવામાં આવે છે. તેમાં સત્યાંશ કેટલો છે તે સમજાતું નથી.

આ પરમારો ઇ. સ. ૧૪૭૦–૭૫ની વચ્ચમાં એટલે મહમુદ બેગડો સૌરાષ્ટ્રમાં હતો તે સમયમાં આ પ્રાંતમાં સિંધ તરફથી આવ્યા. તેમનો સરદાર લખધીરજી હતો, તે ઇ. સ. ૧૪૮૨માં હયાત હતો તેમ વઢવાણ તાબાના રામપુરા ગામની રકતાંબા (રતાંબા) નામની વાવના લેખ પરથી જણાય છે. બીજા કથન અનુસાર પરમારો થર–પારકરમાંથી આવી, થાન–ચોટીલામાં વસ્યા. તે પછી વઢવાણના વીસલદેવ વાઘેલાને હાલ મૂળી છે ત્યાં બેસવા દીધા, અને ત્યાં રહેતી મૂળી રબારણના નામ પરથી મૂળી સ્થાપ્યું. (આ નામ પાડવાનું બીજું કારણ મૂળ સ્થાન પણ કહેવાય છે) તે સમયે સાયલામાં ચભાડ રજપૂતો રાજ કરતા હતા. તેઓ શિકાર કરતા હતા ત્યાં વાયલ

**બારી મુગલ અને રળિયો ગઢવી** : આ સમયની એક બીજી વાત પણ સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પ્રચલિત છે.

સાણંદના ઠાકોરે ચારણોને રાણીસર નામે ગામ આપેલું. તેના વંશમાં રળિયો ગઢવી ધનવાન થઇ ગયો. ચારણનું ગામ, એટલે કોઈ લૂંટે નહિ. તેને ક્યાંય લડવા જવું પડે નહિ. એટલે રળિયો ગઢવી ધનવાન થઇ ગયો હતો. તે વાત બહુ

---

થયેલ તેતર લખધીરજીની માના ખોળામાં પડયું, જે તેણે દીધું નહિ. તેનો બદલો દેવા કહ્યું પણ માન્યા નહિ. છેવટ પુંજા પરમારે તેની બહેન દેવા કહ્યું, પણ તેઓ તો લડીને પરમારોને ખસેડવા માગતા હતા. તેથી તકરાર કરી. અને ધીંગાણું થયું. તેમાં પાંચસો ચભાડો પડયા. એકસો ચાલીસ પરમારો પડયા. તેથી દુહો કહેવાય છે કે :

પડયા ચભાડ પાંચસો, સોઢા વીસું સાત,
એક તેતરને કારણે, અલ રાખી અખ્યાત.

આ વખતે લખધીરજી વઢવાણના વીસલદેવના દરબારમાં હતા. તેમણે વઢવાણના વાઘેલા રાજા પાસે અભયવચન માગ્યું કે 'આમાં મારો દોષ હોય તો સજા થાય નહિ.' વાઘેલાએ વચન આપ્યું. પણ તેની રાણી ચભાડની પુત્રી હતી. તેણે લખધીરજીને મારી નાખવા સમજાવ્યું પણ વાઘેલાએ વચન પાળ્યું. આ લખધીરજી આ પ્રસંગે જે લખધીરજી હતા તેના પૂર્વજ હશે.

જત લોકો તેના પહેલાંના સંબંધી હોઇ લખધીરજીને આશ્રયે આવ્યા જણાય છે. જત લોકો સુમરી માટે નહિ તેમજ જામની ફોજ સામે નહિ, પણ મહમુદ બેગડાએ કચ્છમાંથી તેમને કાઢયા હતા તેથી સૌરાષ્ટ્રમાં આવેલો; અને માંડવની લડાઇ પણ મહમુદ સામે થઇ. ગમે તેમ પણ હાલોજી મુસ્લિમ થયો. તેનો એક નાનો ભાઇ પણ મુસ્લિમ થયો. હાલોજીના વંશના મોલેસલામ થયા, બીજા ભાઇના વંશમાં ઘોળકીના કસબાતીઓ થયા. તેનો એક વંશજ નામે મલિક મહમદ ઇ. સ. ૧૬૫૪માં ઓટાદ છોડી ધોળકા આવ્યો.

માંડવના યુદ્ધની બે વાર્તાની નોંધ લેવી જોઇએ.

એક તો મારવાડના રજપૂતો દ્વારકાની યાત્રાએ આવતા હતા ત્યાં માર્ગમાં માંડવ રોકાયા. તેમને કહેવામાં આવ્યું કે સવારમાં ગઢને ઘેરો પડશે, માટે નીકળી જાઓ. પણ પરોપકારાર્થે લડતા યુવાન રાજાને જોઇ, તેઓએ કહ્યું કે "દ્વારકા કઇ? અહિં જ દ્વારકા" તેઓ ત્યાંજ કપાઇ ગયા અને "અહિં દ્વારકા" કહેવત પ્રચલિત થઇ.

બીજી વાત છે કે જત સરદાર ઇસો અને લખધીરજીનો કાકો આસોજી રણમેદાનમાં ઘાયલ થઈ પડયા, ત્યારે ઇસો ઉંચવાસ હતો; તેણે આસા તરફ વહેતા લોહી આડી પાળ બાંધી. આસાજીએ પૂછતાં કહ્યું કે 'મુસ્લિમના લોહીથી તારું છેવટનું ટાણું બગડે નહિ.' ત્યારે આસાજીએ કહ્યું,

"ઇસા સુણ આસો કહે મરતા પાળ મ બાંધ
જત પરમારા એક જો, રાંધ્યો ફરી મ રાંધ."

કહેવાય છે કે પરમારો તે સમયમાં જત કન્યા પરણતા.

પ્રસરતાં બોરી મુગલ[૧] નામનો કોઇ લૂંટારો સરદાર રાણીસર લૂંટવા આવ્યો. તેણે ગામ લૂંટી, રળિયાને બાંધી, તેના કુટુંબકબીલાને પકડી, તેમને ગુલામ તરીકે વેંચવા લઇ ચાલ્યો. થોડે દૂર ચાલ્યા ત્યારે રળિયો અર્ધી રાત્રે ઊઠી રોવા લાગ્યો. તેને પૂછતાં કહ્યું કે 'મારું તમે બધું લૂંટી લીધું; પણ મારા પૂર્વજોનો ખજાનો તો બાકી છે. મારા માદળિયામાંથી ચિઠ્ઠી નીકળી છે તેમાં ઠેકાણું છે.' તેથી લોભના માર્યા બોરીએ કહ્યું કે, 'જો એક લાખ રૂપિયા આપ તો છોડી દઉં.' તેથી રળિયો પાંચસો માણસો લઇ ચાલ્યો. હળવદ પાસે ટીકરના રણમાં તેણે એક બેટ બતાવી કહ્યું કે, 'હવે દોડાવો ઘોડાં, મારું ઠેકાણું આવ્યું.' પ્રથમ રળિયાએ ઘોડો હાંકયો અને પાછળ મુસ્લિમો આવ્યા. રળિયો જાણીતો હતો, તેથી તે નીકળી ગયો; પણ સ્વારો ખૂંચી ગયા.

રળિયો ત્યાંથી વઢવાણ ગયો અને વાઘેલા રાજાની સહાય માગી. તેણે કહ્યું કે 'તું મૂળીના પરમારની મદદ લઈ આવ, ત્યાં હું આવી પહોંચું છું.'

લખધીરજી તો તૈયાર હતા. તેમણે તુરત જ પલાણ નાંખ્યા, બોરી મુગલને પકડયો અને ઝપાઝપી થઇ. તેમાં લૂંટારાના ઘણા માણસો કપાઈ ગયા. આ બોરી મુગલ રાણીસરના બ્રાહ્મણની એક દીકરીને ઉપાડી પોતાના ઘોડા ઉપર બેસાડી ભાગ્યો. લખધીરજી પાછળ પડયા અને હાથવેંતમાં લૂંટારાને પકડી પાડયો. બન્ને વચ્ચે યુદ્ધ થયું, પણ પોતાનું મૃત્યુ નજીક આવ્યું છે તેમ જાણી બોરીએ કટારનો ઘા કર્યો. તેથી બન્ને ઘોડા ભડકયા અને બન્ને યોદ્ધાઓ નીચે પડયા અને બાથંબાથ આવ્યા. છેવટે બોરીને નીચે પછાડી લખધીરજી તેની ઉપર ચડી બેઠા ત્યારે બ્રાહ્મણની પુત્રીએ તેને કમર પરની કટારીની યાદી આપતી સંજ્ઞા કરી. તુરત જ લખધીરજીએ કટાર કાઢી લૂંટારુની છાતીમાં મારી, તેના પ્રાણ લીધા પણ મરતાં મરતાં મુગલે તેની કમરમાંથી છરો કાઢી લખધીરજીના પેટમાં ખોસી દીધો. બન્ને સાથે પડયા. પરમારોએ ગઢવીને તથા તેના કુટુંબને મુક્ત કરી મુગલની છાવણી લૂંટી લીધી.[૨]

**મહમદનું સૌરાષ્ટ્રમાં સાર્વભૌમત્વ** : આ પ્રમાણે મહમુદે દુદા ગોહિલ, રાહ માંડલિક, ભીમજી વાઢેલ, રાણુજી ગોહિલ અને ભીમસિંહ ઝાલા જેવા સૌરાષ્ટ્રના વીર રજપૂતોનો પરાભવ કર્યો અને સૌરાષ્ટ્ર ઉપર સાર્વભૌમત્વ પ્રાપ્ત કર્યું.

---

૧. આ નામનો કોઇ અમીર કે સેનાપતિ બેગડાની ફોજમાં હતો નહિ. તે કોઇ ભાગ્ય અજમાવવા નીકળેલા સૈનિકોમાંનો હશે. મુગલો તે સમયે હજી હિંદમાં રાજકર્તા તરીકે આવેલા નહિ. તેથી કદાચ ચારણોએ મુસલમાન એટલા મુગલ ધારી લીધા છે. સરખાવો: ''આવશે મુગલડાની ફોજ પાવા તે ગઢ ઘેરશે રે'' – શામળ ભટ : 'પાવાગઢનો ગરબો.'

૨. રાસમાળા ભાગ ૧લો.

મહમુદે તેની ધારેલી ઉમેદો બર આવેલી જોઇ સૌરાષ્ટ્રના પવિત્ર ચુડા-સમા, પરમાર અને બીજાં કુટુંબોમાં ઇસ્લામનો પ્રચાર કરી, તેઓને મુસલમાન બનાવ્યા અને સોમનાથ, દ્વારકા, ગિરનાર, થાન અને બીજાં કેટલાંયે સ્થળોનાં દેવ-*મંદિરોનો નાશ કરી ત્યાં મસ્જીદો બનાવી. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ* સૌરાષ્ટ્રમાંની તમામ સત્તાઓને કચડી નાંખી તેણે પોતાનું સાર્વભૌમત્વ સ્થાપ્યું, ઊંચા કુળની રજપૂતાણીઓને રાણીઓ બનાવી અને ગુજરાતમાં ઇસ્લામ ધર્મનો પાયો દૃઢ એને મજબૂત કર્યો. મુસલમાન સામે કોઇને ઊંચી આંખ કરવાની પણ હિમ્મત રહી નહિ. મંદિરોના ઘંટનાદો બંધ થયા; તેને બદલે હવે મસ્જીદોની બાંગો સંભળાવા માંડી. સમૂહબળ છતાં સહકારના અભાવે હિંદુઓ હણાયા અને ઊગતા રવિ જેવો સુલતાન મહમુદ તેની શક્તિ, સામર્થ્ય, ઐશ્વર્ય અને પ્રભાવથી હિંદુઓને આંજી રહ્યો.

પાંચ પ્રાન્તો : સુલતાન મહમુદ જૂનાગઢમાં હતો ત્યારે તેણે ગુજરાતના પાંચ વિભાગ કર્યા.[૧]

પ્રથમ મુસ્તફાબાદ (જૂનાગઢ): તેને પોતાની સીધી દેખરેખ નીચે પોતે ત્યાં રહેવાના ઇરાદાથી રાખ્યો.

બીજો બેટ દ્વારકા : ફરહત ઉલ મુલ્ક તુઘાન સુલતાની નીચે.
ત્રીજો અમદાવાદ : ખુદાવંદખાન, મહમુદના સાળા નીચે.
ચોથો સોનગઢ : ઇમાદ ઉલ મુલ્ક નીચે.
પાંચમો ગોધરા : કીવામ-ઉલ-મુલ્ક નીચે.

ટંકશાળ : મહમુદે મહમુદાબાદ અને મુસ્તફાબાદની બે ટંકશાળો રાખી હતી. એટલે જૂનાગઢમાં જે સિક્કાઓ પડતા તે ઘણા જ સુંદર અને વિપુલ પ્રમાણમાં હતા. તેમાંના રૂપાના સિક્કા મહમ્મુદી કહેવાતા. તેનું મૂલ્ય આજના સિક્કાના મુકાબલે શું હતું તે કહી શકાય તેમ નથી.

જૂનાગઢની ટંકશાળમાં જે સિક્કા પડતા તેની ઉપર "શહેરે આઝમ" એમ લખાતું.[૨]

બેગડો : મહમુદ "બેગડો" કેમ કહેવાયો તે માટે જુદા જુદા મત છે. રાસમાળાના કર્તા માને છે કે તેણે જૂનાગઢ અને પાવાગઢ બે ગઢ જીત્યા માટે

૧. તારીખે ફરિશ્તા (બ્રીગ્સ)
૨. ડૉ. ટેલરનો લેખ: વિશેષ ચર્ચા આ યુગના અંતે કરવામાં આવી છે.

બેગડો કહેવાયો. પણ જો તેમ હોત તો "બેગઢો" નામ પ્રચલિત થાત, પણ બેગડો પોતાની મૂછો શીંગડા જેવી મોટી અને ઊંચી રાખતો. તેથી વેગડો એટલે ઊંચાં શીંગડાવાળા બળદ ઉપરથી બેગડો કહેવાયો.

વનમાં જંગલી દશામાં રખડતાં ઢોરને વેગડ કહેવામાં આવે છે. મહમુદ તેનાં ઝનૂની કૃત્યોથી વેગડ કે વેગડો કહેવાયો હોય. સિકંદર નામનો ઇતિહાસકાર લખે છે કે "ખુદાને ખબર કે તે બેગડો કેમ કહેવાયો?"[૧]

**દાવર-ઉલ-મુલ્ક :** ઉત્તર-પશ્ચિમ સૌરાષ્ટ્રમાં આમરણમાં પણ મહમુદે થાણું નાખી, ત્યાં ફોજદાર તરીકે દાવર-ઉલ-મુલ્કને રાખી, તે ભાગના હિંદુઓ ઇસ્લામ ધર્મ અંગીકાર ન કરે તો ત્રાસ આપીને પણ તેમને ઇસ્લામ ધર્મમાં લેવાની તેને આજ્ઞા આપી.[૨]

**દાવર-ઉલ-મુલ્કનો અંત : ઈ. સ. ૧૪૭૫ :** દાવર-ઉલ-મુલ્કે થાણું રાખી ઝાલા, પરમાર વગેરે રજપૂતો ઉપર એટલો જુલ્મ ગુજાર્યો કે રજપૂતો ઘરબાર છોડી અહીંતહીં નાસી છૂટયા અને કંઈક રજપૂતોનાં કુટુંબો રઝળી ગયાં, કંઈક સ્ત્રીઓને મુસ્લિમો સાથે પરણાવી દીધી. આ અસહ્ય દુઃખના કારણે એક દેદા રજપૂતે દાવર-ઉલ-મુલ્કનું ખૂન કર્યું. ૨૧ માર્ચ, ૧૪૭૫ના રોજ ખૂન કર્યું.[૩]

**દાવલશા પીર :** દાવર-ઉલ-મુલ્ક એક પવિત્ર સંત અને સેનાપતિ હતો. તેને આમરણમાં જ દફનાવવામાં આવ્યો, જેને આજ પણ લોકો દાવલશા પીર કહી પૂજે છે અને માનતા માને છે.[૪]

---

૧. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત, પ્રો. ફોમીસેરીયેટ.

૨. આ દાવર-ઉલ-મુલ્કનું મૂળ નામ અબ્દુલ લતીફ હતું. તે બેગડાને આશ્રય આપનાર તેના ઓરમાન પિતા સંત શાહઆલમનો શિષ્ય હતો. બેગડાએ તેને સેનાધ્યક્ષ બનાવ્યો હતો; છતાં એ એટલી બધી પવિત્રતા પાળનારો અને સાધુચરિત હતો કે તેણે કોઇને પણ દુઃખી ન કરવા માટે પ્રયત્ન કરેલા. ભુજની ચડાઇમાં તેણે લશ્કરીઓએ ઊભા મોલ ચરાવી લેતાં તેમને ઠપકો આપેલો. આ દાવર-ઉલ-મુલ્કે મોટો માણસ થતાં, તેને માણસો મળવા આવે, તેથી પાડોશીઓને અડચણ ન થાય તે માટે જુદું ઘર ગામ બહાર વસાવેલું. (મિરાતે અહમદી).

૩. આ રજપૂતનું નામ દેદો હતું અથવા જાડેજા શાખાના મૂળ પુરુષો દેદોજી, ગજણજી, ઓઢોજી, વેણજી તે પૈકીના દેદોજી હતા.

દેદાજીએ દાવર-ઉલ-મુલ્કને મારી નાખ્યા. તેથી કહેવત કહેવાય છે કે :-

" દુઆ દે દેદાને કે પીટી કાઘેા પીર. "

૪. 'મિરાતે અહમદી' પ્રમાણે આ સ્થળે મુખ્યત્વે કરીને દક્ષિણ અને માળવામાંથી હજારો માણસો માનતાએ આવે છે. આંધળાં, લૂલાં, પક્ષઘાતી અને મહોતાજ ત્યાં આવે છે અને હોઠે તાળાં દઇને કે લોઢાની કડીઓ પહેરી માનતા ઉતારે છે. ત્યાં મોટો મેળો ભરાય છે. ગુજરાતી લોકો તે મેળાને "મેદની" કહે છે.

**હળવદ રાજગાદીની સ્થાપના** : "કુવાનો કેર" ઈ સ. ૧૪૮૬ લગભગ થયો ત્યારે ઝાલાની ગાદીએ ઝાલો રાજા વાઘોજી હતો. તેને બાર કુંવરો હતા. તેમાંથી નાથોજી, મેપજી, સંગ્રામજી, જોધાજી, અજોજી, તથા સામસિંહજી તો પિતાની સાથે જ રણમાં સૂતા. વિરમદેવજી સમી મુંજપરના મુસલમાન થાણદાર સામે લડતાં પ્રથમથી જ મરાઈ ગયા હતા, તથા રાજોધરજી મુસલમાનોના ડરના કારણે છુપાઇ રહેલા. તેણે તેના ઘોડા સામે સસલો થયો તેથી, તે ભૂમિ ઉપર સં. ૧૫૪૪ના મહા વદી ૧૩, ઇ. સ. ૧૪૮૮માં હળવદના કિલ્લાનો પાયો નાખ્યો. રાજોધરજીએ હળવદમાં પોતાની રાજગાદી સ્થાપી.

**રાજોધરજીનું મૃત્યુ** : રાજોધરજી ઇ. સ. ૧૫૦૦માં ગુજરી ગયા. તેને ત્રણ પુત્રો હતા. પહેલા બે ઈડરના રાવના ભાણેજ હતા તથા નાના મૂળીના ભાણેજ હતા. રાજોધરજી ગુજરી ગયા ત્યારે મૂળીઠાકોર લખધીરજી ત્યાં હાજર હતા. મોટા કુંવરો અજોજી તથા રાજોજી પિતાના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવા ગયા. ત્યાં પાછળથી લખધીરજીએ તેના ભાણેજ રાણોજીના નામની આણ ફેરવી દીધી.

અજોજી તથા રાજોજી નિરાશ થઇ ત્યાંથી અમદાવાદ મહમુદ બેગડાની મદદ માગવાના વિચારે ગયા; પણ રાણોજીએ તે પહેલાં સુલતાનને બે લાખ રૂપીઆ આપી પોતાનો હક્ક કબૂલ કરાવી લીધો. તેથી તેઓ જોધપુર ગયા. ત્યાં પણ તેમને આશ્રય મળ્યો નહિ; તેથી ચિત્તોડ જઈ રાણા સંગની નોકરીમાં રહ્યા અને બાબર સામેના સંગ્રામમાં તેઓએ બતાવેલી બહાદુરીના બદલામાં સાદરી દેલવાડા વગેરે જાગીરો તેમને મળી.[1]

**ખેતોજી મકવાણો** : આ સમયમાં ઝાલાવાડમાં જાંબુની ગાદીએ ખેતોજી નામનો શૂરવીર રાજા હતો. તે પોતાના ગામ કુંદણીને પાદરે ઘોડાં ખેલવતો હતો. ત્યાં ભડલીના સરવૈયા રાવની કુંવરીનો ડોળો પરણવા માટે સરધાર ગોધાજી વાઘેલાને ત્યાં જતો હતો. માર્ગમાં ખેતાજીએ તેને રોકી તે કુંવરી સાથે લગ્ન કર્યાં.[2]

---

આમરણમાં આ દરગાહ આવેલી છે. લેખકે જ્યારે તેની મુલાકાત ઇ. સ. ૧૯૫૬માં લીધી ત્યારે ત્યાં અસલ્ય ગંદકી હતી અને દરગાહના મકાનમાં જે જાળી છે તે તૂટી ગયેલી સ્થિતિમાં હતી. દરગાહમાં ચોબાનબત્તી કરનાર માણસ દેદા શાખાનો રજપૂત છે. મુંજાવરી મુસલમાનોની છે.

૧. અજોજીના કુંવર પ્રખ્યાત રાણા માનસિંહ થયા. તેમણે હલદીઘાટના યુદ્ધમાં રાણા પ્રતાપનો જીવન બચાવ્યો. મેવાડના સરદારોમાં તેઓનું સ્થાન સર્વોપરી છે.

૨. વાર્તાકારો કહે છે કે ખેતાજી આ કુંવરી સાથે લગ્ન કરવા તૈયાર ન હતા, પણ કન્યા જ તેના પર મોહિત થઇ હતી અને તેણે તેમ કરવા ફરજ પાડી હતી. તેના માટે દુહો છે કે:—

"બાપએ વડારણ મોકલી, સુણ ખેતા મકવાણ
વરું તો હું ઝાલાવર, નીકે પલમેં છાંડું પ્રાણ."

તેથી ગોધાજી તથા સરવૈયા રાવ તેના ઉપર ચડયા અને ખેતોજી કામ આવ્યા. સરધારના ગોધાજી વાઘેલાએ કુંદણી તથા જસદણ કબ્જે કર્યાં. આ તકનો લાભ લઈ મહમુદ બેગડાએ પોતાનું સૈન્ય ઝાલાવાડમાં મોકલી, જાંબુ અને શિયાણી જીતી લઈ, ખાલસા પ્રદેશમાં ભેળવી દીધાં. તેથી ખેતોજીના કુંવર સાંગાજીએ સરધાર સામે બહારવટું શરૂ કર્યું. પણ ગોધાજી પ્રબળ શત્રુ હતો. તેને પહોંચવું સહેલું ન હતું. તેણે ફરી સાંગોજીને ભિડાવ્યો અને ઝોબાળામાં આશ્રય પામી રહેલો આ ઝાલો રાજવી નાસી છૂટયો; પણ વીસા ભરવાડ નામના એક વીરપુરુષે આઠદસ હજાર ભરવાડોને તેડાવી તેને મદદ કરી અને સાંગોજીએ યુદ્ધ કર્યું. તેમાં ગોધાજી માર્યો ગયો.

ગોધાજીના મૃત્યુથી સાંગોજીનો માર્ગ મુકત થયો. તેણે જાંબુનો કબજો પચાવી બેઠેલા મુસ્લિમોને આમંત્રણ આપી, જમવા બોલાવી દગાથી મારી નાખ્યા, તથા વીસા ભરવાડે અમદાવાદ જઈ દરબારીઓને લાંચ આપી જાંબુ ઉપરના અધિકારનો સ્વીકાર કરાવ્યો.

**હમીરજી લાઠીઓ તથા વેગડો ભીલ** : ઇ. સ. ૧૪૯૦ લગભગ સોમનાથની પુનઃપ્રતિષ્ઠા થઈ છે તથા તેની પૂજા શરૂ થઈ છે. તેવી હકીકત મહમુદ બેગડાને મળતાં તેણે ગાઝીનું પદ મેળવવા સોમનાથ ઉપર ચડાઈ કરી. મુસ્લિમ સેના માર્ગમાં આવતાં દેવળો તોડતી, હિન્દુઓને વટલાવતી અથવા કતલ કરતી મહાનદની ભરતીની જેમ સૌરાષ્ટ્ર ઉપર ફેલાઈ ગઈ. આખા દેશમાં હાહાકાર મચી ગયો. તેની સામે થાય તેવો કોઈ રાજા રહ્યો ન હતો. મહમુદનાં સૈન્યો નિરંકુશ થઈને આગળ વધી રહ્યાં હતાં; ત્યારે લાઠીના ભીમજી ગોહિલનો નાનો કુંવર હમીરજી ઘેર હતો. તેણે તેની ભાભીના મહેણાથી સોમનાથની સખાતે બસો માણસો લઈ પ્રભાસ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં તેનો મિત્ર વેગડો ભીલ કે જે સિહોર પાસે સરોડના ડુંગરમાં રહેતો તે તેને મળ્યો. તેણે કુંવારો હમીરજી રણમાં પડે તો ગતિ થાય નહિ તે માટે તેની કન્યા તેને પરણાવી અને પછીથી પોતાના માણસો સાથે લઈ બન્ને મિત્રો ચાલ્યા. હમીર કિલ્લામાં ગયો, પણ વેગડો ભીલ[1] બહાર રહ્યો. તેણે મહમુદ સામે

---

૧. વહેલો આવે વીર, સખાતે સોમૈયા તણી,
હીલોળવા હમીર, ભાલા અણીએ ભીમાઉત.
પાદ્રણ આવ્યાં પૂર, ખળહળતાં ખાંડાં તણાં,
સેલે માંહીશુર, ભેંસાસુર શો ભીમાઉત.
વેળ્ય તારી વીર, આવી ઉંવાટી નહિ,
હાકલ તણી હમીર, ભેખડ હુતી ભીમાઉત.
અંત ચલણને વાળ, અંગજે અણસારો થયો,
કમ તોય કુળ કહેવાય, ભરતો આવે ભીમાઉત.
વન કાટાંળા વીર, જીવીને જોયાં થયાં,
આંખો અળગ હમીર, ભાંગ્યો મોભી ભીમાઉત.

ઉઘાડા મેદાનમાં લડી મૃત્યુને ભેટવાનું પસંદ કર્યું. જ્યારે હમીરજીએ વેગડાને કિલ્લામાં આવવાનું કહ્યું ત્યારે તેણે કહ્યું કે 'હું વેગડો[1] બારીમાં કેમ પેસી શકું?' વેગડો તથા હમીર બન્ને આ યુદ્ધમાં ખપી ગયા. તેની સાથે જેતપુરના ઐભલનો પુત્ર ચાંપાવાળો પણ મરાયો.[2] સોમનાથનો ધ્વંસ થયો અને મહમુદની સેના અપાર લૂંટ કરી, હિંદુઓની કતલ કરી, તેમની સ્ત્રીઓને કેદ પકડી પાછી વળી.

<u>મલેક અયાઝ</u> : ઈ. સ. ૧૫૦૫માં મલેક અયાઝની સૌરાષ્ટ્રના સૂબા તરીકે નિમણૂક થઈ. તે સમયે દીવની અગત્ય વધતી જતી હતી. જળસૈન્યો સ્થાપી સમુદ્રોનું સ્વામિત્વ મેળવવાની મહમુદની મુરાદ હતી. તેથી જળસૈન્યના અનુભવી તરીકે અયાઝ નિમાયો.[3]

<u>દીવમાં</u> : મલેક અયાઝે પોતાનું થાણું જૂનાગઢમાં ન રાખતાં દીવમાં રાખ્યું. ત્યાં તેણે કિલ્લો બંધાવ્યો (જે પાછળથી પોર્ટુગીઝોએ ફરી બંધાવ્યો છે.) અને પાણી નીચેના ખડક ઉપર મિનારો ઊભો કરી, તેની અને કિલ્લાની દીવાલો વચ્ચે લોઢાની સાંકળી બાંધી સાંકળકોટ બાંધ્યો, જેથી કોઈ ફીરંગી વહાણ અંદર આવી શકે નહિ.

<u>તેનું ધન</u> : મલેક અયાઝે જલસૈન્યોને પોતાના અધિકારમાં લાવી સમુદ્રનું સ્વામિત્વ મેળવ્યું અને તે સાથે દેશપરદેશના અઢળક ધનનો પણ તે સ્વામી થયો.

<u>કચ્છ</u> : આ પ્રકરણ સંપૂર્ણ કરતાં પહેલાં કચ્છના ઇતિહાસનું એક રસિક પાનું નોંધવું જરૂરનું છે.

---

૧. વેગડો એટલે મોટાં શીંગડાંવાળો બળદ.

'વેગડ વડ ઝુંઝાર, ગઢ–બારીએ ગયો નહિ,
સિંગ સમારણ હાર, અંબર લગી અડાડિયાં.'

૨. અંતર અજંપો જુધ્ધે જીયો તોય,
કે ફેરશે ચંપો ફેર કુલવાડીએ એભલ રાઉત.

પ્રભાસમાં હજી પણ હમીરજી લાઠિયા તથા વેગડા ભીલની ખાંભીઓવાળી દેરીઓ છે.

૩. મલેક અયાઝ જન્મથી રશિયન હતો. ટર્કોએ તેને પકડી, ગુલામ બનાવી, કોન્સ્ટેન્ટીનોપલમાં વેચ્યો, અને ત્યાંથી દમીસ્ક તરફ આવતા વેપારીઓ તેને લઇ આવ્યા. આ ગુલામ ઘણો જ દેખાવડો અને બહાદુર હોવાથી એક અમૂલ્ય વસ્તુ તરીકે વેપારીઓએ સુલતાન મહમુદને તેની ભેટ આપી.

સુલતાન મહમુદે તેને પોતાની સાથે રાખવા માંડ્યો. તેમાં એક દિવસે શિકારમાં બાજ પક્ષી સુલતાન ઉપર પડતું હતું. તેને તેણે સમયસૂચકતા વાપરી વીંધી નાખ્યું; તેથી તેને મુક્ત કર્યો. થોડા સમયમાં તેને મલેકનો ઇલ્કાબ આપી અમીર બનાવ્યો. (પોર્ટુગીઝ લેખકોના આધારે, પ્રો. કોમીસેરીયેટ.)

કચ્છના જામ હમીરજીને મારી તેનું રાજ્ય તેના ભાયાત બારાના જામ રાવળજીએ લઇ લીધું.

તે ઉપરથી જામ હમીરજીના કુવર ખેંગારજી પોતાના ભાઇ સાહેબજી સાથે અમદાવાદ ગયા. ત્યાં શિકારમાં મહમુદને ખુશ કરતાં સુલતાને તેમને રાવનો ઇલ્કાબ આપ્યો અને સૈન્ય આપ્યું. તેની સહાયથી તેણે સંવત ૧૫૫૬માં જામ રાવળજી પાસેથી કચ્છ પુનઃ પ્રાપ્ત કર્યું અને જામ રાવળજી સૌરાષ્ટ્રમાં આવ્યા.[૧]

**નૌકાવિગ્રહ** : કેરોના સુલતાન અને પોર્ટુગીઝો પરસ્પર ઇર્ષ્યાની આગમાં સળગી રહ્યા હતા. તેથી મહમુદનાં જલસૈન્યો સાથે સહકાર કરી પોર્ટુગીઝોની સત્તા તોડી પાડવા તેણે એક નૌકાસૈન્ય તૈયાર કરી અમીર હુશેન નામના સરદારને મોકલ્યો. તે દીવ આવ્યો અને ત્યાં મલેક અયાઝને મળ્યો. અયાઝનાં તથા કેરોનાં સંયુકત સૈન્યોએ મુંબઇ પાસે આવેલા ચૌલના બારામાં પોર્ટુગીઝોને શિકસ્ત આપી.

પણ પોર્ટુગીઝ વાઇસરોય અલમીડાએ એક પ્રબળ નૌકાસૈન્ય લઇ દીવ ઉપર ચડાઇ કરી. ઇ. સ. ૧૫૦૯ના ફેબ્રુઆરીમાં દીવની ખાડીમાં યુદ્ધ થયું. તેમાં મિસરનો કાફલો નાશ પામ્યો. મલેક અયાઝે લાચાર થઇ યુદ્ધમાં પકડેલા પોર્ટુગીઝ કેદીઓ પાછા સોંપી દઈ સંધિ કરી.[૨]

**મહમુદનું મૃત્યુ** : સુલતાન મહમુદે આ યુદ્ધ પછી પોર્ટુગીઝો સાથે સુલેહ કરવાની પ્રવૃત્તિ કરી; પણ ઇ. સ. ૧૫૧૧માં તે બીમાર પડયો અને ત્રણ માસની માંદગી ભોગવી તે જ વર્ષમાં નવેમ્બરની ૨૩મી તારીખે ૬૭ વર્ષની વયે ૫૩ વર્ષ રાજ્ય ભોગવી ગુજરી ગયો.

**સુલતાન મુઝફ્ફર બીજો** : ઇ. સ. ૧૫૧૧થી ઇ. સ. ૧૫૨૬.

**ખલીફખાન ઉર્ફે મુઝફ્ફર બીજો ગાદીએ** : ખલીલખાન તરીકે સૌરાષ્ટ્રની સૂબાગીરી ભોગવી ગયેલો સુલતાન મુઝફ્ફર, તેનો પિતા ગુજરી ગયો ત્યારે વડોદરામાં હતો. ત્યાંથી તેને મહમુદના મૃત્યુના ખબર મળતાં તેને દફન કરવા સમયે તે આવી પહોંચ્યો. તેના શાંત અને ઉમદા ખવાસના કારણે તેણે હલીમનું ઉપનામ પ્રાપ્ત કર્યું.

**મલેક અયાઝ** : મલેક અયાઝે સુલતાન મહમુદનું મૃત્યુ થતાં ઘણું જોર પકડયું. પોતે ફેાજદાર હતો, છતાં તે સર્વસત્તાધીશ હાકેમ થઇ પડયો. સુલતાનની સત્તા તો માત્ર નામની જ રહી. અયાઝનું મુખ્ય મથક જૂનાગઢ હતું, છતાં ત્યાં તાતારખાનને રાખી પોતે દીવમાં જ રહેવાનું રાખ્યું.

---

૧. જામ રાવળનો વિગતવાર ઇતિહાસ આગળ આપવામાં આવ્યો છે.

૨. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમીસેરીયેટ : પોર્ટુગીઝ લેખકોને આધારે.

ચિતોડ ઉપર ચડાઈ ઈ સ. ૧૫૨૨ : અયાઝની સત્તા તોડવા માટે મુઝફ્ફરે તેની સરદારી નીચે ઈ. સ. ૧૫૨૧ના જાન્યુઆરીમાં એક બળવાન સૈન્ય ચિતોડમાં રાણા સંગ્રામસિંહ સામે મોકલ્યું. આ સૈન્ય સાથે માળવાનો સુલતાન મહમદ ખીલજી જોડાયો. સંયુક્ત સૈન્યોએ ડુંગરપુર તથા વાંસવાડા જીતી, તેનો નાશ કર્યો; પણ મંદેસર પાસે બન્ને પક્ષોમાં અંદર અંદર ખટરાગ થતાં મલેક અયાઝે રાણા સાથે સંધિ કરી. આ નામોશીભરી સંધિનો કીવામ-ઉલ-મુલ્ક અને માળવાના સુલતાન મહમુદ ખીલજી, જે તેની સહાયમાં હતા, તેમણે વિરોધ કર્યો; પરતું કોઈનું ચાલ્યું નહિ અને મલેક અયાઝ સંધિ કરીને અમદાવાદ પાછો ફર્યો.[1] સુલતાનના રોષનો પાર રહ્યો નહિ, પરંતુ અયાઝ જેવા બળવાન સરદારને શિક્ષા કરવા તેની હિમ્મત ચાલી નહિ. તેણે અયાઝને સોરઠમાં પાછા જવા આજ્ઞા કરી.

દીવ : દીવ સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના દક્ષિણ કિનારે આવેલું છે. સમુદ્રના ચારે તરફથી ફરી વળેલાં પાણીથી તે રમણીય અને સુંદર દેખાય છે. દીવ અત્યારે પોર્ટુગીઝ સરકારની સત્તા નીચે છે, પણ તે સૌરાષ્ટ્રનો જ એક ભાગ છે. તેનું મહત્ત્વ સુલતાનોના જમાનામાં જ વધી ગયું હતું, તેથી તેની ટૂંકી તવારીખ અત્રે અસ્થાને નથી.

દીવ 'દ્વીપ'નો અપભ્રંશ છે. આ બેટનો વિસ્તાર પચ્ચીસ ચોરસ માઈલનો છે. ચારે તરફ પાણીથી વીંટળાયેલા આ દ્વીપ ઉપર કુદરતે પણ કૃપાની વર્ષા વરસાવી છે. દક્ષિણે ઉદધિરાજ ગર્જના કરી રહ્યો છે; ઉત્તરે ઊંડા પાણીવાળી ખાડી સૌરાષ્ટ્રના કિનારાને જુદો પાડી રહી છે; ચારે કોર ખારું જળ હોવા છતાં દીવમાં પુષ્કળ ફળ-ફળાદિથી લચેલાં વૃક્ષો, લીલી વાડીઓ અને મીઠા પાણીના કૂવાઓ છે. કુદરતે રમણીય બનાવેલા આ સ્થાનને મનુષ્યોએ પોતાની બુદ્ધિ અને શક્તિ પ્રમાણે શણગારેલું છે. જલંધરને પરાજિત કરવા વૃંદાનું સતીત્વ ભંગ કરતાં વિષ્ણુને વૃંદાએ અહીં જ શાપ આપ્યો હતો. તે પુરાણોની ગાથા છે. વિક્રમની પ્રથમ સદીમાં પણ તે સૌરાષ્ટ્રનું એક અંગ હતું. આઠમી સદીમાં અહીં ચાવડા રજપૂતોનું રાજ્ય હતું. અગ્યારમી સદીના અંતમાં વાઘેલાઓએ આ બેટ જીતી લીધો અને ઈ. સ. ૧૩૩૦માં મુસલમાનોએ દીવ સર કર્યું. ત્યાર પછી સુલતાન મહમુદ બેગડાના સમયમાં મલેક અયાઝે તેને પોતાનું મથક બનાવ્યું અને નૌકાસૈન્યના થાણા તરીકે તેને બળવાન બનાવી, ત્યાં કિલ્લો બાંધ્યો. આંતરરાષ્ટ્રીય વિગ્રહ કરી શકે તેવું ગુજરાતનું પ્રથમ અને પ્રબળ નૌકાસૈન્ય ત્યાં સ્થપાયું.

પોર્ટુગીઝ એલચી સુલતાનના દરબારમાં : અગાઉ જોયું તેમ પોર્ટુગીઝોએ મિસરના નૌકાસૈન્યના દીવમાં ભુક્કા કાઢયા અને મલેક અયાઝને તેમની સાથે સંધિ

---

૧. મલેક અયાઝે મતભેદના કારણે સંધિ કરી ન હતી, પણ રાણા સંગનાં સૈન્યોએ તેને શિકસ્ત આપી હતી (ઉદયપુર રાજ્ય કા ઇતિહાસ : ગૌ. હી. ઓઝા) રાસમાળા ભાષાંતર.

કરવા ફરજ પાડી. કુદરતી રીતે ખાડીના ફરી વળતા પાણીમાં વહાણોને સારો આશ્રય મળે તેમ હતું. તેથી પોર્ટુગીઝોએ તેમની આંખમાં દીવને ઘાલ્યું; ઇ. સ. ૧૫૧૨ના ડીસેમ્બર માસમાં ટ્રીસ્ટાઓ ડેગા નામનો એલચી ગોવાથી મુઝફ્ફરના દરબારમાં આવ્યો. તેણે અમૂલ્ય નજરાણાં ભેટ ધરી સુલતાન પાસેથી દીવમાં પોર્ટુગીઝ રૈયતના રક્ષણાર્થે કિલ્લો ચણવાની રજા માગી.[૧]

**પોર્ટુગીઝોની માગણી** : આ અરજ સુલતાને નામંજૂર કરી અને બીજી માગણી કરવા માટે વિચાર કરવા જણાવ્યું.[૨]

**સુલતાનનો એલચી દીવમાં** : ઈ. સ. ૧૫૧૩માં આલ્બુકર્કે મલેક અયાઝના મોકલેલા એલચીનું ગોવામાં ઘણું જ સારું સ્વાગત કર્યું અને પોર્ટુગીઝ શકિત અને સામર્થ્ય શું છે તેનો ખ્યાલ આપવા તેનાં હથિયારો અને લડાઇની અન્ય સામગ્રી વગેરે બતાવ્યાં.

**પોર્ટુગીઝોના સુલતાનની કૃપા મેળવવા માટેના પ્રયાસો** : ઇ. સ. ૧૫૧૩ના ઓગસ્ટ માસમાં આદન ઉપર નિષ્ફળ ચડાઇ કરી આલ્બુકર્ક પાછો વળ્યો ત્યારે તે દીવમાં રોકાયો અને ત્યાં વિકય અર્થે માલ પણ મૂકતો ગયો. અયાઝે તેનું ભાવભીનું સ્વાગત કર્યું. આલ્બુકર્ક ફરનાઓ માર્ટીન ઇવાન્ગેલો નામના કારકુનને મૂકી પાછો ગોવા ગયો. આ કારકુનનું કામ માલ વેંચવાનું ન હતું પણ વાસ્તવમાં જાસૂસીનું હતું. તેણે દરરોજની હકીકત દર્શાવતા રિપોર્ટ આલ્બુકર્કને પહોંચતા કરવા માંડયા અને એક રિપોર્ટમાં દર્શાવ્યું કે કેરોના રાજાનું વહાણ આવ્યું છે. તેણે અમદાવાદ અને બીજાપુરના સુલતાનોને ક્રિશ્ચિયનો સામે યુદ્ધ જાહેર કરવા સમજાવવા ધાર્યું છે. તે ઉપરથી મલેક અયાઝ કીમતી ભેટસોગાદો, ઘોડાઓ વગેરે લઇ સુલતાન પાસે જવાનો છે તેમજ આલ્બુકર્કે ભેટ આપેલી અમૂલ્ય તલ્વાર પણ સુલતાનને નજર કરવા સાથે લઈ જવાનો છે, વગેરે.

આ સમાચાર મળતાં જ આલ્બુકર્કે આકર્ષક અને અમૂલ્ય નજરાણાં લઇને એક વગદાર મંડળને સુલતાન પાસે મોકલવા તૈયાર કર્યું; પણ ઇ. સ. ૧૫૧૫માં આલ્બુકર્કને પોર્ટુગલ પાછો બોલાવી લીધો અને દીવમાં કિલ્લો બાંધવાની આજ્ઞા સાથે ડીઓગો લોપીઝ ડ' સીકવેરાને ગવર્નર તરીકે નીમી મોકલ્યો.

---

૧. તે સાથે બીજી બે શર્તો કરેલી.
(૧) ગુજરાતે તેના માલનો ગોવામાં જ નિકાસ કરવો.
(૨) રોમી (ઇટાલીયન) અગર તુર્ક લોકોને ગુજરાતના રાજ્યમાં રાખવા નહિ.
(એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમીસેરીયેટ.)

૨. આ સમાચાર આલ્બુકર્ક દીવથી પાછો ગયો ત્યારે તેને મળ્યા. તેથી અયાઝ ઉપર તે ગુસ્સે થયો.

દીવની અગત્ય : પોર્ટુગીઝો દીવને આટલું મહત્ત્વ શા માટે આપતા હતા? પોર્ટુગાલના તુર્ક લોકો ભયંકર શત્રુઓ હતા અને મિસરના પ્રબળ નૌકા-સૈન્યથી બચવા આદન, હોરમઝ, દીવ અને ગોવાનાં બંદરો સજ્જ કરવાની તેઓની ધારણા હતી; તેથી તેઓના આ કાર્યક્રમમાં દીવ અગત્યનું સ્થાન ધરાવતું.

દીવ ઉપર ચડાઈ : આ નવા ગવર્નરે ઓર્ચિતો છાપો મારી દીવ લઈ લેવા પ્રયત્ન કર્યો; પણ મલેક અયાઝ બાઘો જાય તેવો હતો નહિ. તેણે સીદીઅલી નામના એક નૌકાયુદ્ધના નિષ્ણાત યોદ્ધાને નોકરીમાં રાખ્યો. તેની એક આંખ તેણે યુદ્ધમાં ગુમાવી હતી તેથી તે એકાક્ષી કહેવાતો. તેની સહાયથી તેણે એવી તૈયારી કરી બતાવી કે ગવર્નરે જીતની આશા છોડી દીધી અને લડાઈ કર્યા વગર અયાઝની મહેમાની ખાઈ તે પાછો ફર્યો.

આ ચડાઈ દગાથી કરવા માટે ગવર્નરે ધારણા રાખેલી, પણ વૃદ્ધ અને ચાલાક અયાઝે દીવને સાંકળકોટથી રક્ષ્યો અને તોપો અને દારૂગોળો એવાં તો તૈયાર રાખ્યાં કે પોર્ટુગીઝોની ઉમેદ બર ન આવી.

દીવ ઉપર બીજી ચડાઇ : ઇ. સ. ૧૫૨૧માં તેણે ફરીથી ૪૨ જંગી વહાણોનો કાફલો લઇ તેમાં ૨૦૦૦ પોર્ટુગીઝ અને ૧૮૦૦ હિંદીઓના લશ્કર સાથે ચડાઇ કરી; પણ તે સમયે અયાઝની તૈયારી જોઇ તે ડીઓગો ફરનાન્ડીઝ નામના એક એલચીને મૂકી હોરમઝ તરફ ચાલ્યો ગયો. આ એલચીએ દીવમાં રહેતા કારકુનને તથા તેનાં વહાણોને દીવમાંથી કાઢી જવા પ્રયત્ન કર્યો. પણ અયાઝને વખતસર ખબર પડી જતાં તેણે આગા મહમદ નામના સરદારને હુમલો કરવા મોકલ્યો. તેણે એવો તો તોપમારો ચલાવ્યો કે પોર્ટુગીઝો લંગરનાં દોરડાં કાપી નાસી ગયા.

ત્રીજી ચડાઈ : ડીઓગો લોપીઝે તે પછી પાછી ચડાઈ કરી, અને જાફરાબાદમાં કિલ્લો બાંધી દીવ લેવા કોશિશ કરી; પણ વહાણ ઉપરના મુસ્લિમ કેદીઓએ દારૂખાનું સળગાવ્યું અને મલેક અયાઝને ખબર મોકલ્યા. તેથી તે વખતે પણ દીવ બચ્યું અને પોર્ટુગીઝો વીલે મોઢે પાછા ગયા.

મલેક અયાઝનું મૃત્યુ : ઇ. સ. ૧૫૨૨માં મલેક અયાઝ ઉના મુકામે ગુજરી ગયો. તેના મૃતદેહને શાહ શમ્સુદ્દીનની કબર પાસે દફન કરવામાં આવ્યો. તેનાં જાગીર તથા પદ તેના પુત્ર મલેક ઇશાકને આપવા સુલતાને આજ્ઞા કરી.

આમ, પરદેશથી ગુલામ તરીકે આવેલા આ મહાન પુરુષે સુલતાનની સત્તા સમુદ્રો ઉપર સ્થાપી અને મિસર તથા પોર્ટુગાલ જેવા સમુદ્રો પર અધિકાર ભોગવતાં

પરદેશી રાજ્યોને તેણે ગુજરાતના કિનારા પર પગપેસારો કરવા દીધો નહિ, એટલું જ નહિ પણ સૌરાષ્ટ્રના સમુદ્રવ્યાપારને તેણે ઘણું જ પ્રોત્સાહન આપ્યું. સૌરાષ્ટ્રના નાવિકો પૃથ્વીના બંદરે બંદરે ઘૂમી વળ્યા. "કોમેન્ટરીઝ ઓન આલ્બુકર્ક"ના વિદ્વાન લેખકે લખ્યું છે કે :–

"કોચીનથી મલાકા જતાં સિલોન પાસે કેટલાંક દેશી વહાણો તેણે પકડ્યાં. તે પછી તેને જણાયું કે તે ગુજરાતી વહાણો હતાં. તેથી તે ઘણો જ ખુશ થયો. તેને થયું કે તેની મુસાફરી સફળ થશે, કારણકે ગુજરાતીઓ આ પ્રદેશમાં ઘણા જ મોટા પાયા પર વેપાર ખેડે છે. તેથી તેઓનું સમુદ્રયાનનું જ્ઞાન બીજી કોઇ પણ પ્રજા કરતાં વિશેષ છે." [૧]

**સમુદ્રસત્તાની મર્યાદા** : મલેક અયાઝના સમયમાં ગુજરાતના સુલતાનોની સમુદ્રમર્યાદા બેરાપાટન (Barapatan) અર્થાત્ પ્રભાસપાટણથી માહિમ સુધી એટલે ૧૩૦ લીગ હતી તેમ પણ તે જ લેખક કહે છે.

જે રાજાનું નૌકાસૈન્ય પ્રબળ હોય અને જેનું સમુદ્ર પર સ્વામિત્વ હોય તેની રૈયત આવાં સમુદ્રયાન અને વ્યાપાર કરી શકે તે નિર્વિવાદ છે.

સુલતાનોના સમયમાં ગુજરાતના રાજ્યનું સમુદ્રો પર જે સ્વામિત્વ અને જે અધિકાર હતો તેવો તે પછી કદી થયો નહિ.

સુલતાન મુઝફ્ફર ઈ. સ. ૧૫૨૬ના એપ્રીલમાં ગુજરી ગયો.

**સુલતાન સિકંદર તથા સુલતાન મહમદ બીજો** ઇ. સ. ૧૫૨૬થી ઇ. સ. ૧૫૨૬

**સુલતાન બહાદુરશાહ** ઇ. સ. ૧૫૨૬થી ૧૫૩૭

**સુલતાન સિકંદરનું ખૂન** ઇ. સ. ૧૫૨૬ : સુલતાન મુઝફ્ફરખાનના મૃત્યુ પછી તેના જ્યેષ્ઠ પુત્ર સુલતાન સિકંદરે ગુજરાતનો કાંટાળો તાજ પોતાના શિરે મકયો. પણ હજુ છ માસ તેને રાજગાદી પર ન થયા ત્યાં ઇમાદ–ઉલ–મુલ્ક નામના તેના વિશ્વાસુ સરદારે ચાંપાનેરમાં તેનું ખૂન કર્યું.

**મહમદ બીજો** : ખાલી પડેલી ગાદીએ મર્હૂમ સુલતાન મુઝફ્ફરના કનિષ્ઠ અને બાલક પુત્રને ગાદીએ બેસાડી તેને મહમદ બીજા તરીકે મે માસમાં રાજ્યાભિષેક કરી ઇમાદ–ઉલ–મુલ્કે પોતે સર્વ સત્તા હસ્તગત કરી.

---

૧. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમાસેરીયેટ.

બહાદુરશાહ : પરંતુ મુઝફ્ફરનો વઝીર ખુદાવંદખાન અને સિકંદરના બનેવી ફત્તેહખાને[1] એકત્ર થઈ તેની સત્તાનો વિરોધ કર્યો, અને ઉત્તર હિંદમાં રહેતા મુઝફ્ફર બીજાના દ્વિતીય પુત્ર બહાદુરશાહને અમદાવાદ આવી સલ્તનતનું સ્વામિત્વ લેવા આમંત્રણ આપ્યું.

બહાદુરશાહ વિશ્રાંતિ પણ લીધા સિવાય દમોદમ ચાલી જુલાઈ માસમાં પાટણ પહોંચ્યો. ત્યાં તેણે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. પાંચ દિવસમાં તે ત્યાંથી અમદાવાદ પહોંચ્યો અને તરત જ ચાંપાનેર જઈ વિરોધી ઉમરાવોને તેણે દેહાંત દંડની શિક્ષા કરી.

બહાદુરે તે પછી રાજ્યવંશના દરેક શાહજાદાને ફાંસી કે ઝેરના પ્યાલાની બક્ષિસ આપી અને ગુજરાતનો તે નિષ્કંટક સુલતાન બન્યો.

સૌરાષ્ટ્રમાં બળવો : ગુજરાતના તાજ માટે ખૂનોની પરંપરા ચાલી હતી અને સર્વત્ર અંધાધૂંધી ફેલાઇ હતી તે સમયનો લાભ ઉઠાવી મલેક અયાઝના પુત્ર મલેક ઇશાકે બળવો કર્યો. સૌરાષ્ટ્રના પરાધીન રજપૂત રાજાઓને તેમજ કેટલાક બીજા અમીરોને પક્ષમાં લઈ તેણે એક મોટું સૈન્ય સજ્જ કરી દીવ હસ્તગત કરવા પ્રયાણ કર્યું. ત્યાં આગા મહમદ કે જે તેના પિતાના કાળમાં નૌકાસૈન્યાધિપતિ હતો તેણે યુદ્ધ આપ્યું. તેમાં ઇશાક હાર્યો અને તેના હિંદુ ઠાકોર મિત્રો પૈકી ઘણા માર્યા ગયા.

મલેક ઇશાકનો અંત : (ઈ. સ. ૧૫૨૬) આવા ચિંતા ઉત્પન્ન કરે તેવા સમાચાર મળતાં બહાદુરશાહ ખંભાત હતો ત્યાંથી ગુંદી, ધંધુકા, રાણપુર અને જસદણ માર્ગે વસાવડ આવ્યો, અને ત્યાંથી દેવળી જઈ ત્યાં મુકામ કર્યો. ત્યાં તેને ખબર મળ્યા કે મલેક ઇશાક ઉત્તર તરફ ભાગી ગયો છે અને કચ્છનું રણ ઓળંગવા જતાં મોરબીના થાણદાર તુઘલગખાને તેને હરાવ્યો છે.

આથી બહાદુરશાહે તેના સેનાનીઓને તેને પકડવા મોકલ્યા. ઇશાક કોઈ રજપૂત ઠકરાતમાં આશ્રય લઈ રહ્યો હતો; પણ સુલતાનની આજ્ઞાથી તેને પકડી, મારી નાખવામાં આવ્યો.

બહાદુરશાહ દીવમાં : ત્યાંથી બહાદુરશાહ માંગરોળ, ચોરવાડ અને પ્રભાસ-પાટણ થઈ કોડીનાર ગયો, કોડીનારમાં અમુક કાળ વ્યતીત કરી ત્યાંથી દેલવાડા ગયો. દેલવાડામાં મલેક અયાઝના બીજા પુત્ર મલેક તુઘાને આવી નજરાણાં કર્યાં અને સુલતાને દીવનું થાણું કીંવામ-ઉલ-મુલ્કને તથા જૂનાગઢનું થાણું મુજાહીદખાન

---

૧. ફત્તેહખાન સિંધનો શાહજાદો હતો.

બહેલીમને સોંપી, દીવમાં એક માસ નિવાસ રાખી, તળાજા અને ઘોઘા માર્ગે તે અમદાવાદ પાછો ગયો. ચાર વર્ષ પછી મલેક તુઘાન પાછો દીવનો હાકેમ થયો.

**મલેક ઇશાક માટે બીજો મત** : મલેક ઇશાક માટે જે વર્ણન આપવામાં આવ્યું તે 'મિરાતે અકબરી' પ્રમાણે છે. પણ અરબી ભાષામાં લખાયેલ 'હાજી–અદ્દબીર' નામના ઇતિહાસના ગ્રંથમાં એવી હકીકત મળે છે કે મલેક ઇશાક ગાંડો થઇ ગયો હતો. ગાંડપણના તોરમાં તેણે દ્વારકાનો રજપૂત રાજા કે જે સુલતાનનો મિત્ર હતો તેની ઉપર હલ્લો કર્યો અને ત્યાંથી જૂનાગઢ આવ્યો. ત્યાં તે એટલો તો બેકાબૂ થઈ ગયો કે તેને કેદ કરવો પડયો અને કેદમાં જ તે મરી ગયો. તેની જાગીર તેના ભાઇ તુઘાનને મળી.[૧]

**દીવની ચોથી ચડાઈ** : પોર્ટુગીઝો દીવને હજી ભૂલ્યા ન હતા. ઈ. સ. ૧૫૩૧માં તેઓએ દીવ ઉપર ગવર્નર નુનો ડી કુન્હાની સરદારી નીચે ફરી ચડાઇ કરી; પણ સારા નસીબે તે વખતે અરબ એડમીરલ મુસ્તફા ત્યાં આવેલો, એટલે તેની સહાયથી તુઘાને તોપખાનું ગોઠવ્યું અને પોર્ટુગીઝોનું તોપના ગોળાઓથી સ્વાગત કર્યું.

**પોર્ટુગીઝ સૈન્ય** : નુનો ડી કુન્હા તેની સરકારની દીવ સર કરવાની ખાસ આજ્ઞા મેળવી ગોવાના ગવર્નરના સ્થાને આવ્યો હતો. તેણે રાતદિવસ કામ ચલાવી વહાણો બાંધ્યાં; ખાનગી આસામીઓને પ્રલોભનો આપી તેમનાં વહાણો પણ કાફલા માટે મેળવ્યાં; બંદૂકો, તોપો અને તલવારો તૈયાર કરાવ્યાં; કેદીઓને યુદ્ધમાં આવવાની શર્તે છોડી મૂકયા અને મલેક તુઘાનને લાંચ આપીને ફોડવાના પ્રયત્ન પણ કર્યા. ઈ. સ. ૧૫૩૧ના જાન્યુઆરીની છઠ્ઠી તારીખે આટલી તૈયારી કરી ગોવાથી ૪૦૦ વહાણો લઇ તે નીકળ્યો. તેમાં ૫૦૦૦ પોર્ટુગીઝો, ૫૦૦૦ દેશી સૈનિકો અને ૮૦૦૦ ગુલામો હતા.[૨]

**શિયાળ બેટ** : ફેબ્રુઆરીમાં આ નૌકાસૈન્ય શિયાળ બેટ પહોંચ્યું. સલાહકારોની શિખામણ માન્ય ન રાખી નુનોએ આ બેટ કબ્જે લેવા નિશ્ચય કર્યો.

શિયાળ બેટ ઉપર ૮૦૦ સૈનિકો હતા. અને એક હજાર મજૂરો ત્યાં કિલ્લો બાંધતા હતા. તેઓને શરણે થવા નુનોએ કહેવરાવ્યું; પણ તેમણે શરણાગતિ સ્વીકારી નહિ. તેથી ત્રાસ વર્તાવીને સત્તા બેસાડવાના અભિલાષી નુનોએ હુમલો કર્યો.

---

૧. એ હીસ્ટ્રી ઓફ ગુજરાત : પ્રો. કોમીસેરિયેટ.

૨. ગેસ્પર કોરિયાના આધારે પ્રો. કોમીસેરિયેટ : એ હીસ્ટ્રી ઓફ ગુજરાત. આ ઇતિહાસકારે પણ ૧૫૦ પાઉન્ડ ખર્ચી એક વહાણ બનાવ્યું હતું.

સિપાઇઓ તથા મજૂરોએ તેમનાં કુટુંબોને કતલ કરી લડાઈ કરી. તેમાં જણ બચ્ચો કામ આવી ગયો. ૧૫૦ પોર્ટુગીઝો માર્યા ગયા. ત્યારથી પોર્ટુગીઝ લોકો શિયાળ બેટને "Ilha dos Mortos" એટલે "મૃત્યુનો બેટ" કહે છે.

પોર્ટુગીઝો દીવમાં : મલેક તુઘાને ૧૦૦૦૦ માણસોનું સૈન્ય તેને સત્કારવા રાખ્યું હતું. વળી યમનમાંથી અમીર મુસ્તફા આવી પહોંચ્યો. તેની કીમતી મદદ મળતાં પોર્ટુગીઝોનું પ્રબળ સૈન્ય ટકી શકયું નહિ. અને માર્ચની પહેલી તારીખે આ હુમલા સામે ટકાશે નહિ તેમ જણાતાં પોર્ટુગીઝ સૈન્ય ગોવા તરફ પાછું વળી ગયું.

મહુવા તથા ઘોઘાની લૂંટ : તેનાથી ક્રોધિત થતાં નુનોએ એન્ટોનીઓ ડ' સલ્ધાના નામના કેપ્ટનને ૬૦ વહાણો રાખી ચાંચિયાપણું કરવા આજ્ઞા આપી. તેણે મહુવા અને ઘોઘાનાં વહાણો બાળી, તે શહેરો લૂંટયાં અને ગુજરાતના સાગરકાંઠે આવેલાં બંદરોમાં પણ લૂંટ ચલાવી અને અનેક વહાણો બાળી નાખ્યાં. દીવમાં કોઈ પણ વસ્તુ બહારથી ન આવે તે માટે એક બીજા કેપ્ટનને પણ તે જ પ્રમાણે સશસ્ત્ર કાફલા સાથે ચોકી કરવા નુનોએ નિયુક્ત કર્યો.

રૂમીખાન : આ સમાચાર સુલતાનને મળતાં, તેણે મુસ્તફાને ચાંપાનેર બોલાવી અમીર રૂમીખાનનો ઇલ્કાબ આપ્યો અને તેને રાંદેર તથા માહિમ તરફની દરિયાકાંઠાની પટ્ટી જાગીરમાં આપી. થોડો સમય રહી તેણે તુઘાન પાસેથી દીવ લઈ તેને આપ્યું. તેથી તુઘાન ક્રોધિત બની ચાંપાનેર આવ્યો. ત્યાં સુલતાને તેને કેદ કર્યો અને ચિતોડની ચઢાઈ લઇ જવી હતી તે દિવસે મારી નખાવ્યો.

મલેક તુઘાનનો અંત : બહાદુરશાહે તેના રાજ્યની પ્રતિષ્ઠા અને અધિકાર વધારનાર મલેક અયાઝના વીરપુત્રનો પ્રાણ લીધો અને રૂમીખાનને વિશ્વાસુ બનાવ્યો; પણ રૂમીખાને તુરત જ તેને દગો દીધો. ઇ. સ. ૧૫૩૫માં તે હુમાયુના પક્ષમાં ભળી ગયો અને ઈ. સ. ૧૫૩૮માં ચુનારમાં મરી ગયો.[1]

મલેક તુઘાન રાજનીતિજ્ઞ હતો. તે નુનોની સાથે મૈત્રીનો ડોળ રાખતો. તે છતાં પોર્ટુગીઝોને દૂર રાખી સુલતાનની સત્તા વધારવે જતો હતો.

ફીરંગીખાન : નુનાના એલચી સીમાઓ ફરેરા સાથે આફ્રિકાથી આવેલો જોઆ ડ' સાંટીઆગો નામે ગુલામ હતો. તે દુભાષિયા તરીકે કામ કરતો. તેણે ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો અને ફીરંગીખાનનો ઇલ્કાબ મેળવ્યો.

---

૧. મંડુમાં બહાદુર હાર્યો ત્યારે તેનો પોપટ લૂંટમાં હુમાયુના હાથમાં આવ્યો. રૂમી હુમાયુની પાસે આવ્યો ત્યારે પોપટ બોલ્યો કે : "ફટ રૂમીખાન હરામખોર."

**સંધિના પ્રયાસો** : સીમાઓ ફરેરાના પ્રયાસથી ઈ. સ. ૧૫૩૩ના ઓક્ટોબરમાં નુનો તથા સુલતાનની મુલાકાત ગોઠવવામાં આવી.

નુનો ૨૦૦૦ પોર્ટુગીઝોને લઈને દીવ આવ્યો પણ સુલતાન બહાનાં કાઢી દીવમાં હતો છતાં તેને મળ્યો નહિ અને નુનો પાછો ગયો.

**પોર્ટુગીઝ સાથે સંધિ** : હુમાયુએ તે દરમ્યાન ગુજરાતની રાજ્યસત્તા પર આક્રમણ કરવાનો આરંભ કરી દીધો હતો. તેથી એક તરફથી હુમાયુ અને બીજી તરફથી પોર્ટુગીઝોના દબાણને વશ થઈ બહાદુરશાહે ઈ. સ. ૧૫૩૪ના ડીસેમ્બરમાં પોર્ટુગીઝો સાથે શરમભરેલી સંધિ કરી અને તે અનુસાર તેમને વસઈનો પ્રદેશ બીજા કેટલાક અધિકારો સાથે મળ્યો.

**બહાદુરશાહ દીવમાં** : ત્યાં તો હુમાયુ ગુજરાત ઉપર ચડી આવ્યો અને મહમુદ બેગડાનો વારસ બહાદુરશાહ તેનાં વિજયી સૈન્યો સામે યુદ્ધ ન આપતાં નાસવા લાગ્યો. ચાંપાનેર તજી તે ખંભાત આવ્યો અને ત્યાંથી વહાણમાં બેસી દીવ ગયો અને જતાં જતાં પોતાનો કાફલો સળગાવતો ગયો.

**બહાદુરશાહનું કુટુંબ મદીનાના માર્ગે** : દીવમાંથી તેણે પોતાના કુટુંબને ૩૦૦ લોખંડની બજનો ભરેલી પેટીઓ સાથે સમુદ્રમાર્ગે મદીના તરફ રવાના કર્યું. આ બજનામાં જૂનાગઢ, પાવાગઢ અને માળવાનાં રાજ્યકુલોના જરજવાહીરનો સમાવેશ થતો હતો.

મદીનાના માર્ગમાં કોન્સ્ટેન્ટીનોપલના હાકેમ સુલેમાને આ વહાણોને આંતરી લૂંટી લીધાં અને સુલતાનના જનાનાની સ્ત્રીઓને બલીફાના જનાનખાનામાં મોકલી દીધી.[1]

દીવમાંથી તેણે રૂમીખાન પાસે મહમુદ લારી મુહતરમખાનને મોકલી, ફિટકાર દેવરાવી કહેવરાવ્યું કે 'જો મારો કંઈ પણ ઉપકાર માનતો હો તો દીવ ઉપરની હુમાયુની ચડાઈ બંધ કરાવી દે.'

**પોર્ટુગીઝોએ લીધેલો લાભ** : આ પ્રમાણે હુમાયુ જ્યારે ગુજરાત પર પોતાનું વર્ચસ્વ જમાવી બેઠો હતો, રૂમીખાન અને ખુદાવંદખાન જેવા ગુજરાતના રાજ્યસ્થંભો કમનસીબ બહાદુરશાહને તજી ઊગતા સૂર્ય હુમાયુને પૂજવા માંડયા હતા ત્યારે બહાદુરે દીવમાંથી પોતાની રાજશેતરંજ રમવી શરૂ કરી.

---

૧. આ દ્રવ્યના ઉદ્ધાર હાથે કરેલા ઉપયોગથી સુલેમાને પ્રજા પાસેથી "મહાન સુલેમાન"નું બિરુદ મેળવ્યું.

બહાદુરશાહે નુના ગોવા હતો ત્યાં પત્ર લખી મોગલોને હંફાવવાની માગણી કરી અને તે કામ માટે તેના હાથમાં કેદી બનેલા ડીઓગો ડ' મેસ્કવીટાને તથા બીજા કેદીઓને સ્વાતંત્ર્ય આપી મોકલ્યા. પણ ચોમાસું જામી ગયું હતું. તેથી બહાદુરની મદદે કોઇ જઇ શકયા નહિ. ઊલટાનો કમાન્ડર માર્ટીન આફોન્ઝો ડીસુઝાને બહાદુરને મદદ ન કરવી તેવો હુકમ મળ્યો અને નુનોએ પોતાના સેક્રેટરી સીમાઓ ફરેરાને ખાનગી રીતે દીવ મોકલ્યો. ડીસુઝાએ હુકમનો અનાદર કર્યો અને દીવ પહોંચ્યો. ત્યાં તે તથા ફરેરા મળ્યા અને બન્ને દારૂના પીઠામાં લડી પડયા. પરિણામે ઈ. સ. ૧૫૩૫ના સપ્ટેમ્બરની ૨૧મી તારીખે કમનસીબ બહાદુર પાસેથી દીવમાં કિલ્લો બાંધવાની પોર્ટુગીઝોએ રજા મેળવી.

**દીવની તહ** : આ પછી નુનો ડા કુન્હાએ બહાદુરશાહ સાથે પાકી તહ કરી, જેની રૂએ દીવમાં કિલ્લો બાંધવાની રજા મેળવી. અને બદલામાં સમુદ્ર તેમજ જમીનમાર્ગે બહાદુરશાહના દુશ્મનો સામે મદદ દેવા પોર્ટુગીઝોએ સ્વીકાર્યું વધારામાં દીવમાં જે માલ આવે તે ઉપર સુલતાન જકાત લે અને બદલામાં વસઇનો કિલ્લો સોંપી દેવાની પાકી કબૂલત આપી. તે સાથે બન્ને પક્ષોએ ધાર્મિક સહિષ્ણુતાની પણ કબૂલત આપી.[૧]

**મુસ્લિમ તવારીખોનું મંતવ્ય** : 'મિરાતે સિકંદરી' પ્રમાણે ફીરંગીઓએ દયાજનક દશામાં આવી પડેલા સુલતાનને સહાય કરી, તેના બદલામાં ગાયના ચામડા જેટલી જગ્યામાં કિલ્લો બાંધવા માગણી કરી. સુલતાને તે મંજૂર રાખી; પણ ફીરંગીઓએ ચામડાના ઝીણા ઝીણા ટુકડા કરી તેને હારબંધ મૂકી કિલ્લો બાંધ્યો. આ વાત હાસ્યાસ્પદ અને ન માનવા જેવી છે. ગુજરાતના મગરૂર અને મર્દ સુલતાનની સંકટગ્રસ્ત સ્થિતિનો લાભ લઈ જે નુના ડા કુન્હાને મળવા પણ બહાદુરે પરવા કરી ન હતી તે સુલતાનને આજે તેણે ફરમાવેલી શરત કબૂલ કરવી પડી.

**બહાદુરશાહનો પ્રયત્ન** : ઈ. સ. ૧૫૩૬માં સૌરાષ્ટ્રના ઠાકોરો અને જમીનદારોની સહાયથી તેમજ ઇમાદ-ઉલ-મુલ્કના પ્રયત્નથી પ્રબળ સૈન્ય સજી ગુજરાત ફરીથી જીતવા માટે બહાદુરશાહે કમર કસી. પણ આ સૈન્યનો નાસીર મીરઝાં તથા હિંદુ બેગે મહેમદાબાદ અને નડિયાદની વચમાં પરાભવ કર્યો અને બહાદુરનાં સ્વપ્નો સરી પડયાં.

**હુમાયુ આફતમાં** : પરંતુ હુમાયુ ઉપર શેરશાહ પ્રબલ સ્વરૂપ ધારણ કરી તેના પાયા ખોદી રહ્યો હતો. તે સમાચાર મળતાં હુમાયુ દીલ્હી તરફ ગયો અને બહાદુરશાહે દીવમાંથી નીકળી પુનઃ ગુજરાત પ્રાપ્ત કર્યું.

---

૧. 'The Rise of the Portuguese Power' By Whitewayના આધારે પ્રો. કોમીસેરીયેટ.

**હુમાયુ નીચે સૌરાષ્ટ્ર :** હુમાયુએ માળવા અને ગુજરાત જીત્યાં હતાં; પણ સૌરાષ્ટ્ર ઉપર તેણે આધિપત્ય મેળવ્યું ન હતું. તેથી હુમાયુનાં સૈન્યોએ સૌરાષ્ટ્ર ઉપર વિજય મેળવ્યો હોવાનું ખોટું છે.

**દીવનો કિલ્લો :** નુના ડા કુન્હાને કિલ્લો બાંધવા રજા મળી કે તરત જ તેણે દીવનો કિલ્લો બાંધવા માંડ્યો અને પાંચ માસમાં એટલે ઈ. સ. ૧૫૩૬ના માર્ચમાં તો કિલ્લો બંધાઈ પણ ગયો. કિલ્લાના એક બુરજનું નામ (સાન્ટીઆગો) ગારસીઆ ડ' સા નામના સૈન્યાધિપતિ કે જે પાછળથી ગવર્નર થયો તેના નામ ઉપરથી રાખવામાં આવ્યું અને મેન્યુઅલ ડીસુઝાને ૯૦૦ પોર્ટુગીઝોના લશ્કર સાથે ત્યાં થાણદાર નીમ્યો.[1]

દીવનો કિલ્લો બંધાયો તેની વધામણી દેવા ડીઓગો બોટલ્હેલો નામનો સાહસિક પુરુષ નુનાને અંધારામાં રાખી એક હોડીમાં પોર્ટુગાલ ગયો. ત્યાં રાજાએ તેના પર વગર રજાએ હિંદ છોડવા માટે તથા હોડીમાં આવવા માટે ક્રોધ કર્યો અને તેને ઇનામ ન દેતાં ફરીવાર આવા લોકોને ઉત્તેજન ન મળે તે માટે તેની હોડી બળાવી નાખી.

બહાદુરશાહે આવી ઝડપથી બંધાતા અને હથિયારો ભરાતા કિલ્લા પ્રત્યે ઈર્ષ્યાભરી આંખ ઊંચી કરી, તેની નિઃસહાય સ્થિતિમાં કરાવી લીધેલી શર્તો પલટાવી લેવા તેણે દીવમાં પોતાનો મુકામ કરવા ધાર્યું અને હુમાયુ જેવા પ્રબળ શત્રુનો ભય માથે ઝઝૂમતો હોવા છતાં ઇ.સ. ૧૫૩૬ના અંતમાં ચાંપાનેર છોડીને તે દીવ આવ્યો.

**બહાદુરશાહ દીવમાં :** અહીં આવતાં તેણે જોયું કે પોર્ટુગીઝો એટલા બધા જામી ગયા છે કે તેમને ખસેડવા અશક્ય છે. તેથી તેણે ત્યાં જ રહી કળ વડે કામ લેવા વિચાર કર્યો.

તા. ૧૩મી નવેમ્બરે તે એકાએક કિલ્લામાં ગયો. તે વખતે રાતના આઠ વાગ્યા હતા. પોતાના મોભા પ્રમાણે તેણે અગાઉથી કોઇને ખબર પણ આપી ન હતી કે તેનું સ્વાગત કરવામાં આવે. બહાદુરે મદિરાપાન પણ કર્યું હતું તો પણ તેને આવતો જોઈ કેપ્ટન મેન્યુઅલ ડીસુઝાએ તેને સન્માન આપી કિલ્લો બતાવ્યો અને વિવેકમાં કહ્યું કે "આ બધું આપનું જ છે." પણ બહાદુર તેવો મૂર્ખ ન હતો. તેણે ઉત્તર આપ્યો, "સોગનપૂર્વક આ કિલ્લો તમારા રાજાનો છે અને ઘર તમારાં છે." આમ કહી બહાદુર ચાલ્યો ગયો. તેને જીવતો જવા દીધો તે માટે નુનાએ ડીસુઝાને ઠપકો આપ્યો.[2]

---

૧-૨. બ્રાઇટવેના આધારે : પ્રો. કોમીસેરીયેટ.

બહાદુરશાહ આ દિવસોમાં દારૂ પીવાના શોખમાં વધારે પ્રવૃત્ત થયો હતો, એટલું જ નહિ, પણ તેને ભાંગનું વ્યસન પણ ચોંટયું હતું. તેથી તેને સારાસારનો વિચાર ઓછો રહેતો, અને નશામાં ગમે તેમ બોલ્યા કરતો. પોર્ટુગીઝોને તે ગાળો દીધા કરતો તેવી વાત પણ પ્રચલિત થઇ હતી. પોર્ટુગીઝોને દીવમાંની તેની હાજરી સાલતી હતી; તેથી તેઓ નાની નાની વાતોમાં પણ અર્થના અનર્થ કરી તકરારના લાગ શોધતા રહેતા. જનવરોના શિકારની ભેટ બહાદુર પોર્ટુગીઝોને કિલ્લામાં મોકલતો, તો તેનો પણ ઊંધો અર્થ લેતા. એક વખત બહાદુરે ૪૦ પંખીઓ મારી, ઇસ્લામના કાનુન અનુસાર તેને હલાલ કરી (ગળાં કાપી નાખી), કિલ્લામાં મોકલ્યાં. પોર્ટુગીઝોએ તેનો એવો અર્થ કર્યો કે બહાદુર એમ કહેવા માગે છે કે "તમારી પણ આ દશા થશે."

રમજાન માસ હતો. રાત્રીના આનંદ કરવા ઇ. સ. ૧૫૩૭ના જાન્યુઆરીમાં પોતાના સાળા એન્ટોનીઓ ડા સીલ્વેરાને લઇ, બહાદુરશાહના આમંત્રણને માન આપી નુના ડા કુન્હા ગોવાથી ૩૦૦ વહાણોનો કાફલો લઇ દીવ આવ્યો. સુલતાને તેને જમવા બોલાવ્યો, પણ નુનાને શંકા પડી કે કદાચ બહાદુરશાહ તેને કેદ કરશે. એટલે છેલ્લે ટાણે પોતે બીમાર છે તેવું બહાનું કાઢયું. આ સમાચાર બહાદુરશાહને મળ્યા કે તુરત જ તેણે હોડી તૈયાર કરાવી ઓચિંતા અને ખબર આપ્યા વગર નુનાના વહાણ તરફ સઢ માંડયા. નુનાનો મુકામ વહાણમાં જ હતો. ત્યાં ખ્વાજા સફર રૂમીખાનનો જમાઇ અસદખાન, કવારા હુશેન, લંગરખાન અને પ્રીરંગખાન એવા તમામ પરદેશી અને અવિશ્વાસપાત્ર માણસો લઇ બહાદુરશાહ ગયો. માત્ર બે કાયમ સાથે રહેતા હજુરીઓ તરીકે તેના અંગત માણસોમાંથી સાથે ચાલ્યા.

બહાદુરશાહ પાસે પહોંચતા જ કહ્યા વગર કે જાહેર કર્યા વગર નુનોની કેબીનમાં ઘૂસી ગયો. નુનોએ તેનું સ્વાગત કર્યું અને ઉતાવળે ઉતાવળે તૈયાર થયો. થોડીવાર વાતચીત થઇ. ત્યાં એક માણસે નુનોના કાનમાં સુલતાનને મારવા માટે હુકમ માંગ્યો. તેથી બહાદુરશાહ પોતાની ભૂલ સમજ્યો અને ચેતી ગયો. તે તરત જ નીચે ઊતરી આવ્યો અને માણસોને કહ્યું કે 'જલ્દી હોડી હાંકો.' નુનોએ મેન્યુઅલ ડીસુઝા તથા ડીએગો ડ' મેકસવીટા અને એન્ટોનીયો કોરીયાને એવે બહાને પાછળ મોકલ્યા કે "આપને પોર્ટુગાલના રાજાનો સંદેશો દેવાનો ભુલાઇ ગયો તે કહેવો છે. તેથી આપ કિલ્લામાં પધારો. ત્યાં નુનો આવે છે." ડીસુઝાની પાછળ સૈનિકોને તેની આજ્ઞા પાળવાના હુકમ સાથે રવાના કરવામાં આવ્યા.

ખ્વાજા સફર પાછળ રહી ગયેલો. તેને લેવા તેમજ ડીસુઝા પોત કરતો હતો તે જોઈ શાહી કિસ્તી જરા મોડી પડી ડીસુઝાએ ગવર્નરનો સંદેશો કહેતાં

સુલતાને તેને પોતાની હોડીમાં આવવા કહ્યું. ડીસુઝાએ શાહી હોડીમાં જવા વગર વિચાર્યે ભૂસ્કો માર્યો અને હોડી ન પકડી શકનાં તે પાણીમાં પડયો. તેને કાઢવામાં આવ્યો; પણ પાછળ આવતા પોર્ટુગીઝ સૈનિકોએ ધારી લીધું કે ડીસુઝાને ઇરાદાપૂર્વક ધક્કો મારી નાખી દીધો. તેથી હોહા કરતા સુલતાનની હોડીમાં ખુલ્લી તલ્વારે ચડી બેઠા.

કરુણ અંત : ઈ. સ. ૧૫૩૭ : તેથી સુલતાને તેના કમાન બરદારને તીર છોડવા હુકમ કર્યો. તેણે ડિસુઝાની છાતીમાં તીર મારી તેનો પ્રાણ લીધો. પોર્ટુગીઝો હવે હાથમાં રહે તેમ હતું નહિ. તેઓએ સુલતાનના રસાલા ઉપર ખુલ્લી તલવારોથી હુમલો કર્યો. માત્ર તેર જ મુસ્લિમો હતા, જ્યારે પોર્ટુગીઝો સામટા હતા. મુસ્લિમોએ બહાદુરીથી સામનો કર્યો; પણ ડીઓગો ડી' મેસ્કવીટાએ સુલતાનની છાતીમાં તલ્વાર ખોસી દીધી. જીવ બચાવવા સુલતાન તરી જવાની આશાએ "સુલતાન છું, બચાવો." એવી બૂમો મારતાં પાણીમાં પડયો. ત્યાં પેવા (Payva) નામના પોર્ટુગીઝ કેપ્ટને તેને અડો જવા માટે હલેસું લંબાવ્યું. તે દરમ્યાન એક પોર્ટુગીઝ ખલાસીએ આ કમનસીબ સુલતાનના મુખ ઉપર ધારિયું[1] મારી પ્રાણ લીધા. તેનું શબ પણ પાણીમાંથી મળ્યું નહિ.

આમ ગુજરાતના કમનસીબ સુલતાન બહાદુરશાહનું ઈ. સ. ૧૫૩૭ની ૧૩મી ફેબ્રુઆરીએ મૃત્યુ થયું.

બહાદુરશાહ સાથેના માણસો પણ મરાઈ ગયા. ખ્વાજા સફર, કે જે જન્મે ઇટાલિયન હતો, તે અને કવારા હુસેન ઘવાયા, છતાં નાસી છૂટ્યા. સેન્ટીઓગો કે જે મુસ્લિમ બની પીરંગખાન થયો હતો, તે પણ તરીને કાંઠે નીકળ્યો. પણ પોર્ટુગીઝ સન્ટ્રીએ તેને પથ્થર મારી મારી નાખ્યો.[2]

મુસ્લિમ દૃષ્ટિબિંદુ : અબુલફઝલે લખેલા 'અકબરનામા'માં પણ આ જ પ્રમાણે હકીકત છે. પણ તે લખે છે કે તુનાના વહાણમાંથી જતી વખતે સુલતાનને એક પીરંગી કાઝીએ રોકયો. તેણે તલવારથી તેના બે ટુકડા કર્યા. તેથી પોર્ટુગીઝોએ હુમલો કર્યો. સુલતાન અને રૂમીખાન પાણીમાં પડયા, ત્યાં એક પોર્ટુગીઝે રૂમીખાનને બચાવ્યો અને સુલતાન ડૂબી ગયો.

'મિરાતે સિકંદરી'[3] પ્રમાણે દીવમાં પથ્થરની દીવાલોનો મજબૂત કિલ્લો પીરંગીઓએ ચણાવી, તે ઉપર તોપ મૂકી છે તેમ જાણી બહાદુરશાહ દગાથી તે

---

૧. Halbert આ હથિયાર ધારિયાને મળતું હોય છે. પ્રાચીન યુરોપમાં તે વપરાતું.

૨. ફેરીયા વાઇ સુઝાના આધારે : પ્રો. કોમિસેરીયેટ.

૩. આ ગ્રંથ ઇ. સ. ૧૬૧૧માં સિકંદર બિન મંજુએ લખ્યો હતો.

પાછો લેવા દીવ આવ્યો. અને ત્યાંથી નૂરમહમદ ખલીલ નામના અમીરને નુનો પાસે મોકલી, તેને ગમે તેમ સમજાવી, સુલતાન પાસે આવે તેમ કરવા કહ્યું, પણ નૂરમહમદને પોર્ટુગીઝોએ ખૂબ ખવરાવી, દારૂ પાયો. આથી તેણે નશામાં નુનોને પકડી લેવાની યુક્તિ કહી નાખી. તેથી નુનોએ સવારે પોતે નહિ આવી શકે તેવો જવાબ આપ્યો. તેથી સુલતાન નુનોના વહાણ પર ગયો. તેમાં સુલતાને હથિયાર ન લેવાની આજ્ઞા કરી અને તે વખતે તેની સાથે અમીર ન્હસન ફારૂકી સુજાતખાન, લંગરખાન (ખંડુના કાદીરશાહનો પુત્ર.), સિકંદરખાન (સતવાસનો ફોજદાર), મેદનીરાયનો કુમાર ગણેશરાય હતા. તેઓએ સુલતાનને પૂરા બંદોબસ્ત સાથે જવા કહ્યું, પણ તેનો કાળ આવેલો હોઇ તે માન્યો નહિ.

વહાણ ઉપર જતાં તેના મનમાં પણ દગો હતો અને નુનાના મનમાં પણ દગો હતો. વાત જરા અટકી. ત્યાં પ્રીરંગીઓએ ઇશારત કરી અને સુલતાન ઉપર તેઓ તૂટી પડયા. સુલતાનને એક સિપાહીએ તલવારનો જખમ કરીને પાણીમાં ધકેલી દીધો. સુલતાન અને તેના સાથીદારો રમજાનના ત્રીજા રોજાને દિવસે દીવના બારામાં શહીદ થયા.

જુદા જુદા ઇતિહાસકારોએ અને ટીકાકારોએ જુદા જુદા અભિપ્રાયો આપેલા છે. પણ એટલું નિર્વિવાદ છે કે બહાદુરશાહના ખૂનમાં પોર્ટુગીઝો જ જવાબદાર હતા. બહાદુરશાહના મનમાં કંઈ પણ દગો હતો નહિ તેમ જણાય છે. દગો હોત તો થોડા અમીરો સાથે વગર હથિયારે તે દુશ્મનના વહાણમાં જાત નહિ; પણ પોર્ટુગીઝોએ દગો કર્યો અને બેફામ બહાદુરશાહના પ્રાણ લીધા.[1]

આમાં ખરી રીતે તો ખ્વાજા સફર જ ગુન્હેગાર હતો. જન્મથી તે ઇટાલીયન હતો. તેને આ દેશ કે ઇસ્લામ ધર્મ ઉપર પ્રેમ હતો નહિ. બહાદુરશાહને ચડાવીને લઇ જનાર પણ તે જ હતો. અને બહાદુરના કરુણ મૃત્યુને બીજે જ દિવસે તે પોર્ટુગીઝોને દોરી, દીવનો શાહી કિલ્લો અને તેનો તમામ સરંજામ તેઓને સોંપી આપી, પોતે હાકેમ બન્યો અને નુનોનો સાળો સીલ્વેરા કિલ્લાનો રક્ષક થયો.

કિલ્લાનો તમામ સરંજામ નુનોને હાથ પડતાં તેમાંનું ઘણું ધન તેમજ લોખંડની અને પીત્તળની તોપો મળી. આ તોપોમાં મોટા કદની ત્રાંબાની તોપો હતી. તેને એણે નવાઈ જેવી વસ્તુ ગણી પોર્ટુગાલ મોકલી, જે પોર્ટુગાલમાં ટેંગસ નદીના મુખ ઉપર સેંટ જુલીઅનના કિલ્લામાં રાખવામાં આવી અને તેનું નામ "દીવની તોપ" પાડવામાં આવ્યું.[2]

---

૧. અબજદ પ્રમાણે "સુલતાન ઉલ બર સુલતાન ઉલબહર"થી તેની મૃત્યુતિથિ નીકળી છે.

૨. આ તોપ ૨૦ પાઉન્ડના ગોળા ફેંકી શકે તેવી બેસાડી તોપ હતી.

નુનાએ દીવના શહેરીઓ અને વેપારીઓની સભા ભરી તેમાં બહાદુરશાહે દગાથી તુર્ક લોકોને બોલાવી પોર્ટુગીઝોનો નાશ કરવા ચલાવેલા પત્રવ્યવહારના કાગળો વાંચી બતાવ્યા.[1]

પોતાનો દોષ ઢાંકવા નુનોએ દેશ દેશમાં આ સભાનો અહેવાલ મોકલ્યો; વેપારીઓને નિર્ભય રહેવા ખાતરી આપી, સુલતાનની મા મખદુમાંજહાનને દિલાસો મોકલી, આ બનાવ કમનસીબીને કારણે બનવા પામ્યો છે તેમ કહેવરાવી, પોતાની કંઈ મદદ જોઇતી હોય તો પોતે દેવા તૈયાર છે તેમ પણ સંદેશો મોકલ્યો.

**નુનો સાથે તહ** : ઇ. સ. ૧૫૩૭ : નુનોએ તે પછી દેલવાડા[2] મુકામે હુમાયુના પિતરાઈ મીરઝાં મહમદને ઇ. સ. ૧૫૩૭ની ૨૭મી માર્ચે બોલાવી એક તહ કરી. તેમાં તેના નામનો ખુત્બો પઢાવી તેને રાજા તરીકે સ્વીકાર્યો અને બદલામાં તેણે પોર્ટુગીઝોને માંગરોળ,[3] દમણ અને અઢી ગાઉ પહોળો દરિયાકાંઠાનો પ્રદેશ આપ્યો.

મીરઝાંએ જનાનાની સહાય માંગી, પણ બેગમોએ તેમાં વચ્ચે પડવા ના પાડી. તેથી તેમના જ ધનથી સૈન્ય સજી તેણે ગુજરાતની ગાદી મેળવવા ધાર્યું. પણ ઇમાદ-ઉલ-મુલ્ક મલેકજીની સરદારી નીચેના સૈન્યે તેનો પરાભવ કર્યો અને ત્યાંથી તે સિંધ તરફ નાસી ગયો.

**હળવદ ઇ. સ. ૧૫૨૩** : આ સમયે હળવદની ગાદી ઉપર ઝાલા માનસિંહજી નામે વીર ક્ષત્રિય રાજા હતો. તેણે તેના પિતાને મારનાર દસાડાના મલેક ઉપર ચડાઇ કરી, મલેક બખ્ખનના પુત્રને માર્યો અને દસાડા લૂંટ્યું. આ કૃત્ય માટે માનસિંહને શિક્ષા કરવા બહાદુરશાહે ખાનખાનાને[4] ચડાઇ લઈ જવાનો હુકમ કર્યો.

**ખાનખાનાની ચડાઇ** : ખાનખાનાએ મોટું સૈન્ય સજી માનસિંહને કબ્જે કરેલા દસાડા ઉપર ઘેરો ઘાલ્યો. દસાડા પડ્યું અને માનસિંહ કચ્છ તરફ નાસી ગયો. માંડલ, વીરમગામ અને હળવદ સુધ્ધાં સુલતાનના હાથમાં પડ્યાં અને તેણે તે ખાલસા મુલકમાં જોડી દીધાં.

માનસિંહે કચ્છમાં જઇ ભુજ પાસે માનકુવા નામે ગામ વસાવ્યું અને તેના બે ભાઇઓ તથા પ્રાગજી બકરાણીઓ સુલતાન સામે બહારવટે નીકળ્યા. બીકાનેરની

---

૧. જ્હાઇટવે ડેન્વર્સ—લાફીતાઉમાને આધારે.

૨. 'મિરાતે સિકંદરી' આ ગામનું નામ નવાનગર આપે છે; પણ તે વખતે દેલવાડા તે નામે ઓળખાતું.

૩. આ માંગરોળ સુરત પાસેનું માંગરોળ હોવું જોઇએ.

૪. ખાનખાનાને ઝાલાવાડ જાગીરમાં મળેલું.

કુંવરી માનસિંહની ઓરમાન મા[1] થતી. તેની બહેન બહાદુરશાહને પરણી હતી. તેણે સમાધાન કરાવવા પ્રયત્ન કર્યો અને સુલતાનને શરણે જવા માનસિંહને સમજાવ્યો. પણ તે માન્યો નહિ અને તેણે ઘણાં પરાક્રમો કર્યાં, સુલતાનનાં ઘણાં ગામો લૂંટ્યાં અને તોબા પોકરાવી. છેવટે તેણે એક યુક્તિ શોધી. દીવની ચડાઇમાં ભાગ લેવા સુલતાન જતો હતો ત્યાં નખથી શિખ સુધી હથિયાર બાંધી તે છાવણીમાં પેસી ગયો. તેનું વીરતાભર્યું સ્વરૂપ જોઇ તેને કોઈ રોકી શકયું નહિ. સુલતાનના તંબૂમાં જઈ તેની સામે તલવાર ધરી તેણે કહ્યું કે "હું ઝાલાવાડનો રાજા છું. મારું રાજ લેવા આવ્યો છું." સુલતાને તેના વીર વદન અને વીરતાથી પ્રસન્ન થઇ માંડલ અને વીરમગામ સિવાય તમામ પ્રદેશ તેને સ્વાધીન કર્યો.[2]

જામ રાવળ : આ સમયમાં સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર એક તેજસ્વી તારકનો ઉદય થાય છે. મુસ્લિમોની તલવાર આગળ ઝૂકેલી રજપૂતોની સત્તા જ્યારે નહિવત્ થઈ ગઈ હતી અને સારાષ્ટ્રનો સમગ્ર પ્રદેશ મુસ્લિમ સુલતાનોનો ખાલસા પ્રદેશ થઈ ચૂક્યો હતો; જ્યારે મંદિરો તૂટતાં જતાં હતાં અને તે તે સ્થળે મસ્જીદો બનતી જતી હતી; જ્યારે હિંદુઓને મુસલમાનો બનાવવાની, ગાયોની કતલ કરવાની અને આર્ય સંસ્કૃતિને ભૂંસી નાખવાની પ્રવૃત્તિ એક રાજ્યનીતિ બની ગઇ હતી; અને જ્યારે હિંદુત્વ ભયમાં હતું ત્યારે કચ્છના કિનારેથી વિ. સં. ૧૫૭૫ (ઈ. સ. ૧૫૧૯)માં જામ રાવળ સૌરાષ્ટ્રમાં આવ્યા.[3]

---

૧. વોટ્સન (ગુ. ભાષાંતર) તેને વાંકાનેરની કુંવરી ગણે છે. પણ વાંકાનેર તો તે પછી ઘણાં વર્ષે વસ્યું. વળી હળવદની વાંકાનેર શાખા છે. અને ઝાલા રાજા ઝાલાની કન્યાને પરણે નહિ. તેથી તે બીકાનેર જ હોવું જોઇએ. બીકાનેરની એક કુંવરી અકબરને રાજા કલ્યાણસિંહે પરણાવી હતી, અને તેના પુત્ર રામસિંહે સલીમને પરણાવી હતી. આ જ કાળમાં અકબરના સૈન્યમાં રામસિંહ સરદાર હતો અને તેણે અમદાવાદના મીરઝાંઓ પર સ્વારી પણ કરેલી. તેની બહેન બહાદુરશાહને પરણી હોય તો તે સંભવિત છે. અકબરના અંગત મિત્રો બહાદુરને પોતાની બહેન પરણાવે તે બને નહિ. એટલે કોઇ બીજું વીકાનેર હશે અથવા કલ્પિત વાત હશે.

૨. આ માનસિંહ બહારવટામાં ચમારડીમાં ફસાઇ ગયેલો. તેથી એક ઢેઢે તેને મદદ કરી, તેથી તેની યાદગીરી રાખવા 'ચમારડી "ઢેઢની ચમારડી" કહેવાય છે. પોતાને પ્રદેશ પાછો મળ્યો તેથી તેણે તેના ચારણને આંબરડી, સુંદરી, રોણકી, ડોયા અને ખંઢેરી ગામ આપી દીધાં. (વોટ્સન)

૩. જામ રાવળના પિતા જામ લાખાજીની ગાદી બારા પાસે હતી, તથા પિતરાઇ જામ હમીરજીની ગાદી લાખીયાર વીઅરામાં હતી. હમીરજીની દીકરી મહમદ બેગડા વેરે પરણાવેલી. હમીરજીએ દેદા સમાચીને ચડાવી લાખાજીનું તેની પાસે ખૂન કરાવ્યું. તેથી જામ રાવળે એ જ રીતે હમીરજીનું દગાથી ખૂન કર્યું. તેથી તેના કુંવર ખેંગારજી અમદાવાદ જઇ સૈન્ય લઇ આવ્યા અને એટલી બધી ભીંસ થઇ કે જામ રાવળને કચ્છ છોડી સૌરાષ્ટ્રમાં આવવું પડયું. જામ રાવળ વહુવંશી હતા તે હકીકત આગલા પાનામાં આવી ગઇ છે તથા આ પ્રતાપી પુરુષના વંશજોનો ઇતિહાસ ક્રમશઃ આવે છે.

વર્તમાન નવલખી પાસેના વવાણિયા બંદર પાસે આવેલ મોરાણા ગામ જીતી લઇ ત્યાં તેણે પડાવ કર્યો અને તે પ્રદેશના રાજકર્તા અને જામ રાવળના પિતા જામ લાખાજીના ઘાતક દેદા તમાચી પાસે તેણે અનાજ મંગાવ્યું. તમાચીએ અનાજના બદલે ધૂળ મોકલી. જામ રાવળના ક્રોધનો પાર રહ્યો નહિ; પણ 'ઇસરા પરમેસરા'નું બિરુદ પામનાર કવિ ઇસરદાને કહ્યું કે "આ તો ધરતી મોકલી એટલે સામી વસુંધેરા આવી. તેને વધાવી લ્યો." જામ રાવળે તમાચી ઉપર ચડાઇ કરી ગાયોનાં ધણ પાછળ ઘોડાં નાખ્યાં. તમાચીની મદદે આવેલ કાઠીઓ ગાયો વાળવા રોકાયા. ત્યાં જામ રાવળે તમાચીને કાપી નાખ્યો, તેના સૈન્યને હરાવ્યું અને આભરણ લીધું. બાપનું વેર ન લેવાય ત્યાં સુધી પાઘડી ન બાંધવા પોતે પ્રતિજ્ઞા લીધી હતી તે પૂરી કરી ને આ પ્રદેશનું નામ પોતના પૂર્વજ હાલાજીના નામ ઉપરથી હાલાવાડ વા હાલાર પાડી ત્યાં પોતાની હકૂમત સ્થાપી.

ત્યાંથી તેણે પોતાના સૈન્યને લઇ વિજયપ્રસ્થાનનો પ્રારંભ કર્યો. ધમલપુરના હરધમન ચાવડાને મારી, તે ગામ તેના ભાઈ હરધ્રોળજીને આપી, તેનું નામ ધ્રોળ પાડયું અને આગળ વધી ખીલોસ ગામ કબ્જે કર્યું. ત્યાં દિવાળીના દિવસે નાગના બંદરના રાજા નાગ જેઠવા તથા રાણપુરના રામદેવજી વગેરેને મિજબાની માટે નોતરી, દારૂ પાઇ, તેઓને કતલ કર્યા અને તેના પ્રદેશ કબ્જે કર્યા. તે પછી બેડ ગામે પોતે ગાદી રાખી; પણ પાછળથી ખંભાલીયા ગામે આશાપુરાની સ્થાપના કરી, ત્યાં ગાદી ફેરવી. કાળક્રમે જામ રાવળનો પ્રદેશ ચારે દિશામાં એટલો વિસ્તાર પામ્યો કે મધ્યસ્થ સ્થાનની જરૂર પડી. તેથી વિ. સં. ૧૫૯૬ (ઈ. સ. ૧૫૪૦)માં જામનગર વસાવી તેને પોતાનું પાટનગર બનાવ્યું.

**સુલતાન મહમદશાહ ૩ જો** : ઈ. સ. ૧૫૩૦થી ૧૫૫૪: મહમદશાહ ૩જો ગાદીએ આવ્યો ત્યારે તે માત્ર ૧૩ વર્ષનો હતો. એટલે ખરી સત્તા ઉમરાવોની હતી. તેના પણ કમભાગ્યે પોર્ટુગીઝો હજી સલ્તનતનો પીછો છોડતા ન હતા. અને જો ગુજરાતના સુલતાનો રૂપી અવરોધ ન હોત તો ગુજરાત પર પોર્ટુગીઝોની સત્તા હોત તે પણ નિવવાદ છે.

**તુર્કસ્તાનની દીવ ઉપર ચડાઇ** : ઇ. સ. ૧૫૩૮ : ઇ. સ. ૧૫૧૭માં તુર્કીના શહેનશાહે મિસરને પોતાના રાજ્યમાં મિલાવી દઇ, ઓસ્ટ્રિયા અને હંગેરી સુધી પોતાનાં સૈન્યો દોર્યાં. ઇ. સ. ૧૫૨૬માં મોહકાસના યુદ્ધમાં આ શાહ સુલેમાને ક્રિશ્ચિયન રાજ્યો પર સખત પ્રહાર કર્યો અને ફ્રાન્સ, જર્મની, ઇરાન અને હિંદ જીતવાના કોડ સેવવા માંડયા. ઇ. સ. ૧૫૩૫માં બહાદુરશાહના એલચીઓ તેના દરબારમાં ગયા અને તેમની પાસેથી ફીરંગીઓના ત્રાસની વાત સાંભળી, તેણે તેમની સામે જેહાદ કરવા કમર કસી. અગ્નિમાં ઘૃત હોમાય તેમ તેણે બહાદુરના કરુણ

અંતની વાત સાંભળી. તેણે સુલેમાન પાશા[1] નામના સરદારના નેતૃત્વ નીચે એક કાફલો ઈ. સ. ૧૫૩૮ના જુનની ૧૫મી તારીખે દીવ પ્રતિ મોકલ્યો.

તુર્કીથી કાફલો આવી રહ્યો છે અને તે ગુજરાતના કાફલાને મળશે તેવા સમાચાર નુનોને ડ્યુઆર્ટે કેટેન્હો (Durte Catanho) નામના વેનીસિયનનું વહાણ હોરમઝથી આવતું હતું તે દ્વારા મળેલા. વધારામાં દીવનો હાકેમ બનેલ ખ્વાજા સફર પોતાના કુટુંબને ચૂપચાપ રવાના કરી પોતે પણ નાસી છૂટ્યો[2] તે ઉપરથી નુનોને ખાતરી થઈ કે દીવ ઉપર ચડાઇ આવી રહી છે. તેથી તેણે પણ આવતા પૂરને ખાળવાની પૂરતી તૈયારી કરી લીધી.

માર્ગમાં આદન લૂંટી, તેના શેખને મારી, માર મારતો સુલેમાન આગળ વધ્યો, અને સપ્ટેમ્બરની ૪થી તારીખે દીવ પહોંચ્યો.

એન્ટોનિયો સીલ્વેરાને આ હલ્લા સામે ટકવું મુશ્કેલ લાગ્યું. દીવની પ્રજા અને વેપારીઓ નાસભાગ કરવા માંડ્યા. તેઓના આગેવાનોને ફાંસી દઈને ડરાવવાની પણ કોશિશ નિષ્ફળ નીવડી.

કાફલો આવી પહોંચે તે પહેલાં સીલ્વેરા કિલ્લામાં ભરાયો અને સુલતાનની ફોજ દીવનો કબ્જો લઈ કિલ્લાને ઘેરો ઘાલી બેઠી.

પ્રથમ હુમલો ઈ. સ. ૧૫૩૮ના જુનમાં ગુજરાતના સરદારો આલમખાન અને ખ્વાજા સફરની આગેવાની નીચે થયો. તેમાં ૧૫૦૦૦ સિપાઇઓ હતા; જ્યારે કિલ્લામાં ૩૦૦૦ પોર્ટુગીઝો હતા અને તેમની પાસે મજબૂત અને નવી ઢાળેલી ઘણી તોપો હતી.

દીવ અને ઘોઘલાની વચ્ચે ખાડી છે. દીવમાં કિલ્લો છે તેવો જ એક નાનો કિલ્લો ઘોઘલામાં હતો. આ કિલ્લાને ફ્રાન્સીસકો પેચેકો (Francisco Pacheco) ચોસઠ સૈનિકો લઈ સંભાળી રહ્યો હતો. સફરે પ્રથમ ત્યાં હુમલો કર્યો. ટકવું મુશ્કેલ જણાતાં પેચેકોએ કિલ્લામાં જવા રજા આપે તે શર્તે કિલ્લો સોંપી દેવા શરત મૂકી. પણ 'પ્રથમ સુલેમાન પાસે જઇ સલામ કરી, પછી વગર હથિયારે જાય તો જવા દે.' તેવી સુલેમાને આજ્ઞા કરી. તેથી પેચેકો તથા તેના ચોસઠ પોર્ટુગીઝ સૈનિકો સુલે-

---

૧. આ સુલેમાન વ્યંઢળ હતો અને સુલતાન સલીમ સાથે ઇજીપ્તમાં ગયો હતો. આ ચડાઇ વખતે તે ૭૦ વર્ષનો હતો. તે શરીરમાં એટલો ભારે હતો કે તેને માણસો ઉપાડતા ત્યારે તો તે ઊભો થઇ શકતો.

૨. નાસી છૂટેલો ખ્વાજા સફર અમદાવાદ ગયો ત્યાં તેને ખુદાવંદખાનનો ઇલ્કાબ આપી સુરતનો ફોજદાર નીમવામાં આવ્યો.

માન પાસે ગયા; પણ તેણે વચન તોડી તેઓને કેદ કર્યા. પ્રથમ વિજયથી પ્રેરાઇ સુલેમાને સીલ્વેરાને શરણ થવા કહેણ મોકલ્યું; પણ સીલ્વેરા તેમ ડરે તેવો હતો નહિ. તેણે કહેણનો નફટ જવાબ આપ્યો. તેથી સુલેમાને ઉશ્કેરાઈ જઈ કેટલાયે પોર્ટુગીઝ કેદીઓને કતલ કર્યા. તેમ છતાં સીલ્વેરા નમે તેમ જણાતું નથી તેમ ખાતરી થતાં ઓકટોબરમાં ગારસીઆ ડ' સાસ (Garcia De sa's) અને સેંટ થોમસ (St. Thomas) નામના બુરજો ઉપર તોપમારો કરી હુમલો શરૂ કર્યો.

**દીવનો ઘેરો** : સુલેમાને જાફરાબાદમાં ભાંગતૂટ સમરાવવા રાખેલો કાફલો પણ ૨૮મી સપ્ટેમ્બરે આવી પહોંચ્યો અને તેમાંથી ૧૩૦ તોપોની છ બેટરીઓ ઊભી કરીને ૬૦થી ૧૦૦ રતલના ગોળા ફેંકવા માંડયા.

કિલ્લામાં ગાબડાં પડવા માંડયાં. પ્રીરંગીઓ અંદર બીજી દીવાલો ચણી બચાવ કરવા માંડયા. તેઓએ મર્દાનગીભરી રીતે લડાઇ માંડી. પોર્ટુગીઝ ઇતિહાસ-કારોએ આ ઘેરાનાં રસિક વર્ણનો લખ્યાં છે.

ફ્રેન્સેકા નામના સિપાહીએ જમણો હાથ કપાયા છતાં લડવું ચાલુ રાખ્યું. એક પેન્ટી ડો નામના સૈનિકે ઘવાયા છતાં લડયા કર્યું. સ્ત્રીઓએ પણ પુરુષો સાથે હારોહાર રહી યુદ્ધમાં સહાય આપી અને ડોના ઇસાબેલ ડ વેગા (Veiga) અને એન ફરનાન્ડીઝ નામની સ્ત્રીઓએ અદ્‌ભુત શૌર્ય, સ્વાર્થત્યાગ અને સ્વદેશપ્રેમની ભાવનાથી તેમનાં નામ અમર કર્યાં.

**તુર્કી કાફલો પાછો ગયો** : ઇ. સ. ૧૫૩૮. સુલેમાન પાશાની આ લડાઇ નિરર્થક છે. તેનાથી કાંઇ ફાયદો નથી અને કદાચ તે વિજયી નીવડશે તો પણ તેથી ગુજરાતને કાંઈ મળવાનું નથી તેમ ધારી ખ્વાજા સફરે એક બનાવટી કાગળ લખી સુલેમાનને એવો ડરાવ્યો કે ગોવાથી જબરજસ્ત નૌકાસૈન્ય આવે છે, અને તેના સામું ટકવું મુશ્કેલ છે. એટલે સુલેમાન ઘેરો ઉઠાવી ઇ. સ. ૧૫૩૮ના નવેમ્બરની છઠ્ઠી તારીખે ચાલ્યો ગયો.

કિલ્લાનું લશ્કર બલાસ થઇ ગયું હતું. માત્ર ૪૦ માણસો બાકી હતા, અને થોડા દિવસોમાં જ કિલ્લો પડે એમ હતું. પણ ખ્વાજા સફરે ફરીથી દગો કર્યો. ગુજરાતનું લશ્કર પણ ઉના તરફ ચાલ્યું આવ્યું અને વહાણો ખંભાત તરફ ગયાં.

હાજી અદ દબીર નામના અરબ્બી તવારીખના કર્તાના કથન અનુસાર સુલેમાનની નીચ અને અસભ્ય વર્તણુકના કારણે ખ્વાજા સફરે તેનો સહકાર બંધ કર્યો

અને સુલેમાન તોપો મૂકી ચાલ્યો ગયો.[૧] તે સમયે અમદાવાદથી આ યુદ્ધમાં સહાય આપવા મુજાહીદખાન બેલીમ ઉના આવ્યો, પણ તેને તક જ મળી નહિ.

**નુના ડા કુન્હાનું મૃત્યુ** : ઇ. સ. ૧૫૩૮. અહીં પોર્ટુગીઝ ગવર્નર નુનો ડા કુન્હાને ૧૫૩૮ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે છૂટો કરી નોરોન્હા (આલ્બુકર્કનો ભત્રીજો) ગવર્નર થયો. ડા કુન્હાની છાતી બેસી ગઇ. તે કોચીનથી વહાણ ભાડે કરી જાન્યુઆરીમાં સ્વદેશ જવા નીકળ્યો; પણ કેપ ઓફ ગુડ હોપ પાસે તે મરી ગયો; અને તેની કબર સમુદ્રમાં થઇ.

**સુલેમાન પાશાનો અંજામ** : સુલેમાન પાશા ઇજીપ્ત જતાં માર્ગમાં મક્કા ગયો અને ત્યાં બહાદુરની બેગમોને હિંદ જવા મનાઇ કરી તથા તેનો ખજાનો માંગ્યો. તેમની સાથે અશરફખાન હતો તેણે ના પાડી અને સુલતાનના વઝીર દરયાખાન હુશેનને સુલેમાનની નાલાયકી વર્ણવી. તેથી તુર્ક શહેનશાહે સુલેમાન પર ગુસ્સે થઇ કહ્યું કે "તને મેં ફ્રીરંગીઓને કાઢી મૂકવા મોકલ્યો હતો કે મુસલમાનોને હેરાન કરવા ?"[૨]

સુલેમાન જેવા નાલાયક માણસને મોકલી તુર્ક શાહે ભૂલ કરી હતી. તેને ગુજરાત જીતવાની ઇચ્છા છે તેવી પણ શંકા ગુજરાતના સરદારોને થઇ અને તેનું નીચ વર્તન તેઓને ભારે પડી ગયું. અને તેથી જ આ ચઢાઈ ભાંગી પડી.

---

૧. આ તોપો પૈકી બે તોપો જૂનાગઢના ઉપરકોટમાં હજી પડેલી છે.

આ તોપને ફ્રીરંગીઓ હવાઇ કહેતા અને તેનાથી એટલા ડરતા કે ઇ. સ. ૧૫૬૨–૬૩માં જૂનાગઢના ફોજદાર શીહાબુદ્દીન મુલ્ક ઘેરીને મણના મણ સોનું તે ભાંગી નાખવા બદલ દેવા લાલચ આપેલી. આ તોપ સિવાય બીજી ઘણી તોપો ભાંગી ગઇ અને હાલ જેને નીલમ કહેવામાં આવે છે તે એક જ રહી છે. તે ૧૭ ફીટ લાંબી છે. અને તેનો વ્યાસ ૭॥ ફીટ છે. તેનો વ્યાસ મુખ આગળ ૯॥ ઇંચ છે. તેના પર નીચે મુજબનો અરબ્બી લેખ છે. "આજમ (ઇરાન) અને અરબસ્તાનના શાહ સલીમખાનના પુત્ર સુલતાન સુલેમાને આ તોપ ખુદાના કામ માટે હીજરી સં. ૯૩૭ (ઇ. સ. ૧૫૩૧) માં બનાવવા ફરમાન કર્યું હતું. રાજ્યના અને દીનના દુશ્મનો કાફર પોર્ટુગીઝો કે જેઓ હિંદમાં આવવા માગે છે, તેને તાબે કરવામાં તે વિજયી નીવડે. આ હમઝાના પુત્ર મુહમદે બનાવી છે."

બીજી તોપ કડાનાળ અથવા ચુડાનાળ છે, જે તોપ ઉપર માત્ર અરબ્બીમાં "અલી બીન હમઝા" એટલું જ લખ્યું છે. તે બનાવનારનું નામ હશે. આ તોપ ૧૩ ફીટ લાંબી છે અને મુખનો પરિઘ ૧૪ ઇંચ છે.

૨. આ વાત વિરોધાભાસવાળી છે. આ ખજાનો સુલેમાને લૂંટી લીધો હતો તથા બેગમોને તુર્ક શહેનશાહના જનાનખાનામાં મોકલી દીધી હતી. માત્ર ઓટોમન શહેનશાહતનો ન્યાય કલંકિત ન થાય માટે આ વાત મુસ્લિમ ગ્રંથકારોએ લખી જણાય છે.

**દીવની મરામત** : ઈ. સ. ૧૫૩૯ના જાન્યુઆરીમાં ગારસીયા ગોવાથી નીકળી દીવ પહોંચ્યો, ત્યાં તેણે તૂટેલા કિલ્લાની મરામત કરવા માંડી.

**તહ : ૧૫૩૯** : તેપછી ગારસીયાએ અયાઝના મહેલમાં રહેતા ખ્વાજા સફર તથા આલમખાનને મળી તા. ૨૫ ફેબ્રુઆરી, ઈ. સ. ૧૫૩૯ના રોજ એક તહ કરી. તે પ્રમાણે ગુજરાતના સુલતાને કિલ્લાને શહેર વચમાં ચાર ફીટ પહોળી દીવાલ કરવા કબૂલ કર્યું. દીવ, ઘોઘલા, વણાક બારા વગેરેની જકાત અને મહેસૂલી આવક ભેળી કરી તેમાંથી ½ ભાગ પોર્ટુગીઝ સત્તા લે અને ½ ભાગ ગુજરાત લે અને ઘોઘલાની દરિયાઈ દીવાલ પોર્ટુગીઝોએ પાછી ન બાંધવી તેમ કબૂલ કર્યું.[૧]

**બીજી ચડાઇ** : ઇ. સ. ૧૫૪૬. દીવનું મહત્ત્વ બહુ વધ્યું હતું. ત્યાં હજારો વેપારીઓ રહેતા અને વેપારનું તે અગત્યનું કેન્દ્ર બની ગયું હતું. તે સુલતાનોના હાથમાંથી સરી ગયું હતું. તેથી તે પુનઃ પ્રાપ્ત કરવા માટે ગુજરાતના સત્તાધીશો પુરુષાર્થ તેમજ પ્રયત્ન કરવા ઉદ્યુક્ત થયા હતા.

**અમદાવાદની રાજખટપટ** : સુલતાનના દરબારમાં તેની યુવાન વય તથા અનુભવના અભાવના કારણે અમીરો બળવાન થઇ પડયા. તેમાં પણ દેશી અને પરદેશી એવા બે પક્ષો પડી ગયા.

દેશી પક્ષનો નેતા અફઝલખાન બીંલાણી હતો અને પરદેશી પક્ષમાં ખુદાવંદખાન ઉર્ફે ખ્વાજા સફર હતો. તે ઉપરાંત મોરબીમાં જાગીર ધરાવતો દરયાખાન અને જૂનાગઢમાં તેમજ પાલીતાણામાં જાગીર ધરાવતો મુજાહીદખાન બેલીમ પણ વગદાર થઇ પડયા હતા.

તે સમયે પોર્ટુગીઝો દાણ વસૂલ કર્યા સિવાય એક પણ વહાણને બીજે બંદરે જવા દેતા નહોતા અને તેમની સત્તા વધાર્યે જતા હતા. તેથી બળવાન થઇ પડેલા ખુદાવંદખાનનું કાસળ કાઢવા વઝીર અફઝલખાને બહાદુરનું વેર લેવા અને

---

૧. ડયુઆર્તે બારબોસાના આધારે પ્રો. કોમીસેરીયેટ. ૧૫૦૪માં આવેલ ઇટાલીયન મુસાફર લ્યુડોવીકોડી પાર્થેમાં તથા ઇ. સ. ૧૫૧૫માં આવેલા ડયુઆર્તે બારબોસા એ વર્ણનો આપ્યાં છે.

અત્રે એ નોંધવું આવશ્યક છે કે દીવનો ઇતિહાસ દીવના શ્રી. રવિશંકર શિવલાલ મહેતા પાસેથી મેં ઇ. સ. ૧૯૩૫માં મેળવેલો તથા પોર્ટુગીઝ પુસ્તકોમાંથી ઘણી નોંધ લીધેલી. પરંતુ વિદ્વાન પ્રો. કોમીસેરીયેટે દીવનો જે ઇતિહાસ તેમના પુસ્તક 'એ હીસ્ટ્રી ઓફ ગુજરાત'માં આલેખ્યો છે તેની સહાય વગર આ પ્રકરણમાં આપેલી વિગતો આપવાનું કઠિન બની જાત. હું પ્રો. કોમીસેરીયેટનો ઋણી છું.

પ્રીરંગીઓનો નાશ કરવાનું બહાનું કાઢી ખુદાવંદખાનને દીવ ઉપર ચડાઇ લઇ જવા આજ્ઞા કરી.

ખુદાવંદખાનની દીવ ઉપર ચડાઇ : તેથી ખુદાવંદખાન તેના યુવાન પુત્ર મુહરમ રૂમીખાન તથા એબીસીનીયન અમીર બીલાલ ઝુંઝારખાન સાથે દીવ ઉપર ચડ્યો. દીવમાં કેપ્ટન ડોન જોઆઓ મેસ્કરેનાસ અને તેના બસો જ સૌનિકો હતા.

ખ્વાજા સફર દીવ ઉપર : ઇ. સ. ૧૫૪૬ના એપ્રીલની ૨૦મી તારીખે ઘણા જાતિસાર તુર્કો સહિત ૮૦૦૦ સૈનિકો લઈ, યંત્રો, તોપખાનું વગેરે સાથે રાખી ખ્વાજા સફર દીવમાં દાખલ થયો. ચોમાસું બેસતું આવતું હતું. એટલે ગોવાથી કાંઇ મદદ મદદ મળે તેમ હતું નહિ; છતાં પોર્ટુગીઝોએ કિલ્લો બંધ કરી સામનો કર્યો.

આ તરફ મહમુદ તેના વઝીર સાથે યુદ્ધ જોવા આવ્યો; પણ તેની છાવણીમાં એક ગોળો પડ્યો અને એક સૈનિક મરાયો. તે દૃશ્યથી ડરીને તે પાછો ચાલ્યો ગયો અને બીલાલ ઝુંઝારને ત્યાં મૂકતો ગયો.

આ વખતે એટલે મે માસમાં ગવર્નરનો યુવાન પુત્ર ડોન ફરનાન્ડો ડ કાસ્ટ્રો મે માસની ૧૮મી તારીખે થોડા માણસો લઈ આવી પહોંચ્યો. આ વીર યુવાને નવો પ્રાણ પ્રેર્યો અને યુદ્ધને ગતિ આપી.

ખુદાવંદખાન કે જે મુસ્લિમ પક્ષનો પ્રાણ હતો તેનું ૨૪મી જુનના રોજ તોપના ગોળાથી મૃત્યુ થયું.[1] તેથી તેના પુત્ર મુહરમે સેનાપતિપદ સંભાળ્યું.

મુહરમે એક સુરંગ સેંટ થોમસના બુરજ નીચે દાગી. તેથી દીવના કિલ્લામાં ગાબડું પડ્યું. તુર્કો ધસ્યા. ડ ફરનાન્ડો માર્યો ગયો અને પોર્ટુગીઝો પડવાની અણી પર હતા. ત્યાં પાદરી જહોન કોહેલો અને વીરનારી આઇસાબેલના પ્રોત્સાહનથી તુર્કોને પોર્ટુગીઝોએ પાછા હઠાવ્યા.

ગવર્નરે તે પછી પોતાના બીજા યુવાન પુત્ર ડ આલ્વારાને ઓગણીસ વહાણોનો કાફલો લઇ મોકલ્યો અને એકવીસ બીજાં વહાણો ખાવાપીવાનાં સાધનો સાથે મોકલ્યાં. તોફાની દરિયામાંથી મહામુસીબતે આ કાફલો ઇ. સ. ૧૫૪૬ના ઓગસ્ટની ૨૯મીએ દીવ પહોંચ્યા. તેણે પડું પડું થઇ રહેલા કિલ્લાને ટકાવી રાખવાના સૈનિકોના પ્રયત્નને બળ આપ્યું.

તે પછી ગવર્નર પોતે ચડ્યો. તેણે ડી લીમા નામના સરદારને માર્ગમાં ગુજરાતનાં બંદરો બાળવા અને લૂંટવા મોકલ્યો. ડી લીમાએ ભરૂચ આદિ બંદરો લૂંટ્યાં અને ભસ્મીભૂત કર્યાં. આમ, લૂંટફાટ અને આગથી ગુજરાતનાં બંદરોને બાળતો ગવર્નર ડી કાસ્ટ્રો નવેમ્બર ૧૧, ૧૫૪૬ના રોજ દીવ પહોંચ્યો.

---

૧. ખુદાવંદખાનને સુરતમાં દફન કર્યો છે, જ્યાં તેનો રોજો છે.

**દીવનું યુદ્ધ** : ગુજરાત અને હિંદના ઇતિહાસમાં પ્રથમ વખત તે પછીનું ભયંકર યુદ્ધ થયું. નવેમ્બરની ૧૧મી તારીખે પોર્ટુગીઝ લોકો કેથોલિક હાઇ સેંટ માર્ટીન ઑફ ટુર્સનો દિવસ પાળે છે. ત્યારે ૬૦૦ પોર્ટુગીઝો ૨૦,૦૦૦ મુસ્લિમો સામે દરવાજા ખોલી લડયા. તેમાં રૂમીખાન ૩,૦૦૦ માણસો સાથે માર્યો ગયો અને ઝુંઝારખાન ૬૦૦ મુસ્લિમો સાથે કેદ પકડાયો; દીવ લૂંટાયું. સુલતાનની છાવણી પણ બચી નહિ અને બચેલા માણસો નાસી છૂટયા. પોર્ટુગીઝો સંખ્યાબળમાં ઓછા હતા, છતાં તેમણે મુસ્લિમોને જબ્બર હાર આપી. ડી કાસ્ટ્રો વિજયોન્માદમાં આવી ગયો. તેણે આ વિજયથી સંતોષ ન પામતાં તેનાં સૈન્યોને સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં બંદરો લૂંટવા મોકલ્યાં. અને લીમાએ ઘોઘા, ગાંધાર વગેરે બંદરો લૂંટયાં, ગાયો મારી, મંદિરો ભ્રષ્ટ કર્યાં અને ન કલ્પી શકાય તેવાં ક્રૂર કામો કર્યાં.[૧]

ગવર્નરે ગોવામાં ફાળો એકત્ર કરી દીવનો કિલ્લો સમરાવ્યો. જ્યારે કિલ્લાનું કામ પૂરું થવા આવ્યું ત્યારે તે ગોવા ગયો. ત્યાં ઇ. સ. ૧૫૪૭ની એપ્રીલની ૧૯મી તારીખે તેનું જાહેર સન્માન થયું. પોર્ટુગલના રાજા જહોન ૩ જાએ, રાણી કેથેરીનાએ અને પોપે પણ તેની પ્રશંસા કરી.

સુલતાનને જ્યારે આ પરાજયના સમાચાર મળ્યા ત્યારે તેણે નિરુત્સાહી થવાને બદલે જહાંગીરખાનને સેંકડો તોપો તૈયાર કરવા આજ્ઞા આપી અને આ પરાજયનો બદલો લેવા તૈયારી કરી. સુલતાન પુનઃ પ્રવૃત્તિ કરે છે તે વાત જ્યારે ગવર્નર ડી કાસ્ટ્રોએ સાંભળી ત્યારે તે ગોવાથી મોટો કાફલો લઈ ઇ. સ. ૧૫૪૭ના નવેમ્બરમાં દીવ આવ્યો; પણ હુમલાનો ભય તેને જણાયો નહિ.

**પ્રભાસની લૂંટ** : ઇ. સ. ૧૫૪૭ : દીવમાં હાજર રહેવાની જરૂર ન જણાતાં કાસ્ટ્રોએ કાંઇ પરાક્રમ કરવાની ઇચ્છાથી કે સુલતાનની પ્રજા ઉપર ધાક બેસાડવાની ધારણાથી પ્રભાસપાટણ લૂંટયું અને બાળ્યું, અને ત્યાંથી માંગરોળ અને પોરબંદર વગેરે બંદરોમાં પડેલાં એકસોએંસી જેટલાં વહાણો બાળી તે પાછો ગયો.[૨]

પ્રભાસનો એક શિલાલેખ કાસ્ટ્રો ઉપાડી ગયેલો, જે હાલ પોર્ટુગાલના સીંટ્રા ગામમાં છે.[૩]

---

૧. આ લૂંટફાટમાં પોર્ટુગીઝોએ મંદિરો સાથે મસ્જીદો પણ ભ્રષ્ટ કરી, ખંડિત કરી કે તોડી પાડી. મુસ્લિમો ઉપર પણ તેઓએ ત્રાસ વર્તાવ્યો.

૨. આ ક્રૂર શખ્સ ઇ. સ. ૧૫૪૮ના જુનની છઠ્ઠી તારીખે ગોવામાં ગરીબીમાં ગુજરી ગયો.

૩. આ સીંટ્રા પ્રશસ્તિનું વિવરણ આગળ આવી ગયું છે.

**મહમદ ઉજાનું મૃત્યુ** : સુલતાન મહમદ ઉજો બહુધા મહેમદાવાદમાં રહેતો. તેનું ખાનગી જીવન પતિત હતું. ભોગવિલાસમાં સદા મસ્ત રહેતો આ સુલતાન ધર્માંધ હતો. તેના રાજ્યઅમલમાં કોઇ હિંદુ ઘોડે બેસી શકતો નહિ. દરેક હિંદુએ જાહેર માર્ગ ઉપર ફરવું હોય તો તેની પાઘડીમાં તાબેદારીસૂચક રાતું કપડું ખોસવું પડતું. હિંદુઓ દિવાળી–હોળી અને બીજા ધાર્મિક જાહેર તહેવારો ઊજવી શકતા નહિ. જેઓ ખાનગી રીતે પૂજા કરતા તેઓ તેની વાત બહાર ન જાય તેની તકેદારી રાખતા. આ ધર્માંધ અને કોમવાદી સુલતાનના પાપી જીવનમાં સહભાગી અને કૃપાપાત્ર બુરહાન નામના યુવાને ઇ. સ. ૧૫૫૪ના ફેબ્રુઆરી માસમાં તેનું ખૂન કર્યું અને તે સાથે તેના અનેક બળવાન અમીરોને પણ દગાથી મારી નાખ્યા. બુરહાને પોતાને સુલતાન તરીકે જાહેર કરવા પ્રયત્ન કર્યો, પણ શેરવાનખાન ભટ્ટી નામના અમીરે તેને મારી નાખ્યો.

**સુલતાન અહમદશાહ** : મહમદ પાછળ વારસ ન હતો તેથી અબ્દલ કરીમ ઇત્તિમાદખાન નામના વિશ્વાસુ ઉમરાવની સલાહ ઉપરથી અહમદખાન નામનો એક છોકરો કે જે તેનો અનૌરસ પુત્ર અથવા સગો હતો તેને ગાદીએ બેસાડયો.

મહમદ ઉજાને વિલાસી અને ધર્માંધ જીવનમાં તેના જનાનાની સ્ત્રીઓ અને મુલ્લાંઓ સિવાય કાંઈ જોવા જાણવાની તક જ મળી નહિ. પરિણામે સૌરાષ્ટ્ર ઉપરનું સાર્વભૌમત્વ નહિવત્ થઇ ગયું. જામ રાવળની ઊગતી સત્તા બળવત્તર થતી ગઈ. જામનગર શહેર આ સમયમાં ઇ. સ. ૧૫૪૦માં વસ્યું. પશ્ચિમ સૌરાષ્ટ્ર સુલતાનના સાર્વભૌમત્વમાંથી સરી ગયું. જૂનાગઢમાં તાતારખાન લગભગ સ્વતંત્ર જ હતો. મોરબી પ્રદેશ ફતેહખાન બલોચના અધિકારમાં હતો. તે પણ સુલતાનનું માત્ર નામશેષ સાર્વભૌમત્વ સ્વીકારતો. ઝાલાઓ તો કોઇની પરવા કરતા જ નહિ. નાગના બંદર જામ રાવળે જીતી લીધું. તે પછી ખીમોજી જેઠવા ત્યાંથી ખસી રાણપુર જઈ રહ્યા અને ત્યાં ઇ. સ. ૧૫૫૦માં ગુજરી ગયા.[1] ત્યાં સુધી તેણે પણ સુલતાનની

---

૧. નવાનગર વસાવ્યા પછી જામ રાવળે તેમના ભાઇ હરધ્રોળજીની સહાયથી દક્ષિણ તથા પશ્ચિમ તરફનો જેઠવાઓનો પ્રદેશ જીતી લીધો. જેઠવાઓએ મરણિયો સામનો કર્યો. પોતાની સહાયે વાળા, વાઢેર, વાઘેર, અને જૂનાગઢના સૂબાનાં તોપખાનાંને બોલાવ્યાં. જામ રાવળ સાથે હરધ્રોળજી તથા તેના કુંવર સતાજી હતા. તેમના સરદાર તોગાજી સોઢાએ અતિશય વીરતા બતાવી શત્રુઓની તોપમાં ખીલા મારી દીધા. તોગાજી ચોવીસ જખ્મોથી ઘાયલ થઇ કામ આવ્યા. જેઠવા સૈન્યે હરધ્રોળજીનું ખૂન કરાવવા વિચાર કર્યો અને તે કામ કરવાનું બીડું કરશન જાંબુચા નામના રજપૂતે ઝીલ્યું. તેણે હરધ્રોળજીને પત્ર આપવો છે તેના બહાને તે સ્નાન કરતા હતા ત્યારે પાસે જઇ ઇ. સ. ૧૫૫૦માં મીઠોઇ ગામે ભાલાથી તેમને ઠાર માર્યા; પણ તરત જ તેના ભત્રીજા મેરામણ કુંગરાણીએ તેને મારી નાંખ્યો. જામનો જય થયો; પણ હરધ્રોળજીના કુંવર અને અનુગામી જસોજી ચિત્રાવડ (કચ્છજરી)ના ચુડાસમા ઠાકોરને ત્યાં પરણેલા તથા ભાણુ

સત્તા સ્વીકારી નહિ. ગોહિલોની ગાદી ઉપર એ વખતે રામદાસજી હતા. આ રામદાસજીનાં રાણી ચિત્તોડના રાણા સંગની કુંવરી હતાં. તેથી તે પણ સુલતાનને શિર નમાવતાં નહિ. આ રામદાસજી ગોહિલ રાણા સંગ ઉપર માળવાના સુલતાન મહમદ ખીલજીએ ચડાઇ કરી ત્યારે ત્યાં ઘેરાઇ ગયા હતા અને ઇ. સ. ૧૫૩૫માં મરાઈ ગયા. એટલે સુલતાન મહમદ ઉજાના વખતમાં મહમદ બેગડાએ સ્થાપેલી લોખંડી સલ્તનત સૌરાષ્ટ્રમાંથી લગભગ મૃતપ્રાય થઇ ગઈ અને એ સમય આવી ચૂકયો કે તેના વારસોને તે જ સૌરાષ્ટ્રના રાજાઓના આશ્રયે રહેવાની જરૂર પડી.

## ગુજરાતના છેલ્લા સુલતાનો

**સુલતાન અહમશાહ ત્રીજો** ઇ. સ. ૧૫૫૪ થી ઇ. સ. ૧૫૬૧ તથા

**સુલતાન મુઝફ્ફર** ઇ. સ. ૧૫૬૧ થી ઇ. સ. ૧૫૭૫.

**સુલતાન અહમદશાહ ઉજો** : મહમદ ઉજો સગીર હતો ત્યારે માત્ર તેર વર્ષની વયે જ ગાદીએ આવેલો અને બેંતાલીસ વર્ષનો થયો ત્યાં તો તેનું ખૂન થયું. એટલે તેણે ખરું રાજ્ય માંડ આઠ નવ વર્ષ ભોગવ્યું. તે સ્થિતિનો લાભ લઇ ઉમરાવો બળવાન થઇ ગયા હતા. ત્યાં એક રસ્તામાં રખડતા છોકરાને ઉમરાવોએ પોતાના સ્વાર્થ ખાતર ગાદીએ બેસાડયો અને તેની સગીર અવસ્થાના કારણે ગુજરાજનું રાજ્ય પોતે ચલાવવા માંડયું.

**અહમદશાહ ઉજાનું મૃત્યુ** : પણ આ અહમદશાહે બેંતાલીસ વર્ષનો થતાં માથું ઊંચકયું અને તેના વહીવટકર્તાઓને તે મારી નાખે તે પહેલાં ઇતમાદખાન નામના ઉમરાવે તેને ઇ. સ. ૧૫૬૧માં કાપી, તેના શરીરના ટુકડા નદીની રેતીમાં નાખી દીધા.

આ સુલતાન પણ સગીર હતો. એટલે તેના રાજ્યનાં વર્ષોમાં પણ અમુક સ્વાર્થી તત્ત્વોએ જ તેના નામે રાજ્ય કર્યું. રાજ્યસત્તા ક્ષીણ થઇ ગઇ. બજાનો બાદી થઇ ગયો અને ગુજરાતની પ્રતિષ્ઠા ઘટી ગઇ.

**નથુ અથવા હલીમ, અથવા મુઝફ્ફર શાહ** : ગુજરાતની ગાદીએ ઇતમાદખાનથી બેસાય એમ હતું નહિ, કારણ કે તેના જેવા બીજા શકિતશાળી ઉમરાવો

---

જેહવા પણ ત્યાં પરણેલા. બન્ને રાણીઓ કોઇ લગનપ્રસંગે ભેળાં મળ્યાં ત્યારે વાતચીતમાં ચડઊતર થતાં રાણીએ જસાજીને ઘ્રોળથી બોલાવ્યા અને તેણે આવી ભાણુ જેહવાને બાપનું વેર લેવા મારી નાખ્યા.

તું ગરીયો કેમ ગમાણુ, નાઠે નીસરીયો નહિ,
ભવ લગ મેણું ભાણુ, બેહું બરડાના ધણી.

તેવી જ ઇચ્છા ધરાવતા હતા. વળી માળવા, ખાનદેશ અને દીલ્હીનાં રાજ્યોનો ડોળો ગુજરાત ઉપર હતો જ. તેથી તેણે મહમદ ઉજાના નથુ અથવા હલીમ નામના અનૌરસ પુત્રને ઇ. સ. ૧૫૬૧માં ગાદી ઉપર બેસાડયો અને તેણે મુઝફ્ફરશાહ નામ ધારણ કર્યું.

ગુજરાતનું રાજ્ય : આ સુલતાન પણ સગીર હતો. ત્રીજો સગીર સુલતાન આ રીતે ગાદીએ આવતો હતો. તેથી નિરંકુશ ઉમરાવોએ ગુજરાતનો પ્રદેશ વહેંચી લીધો. અમદાવાદ, ખંભાત, મહીવાસ અને સાબરકાંઠો ઇતમાદખાને રાખ્યા, પાટણ શેરખાન તથા મુસાખાન નામના ફૌલાદી સરદારને આપ્યું. ઇમાદ-ઉલ-મુલ્કના પુત્ર ચંગીઝખાને સુરત, ભરૂચ, વડોદરા અને ચાંપાનેર; સૈયદ મીરાને ધંધુકા, ધોળકા, અને તાતારખાન ઘોરીએ જૂનાગઢ લઇ લીધાં.

અમીરોનો બળવો : ઇ. સ. ૧૫૬૭માં ભરૂચના ચંગીઝખાને અમદાવાદ લીધું, અને તે પોતાની સત્તા પ્રબળ કરે તે પહેલાં ઝુંઝારખાને ઉલુઘખાનની શિખવણીથી તેને મારી નાંખ્યો. તે સાથે દક્ષિણ તરફ મીરઝાંઓએ માથું ઊંચકયું, આખા ગુજરાતમાં અંધાધૂધી ફેલાઈ. આખરે ઇતમાદખાને ગુજરાત લેવા માટે શહેનશાહ અકબરને દીલ્હી આમંત્રણ મોકલ્યું.

અકબરની ચડાઇ : અકબરે ઇ. સ. ૧૫૭૩માં ગુજરાતમાં આવી પાટણમાં છાવણી નાખી. તેની સામે કોઇ થઇ શકે તેમ હતું નહિ. દરેક પક્ષે પોતાની તલવારો નમાવી અને જૂનાગઢના તાતારખાનના પુત્ર અમીનખાને આવી અકબરને કીમતી ભેટસોગાદો ધરી તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. અકબરે અહમદાબાદ, ખંભાત અને મહીકાંઠાના પ્રદેશની હકૂમત તેના દૂધભાઇ અઝીઝ કોકા ખાને આઝમને આપી.

મુઝફ્ફર કેદ : મુઝફ્ફર કેદ પકડાયો અને તેને દીલ્હી મોકલી દેવામાં આવ્યો. અમીરો અકબરને જઇ મળ્યા અને મીરઝાંઓ પણ હારીને દક્ષિણ તરફ નાસી ગયા. અકબરે ગુજરાતમાં પોતાની સંપૂર્ણ હકૂમત સ્થાપી. ગુજરાત જેવો સુંદર દેશ તેના ખાલસા પ્રદેશોમાં ઉમેરી, ઇ. સ. ૧૫૭૩ના જુન માસમાં તે દીલ્હી પહોંચ્યો.

મીરઝાંઓનું બંડ : પણ અકબરના જવાની રાહ જોઇ બેઠેલા મીરઝાં મહમદ હુશેને સુરત તથા ભરૂચ લીધાં; ખંભાત ઘેર્યું અને મીરઝાં અઝીઝ કોકા ઈડર તરફ હતો તેની સ્થિતિ ભયમાં મૂકી દીધી. મીરઝાંઓ તથા મુઝફ્ફરના અમીરો આ બધી ધમાલ ગુજરાતમાં કરતા હતા. તેને સીધી રીતે સૌરાષ્ટ્રના ઇતિહાસની સાથે સંબંધ નથી; પરંતુ સૌરાષ્ટ્ર અને ખાસ કરીને સોરઠ પાદશાહીનો એક ભાગ

હતો અને સૌરાષ્ટ્રના અન્ય રાજાઓ આ સમયનો લાભ લેવાની વેતરણમાં જ હતા એટલે તે સંબંધી થોડી હકીકત જાણવી જરૂરી છે.

**અકબરની બીજી ચડાઈ ઇ. સ. ૧૫૭૩** : અકબરને સમાચાર મળ્યા કે તેણે જીતેલું ગુજરાતનું રાજ્ય તેના હાથમાંથી ખૂંચવાઇ રહ્યું છે. તો તેને બચાવવા માટે તેણે જાતે જ જવું જોઇએ તેમ વિચારી તે ઇ. સ. ૧૫૭૩ના ઓગસ્ટ માસની ૨૩મી તારીખે દીલ્હીથી રવાના થઇ સપ્ટેમ્બરની બીજી તારીખે એટલે નવ દિવસમાં ૬૦૦ માઇલની મુસાફરી કરી સાબરમતીને કાંઠે આવી પહોંચ્યો. સાબરમતીને કાંઠે એક ભયંકર રણસંગ્રામ ખેલાયો. અકબરે સૈન્યનું નેતૃત્વ લીધું. વિજયશ્રી અકબરને વરી. મીરઝાંઓનો સંપૂર્ણ પરાભવ થયો. મહમદ હુશેન મીરઝાં કેદ પકડાયો. શાહ મદાદને અકબરે પોતે મારી નાંખ્યો. શાહ મીરઝાં ભાગી છૂટયો. ઇખ્તીયાર તથા બીજા અમીરો પણ માર્યા ગયા.

અકબર અગ્યાર દિવસ અમદાવાદમાં રહ્યો અને દીલ્હીની હકૂમતથી સ્વતંત્ર થઈ મુઝફ્ફર પહેલાએ ૧૭૦ વર્ષ પહેલાં સ્થાપેલી ગુજરાતની સલ્તનતનો અંત આણ્યો. ગુજરાત ફરીથી દીલ્હીના સામ્રાજ્યનું અંગ બન્યું.

**મુઝફ્ફર ૩ જાનું પુનરાગમન** : મુઝફ્ફર દીલ્હીની કેદમાં હતો. ત્યાંથી તે ઇ. સ. ૧૫૭૮માં ભાગી છૂટયો. ગુજરાતનો સૂબો તેનું શત્રુવટથી સ્વાગત કરવા તૈયાર થયો. સૌરાષ્ટ્ર–ગુજરાતના બાદશાહના સ્થપાયેલા સામ્રાજ્યના પાયા ફરી ડોલવા માંડયા.

**જામ રાવળનું મૃત્યુ** : ઈ. સ. ૧૫૬૨ : મુસ્લિમોના વર્ચસ્વના સમયમાં બાહુબળથી એક નવું રાજ્ય પ્રાપ્ત કરી, તેને વિકસાવનાર જામ રાવળ ઇ. સ. ૧૫૬૨માં મૃત્યુ પામ્યા. તેણે તેના દીર્ઘ રાજ્યકાળમાં હાલારના રાજ્યને મજબૂત અને શક્તિશાળી બનાવ્યું. જામ રાવળ પછી તેના કુંવર વિભાજી ગાદી ઉપર આવ્યા.[1]

**જામ રાવળ** : જામ રાવળનું પાત્ર સૌરાષ્ટ્રના ઇતિહાસમાં એક અગત્યનું સ્થાન અવશ્ય રોકે છે. કચ્છમાંથી થોડા સેવકો અને સૈનિકો લઇ સૌરાષ્ટ્રમાં જામ રાવળ એવા સમયે આવ્યા કે જ્યારે જૂનાં જૂનાં રાજ્યકુળો નષ્ટ વા નિર્બળ થઇ ચૂકયાં હતાં. મુસ્લિમોના ઊગતા સૂર્યના તેજમાં રજપૂત રાજાઓ અંજાઇ ગયા હતા.

---

૧. પાટવી જીયાજી રોઝી પાસે ઘોડી દોડાવતાં અકસ્માત ગુજરી ગએલા. તેના પુત્ર લાખોજી હોવા છતાં વિભાજીએ રાવળ જામ પાછળ સ્મશાને ન જતાં, રોકાઇ જઇ કિલ્લો બંધ કરી, નગર કબજે કર્યું. લાખાજીને ખોડોશનું પરગણું આપ્યું અને જામ રાવળના પુત્ર ભારોજીને જાંબુડા આપ્યું.

ઇસ્લામના ઉદયનો કાળ હતો. આર્ય સંસ્કૃતિ નષ્ટભ્રષ્ટ થઇ ગઇ હતી અને હિંદુઓ ફરીથી માથું ઊંચકી નહિ શકે તેવાં સ્પષ્ટ ચિહ્નો જણાતાં હતાં. ત્યારે આ પ્રતાપી પુરુષે સ્વપરાક્રમે અને દીર્ઘદૃષ્ટિ વડે હાલારનું રાજ્ય સ્થાપ્યું. કાયર હિંદુઓને વિશેષ સમય માટે ભૂમિના પાલક ન રહેવા દેતાં તેઓ પાસેથી સત્તા ખૂંચવી લીધી[1] અને એક બળવાન રાજ્ય સ્થાપવાનો પ્રયાસ કર્યો. જ્યાં મંદિરોના સ્થળે મસ્જીદો બની રહી હતી અને બાંગના અવાજ સંભળાતા હતા, ત્યાં એ સમયમાં ઘંટારવ અને આરતીના નાદો ગુંજવા લાગ્યા અને જામનગરમાં "છોટી કાશી"ના પાયા નંખાયા. જામ રાવળ એક કુશળ સેનાની, કૂટ મુત્સદ્દી અને વિરલ રાજપુરુષ હતા. તેણે હમીરજી સાથે કરેલો દગો, તમાચી સામે કરેલી લડાઇ વગેરે પ્રસંગો તો તે સમયની રાજ્યનીતિને સર્વાંશે અનુરૂપ હતા. જો તેમ ન કરે તો મુસલમાનો સામે એકત્ર થવાનું શકય ન હતું. નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાઇ ગયેલી હિંદુ પ્રજાના રક્ષકો મુસ્લિમોની લોખંડી એડી નીચે કચડાઇ ગયા હતા. સંસ્કૃતિ, સભ્યતા અને ધર્મનો અંત સમીપ દેખાતો હતો.

દીલ્હી કે અમદાવાદના મુસ્લિમ શાસકો સામે ઊંચી આંખ કરવા કોઇની શક્તિ રહી ન હતી; પોતાની બહેન–દીકરી સુલતાનને પરણાવીને તેમની મહેરબાની યાચતા રાજાઓ પૂર્વજોની કીર્તિના કનકકળશને કાજળના ઓપ આપી રહ્યા હતા; ત્યારે જામ રાવળે તેઓના નિશ્ચેતન અને નિર્માલ્ય જીવનને ફરીથી ચેતનવંતુ બનાવ્યું; તેમના મૃતદેહોમાં પ્રાણ ફૂંકયા અને ઇશુની સોળમી સદીના મધ્યમાં તેણે પોતાના બાહુબળે એક મોટું હિંદુ રાજ્ય સ્થાપ્યું, એટલું જ નહિ પણ પાડોશી રાજ્યો અને પરદેશી સત્તાઓ ઉપર પોતાની લાગવગ અને અગત્ય વધારી.

<u>જામ વિભાજી</u> · ઈ. સ. ૧૫૬૨ થી ૧૫૬૯. જામ વિભાજી માત્ર સાત વર્ષ ગાદી ઉપર રહ્યા.[1] આ સમયમાં ગુજરાતની સલ્તનત અંધાધૂંધીના આવરણમાં ફસી હતી. અમીરો પોતાનો સ્વાર્થ સાધવામાં પડયા હતા; સૈન્યો વીખરાઈ ગયાં હતાં. એટલે તેમનું રાજ્ય નિષ્કંટક રહ્યું.

<u>હળવદ–ધ્રોળ યુદ્ધ</u> : આ સમયે હળવદના રાજા રાયસિંહજી તથા ધ્રોલઠાકોર જસાજી વચ્ચે યુદ્ધ થયું. તેમાં જસાજી મરાઇ ગયા અને રાયસિંહજીએ બાદશાહની

---

૧. કાલાવડના કાઠીઓ પીરના પૂજક હતા, ઇસ્લામ ધર્મ પ્રત્યે પ્રીતિ રાખતા હતા, માટે તેઓને કાઢી મૂકયા. જેઠવા તથા દેદાઓ પણ નિર્બળ થઇ ગયા હતા.

૨. જામ વિભાજીને ચાર કુંવરો હતા ૧. રણમલજી: તેને શીશાંગ, ચાંદલી વગેરે બાર ગામો આપ્યાં. ૨. ભાણજી: તેને ખરેડી વગેરે બાર ગામ આપ્યાં. ૩. વેરાજી: તેને હડિયાણા આપ્યું; અને ૪. પાટવી છત્રસાલ ગાદીએ બેઠા.

મદદથી રાજ્ય પાછું મેળવ્યું.[1] રાયસિંહજી ઈ. સ. ૧૫૮૪માં ઘાંટીલા પાસે દેદા ગરાસિયા સાથે લડતા હતા ત્યારે શત્રુઓએ રાત્રે લડાઇ કરવી નથી તેવું વચન લીધું, પણ પછીથી દગાથી હુમલો કરતાં મરાઇ ગયા.

**સિહોર** : આ સમયમાં જ સિહોરના બ્રાહ્મણ–દરબારો 'જાની' તથા 'રણા' વચ્ચે તકરાર પડતાં બન્ને પક્ષો લડવા માંડયા. રણાઓએ ગારિયાધારના ઠાકોર કાંધોજીની મદદ માગી અને જાનીઓએ ઉમરાળેથી રાયેાળ વીસાજીને બોલાવ્યા. વીસાજીએ કાંધોજીને હરાવી કાઢી મૂકયો અને બ્રાહ્મણોને પણ હાંકી મૂકી પોતાની રાજધાની સિહોરમાં કરી.

**જામશાહી કોરી** : ઈ. સ. ૧૫૬૮–૬૯માં જામ છત્રસાલે ગાદીએ આવી ગુજરાતના સુલતાનની રજાથી કોરી છાપવા માંડી. તે માટે સુલતાને એવી શર્ત કરી

---

૧. માનસિંહને બહાદુરશાહે વીરમગામ, દસાડા સિવાય તેનું રાજ્ય પાછું સોંપ્યું હતું. માનસિંહજીને ત્રણ કુંવરો હતા. પાટવી રાયસિંહ હતા; બીજા રામસિંહજી હતા. તેને જીવા અભાડ વગેરે તથા ત્રીજા ગોવિંદસિંહને આમરડી, સુંદર વગેરે મળ્યાં.

હળવદના રાજા માનસિંહજી ગુજરી ગયા. તેની પાછળ રાયસિંહજી ગાદીએ બેઠા. રાયસિંહજી બલિષ્ઠ તેમજ બાહોશ હતા. તેમણે ઘણાં યુદ્ધો ખેલી તેમના પ્રદેશનો વિસ્તાર વધાર્યો હતો. એક વખતે તેના મામા ધ્રોળના ઠાકોર જસાજી સાથે ચોપાટ ખેલતા હતા. ત્યાં ડંકો વાગ્યો. જસોજીએ પૂછયું કે, "હું અહીં બેઠો છું ત્યારે કોની મગદૂર છે કે પોતાનો ડંકો વગાડે છે?" માણસોએ તપાસ કરી કહ્યું કે મકનભારથી નામનો સાધુ મોટી જમાત લઇ દ્વારકા જાય છે. આ સાંભળી તે શાંત થયો; તેથી રાયસિંહજીએ પૂછયું કે, "કોઇ રાજા વગાડે તો શું કરો?" જસાજીએ જવાબ આપ્યો કે, "ભાંગી નાખું." તેથી રાયસિંહજી પોતે ડંકો વગાડવા આવે છે તેમ કહી ત્યાંથી ઊઠયા અને થોડા વખતમાં સૈન્ય સાથે ધ્રોળને પાદર આવી જસોજીને નગારાં ફોડવા આહ્વાન આપ્યું. જસોજી તથા રાયસિંહજી વચ્ચે યુદ્ધ થયું. અને તેમાં જસોજી માર્યા ગયા. જસાજીનું વેર લેવા તે પછી કચ્છના રાહ ખેંગારજીના ભાઇ સાહેબજી હળવદ ઉપર ચડયા. બન્નેનાં સૈન્યો માળીયા (મીંયાણાં) આગળ મળ્યાં. ભયંકર સંગ્રામ થયો. તેમાં સૂર્યાસ્ત સમયે રાયસિંહજી ઘવાયા. એ જ રાત્રે મકનભારથી ત્યાંથી પાછા વળ્યા અને રાયસિંહજીને સાથે દિલ્હી તેડતા ગયા. ત્યાં ઘાયલ રાયસિંહજી સારા થતાં બાદશાહ અકબરના પાણીના રક્ષણે મકનભારથીના સાધુઓનો પહેરો ચડતો, તેમાં ફરજ ઉપર ગયા. ત્યાં બાદશાહના એક્કા મલ્લને એક મુક્કાથી મારી નાખતાં અકબરને તેની ખબર પડી; તેથી ગુજરાતના સૂબા ખાનખાનાનને હુકમ આપી તેનું રાજ્ય પાછું સોંપાવ્યું.

રાયસિંહજી ગાદી ઉપર પાછા બેઠા; પણ રાણીઓએ તેને મરેલાં માની ચૂડાકર્મ કરી નાખેલું હોઇ તેનો ત્યાગ કર્યો. માત્ર નાંદોલના ચૌહાણની કુંવરી હતાં તે રાણી તેની સાથે રહ્યાં.

જસાજીએ મરતી વખતે તેના મિત્ર સાહેબજીને વેર લેવા સંદેશો મોકલ્યો હતો.

રણ ઢળતે જસરાજ, વચન સાહેબ શું કહ્યો,
વેર લીયણ મમ કાજ, હોથણ જોધ હમીરકા.

બીજી વાત એમ છે કે પોતે પ્રથમ સહાય માંગેલી. તેથી રાજ્ય પ્રાપ્ત કર્યું. તે પછી

કે કેારીને મહમુદી કહેવી અને સુલતાનનું નામ છાપવું; પણ જામે આ શર્તનેા અમલ કર્યો નહિ. તેથી તેનેા ખુલાસેા પૂછતાં જામે જવાબ આપ્યેા કે 'આ કેારીનું નામ કુંવારી છે અને તેને પાદશાહના રૂપીઆ સાથે પરણાવું છું.' એમ કહી જામસાહેબે બાદશાહને આપેલી. તેથી તેનું નામ કુંવારા અને તેમાંથી કેારી થયું તેવી વાર્તા પ્રચલિત છે.[1]

જૂનાગઢ : ઇ. સ. ૧૫૮૧–૮૨. જૂનાગઢ ઉપર તાતારખાનના પુત્ર અમીનખાન ઘેારીનેા અધિકાર ચાલુ રહ્યો હતેા. તેના સૈન્યનેા અધિપતિ ફત્તેહખાન સરવાણી એ સમયે વૃદ્ધ હતેા અને અમીનખાન યુવાન હતેા. એટલે બન્ને વચ્ચે મતભેદ પડયા કરતેા. ફત્તેહખાન સરવાણી એક દિવસ જૂનાગઢથી રિસાઇ અમદાવાદ ચાલ્યેા ગયેા અને ત્યાં તેણે શાહબુદ્દીન અહમદખાનને જૂનાગઢ લેવા લલચાવ્યેા. અહમદખાને તેના ભત્રીજા મીરઝાંખાનને ચાર હજારનું હયદળ આપી સરવાણી સાથે મેાકલ્યેા. આ સૈન્યે જૂનાગઢ ઉપર ઘેરેા ઘાલ્યેા; પણ આ ઘેરેા ચાલતેા હતેા ત્યાં જ સરવાણી ગુજરી ગયેા.

જામનું સૈન્ય જૂનાગઢમાં : આ દરમ્યાન અમીનખાને જામ સતાજીની સહાય માગી. તેથી જામે ત્રીસ હજાર રજપૂતેા અને ઘેાડેસ્વારેાને જસા વજીર, ભાણજી દલ તથા ભારમલજીના આધિપત્ય નીચે જૂનાગઢ મેાકલ્યા.

અમીનખાનના પુત્ર દેાલતખાનને જામની ફેાજને આવતી જોઇને એવી બીક લાગી કે તે પ્રથમ મદદ કરશે અને પછી જૂનાગઢ લઈ લેશે; તેથી તેણે મજેવડી પાસે જામનગરની ફેાજને કહેવરાવ્યું કે અમારે સુલેહ થઇ જાય છે તેમજ કિલ્લામાં સંકડાશ છે, તેથી કાં તેા છેા ત્યાં જ મુકામ રાખેા અને કાં તેા સ્વદેશ પધારેા. જામનગરના શૂરવીર સેનાપતિઓને આ સંદેશેા રુચિકર લાગ્યેા નહિ. તેમણે પણ મુસલમાનેાને પેાતાનું પાણી બતાવવા નિશ્ચય કરી બાદશાહી ફેાજથી બે ગાઉ ઉપર જ મુકામ રાખ્યેા; અને રાત્રે મીરઝાંખાન દગાથી હુમલેા કરવાનેા છે તેવા ખબર મળતાં પેાતે જ પહેલેા ઘા કરવેા એ વિચારે મુગલાઇ ફેાજ ઉપર હલ્લેા કરી કતલ ચલાવવી એવું નક્કી કર્યું. મુગલાઇ સૈન્યમાં ભંગાણ પડયું. મિરઝાંખાન ભાગી છૂટયેા. જસા વજીરે મુગલેાની છાવણીમાંથી પર હાથીઓ, ૩૫૩૦ ઘેાડા, ૭૦ પાલખી, તેાપેા, તંબૂઓ, હથિયારેા આદિ કબ્જે કર્યાં. મિરઝાંખાન ત્યાંથી માંગરેાળ ગયેા. જામનગરની ફેાજે તેને ત્યાંથી પણ હાંકી કાઢયેા; તેથી મિરઝાંખાન કેાડીનાર જઇ ભરાયેા. ત્યાં પણ જામનગરનાં વિજયી સૈન્યેાએ તેને ઘેરીને હરાવ્યેા. મિરઝાંખાન અમદાવાદ નાસી

---

દીલ્હી ગયેલા. ત્યાં દરબારમાં મલ્લે મશ્કરી કરતાં તેણે એક હથેળીથી તેનું માથું બભામાં બેસાડી દીધું. તેનેા હાથ દીવાલને વાગ્યેા અને તેમાંથી પથ્થર તૂટી પડયેા. તેથી કહેવાયું કે,

કટારી અમરેશરી, તેાગારી તલવાર,
હથેરી રાયાસંગરી, દીલ્હી કે દરબાર.

૧. કેારી અંગે ચર્ચા આ યુગના અંતે 'ચલણ' શીર્ષક નીચે કરવામાં આવી છે.

ગયો. મદદે બોલાવીને પાછળથી દગો કરનાર દોલતખાનને શિક્ષા કરવા જામનગરની ફોજ તેના ઉપર ચડી, પણ દોલતખાને સૈયદો અને ચારણોને મોકલી વિષ્ટિ કરી અને ચુર, જોધપુર, ભોદનાં પરગણાં જામસાહેબને આપી માફી માગી.

<u>તમાચણનું યુદ્ધ</u> : ઇ. સ. ૧૫૮૨ : મિરઝાંખાનના પરાજયના સમાચારથી ગુજરાતભરમાં ખળભળાટ મચી ગયો. બાદશાહી ફોજના હાલહવાલ થાય તે માની જ શકાય નહિ; મુસ્લિમ ફોજનો પરાજય ઘણાં વરસે થયો હતો. અકબરશાહને આ ખબર આપવામાં પણ બીક લાગી. તેથી સૂબા શાહબુદ્દીન અહમદે ખુર્રમ નામના સરદારને એક પ્રબળ સૈન્ય આપી જામસાહેબનો પ્રદેશ જીતી લાવવા મોકલ્યો. જસા વજીર તથા પાટવી કુંવર અજોજી વગેરે સરદારોને લઇ જામ સત્રસાલ તેની સામે ચડયા અને તમાચણ અને ગોલીટા ગામ વચ્ચે મુકામ કર્યો. ખુર્રમ આ ભવ્ય સેનાને જોઇ ડરી ગયો. તેણે પત્ર લખી પાછા જવા માટે જામની આજ્ઞા માગી.[૧] જામસાહેબે રજપૂતોની રીતિ પ્રમાણે જવાબ આપ્યો કે 'એમ જ હોય તો એક મુકામ પાછા હઠી જાઓ તો અમો તમને પહેરામણી કરી જવા દઇશું?' ખુર્રમ પડધરી ગયો. જામસાહેબે પહેરામણી આપી તેને વિદાય આપી. પોતે જામનગર ગયા અને સૈન્યનો અમુક ભાગ સાથે રાખી પાટવી તથા બીજા સરદારો આનંદ કરવા રોકાયા. તે તકનો લાભ લઇ ખુર્રમે હલ્લો કર્યો; ભયંકર રણસંગ્રામ ખેલાયો. મુગલ ફોજ હારી. ખુર્રમ ભાગી છૂટયો અને ફોજનો ઘણો કીમતી માલ જામસાહેબની ફોજે હાથ કર્યો.

<u>જેઠવા</u> : જેઠવાની ગાદીએ રાણા રામદેવજી ઇ. સ. ૧૫૫૦માં બેઠા. તે જામ વિભાજીની કુંવરીના કુંવર હતા. તેના મામા જામ સતાજી નગરની ગાદીએ બેઠા પછી જેઠવાના સીમાડાઓ દબાવતા ગયા. બહાદુર રાણાનાં સૈન્યો આગળ નવાનગરને ઘણી વખત પરાજય પામવો પડયો. તેથી તેણે તેની બહેનને રાણાને જામનગર મોકલવા લખ્યું. રાણી જાણતાં હતાં કે તેના ભાઇના પેટમાં દગો છે અને રાણા સગીર છે.[૨] તેથી મોકલ્યા નહિ; પણ અતિઆગ્રહને વશ થઈ, કવિદાસ લાંગા નામના ચારણ જામીન પડતાં, તેની સાથે મોકલ્યા. જામ સતાજીએ રાણાને રણવાસમાં મોકલી

---

૧. આ પત્ર 'યદુવંશપ્રકાશ' નામના રસિક તેમજ વિદ્વત્તાયુક્ત ગ્રંથમાં શ્રી. માવદાનજી કવિ આપે છે.

"સાહેબ આપ અનમી છો. આપના ભાઇઓ, કુંવરો અને અમીર-ઉમરાવો પણ યુદ્ધમાં ન હઠે એવા છે. અમે તો બાદશાહી નોકર હોવાથી જ્યાં બાદશાહ હુકમ કરે ત્યાં ગયા વિના અમારે છૂટકો નહિ. તેથી અંજળને લીધે આ મુલ્કમાં આવ્યા છીએ. પણ અમારી ઇજ્જત રાખવી તે આપના હાથમાં છે."

૨. રાણા રામદેવજી આ સમયે સગીર હોવા સંભવ નથી; કારણ કે તે વખતે તેના કુંવર ભાણજી પરણેલા હતા તથા તેને ખીમોજી પુત્ર હતા. એટલે રામદેવજી સગીર હોવાની દંતકથાની માન્યતા બરાબર જણાતી નથી.

ત્યાં દગાથી મારી નાખ્યા અને કવિદાસની આકંદભરી આજીજી સાંભળી રાણાની કાયાના કટકા ઉપરથી નાખ્યા. કવિદાસે ત્યાં જામનગરના રાજમહેલ ઉપર લોહી છાંટી ત્રાગું કર્યું; પણ અંતે રાણાનું રાજ્ય જામનગરના રાજ્ય સાથે મેળવી દેવામાં આવ્યું.

મુઝફ્ફરનું આવવું : ઈ. સ. ૧૫૮૩ : ઈ. સ. ૧૫૮૩માં રાજપીપળાનાં જંગલોમાં અદ્યાપિ પર્યંત સંતાઇ રહેલો મુઝફ્ફર હવે બહાર નીકળ્યો. તેને ગુજરાતમાં સલામતી લાગી નહિ તેથી તે સોરાષ્ટ્રમાં આવ્યો અને ખરેડી પાસે લુણાકોટમાં છાનોમાનો રહેવા લાગ્યો.

ઇતિમાદખાન : ઇ. સ. ૧૫૮૩ : અહીં મિરઝાંખાનની કેાડીનાર પાસે થયેલી નામોશીભરેલી હારને કારણે શાહબુદ્દીન અહમદને સૂબાપદેથી દૂર કરી બાદશાહે ઇતિમાદખાન ગુજરાતીની નિમણૂક કરી અને તેણે મુઝફ્ફરને જેર કરવા માટે પ્રયત્ન શરૂ કર્યા. પરંતુ મુઝફ્ફરને વઝીરખાની મોગલો આવી મળ્યા. તેઓની સંખ્યા સાતસોથી આઠસોની હતી, અને ઇતિમાદે તેઓને નોકરીમાં રાખેલા નહિ. કાઠીઓની પણ એક ફેાજ તેણે પૈસા આપી પોતાના પક્ષે મેળવી અને તે પછી અમદાવાદ ઉપર હુમલો કર્યો. ઇતિમાદખાન તથા શાહબુદ્દીને લડાઇ આપી, પણ પ્રજા જૂના રાજા તરફ હતી. બચાવનાં સાધન બરાબર ન હતાં. બાદશાહી ફેાજમાં જૂના રાજ્યનાં માણસો હતાં. તે પક્ષ ફેરવી મુઝફ્ફરને જઈ મળ્યાં. તેથી ઇતિમાદને જીતવાના સંયેાગ ન જણાતાં તે પાટણ તરફ નાસી ગયેા. બીજી તરફ કુતુબુદ્દીન મહમદને વડોદરામાં હરાવી પાછળથી મારી નાખ્યેા. મુઝફ્ફરના ગ્રહ સુધરતા જણાયા; સૂબેદારો તેઓના હસ્તકના કિલ્લાઓ સોંપવા માંડયા. ભરૂચના કિલ્લેદારે ભરૂચ સામા આવીને સ્વાધીન કર્યું.

અકબરની ચડાઇ : મુઝફ્ફરના વિજયથી સમગ્ર દેશમાં હલચલ મચી ગઈ. તેનાથી દગેા કરી બાદશાહ અકબરને આમંત્રણ આપીને લઇ આવેલા તેમજ બાદશાહને પોતાની વફાદારી જેણે જાહેર કરેલી તે અમીરો અને સેનાપતિઓનાં હૃદયમાં ફફડાટ થઇ ગયેા. તેથી તેઓ પણ મુઝફ્ફરનેા ઘાણ કાઢવા પ્રવૃત્ત થયા. તેવામાં દીલ્હીથી અકબરે એક મેાટું સૈન્ય લઇ મીરઝાંખાનને તેની સામે મેાકલ્યેા. તેણે મુઝફ્ફરને અમદાવાદ આગળ સખત હાર આપી. ગુજરાતનેા આ કમનસીબ સુલતાન પાછેા ભાગીને રાજપીપળાનાં જંગલોમાં આશ્રય શેાધી રહ્યો. પણ અકબરની ફેાજ તેના પગલે પગલે પાછળ ગઈ અને રાજપીપળામાં પણ તેના રહ્યાસહ્યા માણસોને કાપી નાખવામાં આવ્યા. મુઝફ્ફર જાન બચાવવા સૌરાષ્ટ્ર તરફ ભાગી છૂટયેા.

મુઝફ્ફર સોરઠમાં : મુઝફ્ફરે હવે જૂનાગઢમાં આશ્રય મળશે એમ ધારી અમીનખાનનેા આશ્રય શેાધ્યેા. મીરઝાંખાનને ખાનખાનાનનેા ઇલકાબ આપી તેને ઉત્તેજ્યેા અને જૂનાગઢના કારણે જામનગરની ફેાજના હાથે પોતાને મળેલી નામોશી-

ભરેલી હારના કલંકને ધોઈ નાખવા મીરઝાંખાને જૂનાગઢ ઉપર ચડાઇ કરી; પણ અમીનખાનમાં હવે કૌવત ન હતું. તેથી તેણે તો સામે માણસો મોકલી 'ત્યાં મુઝફ્ફર નથી' તેમ કહેવરાવી દીધું. તેથી મીરઝાંખાન ઉપલેટા ગયો અને ત્યાંથી બરડાના પર્વતોમાં શોધખોળ ચલાવી; પણ મુઝફ્ફર ત્યાંથી નવાનગર ગયો અને ત્યાંથી ફરી રાજપીપળા તરફ નાસી ગયો.

ઈ. સ. ૧૫૯૧માં મુઝફ્ફર અને તેના પક્ષપાતીઓએ અમીનખાન ઘોરીના પુત્ર દૌલતખાનને મોટી લાલચો આપી પોતાના પક્ષમાં લીધો અને જામનગરના જામ સતાજીને તેમજ ખેરડીના લાખા ખુમાણને પણ પોતાને સહાય કરવા આજીજી કરી. રાયઝાદા ખેંગારને પણ તેણે સોરઠનું રાજ્ય આપવાનું પ્રલોભન આપ્યું અને પોતાના પક્ષમાં મજબૂત સહાયકો મેળવી તેણે ફરી દીલ્હીની સત્તાને પડકાર ફેંકયો. એ રીતે સૌરાષ્ટ્રમાં બે પ્રબળ પક્ષો બંધાઈ ગયા. એક તરફ દીલ્હીના બાદશાહ અકબરના સૂબા મીરઝાં અઝીઝ કોકા અને તેનું સાર્વભૌમત્વ સ્વીકારતા રાજાઓ અને બીજી તરફ દીલ્હીના અધિકાર સામે મુઝફ્ફરના નામે પડકાર ફેંકનાર જામ સત્રસાલ ઉર્ફે સતાજી, લાખા ખુમાણ, રાયઝાદા ખેંગાર અને દૌલતખાન ઘોરી.

**ભુચર મોરીનું યુદ્ધ** ઇ. સ. ૧૫૯૧ : મુઝફ્ફરને હવે ઉઘાડી રીતે જામ સતાજીએ આશ્રય આપ્યો અને ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે તેણે સર્વસ્વના ભોગે મુઝફ્ફરને સહાય આપવા વચન આપ્યું. મીરઝાં અઝીઝે વીરમગામમાં મુકામ રાખ્યો અને નવરોજખાન તથા સૈયદ કાસિમ નામના અમીરોને મુઝફ્ફરની તપાસ માટે મોરબી મોકલ્યા. ત્યાં તેમને ખબર પડી કે મુઝફ્ફર જામનગર છે; તેથી તેઓએ જામ સતાજીને મુઝફ્ફરને જામનગરમાંથી કાઢી મૂકવા લખ્યું. પણ શરણાગતને સોંપાય નહિ એ ક્ષાત્ર ધર્મ પ્રમાણે જામ સતાજીએ તે આજ્ઞાનો અનાદર કર્યો. તેથી મોગલ સેના જામનગર ઉપર ચડી; પણ સતાજી તૈયાર જ હતા. તેમણે બાદશાહી ફોજ તથા તેના પુરવઠાકેન્દ્રને જુદાં પાડી દીધાં અને શત્રુઓને તોબા પોકરાવી દીધા. મીરઝાં અઝીઝને આ ખબર પહોંચ્યા ત્યારે તેનું બળવાન સૈન્ય લઇ તેણે જામનગર ઉપર ચડાઈ કરી. નવરોજખાં અને કાસિમનાં સૈન્યો તેને મળી ગયાં. જામનગર ઉપર દીલ્હીનું પ્રચંડ સૈન્ય ચાલ્યું આવે છે તે સમાચાર જામ સતાજીને મળતાં તેણે પૂર્ણ આનંદથી પોતાનો ધર્મ બજાવવા તૈયારી કરી. સામાન્ય રીતે આવા પ્રસંગે કોઈની પણ છાતી બેસી જાય અને વિના કારણે બાદશાહ અકબર જેવા મહાન સમ્રાટ સામે શત્રુવટ કરવા અચકાય; પણ જામ સતાજી એક મહાન પુરુષ અને નીડર રાજા હતા. તેમણે નગર ઉપર બાદશાહી સૈન્યો આવે તે પહેલાં સામે ચાલી ધ્રોલ

પાસેના ભુચર મોરીના[1] મેદાનમાં પોતાનાં સૈન્ય સામાં ઊભાં કરી દીલ્હીની ફોજની કૂચ થંભાવી દીધી.

આ સમયે વર્ષા ઋતુ હતી તેથી ખાસ લડાઈ થઇ નહિ, પણ નાનાં નાનાં છમકલાં થતાં હતાં. તેમાં મોગલ ફોજની હાર જ થતી હતી. તેથી સમાધાન કરી પાછા જવા મીરઝાં અઝીઝ કોકાએ વિચાર્યું. પણ દરમ્યાન ચાલી આવતી પરંપરા પ્રમાણે દૌલતખાને પત્ર લખી મીરઝાં અઝીઝને ખાતરી આપી કે 'અમે ખરે ટાણે તમારી સાથે ભળી જશું'. તેઓએ લોભા જુમાણને પણ લાલચ આપી ફૂટવ્યો.

બીજે દિવસે જ મીરઝાંએ હુમલો શરૂ કર્યો. જામ પક્ષે જેસા વજીર સેનાપતિ હતા. તેણે તથા જામ સતાજીએ ભયંકર સંગ્રામ ખેલ્યો, પણ ખરે વખતે દૌલતખાન તથા લોભો જુમાણ બાદશાહી ફોજમાં ભળી ગયા. ખેંગાર ફકત જામની સાથે રહ્યો. દગો થયો છે તેમ ખબર પડતાં જામ સતાજી નગરના બંદોબસ્ત માટે ઘોડા ઉપર બેસી નીકળી ગયા. જામનગરમાં પાટવી અજાજીનાં લગ્ન થતાં હતાં. તે મીંઢોળબંધો યુવરાજ તેના પાંચસો મિત્રોને લઇ યુદ્ધભૂમિમાં પહોંચી ગયો. તેણે મુગલ સૈન્યને જીવનભર યાદ રહી જાય તેવું યુદ્ધ કર્યું.

મુગલ પક્ષે જમણી તરફ સૈયદ કાસમ, નવરંગખાન અને ગુજરખાન હતા; ડાબી તરફ મહમદ રફી અને અન્ય અમીરો હતા તથા મધ્યમાં મીરઝાં મરહમ હતો; અગ્રભાગે મીરઝાં અનવર તથા આઝીમ હુમાયુ હતા; જ્યારે જામનગર પક્ષે જેસા વજીર તથા મહેરામણજી ડુંગરાણી હતા. ડાબી બાજુ નાગડો વજીર, ડાહ્યો લાડક, ભાણજી દલ, વગેરે યોદ્ધાઓ હતા. એક અતીત બાવાની જમાત પણ દ્વારકાથી પાછી વળતાં જામ સૈન્ય સાથે મળી ગઇ હતી.

આવું ભયંકર યુદ્ધ સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર કદાચ છેલ્લું હતું કે જેમાં લાખોની સંખ્યામાં માનવો સામસામા મેદાનમાં એકત્ર થઇ લડયા હતા. આ યુદ્ધમાં મીરઝાં અઝીઝ કોકલતાસ તથા જામપક્ષે કુમાર જસાજી બચ્યા; બીજા બધા મરાઇ ગયા. ખરી રીતે વિજય કોને વર્યો તે કહેવું અશોક્સ હતું, છતાં જામનો પરાજય થયો; કારણ કે મેદાન મીરઝાંના કબ્જામાં રહ્યું. મહાપરાક્રમી કુંવર અજાજીનાં રાણી સતી

---

૧. ભુચર મોરીનું નામનું મેદાન ધ્રોલ પાસે આવેલું છે. કેટલેક સ્થળે 'ધુચર' કે 'બહુચર' લખ્યું છે. પણ તે ભુચર મોરી છે. શ્રી. માવદાનજીના મત પ્રમાણે ભુચર મોરી નામનો રજપૂત માલધારી ત્યાં રહેતો, માટે તે ભુચર મોરી કહેવાયું. પણ તે કલ્પના છે. આ યુદ્ધ થયું તે પહેલાં તે ભુચર મોરી જ કહેવાતું. ભુચર એ માતાજીનું નામ છે. તેથી ત્યાં તેનું મંદિર હશે, જે મુસ્લિમ જમાનામાં તૂટી ગયું હશે. પણ સ્પષ્ટ પ્રમાણોના અભાવે ભુચર મોરી કેમ કહેવાયું તે નિઃશંક કહી શકાય નહિ.

થવા સત ચડવાથી રણમાં આવ્યાં અને ધ્રોળહાકોરની દરમ્યાનગીરીથી શત્રુસેનાપતિએ તેને અન્નેજી સાથે સતી થવા દીધાં. જામસાહેબે અન્ય રાણીઓને વહાણમાં બેસાડીને કહ્યું કે 'મુસલમાનોના હાથમાં પડવા કરતાં પ્રાણ દેજો.' અને પોતે રહ્યાસહ્યા સૈનિકોને લઇ જંગલના પહાડોમાં ભરાઇ ગયા. આમ, ભુચર મોરીના[1] ભયંકર રણસંગ્રામમાં પશ્ચિમના પાદશાહનું બિરુદ મેળવનાર જામની નહિ પણ હિંદુઓની ધજા ધૂળમાં રગદોળાઇ અને હિંદુ મહારાજ્ય ફરી સ્થાપવાનાં સ્વપ્નો કાઠીઓના દગાને કારણે ધૂળમાં મળ્યાં.

જામ સતાજીનું જામાણું મીરઝાંના કબ્જામાં આવ્યું.

<u>જામનગર પડયું</u> : જામનગર ઉપર પાદશાહી લીલો ધ્વજ લહેરાયો. જામ સતાજી માત્ર ક્ષાત્ર ધર્મના પાલન માટે પોતાનું રાજ્ય ખોઇ બેઠા. શત્રુ સામે ટકવાનું શકય ન જણાતાં તે ગીર તરફ ઊતરી ગયા અને મુગલ સેના નવરંગખાન તથા સૈયદ કાસમની સરદારી નીચે પાછળ પડી. તેમ છતાં જામ સતાજીએ મુઝફ્ફરને બરડામાં સુરક્ષિત રાખ્યો અને જામ જૂનાગઢમાં છે એમ ધારી મોગલોએ તેને ઘેરો ઘાલ્યો.

<u>મુઝફ્ફર</u> : મુઝફ્ફર મૂંઝાયો. તેના કમનસીબે ઘણા નિર્દોષનાં બલિદાનો દેવાયાં હતાં અને જામ સતાજી જેવા રાજવીને સર્વસ્વનું બલિદાન આપવું પડયું હતું.

<u>મુઝફ્ફર દ્વારકામાં</u> : તેથી તેને છોડીને મુઝફ્ફરે આરંભડા તરફ પ્રયાણ કર્યું. દ્વારકામાં મહમદ બેગડા સામે બાથ ભીડી હતી તે રાજા ભીમજીનો પૌત્ર શિવરાણો રાજ્ય કરતો હતો. તેને તથા વાઘેર લોકોને વેર ચાલતું. તેનું સમાધાન કરી તે શાંતિથી ત્યાં રહેતો. તેણે પણ ક્ષાત્ર ધર્મને અનુસરી ગુજરાતના ભાગેડુ સુલતાનને

---

૧. ભુચરમોરીના મેદાનમાં આજ પણ અજાજીની ડેરી છે તથા પાળિયો છે. અને સતીનો પાળિયો પણ છે. જામ વિભાજીએ તે ડેરીનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેનો લેખ પણ છે.

સંવત સોળ અડતાલમે શ્રાવણ માસ ઉદાર
જામ અજો સુરપુર ગયાં વદ સાતમ બુધવાર... ..૧
ઓગણીસે ચૌદસ પરા વિભો જામ વિભાર
મહા માસ સુદ પંચમ કીનો જીર્ણોદ્ધાર.....૨
જેસો, ડાયો, નાગડો, મહેરામણ દલ ભાણ
અજમલ ભેળા આવરે પાંચે જોદ્ધ પ્રમાણ.....૩
આજમ ડોકો મારીયો, સુયો પતસાહ
દળ ડેતા ગાહત કરે રણ ધણ જંગ રચાઇ.....૪

અહીં એક કૂવો છે. તેમાં મુસ્લિમોની લાશો દફનાવી ઉપર આઠ કબરો કરેલી છે. તે સિવાય અનેક પાળિયા અને અતીતોની સમાધો છે.

આશ્રય આપ્યો. શાહી સેનાએ આરંભડા ઘેર્યું અને મુઝફ્ફરને સોંપી દેવા કહેણ મોકલ્યું. પરંતુ શિવરાણાએ વીરોચિત ઉત્તર આપ્યો અને યુદ્ધ આપ્યું. તેમાં તે મરાયો. ઓખા મુસલમાનોના હાથમાં પડયું. શિવરાણાનો કુંવર સાંગણ સિંધમાં નાસી ગયો. મુસલમાનો દ્વારકા ઉપર આવશે એ ભયે દ્વારકાના રાજ્યકર્તા વાઘેર શામળ માણેક તથા મલ્લ માણેકે મુસ્લિમો સામે ગુરીલા પદ્ધતિએ લડાઈઓ શરૂ કરી અને શામળો સિંધમાં સાંગણને શોધવા ગયો.[1]

મુઝફ્ફર કચ્છમાં : મુઝફ્ફર માટે હવે કોઈ માર્ગ રહ્યો નહિ. ઓખાના કિનારેથી તે વહાણમાં બેસી કચ્છમાં ગયો. કચ્છમાં રાહ ભારમલ નામે રાજકર્તા હતા. તેણે આશ્રય તો આપ્યો, પણ તેના કારણે જામનું જબરજસ્ત રાજ્ય રગદોળાયેલું તેણે જોયું હતું, તેથી પોતે જોખમ ન ખેડતાં મુઝફ્ફરને શાહી સેનાપતિ અબ્દલાખાનને સોંપી દીધો.

મુઝફ્ફરનું મૃત્યુ : ઈ. સ. ૧૫૯૩ : સેનાપતિ અબ્દલાએ તેને કેદ કરી દીલ્હી તરફ રવાના કર્યો, પણ માર્ગમાં ધ્રોળ પાસે કુદરતી હાજતે જવાના બહાને તેણે અસ્ત્રાથી પોતાનું ગળું કાપી ઈ. સ. ૧૫૯૩માં આપઘાત કર્યો.

ગુજરાતની સલ્તનતનો અંત : ઈ. સ. ૧૪૦૭ માં તઘલગ વંશનું પતન થતાં ગુજરાતના સૂબા મુઝફ્ફરે ગુજરાતના સુલતાનનું રાજપદ ધારણ કર્યું અને ઈ. સ. ૧૫૮૩માં તે જ નામના અંતિમ સુલતાને ગુજરાતનું રાજ્ય ખોયું અને એક નાના ગામમાં કેદીની હાલતમાં ઈ. સ. ૧૫૯૩ માં આપઘાત કરી જીવનનો અંત આણ્યો. રજપૂત વંશમાંથી ઊતરી આવેલા આ રાજ્યકુટુંબમાં અહમદશાહ ૧લો તથા મહમદ બેગડા જેવા મહાન રાજકર્તાઓ પણ થયા; પરંતુ તેઓની ધર્માંધતા અને ક્રૂર રાજનીતિના પરિણામે તેમણે શત્રુઓની સંખ્યા ઘણી વધારી દીધી. હિંદુઓ પ્રત્યેના તેઓના નિર્દય અને પૈશાચિક વર્તાવના કારણે તેઓએ તેમના તરફથી મળતી સહાય ખોઈ. તેમના વિષયી અને ઐશઆરામી જીવનને પરિણામે તેમના પૂર્વજોએ જે તાકાતથી સલ્તનત મેળવી હતી તે ગુમાવી. અન્યાય અનીતિ અને અધર્મ ઉપર કોઈ પણ રાજ્ય લાંબો વખત ચાલી શકયું નથી. જે હિંદુ રાજાઓ ઉપર સુલતાનોએ જુલ્મ કર્યા હતા, જેમની કુંવરીઓને જબરદસ્તીથી જનાનામાં બેસાડી હતી, જેમને

---

૧. આ માટે એમ કહેવાય છે કે શામળાને સાત વર્ષની મહેનત પછી સાંગણ મળ્યો અને તેને ગાદીએ બેસાડયો. મુસલમાનો તોબા પોકારી ગયા: તેનું કારણ વાઘેરોની ગુરીલા પદ્ધતિ હતી. સાંગણ માટે દુહો છે કે :—

સાંગણ સિંધ સિધાવિયો, મહીપત છાંડી માન,
સાતે વર્ષે શામળો, ઓખે ફેરવી આણ.

પરાણે ધર્માંતર કરાવ્યું હતું, તે સુલતાનોના અંતિમ વંશજને તેના જ ધર્મભાઇના દબાણના કારણે એ જ હિંદુ રાજાઓના શરણે જવા ફરજ પડી અને તેમના જુલ્મોના ઇતિહાસથી જ્ઞાત હોવા છતાં તેઓએ તેમના ધર્મ પ્રમાણે તેને આશ્રય આપ્યો અને તે માટે મહાન બલિદાન આપ્યાં. પ્રખ્યાત ઇતિહાસકાર જેમ્સ ફ્રેાર્બ્સના શબ્દોમાં કહીએ તો " અભિમાનનો પોકાર કરનાર પઠાણ અને મોગલોના છોકરા હિંદુના દેવળમાં આરસપહાણ ગોઠવવાની મજૂરી કરે છે અથવા છેક હલકો રોજ લઇને જે દેવની મૂર્તિઓનો નાશ તેઓના પૂર્વજોએ કર્યો હતો તેઓની ફરી સ્થાપના થતી વેળાના વરઘોડામાં મશાલો ધરે છે અને નગારાં વગાડે છે. "

**જૂનાગઢનો ઘેરો** : મુઝફ્ફર આરંભડામાં હતો ત્યારે એવી એક વાત ફેલાઈ કે તે જૂનાગઢમાં છે. મુઝફ્ફર પ્રથમ વખતે ગોંડળમાં રહેતો; પણ આ વખતે તે હતો નહિ, છતાં તેના ઉપર શાહી ફોજ નવરંગખાનની સરદારી નીચે જૂનાગઢ ઉપર ગઇ અને ઘેરો ઘાલ્યો. દોલતખાન ઘોરી તો બીકનો માર્યો તે જ દિવસે મરી ગયો. મુઝફ્ફર ત્યાંથી બરડા તરફ નાસી ગયો. કિલ્લામાં જામ સતાજી પણ હતા અને તે યુદ્ધનું સંચાલન કરતા હતા. તેથી બાદશાહી ફોજે મુઝફ્ફરને પકડવા માટે પ્રથમ જામ સતાજીને જેર કરવા અથવા મિત્ર કરવા વિચાર કર્યો. તેથી મીરઝાં અઝીઝ કોકા પોતે આવ્યો. મુઝફ્ફર જતો રહેલો અને દોલતખાન ગુજરી ગયો હતો.

**જામસાહેબ પુનઃ જામનગરમાં : ઇ. સ. ૧૫૯૩** : એટલે જામસાહેબને વધારે વખત વેર જારી રાખવાનું યોગ્ય જણાયું નહિ. તેમણે વાટાઘાટ શરૂ કરી. પરિણામે સમાધાન થયું. તે પ્રમાણે આ ઘેરો આઠ માસ ચાલ્યો તેનો ખર્ચ જામસાહેબે દેવો તથા બાદશાહને ખંડણી ભરવી એ શર્તો કબૂલ કરી જામ સતાજીએ સં. ૧૬૪૯ના મહા સુદ ૬ના રોજ જામનગરમાં પુનઃ પ્રવેશ કર્યો. (ઇ. સ. ૧૫૯૩).[1]

**જેઠવા** : સૌરાષ્ટ્રમાં ચાલેલાં યુદ્ધોના સમયમાં તથા જામનગરના પરાજયના પરિણામે જામની સત્તા નબળી પડી અને તે તકનો લાભ લઇ જેઠવા રાણા રામદેવજીના ખૂન પછી તુરતમાં જ તેના કુંવર ભાણજી અકસ્માત મૃત્યુ પામેલા. તેમનાં રાણી કલાંબાઇએ મહેરો તથા રબારીઓની સહાયથી છાંયામાં ગાદી સ્થાપી, કુંવર બીમાજીને જેઠવાની ગાદીએ બેસાડી, ઘણોખરો ગુમાવેલો પ્રદેશ પાછો મેળવી લીધો.

**બેંગાર** : અહીં ગુજરાતના અંતિમ સુલતાને બોયેલી સ્વાધીનતા પુનઃ પ્રાપ્ત કરવા જેમ પ્રયત્ન કર્યો તેમ એકસોએકવીસ વર્ષ પહેલાં પોતાના પૂર્વજો પાસેથી

---

૧. ખરી રીતે જૂનાગઢના બે ઘેરા થયા. પહેલા ઘેરા વખતે તે કિલ્લામાં જામ સતાજી, મુઝફ્ફર તથા દોલતખાન હતા. નવરંગખાને આઠ માસ વૃથા પ્રયત્ન કર્યા, પણ કિલ્લો પડયો નહિ. પછી બીજા ઘેરામાં મીરઝાં અઝીઝે આવી જામ સતાજી સાથે સમાધાન કરી કિલ્લો લીધો.

છીનવી લેવાયેલી સોરઠની સલ્તનત પુનઃ પ્રાપ્ત કરવા રાયઝાદા ખેંગારે અંતિમ પણ નિષ્ફળ પ્રયત્ન કર્યો. અમીનખાન ઉપર જામ સતાજીએ કોડીનારના વિજય પછી ઘા કર્યો હોત અને તેણે મુઝફ્ફરને સહાય ન આપતાં ખેંગારનો પક્ષ લીધો હોત તો જરૂર ખેંગારનાં સ્વપ્નો સિદ્ધ થઈ શકત; પણ તેના ભાગ્યમાં તે હતું નહિ. મુઝફ્ફરના કારણમાં તેનું કારણ વિલીન થઇ ગયું. મીરઝાં અઝીઝે તેની જાગીર રહેવા દીધી, પણ તેને જૂનાગઢમાં ન વસતાં તેની જાગીરમાં રહેવા હુકમ આપ્યો અને સૌરાષ્ટ્રમાં ચુડાસમા વંશના સ્વાધીનતા પ્રાપ્ત કરવાના અંતિમ પ્રયત્નો કરુણતામાં પરિણમ્યા.[1]

ઘોરી: તે સાથે તાતારખાનના સમયથી સોરઠ પર હકૂમત ચલાવતા ઘોરીઓનો પણ અંત આવ્યો. દોલતખાન મરી ગયો અને મુગલાઇની સરકારોમાં સોરઠ એક સરકાર બની બાલસા પ્રદેશોમાં ભળી ગયું.

આમ સૌરાષ્ટ્રના ઇતિહાસના મુસ્લિમ યુગનો પૂર્વ ભાગ પૂરો થયો અને સૌરાષ્ટ્રની ધરતી ઉપર મુગલ રાજ્યસત્તાનો પ્રચંડ સૂર્ય પ્રકાશ્યો.

---

૧. રાહ માંડલિકના મૃત્યુ પછી તેમનો વંશ નીચે મુજબ ચાલ્યો.

રાહ માંડલિક
|
ભૂપતસિંહ (મેલીંગદેવ) ઇ. સ. ૧૪૭૩–૧૫૦૫
|
ખેંગાર ૪થો ઇ. સ. ૧૫૦૫–૧૫૨૫
|
નોંધણ પમો ઇ. સ. ૧૫૨૫–૧૫૫૧
|
શ્રીસિંહ ઇ. સ. ૧૫૫૧–૧૫૮૬
|
ખેંગાર ૬ઠ્ઠો ઇ. સ. ૧૫૮૬–૧૬૦૮ (બગસરા ચોવીસીમાં રહેવા ગયા.)

સીમરોળીના કહાન નામના કવિના લખેલા એક કાવ્યમાં રાહ માંડલિક તથા તેના અનુગામીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તે કાવ્યમાં ખેંગારના પ્રયત્નનો ઉલ્લેખ તથા નિષ્ફળતાનું કારણ દર્શાવ્યું છે.

પેરે મેં પ્રાણુ ગયો, મંડલિક મહારાજ્જુકો,
ભૂપત ભૂપાલ મોટે, દાસ કહલાયો હૈ.
તાકો કુમાર ખગ બહાદર ખેંગાર ભયો,
રાણીકો જાયો, રાહઝાદો બનાયો હૈ.
નવઘણકુમારમેં અવગણ કો પાર નહિ,
શ્રીસિંહ ભક્તિ મેં જોખન જલાયો હૈ.

ગુજરાતના સુલતાનોનો સમય : ઈ. સ. ૧૪૭૨ થી ૧૫૮૩. ઈ. સ. ૧૪૭૨માં[1] ગુજરાતના સુલતાન મહમદ બેગડાએ સોરઠ જીતી સૌરાષ્ટ્ર ઉપર સાર્વભૌમત્વ સ્થાપ્યું અને મુઝફ્ફર ૩ જાને હરાવી ઈ. સ. ૧૫૮૩ માં બાદશાહ અકબરે ગુજરાતને હિંદની પોતાની શહેનશાહતમાં ભેળવ્યું આ ૧૧૧ વર્ષ સુધી સૌરાષ્ટ્ર ઉપર ગુજરાતના સુલતાનોનો અધિકાર રહ્યો.

સૌરાષ્ટ્રના રાજાઓમાં ત્યાં સુધી પરસ્પર વિખવાદ હતો, વેરઝેર હતાં, કૌટુંબિક કલહો હતા, રાજવિસ્તાર અને ધનપ્રાપ્તિની લાલસા હતી. પરંતુ તેઓ વચ્ચે ધાર્મિક મતમતાંતર હતાં નહિ, ભગવાન સોમનાથ કે દ્વારકેશ રણછોડરાયને તેઓ પોતાના દેવ ગણતા. હિંદુ ધર્મમાં સાંપ્રદાયિક મતભેદ હોવા છતાં તેઓ એક જ ધર્મના અનુયાયીઓ હતા.

ગત યુગમાં જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મોના પક્ષો હતા; પણ આપણે આગળ જોઈ ગયા તેમ વલ્લભી રાજાઓ બ્રાહ્મણ ધર્મ પાળતા હોવા છતાં જૈન અને બૌદ્ધ ધર્મના પ્રચાર, પાલન કે પ્રગતિમાં અવરોધ કરતા નહિ; તેના અનુયાયીઓને સહિષ્ણુતાથી ઉત્તેજન આપતા. પરંતુ મુસ્લિમ સત્તાના પ્રાદુર્ભાવ સાથે રાજનીતિ ધર્મનીતિ થઇ ગઇ. ઇસ્લામનો પ્રચાર અને હિંદુવટનું ખંડન એ જ સુલતાનોનો જાણે એકમાત્ર ધર્મ હોય તેવી રાજનીતિ તેઓએ અપનાવી.

---

આખર ખેંગાર ખેંચ ખડગ કો ખેલ રચ્યો
કહાન કવિ અસરાણું અરિકો નચાયો હૈ —૧
આઇ નાગબાઇ હું કો મીટેના શ્રાપ "શિર
પીર લખી ભાગ તાકો તાગ કોન પાયો હૈ.
સરસેકે પીછે જો ધાવત સિયાર સ્યાર,
મુગલ સેના કે તીરનીર સે ભીંગાયો હૈ.
દેવ સોમનાથજી કે શરણ મેં થાન કર્યો,
નાગર નર સારંગધર સહાય મેં સુહાયો હૈ.
કહાન કવિ ચંદ્રનાથ દેવકા કૃપાપ્રતાપ,
ચંદ્રચુડ રાહ બંશ નાશ સે બચાયો હૈ. —૨

મુગલ સૈન્યથી પરાજય પામી ખેંગાર નાસીને પ્રભાસપાટણ ગયો. ત્યાં સારંગધર દેસાઇની સહાયથી અને "સોમનાથ કૃપાપ્રતાપ"થી તેનો બચાવ થયો. સારંગધર દેસાઇ વિષયમાં વિગતો માટે જુઓ મારું પુસ્તક "પિતૃતર્પણ."

૧. ગુજરાતનો પહેલો સુલતાન મુઝફ્ફર ૧લો હતો. તેણે દીલ્હીના શહેનશાહથી સ્વતંત્ર થઇ ઇ. સ. ૧૪૦૭માં ગુજરાતમાં પોતાની ગાદી સ્થાપી. મુઝફ્ફર ત્રીજાએ ઇ. સ. ૧૫૮૩માં એ ગાદી ખોઇ. એટલે ગુજરાતના સુલતાનોનો રાજઅમલ કુલ ૧૭૬ વર્ષ ચાલ્યો.

રાહ માંડલિક, પતાઈ રાવળ તથા અન્ય હિંદુ રાજાઓને હરાવી મહમદ બેગડાએ હિંદુઓનાં ધર્મસ્થાનોને ધરાશાયી કરવા,[૧] રજપૂતોના ગૌરવને હણવા અને આર્ય સંસ્કૃતિને ભૂંસી નાખવા કમર કસી.

હિંદુઓનું વ્યક્તિત્વ અને વાણીસ્વાતંત્ર્ય છીનવી લેવાયું.[૨] હિંદુઓ પોતાના દેવતાની પૂજા આનગી રીતે કોઇને ખબર ન પડે તેમ ઘર બંધ કરી કરવા માંડયા. નવાં મંદિરો બાંધવાનો તો પ્રશ્ન જ હતો નહિ. આર્ય સંસ્કૃતિનાં પ્રતીક સમાં સુંદર મંદિરોનો વ્યવસ્થિત ધ્વંસ કરવામાં આવ્યો અને સંસ્કૃતિનો રાજસત્તાએ નાશ કર્યો.[૩]

હિંદુઓ ઉપર જજિયાવેરો નાખવામાં આવ્યો અને જે મૂર્તિપૂજકો ઇસ્લામ અંગીકાર ન કરે તેમની કતલ કરવાનાં ફરમાન આપવામાં આવ્યાં. હિંદુઓ સામે જેહાદ જાહેર કરવામાં આવી અને ઇસ્લામના સ્થાપન સારુ જાસુસો મોકલી જ્યાં જ્યાં મૂર્તિપૂજા થતી હતી તેની ખબર મંગાવી ત્યાંની મૂર્તિઓનો તથા દેવળોનો નાશ કર્યો.[૪]

સુલતાનોએ કુળવાન રજપૂત રાજાઓની કન્યાઓને પોતાના જનાનખાનામાં બેસાડી રપૂજતોનાં કુળગૌરવ અને અભિમાન હણી નાખ્યાં અને તેમાં જેઓ અડગ રહ્યા તેમનો સંપૂર્ણ વિનાશ કર્યો.

હિંદુ જમીનદારોની જમીનો આંચકી લેવામાં આવી; વાંટાઓ ખાલસા કરવામાં આવ્યા[૫] અને રાજાઓ ઉપર એવો સકંજો કર્યો કે કોઇનામાં સુલતાનો સામે થવાની હિમ્મત રહી નહિ.[૬]

સુલતાનોમાં ધાર્મિક અસહિષ્ણુતા હતી. તદુપરાંત તેમના ધનલોભનો પણ પાર હતો નહિ. જૂનાગઢ, પાવાગઢ, આબુ, દ્વારિકા, વગેરે અનેક સ્થળેથી રાજાઓનો,

---

૧. સોમનાથ, દ્વારકા આદિ અનેક મંદિરો તેણે તોડયાં અને તોડાવ્યાં. પાટણના મહાલયો તોડી તેના પથ્થરોથી અમદાવાદ ચણાયું હતું (અહમદશાહ) 'મિરાતે સિકંદરી.'

૨. "શહેર વચ્ચે ઘોડા ઉપર બેસીને જવાની કોઇ હિંદુને છૂટ ન હતી અને જેઓ પગે ચાલીને જતાં તેઓને પણ જમણે ખભે લાલ પટી લગાવ્યા વિના જૂગડાં પહેરવા દેતા નહિ. હોળી–દિવાળીના તહેવારનું પૂજન આદિક પ્રસિદ્ધ પાખંડીપણું કરવા દેવાની મના કરી હતી." (મિરાતે અહમદી.)

૩. સુલતાન અહમદશાહે "સિદ્ધપુરનું જવાહીર ને ચિત્રોથી શણગારાયેલું દેવળ જડમૂળથી ખોદી નંખાવ્યું" અને મલિક તુહફાનને તાજુ–ઉલ–મુલ્કનો ખિતાબ આપી ગુજરાતનાં તમામ મૂર્તિ–મંદિરોનો નાશ કરવા નિમણૂંક કરી. (મિરાતે સિકંદરી.)

૪ ફરિસ્તા

૫. રાણાજી ગોહિલ, સામંતસિંહ બેહુલો, ભીમજી વાઢેલ વગેરે.

૬. ફરિસ્તા.

મંદિરોનો, મઠો અને વ્યાપારીઓનો દ્રવ્યકોષ તેમણે અમદાવાદના રાજમહેલોમાં ઠાલવ્યો. કોઈ ગામ, શહેર, રાજા કે પ્રજાને લૂંટી લેવાનું કર્તવ્ય તો તેમને મન સર્વસાધારણ હતું.[૧]

આમ સુલતાનોની રાજનીતિ ધાર્મિક અને આર્થિક દૃષ્ટિબિંદુને મધ્યવર્તી રાખીને ઘડાઈ હતી. પરિણામે તેઓએ આ દેશમાં અનેક હિંદુઓને ઇસ્લામના અનુયાયીઓ બનાવ્યા, અનેક મંદિરો તોડ્યાં, અનેક મંદિરોમાં મસ્જીદ બનાવી અને આખા દેશને લૂંટી તેમનો ખજાનો સમૃદ્ધ કરી તેમની જેહાદો અને યુદ્ધોમાં તેનો વ્યય કર્યો.

આ સમયમાં યુદ્ધો, ખૂનો, ખટપટો, લૂંટો, પ્રજા ઉપર ત્રાસ અને જુલમ સિવાય બીજું કાંઈ જોવામાં આવતું નથી. આવી ઝનૂની, અસહિષ્ણુ અને દૂરંદેશી દૃષ્ટિરહિત રાજનીતિના પરિણામે ગુજરાતનું નંદનવન ઉજ્જડ બન્યું; જાનમાલની સલામતી રહી નહિ,[૨] પ્રજાની નીતિનું ધોરણ પણ તેથી ઘણું નીચું ઊતરી ગયું; ગુજરાતમાં મુસ્લિમો સિવાય અન્ય પ્રજાનું જીવન જાનવરના જેવું બની ગયું.

**રાજની આવક** : જૂનાં રજપૂત રાજ્યોમાં જમીન મહેસૂલ પદ્ધતિ ભાગામી હોવાનું જણાય છે. ખેડૂત દર વર્ષે જે ઉત્પન્ન કરે તેનો ચોથો કે છઠ્ઠો ભાગ રાજભાગ માટે નીકળતો, પણ રાજ્ય અને ખેડૂત વચ્ચે સીધો સંબંધ ન હતો; વચમાં ઇજારદાર જેવી એક સંસ્થા રાજભાગ ઉઘરાવી આપતી. સુલતાનોને જમીનમહેસૂલની આ દેશમાં ચાલતી પદ્ધતિનો કાંઈ અનુભવ ન હતો. તેઓએ મુલ્કી, ન્યાય કે વ્યવસ્થાના નિયમો જ કરેલા નહિ. તેઓ મહેસૂલ પણ તલવારના બળે ઉઘરાવતા અને ન્યાય પણ તલવારની ધારથી જ આપતા. એટલે તેમણે ખાસ કોઈ પદ્ધતિ વિચારી નહિ. જમીનમહેસૂલ જેવી કાયદેસરની લેતરી કરતાં લૂંટફાટ અને ખંડણીમાંથી તેમને વિશેષ આવક હતી.

**પૂર્વ ઇતિહાસ** : ગુજરાતની સલ્તનતનો સ્થાપક મુઝફ્ફર દીલ્હીમાં ફીરોઝ તઘલગના દરબારમાં મોટો થયો હતો.[૩] એટલે ફીરોઝના સમયમાં જે રાજ્યવ્યવસ્થા

---

૧. મુસ્લિમ ઇતિહાસકારોના આધારે આ ધનકોષની ત્રીસ પેટીઓ બહાદુરશાહે તેમના નાસી જતા કુટુંબ સાથે મદીના મોકલી. ત્યાં માર્ગમાં ઇજીપ્તના સુલેમાન પાશાએ તે લૂંટી લીધી.

૨. આ સમયમાં માર્ગો એટલા ભયગ્રસ્ત હતા કે લોકો એકલા મુસાફરી કરી શકતા નહિ અને લૂંટાયા સિવાય કોઇ વટેમાર્ગુ સહીસલામત રીતે પંથ કાપી શકતો નહિ. (ફરિસ્તા)

૩. મુઝફ્ફરનાં માતા-પિતા હિંદુ હતાં. તેનો પિતા સહારન પંજાબનો ટાંક શાખાનો ક્ષાત્રિય હતો. તેની બહેન ફિરોઝને પરણાવી તેણે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો. તેને વાજી ઉલ મુલ્કનો ખિતાબ આપ્યો હતો.

હતી તેના સંસ્કાર તેનામાં આવ્યા. દીલ્હીના સુલતાનો પવિત્ર કુરાનના કાયદા પ્રમાણે રાજ ચલાવવાનો દાવો કરતા અને તેઓ ખલીફાના પ્રતિનિધિઓ છે તેમ માનતા. પણ ખરી વસ્તુસ્થિતિ જુદી જ હતી. ભારતમાં આવેલા મુસ્લિમો અરબ, ઈરાની અને અફ્ગાન લોહીના હતા. ખિલાફતમાં ઘણા ફેરફાર થઇ ગયા હતા. મધ્ય એશિયાની જંગલી રાજ્યવ્યવસ્થાની આંગતુકો ઉપર પૂરતી અસર હતી. અને હિંદુસ્તાનના રિવાજો, ધર્મ અને કાયદાઓને ભૂંસી નાખવાનું સહેલું ન હતું. આ બધાં તત્ત્વોમાંથી સુલતાનોની વ્યવસ્થા જન્મ પામી; અને એક અનિયમિત, અવ્યવસ્થિત અને અનિશ્ચિત પદ્ધતિ તેમાંથી આકાર પામી.[૧]

આ પદ્ધતિમાં કોઇ લિખિત કાયદો હતો નહિ. "મારે તેની તલવાર" એ સૂત્રાનુસાર જે વિશેષ શક્તિશાળી હોય તે ગાદીપતિ થાય અને જે ગાદીપતિ હોય તેની મરજી તે કાયદો ગણાય તેવી સર્વસામાન્ય માન્યતા થઇ ગઇ. એક જ સરખા ગુન્હા માટે એકને દેહાંત દંડની સજા થતી ત્યારે બીજાને માત્ર ઠપકો જ મળતો.

પ્રજાની આબાદી ધર્મપ્રચાર પાસે ગૌણ બની; પરંતુ સ્વશાસનના અને સત્તા ટકાવી રાખવાના પ્રયત્નો પાસે ધર્મપ્રચારની ભાવના પણ ગૌણ બની ગઇ.

સુલતાનોની પરિસ્થિતિ તે રીતે વિકટ બની. જો તેઓ ધર્મપ્રચાર માટે માત્ર મુસ્લિમો ઉપર વિશ્વાસ રાખી બિનમુસ્લિમો ઉપર માત્ર તલવાર ચલાવે તો પ્રજાનો મોટો ભાગ હિંદુઓનો હોઈ તેમની સ્થિતિ જોખમાય. જો તેઓ માત્ર ધાર્મિક નીતિ જ અખત્યાર કરે તો રાજતંત્ર ચાલે નહિ. એટલે તેઓએ એક માનસિક સમાધાન કર્યું. "વિજેતાઓ અને પરાજિત થયેલી પ્રજા કદી ભળી શકયા નહિ, પણ તેઓ એકબીજાને સારી રીતે સમજવા લાગ્યા. વિજેતાઓ પરાજિતોને તેમનો સર્વથા નાશ કરવાનું શકય હોય તો પણ તેઓ બહુ ઉપયોગી છે, તેમ જાણી શકયા." પરિણામે રાજા અને પ્રજા વચ્ચે એક પ્રકારની સમજણ થઇ ગઇ. સુલતાનોની મરજી ઉપર ચાલતો કાયદો અને તેની કઠિનાઈ પ્રજા સહન કરવા તૈયાર થઇ ગઇ અને ખિલાફત તથા ધર્મની આજ્ઞાઓનું પાલન કરવાનો દંભ કરતા સુલતાનો એક અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજા ઉપર રાજ ચલાવતા રહ્યા.

<u>મહેસૂલ</u> : સુલતાનોની મહેસૂલપદ્ધતિ દીલ્હીમાં પૂર્વકાળના સુલતાનોને પગલે સ્થાપવામાં આવેલી. રૈયત અને રાજાની વચમાં જાગીરદારો હતા.[૨] આ જાગીર-

---

૧. ધ. પ્રોવીન્શ્યલ ગવર્મેન્ટ ઓફ મુગલ્સ : શ્રી. પી. શરણ.

૨. જે દીવાન કે વઝીર હોય તે તેના ગમે તે માણસને વસૂલાત કરવા મોકલી આપતો અને કોઇ પણ વ્યવસ્થિત યોજનાના અભાવે તેની મરજી મુજબ રકમ વસૂલ કરવામાં આવતી. જેમ વધુ રકમ ઉઘરાવે તેમ તેની શક્તિ અને બુદ્ધિ વધુ છે તેમ માનવામાં આવતું.

દ્વારા કાં તો જૂના ઠાકોરો હતા, અથવા સૈન્યમાં મોટા હોદ્દા ધરાવતા સરદારો અને સુલતાનની પાસે રહેતા અમીરો હતા. તેઓ રાજ્યને લશ્કરી સહાય આપતા અને ઉપરથી જમા આપતા અને બદલામાં ખેડૂતો પાસેથી અને તે સિવાયના વર્ગ પાસેથી રાજભાગ લેતા અને તે ઉપરાંત વેરાઓ વસૂલ કરતા. તેમ છતાં કેટલાક ખાલસા વિસ્તારોમાં રાજ્ય તરફથી ખેડૂતો પાસેથી પરખારો ભાગ લેવાતો અને તે માટે "દીવાન" નામનો સર્વોચ્ચ અમલદાર રાજધાનીમાં રહી દેખરેખ રાખતો.

દીવાનની નીચે કોઈ પગારદાર અમલદાર રહેતા નહિ અને ઇજારાથી અથવા સમયે સમયે બદલાતા માણસો કરવેરા ઉઘરાવી લેતા. તે કામ માટે લશ્કરો પણ જતાં. કરવેરા ભરી ન શકનારને અપાર શારીરિક ત્રાસ આપવામાં આવતો. માણસોને મારી પણ નાખવામાં આવતા અને ગામનાં ગામ બાળી પણ દેવામાં આવતાં.

અલાઉદ્દીન ખીલજીએ આ પદ્ધતિમાં સુધારો કરી "આમીલ" નામનો અમલદાર નીમ્યો. તે તાલુકા જેટલા વિસ્તારમાં નિયમિત વસૂલાત કરતો. ગુજરાતમાં સુલતાનોના રાજઅમલમાં દીવાન અને આમીલ હતા. રાજ્યનાં આવક–ખર્ચનો હિસાબ રાખવામાં આવતો અને વસૂલાતમાંથી સ્થાનિક વહીવટી ખર્ચ કાપી વધારો રાજધાનીમાં મોકલી દેવામાં આવતો.

સુલતાન અહમદ પહેલાએ વાંટા[1] પદ્ધતિ દાખલ કરી, સ્થાનિક ઠાકોરો તથા જમીનદારો[2]ને ચોથો ભાગ રાખી ગામો રહેવાં દીધાં અને મહમુદ ત્રીજાએ તે ખાલસા કરી લીધા.[3]

**સૈન્ય** : રાજ્યનું મહત્ત્વનું અંગ સૈન્ય હતું. સૈન્યાધિપતિ તરીકે સુલતાનની જેના ઉપર કૃપા હોય તે સરદાર રહેતો. ખરી રીતે સમસ્ત સૈન્યોનો મુખ્ય સેનાપતિ કોઈ હતો જ નહિ. સુલતાન તે કામ જાતે કરતા. સુલતાનનાં સૈન્યોમાં હિંદુઓને સ્થાન ન હતું. ગુજરાતની સેનામાં તુર્કો, પઠાણો, આરબો, અને તાર્તર લોકો હતા. તે ઉપરાંત ઇટાલી, રશિયા, આર્મીનિયા વગેરે યુરોપના દેશોમાંથી પકડાઈ આવેલા ગુલામો અને ભાગી આવેલા પરદેશીઓ ઇસ્લામ સ્વીકારી ગુજરાતના સૈન્યમાં દાખલ

---

૧. ગામો ખાલસા થતાં રજપૂત ઠાકોરોએ બહારવટાં કર્યાં. તેથી આવાં ગામો ખાલસા ન કરતાં ત્રણ ભાગ ખાલસા અને એક ભાગ ઠાકોરોને આપ્યો. ખાલસા ભાગને તળપદ કહેતા અને તે સિવાયના ભાગને વાંટો કહેતા.

૨. જેણે સુલતાનની હકૂમત સ્વીકારી તે હિંદુ ઠાકોરો જમીનદાર કહેવામાં આવતા. (મિરાતે અહમદી.)

૩. અસફઅલીની સલાહ ઉપરથી મહમુદ ત્રીજાએ ઇ. સ. ૧૫૪૫માં આ વાંટા પણ ખાલસા કરી લીધા અને તેથી પ્રજામાં ઘણો અસંતોષ ફેલાયો. અકબરે તે વાંટા પાછા આપ્યા.

થઈ ગયા હતા.[1] તેમ છતાં હિંદુઓ ઇસ્લામ અંગીકાર કરતા તો તેમને સેનામાં સ્થાન મળતું.

સૈનિકોનાં હથિયારોમાં બાણ, કમાન, તલવાર, ભાલાં તથા બંદૂકો હતાં. પોર્ટુગીઝોનું પ્રાબલ્ય વધ્યું અને મોગલોની ચઢાઈઓ આવવા માંડી ત્યારથી સુલતાનોએ તોપખાનું મજબૂત બનાવ્યું અને તોપખાનામાં ઇટાલી અને ઇજીપ્તના નિષ્ણાતોને બોલાવી રાખ્યા. તોપો પણ બનાવવા માટે તે પ્રકારનું કામ જાણનાર કારીગરોને બોલાવ્યા.

નૌકાસૈન્ય : ગુજરાતનું નૌકાસૈન્ય તો અપ્રતિમ હતું. પોર્ટુગીઝોનો સામનો કરવા માટે સુલતાને તેની આમદાનીનો મોટો ભાગ ખર્ચી એક અદ્યતન નૌકાસૈન્ય ઊભું કર્યું અને ઇજીપ્તના નૌકાનિષ્ણાતોએ સહાય, સૂચના અને સલાહથી તેને વિશેષ સમૃદ્ધ બનાવ્યું.

ઘેરો ઘાલવામાં અને મેદાનની લડાઈઓ લડવામાં જૂની પદ્ધતિ જ ચાલુ હતી. કિલ્લો તોડવા ઊંટનો તેમજ પથ્થર ફેંકવાના યંત્રનો ઉપયોગ થતો. સુરંગથી કિલ્લા તોડવાના પ્રયોગ પણ થતા.

લશ્કરીઓને ગણવેશ હતો નહિ, એક જ પ્રકારનાં હથિયાર પણ ન હતાં. જેને જે ફાવતું હોય તે હથિયાર ધારણ કરે અને ફાવે તે ઘોડા ઉપર બેસે.

લશ્કરો રાજધાનીથી દૂર રહી લડતાં હોય, છતાં ચોમાસામાં રાજધાનીમાં આવતાં અને સુલતાન તથા તેના સેનાપતિઓ તેની તપાસ લેતા.

યુદ્ધોમાં મરાઈ ગયેલા સૈનિકોનાં કુટુંબોને સહાય આપવામાં આવતી.

સૈનિકોને પગાર મળતો નહિ, પણ લૂંટફાટમાંથી ઇસ્લામી સરાહ મુજબ ભાગ મળતો; પણ પાછળના સમયમાં લૂંટમાંથી ભાગ આપવાનું બંધ કરી પગાર પણ કરવામાં આવ્યો હતો. આ પગારની રકમ વરસમાં એક દિવસ સૈન્ય રાજધાનીમાં પાછું આવે ત્યારે ચૂકવાતી.

સૈનિકોના ઝઘડા "કાઝીએ લશ્કર" પતાવતા.

ગૃહખાતું : વર્તમાન સમયમાં જેને ગૃહખાતું કહેવામાં આવે છે તેવું દફ્તરે ઇન્શા નામનું ખાતું હતું. તેમાં સુલતાન પાસે લોકોની અરજો પહોંચાડવાનું તથા સુલતાનની આજ્ઞાઓ પ્રજાને તેમજ તાબાના માણસોને પાઠવવાનું કામ થતું.

---

૧. ફીરંગખાન, લંગરખાન, મલેક અયાઝ, રૂમીખાન વગેરે.

આ ઉપરાંત રાજ્યના અમલદારોની ફેરબદલીઓ, નિમણુંકો તથા બરતરફીનો પત્રવ્યવહાર પણ તે ખાતા દ્વારા થતો.

કાયદો અને વ્યવસ્થા : કાયદો તો સરાહે–મુહમ્મદીનો જ હતો. કુરાનના ફરમાન તેમજ હદીસ અનુસાર ન્યાય થતો; પણ વારસા, હિસ્સા, લગ્ન, ભાગીદારી વગેરેમાં હિંદુઓને હિંદુ શાસ્ત્ર પ્રમાણે વર્તવાની છૂટ હતી. કાયદાનો અમલ કાજીઓ કરતા અને "બાદીમે સરાહ"નું બિરુદ પોતાના નામ આગળ લખતા અને હિંદુઓને ગમે તેવી છૂટ હોવા છતાં જ્યાં એક પક્ષકાર મુસ્લિમ હોય ત્યાં સરાહ પ્રમાણે ન્યાય આપતા. અપીલ થતી નહિ. હુકમનો અમલ સત્વર થતો. વગદાર માણસોનો ન્યાય સુલતાન પોતે પણ આપતા.

વ્યવસ્થા : પોલીસનું કામ કોટવાળ કરતા. તેઓ ગુન્હો પકડતા અને ગુન્હો ન બનવા પામે તેનું ધ્યાન રાખતા. શહેર બહારના માર્ગો ઉપર તેમજ વનવગડામાં બનતા ગુન્હાની તપાસ રાખવા બદલ ખાસ અમલદારો રહેતા.

બીજાં ખાતાંઓ : આ ઉપરાંત "દીવાને રયાસત" એટલે બજારભાવ, તોલ–માપ, હરીફાઈ વગેરે માટે એક ખાતું હતું. જળમાર્ગ અને સમુદ્રમાર્ગ માટે ધ્યાન રાખવા અમીર–ઉલ–મુલ્ક નામનો અમલદાર રહેતો અને ખેતીવાડી અને બાગબગીચાનું ખાતું 'અમીરે કોહ' નીચે હતું.

આ તમામ ખાતાંઓમાં ઊંચા પદ ઉપર માત્ર મુસ્લિમોની નિમણુંક થતી. નાની જગ્યાઓ ઉપર હિન્દુઓ હતા કે નહિ તે ખાસ જણાતું નથી, પણ તેમ કર્યા સિવાય તંત્ર ચાલે તેમ હતું નહિ. આ નોકરોને પગાર મળતો. તેઓને ડાયરી લખવી પડતી, રોજેરોજનો રિપોર્ટ સુલતાનને આપવો પડતો અને તેઓની કસૂર માટે તેમને સજા કરવામાં આવતી.

ચલણ : સુલતાનોના રાજઅમલના આરંભકાળમાં આ દેશમાં જૂના સિક્કાઓ ચલણમાં હતા. ગધૈયા, દીલ્હીના રૂપિયા અને ત્રાંબિયા કે દોકડા ચાલતા. ટંકા કે ટકા નામનો ચાંદીનો સિક્કો પણ ચાલતો.

અહમદશાહે અમદાવાદની સ્થાપના કરી, ત્યાં એક ટંકશાળ સ્થાપી, તેમાં ટંકા તથા ત્રાંબિયા પાડયા. અને તે પછી ઈ. સ. ૧૪૨૭માં ઈડર પાસે અહમદનગર વસાવી, ત્યાં ટંકશાળ સ્થાપી, ત્યાંથી સિક્કાઓ પાડવા માંડયા.

પરંતુ આ સિક્કાઓનું ખાસ નામ કે એકધારું વજન હતું નહિ. તેથી મહમદ બેગડાએ જૂનાગઢ તથા ચાંપાનેર જીતી, ત્યાં ટંકશાળો સ્થાપી, "મહમુદી" નામનો

સિક્કો પાડયો.[૧]

તે પછી મુઝફ્ફર બીજાએ "મુઝફ્ફરી" નામનો ચાંદીનો સિક્કો શરૂ કર્યો અને મુઝફ્ફર ત્રીજાના રાજ્યમાં ચંગીઝખાન નામના ઉમરાવે "મહમ્મુદી" નામનો સિક્કો શરૂ કર્યો.[૨]

**કોરી** : સૌરાષ્ટ્રમાં મહમ્મુદીનું ચલણ હતું અને સુલતાનના ત્રાંબાના સિક્કા પણ ચાલતા. તેને લોકો "દોકડા"ના નામથી ઓળખતા. તે ઉપરાંત જૂના સિક્કાઓ પણ ચલણમાં ફરતા રહ્યા હોવાનું જણાય છે.

કમનસીબે જૂનાગઢના રાહના સમયનો એક પણ સિક્કો મળ્યો નથી. પણ તેમના સિક્કાઓનું ચલણ પણ પ્રચલિત હોવા સંભવ છે.

સુલતાનોની મહમ્મુદી ચાલતી ત્યારે ઈ. સ. ૧૫૬૮ લગભગ જામ છત્રસાલ ઉર્ફે સતાજીને "મહમ્મુદી" નામ રાખવાની તથા સુલતાનનું નામ છાપવાની શર્તે સુલતાને સિક્કા પાડવા રજા આપી. આ પહેલાં કચ્છના રાવે પણ પોતાનું ચલણ ચાલુ રાખેલું. કચ્છી ચલણમાં દોકડા વિશેષ પ્રમાણમાં હતા. તેના ઉપર "મહમદ બિન લતીફ"નું ફારસીમાં અને રાવનું નામ નાગરી અક્ષરોમાં ઉપસાવેલું જોવામાં

---

૧. સંભવ છે કે જૂનાગઢ તથા ચાંપાનેરની ટંકશાળો પણ તેના હાથમાં પડતાં તેણે તેનો ઉપયોગ કર્યો; નહિતર રાજધાનીથી આટલે દૂર ટંકશાળ સ્થાપવાનું તે સમયમાં ઉચિત ન હતું.

આ સુલતાનો જે જે શહેરમાં સિક્કા પાડતા તેનું ઉપનામ સિક્કા ઉપર લખતા.

અમદાવાદનો "શહેરે મુઆઝમ" અર્થાત્ મહાન શહેર તથા પાછળથી "દાલ-ઉલ-દરબ" અર્થાત્ "ટંકશાળનું સ્થળ" તરીકે ઉલ્લેખ છે. તેને પાછળથી "દાર-ઉલ-ખિલાફત" અને "દાર-ઉલ-સલ્તનત" એટલે ખિલાફતનું સ્થળ અને "સલ્તનતનું સ્થળ" પણ કહ્યું છે. મોગલ સમય (ઈ. સ. ૧૭૧૯)ના એક સિક્કામાં તેને 'ઝિન્નત-ઉલ-બીરાદ' અર્થાત્ "શહેરનું રૂપ" તરીકે વર્ણવેલું છે. ("ઓન સમ કોઇન્સ ઇલસ્ટ્રેટીંગ ધી હીસ્ટ્રી ઓફ ગુજરાત" ડૉ. : જી. વી. ટેલર.)

૨. મહમ્મુદીનું વજન નિશ્ચિત ન હતું તેમજ તેનું કદ પણ ફરતું રહેતું. મહમદ બેગડાની મહમુદીનું વજન ૮૮ ગ્રેન હતું અને તેની કીંમત અકબરી રૂપીઆના ½ ભાગ જેટલી હતી. "મુઝફ્ફરી"નું વજન ૧૧૧ ગ્રેન હતું. તેની કીમત અકબરી રૂપિયાના ½ ભાગ જેટલી હતી. પાછળથી મુઝફ્ફર ત્રીજાના સમયમાં તેનું વજન ૧૧૮ ગ્રેન થયું. આ સિક્કાને "ચંગીઝખાની મહમ્મુદી" પણ કહેવામાં આવે છે. (અનપબ્લીશ્ડ કોઇન્સ ઓફ ધી ગુજરાત સલ્તનત : બો. બ્રા. સે. એ. સો. જર્નલ; પ્રો. હોડીવાળા તથા "ધ ગુજરાત મહમ્મુદી" અ. કરીમ માસ્તર તથા ડૉ. ટેલર."

આવે છે. જામસાહેબે પ્રચલિત કરેલી મહમ્મુદી "કોરી" તરીકે જાણીતી છે.[૧]

વેપાર-હુન્નર-ઉદ્યોગ : સુલતાનોના સમયમાં સૌરાષ્ટ્રનો વેપાર ભાંગીને ભૂકો થઈ ગયો હતો. યુદ્ધો અને ચડાઇઓના પરિણામે સૌરાષ્ટ્રની ધરતી ઉપર લોહીની નદીઓ ચાલી હતી અને પ્રજાના જાનમાલની સલામતી રહી ન હતી. તેમાં મુક્ત વ્યાપારને સ્થાન ન હતું. તેમ છતાં સૈન્યોને દાણા તથા રોજની જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવાનો મોટો વેપાર ચાલતો. વણઝારાઓ પોઠો ભરી વરાડ, માળવા અને હિંદુસ્તાનના બીજા ભાગોમાંથી અનાજ લઇ આવતા. તેઓ માર્ગમાં લૂંટાઇ જતા અથવા તેઓને મોટા મોટા દંડ દેવા પડતા. તેથી અનાજ બહુ મોંઘું હતું. સ્થાનિક માણસો પોતાનું અનાજ પકવી પણ લેતા. બાજરો, મઠ, કોદરો, કાંગ અને બંટી જેવાં ધાન્યો લોકોનો ખોરાક હતો. ખેતરમાં થયેલો પાક લણાશે કે નહિ તેની પણ ખેડૂતોને ખાતરી ન હતી. તેમ છતાં તેઓ જીવતા હતા અને રાજાઓ કે સુલતાનોના સેનાપતિઓ ખેડૂતોના મોલને ખાસ કારણ સિવાય હરકત કરતા નહિ.[૨]

બંદરો : સાગરકાંઠાનાં બંદરોમાં દ્વારકા, મિયાંણી, વેરાવળ, પાટણ, મહુવા તથા ઘોઘા મુખ્ય હતાં. ત્યાં આરબો અરબસ્તાનની પેદાશ ખજૂર વગેરે લઇ આવતા અને અહીંનાં વહાણો પરદેશમાં માલ લઇ જતાં. સમુદ્રમાર્ગે આ દેશનો વ્યાપાર ચાલતો; પણ ચાંચિયા લોકોએ તેને પણ ભયમાં મૂકી દીધો હતો. સુલાતાનોએ તેમજ પોર્ટુગીઝોએ ચાંચિયાઓનો નાશ કરવા ઘણા પ્રયત્નો પણ કરેલા. ઘણાખરા સોદાગરો પોતાનાં વહાણો રાખતા અને ઇમારતી લાકડું, શ્રીફળ, મેવા અને તેજાના પરદેશથી લાવતા. સૌરાષ્ટ્રમાંથી ઘોડા, ગાય, બકરાં વગેરે પ્રાણીઓ તેમજ ઘી, કઠોળ અને કપાસની નિકાસ થતી. મત્સ્યઉદ્યોગ ઘણા જ મોટા પ્રમાણમાં થતો.

કોઈ યાંત્રિક ઉન્નતિ કે હુન્નર માટે તો સ્થાન જ હતું નહિ; પણ તોપો બંદૂકો અને તલવારો આ દેશમાં બનાવી હતી તેવો ઉલ્લેખ છે.

---

૧. જામસાહેબે તેની ટંકશાળમાં છાપેલો રૂપિયો સુલતાનને નહિ ધરતાં કહ્યું કે "રાજાઓ પોતાની કુંવરીઓ સુલતાનને પરણાવી પોતાની પ્રતિષ્ઠા વધારે છે. તેમ હું મારી "કુંવરી" આપના રૂપિઆ સાથે તેનું માન વધે તે આશાથી પરણાવું છું." તેથી સુલતાન ખુશ થયો અને ત્યારથી જામસાહેબની "મહમ્મુદી કુંવરી" કહેવાણી અને તેનું અપભ્રંશ કોરી થઇ ગયું. (દીવાન રણછોડજી : તારીખે સોરઠ-પ્રો. લોડીવાળા આ વાતને માત્ર લોકવાર્તા કહી માન્ય રાખતા નથી.)

પાછળથી પોરબંદરે રાણાશાહી અને જૂનાગઢે દીવાનશાહી કોરી પાડેલી, જેનું ચલણ ઇ. સ. ૧૯૦૮ લગભગ બંધ કરવામાં આવ્યું.

૨. સૈન્યનાં ઊંટો ખેતરોમાં ચરતાં હતાં, તે જોઇ મલેક અયાઝે સૈનિકોને ઠપકો આપ્યો હતો.

ખેતી : ખેતી નિરંતરનાં યુદ્ધોથી પાયમાલ થઇ ગઇ હતી; છતાં ખેડૂતો તે કર્યે જતા અને તેમના પરિશ્રમથી પ્રજાનું પાલન કરતા. તે સાથે રાજાઓને તથા સુલતાનોને બાગબગીચાનો શોખ હતો તેથી ફળઝાડનો ઉછેર થતો હતો. કેરી, પોપૈયાં, દાડમ વગેરે ફળો થતાં. દાડમ અને લીંબુ સુલતાનોએ પ્રચલિત કર્યાં હતાં. નાગરવેલનાં પાન ચોરવાડમાં પુષ્કળ થતાં તથા પરદેશમાં પણ તેની નિકાસ કરવામાં આવતી.

જંગલ અને જાનવરો : સૌરાષ્ટ્રમાં અત્યારે ગીરનું જંગલ છે તે કરતાં ઘણું વિશેષ મોટું જંગલ તે સમયે હતું. દ્વારકા અને ચોટીલા સુધી સિંહોની વસ્તી હતી. વાંદરાઓનું પ્રમાણ પણ વિશેષ હતું. દીપડા, ચિત્તા વગેરે અનેક પ્રકારનાં જંગલી પ્રાણીઓ હતાં. હરણ, સાબર, પશુડા, ઘુટડા આદિ જાનવરો પણ હતાં.[૧]

જાતિઓ : આ સમયમાં કોઈ ખાસ જાતિઓ આ દેશમાં રહેવા આવી નથી; પણ મુસલમાનોના રાજઅમલમાં અને બળજબરીથી કે રાજીખુશીથી થયેલા ધર્માન્તરને કારણે કેટલાક રજપૂતો મુસ્લિમ બન્યા. હજી પણ મુસ્લિમોમાં ટાંક, પરમાર, ચાવડા, સોલંકી, વાઢેલ, વગેરે શાખાના મુસ્લિમો છે. કેટલાક રજપૂતોએ ઇસ્લામના સંસ્કાર ગ્રહણ કર્યા, છતાં હિન્દુ ધર્મના રિવાજો ચાલુ રાખ્યા. તેઓ મોલેસલામ કહેવાયા. તે ઉપરાંત મેમણો, વહોરા, મોમના ખોજા, પીરાણા, વાઘેર વગેરે હિન્દુ ધર્મમાંથી ધર્માંતરના પરિણામે મુસ્લિમ કોમમાં ભળેલા લોકોમાંથી ઇસ્લામ ધર્મ સંપૂર્ણપણે અથવા અંશતઃ પાળનારાઓની[૨] નવી જાતિઓ થઈ.

---

૧. સૈન્યો માટે આ જાનવરોનો કાયમ શિકાર થયાં કરતો અને તેમના ખોરાક માટે હજારો પ્રાણીઓને મારી નાખવામાં આવ્યાં. છતાં તેમાંથી કેટલીએક જાતો હજી પણ છે. સિંહો તે સમયમાં આખા સૌરાષ્ટ્રમાં હતા તેની ઇતિહાસમાંથી સાબિતીઓ મળે છે.

૨. મેમણોમાં બે વિભાગ છેઃ હલાઇ તથા કચ્છી. તેઓમાં કચ્છી ધર્મપરિવર્તન કરેલા લુહાણા હોવાનું માનવામાં આવે છે.

ખોજા : તેઓ અંશતઃ મુસ્લિમ છે. હાઝર ઇમામ જાફર આદિકના વંશજ ના. આગાખાનને પોતાના ગુરુ ગણે છે. મોમનાઓઃ ધર્મપરિવર્તનના પરિણામે જે કણબીઓ મુસ્લિમ થયા તેમના વંશજો છે. તેઓ મોમીન કહેવાયા.

પીરાણા : મુસ્લિમ સંતોના પ્રભાવે મુસ્લિમ બનેલા હિન્દુઓ બન્ને ધર્મ પાળે છે. ધર્મગુરુઓ સૈયદો તેમજ હિન્દુઓ પણ છે. આ પ્રાંતમાં તે ધર્મના અનુયાયીઓની સંખ્યા બહુ ઓછી છે.

વાઘેર : હિન્દુ વાઘેરો મુસલમાન થયા તે.

તે ઉપરાંત પઠાણો, મકરાણીઓ, આરબો, મિંયાણા, જત વગેરે પરદેશથી ધંધાર્થે આવેલા મુસલમાનો આ દેશના વતની થઇ રહ્યા.[1]

**લેખકો** : સુલતાનોએ પોતાનો ઇતિહાસ ફારસી ભાષામાં લખાવેલો. તે તેમજ સમકાલીન લેખકોએ લખેલા ઇતિહાસના ગ્રંથો ઉપરથી મળેલી ઘણી હકીકતો ઇતિહાસ લખવામાં ઉપયોગી થઈ છે. તે પૈકીનાં મુખ્ય પુસ્તકો નીચે મુજબ છે:

૧. મુઝફ્ફરશાહી : ઇ. સ. ૧૩૯૧ થી ઇ. સ. ૧૪૧૧ સુધીનો ઇતિહાસ.
૨. અહમદશાહી : ઇ. સ. ૧૪૧૧ થી ઇ. સ. ૧૪૪૧ સુધીનો ઇતિહાસ.
૩. તબક્કાતે મહમદશાહી : ઇ. સ. ૧૫૧૩ સુધીનો મહમદ બેગડાનો ઇતિહાસ.
૪. મુઝફ્ફરશાહી (બીજી) : ઈ. સ. ૧૫૨૬ સુધીનો ઇતિહાસ.
૫. બહાદુરશાહી : ઈ. સ. ૧૫૩૬ સુધીનો ઇતિહાસ.
૬. તુહફ્એ સઆદત.
૭. કિતાબુલ આસરી મહમુદશાહી : ઈ. સ. ૧૫૫૪ સુધીનો ઇતિહાસ.
૮. મુઝફ્ફરશાહી (ત્રીજી) : ઈ. સ. ૧૫૭૩ સુધીનો ઇતિહાસ

ગુજરાતી સાહિત્યમાં કાવ્યો અને ધર્મગ્રંથો લખાતાં. તેમાંથી નીચેનાં ગણનાપાત્ર ગણી શકાય:

ગુજરાતીમાં "વસંતવિલાસ" નામના ગ્રંથની અમદાવાદમાં ઈ. સ. ૧૪૫૨માં આચાર્ય રત્નાકર નામના વિદ્વાને નકલ કરી. આ ગ્રંથ સચિત્ર છે.

નરસિંહ મહેતાએ પણ આ યુગમાં જ તેમનાં કાવ્યો અને પદો લખ્યાં.

કવિ પદ્મનાભે ઇ. સ. ૧૪૫૫માં "કાન્હડદે પ્રબંધ" નામનો કાવ્યગ્રંથ લખ્યો. આ સિવાય અનેક ભક્તો, કવિઓ અને લેખકોએ પોતાની કૃતિઓ રચી તેનો જનતામાં પ્રચાર કર્યો.

**સંતો**: મુસ્લિમ સંતો અહમદશાહ, શાહઆલમ અને જમિયલશાહ હાતાર સુલતાનોના સમયમાં થયા. તેઓના આશ્રયે અને આશીર્વાદે સલ્તનત પાંગરી.

**સ્થાપત્ય** : મુસ્લિમ સંસ્કૃતિના પ્રતીક જેવાં મકાનો, મસ્જીદો અને મકબરાઓ આ યુગમાં બાંધવામાં આવ્યાં. અમદાવાદની જામે મસ્જીદ અને અન્ય મકાનો, સરખેજનો રોજો, વગેરે તેના નમૂના છે. આ સ્થાપત્યમાં હિંદુ અસર ભૂંસી નાખી શુદ્ધ ઈરાની કે અરબ સ્થાપત્યના નિયમોને અપનાવવામાં આવ્યા છે. તેમ છતાં દાદા હરિની વાવ જેવા અપવાદો પણ જોવામાં આવે છે.

---

૧. મિંયાણા : આ પ્રદેશમાં સિંધ તરફથી બહુ પાછળના સમયમાં આવ્યા હોવાનું જણાય છે. વોટ્સન પ્રમાણે માળિયા-હાટકાર મોડજીએ તેમને બોલાવેલા. મોડજી ઇ. સ. ૧૭૩૪માં હતા. પણ લેખકને મિંયાણાના એક આગેવાન ગૃહસ્થ તરફથી મળેલી હકીકત મુજબ તેઓ મહમુદ બેગડાના રાજઅમલ દરમિયાન અહીં આવેલા.

ભુચરમોરીના ભયંકર રણસંગ્રામમાં મુગલ સમ્રાટનો જય થયો અને સૌરાષ્ટ્રના હતભાગી હિન્દુ રાજાઓએ સદા માટે તેના સામે માથું ઊંચકવાની અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની કે પોતાની ગત પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવાની આશા મૂકી દીધી.

અકબરે જે રાજનીતિ અપનાવી હતી તેને અનુસરીને જામનગર જામ સતાજીને પાછું મળ્યું અને તેમણે પાદશાહનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું.

ગોહિલોનો રાજવિસ્તાર જેમ ને તેમ હતો. ઝાલાઓએ પણ કાંઈ ગુમાવ્યું નહિ; પરંતુ રાહઝાદા ખેંગારે[1] સ્વતંત્ર થવા પ્રયત્ન કરેલો. તેથી તેને શીલ, બગસરા, કેશોદ અને ચોરવાડ ચોવીસી આપી અને તેને ત્યાં રહેવા માટે હુકમ કરવામાં આવ્યો. જૂનાગઢ ખાલસા કરવામાં આવ્યું. મુગલોની રાજ્યપદ્ધતિ પ્રમાણે સોરઠ "સરકાર" બન્યું અને ત્યાં નવરંગખાન નામનો ફોજદાર[2] નિમાઈને આવ્યો.

**નવું બંધારણ** : મુગલાઈ સ્થપાતાં જ રાજા ટોડરમલે મોજણી કરી અને તેની મહેસૂલી પદ્ધતિ અમલમાં આવી. સોરઠમાં દેસાઈગીરીની સ્થાપના થઈ. મહેસૂલની વસૂલાત તથા તે અંગેની કામગીરી માટે અમલદારો નિયુક્ત કરવામાં આવ્યા. મીરઝાં અઝીઝ કોકલતાશ ઈ. સ. ૧૫૯૪માં પ્રભાસપાટણ ગયો અને મુસ્લિમ ઇતિહાસમાં પહેલી જ વાર વિજેતાઓએ સોમનાથના દેવાલયના ખંડિયેર ઉપર પ્રહાર ન કર્યો.[3]

---

૧. રાહઝાદા ખેંગાર ઇ. સ. ૧૬૦૮માં ચોરવાડમાં ગુજરી ગયો. તેના વંશજો હાલ સોંદરડા વગેરે ગામોમાં છે.

૨. ફોજદાર ગવર્નર જેવો અધિકારી હતો.

૩ મીરઝાં પ્રભાસ ગયો ત્યારે ત્યાંની પ્રજાએ એક સભા ભરી તેનો સત્કાર કર્યો. તે સભામાં શહેરના કાઝીએ કાવ્યમાં ભાષણ કર્યું. તેમાં એવી માગણી કરી કે આ શહેરમાં સોમનાથનું મંદિર છે તે તોડી નાખવું તથા કાફર જનોઇ પહેરનારાઓ છે તેને કતલ કરવા. (દર ઇન શહેર બુતખાનએ સોમનાથ અસ્ત, હમે કાફરન્દો હમે બુતપરસ્ત– અદઝ માંકુનીમ ઇન કદે બેશકન તબર બરદુરો ઝન્નારદારાં બેઝન વગેરે) પણ અકબરની રાજનીતિ ધર્મસહિષ્ણુતાની હતી. મીરઝાંએ દેવળો તોડ્યાં નહિ. તેણે લેખકના પૂર્વજ રાઘવજીને દેસાઇગીરી આપી. આ પ્રસંગની રસિક વિગતો માટે જુઓ "પિતૃતર્પણ".

યાત્રાળુઓ ઉપરના કરવેરા : મીરઝાં ત્યાંથી ઉના તરફ ગયો હોવાનું જણાય છે. ત્યાં પણ તેણે દેસાઈઓની નિમણૂક કરી. ત્યાંથી તે પાલીતાણા તરફ ગયો. ત્યાં તેણે પાદશાહ અકબરની આજ્ઞાથી શેત્રુંજય આવતા યાત્રાળુઓ પાસેથી લેવાતો કર જજીયો તથા બીજા વેરા[1] માફ કર્યા.

એ રીતે સૌરાષ્ટ્રમાં મુગલ સેનાપતિએ ચારે તરફ ઉદાર નીતિ, ધાર્મિક સહિષ્ણુતા તેમજ ઉમદા વર્તનથી પ્રજા તેમજ હિંદુ રાજાઓ ઉપર સારી છાપ પાડી અને મુગલ સામ્રાજ્યનાં સૈન્યોની શક્તિનો પણ પરિચય આપ્યો.

ભુજ વસ્યું : ઇ. સ. ૧૫૯૪ : સૌરાષ્ટ્રના ઇતિહાસમાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કરનાર જામ રાવળને કચ્છમાંથી મહમદ બેગડાની સહાયથી કાઢી, રાહ બેંગારજી પોતાના જ્યેષ્ઠ ભ્રાતા અલીમોજીના હક્કનો અવગણના કરી, કચ્છની ગાદી ઉપર બેઠો. આ રાહ બેંગારજીએ સં. ૧૬૫૦ના માગસર સુદ ૬ ના (ઇ. સ. ૧૫૯૪) રોજ ભુજ નામનું શહેર વસાવી, ત્યાં નિવાસ કર્યો અને તેની જૂની રાજધાની લાખિયાર વિયારો ચારણોને દાનમાં આપી દીધી.

શહેનશાહ અકબરનું મૃત્યુ : ઇ. સ. ૧૬૦૫ : સૌરાષ્ટ્ર તથા ગુજરાત ઉપર પોતાનું આધિપત્ય સ્થાપી અકબરે ગુજરાતની મુલાકાત લીધી. સુરત અને અમદાવાદમાં રોકાઈ તે દીલ્હી પાછો ફર્યો. અકબરને સૌરાષ્ટ્રમાં આવવાનું સરજાયું ન હતું. તે દીલ્હીમાં ૧૬૦૫માં ગુજરી ગયો અને શાહઝાદો સલીમ જહાંગીર નામ ધારણ કરી હિન્દુસ્તાનનો શહેનશાહ થયો.

સોરઠ : સોરઠનો ફોજદાર નવરંગખાન એક કાબેલ રાજનીતિજ્ઞ અને કુશળ સેનાની હતો. તેણે અકબરની રાજનીતિ પ્રમાણે પ્રાંતમાં સારો બંદોબસ્ત રાખ્યો અને પરિણામે સૌરાષ્ટ્રમાં ઇ. સ. ૧૫૯૧થી ઇ. સ. ૧૬૦૫ સુધી, એટલે લગભગ ૧૫ વર્ષના ગાળામાં શાન્તિસુલેહ જળવાઈ રહ્યાં. યુદ્ધો, અવ્યવસ્થા અને અંધાધૂંધીનો સમય જાણે પૂરો થયો હોય તેમ જણાયું.

જામનગર : પાદશાહ અકબરનું મરણ થતાં જામે ફરીથી સ્વતંત્ર થવા પ્રવૃત્તિ શરૂ કરી. જહાંગીરનો રાજઅમલ અકબર જેવો સચેત નહતો. એટલે તેને આ કામ બહુ મુશ્કેલ ન જણાયું; પણ તે માટે હજુ અનુકૂળ સમય આવ્યો ન હતો. જામ સતાજી કાંઇ પણ પ્રગતિ કરે તે પહેલાં ઇ. સ ૧૬૦૮ માં તે ગુજરી

---

૧. ઉનાના શાહબાગનો સં. ૧૬૫૨ (ઇ. સ. ૧૫૯૬)નો લેખ. આ વેરાઓ જૈનાચાર્ય શ્રી. હિરવિજય સૂરીશ્વરના પ્રયાસથી માફ થયા હતા. અકબર તેમને પૂજ્ય ભાવથી વંદતો.

ગયા. તેના પાટવી અજોજી ભુથરમોરીના યુદ્ધમાં કામ આવી ગયેલા અને તેને લાખાજી તથા વિભાજી નામના કુંવરો હતા. તેના હકકનો અનાદર કરી સતાજીના બીજા પુત્ર જસાજી ગાદીએ બેઠા. જસાજીના નાના ભાઇ વિભાજી હતા. તેને કાલાવડ પરગણું આપ્યું.

સરધારનું પતન : સરધારમાં વાઘેલા ઠાકોરનું રાજ્ય હતું. તે પોતાના દેશની આબાદી કરવા કરતાં પાડોશના પ્રદેશો લૂંટી પોતાની આવક વધારવા તરફ વિશેષ લક્ષ આપતા. પરિણામે સરધારની આજુબાજુના પ્રદેશોની પ્રજા કંટાળી ગઇ હતી. તેથી કાલાવડમાં વિભાજીએ સ્થિર થઈ જામ જસાજીની સહાયથી સરધાર ઉપર ચડાઇ કરી. સરધાર તાબે ચીભડા ગામે તેનું મોસાળ હતું. તેથી પ્રદેશથી તેમજ પ્રજાથી તે પરિચિત હતાં. વળી, પ્રજા ત્રાસી ગઇ હતી એટલે વિભાજીને સરળ વિજયની આશા હતી; પણ વાઘેલાઓ ઘણા પ્રબળ હતા. તેઓએ ચુડાસમાઓ પાસેથી ગોંડળ અને વીરપુર સુધીનો પ્રદેશ જીતી લીધો હતો. સરધારના રાજ્યમાં સાતસો જેટલાં ગામ હતાં અને ભરપૂર ધનકોષ હતો. તેથી વિભાજીએ સરધાર જીતવાનું કામ તે માનતા હતા તેટલું સરળ ન જણાવાથી જામ જસાજી દ્વારા પાદશાહી સૂબાની સહાય માગી.

સૂબાને સ્થાને તે સમયે શાહજાદો ખુર્રમ હતો. તેણે સહાય ન આપતાં સરધાર ઉપર ચડાઈ કરવા સનંદ આપી. તેથી વિભાજીની વિટંબણા વધી; તેની હિમ્મત આ યુદ્ધ ખેલવાની થઇ નહીં; તેથી સરધારના ઠાકોર અને અન્ય સરદારોને પોતાને ત્યાં જમવા નોતરી, દગાથી મારી, સરધારનો કબજો કરી લીધો. શાહજાદા ખુર્રમે જ્યારે આ વાત જાણી ત્યારે તેણે સરધારમાં પોતાનો થાણદાર મૂકી વિભાજીના અધિકારનો ઇન્કાર કર્યો.

પોતાની કરેલ મહેનત ધૂળમાં જતી જોઇ વિભાજીની વિમાસણ વધી; પણ આ અંધાધૂંધીનો લાભ લઈ કાઠીઓનાં ધાડાં વાઘેલાના પ્રદેશમાં લૂંટફાટ માટે ફરી વળ્યાં. સરધારના થાણદારનાં સૈન્યોને તેણે પજવવા માંડયાં અને આખરે વિભાજીની સહાયથી મુગલોએ કાઠીઓને જેર કર્યા. આ નોકરીના બદલામાં પાદશાહે તેને રીબડા, અરડોઈ, રીબ, કાલીપાટ વગેરે ચોવીસ ગામો ઇનામમાં આપ્યાં અને વિભાજીનો સરધાર ઉપરનો અધિકાર કબૂલ કર્યો; પણ થાણદાર તો ચાલુ જ રહ્યો.

પોતાને મોટું રાજ્ય મળ્યું તેમાં જામ જસાજીની સહાય હતી, તેથી તેના બદલામાં વિભાજીએ કાલાવડ પરગણું પાછું આપી દીધું.

**કાઠીઓ** : કાઠીઓનું પ્રાબલ્ય વધ્યું. તેઓ અત્યાર સુધી લૂંટફાટ કરતા અને સાદું જીવન જીવતા. પરંતુ હવે તેઓને પણ રાજ્ય પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ. થાનમાં તેમનું મૂળ મથક હતું. તેમાંથી તેઓ બહાર નીકળ્યા અને સુદામડા, ગઢડા, ભડલી વગેરે ગામોમાં નિવાસ કર્યો તથા ક્રમશઃ તેના માલિક થયા. બીજી ટોળીઓએ વસાવડ, બગસરા વગેરે ગામો પ્રાપ્ત કર્યાં. તેઓની શક્તિનો વિકાસ થતો ગયો અને પરિણામે મધ્ય સૌરાષ્ટ્રમાં તેમનું પરિબળ એટલું વધ્યું અને તેઓની બીક એટલી લાગવા માંડી કે સરધારના ઠાકોરે તેમને ભાડલા, જસદણ, ચોટીલા વગેરે ગામો આપ્યાં અને તેના બદલામાં સરધાર તાબાના પ્રદેશમાં તેઓએ ઉપદ્રવ ન કરવા કબૂલત આપી. તે પછી તેઓએ ઈ. સ. ૧૬૦૮માં આણંદપુર વસાવી સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં પોતાની સત્તા ચારે તરફ જમાવી દીધી. કાઠીઓ આ પહેલાં જાગીરો કે તાલુકાઓ પ્રાપ્ત કરી ચૂકયા હતા. હવે તેઓએ રાજપતિ થવા મીટ માંડી.

**મલીક અંબર** : એક તરફથી શાહી સામ્રાજ્ય પ્રબળ અને લોકપ્રિય થતું જતું હતું અને પ્રજામાં તેની શક્તિ અને સત્તાની પ્રતિષ્ઠા વધતી જતી હતી; ત્યાં દોલતાબાદના વજીર મલેક અંબરે ગુજરાત ઉપર ચડાઈ કરી સુરત અને વડોદરા લૂંટયાં અને દીલ્હીનો શહેનશાહતની આબરૂ ધૂળમાં મેળવી દીધી. આ સમયનો લાભ રાજાઓએ લીધો. તેઓએ જૂનાગઢના ફોજદારના અધિકારની અવગણના કરી અને તેને ખંડણી આપવાનું બંધ કર્યું.

**જહાંગીર ગુજરાતમાં** : ગુજરાતમાં વિલાઈ જતી પ્રતિષ્ઠાનું સ્થાપન કરવા ઈ સ. ૧૬૧૬માં જહાંગીરે ગુજરાતની મુલાકાત લીધી. જૂનાગઢના ફોજદાર કાસિમખાને સૌરાષ્ટ્રના રાજાઓને દાહોદમાં જહાંગીરની છાવણીમાં જવા આજ્ઞા કરી. જામ સતાજી દાહોદ ગયા અને ત્યાં જહાંગીરને નમન કર્યું અને શહેનશાહનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. તેમણે પાદશાહને ૫૦ કચ્છી ઘોડાઓ અને ૧૦૦ સુવર્ણમુદ્રાઓ ભેટ ધર્યાં અને પાદશાહે તેમને બે હાથી, બે ઘોડા અને હીરાજડિત ચાર વીંટીઓ આપી.[1]

**શાહજાદો ખુર્રમ** : જહાંગીરે ગુજરાતમાં શાહજાદા ખુર્રમને[2] સૂબા તરીકે નીમ્યો. ખુર્રમે ઈ. સ. ૧૬૨૨માં તેના પિતા સામે બંડ ઉઠાવી દીલ્હી પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો. આ તકનો લાભ લઈ જામ જસાજીએ સાર્વભૌમત્વના અંકુશો ફગાવી દઈ પોતાની ટંકશાળમાં કોરીઓ[3] પાડવા માંડી, લશ્કરોને રાજવિસ્તાર વધારવા માટે ચારે દિશામાં રવાના કર્યાં અને પાદશાહી સત્તાનો ઉઘાડે છોગ અનાદર કર્યો.

---

૧. 'સોરઠી તવારીખ' : દીવાન રણછોડજી.

૨. ખુર્રમ પાછળથી શાહજહાં નામ ધારણ કરી શહેનશાહ થયો.

૩. મુસ્લિમ ઇતિહાસકારો 'મહમુદી' કહે છે. વિગતો પાછળ આપવામાં આવી છે.

જામ જસાજીનું મૃત્યુ : ઈ. સ. ૧૬૨૪ : સૌરાષ્ટ્રમાં એક મહાન રાજ્ય સ્થાપી શકે તેવી શક્તિ ધરાવતા જામ જસાજી જેવા સાહસિક દૂરંદેશી રાજ્યનીતિજ્ઞ પુરુષનું ઈ. સ. ૧૬૨૪માં ઝેર દેવાયાના કારણે મૃત્યુ થયું[1] અને મુગલ શહેનશાહ જહાંગીર અને તેના શાહઝાદા ખુર્રમના કલેશના કારણે આવી મળેલી તક ઝડપી લેવાની જામ જસાજીની મુરાદ બર ન આવી. જામ જસાજી અપુત્ર હતા; તેથી રાજગાદી ભૂચર મોરીના યુદ્ધમાં વીરગતિને પામેલ તેમના મોટાભાઈના કુંવર લાખાજીને મળી.

સોરઠી તવારીખમાં દીવાન શ્રી રણછોડજી કહે છે કે : જામ સતાજીને જામનગર પાછું મળ્યું, પરંતુ ત્યાં પાદશાહી અમલદાર રહેતો અને જામ સતાજીને તેની આજ્ઞા પ્રમાણે ચાલવું પડતું. આ દુઃખ દૂર કરવા જામ જસાજીને ગાદીએ બેસાડી દીલ્હી ગયા[2] અને ત્યાં પોતાના વિલક્ષણ અને પ્રતિભાશાળી વ્યક્તિત્વથી જહાંગીર

---

૧. આ વિષયમાં એવી વાર્તા કહેવાય છે કે જામ જસાજી તથા તેનાં રાણી શેતરંજ રમતાં હતાં. રાણી હળવદના રાજ ચન્દ્રસિંહજીનાં બહેન થતાં હતાં. રમતાં રમતાં જામ જસાજીએ તેનો ઘોડો મારી આનંદમાં મશ્કરી રૂપ મગરૂબી બતાવી. તેથી રાણીજીએ કહ્યું કે 'એક બીનો શેતરંજનો ઘોડો મારી શું અભિમાન લ્યો છો ? મારા ભાઇ રાજ ચન્દ્રસિંહનો ઘોડો લઈ આવો તો માનું કે તમે શૂરવીર છો ?' વિનોદની વાતનું માઠું પરિણામ આવ્યું. અને જામ જસાજીએ મનમાં ચંદ્રસિંહને મારવા પણ લીધું. પણ રાજા ચન્દ્રસિંહ બળવાન હતા અને જામ પોતાની શક્તિ તેની સામે વેડફી નાખવા માગતા ન હતા. તેથી શંકરદાસ નામના નાગર અમલદારને ચન્દ્રસિંહજીના કુંવર ગુજરી જતાં બરખરા નિમિત્તે મોકલ્યા અને તેણે આપેલી સૂચના મુજબ દગાથી ચન્દ્રસિંહજીને કેદ કર્યા. રાજા ચંદ્રસિંહજીને જામે મારી નાખવા ઇચ્છા કરી, પણ શંકરદાસે તેને વચન આપેલું કે તેને સલામત પાછા લઇ આવશે. તેથી જસાજીનો ક્રોધ વહોરી, તેને છોડાવી હળવદ મોકલ્યા. આ અપમાનનો બદલો દગાથી લેવા ઝાલી રાણીએ જામ જસાજીને ઝેર આપ્યું.

૨. 'વિભાવિલાસ' નામના ગ્રંથમાં એમ જણાવેલું છે કે જામ સતાજીએ જસાજીને તેના મામા જોધાજી સોઢા તથા ભાઇ રણમલજી સાથે દીલ્હી મોકલ્યા હતા. ત્યાં રૂસ્તમખાન નામના અમીર સાથે પોતાને મૈત્રી હતી તેથી તેના ઉપર ભલામણ લખી આપી. રૂસ્તમખાનના કહેવાથી જામે દાઢી રાખી હતી. બન્નેને ભાઇબો જેવો સંબંધ હતો. તેથી દીલ્હીમાં રૂસ્તમખાને તેને મદદ કરી. બેગમનો શાહજાદો ગુજરી ગયો હતો, પણ જસાજીની બણસાર તેને મળતી આવતાં બેગમે તેની તરફ માતાનો પ્રેમ દેખાડયો; બન્ને માતાપુત્રની જેમ સાથે રહેતાં. પણ બાદશાહ પાસે કોઇએ તેઓના સંબંધ બાબત ચાડી ખાતાં બાદશાહે જસાજીને મારી નાખવા બોલાવ્યા. જ્યારે બાદશાહને ખબર પડી કે તે વજ્રકબોટો પહેરે છે ત્યારે રાજી થઇ તેણે રાજ્ય પાછું આપ્યું, જસાજીને ભેટો આપી અને બેગમે હળાહળ ઝેર ભરેલું માદળિયું સંકટ સમયે કામ આવે તે માટે આપ્યું, કે જે માદળિયાના ઝેરથી તેનું મૃત્યુ થયું.

ઉપર સારી છાપ પાડી. અને રઘુનાથજી નાગરની[1] સહાયથી તેમણે સંપૂર્ણ અધિકાર સં. ૧૬૭૩ના ફાગણ સુદ ૧ ને દિવસે પ્રાપ્ત કર્યો.

હળવદ : હળવદના રાજ ચંદ્રસિંહજીને જામ જસાજી સાથે કોઇ કારણે વેર બંધાયું[2] અને જામ જસાજીએ તેને દગાથી પકડાવી પોતાના મનના મિથ્યા અભિમાનને સંતોષ્યું. પણ ચંદ્રસિંહજીના ન્યાયી અને પરોપકારી સ્વભાવને કારણે તેના કુંવર પૃથ્વીરાજ સાથે અણબનાવ થયો. પૃથ્વીરાજજી તેની જીવાઈના ગામ વઢવાણ ચાલ્યા ગયા. પૃથ્વીરાજજીને શાહી ખજાનો લૂંટવાના ગુન્હા બદલ શાહી ફોજે પકડીને અમદાવાદમાં કેદ કર્યા અને ત્યાં જ તે ગુજરી ગયા.

---

આની ભળતી વાત રાજકોટઠાકોર માટે પણ કહેવાય છે.

આ વિષયમાં બીજી વાત એવી છે કે ઝેર ઝાલી રાણીએ નહિ પણ માલા નામના રસોયાએ આપેલું. જસાજીએ અલી વજીરે અજાજીના પાટવી કુંવર લાખાજીને દરબારમાં 'જયે જામ' કહી સલામ ભરેલી. તેથી તેને મારવા ચેતવણી આપી હતી. અલી વજીર રાતમાં કોઠો ચણી જામની રાહ જોતો બેઠો; ત્યાં માલાએ સવારમાં દૂધપૌંવામાં આ કાતિલ ઝેર ભેળવી તેનો પ્રાણ લીધો. તેથી અલી વજીરે માલાને મારી નાખ્યો. (યદુવંશપ્રકાશઃ કવિ માવદાનજી)

૧. રઘુનાથજીના ઇતિહાસ માટે જુઓ મારું પુસ્તક "પિતૃતર્પણ".

૨. 'સોરઠી તવારીખ'માં દીવાન રણછોડજી આ વાત બીજી રીતે લખે છે. જ્યારે જામ જસાજીને આ મ્હેણું વાગ્યું, ત્યારે તેણે તરત જ એક સુસજ્જિત સૈન્યને હળવદ ઉપર ચડાઇ કરવા મોકલ્યું. આ સૈન્યનું સ્વાગત પણ વીરોચિત રીતે થયું. છ માસ પર્યંત યુદ્ધ ચાલ્યું, પણ તેનું કંઇ પરિણામ આવ્યું નહીં. તેથી તેણે રાણાવાવના થાણદાર અને બહાદુર સેનાપતિ શંકરદાસ દામોદર નાગરને આ યુદ્ધનું નિરાકરણ લાવવા મોટા ઇનામની આશા સાથે મોકલ્યા. શંકરદાસ હળવદના કુંવર ચુનરી ગયેલા તેના ખરખરે પોતે આવે છે તેવા મિષે ૪૦૦ ચુનંદા સૈનિકો લઇ, માથે ચોફાળો ઓઢી, સંધ્યાકાળે રોતા રોતા ગઢમાં પેસી ગયા; અને રાત્રે જ્યારે રાજ ચંદ્રસિંહ સૂતા હતા ત્યારે શયનખંડમાં પેસી ગયા; અને રાત્રે જ્યારે રાજ ચંદ્રસિંહજીને જગાડયા અને ખંજર છાતી સામે તોળ્યું, ત્યારે તેમનાં મા આવ્યાં અને ચંદ્રસિંહજીનું જીવન રક્ષવા માગણી કરી; પણ શંકરદાસ માન્યા નહીં અને તેને પકડી જામનગર લઇ આવ્યા. જામ જસાજીએ તેમને આવતાં જોઈ કહ્યું, 'ભલે પધાર્યા, રાજસાહેબ!' ત્યારે રાજસાહેબે જવાબ દીધો કે "શંકરદાસ ચાહે તેવો તોયે બ્રાહ્મણ. તેણે મને છેતર્યો છે, પણ આપણે રજપૂતો બ્રાહ્મણથી છેતરાઇએ તેમાં શરમ નથી." જામ જસાજીની ઇચ્છા રાજ ચંદ્રસિંહને મારી નાખવાની હતી, પણ તેની માને વચન આપ્યું છે તેમ કહી શંકરદાસે વચમાં પડી તેને પાછા મોકલાવવા જામને કહ્યું. તેથી જામે શંકરદાસને મારવા આજ્ઞા આપી. આ વીર પુરુષ પોતાના સાથીઓ સાથે અડીખમ ઊભો રહ્યો. જામે રાજ ચંદ્રસિંહને જવા દીધો, પણ શંકરદાસને તથા તેના સાથીઓને મારી નાખ્યા.

**લખતર, વઢવાણ, વાંકાનેર રાજ્યની સ્થાપના** : ઇ. સ. ૧૬૨૮–૧૬૩૦ રાજ ચંદ્રસિંહજી ઇ. સ. ૧૬૨૮માં ગુજરી ગયા ત્યારે પૃથ્વીરાજજી અમદાવાદમાં કેદ હતા. તેથી તેમના તથા કુંવરો સુલતાનજી તથા રાજોજીના હક્કની અવગણના કરી ચંદ્રસિંહજીના ત્રીજા કુંવર આશકરણજી હળવદની ગાદીએ બેઠા; પણ તેમના ભાઈ અમરસિંહજીએ તેમને ઇ. સ. ૧૬૩૪માં મારી હળવદની ગાદી સ્વાધીન કરી. અને તેના બીજા ભાઈ અભયસિંહજીને લખતર, રામસિંહજીને માથક અને રાણોજીને કુડા આપ્યાં. લખતર રાજ્યની સ્થાપના ત્યારથી થઇ.

આ વિષયમાં એવી પણ કથા છે કે બાદશાહી ફોજે શિયાણી લીધું. તેનો ગિરાસિયો અદોજી હળવદ આવ્યો અને ચંદ્રસિંહજીને આશ્રયે રહ્યો. અદોજી પણ શૂરવીર પુરુષ હતો. ચંદ્રસિંહ તેને માનપાનથી રાખતા. તેમાં તેને તથા પૃથ્વીરાજજીને બોલચાલમાં તકરાર થઈ અને પૃથ્વીરાજજીએ તેને લૂંટી લેવા આજ્ઞા આપી. રાજ ચન્દ્રસિંહજીએ તેને શરણે આવનારને રક્ષણ આપવાના ક્ષાત્રધર્મની યાદ આપી; તેથી પૃથ્વીરાજજી રીસાઇને ચાલ્યા ગયા, એટલું જ નહીં, પણ વઢવાણ જઇ તેમણે જૂનાગઢથી શાહી ખજાનો દીલ્હી જતો હતો તે લૂંટી લીધો. તેથી અમદાવાદના સૂબાએ એક સૈન્ય મોકલ્યું; પણ પૃથ્વીરાજજી હાથમાં આવ્યા નહીં; તેથી તેણે ઈનામ જાહેર કર્યું. આખરે તે પકડાયા અને તેમને અમદાવાદ લઇ જવામાં આવ્યા અને ત્યાં નજરકેદ રાખવામાં આવ્યા. પૃથ્વીરાજજી અમદાવાદથી પાછા આવ્યા જ નહીં. તેમનું મૃત્યુ કેદખાનામાં જ થયું. તેમના કુંવરો સુલતાનજી તથા રાજોજી તેમનું મોસાળ ભડલી હતું ત્યાં ગયા અને જામ લાખાજીની ઓથે બહારવટું ખેડયું તથા વાંકાનેર મહિયા તથા બાબરિયા પાસેથી જીતી લઇ ત્યાં પોતાની ગાદી સ્થાપી. તેણે હળવદનાં ઘણાં ગામો ઉજ્જડ કર્યાં અને હળવદની ગાદી પોતાને પાછી ન મળે ત્યાં સુધી જંપીને ન બેસવાનો નિશ્ચય કર્યો. રાજોજીને પ્રથમ દેવડી મળ્યું, પણ રાજોજી પરાક્રમી પુરુષ હતો. તેણે વઢવાણ જીતી લીધું તથા ત્યાં ઇ. સ. ૧૬૩૦માં ગાદી સ્થાપી.[1]

**ભીમગુંઢાની લડાઇ** : સુલતાનજીને પરાજિત કરવા રાજ અમરસિંહજીએ મોટું લશ્કર લડાઇમાં ઉતાર્યું અને મૂળીના પરમારોની સહાયથી તેણે વાંકાનેરનાં ગામો બાળ્યાં. પણ સુલતાનજી સામે ચડયા અને મૂળીના પરમારને મેદાનમાં મારી, તેમની

---

૧. વઢવાણ, લખતર તથા વાંકાનેર રાજ્યની સ્થાપના રાજ ચંદ્રસિંહજીના મૃત્યુ પછી થઇ તે નિર્વિવાદ છે. તેમનું મૃત્યુ ઇ. સ. ૧૬૨૮માં થયું. એટલે વઢવાણ તથા વાંકાનેર રાજ્યો ઇ. સ. ૧૬૩૦ લગભગ સ્થપાયાં અને લખતરનું રાજ્ય પણ તે જ અરસામાં સ્થપાયું. વાંકાનેરનું રાજ્ય ઇ. સ. ૧૬૪૫માં સ્થપાયાનું કેટલેક સ્થળે લખાયું છે; પણ તે બંધબેસતું નથી.

ફોજને વેરવિખેર કરી નાખી; પરંતુ મૂળીના માણસો આવી પહોંચતાં ભીમગુંડાની ભયંકર લડાઇ થઇ. તેમાં સુલતાનજી મરાયા.

કાઠીઓ જોર પકડતા જતા હતા. લોમા ખુમાણ નામનો ખરેડીનો દરબાર ઘણો જ બળવાન થઇ પડયો હતો. તેને તથા ગોહિલોને વેર બંધાયાં હતાં. અને ખુમાણો અને ગોહિલોએ એકબીજાનું અસ્તિત્વ નાબૂદ કરવા કમર કસી હતી. ઈ. સ. ૧૬૧૯માં લાખા ખુમાણે ગારિયાધારના ગોહિલ નોંઘણજીને હરાવી ગારિયાધાર કબજે કર્યું. નોંઘણજી સિહોરના ઠાકોર ધુનાજીને આશરે ગયા. ધુનોજી તેને મદદ કરે તે પહેલાં લાખાએ તેના ઉપર ચડાઇ કરી. વેળાવદર ગામે બન્નેનાં સૈન્યો વચ્ચે ખૂનખાર જંગ જામ્યો. તેમાં ધુનોજી મરાયા. ગોહિલોનાં બે રાજ્યો કાઠીઓને કબ્જે ગયાં. ધુનાજીના કુંવર રતનજી ગાદીએ આવ્યા. કાઠીઓ સાથે સરવૈયા અને ખસિયા ભળી ગયેલા. તેથી તેના પ્રબળ સૈન્ય સામે લડતાં તે ઇ. સ. ૧૬૨૦માં મરાયા. તેના પુત્ર હરભમજીએ યુદ્ધ ચાલુ રાખ્યું. તેણે ગારિયાધાર જીતી લીધું તથા કાઠીઓને નોંઘણજીની મદદથી કાઢી મૂકયા, પરંતુ તેઓનો ભય તો રહ્યો જ. તેથી ભવિષ્યમાં ઉપદ્રવ ન કરે તે શરતે લાખા ખુમાણને ચણી ગામ આપ્યું.[1]

હરભમજી ઇ. સ. ૧૬૨૨માં ગુજરી ગયા. તેના કુંવર અખેરાજ સગીર હોવાથી હરભમજીના ભાઇ ગોવિંદજીએ રાજ્ય પચાવી પાડયું. અખેરાજ કચ્છ ચાલ્યા

---

૧. લાખાને નોંઘણજી પહોંચી શકે તેમ ન હતું ત્યારે તે જવાસ ગયા તથા બારૈયાની કન્યા પરણી તેનું સૈન્ય લઇ આવ્યા; પણ ગારિયાધારના પટેલે કહ્યું કે લોમાની ફોજ મોટી છે; તેથી સીધી રીતે પહોંચાય તેમ નથી. તેથી યુકિત કરી પટેલને શીખવ્યું. તેણે ધૂમાધૂમ કરી મૂકી કે 'નોંઘણજી મારાં ઢોર વાળી ગયા.' તેથી લોમો પાછળ પડયો. તે તકનો લાભ લઈ નોંઘણજીએ ગારિયાધાર દબાવી દીધું. લોમો પાછો આવ્યો ત્યારે નોંઘણે તેની તલવાર છોડી પાસે મૂકી. રાણીએ લોમાને ભાઇ કહ્યો અને યુદ્ધ મૂકી દેવા વીનવ્યો. નોંઘણજીની કુંવરી જામનગર પરણી હતી ત્યાં વિવાહે જવું હતું. રાણીએ કહ્યું કે 'લોમો આવે તો હું આવું.' તેથી જામે તેને આમંત્રણ આપ્યું. ભુચર મોરીમાં જામને તેણે દગો કરેલો. તેથી તેણે દગો રમવો ધારી લોમાને બોલાવ્યો. જામનગર 'મહેલ'માં જતાં દરવાને કહ્યું કે 'હથિયાર છોડી મહેલમાં જાઓ.' લોમા ખુમાણથી આ અપમાન સહન ન થયું અને દરવાનને તેણે કાપી નાખ્યો. તેથી જામના તથા નોંઘણજીના માણસો આજ્ઞા થતાં તેમના ઉપર તૂટી પડયા. અનેક ઘાએ વેતરાઇ લાખો પડયો. સિપાઇઓએ તેને બાંધ્યો. મૃત્યુને થોડી વાર હતી ત્યારે જામે તેને પૂછ્યું કે 'અત્યારે જીવતો જવા દઇએ તો શું કરે?' ત્યારે તેણે જવાબ આપ્યો કે 'તાવડીમાંથી રોટલો ઉથલાવે તેમ નગરને ઉથલાવી નાખું'. લોમો ખુમાણ જામનગરમાં જ મૃત્યુ પામ્યો.

બીજી વાત એવી છે કે જામ સતાજીની આજ્ઞાથી જસાજીએ લોમા ઉપર ચડાઇ કરી ખેરડી ભાંગી લોમાને તથા તેના કુટુંબીઓને મારી નાખ્યા. (યદુવંશપ્રકાશ : શ્રી માવદાનજી)

ગયા. કચ્છના રાહ ભારમલનાં રાણી લીલાબા તેનાં ફઈ થતાં હતાં. તેની સહાય મેળવી, જૂનાગઢના શાહી સૂબાને ઘોઘા ઉપરનો હક્ક લખી આપી ગોવિંદજી સામે ઈ. સ. ૧૬૩૨ માં લડાઈ શરૂ કરી; પણ ગોવિંદજી એ જ વર્ષે મરણ પામ્યો અને તેના પુત્ર છત્રસાલે રાજ્યપદ ધારણ કર્યું. તક શોધતા કાઠી સામત ખુમાણે આ કૌટુંબિક ઝઘડામાં ઝંપલાવી છત્રસાલને ઊંઘતા ઉપાડી જઈ અખેરાજજીને સોંપી આપ્યો. તેણે છત્રસાલને માફી આપી તથા ભવિષ્યમાં શાન્તિ રહે તે માટે તેને કુકડ તથા દીહોર એ બે ગામો આપ્યાં.

કાઠીઓએ ગારિયાધાર પાછું સર કર્યું અને નોંઘણજી નિરાધાર બન્યા. પણ સિહોરના નાગર દીવાન રામજી દેસાઈએ અખેરાજજીની આજ્ઞાથી કાઠીઓને હરાવ્યા અને નોંઘણજીને ગારિયાધાર સોંપ્યું.

**ઘોઘાની ચોથ** : રામજી દેસાઈએ દીલ્હી જઈ ઘોઘા બંદર ઉપર જગાતમાંથી ચોથ લેવાની સનદ મેળવી અને ભાવી ભાવનગર રાજ્યના પાયા નાખ્યા.

**જહાંગીરનું મૃત્યુ** : સર્વ સત્તા હસ્તગત કરવા ખુર્રમે બંડ કર્યું, પણ તેમાં તેને નિષ્ફળતા મળી. પરંતુ તેને દીલ્હી બહુ દૂર ન હતું. ઈ. સ. ૧૬૨૮માં જહાંગીર મૃત્યુ પામ્યો અને ખુર્રમ શાહજહાં એવું નામ ધારણ કરીને ગાદીએ આવ્યો.

**સત્યાસીઓ દુકાળ** : સંવત ૧૬૮૭ એટલે ઈ. સ. ૧૬૩૧માં ભયંકર દુકાળ પડયો. ઈતિહાસકાર નોંધે છે કે 'માણસે પોતાનાં જ છોકરાં રોટલા સારુ વેચ્યાં અને કૂતરાં અને બિલાડાં મારીને માણસોએ ખાધાં'. લડાઈઓમાં પાયમાલ થયેલી પ્રજાને નિભાવવાનું સાધન ન હતું અને હતું તો મદદ પહોંચાડવા સાધન ન હતું. તેમાં લાખો માણસો મરી ગયા અને લાખો માણસોએ ધર્મપરિવર્તન કર્યું. દેશમાં અંધાધૂંધી લૂંટફાટ વધી ગયાં. ધંધૂકા–ધોળકા અને સરખેજ સુધી કાઠીઓનાં પાળ ધાડ પાડવા લાગ્યાં. દેશમાં અશાંતિ વ્યાપી ગઈ.

**આઝમખાન** : આવા સંજોગોમાં ગુજરાતમાં પ્રસિદ્ધ થયેલો આઝમખાન સૂબો અમદાવાદ નિમાઈને આવ્યો તેણે, રાણપુરનો ગઢ સમરાવ્યો અને લૂંટફાટ ઉપર કડક અંકુશ મૂકયો.

**જામ લાખાજી** : જામ લાખાજીએ તેના કાકાની પ્રણાલિકા પકડી રાખી, પોતાનું સૈન્ય મજબૂત બનાવી, સ્વતંત્રતા જાહેર કરી. તેણે પાદશાહને ખંડણી ભરવી બંધ કરી, એટલું જ નહીં પણ નાનાં રાજ્યો પાસેથી ખંડણી વસૂલ કરી પોતાનું ચલણ તેણે સૌરાષ્ટ્રમાં ચાલુ કર્યું. સૌરાષ્ટ્રમાં દીલ્હીની સત્તાનો ઉઘાડે છોગે અનાદર થયો અને જામ લાખાજીએ એક સ્વતંત્ર રાજા તરીકે રાજ્ય કરવા માંડયું. તેથી

આઝમખાને તેના ઉપર ચડાઇ કરી. જામ લાખાજી સામે જવા માટે પૂરતી તૈયારી કરી હતી અને જામ પણ તે માટે તૈયાર જ હતો; પણ તેણે તેના દાદા જામ સતાજીએ કરી હતી તે ભૂલ ન કરતાં અર્ધમાર્ગે આઝમખાનને મળી પાદશાહના સાર્વભૌમત્વનો સ્વીકાર કરી, કોરી છાપવાનું બંધ કરવાનું કબૂલ્યું[1] અને આઝમખાનને પોષાક આપી પાછો વાળ્યો.

જામ લાખાજી ઇ. સ. ૧૬૪૫માં ગુજરી ગયા.[2]

**સરધાર** : આઝમખાને ત્યાંથી કાઠીઓ પાછળ પડવાનું ધારી સરધારમાં મુકામ કર્યો. ત્યાં વિભાજીના કુંવર મહેરામણજી ગાદી ઉપર હતા. તેણે તેને કાઠીઓનું કાસળ કાઢવામાં સહાય કરી. તેથી આઝમખાને તેને કેટલાંક ગામો આપ્યાં. મહેરામણજીને બે રાણીઓ હતી. તેનાં પહેલાં રાણીથી સાહેબજી તથા બીજાં રાણીથી કુંભોજી નામે કુંવરો હતા. સાહેબજીનાં મા વહેલાં ગુજરી ગયેલાં. તેથી તે જામનગર ચાલ્યા ગયેલા અને મહેરામણજી ઇ. સ. ૧૬૫૦માં ગુજરી ગયા ત્યારે પાછા આવ્યા. તેમને શાહી થાણદારની મદદથી સરધારની ગાદી મળી.

**ગોંડલ રાજ્યની સ્થાપના** : ઇ. સ. ૧૬૫૦ : કુંભોજી ચુડાસમા ઠાકોરના ભાણેજ હતા. તેથી તે ત્યાં ગયા અને તેના મામાને મારી ત્યાં ગોંડળ રાજધાની કરી પોતાનું રાજ્ય સ્થાપ્યું.

**ઔરંગઝેબ** : આલમગીરના નામથી પ્રસિદ્ધ થયેલો ઔરંગઝેબ અમદાવાદનો સૂબો થયો. તેણે તેની કોમી રાજનીતિ અમલમાં મૂકી સોમનાથ અને દ્વારકાનાં દેવળો તોડયાં અને સૌરાષ્ટ્રનાં તીર્થસ્થાનોમાં મૂર્તિપૂજા બંધ કરાવી. સોમનાથ મંદિરમાં મસ્જીદ બનાવી તેને 'કૌવતુલ ઇસ્લામ' (ઇસ્લામની શક્તિ) એવું નામ આપ્યું.

**મુરાદ સૂબાપદે** : ઇ. સ. ૧૬૫૪ : પાદશાહ શાહજહાંનો શાહજાદો મુરાદ થોડા જ સમયમાં પ્રજાપ્રિય થઇ ગયો. તે આળસુ હતો; તેથી તેનું કામકાજ તેના

---

૧. આઝમખાન ગયા પછી કોરી પાછી ચાલુ કરવામાં આવી હતી.

૨. જામ લાખાજી અજાજીના કુંવર હતા. તેથી ગાદીના વારસ તે હતા, છતાં તેના કાકા જસાજી ગાદીએ ચડી બેઠા હતા. એક સમયે કચેરીમાં લાખાજી પણ હાજર હતા, ત્યારે અલી વજીરે લાખાજીને "જયે જામ" કહી જસાજીનો ક્રોધ વહેરી લીધેલો તથા લાખાજી સાચા હકદાર છે તેમ બહાદુરીપૂર્વક કહેલું. પણ લાખાજીએ ગાદીએ આવી અલી વજીરને દગાથી કરપીણ રીતે મરાવી નાખેલો.

વતી શાહી કચેરીમાં રહેતા બહાદુરખાન બાબીનો પુત્ર શેરખાન[1] કરતો હતો.

કુતુબુદ્દીન બેશગી : આ સમયે જૂનાગઢનો ફોજદાર કુતુબુદ્દીન બેશગી હતો. આ મહત્ત્વાકાંક્ષી અમીરે પાદશાહની સત્તા સૌરાષ્ટ્રમાં મજબૂત કરવા માટે રાજાઓને દબાવવા માંડયા અને પોતાના સ્વાર્થમાં અંધ બનેલા રાજાઓએ તેમના ભાઇઓને કપાવી નાખવા તેનું શરણ શોધ્યું.

ગોંડલમાં પોતાના મામાને મારી રાજ્ય પ્રાપ્ત કરનાર કુંભાજીને હજી સરધાર ઉપર આંખ હતી.[2] તેથી તેણે કુતુબુદ્દીનની સહાય માગી. કુતુબુદ્દીને સરધાર ઉપર ચડાઈ કરી.

સરધારનું સમાધાન: કુતુબુદ્દીનના સૈન્ય પાસે સરધાર ટકી નહીં શકે અને એક રજપૂત રાજ્યનો નાશ થશે એમ વિચારી જામ રણમલજીએ તેની મદદે પોતાનું સૈન્ય મોકલ્યું; પણ બન્ને પક્ષોને વિના કારણ મોટી ખુવારી કરવાનું યોગ્ય ન જણાતાં, જામ રણમલજીની દરમ્યાનગીરીથી સમાધાન થયું. અને તે પ્રમાણે સરધારની દક્ષિણ તરફનો ભાગ કુંભાજીને આપવાનું સાહેબજીએ કબૂલ કર્યું.[3]

તે પછીના વર્ષમાં મુગલાઈ રાજ્યમાં અંધાધૂંધી શરૂ થઈ. શાહજાદા મુરાદે ઈ. સ. ૧૬૫૭માં બંડ કર્યું અને ઇ. સ. ૧૬૫૮માં ઔરંગઝેબે શાહજહાંને પકડી કેદ કર્યો અને તેના ભાઇઓને મારી દીલ્હીની શહેનશાહતનો તાજ પોતાના શિરે મૂકયો.

આ સમયમાં સૌરાષ્ટ્રના રાજાઓને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા સુયોગ્ય તક મળી. મુસ્લિમોના વધતા જતા પૂરને ખાળવાનું તેમનામાં સામર્થ્ય અને શક્તિ તેમજ સુયોગ્ય સમય હોવા છતાં કુસંપ અને સ્વાર્થમાં અંધ બનેલા આ રાજાઓ પરસ્પરના વિખવાદમાંથી બહાર આવી શકયા નહિ.

---

૧. આ શેરખાન તે જૂનાગઢના નવાબોના બાબી વંશનો સ્થાપક. તેઓ મૂળ અફઘાનિસ્તાનના વતની હતા. હુમાયુ શેરશાહથી નાસી ઇરાનમાં ગયો અને ત્યાંથી કાબુલ આવ્યો ત્યારે તેઓએ તેને મદદ કરેલી અને તેની સહાયથી ભારતના 'બાબ'–દરવાજા–ખુલ્લા થયા તેથી તેણે બાબી એવું ઉપનામ આપ્યું. તે ઉપનામ પ્રથમ પ્રાપ્ત કરનાર બહાદુરખાનના બાપ ઉસ્માનખાન હતા. (વિશેષ વિગતો આગળ આપવામાં આવી છે.)

૨. ગોંડલ તો કુંભાજીએ ઇ. સ. ૧૬૫૦માં લઇ લીધું હતું, પણ તે અરડોઇ રહેતા અને સરધાર લેવા માટે પ્રયત્નો કર્યા કરતા. ગોંડલ પ્રાપ્ત કર્યાના વર્ષ માટે થોડો તફાવત છે. કુતુબુદ્દીન આવ્યો તે પહેલાં ગોંડલ લઇ લીધું હતું.

૩. આ માટે એક દુહો છે કે :

મદ છક મેરામણ તણા, કરમી દોઉ કુમાર,
કુંભે ગઢ ગોંડલ કિયો, સાહેબ ગઢ સરધાર.

જામ રણમલજી આ તક જવા દે તેમ હતા નહીં. પણ આ યુવાન રાજા વિલાસને પંથે ચડયો. પરિણામે તેણે પોતાનાં યૌવન અને ધનનું બલિદાન આપ્યું, અને તેમનાં રાઠોડ રાણી અને તેમના ભાઈ ગોવર્ધનસિંહજી રાઠોડના કેદી જેવા બની ગયા.[૧]

**જામ રણમલજીનું મૃત્યુ** : જામ રણમલજી અશક્ત હોવા છતાં રાણી તથા તેના ભાઇએ એક પુત્રને ઊભો કર્યો અને તેને સતાજી એવું નામ આપ્યું.[૨] પણ જામ રમણુલજી તે વસ્તુ જાણતા. તેથી તેણે તેના ભાઈ રાયસિંહને બોલાવી પોતાનો વારસ નીમ્યો. ઇ. સ. ૧૬૬૧ માં જામ રણમલજી ગુજરી જતાં તેને અગ્નિદાહ દઈ લોકો પાછા આવ્યા ત્યારે ગોવર્ધને દરવાજા બંધ કર્યા અને જાડેજા ભાયાતો તથા લૌકિક માટે આવતા રાજાઓને અંદર ન આવવા દીધા. તેથી ધ્રોલના ઠાકોર જુણાજી તથા જમાદાર ગોપાલસિંહે ગોવર્ધનને મારી, જામનગર કબજે કરી, રાયસિંહજીને ગાદી આપી.[૩]

**કુતુબુદ્દીનની જામનગર ઉપર ચઢાઇ** : ઇ. સ. ૧૬૭૦ : આ સમયે ઔરંગઝેબની પ્રીતિ સંપાદન કરીને કુતુબુદ્દીન બેશગી, અમદાવાદના સૂબા મહારાજા જસવંતસિંહ મહારાષ્ટ્રમાં સ્વારી લઈ ગયા હતા તેથી તેમની ગેરહાજરીમાં, સૂબો થયો હતો. તેથી સતાજીએ તેમની પાસે ફરિયાદ કરી દાદ માગી. મુસ્લિમ સત્તા સામે ટકી શકે તેવું સૌરાષ્ટ્રમાં એક જ રાજ્ય જામનગર હતું, અને તેથી તે કબજે લેવાનો આ સુયોગ હતો. તેથી કુતુબુદ્દીને આ તક ઝડપી લીધી અને ઇ. સ. ૧૬૭૦માં પ્રબળ સૈન્ય લઇ જામનગર ઉપર તે ચડી આવ્યો. શેખપર પાસે તુમુલ યુદ્ધ થયું. તેમાં જામના ૨૦,૦૦૦ માણસો અને સૂબાના ૩૦,૦૦૦ માણસો કામ આવ્યા. જામ તથા ધ્રોલ-ઠાકોર સંગરામજી વગેરે મરાયા. કુતુબુદ્દીને જામનગર રાજ્ય ખાલસા કર્યું.

---

૧. જામ રણુમલ શક્તિશાળી પુરુષ હતા, પણ એક સાધુને મારી તેની પત્નીનું કાલાવડમાંથી હરણ કરેલું, જેનાથી તેને દાહક રોગ થયો અને નપુંસક થવું પડેલું. તેથી સૂનમૂન અને શાન્ત બેસી રહેતા, કોઇ રાજકાજમાં કે પ્રજાપાલનમાં ધ્યાન આપતા નહીં; દરેક કામ ગોવર્ધન રાઠોડ કરતો. (યદુવંશપ્રકાશ)

૨. સતાજી ગોવર્ધનનો પુત્ર હતો તેમ પણ મનાય છે.

૩. વાર્તા એમ છે કે જુણાજીએ પોતાની રાણીઓ તથા બીજી સ્ત્રીઓને ગઢમાં આવવા દેવા રજા માગી. ગોવર્ધને એકસો રથ મોકલ્યા. તેમાં હથિયાર બાંધી યોદ્ધાઓ બેઠા અને રથો ગઢમાં ગયા ત્યારે યોદ્ધાઓએ ઊતરી સિપાઇઓને કાપવા માંડયા. ગોવર્ધન પણ તલવાર બેંચી સામો આવ્યો; પણ જુણાજીએ તેને માર્યો. સતાજીને ઇસા મલેકને ત્યાં સંતાડયો હતો. તેણે સતાજીને સોંપી આપવા ના પાડી; તેથી રાયસિંહે કહ્યું કે, તમે તેને કાઢી મૂકો, નહીં તો માર્યા જશો. પરિણામે ઇસાએ સતાજીને કાઢી મૂકયો.

ઇસ્લામનગર : કુતુબુદ્દીને જામનગરની હસ્તી મિટાવી દેવા તેનું નામ ઇસ્લામનગર પાડયું[૧] અને ત્યાં વહીવટ કરવા શહેર કાઝી નીમી સરાહે મહમદી પ્રમાણે રાજ્યઅમલ શરૂ કરવા ફરમાન કર્યું. સતાજીને ગાદી આપી, પણ તે નામના જામ હતા. તેને ગાદી તો મળી પણ તેને એક કેદી જેવી સ્થિતિમાં રાખવામાં આવ્યા. ખરો વહીવટ તો શાહી અમલદાર પાસે રહ્યો. આ રીતે જામનગરનું રાજ્ય ફરી એક વખત જામના હાથમાંથી ગયું.

જામ રાયસિંહના પુત્રો તમાચી તથા ફલજી નાની વયના હોઈ નાસીને કચ્છમાં જઈ રાહ પ્રાગમલજીને આશ્રયે રહ્યા.[૨]

સોમનાથનો ધ્વંસ : ઔરંગઝેબે સૂબાપદેથી સોમનાથનો નાશ કર્યા પછી તેણે ગાદી ઉપર બેસતાં જ ઇ. સ. ૧૬૬૫માં, સોમનાથમાં પૂજા ફરી ચાલુ થઈ ગયેલ હોવાનું જાણવામાં આવતાં, તેનો ફરી નાશ કરવા ફરમાન કર્યું. અને તેનો અમલ ઇ. સ. ૧૬૬૭ લગભગ કરવામાં આવ્યો. જૂનાગઢના ફોજદાર સરદારખાંએ સોમનાથનું મંદિર સાવ તોડી નાખ્યું.[૩]

વઢવાણ : ઇ. સ. ૧૬૬૬ : આ જ વર્ષમાં શિવાજી મહારાજે સુરત લૂટયું અને મુગલોનું અરમાન ઉતાર્યું. તે વખતે વઢવાણના ઠાકોર સબળસિંહજી મુગલાઈ ફોજમાં ગુજરાતના ફોજદાર મહાબતખાન સાથે પોતાનું સૈન્ય લઈ ગુજરાતમાં ગયેલા અને શિવાજીની લૂંટ વખતે ગુજરાતમાં હતા. ઇ. સ. ૧૬૬૬માં તેના ભાઇ ઉદયસિંહ તેને દગાથી મારી, પોતે વઢવાણની ગાદીએ બેઠો.

આરંભડા : ઓખાનો રાજા અખેરજી જામનો સાળો થતો હતો; પણ જામની નીતિ ઓખા હજમ કરી જવાની હતી. તેથી તેણે દગાથી હમીરજીને કેદ કર્યો. પરંતુ જામ ઉપર શાહી ફોજ આવે છે તે જાણી દ્વારકાના રાણા પતરામલે વાઘેરોની સહાયથી તેને છોડાવી, આરંભડા પહોંચાડયો; પણ અખેરજી ઝાઝું જીવ્યો નહિ. પતરામલની સહાયથી ઓખા, જામનગર અને કચ્છની ચુંગાલમાંથી બચાવી લેવામાં આવ્યું.

---

૧. જામનગર રાજ્ય ભુચર મોરીના પરાજ્ય પછી ઇસ્લામનગર થયું કે આ સમયે, તે માટે મતભેદ છે. વિદ્વાન કવિરાજ શ્રી માવદાનજી તેમના સંશોધનથી સાબિત કરે છે કે આ સમયે તેનું નામ પરિવર્તન પામ્યું, ભુચર મોરીના પરાજ્ય પછી નહીં. આ વિધાન વાસ્તવિક જણાય છે.

૨. કોઇ કહે છે કે આ ભાઇઓ ઓખામાં રહ્યા હતા. પણ તેઓ કચ્છમાં રહ્યા હોવાનું વિશેષ સંભવિત છે અને માન્ય છે.

૩. સર જદુનાથ સરકાર. વિશેષ વિગતો માટે જુઓ મારું પુસ્તક "પિતૃતર્પણ".

**છાયા** : છાયાની ગાદી ઉપર રાણા વિક્રમાતજી હતા. તે ઇ. સ. ૧૬૭૧માં ગુજરી જતાં સુલતાનજી વા સરતાનજી ગાદીએ આવ્યા. જામની સદા વધતી રહેતી ભીંસથી જેઠવાનું રાજ્ય એક જમીનદારની કક્ષામાં આવી ગયેલું. પણ સરતાનજી નિર્ધન, નિર્બળ, નિઃસહાય હોવા છતાં હિમ્મત અને સાહસથી પોતાની ઉન્નતિના પ્રયાસો કરવા તૈયાર થયા.

છાયામાં મુસ્લિમ થાણદાર રહેતો. રાણો તો જામ સતાજીની જેમ નામનો રાજા હતો, તેમ છતાં, તેણે મહારાજા જસવંતસિંહ અમદાવાદમાં સૂબા છે અને ક્ષત્રિય છે, તે જોરે દરિયાકાંઠે ઇ. સ. ૧૬૭૧માં એક કિલ્લો બાંધ્યો, અને તેનું નામ પોર અર્થાત્ પુર એવું આપ્યું; પરંતુ કિલ્લો બંધાવી તેમાં રહેવા જવાની હિંમત ચાલી નહીં. ઇ. સ. ૧૭૦૦માં ઔરંગઝેબ દક્ષિણના યુદ્ધમાં રોકાયો હતો અને સર્વત્ર અંધાધૂંધી હતી, તે તક ઝડપી તેણે પોરબંદરમાં રાજગાદી સ્થાપી, મુસ્લિમ થાણદારને કાઢી મૂકયો, અને સ્વતંત્રપણે રાજ્ય કરવા માંડયું.[1]

**હળવદ** : હળવદના રાજ અમરસિંહજી ઇ. સ. ૧૬૪૫માં મરણ પામ્યા. તેમની ગાદીએ ચોથી પેઢીએ રાજ ગજસિંહ આવ્યા. તેના પાટવી ચંદ્રસિંહ હતા. તેને તેમજ તેના કુંવર આશકરણજીને વિઠ્ઠા ગઢવી નામના ચારણે મારી નાખ્યા. તેથી જ્યારે ગજસિંહજીનું મૃત્યુ થયું ત્યારે નાના કુંવર જસવંતસિંહજી ઇ. સ. ૧૬૭૩માં ગાદીએ બેઠા.

ચંદ્રસિંહનાં કુંવરી ઝીંઝુબા જોધપુર મહારાજ જસવંતસિંહના કુંવર અજીતસિંહ વેરે પરણાવેલાં. તેણે તેના સસરા જસવંતસિંહ કે જે ત્યારે ગુજરાતના સૂબા હતા, તેને અરજ કરી કે ગાદી ઉપર જસવંતસિંહનો હક્ક નથી. મહારાજા જસવંતસિંહે તેથી હળવદ ઉપર ચડાઈ કરી અને હળવદ લીધું. હળવદના રાજ જસવંતસિંહ ભાગીને વારાહી ગયા, અને મહારાજાએ નજરઅલીખાન નામના અમીરને હળવદ જાગીરમાં આપ્યું; પણ નજરઅલીખાનને પોતાનો પ્રદેશ સુખેથી ખાવા દે તેવા ઓલાઓ નિર્બળ ન હતા. વાંકાનેરના રાજ ચંદ્રસિંહે હળવદમાંથી નજરઅલીને કાઢી મૂકી પોતાના પૂર્વજોની ખોયેલી હળવદની ગાદી પુનઃપ્રાપ્ત કરી. પરંતુ ઇ. સ. ૧૬૮૨માં હળવદરાજ જસવંતસિંહે દીલ્હી જઇ પોતાનું રાજ પાછું મેળવ્યું, અને શાહી

---

૧. આ પ્રસંગે સૈયદ મહમદ નામના એક સરદારે પોરબંદર ઉપર ચડાઇ કરી તેની પાસેથી ખંડણી લીધી. તેનો ઉલ્લેખ કોઇ ઇતિહાસમાં નથી. પણ પ્રભાસપાટણ પાસે સવની ગામ સૈયદોને મળેલું. તેના રૂક્કામાં "છાયામાં જમીનદાર જેઠવા ભાણજીએ કરેલો બળવો બેસાડી ખંડણી લેવા બદલ" ગામ આપવામાં આવેલું તેવો ઉલ્લેખ છે.

આજ્ઞાને માન્ય કરી રાહ ચંદ્રસિંહ વાંકાનેર ગયા.[૧]

જામનગર : તમાચી તથા ફૂલજી જામનગરમાં : ઈ. સ. ૧૬૭૩ : જામ રાયસિંહ ઈ. સ. ૧૬૬૪માં શેખપાટમાં મરાયા, અને સતાજી ગાદીએ બેઠા. જામનગર ઈસ્લામનગર થયું ત્યારે રાયસિંહના પુત્રો તમાચી તથા ફૂલજી કચ્છમાં આશ્રય લઈ રહેલા.[૨] ત્યાંથી વખત આવતાં તેમણે જામનગરના પ્રદેશ ઉપર બહારવટું શરૂ કર્યું, અને અંતે એક દિવસ તેઓએ જામનગર કબજે કરી સતાજીને ફરીથી કાઢી મૂક્યો. આ વખતે તેને અમદાવાદથી મદદ મળી નહીં, અને ઈ. સ. ૧૬૭૩માં મહારાજા જસવંતસિંહની સહાયથી તમાચીને જામનગરની ગાદી મળી, મુસ્લિમ સૂબાને પાછો બોલાવી લેવામાં આવ્યો, અને જામનગર ફરીથી બાદશાહી સામ્રાજ્યમાં સ્વતંત્ર થયું. જામ તમાચીએ સતાજીને તગડ્યો, માટે તે તમાચી 'તગડ' કહેવાય છે.

તેમના ભાઈ ફૂલજીને ભાણવડનાં પાંચ ગામ ગિરાસમાં મળ્યાં.[૩]

જામ તમાચી તરત પોતાનું પરાક્રમ બતાવવા તેના ભાયાત અબેરાજજીના વંશજોની વિનંતી ઉપરથી જેઠવાના રાજ ઉપર ચડ્યા, ને રાવળ લીધું અને પોરબંદર પાસે આવેલી બોખીરાની ખાડી સુધીનો પ્રદેશ જીતી લીધો.[૪] પણ રાણાએ

---

૧. ઈ. સ. ૧૭૧૫માં અજીતસિંહ સૂબો થઈને આવ્યો અને તેણે પણ જસવંતસિંહને હરાવી ખંડણી લીધી. અને દ્વારકા ગયા. ત્યાંથી વળતાં હળવદ ઉપર પાછી તોપ ચલાવી. જ્યારે તેનું કાંઈ પરિણામ ન આવ્યું ત્યારે ઈ. સ. ૧૭૧૮માં પાંચ મારાઓને સાધુના વેશમાં મોકલી રાહ જસવંતસિંહનું દગાથી ખૂન કરાવ્યું.

૨. આગળ જોયું તેમ આ હકીકત માટે મતભેદ છે, જામનગરના ઇતિહાસમાં બીજા પણ તમાચી ઈ. સ. ૧૭૧૨માં થયા. તે કચ્છમાં ગયા હતા. 'યદુવંશપ્રકાશ'માં શ્રી. માવદાનજી બે દુહાઓ આપે છે. તે પ્રમાણે તેઓ ઓખાના ગામ વસઇમાં પણ રહેતા હોય.

૩. વર્તમાન મહારાજા જામસાહેબ આ ફૂલજીના વંશના છે.

૪. આ માટે એવી વાત છે કે રાવળના દરબાર ખેંગારજીનાં બહેન પોરબંદરના રાણાને પરણાવેલાં. ખેંગારજી તથા રાણા બન્ને ચોપાટ ખેલતાં હતાં. તેમાં બોલચાલ થતાં, ખેંગારજીએ રાણાનું ખૂન કર્યું અને રાવળ આવતા રહ્યા. તેની બહેને પોતાના પતિનું ખૂન કરનારને મારવાની પ્રતિજ્ઞા લીધી, અને રાવળ ઉપર ચડાઇ કરી. રાણાનું સૈન્ય આવ્યું, ત્યારે ખેંગારજી સૂતા હતા. તેને કોઇ ઉઠાડે તો મારી નાખે એવી તેણે પ્રતિજ્ઞા લીધેલી, તેથી કોણ ઉઠાડે? છેવટ તેનો ગોર પોતાના ગળામાં કટાર ખોસી ઉઠાડવા ગયો. ખેંગારે ઊઠતાં જ બ્રાહ્મણને મારી ઉતાવળમાં બારીએથી પડતું મેલ્યું; તેથી ત્યાં જ તે મરી ગયા. રાણાના સૈન્યે રાવળ લીધું. ખેંગારજીનું નામ અબેરાજ હતું.

રાવળનો વર્તમાન કિલ્લો જામ તમાચીએ બાંધ્યો છે.

રાવળ સિવાયનો મિયાણી સુધીનો પ્રદેશ પુનઃ હસ્તગત કર્યો અને કુતિયાણા તરફના પ્રદેશ ઉપર મીટ માંડી.

**મોરબી રાજ્યની સ્થાપના** : ઈ. સ ૧૬૯૮ : અત્યાર સુધી મોરબીનો પ્રદેશ કચ્છ રાજ્યનો એક ભાગ હતો. ઈ. સ. ૧૬૯૮માં કચ્છના રાહ રાયધણજી ગુજરી ગયા, ત્યારે પોતાની આંખો દુઃખે છે, એમ કહી તેના નાના કુંવર પ્રાગમલજી અગ્નિસંસ્કાર માટે સ્મશાને ગયા નહીં. જ્યારે સ્મશાનમાંથી બીજા ભાઇઓ પાછા આવ્યા, ત્યારે પ્રાગમલજી તથા તેના કુંવર ગોડજીએ તેને શહેરમાં પેસવા દીધા નહીં, અને પ્રાગમલજીના નામની છડી પોકરાવી; તેથી તેના એક ભાઈ કાંયાજીએ મોરબી તથા કચ્છનું કટારિયા કબજે કરી ત્યાં પોતાની હકૂમત સ્થાપી અને મોરબીનું રાજ્ય કચ્છથી જુદું પડયું.[1]

**સમય : કાળ** : ઈ. સ. ૧૬૮૦માં શિવાજી મહારાજ ગુજરી ગયા અને ઔરંગઝેબની કોમવાદી રાજનીતિ દેશને ભરડો લઈ ગઈ સૌરાષ્ટ્રના રાજાઓને મરાઠાઓની દેશભક્તિનો ખ્યાલ થવા માંડયો અને પોતાની પરિસ્થિતિની સાચી ઝાંખી થવા માંડી. તે સાથે દક્ષિણની લડાઇઓમાં શાહી સૈન્ય અને ચુનંદા નાયકો રોકાઇ રહ્યા હતા. તેનો લાભ લેવાનો પણ તેઓને વિચાર આવ્યો હોવાનું જણાય છે. તેઓને દોરવણી આપવામાં જામનગર અગ્રીમ હતું. સિહોર, પોરબંદર, હળવદ, વગેરે રાજ્યો પોતાના વિસ્તાર વધારવાના કામમાં લાગી પડયાં હતાં. ઠેરઠેર મૂકેલાં મુસ્લિમ થાણાંઓ ઊઠતાં જતાં હતાં. અને કેટલેક સ્થળે તો મુસ્લિમ થાણદારો પૈસાના લોભે કે પોતે લાભ મેળવી લેવાના ઉદ્દેશથી તેમાં મદદ આપતા અથવા આંખ આડા કાન કરતા. એવા વખતે ઈ. સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુના સમાચાર આવ્યા અને જામ લાખાજીએ જામનગરના મુસ્લિમ થાણદારને અને શાહી રસાલાના માણસોને કાઢી મૂકયા. સિહોરના ગોહિલ ઠાકોર ભાવસિંહજી[2] બુદ્ધિમાન અને ચતુર હતા, તેમજ સમય વિચારીને ચાલનારા હતા. તેમણે કાઠીઓનો પ્રદેશ પોતાની આણ નીચે લીધો અને મહુવા, કુંડલા, ધારી વગેરેનાં મુસ્લિમ થાણાંઓ ઉઠાડી મૂકયાં. હળવદે તેના મીઠાના અગરો ઉપરના ઝૂંટવાઇ ગયેલા હક્કો પાછા મેળવ્યા, અને પોરબંદરના રાણાએ પોરબંદર શહેરમાં નિવાસ કરી શાહી રાજસત્તાનો ઉઘાડો અનાદર કર્યો.

આ સમય એવો હતો કે કર્નલ વોટ્સનના શબ્દોમાં કહીએ તો "જમીનદારો એવા બળવાન હતા કે તેઓમાં માંહે માંહે વિખવાદ ન હોત તો તેઓએ આખા મુસલમાની રાજ્યનો સમૂળગો નાશ કર્યો હોત."

---

૧. કાંયોજીએ શેરબુલંદખાનની મદદથી ભુજ ઉપર ઈ. સ. ૧૭૨૫ માં ચડાઈ કરેલી, પણ તેમાં નિષ્ફળતા મળેલી.

૨. ભાવનગર શહેરના સ્થાપક.

જૂનાગઢમાં સરદારખાન ફોજદાર હતો. તે પણ તે સમયે દૂર થયો હતો; અને ત્યાં સૈયદ મહમદ નામનો નબળો ફોજદાર આવેલો. દરમ્યાન સોરઠની જાગીર શાહજાદા ઔરંગઝેબ મુનિસ્સાને અને તે પછી શાહજાદા આઝમને[1] મળી અને તેથી શાહજાદા આઝમનો નાયબ શાહવર્દીખાન તેમના તરફથી સર્વસત્તાધીશ થઈ આવ્યો. તેણે રાજ્યવિસ્તાર કે સાર્વભૌમ અધિકાર પર લક્ષ આપવાને બદલે માત્ર પોતાની જાગીરની ઊપજ વધારવા પ્રત્યે જ લક્ષ્ય આપ્યું. ફોજદારો અને સૂબાઓ પણ વારંવાર બદલાતા ગયા.[2] ઈ. સ. ૧૬૮૭માં કરતલબખાન ફોજદાર તથા શાહજાદા આઝમનો નાયબ થયો. તેણે અમદાવાદમાં ફોજે કરેલ બળવો કડક હાથે સમાવ્યો. તેના બદલામાં સુજાઅતખાનના ઇલકાબથી તે ઈ. સ. ૧૬૮૮માં અમદાવાદના સૂબા તરીકે નિમાયો. તેણે કાઠીઓ ઉપર એક મોટું સૈન્ય મોકલ્યું; પણ તેથી કાંઇ અર્થ સર્યો નહીં. કાઠીઓ વીખરાઇ ગયા, ખંડણી પણ મળી નહીં અને રાજાઓ ખંડણી ભરવા માટે ઇન્કાર કરવા માંડયા. સૂબો ચઢાઇ લઇને આવે ત્યારે રાજા ખંડણી

---

૧. શાહજાદો આઝમ પ્રભાસપાટણમાં બીમાર પડેલો. તેનો ઇલાજ દેલવાડાના નાગર ગૃહસ્થ વૈદ્ય રામકૃષ્ણ મૂળસ્થાને સફળતાથી કરતાં, તેને માલીવાડી નામની જમીન આપેલી. તેનો અસલ લેખ મારી પાસે છે.

૨. સોરઠનો પહેલો ફોજદાર નૌરંગખાન થયો. તે પછી નીચે પ્રમાણે ક્રમ ચાલ્યો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | નૌરંગખાન | ઈ. સ. ૧૫૯૨ થી ? | ૧૬. | મહમદ ગીલાની | ઈ. સ. ૧૭૧૧ થી ૧૭૧૪ |
| ૨. | કાસમખાન | ,, ? થી ૧૬૩૩ | ૧૭. | અભયસિંહ મહારાજ | ,, ૧૭૧૪ થી ૧૭૧૫ |
| ૩. | મીરઝાં ઇશારતખાં | ,, ૧૬૩૩ થી ૧૬૪૨ | ૧૮. | અબ્દુલ હામીખાં | ,, ૧૭૧૫ થી ૧૭૧૭ |
| ૪. | ઇનાયતુલ્લા | ,, ૧૬૪૩ થી ૧૬૫૦ | ૧૯. | અભયસિંહ | ,, ૧૭૧૭ થી ૧૭૧૭ |
| ૫. | મહમદ સાલેહ | ,, ૧૬૫૦ થી ૧૬૫૩ | ૨૦. | હૈદર કુલીખાન | ,, ૧૭૧૭ થી ૧૭૧૮ |
| ૬. | કુતુબુદ્દીન બેશગી | ,, ૧૬૫૩ થી ૧૬૬૪ | ૨૧. | અબ્દુલ હામીદખાં | ,, ૧૭૧૮ થી ૧૭૨૧ |
| ૭. | સરદારખાન | ,, ૧૬૬૪ થી ૧૬૮૬ | ૨૨. | અસદ કુલીખાન | ,, ૧૭૨૧ થી ૧૭૨૩ |
| ૮. | સૈયદ મહમદખાન | ,, ૧૬૮૬ થી ,, | ૨૩ | અસદ અલીખાન | ,, ૧૭૨૩ થી ૧૭૨૯ |
| ૯. | શાહવર્દીખાન | ,, ,, થી ,, | ૨૪. | સલાબતખાન | ,, ૧૭૨૯ થી ૧૭૩૦ |
| ૧૦. | કરતલબખાન | ,, ,, થી ,, | ૨૫. | શેરખાન બાબી | ,, ૧૭૩૦ થી ૧૭૩૦ |
| ૧૧. | શેર અફઘાન | ,, ,, થી ૧૬૮૭ | ૨૬. | ગુલામ મોહ્યુદ્દીન | ,, ૧૭૩૦ થી ૧૭૩૨ |
| ૧૨. | બહલોલ શેરાની | ,, ૧૬૮૭ થી ૧૬૮૮ | ૨૭. | સોરાબખાન | ,, ૧૭૩૨ થી ૧૭૩૫ |
| ૧૩. | શેર અફઘાન | ,, ૧૬૮૮ થી ૧૬૯૮ | ૨૮. | મોસનખાન નાયબ | ,, ૧૭૩૫ થી ૧૭૩૭ |
| ૧૪. | મહમદ બેગખાન | ,, ૧૬૯૮ થી ૧૭૦૪ | ૨૯ | હઝબરઅલી | ,, ૧૭૩૭ થી ? |
| ૧૫. | સરદારખાન | ,, ૧૭૦૪ થી ૧૭૧૧ | ૩૦. | હિંમતઅલ્લીખાન | ,, ? થી ૧૭૪૮ |
| | | | ૩૧. | શેરખાન | ,, ૧૭૪૮ થી સ્વતંત્ર |

ભરવાનું વચન આપે અને તે જાય પછી ફોજદારને જવાબ ન આપે તેવી રસમ થઇ ગઈ. મહમદ બેગખાન નામનો ફોજદાર ઘણી આશાઓ લઈને આવ્યો. પણ તેને પણ સફળતા મળી નહિ. તેને ઇ. સ. ૧૬૯૮માં બોલાવી લેવામાં આવ્યો અને કાઠીઓ પાછળ મોકલવામાં આવ્યો. આમ ઉત્તરોત્તર ફોજદારો બદલાતા ગયા. ઇ. સ. ૧૭૦૪માં આવેલો ફોજદાર સરદારખાન તો સાવ નિર્બળ હતો. ગુજરાતના સૂબા અહમદખાનનો મરાઠાઓના હાથે પરાજય થયો. ઔરંગઝેબનું મૃત્યુ થયું અને સોરઠનો ફોજદાર સૈયદ અહમદ ગીલાની ધર્મભાવનામાં તત્પર રહેતો તેથી તેની સ્થિતિમાં મુગલાઇના પાયા ડોલવા લાગ્યા અને શહેનશાહ અકબરનું જીતેલું સૌરાષ્ટ્ર દીલ્હીના સમ્રાટના હાથમાંથી સરી પડે એવી પરિસ્થિતિ સરજાઇ; પણ સૌરાષ્ટ્રના રાજાઓમાં માત્ર કૌટુંબિક અદાવતો, શબ્દોથી થયેલી ગેરસમજો, આગલાં વેરઝેર અને કલેશના પરિણામે આ તકનો કોઇ પૂરો લાભ લઇ શકયા નહીં અને રાવળ ભાવસિંહ, જામ લાખાજી વગેરે દૂરંદેશી રાજ્યકર્તાઓની ઇચ્છા છતાં તેઓ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરી શકયા નહીં.

ઇ. સ. ૧૭૦૭ પછી : આ વર્ષ પછીનો ઇતિહાસ લખવો ઘણો કઠિન છે. સૌરાષ્ટ્ર આંતરિક યુદ્ધોથી પાયમાલ થઈ ગયેલું જોવામાં આવે છે. એક તરફથી નાના જાગીરદારો રાજ્યપતિ થવા પ્રયત્ન કરે છે; રાજાઓ પોતાનો વિકાસ કરવા માગે છે; મુસ્લિમો તેમનું વર્ચસ્વ ટકાવી રાખવા માગે છે; કાઠીઓ પોતાના પાળ કે નાનાં લશ્કરો જમાવી લૂંટફાટ કરે છે અને મરાઠાઓ આ દેશ ઉપર ચઢી આવી પોતાની ધનલાલસા તૃપ્ત કરવા પ્રયત્ન કરે છે.

ઇ. સ. ૧૭૦૭થી ઇ. સ. ૧૮૦૬ સુધી આ દેશમાં કોઈ સ્થાપિત સત્તા હતી નહીં. કોઇ રાજાનું સાર્વભૌમ શાસન ન હતું, એટલું જ નહીં પણ તેનું નૈતિક વર્ચસ્વ પણ હતું નહીં. પ્રજા પાયમાલીને પંથે પ્રયાણ કરી રહી હતી; દેશ નિર્ધન અને કંગાળ થતો જતો હતો. એવા સમયમાં પોતાની સત્તા ટકાવવા, વેરઝેર વસૂલ કરવાના અને ધન પ્રાપ્ત કરવાના જે પ્રયત્નો થયા તેનું આલેખન તે હવે પછીનો અઢારમી સદીનો ઇતિહાસ છે.

વઢવાણની ગાદીએ ઠાકોર ભગવતસિંહજીને મારી અર્જુનસિંહ બેઠા.[1]

---

૧. વઢવાણ ઇ. સ. ૧૭૦૬માં : વઢવાણના ઠાકોર ભગવતસિંહજીના પિતા ઉદયસિંહ ઇ. સ. ૧૬૬૬માં તેમના મોટા ભાઇ સબળસિંહજીને દગાથી મારી, ગાદી પચાવી પાડી હતી. ત્યારે સબળસિંહજીના નાના ભાઇ ભાવસિંહજી પોતાના સસરા સાવર-ઠાકોરને ત્યાં જઇ રહ્યા હતા. તેના કુંવર માધવસિંહજી બહુ શૂરવીર હતા. તે સાવર છોડી ઠાકોર ગયા. તેના વડીલ પુત્ર મદનસિંહે જાલરા-પાટણનું રાજ્ય સ્થાપ્યું અને બીજા ત્રણ પુત્રો સૌરાષ્ટ્રમાં આવ્યા. તેમણે ભગ-


જામનગર : ઈ. સ. ૧૭૦૨–૧૭૦૫ : જામ લાખાજીના મૃત્યુ પછી તેના પુત્ર રાયસિંહજી જામની ગાદીએ બેઠા. ભોગવિલાસ અને મોજમજામાં રહેતા આ રાજવીએ અસાધારણ ખર્ચ કરવા માંડયો અને તેના પૂર્વજોએ જે પરિશ્રમથી જામનગરનું રાજ્ય પ્રાપ્ત કરેલું તેનો ખ્યાલ ન કરતાં મુગલાઈ પદ્ધતિએ બેશઆરામમાં જ સમય વ્યતીત કરવા લાગ્યા. તેથી તેના ભાઈ હરધ્રોળજી કે જે હડિયાણાના જાગીરદાર હતા તેણે આવી તેનો પ્રાણ લીધો અને પોતે ગાદીએ બેઠા.

હાલાજી : પડધરીના ભાયાત હાલાજી ઉર્ફે કાકાભાઇએ આ ખબર મળતાં હરધ્રોળજીને મારવા પ્રતિજ્ઞા કરી; પણ જામનગરમાં હળધ્રોળજીએ સત્તા જમાવી દીધી અને બીજી રીતે પહોંચાય તેમ ન હતું તેથી તેણે અમદાવાદનો માર્ગ લીધો. રાયસિંહના કુંવર તમાચી ભાગીને કચ્છમાં ગયા. કચ્છમાં રાહ દેશાજીનાં રાણી રતનબા તમાચીનાં માસી થતાં હતાં તથા હળવદના જસવંતસિંહ તેના માતામહ થતા હતા. તેથી રતનબાઇએ તેના પિતાને તમાચીને ગાદી આપવા માટે પ્રયત્ન કરવા આગ્રહ કર્યો. તેથી રાજ જસવંતસિંહના કુંવર પ્રતાપસિંહ અમદાવાદ ગયા.

હાલાજી તથા પ્રતાપસિંહજી મળી સૂબા દાઉદખાન પન્નીને મળ્યા અને જામનગર ઉપર ચડાઈ લઈ આવી, હરધ્રોળજીને મારી, તમાચીને ગાદી આપવા મદદ માંગી. સૂબાએ તે પ્રમાણે મદદ આપવા કરાર કર્યો. તે અન્વયે પ્રતાપસિંહે પોતાની કુંવરી સૂબા મુબારીઝ–ઉલ–મુલ્કને આપવી તથા ભાયાત નારણજીની બહેન[1] સેનાપતિ સલાબત મહમદખાનને આપવી અને તેઓ જામનગર ઉપર ચડાઈ લઈ આવે તેમ નક્કી થયું.

---

સિંહજીને મારી વઢવાણ લીધું. અર્જુનસિંહ વઢવાણની ગાદીએ બેઠા અભયસિંહજીએ ચુડાની ગાદી સ્થાપી અને માનસિંહજીને ઝમ્મર વગેરે ગામો મળ્યાં.




૧. આ કુંવરીઓ મુસ્લિમ રખાતોની હતી તેમ માનવામાં આવે છે. 'યદુવંશપ્રકાશ'માં શ્રી. માવદાનજીના સંશોધનમાં પણ તે રખાતની પુત્રીઓ હોવાનું જણાયું છે.

**જામનગર ઉપર ચડાઈ** : ઇ. સ. ૧૭૧૪ : શાહી સૈન્ય જામનગર ઉપર આવ્યું. તોપખાના તથા હયદળ સાથે આવતું સૈન્ય જોઈ હરધ્રોળજી નાસી ગયા અને જામનગર સૂબાના હાથમાં પડયું. કચ્છના રાહ દેશળજીએ તમાચીને ઘેર રાખ્યા હતા તથા ખર્ચ ભોગવ્યું હતું. તેના બદલામાં બાલંભા ગામ લઈ તમાચીને ભુજથી આવવા દીધા અને રાજ જસવંતસિંહે તેની મહેનતના બદલામાં હડિયાણા લીધું ને ઝાલાની જે દીકરીઓ મુસલમાનને પરણી તેને પણ દાયજામાં જામ તમાચીએ ત્રણ ગામ આપ્યાં.[૧]

**બીજી ચડાઈ** : ઇ. સ. ૧૭૧૬ : જામ તમાચી માટે ઝાલાઓએ આટલો ભોગ આપ્યો; છતાં તે વર્ષમાં મુબારીઝ ઉલ મુલ્ક મોટી ચડાઈ લઈને આવ્યો. લશ્કર નિર્બળ હતું, ખજાનો ખાલી હતો અને જામ તમાચીની શક્તિ સામા થવાની ન હતી. તેમ છતાં તેણે મુબારીઝને ત્રણ લાખ રૂપિયાની ખંડણી આપી પાછો કાઢયો.

**ત્રીજી ચડાઈ** : ઇ. સ. ૧૭૧૭ : મુબારીઝ-ઉલ-મુલ્ક વળતે વરસે પાછો આવ્યો; પણ આ વખતે રાજ પ્રતાપસિંહના કહેવાથી સલાબત મહમદખાન વચમાં પડયો અને એક લાખ રૂપિયાની ખંડણી આપી તેને પાછો કાઢયો.

**ચોથી ચડાઈ** : ઇ. સ. ૧૭૪૨ : મીરઝાં ઝાફર ઉર્ફે મોસનખાન ચડાઈ લઈને આવ્યો. પ્રથમની ત્રણ ચડાઈ વખતે જામ તમાચીની બેસતી સત્તા હતી; પણ પચીસ વર્ષના ગાળામાં જામ તમાચીએ પૂરતી શક્તિ પ્રાપ્ત કરી લીધી હતી; તેથી તેણે મોસનખાન સામે યુદ્ધ ખેલી લેવા તૈયારી કરી. મરાઠાઓ સામે વારંવાર હારતા મુસ્લિમોના પરાજયની વાર્તાઓ સર્વત્ર પ્રચલિત થઈ ગઈ હતી અને જામે પણ સદાને માટે આ ધનપિપાસુના ત્રાસને મિટાવી દેવા નિશ્ચય કર્યો. મોસનખાને પણ જામની તૈયારી જોઈ વિષ્ટિ ચલાવી; પરિણામે જામને હરકત ન કરવાની શરતે પચાસ હજાર રૂપિયા લઈ મોસનખાન પાછો વળી ગયો.[૨]

**હાલાજી પડધરી** : જામ તમાચીને રાજ અપાવનાર પડધરીના હાલોજી હતા. આ હાલોજી અતિ ક્રૂર અને ખૂની પ્રકૃતિના હતા.[૩] તેથી જામ તમાચીને તેની બીક

---

૧. ચરખડી, ત્રાકુડા, ડેયા. ('યદુવંશપ્રકાશ')

૨. જામનગર ઉપર જોધપુરના મહારાજા અજીતસિંહે પણ સૂબા તરીકે ચડાઇ કરેલી. તે વર્ષ માટે સ્પષ્ટતા થતી નથી. અજીતસિંહ ગુજરાતના સૂબા હતા તે સમયમાં અજીતસિંહ સામે જામે યુદ્ધ ખેલ્યું, અને તેમાં તેનો પરાજય થયો હતો. આ ચડાઇ હરધ્રોળજી મોરબીઠાકોરની ભલામણથી અજીતસિંહ લઇ આવેલા.

૩. તેણે જેહવા રાણાને માર્યો હતો; મોરબીના અલીઓજી ઠાકોરને દગાથી પડધરી આગળ મારી નાખ્યા હતા તે ઉપરાંત તેના હાથે અનેક ખૂન થયાં હતાં.

રહેતી. વળી જામને કુંવર ન હતો, તેથી તેનાં રાણી હરધ્રોળજીના કુંવરને દત્તક લેવા માગતાં હતાં; કારણ કે હરધ્રોળજીનાં પત્ની રાણીજીનાં સગાં બહેન થતાં. આ કાર્ય કરવામાં હાલાજીની હાજરી તેને સાલવા માંડી; કારણ કે હાલોજીએ એવો અભિપ્રાય આપ્યો કે શત્રુના કુંવરને વારસ કરવો એ ઇષ્ટ નથી. તેથી હાલાજી તથા અન્ય ભાયાતોને કચેરીમાંથી રજા આપવામાં આવી. હાલાજીને જામના મૃત્યુ પછી ગાદીએ બેસવાના કોડ હતા. તેથી પોતાનું જમાવેલું વર્ચસ્વ હાથમાંથી જતું જોઈ તેના સાળા કિસનસિંહ ઝાલાને[1] વઢવાણથી બોલાવી, તેની મદદથી જામ તમાચીનું તેના જ રાજમહેલમાં ખૂન કર્યું; પણ જામનાં કુંવરી રાજકુંવરબાએ[2] મૃત્યુ પામેલા જામનાં લોહીવાળાં કપડાં બદલી, નવાં કપડાં પહેરાવી, બારીએ બેસાડી, સૈનિકોને હાકલ કરી કે જામ જીવતા છે તથા હાલાજીએ ગાદી પચાવી પાડવાના લોભે તેના ઉપર ખૂની હુમલો કર્યો હતો, માટે તેને પકડો. માણસો હાલાજી ઉપર ધસ્યા, પણ હાલાજી તથા કિસનસિંહ નાસી છૂટયા, અને મોડપરનો કિલ્લો કબ્જે કરી ત્યાંથી બહારવટું ખેલ્યું. દરમ્યાન રાજકુંવરબાની સલાહથી રાણીઓએ લાખાજી તથા અજાજી નામના કુંવરોને દત્તક લઈ લાખાજીનો ગાદી ઉપર અભિષેક કર્યો. હાલાજીએ મોડપરના કિલ્લાનો કબજો છોડયો નહીં અને અડબેપડબેના પ્રદેશમાં લૂંટફાટ કરવા માંડી.

રાજકોટ : ઇ. સ. ૧૬૯૪માં સાહેબજી પછી સરધારની ગાદી ઉપર આવેલા તેના કુંવર બામણિયોજી કાલીપાટનાં ઢોર વાળી ભાગતા મિયાણાઓને આંતરી ધીંગાણું કરતાં નકલંક વીડીની લડાઈમાં કામ આવ્યા અને મહેરામણજી ગાદીએ આવ્યા. આ મહેરામણજી એક બળવાન યોદ્ધા હતા. દીર્ઘદૃષ્ટિ અને મુત્સદ્દીગીરીથી તેનાં અંગત શૌર્ય અને શક્તિનો તેણે લાભ લીધો. દીલ્હીમાં બાદશાહ ફરૂખશિયરનું ખૂન થયું અને મુગલાઈની પડતી જતી શહેનશાહતમાં મહેરામણજીએ પોતાની નાની ઠકરાતનો વિસ્તાર વધારવા પ્રયત્ન કર્યો. તેણે જૂનાગઢના સૂબા અબ્દલ હામીદખાનના નબળા રાજ્યઅમલમાં જૂનાગઢના ખાલસા મુલકનાં ઘણાં ગામો જીતી લીધાં અને તેના ઉપર નિરંકુશ વહીવટ કરવો શરૂ કર્યો. અબ્દુલ હામીદખાન તેને પહોંચી શકે તેમ હતું નહીં; તેથી બીજા હિન્દુ રાજાઓને તેણે મદદ આપવા યાચના કરી પણ તેને મળી નહીં; તેથી દીલ્હી લખી મોકલ્યું અને ત્યાંથી માસુમખાન ઉર્ફે સુજાઅતખાન નામના અમીરને સોરઠનો નાયબ ફોજદાર નીમી, મહેરામણજીએ જીતેલાં ગામો જાગીરમાં આપી, રવાના કર્યો. ઇ. સ. ૧૭૨૦માં આ સૈન્યે રાજકોટ ઉપર આક્રમણ

---

૧. કિશનસિંહનું નામ શ્રી. માવદાનજી 'યદુવંશપ્રકાશ'માં કરશનસિંહ કહે છે, તથા તેનું નામ કરણસિંહ પણ હતું તેમ જણાવે છે.

૨. રાજકુંવરબા જોધપુરનાં રાણી હતાં. તે જામ તમાચીનાં કુંવરી હતાં તથા મોટીબા નામે જાણીતાં હતાં.

કર્યું; પણ મહેરામણજીએ તેની વીરતા અને શક્તિનો પરિચય દીલ્હીના સૈન્યને આપ્યો, ભયંકર રણસંગ્રામ થયો. તેમાં મહેરામણજી મરાયા, અને માસુમખાન જીત્યો. તેણે રાજકોટ નીચેનાં ભાડલા, સરધાર, આણંદપર, જસદણ વગેરે પરગણાં પોતાના વહીવટમાં લીધાં.

**રાજકોટમાં માસુમખાન** : તેણે રાજકોટનો કિલ્લો બાંધ્યો તથા તેનું નામ માસુમાબાદ રાખ્યું. પશ્ચિમ દિશામાં તેણે ખાઈ ખોદાવી, કિલ્લેબંધી પાકી કરી, રાજ્યવ્યવસ્થા સ્થાપી, રાજકોટમાં સ્વતંત્ર રાજા થઈ, રાજઅમલ શરૂ કર્યો.

**રાજકોટ પડ્યું** : ઈ. સ. ૧૭૩૨ : મહેરામણજીને સાત કુંવરો હતા. આ સાતે તેના પિતા જેવા જ બહાદુર હતા. તેમણે બહારવટું શરૂ કર્યું અને માસુમખાનનાં આનંદવૈભવ અને મોજશોખ કરી રાજ્ય કરવાનાં સ્વપ્નો સિદ્ધ થવા દીધાં નહિ. બાર વર્ષો સુધી તેમણે બહારવટું ખેડી માસુમખાનને તોબા પોકરાવી દીધી અને પોતાનું તમામ બળ એકત્ર કરી ઈ. સ. ૧૭૩૨માં તેઓએ રાજકોટને ઘેરો ઘાલ્યો. માસુમખાનને પોતાના બળ ઉપર વિશ્વાસ હતો. જૂનાગઢમાં ફોજદાર થયેલા શેરખાનની મહત્ત્વાકાંક્ષાઓ અપાર હતી. તેને માસુમખાન એક શૂળ રૂપે હતો. તેથી તેણે કાંઈ સહાય કરી નહીં. ગઢમાં દાણા ખૂટ્યા અને બચાવ કરવાનું અને ટકી શકવાનું અશકય જણાતાં માસુમખાને દરવાજા ખોલી, મહેરામણજીના પાટવી રણમલજીનું શરણ માગ્યું. રણમલજીએ બિનશરતી સમાધાન કરવા વાત કરી; તેથી સમાધાન ભાંગી પડ્યું અને ખૂનખાર યુદ્ધ થયું. તેમાં રણમલજીએ પોતાને હાથે માસુમખાનને માર્યો. કંઈક મુસલમાનો તથા રજપૂતો મરાયા અને ઈ. સ. ૧૭૩૨માં રણમલજી તેના પિતાની ગાદીએ બેઠા.

**સરધાર** : રાજકોટ કબજે થયું. પણ સરધારમાં બાકરખાન નામનો બળવાન અને જુલ્મી થાણદાર હતો. રણમલજીએ તેને શરણ થવા હુકમ કર્યો; પણ બાકરના મનમાં હજી દીલ્હીની શાહી સત્તાની હવા હતી. તેણે શરણે આવવા ઇન્કાર કર્યો; તેથી રણમલજી તેના ઉપર ચડ્યા. આ કામમાં તેમણે ગોંડલના ઠાકોર હાલાજીની મદદ માગી. પણ બળવાન થતા જતા રણમલજીને મદદ કરવામાં તેણે પોતાની સલામતી જોઈ નહીં, તેથી સહાય આપી નહીં. તેથી કોટડા ઠાકોર તેજમલની મદદ માગતાં તે મદદે ગયા. સરધારના યુદ્ધમાં બાકરખાનના પરાક્રમ આગળ બન્ને ઠાકોરો હારીને પાછા ફર્યા, પરંતુ રણમલજીને પોતાનું રાજ્ય નિષ્કંટક બનાવવું હતું અને બાકરખાનને પૂરો જ કરવો હતો. તેથી તેણે કૃતનિશ્ચયી બની ફરી હુમલો કર્યો. બાકરખાન આ મરણિયા હલ્લા સામે ટકી શકયો નહિ. રણમલજીએ તેનાં સૈન્યને

હરાવ્યાં તથા તેને રણમેદાનમાં ઠાર માર્યો.[૧]

**ભાડલાની સરધાર ઉપર ચડાઈ** : ઇ. સ. ૧૭૩૩ : બાકરખાનના મૃત્યુથી સૌરાષ્ટ્રમાં હાહાકાર વ્યાપી ગયો એક જ વર્ષમાં બે મુસ્લિમ સરદારોને મારી પોતાનું રાજ્ય પ્રાપ્ત કરવાની રણમલજીની અતુલ શક્તિની ઈર્ષા અને પોતાનો સ્વાર્થ સાધવાના ઉદ્દેશે ભાડલાના લાખા ખાચરે સરધાર ઉપર બાકરના મૃત્યુનું વેર લેવાને બહાને ચડાઈ કરી; સરધાર કબજે કર્યું, મુસલમાનો તેની સાથે ભળી ગયા, પણ તેજમલજીની સહાયથી તેણે સરધાર પાછું લીધું.[૨]

લાખો ખાચર મરાયો. તેથી આણંદપુરના રામ ખાચરે ઓચિંતો હુમલો કરી સરધાર કબજે લીધું. રણમલજીને ખબર પડતાં તે તરત જ સરધાર ઉપર ચડયા અને કાઠીઓને હરાવી કાઢી મૂકયા. રામ ખાચર આણંદપુર બાળી, ઉજ્જડ કરી, બહારવટે ચડયો, પણ તેમાં તે ફાવ્યો નહીં અને માર્યો ગયો.

આમ, રાજકોટ રાજ્યનો વિસ્તાર વધારી રણમલજીએ રાજકોટમાં[૩] ગાદી સ્થાપી, અને તેજમલજીએ કરેલી મદદના બદલામાં તેને કેટલાંક ગામો આપ્યાં.

**ઓખામંડળ** : ઇ. સ. ૧૭૧૫ થી ૧૭૧૮ : ઓખાના વાઢેલ રાજાઓ પૈકી છેલ્લો રાજા ભોજરાજજી ઇ. સ. ૧૬૬૪માં ગાદીએ આવ્યો. તેના પાટવી કુમાર વજેરાજજી ક્રોધી સ્વભાવના કારણે પિતા સાથે લડી પોશીત્રામાં રહ્યા. ઇ. સ. ૧૭૧૫માં તેણે પતરામલ વાઘેરની સહાયથી એક સૈન્ય ઊભું કરી સારા-ષ્ટ્રમાં ઠેકઠેકાણે ધાડો પાડવા માંડી. આ ધાડો મુખ્યત્વે જામનગર પોરબંદર અને ગોંડલના વિસ્તારમાં પડતી. એટલે ત્રણે રાજ્યોનાં સૈન્યોએ એકત્ર થઈ પોશીત્રા ઉપર ચડાઈ કરી તેઓને સખ્ત હાર આપી. વાઘેરો ઓખામંડળના પૂર્વ ભાગમાં

---

૧. બાકર માટે ઘણી દંતકથાઓ છે. એક મત પ્રમાણે તે એકલો જતો હતો, ત્યાં ઘોડો નદીમાં ખૂંચ્યો. રણમલજી પાછળ જ હતા. તેણે લાગ જોઈને બાકરને મારી નાખ્યો. જે સ્થળે બાકરને માર્યો તે સ્થળ હજી "બાકર ધુના"ને નામે ઓળખાય છે. બીજી વાત એમ છે કે બાકરખાને એક ચારણ બાઈની લાજ લેવા પ્રયત્ન કર્યો. બાઈએ સિંહણનું સ્વરૂપ ધારણ કરી તેને ઊંધો નાખી માર્યો. તેથી તે પીર તરીકે પૂજાયો. (બાકરના મુલ્કા જમી ગઇ તું જીવણી—)

૨. કાઠીઓ તથા મુસલમાનોએ મળી સરધારના લોકો ઉપર બહુ જુલમ કર્યો જે "કાળો કેર" કહેવાયો. હજુ પણ સોગંદ ખવાય છે કે 'જૂઠું બોલે તેને માથે સરધારના કેરનું પાપ'.

—યદુવંશપ્રકાશ.

૩. રાજકોટ જ્યાં વસે છે તે સ્થળે રાજુ નામના સંઘિનો નેસ હતો. આ સ્થળે ઇ. સ. ૧૨૫૯ (સંવત ૧૩૧૫)ના દુષ્કાળ વખતે જગડુશાહે લોકોને આપવા ભંડાર રાખેલો. આ સ્થળે ઠાકોર વિભાજીએ ઇ. સ. ૧૬૨૬માં રાજકોટ વસાવ્યું. રાજુના વંશજોના કબજામાં આ ગામ ઇ. સ. ૧૬૪૬ સુધી હતું. (યદુવંશપ્રકાશ : શ્રી.ભાવદાનજી).

ભરાઈ ગયા. આ હારથી વજેરાજજી પોશીત્રાના માત્ર ગીરાસદાર થઈ ગયા અને આરંભડાથી જુદા પડયા, તેમ વાઘેરોમાં પણ દ્વારકા અને વસઈના બે ભાગ પડયા. વાઢેલો અને વાઘેરો અંદર અંદર મિત્રભાવે રહેતા પરંતુ તેઓની શક્તિ વહેંચાઈ જવાથી નબળા પડી ગયા હતા અને નામના રાજા રહ્યા હતા.

જૂનાગઢ : ઈ. સ. ૧૭૧૬ : ફરૂખશિયર દીલ્હીની ગાદીએ આવ્યો ત્યારે તેના સહાયકર્તા સૈયદ ભાઇઓનું પરિબળ વધી ગયું. તેના માનીતા અમીરો મોટા મોટા હોદ્દાઓ ઉપર નિમાતા હતા. તેઓની શક્તિ કે લાયકાત જોવામાં આવતી નહીં. તેઓ પૈકી હૈદર કુલીખાન સોરઠનો ફોજદાર થઈને આવ્યો. પોતાની મર્યાદા તેના જાણવામાં હતી, તેથી તેણે ઘોઘાના નાયબ સલાબતખાં બાબીને સોરઠનો નાયબ નીમ્યો. પણ તેણે ભારે પગાર માગતાં તેમજ નાયબ હતો તે ફતેસિંહ કાયસ્થ તે જગા છોડવા તૈયાર ન હોવાથી ઘણી જ ગેરવ્યવસ્થા ઊભી થઈ. દરમ્યાન જોધપુર મહારાજા અજીતસિંહ હળવદ અને જામનગર ઉપર ચડી આવ્યા અને પરાજય પામી પાછા ગયા.[1] ઈ. સ. ૧૭૧૭માં હૈદરકુલીખાન ગુજરાતનો નાયબ સૂબો થયો અને તેને બાબીઓ[2] સાથે વાંધો પડતાં તેઓએ તેમનો સામનો કર્યો; પણ પાલનપુરના ગઝનીખાન ઝાલોરીએ વચ્ચે પડી બન્નેનું સમાધાન કરાવ્યું.

ઈ. સ. ૧૭૨૨માં હૈદરકુલીખાન સૂબો થયો અને સુજાતખાનને નાયબ નીમી, વિશેશ લાભ લેવા દીલ્હી ગયો. સુજાતખાને બાબીઓને કનડવા માંડયા તથા કુડાના જાગીરદાર મહમદખાન બાબી પાસેથી દસ હજાર રૂપિયાનો દંડ લીધો. તેથી તેઓ દીલ્હી ગયા અને હૈદરકુલીખાનને મળી સુજાતખાન ઉપર તેમને ન કનડવાનો હુકમ લીધો. દરમ્યાન ગુજરાતના સૂબા તરીકે નિઝામ–ઉલ–મુલ્કની નિમણુક થઈ અને હૈદરકુલીખાને પોતાનું પદ જાળવી રાખવા આ નિમણુકનો વિરોધ કરવા બાબીઓને પોતાના પક્ષમાં લીધા; પરંતુ તેઓ નિઝામ–ઉલ–મુલ્કના પક્ષમાં ભળ્યા. હૈદરકુલીખાન નિરાશ થઈ ચાલ્યો ગયો અને બાબીઓની સત્તા વધી. આ બાબીઓ પૈકી સલાવતમહમદખાન[3] ઘણો જ બળવાન હતો.

ઈ. સ. ૧૭૨૮માં જૂનાગઢનો ફોજદાર સૈયદ અલીખાન ગુજરી જતાં તેની જગા સલાવત મહમદખાનના પુત્ર શેરખાનને મળી. દીલ્હીથી મોહ્યુદ્દીન નામનો

---

૧. વિગતો આગળ આવી ગઇ છે.

૨. બાબીનો ઇતિહાસ આગળ ઉપર આવશે.

૩. તેને હળવદના પ્રતાપસિંહે જામ તમાચીને ગાદી અપાવવા માટે પોતાની કુંવરી પરણાવી હતી.

ફોજદાર નિમાઈને આવ્યો; પણ શેરખાન સિવાય વહીવટ થઈ શકે તેવું હતું નહીં[૧] તેથી તેને મદદનીશ ફોજદાર તરીકે જારી રાખવામાં આવ્યો. પણ ઈ. સ. ૧૭૩૦માં મોહ્યુદ્દીનના નાયબ મીર ઈસ્માઈલે દખલ કરવાથી શેરખાન પાછો પોતાની જાગીરમાં ઘોઘા ચાલ્યો ગયો. એટલામાં ગુજરાતના સૂબા તરીકે મહારાજા અભયસિંહ નિમાયા. તેણે મીર ફકરૂદ્દીનને સોરઠનો ફોજદાર નીમ્યો. તેને તથા મીર ઈસ્માઈલને અમરેલી પાસે યુદ્ધ થયું અને તેમાં ફકરૂદ્દીન મરાયો. શેરખાન અભયસિંહને મળી ગયો તથા તેનાં વિશ્વાસ અને માન સંપાદન કર્યાં; તેથી તેને વડોદરાનો ફોજદાર નીમ્યો. વડોદરામાં મરાઠાઓ સાથે લડવામાં અને તેનો કબજો જાળવવાની કામગીરીમાં શેરખાન રોકાયો હતો. ત્યાં સોરાબખાનને તેની ઘોઘાની જાગીર, દીલ્હીના દરબારમાં મોટી લાગવગ ધરાવતા અમીર બુરહાન-ઉલ-મુલ્કની ખટપટથી મળી અને શેરખાનના ભાઈઓને ઘોઘા છોડી ભાગી જવું પડયું. સોરાબખાન જૂનાગઢનો ફોજદાર થયો અને બાબીઓને ત્યાંથી હાકી કાઢવામાં આવ્યા. શેરખાને અમદાવાદમાં રહેવાનું રાખ્યું અને ઈ. સ. ૧૭૩૫માં સોરાબખાન નાયબ સૂબા રતનસિંહ ભંડારીને હાથે ધંધૂકા પાસે ધોળી ગામમાં મરાઈ જતાં શેરખાનનો માર્ગ ખુલ્લો થયો. વળી, દામાજી ગાયકવાડે વીરમગામ સર કર્યું અને અમદાવાદ ઉપર મરાઠાઓનો ડોળો હોવાથી શેરખાન ખેડા રહેવા ચાલ્યો ગયો અને ત્યાંથી રતનસિંહ ભંડારીની કૃપા હોવા છતાં અને પોરબંદરમાં તેની નિમણુક કરી હતી તે ન સ્વીકારતાં મોમીનખાન નામના તેના નાયબ સાથે અણબનાવ થવાથી તે વાડાસિનોર ગયો. ઈ. સ. ૧૭૩૭માં મોમીનખાન ગુજરાતનો સૂબો થયો અને શેરખાનની રહીસહી આશાઓ નષ્ટ થઈ ગઈ; પણ આ પુરુષ હિમ્મત હારે તેવો ન હતો. થોડા જ વખતમાં રાઠોડ સૂબાઓનો કારભાર છૂટી ગયો અને મોમીનખાન મરાઠાઓની દયા ઉપર જીવવા માંડયો અને જવાંમર્દખાન બાબી તથા જોરાવરખાન બાબી મોમીનખાન સાથે ભળી ગયા. તેથી શેરખાને કુનેહ વાપરી મોમીનખાન સાથે દોસ્તી કરી અને જૂનાગઢના નાયબ ફોજદાર તરીકેનો હુકમ મેળવ્યો. નાયબ ફોજદારનું પદ તેને બહુ જ નીચું જણાતું. તેથી તે મોમીનખાન સાથે રહેતો. જૂનાગઢના ફોજદાર હજબરઅલીનો તેના સાથેનો વિરોધ તથા તેણે કરેલી મામુનખાનની નિમણુકનો પ્રશ્ન મોમીનખાને સમાધાનથી પતાવી, શેરખાનને મરાઠાઓ સાથે લડવા મોકલ્યો. મરાઠાઓના સરદાર રંગોજીની ખુશામણુથી તેને રાજી રાખવા આખરે શેરખાનને જૂનાગઢના નાયબ ફોજદાર તરીકે જૂનાગઢ જવું પડયું. ઈ. સ. ૧૭૪૩માં મોમીનખાન મૃત્યુ પામતાં રંગાજીની સાથે રહી શેરખાને ખંભાતનાં ગામો લૂંટયાં દરમ્યાન મુસ્લિમ સૈન્ય બુદા-ઉદ્દ-દીન તથા મુફ્ત-ઉદ્દ-દીનની સરદારી નીચે સામાં આવ્યાં. રંગાજી

---

૧. આ વખતે માંગરોળ, સોમનાથ, ઉના, કુતિયાણા વગેરે સાવ સ્વતંત્ર થઇ ગયાં હતાં. પ્રાંતમાં અંધાધૂંધી ફેલાઇ ગઇ હતી અને શાહી સત્તા નામની જ રહી હતી.

હાર્યો અને શેરખાને વચમાં પડી રંગાજી પાસેથી બોરસદ અને વીરમગામ પાછાં છોડાવ્યાં. શેરખાનની મદદથી રંગોજી દામાજી ગાયકવાડ પાસે પહોંચી ગયો અને શેરખાનને પોતાની સલામતી ન જણાતાં તે વાડાસિનોર નાસી ગયો. દરમ્યાન, તકનો લાભ લઈ જવાંમર્દખાને બનાવટી ફરમાન રજૂ કરી ગુજરાતની સૂબાગીરી પચાવી પાડી અને શેરખાનને ઉન્નતિના દિવસો સમીપ દેખાવા લાગ્યા. પણ શેરખાનની સલાહથી ગાયકવાડે ઈ. સ. ૧૭૪૭માં બોરસદ પાછું લીધું. તેથી જવાંમર્દખાન સામે તેને વેર થયું. એ તે કારણે ગુજરાત તજી પાછો જૂનાગઢ આવ્યો.

**મરાઠા ચડાઈ** : ઈ. સ. ૧૭૪૭ : આ અરસામાં સોરઠ ઉપર કાનાજી તાકપોર ખંડણી લેવા ચડી આવ્યો. તેની સહાયમાં અમદાવાદવાળા અમીર ફકરૂદ્દીલાએ પોતાનું સૈન્ય પણ આપ્યું. આ સૈન્યે વંથલીને ઘેરો ઘાલ્યો અને જૂનાગઢ લેવા પ્રયત્ન કર્યો; પણ શેરખાને તેને હરાવી પાછા કાઢયા.

શેરખાનને પોતાના બળનો કયાસ મળી ગયો અને તેણે ગુજરાતની રાજ્યખટપટમાંથી નિવૃત્ત થઇ જૂનાગઢમાં ગુજરાતના સૂબાથી સ્વતંત્ર રાજ્ય કરવાનું શરૂ કર્યું. પોતે દીવાનનો ઇલ્કાબ અને બહાદુરખાન એવું નામ ધારણ કર્યું.[1]

શેરખાનને સોરઠમાં પોતાનું વર્ચસ્વ જમાવવા ખાસ પ્રયત્ન કરવાનું આવશ્યક ન હતું. તેની ભૂતકાળની કારકિર્દી, તેની શકિત અને મુત્સદ્દીગીરી તેમજ મરાઠાઓના પીઠબળની સૌરાષ્ટ્રના રાજાઓને જાણ હતી. પણ શેરખાનને દામાજી ગાયકવાડ અને જવાંમર્દખાન બાબી જેવા પ્રબળ સેનાપતિઓ સાથે બોરસદના ઘેરામાંથી વેર બંધાયું હતું અને તેનો મિત્ર રંગોજી નિર્બળ થઈ ગયો હતો. એટલે તેઓની બીક હતી. તેથી તેણે ગુજરાતનો બાબતમાં માથું મારવાનું છોડી દઈ જૂનાગઢના રાજ્યને સબળ બનાવવા પ્રયત્ન કરવા શરૂ કર્યા.[2]

---

૧. જૂનાગઢના બાબી વંશની સ્થાપના શેરખાન બાબીએ કરી. તેણે બહાદુરખાન એવું નામ ધારણ કર્યું અને નવાબ તરીકે પોતાને સંબોધવાનું શરૂ કર્યું તેમ વિદ્વાન કર્નલ વોટ્સન માને છે. પણ તે સમયના અને પછીના જૂનાગઢ રાજ્યના રૂકકાઓ, ફરમાનો વગેરે જોતાં તેના 'બાદશાહ મહમદશાહ ગાઝી ફીદવી દીવાન બહાદુરખાન બાબી બહાદુર' વગેરે શબ્દો જોવામાં આવે છે. એટલે દિલ્હીનું સાર્વભૌમત્વ નામનું રહેલું, છતાં તેણે તે સ્વીકારેલું અને દીવાન તરીકે રાજ્ય કરવા માંડયું. વળી, પોતાના સિકકાને દીવાનશાહી કોરી તરીકે ઓળખાવેલી, એટલે "નવાબ" શબ્દનો ઉપયોગ પાછળથી કરવામાં આવ્યો છે.

૨. સૌરાષ્ટ્રમાં બાબીઓએ જૂનાગઢ, માણાવદર, બાંટવા અને સરદારગઢનાં રાજ્ય સ્થાપ્યાં તથા રાણપુરની એક મોટી જાગીર સ્થાપી; ગુજરાતમાં વાડાસિનોર તથા રાધનપુરનાં રાજ્યો સ્થાપ્યાં. તેમના સ્થાપકોનો ઇતિહાસ જાણવો જરૂરી છે. બાબીઓનો મૂળપુરુષ બહાદુરખાન હતો.

**શેરખાનની રાજ્યવ્યવસ્થા :** શેરખાનના[1] વિશ્વાસુ વસંતરાય પુરબિયા નામના એક સરદારને તેણે જૂનાગઢનો કારભારી નીમ્યો.[2] શેરખાન ગુજરાતમાં ગયો ત્યારે વસંતરાયે જૂનાગઢનો કબજો કરી લીધો; પણ દલપતરામ દીવાને તેને મારી, કાઢી મૂક્યો. વસંતરાયે માણસિયા ખાંટને પોતાના પક્ષમાં લઈ ઉપરકોટ જીતી લીધો અને જૂનાગઢની આજુબાજુ લૂંટફાટ કરવા માંડી. દલપતરામ તેની સામે તેર માસ

---

તે ઈ. સ. ૧૬૩૦ લગભગ અફઘાનિસ્તાનમાંથી આવ્યો અને શાહજહાંના દરબારમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું. તેનો પુત્ર શેરખાન ગુજરાતમાં મુરાદપક્ષ સૂબો થઈને આવ્યો ત્યારે તેની સાથે આવ્યો. આ શેરખાનને ચાર પુત્રો હતા : ૧ મુબારીઝખાન, ૨ મુઝફ્ફરખાન, ૩ જાફરખાન અને ૪. શાહબાઝખાન.

મુબારીઝખાન કડીનો નાયબ ફોજદાર હતો. મુઝફ્ફરખાન પણ પાટણનો નાયબ ફોજદાર હતો. તેને કોળીઓએ મારી નાખ્યો. જાફરખાન ચારે ભાઈઓમાં નસીબદાર હતો. તેના પિતાના મૃત્યુ પછી તેને ઈ. સ. ૧૬૯૦માં બહાદુરખાનનો ઇલ્કાબ મળ્યો તથા પાટણનો નાયબ ફોજદાર નિમાયો. સફ્દરખાને રાધનપુર, શમી, મુજપુર તથા તેરવાડાની જાગીર મેળવી. દુર્ગાદાસ રાઠોડને હરાવવામાં તેણે અગત્યનો ભાગ ભજવતાં તેની લાગવગ અમદાવાદમાં વધી ગઈ. પરિણામે તેના પુત્રો પણ ખૂબ આગળ આવ્યા. શાહબાઝખાનના વંશજે રાણપુરની જાગીર મેળવી.

સફ્દરખાનના બે પુત્રો સલાવતમહમદખાન અને મહમદ શેરખાન હતા. શેરખાનને ખાનજહાન જવાંમર્દખાનનો ઇલ્કાબ મળ્યો અને તે સાથે ઈ. સ. ૧૭૧૬માં તેની રાધનપુરના ફોજદાર તરીકે નિમણુક થઈ. તેણે રાધનપુરની ગાદી સ્થાપી.

સલાવતમહમદખાન ગોહિલવાડનો નાયબ ફોજદાર હતો અને ક્રમશ: વીરમગામનો ફોજદાર થયો. તેને ત્રણ પુત્રો થયા : ૧. શેરખાન, ૨. દીલેરખાન અને ૩. શેરઝમાનખાન. શેરખાને બહાદુરખાન નામ ધારણ કરી જૂનાગઢની ગાદી ઈ. સ. ૧૭૪૭ લગભગ સ્થાપી તથા પોતાના ભાઈઓ દીલેરખાન તથા શેરઝમાનખાનને બાંટવા, લીંબુડા પરગણાની ચોરાસી (૮૪ ગામો) તથા થાણદેવડી પરગણાનાં ૨૪ ગામો આપ્યાં. આ તાલુકાની પાછળથી ઈ. સ. ૧૭૦૦ લગભગ વહેંચણી થઈ અને માણાવદરનાં ગામો દીલેરખાનની ગાદીના ભાગમાં આવતાં માણાવદર રાજ્યની સ્થાપના થઇ. શેરખાન ગુજરી જતાં તેનો પુત્ર મહબતખાન જૂનાગઢની ગાદીએ બેઠો તથા બીજા પુત્ર સરદાર મહમદખાને વાડાસિનોરની ગાદી સ્થાપી. બાંટવાના ગામની પુનઃ વહેંચણી ઈ. સ. ૧૮૩૧માં થઈ. તેમાંથી સરદારગઢનો તાલુકો જુદો પડ્યો અને બાંટવા તાલુકો જુદો થયો.

૧. દીવાન રણછોડજીએ 'તવારીખે સોરઠ'માં સફ્દરખાનને જાફરખાનનો પુત્ર કહ્યો છે. આ તેમની ભૂલ છે. તે જ પ્રમાણે કર્નલ વોકરે 'ગવર્નમેન્ટ સીલેકશન, ૩૬'માં આ બાબીઓનાં નામો બાબતમાં ગોટાળો કરી મૂક્યો છે.

૨. બહાદુરખાન પોતાની સાથે ૧. મહમદવલીખાન, ૨. અમ્દુલ્લખાન પટણી, ૩. ફરીદખાન કરાણી, ૪. બુલીખાન યુસુફ્ઝાઇ, ૫. કામેશ્વર પંત, ૬. કરશનચંદ બક્ષી ૭ પીતાંબર મોદી તથા ૮. મુગલરાય નાગરને લેતા આવેલા : (તવારીખે સોરઠ). ૪૨

સુધી લડયા કર્યા અને આખરે તેને હરાવ્યો. શેરખાન બે વર્ષ ગુજરાતમાં રહ્યો અને અહીં દલપતરામ ઇ. સ. ૧૬૫૦માં ગુજરી જતાં જગન્નાથ ઝાલાએ કારભાર સંભાળ્યો.

**આરબોનું બંડ** : સૌરાષ્ટ્રની પ્રજાને કચડી નાખવા આરબોની ભાડૂતી ફોજો શેરખાને રાખેલી. આ ભાડૂતી આરબો પ્રબળ થતા ગયા. શેરખાન પાસે તેમને પગાર ચૂકવવા માટે પૈસા ન હતા; તેથી તેઓએ ઉપરકોટમાં દારૂગોળો ભરી બંડ ઉઠાવ્યું. જગન્નાથ તથા તેના ભાઈ રુદ્રજી તેઓના વકીલ હતા. તેમને શેરખાને પોતાના પક્ષમાં લીધા, અને આરબોનો દારૂગોળો દગાથી બહાર કઢાવી ઘેરો ઘાલ્યો, પણ આરબોએ ટક્કર ઝીલી. શેરખાનની આશાઓ ધૂળમાં મળી. તેણે શેખ મહમદ જુબેદીને ગોંડળના ઠાકોર કુંભાજી પાસેથી, ઘોરાજી પરગણું માંડી આપી, પૈસા લેવા મોકલ્યો. જુબેદીએ આરબોને પૈસા ચૂકવ્યા અને બંડ શાંત પાડયું.

**ધ્રાંગધ્રા** : પોતાના ભાણેજ જામ તમાચીને રાજ અપાવવા માટે ભોગ આપનાર રાજ પ્રતાપસિંહ ઈ. સ. ૧૭૧૮ માં ગાદીએ બેઠા અને ઇ. સ. ૧૭૩૦માં ગુજરી ગયા. તેના પાટવી રાયસિંહજી હળવદની ગાદીએ આવ્યા. અનેક યુદ્ધોથી વિખ્યાત થયેલું અને અનેક શૂરવીરોના શોણિતથી રંગાયેલું હળવદ તેણે છોડી ઈ. સ. ૧૭૩૦ પછી તરત જ ધ્રાંગધ્રાનો કિલ્લો બાંધી ત્યાં રાજધાની કરવા યોજના કરી. (ખરેખર રાજધાની તો ઇ. સ. ૧૭૮૨માં થઈ.) તેના પાટવી ગજસિંહજી હતા. તે સિવાય બીજા પાંચ કુંવરો હતા. તેમને જાગીરો ન આપવા તેનો વિચાર છે, તે જાણી કુમાર સેસાભાઇ બહારવટે નીકળ્યા. તેને પાટવી કુમાર જ સહાય કરવા મંડયા. રાજ રાયસિંહને થયું કે જેના માટે બીજા કુંવરોનું મન તેણે દુભાવ્યું છે તે પાટવી કુમાર જ તેને સહાય કરે છે. તેથી તેણે બીજા કુંવરોનું સમાધાન કર્યું. પોતાને મળેલાં માથક વગેરે ગામોથી સંતોષ ન થતાં સેસાભાઇએ બહારવટું ચાલુ રાખ્યું. તે પછી તેનું સમાધાન કરી તેને નારિયાણા ગામ ગિરાસમાં આપ્યું.

**સાયલા રાજ્યધાની સ્થાપના : ઇ. સ. ૧૭૫૧** : ગજસિંહજી ઇ. સ. ૧૭૪૫માં તેના પિતાના મરણ પછી ગાદીએ બેઠા; તે પછી સેસાભાઈની લાગવગ બહુ વધી ગઈ. તેથી ગજસિંહજીનાં રાણી તેને પિયર વરસોડા તેના કુંવરને લઈને ચાલ્યાં ગયાં. સેસાભાઇએ તે પછી થોડાં જ વર્ષમાં ગજસિંહજીને પદભ્રષ્ટ કરી પોતે ધ્રાંગધ્રાનો કબજો લીધો. ગજસિંહજી તેના કાકા કલાભાઈ પાસે બાવલી નાસી ગયા અને વરસોડાથી તેનાં રાણી મરાઠા સરદાર ભગવંતરાવ તથા રાધનપુરના બાબી કમાલુદ્દીન-ખાનની સહાય લઈ ધ્રાંગધ્રા આવ્યા અને ધ્રાંગધ્રા પાછું લીધું. આ કામમાં સાયલાના કાઠીઓએ ગજસિંહજીને સહાય કરેલી. તેથી સેસાભાઇએ સાયલા ઉપર

ચડાઈ કરી, કાઠીઓને હરાવી, ઈ. સ. ૧૭૫૧માં ત્યાં પોતાની હકૂમત સ્થાપી.

**ભાવનગર : ઈ. સ. ૧૭૪૨** : સિહોરની ગાદીએ રાવળ રતનજી ઈ. સ. ૧૭૦૩માં ગુજરી ગયા, તેની પાછળ ભાવસિંહજી ગાદીએ બેઠા.[૧] તે ખૂબ જ દૂરંદેશી અને બુદ્ધિશાળી હતા. તેમણે પણ સમયનો લાભ લેવા વિચાર કર્યો; પણ કાઠીઓ તેમના માર્ગમાં કંટક થયા હતા. વળી ઘોઘામાં બાબીઓને જાગીર આપવામાં આવેલી. કંટક સોરઠના ફોજદારની ગોહિલવાડના પ્રદેશ ઉપર હકૂમત હતી. અને અમદાવાદના સૂબા અને જૂનાગઢના ફોજદાર વચ્ચે વારંવાર થતા ઝગડાઓની પણ તેને અસર પહોંચી; તેમ છતાં તેણે હિંમત છોડી નહીં, અને પોતાનો ઉદ્દેશ પાર પાડવા પ્રયાસો કરવા માંડયા.

**મરાઠાની ચડાઈ** : ઈ. સ. ૧૭૨૨–૨૩ : ભાવસિંહજી તેની યોજના અમલમાં મૂકે તે પહેલાં મરાઠા સરદાર કંથાજી કદમ બાંડે તથા પીલાજી ગાયકવાડે બિહાર ઉપર ઈ. ૧૭૨૨માં ચડાઈ કરી આ ચડાઈ સૌરાષ્ટ્ર ઉપર મરાઠાઓની આવેલી ચડાઇઓમાં પહેલી હતી. મુસલમાનોની ચડાઇઓથી થાકેલી પ્રજા ઉપર મરાઠાઓની ચડાઇઓ શરૂ થઈ. ભાવસિંહજીએ તેમનું વીરોચિત સ્વાગત કર્યું. સિહોરના પાદરમાં યુદ્ધ થયું અને તેમાં કંથાજી કદમ અને પીલાજી હારીને પાછા ફર્યા.[૨]

---

૧. ભાવસિંહજીને કોઈએ ચડાવ્યા કે 'રાજા આપ છો, પણ ખરી સત્તા તો દીવાન વલ્લભજી દામજીના હાથમાં છે'. ગમે તે કારણે ભાવસિંહજીએ ક્રોધાવેશમાં વલ્લભજીને પોતાના હાથે ભાલું મારી, મારી નાખ્યા. તેથી તેના કુટુંબે ભાવનગરનો ત્યાગ કરવા નિશ્ચય કર્યો. પરંતુ રાજમાતા વચમાં પડયાં અને માફી માગી અને વલ્લભજીના ભાઇ રણછોડજીને દીવાનગીરી આપી.

૨. આ યુદ્ધ માટે રાસમાળામાં બહુ રસિક વર્ણન છે. તે વર્ણન ગોહિલના દસોંદીઓના કથનના આધારે આપવામાં આવ્યું છે. તે પ્રમાણે "પાદશાહનું રાજ્ય શાહુ મહારાજના હાથમાં ગયું. આરબો તેમાં ભળી ગયા. તે છેક મક્કાથી પૂર્વમાં ભદ્રિકા સુધી થયું. તેના સૂબેદાર એવા સત્તાવાન થયા કે તેઓએ ખંડણી લેવા માંડી..... શાહુએ શિવાજીને કહ્યું કે આપણે દીલ્હી તોડીને ઘણો મુલક તાબે કર્યો. હવે કયા દેશ જીતવાના બાકી છે? ત્યારે શિવાજી બોલ્યા કે મેં ઘણા દેશ જીત્યા પણ સૌરાષ્ટ્ર દેશ જિતાયો નથી. તેથી શાહુએ કંથાજીને તથા પીલાજીને એક લાખ વર્ષનો પટો જો સોરઠ દેશ જિતાય તો હું તમને આપું છું અને જ્યાં શહેર હશે તે સર્વ તમને જાગીરમાં આપીશ, એમ કહી રાજ્યપદ આપીને શિરપાવ કર્યો. દીલ્હીના સરદારો લડવાની સામગ્રી લઇને તેઓને મળ્યા. મુગલાઈ તલવારો તેઓએ ખેંચી. રૂસ્તમઅલી બેંસી હજારની ફોજ સાથે લડાઈમાં પડયો. કુંભાજીએ ભાવસિંહજીને કહેવરાવ્યું કે 'તમો સિહોરનો ગઢ આપી દો, નહીંતર સવારમાં તોપ માંડશું.' આ સંદેશો બ્રાહ્મણ લાવ્યો હતો. તેથી તેને ન મારતાં ભાવસિંહે પાછો જવા દીધો. યુદ્ધ થયું. તેમાં મરાઠાઓ હાર્યા. કંતાજી વળતાં માર્ગમાં મરણ પામ્યો. બીજે વર્ષે શાહુએ સામંતોને પુછ્યું કે, 'કંતાજી કેમ ન આવ્યા?' ત્યારે રાવતોએ જવાબ દીધો કે 'જે કોઇ જાવે જાય તે દ્રવ્ય લઇને પાછા આવે, પણ જે ભાવની સામે લડવા જાય તે કદી પાછા આવે નહીં." (રાસમાળા, ભાગ ૨ જો. ભાષાન્તરમાંથી સારાંશ)

**ભાવનગરનો સ્થાપના** : ઈ. સ. ૧૭૨૩ : 'સિહોર જૂનું શહેર છે અને વારંવાર ત્યાં હલ્લા થયા કરે છે. વળી વિસ્તારનો અવકાશ નથી' તેમ જાણી ભાવસિંહજીએ ઈ. સ. ૧૭૨૩માં વડલા ગામ પાસે ભાવનગર શહેર બાંધ્યું.[૧] સોરાબખાન સુરતથી ભાગીને આવ્યો ત્યારે શહેરની બાંધણીનો પ્રારંભ હતો. ભાવસિંહજીએ તેને આશ્રય આપ્યો અને તેણે તે કામમાં ઘણી સહાય કરી.

**સોરાબખાન** : સોરાબખાન એ રીતે ભાવસિંહજીનો મિત્ર થયો. તે પાછળથી સોરઠનો નાયબ ફોજદાર થયો અને ઘોઘાની જાગીર તેને મળી; તેથી ભાવસિંહજીની લાગવગ વધી. વળી, મરાઠાનાં વિજયસૈન્યોને શિકસ્ત આપતાં સોરાષ્ટ્રમાં તેનો મોભો વધ્યો અને તેથી તેણે સુરતના સીદી કિલ્લેદાર સાથે સંધિ કરી ભાવનગરના વેપારનું રક્ષણ કર્યું.[૨]

**લોલિયાણા** : ભાવસિંહજીએ તે પછી લોલિયાણાના મુસ્લિમ થાણદારને હરાવી કાઢી મૂકયો અને આ થાણાનો પ્રદેશ સ્વાધીન કર્યો.

**પોરબંદર** : પોરબંદરમાં ઈ. સ. ૧૭૦૩માં ખીમાજી ગાદીએ બેઠા હતા. તેણે પણ પોતાની સત્તા જમાવવા પ્રબળ પુરુષાર્થ આદર્યો. ઈ. સ. ૧૭૨૬માં રાણાએ માંગરોળના નાગર દેસાઇઓની સહાયથી માધુપુરનો કિલ્લો હાથ કરી મુસ્લિમોએ ખંડિત કરેલા માધવરાયના મંદિરની પુનઃપ્રતિષ્ઠા કરવાનો પ્રારંભ કર્યો. પણ તે વાતની જાહેરાત અમદાવાદ જતાં ઈ. સ. ૧૭૨૭માં મુબારીઝ-ઉલ-મુલ્કે[૩] ચડાઇ કરી અને ખીમાજીએ પોતાનો પરાજય સમીપ જોતાં સમુદ્રમાર્ગે નાસી જવા પ્રયત્ન કર્યો. પણ તેમાં સફળતા મળી નહીં; તેથી ચાલીસ હજાર રૂપિયાનો દંડ ભર્યો અને મુબારીઝે દંડ લઈ રાણા પાસે માધુપુર રહેવા દીધું.

**કુતિયાણા જિતાયું** : ઇ. સ. ૧૭૪૯ : ખીમાજી ઈ. સ. ૧૭૨૮માં મરણ પામ્યા અને તેના અનુગામી રાણા વિક્રમાતજીએ જૂનાગઢની હકૂમતનું કુતિયાણા થાણું શેરખાન બાબી જેવા પ્રબળ સેનાપતિ પાસેથી પડાવી પોતાના રાજ્યમાં ભેળવી દીધું.

---

૧. કર્નલ વોકર આ વર્ષ ૧૭૪૨-૪૩નું કહે છે.

૨. આ સંધિમાં એવો કરાર હતો કે ભાવનગરના માલનું સુરતમાં દાણ લેવું નહીં અને સુરતના માલનું ભાવનગરમાં ઓછું દાણ લેવું. વિશેષમાં ભાવનગરની તરી જગાતની ઊપજમાંથી સવા ટકો સુરતના અધિકારીને આપવો. સોરાષ્ટ્રના સાગરકાંઠે વહાણો લૂંટતા ચાંચિયાઓને પારપત કરવા આ કરાર ઇ. સ. ૧૭૬૦માં અંગ્રેજોએ સુરત જીત્યું ત્યારે પાળી આપવા એવું કબૂલ કર્યું હતું.

૩. આ ચડાઇ શેરબુલંદખાન પોતે લઇને આવ્યો હતો તેવો પણ અન્યત્ર ઉલ્લેખ છે.

મુગલ સામ્રાજ્ય

અત્યાર સુધી આ પ્રાંતનું નામ સૌરાષ્ટ્ર હતું; પણ જુદા જુદા રાજાઓ પોતાના પ્રદેશનાં નામ પોતાના નામે પાડવાની પ્રથા શરૂ કરી. સૌરાષ્ટ્રના જુનાગઢ પ્રદેશને સોરઠ એવું નામ આપ્યું. સૌરાષ્ટ્રનું અપભ્રંશ સોરઠ થઈ ગયું[૧]

૧. સોરઠ શબ્દ તો ઘણો જૂનો હોવાનું જણાય છે. સંભવ છે કે સૌરાષ્ટ્રનું સોરઠ નામ ઇ. સ. ૭૦૦ પછીથી થઈ ગયું હશે. મુસલમાનોએ ઉચ્ચારમાં સહેલું જણાતાં તે નામ અપનાવી લીધું. રાહના સમયમાં તે સોરઠ કહેવાતો તે પણ માની શકાય છે. સોરઠ શબ્દ વર્તમાન સોરઠ માટે તો મુસ્લિમોના સમયથી વિશેષ પ્રચલિત થયો તેમ જણાય છે.

જામરાવળે વર્તમાન હાલારનું નામ પાડયું. સેજકજી ગોહિલ પછીના ગોહિલ રાજાઓએ વર્તમાન ગોહિલવાડનું નામ પાડયું. અને ઝાલાઓએ તેમના પ્રદેશને ઝાલાવાડ કહ્યો. કાઠીઓ ધંધુકા, સાયલા, ચોટીલા, જસદણ, વડિયા, જેતપુર સુધીના મધ્ય સૌરાષ્ટ્રમાં પ્રસરેલા હતા. તેથી તે ભાગ કાઠિયાવાડ કહેવાયો. બાકી રહેલો રાહનો પ્રદેશ મુસ્લિમોએ ખાલસા કર્યો. તે સૌરાષ્ટ્ર વા સોરઠ કહેવાયો. તેનો ઉલ્લેખ સોરઠ તરીકે ચારણોની વાતોમાં, દુહાઓમાં અને સિંધી કવિ શાહ લતીફનાં કાવ્યોમાં છે. બીજી તરફ મુસ્લિમોએ તેને સોરઠ કહ્યો તે સમયે તે વિભાગનું નામ સોરઠ પ્રચલિત હશે તેમ પણ માની શકાય છે. ચંદ્રચુડના સમયમાં જૂનું સોરઠ તથા નવું સોરઠ એમ બે ભાગ હતા. 'સોરઠ' સ્થાનિક પ્રજાજનોમાં સૌરાષ્ટ્ર જેટલું જ પ્રિય નામ છે. સોરઠી, સોરઠિયા, સરઠો તેના ઉપરથી થયેલા શબ્દો છે. સોરાઠયા વિશેષણોવાળી જાતિઓ છે. એટલે તે શબ્દ પુરાણો હતો તેમ માનીએ તો હરકત નથી. આ સંશોધનનો વિષય છે અને સંશોધન કરતાં આ રસિક વિષય ઉપર થોડોઘણો પ્રકાશ પડે છે.

વિદ્વાન ઇતિહાસજ્ઞ શ્રી. ગૌ. હી. ઓઝાના મંતવ્ય અનુસાર ઉત્તર સૌરાષ્ટ્રનું નામ આનર્ત હતું. તેની રાજધાની આનર્તપુર યા આનંદપુર હતી અને દક્ષિણ સૌરાષ્ટ્રનું નામ સોરઠ હતું. (નવમી ગુજરાતી સાહિત્ય પરિષદ) પરંતુ સોરઠનો સ્પષ્ટ ઉલ્લેખ કયાંય હોવાનું તે કહેતા નથી. જૈન ગ્રંથોમાં સૌરાષ્ટ્ર શબ્દનો જ પ્રયોગ કરેલો છે. વિવિધ તીર્થ કલ્પગત "ઉજ્જયન્ત સ્તવન"માં તેમજ વસ્તુપાલતેજપાલમંત્રીકલ્પમાં 'સુરાષ્ટ્ર' શબ્દ વાપરેલો છે. જ્યારે "ઉજ્જયન્ત મહાતીર્થકલ્પ" અને 'રૈવતગિરિ કલ્પ' અને 'અમ્બિકાદેવી કલ્પ'માં "સુરઠ્ઠા" શબ્દ વાપરેલો છે.

પણ ઇ. સ. ૧૪૫૬ લગભગ લખાયેલા કાન્હડદે પ્રબંધમાં ( "લાડ દેશનિ સિંધુ સવાલખ ગુજ્જર સોરઠ લીધ" ) 'સોરઠ' શબ્દ વપરાયેલો જોવામાં આવે છે.

'નંદીસૂત્ર" નામના ગ્રંથમાં અઢાર લિપિઓમાં સોરઠ લિપિનો તથા હરિભદ્રસુતકૃત 'ધૂર્ત્તાખ્યાનસમુચ્ચય'માં સોરઠી રાગનો ઉલ્લેખ છે.

ઇ. સ. ૧૪૪૩ લગભગ લખાયેલા 'વસંતવિલાસ' નામના ગ્રંથમાં "ગંજુસ દીવીઠ્ઠ ભણીયે, સુણીયએ સોરઠ દેશ" એવો પણ ઉલ્લેખ છે.

આ પ્રશ્ન ચર્ચાનો એક સ્વતંત્ર વિષય છે. પણ કાંઇ પણ નિર્ણયાત્મક કથન કરતાં પહેલાં એટલું સ્પષ્ટ છે કે 'સોરઠ' શબ્દ મુસ્લિમો આવ્યા પહેલાંનો પ્રચલિત છે. તે સૌરાષ્ટ્રનો સ્પષ્ટ અપભ્રંશ છે. પણ તે સાથે પ્રજાએ તેને અપનાવી સૌરાષ્ટ્રનો અમુક પ્રદેશ સોરઠ ગણ્યો છે અને સદીઓથી તેનો ઉપયોગ થતો આવ્યો છે. મુસ્લિમોએ પણ તે શબ્દને સ્વીકાર્યો અને તેમના વ્યવહારમાં લીધો.

અને જૂનાગઢથી સાગરકાંઠા સુધીનો ભાગ સોરઠ તરીકે ઓળખાયો. મરાઠાઓએ આ દેશમાં આવી કાઠીઓનો સામનો જોયો. તેથી આ દેશના મધ્યસ્થ ભાગને કાઠિયા-વાડ કહેવામાં આવતો. તેથી સૌરાષ્ટ્રને કાઠેવાડ કહેવા માંડયા અને તે ઉપરથી અંગ્રેજોએ તેને કાઠિયાવાડ કહ્યો.

આ સોરઠ વિભાગના દક્ષિણ ભાગમાં મુસ્લિમોનાં થાણાંઓ હતાં. તેમાં ઊના, દેલવાડા, પ્રભાસપાટણ, વેરાવળ, માંગરોળ વગેરે સ્થળોએ થાણદારો રહેતા; કારણ કે સોરઠ શહેનશાહતનો ખાલસા પ્રદેશ હતો.

**ઊના–દેલવાડા** : ઊના–દેલવાડાના મુસ્લિમ થાણદારોને ત્યાંના રજપૂતોએ હાંકી કાઢયા અને ઊના પોતાના કબજામાં લીધું; પણ તેઓની હકૂમત લાંબો વખત ટકી નહિ. ત્યાંના મુસ્લિમ કસ્બાતીઓએ ઊના પુનઃ કબજે કરી લીધું અને ઇ. સ. ૧૭૪૮ લગભગ આ કસ્બાતીઓ સ્વતંત્ર થઈ પડયા.

**પ્રભાસપાટણ–વેરાવળ** : પ્રભાસપાટણના રજપૂત રાજકર્તાઓનો નાશ થયા પછી ત્યાં કોઈ રજપૂતો હતા નહિ અને જે હતા તેઓએ ઇસ્લામનો અંગીકાર કર્યો હતો. મુગલોએ જ્યારે સોરઠ પરગણું ખાલસા વહીવટમાં લીધું ત્યારે ત્યાં થાણું મૂકેલું અને દેસાઇઓને મુલ્કી વહીવટ સોંપેલો. દેસાઇઓ ઇ. સ. ૧૭૦૦ લગભગ મુસ્લિમોની સાથે લશ્કરી કામગીરી પણ કરતા, અને દેસાઈ ગણપત સારંગધર આ પ્રદેશના બન્ને વિભાગોના અધિકારી હતા. તેઓ ગુજરી જતાં તેમના પુત્ર માવજી દેસાઇ, મલેકખાન જીયાખાને પાટણ ઉપર ચઢાઈ કરી પાટણ હસ્તગત કરવા કરેલા પ્રયાસોમાં, પોતાના બે ભાઈઓ સાથે તેની સામેના યુદ્ધમાં કપાઈ ગયા. મલેકખાને પાટણનો કબજો લીધો અને પાદશાહના થાણાને ઉઠાડી મૂકયું; પણ ઇ. સ. ૧૭૦૬માં બાદશાહ ઔરંગઝેબની આજ્ઞાથી માવજીના પુત્ર દેસાઇ સુરજમલે પાટણ ફરી ફતેહ કર્યું અને મકેલખાન જીયાખાનને રણક્ષેત્રમાં ઠાર માર્યો.[1]

**માંગરોળ** : માંગરોળ જમાલખાન લોહાણી નામના સરદારને જાગીરમાં મળેલું. તેના પાસેથી મરાઠાઓએ તે પડાવી લીધું અને ત્યાં જાદવ જશવંત નામનો થાણદાર હતો. તેને ઇ. સ. ૧૭૪૮માં કાઢી મૂકી શેખ કમરૂદ્દીને ત્યાંનો કબજો કરી સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું.[2] એ રીતે સોરઠ કે જે શાહી ખાલસા પ્રદેશ ગણાતો તેમાં

---

૧. આ દેસાઇ સૂરજમલ મારા પૂર્વજ હતા. આ પ્રસંગની વિગતો 'પિતૃતર્પણ' નામના મારા પુસ્તકમાં આપવામાં આવી છે.

૨. 'સોરઠી તવારીખ' પ્રમાણે માંગરોળની પ્રજાએ રાજીખુશીથી ગાયકવાડી સત્તા સ્વીકારી હતી. આ થાણું ઇ. સ. ૧૭૨૩ લગભગ બેઠું હશે. તેમાં બે સૂબાઓ દંતાજી તથા ત્ર્યંબકરાવ થયા. 'સોરઠી તવારીખ'માં આ સૂબાને પેશ્વાનો સૂબો તથા તેનું નામ નેતાજી કહેલ છે; તેણે મુસ્લિમોને એકાદશી કરવા તથા સોમવાર કરવા ફરજ પાડેલી હતી. તેના થાણદાર જાદવ જસવંતને શેખ ફકરૂદ્દીને કાઢી મૂકયો એમ પણ લખે છે.

પણ મારે તેની તલવાર એવી સ્થિતિ થઇ. જૂનાગઢના ફોજદારના તાબાનાં અગત્યનાં બધાં થાણાંઓ તેના હાથમાંથી ચાલ્યાં ગયાં અને શહેનશાહની હકૂમત દીલ્હી શહેરમાં રહી, તેમ તેઓની હકૂમત જૂનાગઢ પૂરતી જ હતી.

મરાઠાઓની મુલકગીરી : મરાઠાઓએ સૌરાષ્ટ્ર ઉપર મુલકગીરી નામે ચોથ ઉઘરાવવા આ સૈકાના પૂર્વાર્ધમાં ચડાઈઓ કરી મોટી રકમોની આકરી વસૂલાત કરી સૌરાષ્ટ્રને નિર્ધન બનાવી દીધું. તેઓનાં મોટાં લશ્કરો આ દેશમાં ઊતરી પડતાં અને રાજાઓ અને જમીનદારો પાસેથી અને ધનવાન માણસો પાસેથી મોટી મોટી રકમો વસૂલ કરતાં. આવી ચડાઇ ઇ. સ. ૧૭૨૨માં પ્રથમ વખત થઈ હોવાનું જણાય છે. ત્યારે પીલાજી ગાયકવાડ અને કંથાજી કદમનાં સંયુક્ત સૈન્યો ગુજરાતમાં થઇ સૌરાષ્ટ્રમાં ઊતર્યાં અને નાના નાના તાલુકદારોને દબાવી ખંડણી લઇ પછી સિહોર ગયા. ત્યાં ભાવસિંહજી ગોહિલે તેમને શિકસ્ત આપી અને મરાઠી સૈન્યો પાછાં ફરી ગયાં. તે પછી ઇ. સ. ૧૭૨૫માં પીલાજી ગાયકવાડે ફરીથી ચડાઈ કરી સરહદ ઉપરથી ખંડણી ઉઘરાવી, પણ તે સૌરાષ્ટ્રના અંદરના ભાગમાં આવી શકયા નહિ.

ત્રીજી ચડાઇ ઇ. સ. ૧૭૩૧માં પીલાજીએ કરી. તેણે જૂનાગઢમાં બે વર્ષ મુકામ રાખી ખંડણી વસૂલ કરી. આથી સત્તાની અવગણના થઈ અને બીજી રીતે ન ફાવતાં ગુજરાતના સૂબા અભયસિંહે તેનું ડાકોરમાં ખૂન કરાવ્યું; પણ તેનાથી હતાશ કે પરાજિત ન થતાં વિશેષ જોરથી ઇ. સ. ૧૭૩૫માં દામાજી ગાયકવાડે સૌરાષ્ટ્રમાંથી મોટી રકમની ખંડણી વસૂલ કરી. સૌરાષ્ટ્ર જાણે તેમને લૂંટી આવાનો ખજાનો હોય તેમ ઇ. સ. ૧૭૩૭માં દામાજી ગાયકવાડના ભાઈ પ્રતાપસિંહે અને ઇ. સ. ૧૭૩૮માં દામાજીએ અને તે જ વર્ષમાં રંગાજીએ પોતાના દ્રવ્યલોભને મોટી મોટી રકમો બળજબરીથી વસૂલ લઇ સંતોષ્યો.[1] ઇ. સ. ૧૭૪૨માં દામાજી ગાયકવાડે ફરી ચડાઈ કરી. મરાઠાઓ કોઈ પણ જાતની વ્યવસ્થા વગર કે રકમ મુકરર કર્યા સિવાય મુલકગીરી વસૂલ લેતા ગયા. બે વર્ષ પછી, એટલે ઇ. સ. ૧૭૪૪માં, દામાજીના ભાઇ સેનાપતિ ખંડેરાવની વિધવા ઉમાબાઈનાં સૈન્યો આ કમનસીબ પ્રાંત ઉપર ફરી વળ્યાં. પણ પોતાને તેમાંથી ભાગ ન મળતાં દામાજીએ વીસ હજારનું સૈન્ય સજી તોપ તથા બંદૂકો જેવાં અદ્યતન હથિયારો સાથે સોરઠ જીતી લેવા જૂનાગઢ ઉપર ચડાઈ કરી. ઇ. સ. ૧૭૪૬માં જૂનાગઢના પાદરમાં પોતાના તંબૂ ઊભા કરી જૂનાગઢ ઉપર તોપો માંડી; પણ આ વખતે શેરખાન બાબીએ[2] મોહનલાલ

---

૧. ઇ. સ. ૧૭૩૯માં દામાજીએ કચ્છ ઉપર ચડાઇ કરી હતી. "પેશવે આણી દાભાડે" પેશ્વા દફતરના મરાઠી પત્રોના આધારે.

૨. શેરખાને બહાદુરખાન એવું નામ આ સમયે ધારણ કર્યું હતું.

જીકાર નામના નાગરની સલાહ અને સહાયથી ઉમાબાઈને મોટો નજરાણો આપી, સર્વનાશનો ભય ટાળ્યો. તે પછી ઈ. સ. ૧૭૪૬માં દામાજી તાકપુરેને મોકલ્યો. તેણે વંથલી ઘેર્યું અને જૂનાગઢને ઘેરવા વ્યૂહ ગોઠવ્યો. પણ વડોદરાથી પુરવઠો ન આવતાં તે ઘેરો ઉઠાવી ચાલ્યો ગયો.

આ બધા સમય દરમ્યાન મુસ્લિમ શાસકો મૌન પકડી પોતાનો સ્વાર્થ સાધવા પ્રજાની પાયમાલી જોયા કરતા હતા, એટલું જ નહીં, પણ મરાઠાઓ જાય પછી પોતાની મુલકગીરી શરૂ કરતા હતા. ઈ. સ. ૧૭૨૭માં તથા ઈ. સ. ૧૭૩૦માં મુબારીઝ-ઉલ-મુલ્કે યુદ્ધના ખર્ચને પહોંચી વળવા સૌરાષ્ટ્રમાંથી ભારે ખંડણી વસૂલ કરી.

આમ ઈ. સ. ૧૭૦૦ થી ઈ. સ. ૧૭૪૮ સુધી, એટલે અઢારમી સદીના પૂર્વાર્ધમાં, સૌરાષ્ટ્ર પરસ્પરના વેરઝેરના પરિપાક રૂપે થતાં યુદ્ધો, મુસ્લિમો અને મરાઠાઓની ચડાઈઓ, રાજાઓની રાજ્યવિસ્તાર અને સત્તા વધારવાની લાલસામાં વીંખાઈ પીંખાઈને નિસ્તેજ, નિર્ધન અને નિર્બળ થઈ ગયો. ખેતીવાડી, વેપાર અને ઉદ્યોગનો નાશ થઈ ગયો. પ્રજાના જાનમાલની સ્થિરતા રહી નહીં અને લોહી-તરસી ધરતી ઉપર વિના કારણ નિર્દોષ નરનારીનાં શોણિતની સરિતાઓ ચાલી રહી.

**અઢારમી સદીનો ઉત્તરાર્ધ** : સૌરાષ્ટ્રના ભાગમાં અઢારમી સદીના ઉતરાર્ધનો હવે પ્રારંભ થાય છે. ઈ. સ. ૧૭૫૦માં ભાવસિંહજીએ એક સ્થિર રાજ્યનીતિ અપનાવી, પોતાની પ્રતિષ્ઠા જમાવી, ભાવનગર રાજ્યનો વિસ્તાર તેમજ તેનું બળ વધારી, તેની આબાદી તરફ વિશેષ ધ્યાન આપી, તેને સમૃદ્ધ બનાવ્યું. જૂનાગઢમાં વારંવાર આવતા ફોજદારો અને તેમનાં અવ્યવસ્થિત રાજતંત્ર તેમજ રાજનીતિને પરિણામે સલ્તનતનાં ગુમાવેલાં પ્રતિષ્ઠા અને બળ પુનઃ પ્રાપ્ત કરી શેરખાન બાબી મોગલ શહેનશાહતને આધીન પણ સ્વતંત્ર રાજવી થયો હતો. જામનગરમાં બળવાન ભાયાતોને દૂર કરી, મુસ્લિમ થાણાંને ઉઠાડી મૂકી, પોતાના રાજ્યને જામે બળવાન બનાવ્યું હતું. અને આ સમયે જામ લાખાજી એને સુદૃઢ બનાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. ધ્રાંગધ્રા નામના નવા શહેરમાં ઝાલા ગજસિંહે રાજગાદી ફેરવી, પ્રગતિની દિશામાં આગેકદમ કરી હતી. મોરબીના અલીયોજીએ વવાણિયા ગામે બંદર ઉઘાડી વ્યાપારની વૃદ્ધિનો વિચાર કર્યો હતો. ગોંડળમાં કુંભાજી પોતાનાં પ્રતિભા, મુત્સદ્દીગીરી, ધન તથા બાહુબળના પરિણામે ચારેકોર ચકોર આંખે પરિસ્થિતિનો લાભ લેવા તત્પર બેઠા હતા. ધ્રોલના ઠાકોર વાઘજી પણ તેનાં બળ અને શકિતથી સૌરાષ્ટ્રમાં નાના છતાં એક ગણતરીમાં લેવા લાયક સરદાર તરીકે પંકાઇ ગયા હતા. ઝાલાવાડમાં લીમડીને રાજધાની કરી હરભમજી ઝાલા મુસ-

લમાનોનાં થાણાં કાઢી મૂકી[1] બળવાન થઈ ગયા હતા. રાજકોટમાં બાકરખાન તથા મોસમખાનને મારી, નવું રાજ્ય સ્થાપી, મધ્ય સૌરાષ્ટ્રમાં પોતાનું વર્ચસ્વ જમાવી રણમલજી ગુજરી ગયા હતા. તેના અનુગામી ઠાકોર લાખાજી નબળા હતા; પણ પાટવી મહેરામણજી વિદ્વત્તા અને શૌર્યના પ્રભાવે શાસન કરી રહ્યા હતા.

આમ, સૌરાષ્ટ્રમાં ચારે તરફ મુસ્લિમ સત્તાનો અસ્ત થતાં અને મરાઠાઓની મુલકગીરીના કારણે થયેલા કરજના વધારાને પહોંચી વળવા નાનાંમોટાં રાજ્યો યુદ્ધોમાંથી અળગાં રહી રાજ્યવિસ્તાર કરતાં આબાદી વધારવા પર વધુ લક્ષ્ય આપવા પ્રયત્ન કરી રહ્યાં હતાં.

પણ સૌરાષ્ટ્રના ભાગ્યમાં આવી આબાદી અને શાંતિ લખાઈ ન હતી.

**જવાંમર્દખાનની ચડાઇ :** ઇ. સ. ૧૭૫૧ : અગાઉ જોયું તેમ જવાંમર્દખાન બાબી તથા દામાજી સાથે શેરખાનને વેર બંધાયું હતું અને તે બન્ને જૂનાગઢ ઉપર ચડાઈ લઈ જઈ શેરખાનનું કાસળ કાઢી નાખવા વિચારી રહ્યા હતા. પણ ઇ. સ. ૧૭૫૧માં પેશ્વાએ દામાજીરાવને દગાથી કેદ પકડયા અને જવાંમર્દખાને એકલાએ સોરઠ ઉપર સ્વારી કરી. પણ તે જૂનાગઢ સુધી પહોંચી શકયો નહિ અને નાના ઠાકોરો પાસેથી પેશકસી ઉઘરાવી પાછો ગયો.

**સાયલા રાજ્યની સ્થાપના :** ઇ.સ. ૧૭૫૧ : ધ્રાંગધ્રાના કુંવર સેસમાલજી ઉર્ફે શેશમલજીએ, સાયલાના કાઠીઓ તેમના ભાઈ ગજસિંહ વતી લડયા તેનું વેર લેવાના બહાને, સાયલા ઉપર ચડાઇ કરી, તે જીતી લઈ, ત્યાં પોતાની ગાદી સ્થાપી.[2]

---

૧. ધ્રોળના વાઘજી ઠાકોર મીતાળાના ખારામાં છાવણી નાખી પડયા હતા. ત્યાં ગોંડળનો હોથીજી નગારાં વગાડતો નીકળ્યો. નગારાં બંધ કરવા વાઘજીએ તેને આજ્ઞા આપી; પણ તેણે નમતું ન આપ્યું. તેથી વાઘજીએ તેને હરાવી, નગારાં ફોડી, ગોંડલ ઉપર ચડાઇ કરવા વિચાર કર્યો. ત્યાં એક ચારણે ગોંડલ જઈને કહ્યું કે,

'હાલા હોથીને વાર, ગઢ જાશે ગોંડલ તણો,
સૂતા સાપ મ જગાડ, વેરી કર માં વાઘડા.'

૨. સેસાભાઇએ તેના ભાઇ ગજસિંહ પાસેથી ધ્રાંગધ્રા લઇ લીધું, પણ તેનાં રાણી જીજીબા તેના ભાઇ વરસોડા ઠાકોરને ત્યાં હતાં. તેણે રાધનપુરના બાબી ફખરૂદ્દીનખાન તથા પેશ્વાના સરદાર ભગવંતરાવની મદદથી સેસાભાઇએ કાઢી ધ્રાંગધ્રા પુનઃ લીધું. તે વખતે કાઠીઓએ તેને સહાય કરેલી.

**ગુજરાતમાં મુસ્લિમ સત્તાનો અંત : ઇ. સ. ૧૭૫૩ :** ઇ. સ. ૧૭૫૩માં અકબરે ગુજરાત જીતીને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું તે પછી ૧૪૦ વર્ષે એટલે ઇ. સ. ૧૭૫૩માં શાહી સૂબા જવાંમર્દખાનનો મરાઠાઓના હાથે સખ્ત પરાજય થયો અને તેણે મુંજપુર, વીસનગર, વડનગર, ખેરાળુ, પાટણ વગેરે પોતાની જાગીરનાં પરગણાં હતાં તે મરાઠાઓએ લેવા નહીં તે શર્તે અમદાવાદનો કબજો તેણે મરાઠાઓને સોંપી દીધો. અમદાવાદ મરાઠાઓના હાથમાં પડયું અને તે સાથે ગુજરાતમાં મુસ્લિમ સત્તાનો અંત આવ્યો.[૧]

**પ્રજાનો બળવો : ઇ. સ. ૧૭૫૪ :** આ સમયનો એક પ્રસંગ નાનો છતાં નોંધવા પાત્ર છે. ગુજરાતની આથમતી મોગલાઇમાં દાઠાનો મુસ્લિમ થાણદાર સ્વતંત્ર થઈ પડયો. તેણે પ્રજા ઉપર અકથ્ય જુલ્મ આદર્યો. અસહ્ય ત્રાસથી કંટાળી દાઠાના ભરવાડો તથા આહિરોએ એકત્ર થઈ, તેને હરાવી, માર્યો અને દાઠા કબજે કર્યું. પરંતુ આ ભરવાડો તથા આહિરો પણ તેના જ ચીલે ચાલ્યા અને રૈયતે બળવો કર્યો. પ્રજાની શક્તિ ખૂટવા આવી. તે પ્રસંગે હાથસણીના સરવૈયા ઠાકોર વરસોજી, કાનોજી તથા મેઘરાજજીએ તેની મદદે આવી ભરવાડ તથા આહિરોને હરાવી દાઠા કબજે કર્યું અને પ્રજાએ તેમને રાજકર્તા તરીકે માન્ય રાખ્યા.

**ઘોઘા : ઇ. સ. ૧૭૫૮ :** મોમીનખાન ઇ. સ. ૧૭૫૭માં મરાઠાઓની તલવારે શિકસ્ત આપતાં તે અમદાવાદ છોડી ચાલ્યો ગયો. ઘોઘા મરાઠાઓના અધિકારમાં આવ્યું અને પેશ્વાના ખાલસા પ્રદેશમાં તેને ઉમેરવામાં આવ્યું.

**રાજપીપળાનું યુદ્ધ : ઇ. સ. ૧૭૫૫ :** કેટડા સાંગાણી પાસે રાજપીપળા ગામે

---

૧. અમદાવાદના પતન પછી મોમીનખાને શંભુરામ નામના નાગર સેનાપતિની સહાયથી અમદાવાદ કબજે કર્યું. પેશ્વાએ સદાશિવ રામચંદ્રને અમદાવાદ પુનઃ સર કરવા મોકલ્યો. દામાજી ખંડેરાવ, જવાંમર્દખાન વગેરે તેને આવી મળ્યા; પણ શંભુરામે અપાર શૌર્યથી મરાઠાઓને ફાવવા દીધા નહીં, એટલું નહીં પણ કિલ્લામાંથી બહાર ધસી આવી મરાઠી ફોજની ખુવારી સરજી. મરાઠાઓએ સુલેહ કરી અને તેની શર્તો મુજબ મોમીનખાને લશ્કરનો ખર્ચ લઇ મરાઠાઓને ઘોઘા તથા ખંભાત ઉપર ખંડણી ન લે તે શર્તે અમદાવાદ સોંપવા તત્પરતા બતાવી. પણ તેના સલાહકારોની સલાહ ન પડી. તેથી તે ફરી ગયો. તેથી મરાઠાઓએ પ્રબળ આક્રમણ કર્યું અને એક લાખ રૂપિયા રોકડા લે અને દસ હજાર રૂપિયાની વાર્ષિક ખંડણી અથવા ખંભાતની અરધી ઊપજ આપે તે શરતે મોમીનખાંને અમદાવાદ ઇ. સ. ૧૭૫૭ના એપ્રીલમાં સદાશિવ રામચન્દ્રને સોંપી આપ્યું. તે પછી મુસ્લિમ સરદારોની અમદાવાદ લેવાની ફરી હિંમત થઇ નહીં. જેમ્સ ફ્રેઝર આ ઘટના (જવાંમર્દખાનનો પરાજય) ઇ. સ. ૧૭૫૫માં ઘટી એમ કહે છે.

કોટડાઠાકોર જસાજી[1] તથા સાયલાઠાકોર શેશમલજી વચ્ચે ઇ. સ. ૧૭૫૫માં ભયંકર યુદ્ધ થયું તેમાં સરતાનજી તથા ઠાકોર જેસાજી રણભૂમિમાં પડયા. શેશમલજીના સૈન્યમાંના કાઠીઓની મોટી ખુવારી થઈ. યુદ્ધમાં કોણ જીત્યું કે કોણ હાર્યું તે નક્કી થઇ શકે તેમ ન હતું. જેસાજીના અનુગામી ઠાકોર દેવાજી પણ તે જ વર્ષમાં હોથીજી નામના બાળક કુંવરને મૂકી ગુજરી ગયા. ઠાકોરની બાલ્યાવસ્થાનો લાભ લઈ કાઠીઓ જોર કરશે એવી ભીતિથી તેમના પિતરાઈ રાજપરના ઠાકોર તેગાજી તથા ભાડવાના ઠાકોર ખેંગારજી ઉર્ફે ખેંગુભાએ જૂનાગઢ, રાજકોટ તથા ગોંડલનાં સૈન્યોની સહાય મેળવી કાઠીઓનાં ગામો બામણબોર, ચોટીલા, આણંદપુર, દડવા,

---

૧. કોટડા સાંગાણીના મુસ્લિમ થાણાને ઉઠાડી મૂકી વેજા જોગીદાસ ખુમાણ નામના કાઠી સરદારે કોટડા ઇ. સ. ૧૭૪૫ લગભગ લઇ લીધું અને ત્યાં પોતાનું થાણું સ્થાપ્યું, એટલું જ નહિ પણ ત્યાંથી તેણે ગોંડલ, સરધાર, રાજકોટ વગેરે પ્રદેશોમાં લૂંટફાટ આરંભી. તેઓનો ત્રાસ હદ બહારનો થઇ પડયો; તેથી અરડોઈના તેજમલજીના ત્રણ કુંવરો જસાજી, સરતાનજી, તથા દેવાજીએ ચડાઇ કરી કાઠીઓને હરાવી કાઢી મૂકયા અને કોટડાનો તાલુકો સ્વાધીન કર્યો.

આ ભાઇઓ બહાદુર હતા. તેઓની બહાદુરી અને વીરતાની વાતો અદ્યાપિ વાર્તાકારોમાં પ્રચલિત છે. તેમાં સરતાનજી ઉર્ફે સતમલ વીરતા માટે વિશેષ વિખ્યાત હતા. તેના માટે કહેવાય છે કે :

સતમલિયો ફોજાં સજે અંબર રજ અડિયાં,
ઓખો ધ્રૂજે આભ પર, ખાચર ખળભળિયાં.
પીળા ઓઢે પામરી, ઢળકતી ધારે ઢાલ,
સાત હજારે સોંસરો, સાંગાણી સતમાલ.
કાઠિયાણી કે કાઠીએ મ–જ્જો હાલાર!
ભાદરકાંઠે ભોરીંગ વસે, સાંગાણી સતમાલ.

ગોંડલ તથા કોટડાની હદનો વાંધો ચાલતો. તેથી સમાધાનથી તે નક્કી કરવા બન્ને વચ્ચે સમજણ થઇ; ગોંડલ તરફથી હાલોજી ઠાકોર વતી કુંવર કુંભાજી તથા કોટડા તરફથી જસાજી આવ્યા. કુંભાજી નાની વયના હતા. તેથી તેનામામા–ધ્રાંગધ્રાથી જુદાપડી સાયલા રાજ્ય સ્થાપનાર–સેસમલજી ઉર્ફે સેસાજી સાથે ગયા. સીમાડો બતાવવા સીમાડીયા ગામના એક પટેલને સાથે લીધા. જેસાજીએ ભાલું પટેલ તરફ રાખી તેને સીમાડો બતાવવા કહ્યું. તેથી શેશમલજીએ વાંધો લીધો. જસાજી ઉશ્કેરાઇ ગયા અને કહ્યું કે, "સિંહોની તકરારમાં સસલાને શું ખબર પડે?" કુંભાજીનું કામ બગડે તેમ માની શેશમલજી તે વખતે બોલ્યા નહિ; પણ સાયલા જઈ કાઠીઓને બોલાવી ઉશ્કેર્યા કે 'કાઠીઓનો મુલક કોટડાએ પચાવી પાડયો છે. તમે હિમ્મત કરો તો હું અપાવી દઉં.' કાઠીઓ મોટી સંખ્યામાં એકત્ર થયા અને ગોંડલે કોટડાને મદદ ન આપવા વચન આપ્યું. તેથી શેશમલજી સાત હજારની ફોજ લઇ કોટડા ઉપર ચડયા. તેણે જસાજીને કહેવરાવ્યું કે "સસલાનું પાણી જેવું હોય તો સિંહ બહાર આવે." જસાજી તેના ભાઇઓ સરતાનજી તથા દેવાજી સાથે રાજપીપળા ગામે સામા આવ્યા અને યુદ્ધ થયું.

ચોબારી, મેવાસા, સણોસરા જીતી ધંધલપુર લીધું, કાઠીઓનો ઘાણ કાઢી નાખ્યો, અને ત્યાંથી આગળ વધી સાયલા ઘેર્યું; પણ શેરાખલજી એક કુશળ સેનાપતિ હતા. તેમણે થોડા દિવસ સમય વિતાવવા ટક્કર ઝીલી. દરમ્યાન ચોમાસું બેસી જતાં સંયુક્ત ફોજો પાછી વળી ગઈ અને સાયલા બચી ગયું.

શેરખાનજીનું મૃત્યુ : ઈ. સ. ૧૭૫૮ : મરાઠાઓનાં વિજયી સૈન્યોએ અમદાવાદ જીતી લીધું અને ત્યાં પુનઃ સત્તા પ્રાપ્ત કરવાની શેરખાનજીની આશા નષ્ટ થઈ ગઈ. ગુજરાતમાંથી મુગલ બાદશાહીની જડ ઊખડી ગઈ. પોતે વિશેષ અધિકારો પ્રાપ્ત કરવામાં આખું જીવન વિતાવી નાખી, અંતિમ દિવસોમાં એક નાના રાજ્યની સ્થાપના કરનાર શેરખાન બાબી ઉર્ફે બહાદુરખાન ઈ. સ. ૧૭૫૮માં ગુજરી ગયા.

શેરખાનજીને પાંચ પુત્રો હતા. તેમાં મહાબતખાનજી સૌથી મોટા હતા. તેમને ગાદીએ બેસાડવામાં આવ્યા. તે સમયે તેના બળવાન ભાઈ સરદાર મહમદખાન વાડાસિનોર હતા. તેમણે પિતાના મૃત્યુના તથા મહાબતખાનજી જૂનાગઢની ગાદીએ બેઠા તે સમાચાર સાંભળી વાડાસિનોરમાં પોતાની સ્વતંત્રતા જાહેર કરી.

મહાબતખાનજીએ ગાદીએ બેસતાં દીવાન જગન્નાથ ઝાલા કે જેણે વસંતરાય પુરબિયા પાસેથી જૂનાગઢ તેના પિતા બહાદુરખાનને પ્રાપ્ત કરાવી આપ્યું હતું, તેને બીલાલ નામના સીદી ગુલામ પાસે મજેવડી દરવાજા પાસે દગાથી મરાવી નાખ્યા, તેનાં ઘર લૂંટી લીધાં તથા કુટુંબીઓને કેદ કર્યાં. ગોંડલના કુંભાજીની પ્રેરણાથી જમાદાર રહવીખાન રેન ધોળકિયા અને પીરઝાદા બલફ શાહમીંયા જગન્નાથના ભાઈ રુદ્રજી ઝાલાના જામીન પડતાં તેને કુટુંબસહિત જૂનાગઢમાંથી જવા દીધા. તેઓ પોરબંદર ચાલ્યા ગયા.

દામાજી ગાયકવાડ : આ સમયે વડોદરાની ગાદીએ દામાજીરાવ ગાયકવાડ હતા. તેણે સૌરાષ્ટ્ર ઉપર મુલ્કગીરીની સ્વારી કરી. તેનાં અતુલ સૈન્યોની શક્તિ પાસે સૌરાષ્ટ્રના રાજાઓએ નમતું આપ્યું જૂનાગઢ પણ તેની સામે થઇ શકયું નહીં. મહાબતખાનના દીવાન સોમજી જીકારે યુદ્ધ કરવાનું પરિણામ સારું નહીં આવે તેમ જાણી ખંડણી ભરી ગાયકવાડની ફોજને પાછી વાળી.

દામાજી ગાયકવાડે આ સ્વારીમાં લાઠીના ઠાકોર લાખાજી ઉપર એવી ભીંસ કરી કે લાખાજીને ખંડણી ભરવા માટે અન્ય માર્ગો સૂઝયા નહીં; તેથી તેની કુંવરી દામાજી ગાયકવાડને પરણાવવી પડી.[1]

---

૧. કુંવરી બાબત ઇતિહાસકારો ચૂપ છે. લાઠીઠાકોરે દામાજીને પોતાની કુંવરી પરણાવી; દાયજામાં ચભાડિયા આપ્યું, જે અત્યારે દામનગર કહેવાય છે. કર્નલ વોકર લખે છે કે ઇ. સ. ૧૮૦૩ ઠાકોર સુરસિંહજી હતા તેનાં બહેન ગાયકવાડને પરણાવ્યાં હતાં.

મહાબતખાનજી કેદ : ઈ. સ. ૧૭૬૨ : મહાબતખાનજીના બળવાન ભાઇ સલામતમહમદખાને વાડાસિનોરમાં સ્વતંત્રતા ધારણ કરી; તેથી મહાબતખાનજીને તેનો ભય હતો નહીં; પણ તેના જ કુટુંબમાંથી તેને ગાદી ઉપરથી ઉતારી મૂકવાનું કાવતરું થયું. તેની ફઇસાહેબા સુલતાના તેના ભાઇ શેરખાન જેવાં મુત્સદ્દી અને બુદ્ધિમાન હતાં. તેના કાકાના પુત્ર સામતખાન બાબી સાથે તેનાં લગ્ન થયેલાં અને તેનો પુત્ર જાફરખાન સાહેબા સુલતાનાની હયાતીમાં જ મુઝફરખાન તથા ફતેહયાબખાન નામના પુત્રોને મૂકી ગુજરી ગયેલ. સાહેબા સુલતાનાએ જોયું કે મહાબતખાને ગાદીએ બેસતાં જ તેના દીવાનના કરપીણ અને દગાભરેલા ખૂનથી પ્રજાનો પ્રેમ ખોયો છે અને સેના તથા સેનાપતિઓ તેની વિરુદ્ધ છે. તેથી આ તક જવા દેવી જોઇએ નહીં, તેમ માની આરબોના જમાદાર સાલમીન અને ઝાલા પક્ષોના માણસોની સહાયથી તેણે મહાબતખાનને પકડી ઉપરકોટમાં કેદ કરી પોતાના પુત્ર મુઝફરખાનના નામની આણ ફેરવી.

આ સમાચાર સમી પહોંચતાં જ જવાંમર્દખાને[1] મહાબતખાનજીને મુક્ત કરવા જૂનાગઢ ઉપર ચડાઈ કરી. તેનો પ્રગટ ઉદ્દેશ આ હતો, પણ ગુપ્ત ઉદ્દેશ તો મુઝફરખાન તથા મહાબતખાન બન્નેને મારી પોતાના પુત્ર ગાઝી–ઉદ્–દીનખાનને ગાદીએ બેસાડવાનો હતો. તેના ઉપરકોટ લેવાના પ્રયાસો નિષ્ફળ નીવડયા. તેથી તેણે જૂનાગઢથી પોતાનું લશ્કર ખેંચી લઇ ધોરાજીના માર્ગમાં મુકામ નાખી સાહેબા સુલતાનાના પ્રયત્નોના પરિણામની રાહ જોયા કરી.

તકનો લાભ લેવાનું સૂત્ર કોઇ બરાબર સમજ્યું હોય તો તે ભા કુંભાજી હતા. તેણે આ તક પણ તુરત જ ઝડપી લીધી. મહાબતખાન જેવા નિર્બળ રાજા પાસે જૂનાગઢ રહે તો જ તેમની મહત્ત્વાકાંક્ષાઓ મૂર્ત સ્વરૂપ પામે એમ હતું.

જૂનાગઢનો ઘેરો : જવાંમર્દનું લશ્કર નિરાશ થઇને પાછું ફર્યું; પણ ભા કુંભાજી નિરાશ થાય તેવો પુરુષ ન હતો. તેણે તેના સૈન્યને જૂનાગઢના દરવાજે ઉપસ્થિત કર્યું અને સ્પષ્ટ કહેણ મોકલ્યું કે મહાબતખાનજી મુક્ત નહીં થાય તો જૂનાગઢ હતું ન હતું થઇ જશે. સાહેબા સુલતાનાને કુંભાજીની શક્તિનો પરિચય હતો. તેથી વિષ્ટિ ચલાવી અને પરિણામે મહાબતખાનજી મુક્ત થયા. મુઝફરખાન તથા ફતેહયાબખાનને રાણપુરની જાગીર મળી. સાહેબા સુલતાના જૂનાગઢની બહાર ગયાં અને ૩૫૦૦૦ કોરી કુંભાજીએ મહાબતખાનજીને ખર્ચ માટે ધીરી અને તેના બદલામાં ઉપલેટા પરગણું લખાવી લીધું.

---

૧. આ જવાંમર્દખાન બીજો. દીવાન રણછોડજીએ તેને પીરમ પાટણનો કહ્યો છે. પીરમ પાટણમાં તેની જાગીર હતી તે બરાબર છે.

**વેરાવળ :** સાહેબા સુલતાના ત્યાંથી વેરાવળ ગયાં અને વેરાવળનો કબજો દબાવી દીધો. મહાબતખાનજી પાસે ખજનામાં એક દોકડો ન હતો. તે લૂંટફાટ કરી નિર્વાહ કરતા તથા સિપાઇઓનો પગાર પણ લૂંટમાંથી ચૂકવતા.

દેશ વેરાન હતો અને જૂનાગઢની નવાબીનું ખંઢેર થઇ ગયેલું. મકાન પડી જવાની તૈયારીમાં હતું. તે તક માંગરોળના કાઝી શેખ મીંયાએ ઝડપી લીધી. તેણે વેરાવળના દેસાઇ સુંદરજીની સહાયથી સાહેબા સુલતાના પાસેથી વેરાવળ કબજે કરી પોતાની આણ ફેરવી.

મહાબતખાનજી આરબોના પગાર ચૂકવી શકયા નહીં. તેની પાસે કોઇ બળવાન સેનાપતિ કે કુશળ મુત્સદ્દી હતા નહીં અને તેના ક્રૂર સ્વભાવ અને વિચિત્ર વર્તનના કારણે દરબારીઓમાં અપ્રિય થઇ પડયા. આરબોએ ઉપરકોટનો કબજો લીધો અને પગારનો ચુકાવો થાય તે પછી જ તેનો કબજો સોંપવા સોગન ખાધા. મહાબતખાનજી હતાશ અને નિ:સહાય થઇ બેસી ગયા.

**દીવાન અમરજી :** આવી રીતે મહાબતખાનને આપઘાત કર્યા સિવાય કે નાસી જવા સિવાય અન્ય માર્ગ હતો નહીં; ત્યારે જમાદાર સાલમીનના વકીલ અમરજી કુંવરજીએ માત્ર અઢાર વર્ષની વયમાં જ આરબોને મહાત કરવાનું બીડું ઝડપ્યું. તેણે નવાબ પાસે હુકમ માગી સાલમીનના આરબોની મદદથી વાઘેશ્વરી દરવાજો લીધો તથા ઉપરકોટમાંથી આરબોને કાઢયા. આ વીરત્વભર્યા કામથી ખુશ થઈ મહાબતખાને તેને સેનાપતિપદે નિયુક્ત કર્યા.[1]

---

૧. દીવાન અમરજી એક ગરીબ કુટુંબના હતા, બેકાર હતા, વગેરે લોકવાર્તાઓ પ્રચલિત છે. પણ તે માત્ર વાર્તાઓ છે. દીવાન અમરજી ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલા એક મહાન કુટુંબના વંશજ હતા, તેના પિતા કુંવરજી માંગરોળમાં રહેતા, પણ તેના પૂર્વજો લાલા માંડણ ધનાઢય અને શક્તિશાળી પુરુષ હતા. તેઓ તળાજામાં રહેતા. ત્યાં તેઓએ "વાપી-કૂપ તડાગકૃત" એટલે સાર્વજનિક ઉપયોગ માટે વાવ, કૂવા અને તળાવો બાંધ્યાં. (મહાશિવ રત્નાકર)

માતૃપક્ષે દીવાન અમરજીનાં માતુશ્રી માળવાના સૂબેદાર દયારામ બહાદુરનાં પુત્રી વેણીકુંવર હતાં. દયાબહાદુરના કાકા રાજા ગિરધર બહાદુર અલ્હાબાદના સૂબા હતા તથા દાદા છબીલારામ બહાદુર આગ્રા તથા અલ્હાબાદના સૂબા હતા, જે પાછળથી દીલ્હી મંત્રીમંડળમાં હતા. તેમણે જજિયાવેરો બંધ કરાવ્યો હતો.

રાજા છબીલારામ બહાદુરને ફરૂખશિયર બાદશાહે એક રત્ન આપેલું, જે ઉત્તરોત્તર અમરજી પાસે આવેલું અને તેના પુત્ર દીવાન રણછોડજીએ જૂનાગઢમાં તેની શિવલિંગ તરીકે સ્થાપના કરેલી છે, જે ભુદ્રેશ્વર તરીકે પ્રસિદ્ધ છે. દીવાન રણછોડજીએ તેની સ્તુતિમાં "ભુદ્રેશ્વર ભાવની" નામનો સુંદર કાવ્યસંગ્રહ લખ્યો છે. આ રત્ન મહાભારતના યુદ્ધમાં પડેલા જયદ્રથની ભૂજાનું છે તેવી તેની ઉત્પત્તિની કથા છે.

વેરાવળ–પ્રભાસપાટણ : સાહેબા સુલતાના પાસેથી કાઝી શેખ મીંયાએ વેરાવળ પરગણું હસ્તગત કર્યું, પણ પોરબંદરના રાણા સરતાનજીએ વેરાવળ ઉપર પોતાનું સૈન્ય લઈ ઘેરો ઘાલ્યો. શેખ મીંયા તથા તેના ભાઇ શાહબુદીન મૂંઝાયા. તેમનાં સ્વપ્નોનો ધૂળમાં મળતાં જણાયાં; તેથી પોરબંદરના રાણા સાથે સુલેહ કરી તેનો પણ અધિકાર સ્વીકાર્યો, અને વેરાવળ પરગણા ઉપર સંયુકત હકૂમત સ્થાપી.[1]

વેરાવળનો ચડાઇ : ઇ. સ. ૧૭૬૪ : અમરજી સેનાપતિ થયા, પણ દીવાનગીરી તો પોપટ પારેખ, ઝવેરચંદ તથા મૂળચંદ પારેખ પાસે "ત્રણ વર્ષ અને ત્રીસ દિવસ અને ત્રણ કલાક" રહી. પછી અમરજીને મુલકી તેમજ ફોજી અધિકારો સાથે દીવાન બનાવવામાં આવ્યા. તેમણે તરત જ વેરાવળ ઉપર ચડાઇ કરી. સૈન્યમાં નવાબ પણ જોડાયા. અમરજીની કુશળ વ્યૂહ–રચના સામે વેરાવળ ટકયું નહીં. કાઝી શેખ જહાંગીર અને શેખ મીંયા સોમનાથપાટણ નાસી ગયા; સુંદરજી દેસાઇ કેદ પકડાયા અને વેરાવળ ઉપર નવાબનો ઝંડો લહેરાયો.[2]

સીલ દિવાસા : શેખ મીંયાએ વેરાવળથી પીછેહઠ કરી જૂનાગઢના બીજા પરગણાં દબાવવા માંડયાં. પણ અમરજી પાછળ જ હતા. તેમણે તેની પાસેથી સીલ મેવાસાના કિલ્લા લીધા તથા તેના પ્રદેશમાંથી અડધો ભાગ પડાવી લીધો અને પોરબંદરના રાણા પાસેથી કુતિયાણા લઈ લીધું.

જામનગર : આ તરફ સૌરાષ્ટ્રની ભૂમિમાં દીવાન અમરજીરૂપી બુદ્ધિબળ, યુદ્ધકૌશલ્ય અને રાજનીતિનો પ્રકાશ પાડતો તેજસ્વી તારક ઊગતો હતો, ત્યારે બીજી તરફ ભાગ્યશાળી અને સમર્થ મેરામણ ઉર્ફે મેરુ બવાસ પોતાની સત્તા હાલારમાં વધારી રહ્યો હતો.

જામ તમાચીના દત્તકપુત્ર જામ લાખાજી ઇ. સ. ૧૭૪૩માં ગાદીએ આવ્યા. તેમનાં લગ્ન ધ્રાંગધ્રાનાં કુંવરી દીપાંજી[3] વેરે થયેલાં. તેમની સાથે મેરુ, નાનજી તથા

---

૧. આ પ્રસંગ ઇતિહાસોના પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં નોંધાવામાં આવ્યો નથી, પણ પ્રભાસપાટણના સોમપુરા બ્રાહ્મણ શંકરલાલ કાલિદાસ ત્રિવેદી પાસેથી એક દસ્તાવેજ પ્રાપ્ત થયો છે. તેમાં જૂનાગઢ પોરબંદર તથા માંગરોળની સંયુકત હકૂમત હતી તેમ જણાય છે. આ દસ્તાવેજ ૧૮૧૮ (ઇ. સ. ૧૭૬૨)નો છે.

૨. સુંદરજી દેસાઇના કુટુંબની સ્ત્રીઓની બેઇજ્જતી કરવા નવાબે પ્રયત્ન કર્યો, પણ વીસ વર્ષના દીવાને તેને રોકી તેઓને પોરબંદર જવા દીધાં, સુંદરજી દેસાઇને પણ મુકત કર્યા. તે કુટુંબ હજુ પોરબંદરમાં છે.

૩. આ રાણીનાં નામો દીપાંજી, દેવાજી, જવુબા કે જાવુબા હતાં; યદુવંશપ્રકાશ: શ્રી. માવદાનજી.

ભવાન નામના ત્રણ ખવાસ ભાઇઓ આવેલા. તેઓમાં મેરુ પોતાની ચાલાકી તથા હોશિયારીથી જામનો પ્રીતિપાત્ર થયો. તેનું વર્ચસ્વ વધતું જતું જોઇ દીપાંજીને તેના ઉપર અંકુશ મૂકવાનો વિચાર આવ્યો, પણ તેને અમલમાં મૂકવાનું શકય ન હતું, તેથી તેણે તેનો ઘાત કરવા કાવતરું કર્યું. મેરુ સદ્‌ભાગ્યે બચી ગયો, અને તેનો ભાઇ નાનજી તેમાં મરાઇ ગયો.[1]

**કચ્છની ચઢાઇ** : ઇ. સ. ૧૭૬૮ : જામ સગીર છે, રાજ્યમાં અવ્યવસ્થા છે અને ખવાસ જેવા નાના માણસ પાસે સુકાન છે તેમ માની કચ્છના રાવ ગોડજીએ હાલાર ઉપર ચડાઈ કરી; પણ રાવ ગોડજીની ગણતરી ઊંધી વળી. તે કંઈ કરે તે પહેલાં મેરુએ બાલંભાનો કિલ્લો કચ્છને કબજે હતો તે લઈ લીધો અને ત્યાં રાવે એકત્ર કરેલા દારૂગોળાનો પુરવઠો હાથ કર્યો. આ સમાચાર રાવને મળતાં તે વચમાંથી જ પાછા વળી ગયા.

**મોડપુરનો ઘેરો** : હાલાર તથા સોરઠની સરહદે આવેલા મોડપુરના ડુંગરી કિલ્લામાં પડધરીવાળા હાલાજી જામ તમાચીનું ખૂન કરી ભરાયા હતા. ત્યાંથી તેણે હાલારમાં લૂંટફાટ ચલાવી પ્રજાને તોબા પોકરાવેલ. તેના ઉપર મેરુ ચડી ગયો અને મોડપુર ઘેર્યું. હાલાજી આ ઘેરામાં મરાયો[2] અને મેરુએ મોડપુર સ્વાધીન કર્યું.

**રાજમાતાનું ખૂન** : દીપાંજીથી મેરુની વધતી જતી સત્તા અને લોકપ્રિયતા સહન ન થઈ. તે યાત્રાને બહાને ધ્રાંગધ્રાં ચાલ્યાં ગયાં; પણ મેરુએ તેમને મનાવી પાછાં લાવી, તેમનું ખૂન કરાવ્યું.[3]

---

૧. આ કાવતરા માટે એવી વાત કહેવાય છે કે મેરુને જામસાહેબ બોલાવે છે તેવો સંદેશો મળતાં તેણે નાનજીને મોકલ્યો અને કહેવરાવ્યું કે 'મને તાવ આવ્યો છે.' નાનજી ગઢમાં દાખલ થતાં જ દીવા ઓલવી નાખવામાં આવ્યા, અને અંધારામાં તેના ઉપર તલવારના ઘા કરવામાં આવ્યા, નાનજી મરાઇ ગયો. મેરુએ પોતાના ભાઇના દગાથી થયેલા મૃત્યુનો ખબર સાંભળ્યા ત્યારે તેણે ગઢ ઉપર હલ્લો કર્યો, સિપાઇઓને કાપી નાખ્યા અને જામસાહેબ પાસે જઇ તેને કહ્યું કે 'આમ દગાથી શા માટે મારવા માગો છો? મને મારવો હોય તો ઉઘાડી રીતે મારો.' જામસાહેબ શરમાઈ ગયા, અને માફી માગી. આ પછી મેરુની સત્તા વધતી રહી.

૨. આ માટે એમ કહેવાય છે કે મોડપુર જિતાય તેમ હતું નહિ, પણ હાલોજી બારીએ જોવા આવ્યા ત્યારે એક સિપાઇએ બંદૂક મારતાં તે મરાયા, અને કિલ્લાનું સૈન્ય શરણ થયું.

૩. રાજમાતા મનાઇ પાછાં આવ્યાં ત્યારે મેરુએ કહ્યું કે 'આજ યોગ સારો નથી, માટે કાલે મહેલમાં આવજો.' દીપાંજી કોઇ ચત્રભુજને ઘેર ગયાં. ત્યાં રથમાંથી ઊતરતાં હતાં ત્યાં મેરુપ્રેરિત ચાંદ ગોરી નામના માણસે તેને મારી નાખ્યાં. તેની લાશ પણ કોઇએ ઉપાડી નહીં. અંતે મેરુના નાગર કારભારી ભાણજી મહેતાએ તથા જગજીવન ઓઝાએ તેમની લાશ ઉપડાવી અગ્નિસંસ્કાર કર્યો.

મેરુનો ભાગ્યોદય : આમ રાજમાતાને મારી, હાલાજીને હરાવી, કચ્છની ચડાઈ પાછી કાઢી મેરુએ પોતાનું પ્રબળ વર્ચસ્વ જમાવ્યું. જામસાહેબ પણ તેનાથી દબાઈ ગયા. તેની સામે ઊંચી આંખ કરી શકે તેવા કોઈ ભાયાતો રહ્યા નહીં અને પ્રજામાંથી તેનો વિરોધ કરે તેવો નર હતો નહીં, એટલે મેરુએ નિષ્કંટક રીતે પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો. આમ. ઇ. સ.૧૭૬૦થી ૧૭૮૪ સુધી સૌરાષ્ટ્રમાં અમરજી અને મેરુ એ બે પાત્રોએ સૌરાષ્ટ્રની રંગભૂમિ પર મુખ્ય ભાગ ભજવી જાય છે. તે સામે ગોંડળના ભા કુંભાજી, ભાવનગરના વખતસિંહજી તથા માંગરોળના શેખમિયા પણ આ યુગના ઇતિહાસનાં પાત્રો બને છે. મુગલાઇના અસ્ત પછી મરાઠાઓએ સૌરાષ્ટ્રની અશાન્તિ જારી રાખી હતી; પણ ઇ સ. ૧૬૭૧માં પાણીપતના પરાજય પછી તેમની શકિત ક્ષીણ થઇ. દાભાડે ગાયકવાડ અને પેશ્વાના વિખવાદોના પરિણામે તેઓની પ્રતિષ્ઠા પણ ઘટી ગઈ હતી. તેમ છતાં સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર લોહી વહેતું રાખવાની જવાબદારી આ પુરુષો ઉપર જાણે આવી પડી હોય તેમ તેમણે યુદ્ધો જારી રાખ્યાં અને સૌરાષ્ટ્રની ભાંગીતૂટી અને ભૂકા થઇ ગયેલી પ્રજાની પાયમાલી કરવાનું ચાલુ રાખ્યું.

જાફરાબાદ : આ અંધાધૂંધીમાં જાફરાબાદના થાણદારે જંજીરાની હકૂમત ફગાવી દઈ સ્વતંત્રતા પ્રાપ્ત કરી. તેણે સ્થાનિક કોળીઓનું એક સૈન્ય ઊભું કરી સમુદ્રમાં ચાંચિયાગીરી શરૂ કરી. સુરતના સૂબા સીદી હીલાલ કે જે મૂળ જંજીરા ખાનદાનનો હતો તેણે આ ચાંચિયાગીરીનો નાશ કરવા માટે કમ્મર કસી. તેણે જાફરાબાદ ઉપર ચડાઈ કરી ઘેરો ઘાલ્યો. જાફરાબાદ પડયું અને થાણદારે નિમકહરામી કરેલી તે માટે તેનો ભારે દંડ કર્યો. થાણદાર દંડ ભરી શકયો નહિ અને તેણે તે દંડના બદલામાં સીદી હીલાલને ઇ. સ. ૧૭૬૨માં જાફરાબાદ વેંચી નાખ્યું. જંજીરાના નવાબે સીદી હીલાલ ઉપર દબાણ કર્યું કે જાફરાબાદ તેનું હોઇ હીલાલે સોંપી દેવું જોઇએ. સીદી હીલાલ ઉપર મોટું કરજ થઇ ગયેલું અને જાફરાબાદ સાંચવવું મુશ્કેલ જણાતાં તેણે જંજીરાને સોંપી આપ્યું. આમ જંજીરાની હકૂમતમાં જાફરાબાદ અનાયાસે આવી ગયું.[1] સુરતની અંગ્રેજી કોઠીમાં માલ લાવતાં વહાણોને લૂંટવામાં ન

---

૧. સૌરાષ્ટ્રના દક્ષિણ સાગરતીરે આવેલા આ સુંદર સ્થાનની માલિકી મેળવવા માટે જેમ જેમ નૌકાદળનું મહત્ત્વ વધ્યું તેમ તેમ પ્રત્યેક મહત્ત્વાકાંક્ષી પક્ષની દાનત રહેતી હતી. ગુજરાતના સુલતાનના સાર્વભૌમત્વના સમયમાં જાફરાબાદ એક અગત્યનું થાણું હતું. દીવના પોર્ટુગીઝો ઉપર અંકુશ રાખવા માટે ત્યાં એક નૌકાસૈન્ય તથા સૈન્યાધિકારીને રાખવામાં આવતાં. મહમદ બેગડાએ આ કામ માટે અનુભવી સેનાધ્યક્ષો તરીકે પંકાયેલા સીદીઓને નિયુક્ત કરેલા. તેઓને જંજીરા તથા દંડ રાજપુર જાગીરમાં મળ્યાં. જાફરાબાદ કદાચ તેમની નીચે હતું. મોગલાઇમાં તેઓ પાદશાહીને આધીન રહ્યા, પણ ઇ. સ. ૧૬૮૬ લગભગ તેઓની મોગલાઇ સત્તાનો

આવે તે માટે સુરતના અંગ્રેજો, જંજીરાના સીદી તથા જાફરાબાદના લોકોએ તે વખતે ચાંચિયાગીરી ન કરવાના કરાર કર્યા.

**બાંટવાની જૂનાગઢ ઉપર ચડાઈ** : ઈ. સ. ૧૭૭૦ : પોતાના ભાઈ શેરખાને જૂનાગઢ લઈ તેમને બાંટવા પરગણું આપ્યું તે વાત શેરઝમાનખાનને ખટકતી હતી; પણ તેમનામાં જૂનાગઢ ઉપર વર્ચસ્વ મેળવવા જેટલી શક્તિ ન હતી. ઉઘાડી રીતે જૂનાગઢ ઉપર હુમલો લઈ જવાય તેમ હતું નહિ. તેથી તેણે મજેવડી દરવાજે આવેલા બસારત બાગમાં રાતના પોતાના સૈન્યને છુપાવી દીધું, અને સવારમાં દરવાજો ઊઘડતાં જ ઓચિંતો હુમલો કરી તેઓ અંદર દાખલ થઈ ગયા. પરંતુ તેમના ભાગ્યમાં જૂનાગઢની ગાદી ન હતી. કિલ્લેબંધીના સિપાઈઓએ તેમને ત્યાં જ શિકસ્ત આપી અને શેરઝમાનખાન ત્યાંથી માંડ માંડ નાસી બાંટવા આવ્યા.

**દિલખાનિયા** : દીવાન અમરજીએ ભા કુંભાજીની વિનંતીથી ગીરની સરહદે આવેલા 'દલખાણિયા' (દિલખાનિયા) ગામે જેતપુરના કાઠી કુંપાવાળા કાઠીઓને આશ્રય આપી લૂંટ કરાવે છે તેથી તેનો બંદોબસ્ત કરવો જોઈએ એમ ધારી દલખાણિયા લીધું અને કાઠીઓને મારી કાઢી મૂકયા.

**કુતિયાણા** : સદા સમરભૂમિ બની રહેલું કુતિયાણા મહાબતખાને તેના ભાઈ હાસમખાનને આપેલું. તેણે પ્રજા ઉપર ત્રાસ ગુજારી પૈસા પડાવવા માંડયા અને પોરબંદરના દીવાન પ્રેમજી દામાણી સાથે ઘાટો વ્યવહાર રાખવા માંડયો તથા કુતિયાણાના મુસ્લિમ અમીરો પીરખાન સરવાણી તથા ભાવતા ખોખરને કેદ કર્યા અને ભારે દંડ લઈ છોડયા. તેઓએ જૂનાગઢના દીવાન અમરજીને કહ્યું કે 'કાં તો હાસમખાન પોરબંદરને કુતિયાણા આપી દેશે અને કાં તો તેની સાથે મળી જૂનાગઢ ઉપર ચડશે.' તેથી દીવાનજીએ કુતિયાણા ઘેર્યું, હાસમખાનને હરાવી તેને મજેવડીની જાગીર આપી અને કુતિયાણામાં જૂનાગઢનું થાણું બેસાડયું.

**સુત્રાપાડા** : પ્રભાસપાટણ પાસે આવેલા સુત્રાપાડાનો કબ્જો ચાંદ પટણી નામના કસ્બાતીએ દબાવી દીધેલો અને તેણે ધનલાલસા તૃપ્ત કરવા પ્રજા ઉપર હદબહાર જુલ્મ કરવા માંડયો. તેથી પ્રભાસના દેસાઈઓ તેમની સામે થયા. તેની

---

સૂર્ય તેનાં કિરણો જાફરાબાદ સુધી ફેંકી શકતો નથી તે જોઈ તે અધિકારીની અવગણના કરી અને સ્વતંત્ર રીતે કારભાર કરવા માંડયો; જમીન ઉપર લાંબું ચાલે તેમ ન હતું, તેથી સમુદ્રમાં જતાં આવતાં વહાણો લૂંટવાનું શરૂ કર્યું. તેથી બાજીરાવ પેશ્વાએ ઈ. સ. ૧૭૩૬–૩૭માં તેના ઉપર એક પ્રબળ સૈન્ય મોકલ્યું. જંજીરાનો કિલ્લો જિતાયો નહિ, પરંતુ પેશ્વાએ તેનો ઘણો પ્રદેશ જીતી લીધો.

મદદે દીવાન અમરજીએ તેનાં ફોઈના દીકરા ગંગારામ લાલભાઇને સૈન્ય લઈ મોકલ્યા. પોતે પણ તેમાં જોડાયા: ગંગારામે સુત્રાપાડા લીધું અને ચાંદની દીકરીને પરણવા માગતા નવાબને તેમ કરતાં રોકી તેને તથા તેના કુટુંબને ગોરમઢી જવા દીધું અને ગંગારામે[1] સુત્રાપાડાનો કબજો સંભાળ્યો.

ઊના : બાબરિયાવાડ : તે પછી દીવાન અમરજીએ શિરજોર થઈ ગયેલા લોકોને દબાવવા સોરઠમાં ચડાઈઓ કરી. ઊનાના કસ્બાતી તાહેર શેખ પાસેથી ઊના લીધું અને બાબરિયાઓ પાસે પોતાની આણ મનાવી.


દીવાન અમરજીના નિત્યવિજયી રણધ્વજને આરામ હતો નહીં. તેમણે જૂનાગઢ રાજ્યનો વિસ્તાર વધારી દીધો. રાજ્યમાં માથાભારે સરદારો અને જાગીરદારોને તેણે નમાવી, તેમને જૂનાગઢની આણ માનતા કરી દીધા. તે પછી તેમણે પોતાની દૃષ્ટિ જૂનાગઢ બહાર કરી.

જોરતલબી : ગાયકવાડની વિજયસેના ખંડણી ઉઘરાવતી, પેશ્વાની સેના પેશકશી ઉઘરાવતી તેમ દીવાન અમરજીનાં સૈન્યોએ જોરતલબી ઉઘરાવવી શરૂ કરી.

---

૧. ગંગારામ લાલાભાઇ મારા પિતાના માતામહના પિતા થાય.

દીવાન અમરજીના કુટુંબ સાથે મારો સંબંધ નીચે દર્શાવ્યા પ્રમાણે છે:–



સારાયે સૌરાષ્ટ્રમાં દીવાન અમરજીએ રાજાઓ જમીનદારો અને તાલુકદારો પાસે જોરતળલી કબૂલ કરાવી.

હાલારમાં મેરુ ખવાસનું પ્રાબલ્ય હોવા છતાં ત્યાંથી પણ તેમણે જોરતલબી લીધી. કચ્છના રાવ ગોડજીના બળવાખોર આરબ સરદારો કચ્છના મુત્સદ્દીઓને પકડી હાલારમાં લઈ આવેલા. તેને દીવાન અમરજીએ મુકત કર્યા અને ત્યાંથી ઓખામંડળ પર સવારી કરી, વાઘેરોને મહાત કરી, જામસાહેબ તથા કચ્છના પ્રદેશોને તેમના જુલ્મમાંથી મુકત કર્યા અને ગાયકવાડ તથા પેશ્વાની સેનાઓને પજવતા આ લૂંટારુઓને શાંત પાડયા.

કુંભાજી જૂનાગઢ ઉપર : ગોંડલના કુંભાજી જૂનાગઢમાં દીવાન અમરજીની બળવત્તર થતી જતી સત્તાને અંકુશમાં રાખવાની મથામણ કરી રહ્યા હતા. મુસ્લિમ સત્તાનો પરાભવ થયો હતો. દીલ્હીનો શહેનશાહ નામમાત્રનો શહેનશાહ હતો.[1] અમદાવાદ મરાઠાઓના હાથમાં હતું, ત્યારે જૂનાગઢની ખખડી ગયેલી નવાબીને શા માટે અમરજી બળવાન બનાવી રહ્યા હતા અને હિંદુ રાજાઓનો ઘાણ કાઢી રહ્યા હતા તે તેમને સમજાતું ન હતું. તેને પોતાનો સ્વાર્થ પણ સાધવો હતો અને તે સાથે અમરજીની પ્રગતિને યેનકેન પ્રકારેણ સ્થંભાવી દેવી હતી. અમરજી યુદ્ધવીર હતા; પણ તે એક વિચિત્ર મગજના, તામસી પ્રકૃતિના, આળસુ અને વિલાસી રાજાના દાસ હતા. તેમનાં યુદ્ધકૌશલ્ય, બુદ્ધિ અને વીરતાને દાસત્વની મર્યાદા હતી; જ્યારે કુંભાજી પોતે જ પોતાના સ્વામી હતા. તેમની પાસે પુષ્કળ દ્રવ્ય હતું, અપાર બુદ્ધિ હતી; મુત્સદ્દીગીરી અને વીરતા હતી, તેને મર્દ મિત્રો હતા અને તાબામાં મહારથીઓ હતા; સૌરાષ્ટ્રના નામાંકિત યોદ્ધાઓ અને આશાસ્પદ યુવાનોને તેમણે પોતાની સેવામાં રાખ્યા હતા. એક જ વસ્તુ તેમનાથી થોડે દૂર હતી; અને તે ભાગ્ય. જો તેમનું ભાગ્ય વિશેષ સતેજ હોત તો તે સમયે તેમણે સોરઠ અને કાઠિયાવાડ[2]નો ઘણોખરો ભાગ જીતી લીધો હોત; પણ તેમના માર્ગમાં દીવાન અમરજીરૂપી એક મોટો અંતરાય હતો, અને તેથી તેમણે કોઇ પણ પ્રકારે તે કાંટો કાઢી નાખવા બુદ્ધિ અને શકિતનો મેળ સાધ્યો.

એક તરફથી તેમણે છત્રાસાના રાયજાદા બામણિયોજીને જૂનાગઢ તેના પૂર્વજોનું છે તેમ કહીને લેવા ઉશ્કેર્યો અને પોતાનું સૈન્ય તેને આપ્યું, પોતે ગાયકવાડના સૈન્યને લઇ જૂનાગઢથી દૂર ચાર માઇલ ઉપર માલાસીમડીમાં મુકામ કર્યો. આ સૈન્યોએ જૂનાગઢના સૈન્ય ઉપર છાપો માર્યો, અને શત્રુઓના સંખ્યાબળ આગળ

---

૧. દીલ્હીના શહેનશાહની હકૂમત માટે એક કવિએ કહ્યું છે કે 'હકૂમતે શહેનશાહે આલમ અઝ દીલ્હી તા પાલમ' એટલે દીલ્હીના બાદશાહની હકૂમત માત્ર દીલ્હીથી પાલમ સુધી હતી.

૨. વર્તમાન મધ્ય સૌરાષ્ટ્ર જિલ્લો.

જૂનાગઢનું સૈન્ય ટકયું નહિ. નવાબે કુંભાજીને આ યુદ્ધમાં અમરજીને મારી નાખવા સંમતિ આપી, કારણકે તેનાથી દીવાન અમરજીની વધતી જતી શક્તિ તથા પ્રતિષ્ઠા સહન થતી નહીં; પણ સારા નસીબે દીવાનજી આ વખતે જૂનાગઢમાં હતા. તેમણે તરત જ જબરું સૈન્ય સજી માલાસીમડી ઉપર હલ્લો કર્યો, અને શત્રુઓને વેરવિખેર કરી નાખી બામણીઓજીની પાછળ પડી, છત્રાસાનો કિલ્લો જમીનદોસ્ત કરી તેની પાસેથી ભારે દંડ લીધો.

**અમરજી કેદ** : મહાબતખાન આથી નિરાશ થયા. તેણે કેટલાક ખટપટી કાવતરાખોરોને પોતાના પક્ષમાં[1] લીધા. તેઓની ચડામણીથી અમરજી તથા તેના ભાઇઓને કેદમાં નાખ્યા અને જમાદાર સાલમીનનું ખૂન કરાવ્યું. પાંચ માસ પછી દીવાનજીને ચાલીસ હજાર જામશાહી કોરીનો દંડ લઇ છોડયો; પણ અમરજીને તેથી બેહદ માઠું લાગ્યું અને પોતે સહકુટુંબ જૂનાગઢ છોડી ઇ. સ. ૧૭૭૩માં જેતપુર ચાલ્યા ગયા. મહાબતખાને દંડ વસૂલ ન આવે ત્યાં સુધી તેના પુત્ર રૂગનાથજીને[2] બાન તરીકે રાખ્યા.

**માંગરોળ** : શેખમીંયાએ અમરજી કેદમાં છે તે જાણી માથું ઊંચકયું. તેણે જૂનાગઢના કેશોદ અને સીલ પરગણામાં લૂંટફાટ શરૂ કરી અને નવાબનાં થાણાં ઉઠાડી મૂકયાં. મહાબતખાનજી ભીમ ખોજાને લઇને ચડયા; પણ માંગરોળ નજીક જવાની તેની હિંમત ચાલી નહિ. ભીમ ખોજો[3] માંગરોળનો કિલ્લો દૂરથી જોઇ પાછો આવ્યો.

**અમરજી પાછા જૂનાગઢમાં** : અમરજી જેતપુરમાં આવી ગયા છે તે જાણી સૌરાષ્ટ્રના તેમજ ગુજરાતના રાજાઓએ તેમને પોષાક મોકલી આમંત્રણ આપ્યું. કચ્છના રાહ ઉપર તેનો ઉપકાર હતો.[4] તેણે તો માણસોને તેને તેડી લાવવા

---

૧. તેમાં ભીમ ખોજો, જગજીવન કીકાણી, ગુલાબરાય મહેતા, ખુશાલરાય, મુગટરાય ભગત વગેરે હતા.

૨. રૂગનાથજી આ વખતે દસ વર્ષના હતા.

૩. કહેવાય છે કે શેખમીંયાએ ગઢ ઉપરથી કહેલું તથા ભૂંજીઓ ઉતારી કહેવડાવ્યું કે "તું ભાડભૂંજો માંગરોળનો ગઢ લઇશ ? અમરજીના સ્થાને જેમ હાથીના સ્થળે દેડકો ઊભે તેવો તું લાગે છે. માટે તું પાછો જા."

૪. આરબોએ બંડ કરી કચ્છના મુત્સદ્દીઓને પકડેલા તેને અમરજીએ મુક્ત કરેલા.

આ આમંત્રણોની નામાવલી દીવાન રણછોડજી 'તારીખે સોરઠ'માં આપે છે. તેમાં દીવના પોર્ટુગીઝ વ્યુઇ ઝુંઝું, જાફરાબાદના સીદી યાકુબ, ભરૂચના લલુભાઇ, ખંભાતના મોમીનખાન તથા સુરતના નવાબનાં પણ નામ છે. સૌરાષ્ટ્રના તો કોઇ રાજા બાકી નથી.

મોકલ્યા. તે વખતે મહાબતખાનજીએ ભીમ ખોજા આદિ દરબારીઓને જેતપુર મોકલી માફી માગી અમરજીને પાછા બોલાવ્યા.[૧]

**માંગરોળ ઉપર અમરજીની ચડાઈ** : અમરજીએ અન્ય આમંત્રણો નકારી જૂનાગઢ આવી માંગરોળ ઉપર આક્રમણ કર્યું. શેખમીંયાએ લડાઈમાં નહિ ફાવાય તેમ ધારી નમવાનું યોગ્ય ધાર્યું.

**વાઘેરો** : ઓખામંડળના વાઘેરોએ ફરી બંડ જગાડ્યું, ત્યાંનાં થાણાંઓ ઉઠાડી મૂકયાં અને હાલારના કેટલાયે પ્રદેશો ઉજ્જડ કર્યા; લૂંટની તો સીમા રહી નહિ. મેરુ ખવાસની હિમ્મત તેના સામે એકલા હાથે થવાની ચાલી નહીં. તેથી તેણે દીવાન અમરજીની સહાય માંગી. અને અમરજીએ ઇ. સ. ૧૭૭૪માં પોશિત્રા ઉપર ચડાઇ કરી પોશિત્રા લીધું અને ચાંચિયાગીરીમાં વાઘેરોએ એકઠો કરેલો ખજાનો તેના હાથમાં પડયો. પણ તે દરમ્યાન મહાબતખાન ગુજરી ગયાના ખબર આવતાં અમરજી દમોદમ કૂચ કરી ઈ. સ. ૧૭૭૫માં જૂનાગઢ પહોંચી ગયા.

**નવાબ હામીદખાન** : દીવાન અમરજીએ જૂનાગઢ આવી શાહજાદા હામીદખાનને ગાદીએ બેસાડયો અને તરત જ જમાબંધીની વસૂલાત કરવા પ્રયાણ કર્યું.

**વંથલીનું પતન** : વંથલી જૂનાગઢનું હતું, છતાં બાંટવાના બાબી આદીલખાન તથા મુખતારખાને વંથલીનો કબજો કરી લીધો તથા ગાયકવાડની બંડણી ઉઘરાવતા આબુરાવ મહીપતરાવ નામના સેનાપતિની સહાય મેળવી દીવાન અમરજી આવે ત્યારે તેનો સામનો કરવા તૈયારી કરી. મરાઠી સેનાને દીવાનજી સામે થવાનું યોગ્ય લાગ્યું નહીં. આબુરાવે તેમને પોષાક મોકલાવી સંધિ કરી અને દીવાનજીએ તે કબૂલ રાખતાં આબુરાવ ત્યાંથી વિદાય થયો. દીવાનજીએ વંથલી સર કર્યું અને મુખતારખાને માફી માગતાં તેને બાંટવા જવા દીધો.[૨]

**જેતપુરનું યુદ્ધ** : વંથલીનું પતન થયા પછી દીવાન અમરજીએ ઝાલાવાડ ઉપર જોતરલખી લેવા પ્રયાણ કર્યું અને ત્યાં એક પણ યુદ્ધ વગર રાજાઓએ તેમની રકમ નક્કી[૩] કરી આપી. આ કાર્યક્રમ ચાલતો હતો તે દરમ્યાન પેશ્વાના સરદાર

---

૧. આ કામમાં નવાબનાં મા સુજનબીબી સામેલ હતાં. તેમણે દીવાન અમરજી વિરુદ્ધ આ કાવતરું કર્યું હતું.

૨. વંથલીનો કબજો વંથલીના આદીલખાને કર્યો ત્યારે અમરજીનાં સૈન્યો ઝાલાવાડમાં હતાં. ત્યાંથી પોતે જૂજ માણસ સાથે આવેલા.

૩. પેશકશીની રકમ પેશ્વા કે ગાયકવાડે કદી નક્કી કરી ન હતી. પ્રત્યેક વર્ષે મરજી પડે તે રકમ લેતા. દીવાન અમરજીએ જોરતલબીની રકમ નક્કી કરી આપી હતી.

અમૃતરાવ તથા ગાયકવાડના સરદાર થોભણે દીવાનજીનાં સૈન્યોને જેતપુર આગળ આંતર્યાં. બન્ને સૈન્યો સામસામાં થયાં. ઊનાના કરબાતી કે સુત્રાપાડાના શેખ સામેની આ લડાઇ ન હતી. પેશ્વા અને ગાયકવાડના શિસ્તબદ્ધ અનુભવી યોદ્ધાઓ સામે દીવાનજીને સામનો કરવાનો આ પહેલો પ્રસંગ હતો; પણ તેમણે હિમ્મત ગુમાવી નહીં અને અતુલ બળ અને સંપૂર્ણ શ્રદ્ધાથી યુદ્ધ આરંભ્યું.[૧] દિવસને અંતે વિજયશ્રી દીવાનજીને વરી અને ભા કુંભાજી તથા કાથડવાળાના પ્રયાસથી બીજે દિવસે માનભરી સુલેહ થઇ.

વાગડની ચડાઇ : મોરબીના ઠાકોર વાઘજી ઇ. સ. ૧૭૭૨માં ગાદીએ આવ્યા. તેને માળિયા તથા કચ્છ સાથે વેર હતું. તેથી જૂનાગઢના સૈન્યની સહાયથી તેણે માળિયા ઉપર આક્રમણ કર્યું, પણ તેમાં તે ફાવ્યા નહીં. તેથી દીવાન અમરજીની તેણે સહાય માગી. તેમણે વાગડ ઉપર સવારી કરી. રણમાં દીવાનજીના ઘણા માણસો તરસે મરી ગયા; પણ કચ્છના રાહને દીવાન અમરજી સામે લડવાનું યોગ્ય જણાયું નહિ. તેથી તેણે કીમતી ભેટો મોકલાવી લશ્કરને પાછું વાળ્યું.

પોરબંદર : પોરબંદરના રાણાએ વેરાવળ ખોયું, એટલું જ નહીં પણ ઇ. સ. ૧૭૭૪માં શેખમીંયાએ નવીબંદર લઈ લીધું. પણ તેણે હિમ્મત ન હારતાં કુંભાજીની સહાયથી શેખમીંયાને કાઢી નવીબંદર પાછું લીધું. જામનગરે પોરબંદરને વર્ષોથી પાયમાલ કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો અને તેને જામનગરની હજી પણ બીક હતી. તેથી હાલારની સરહદે તેણે ભેટાળીનો કિલ્લો બાંધ્યો. જામ જસાજીને આ વાત રુચી નહિ. તેણે રાણાને કિલ્લો તોડી પાડવાનું કહ્યું; પણ સરતાનજીએ તે વાતને વજન આપ્યું નહીં. તેથી મેરુ ખવાસે તેના ઉપર ઘેરો ઘાલ્યો. રાણાએ અમરજીની સહાય માગી; અને જ્યારે મેરુએ અમરજીનો ધ્વજ જોયો ત્યારે તેની હિમ્મત છૂટી ગઇ. તેણે સુલેહનું કહેણ મોકલ્યું. રાણાને પણ પરિણામ અનિશ્ચિત જણાયું. તેથી તેણે શર્તો સ્વીકારી અને સંધિ થઈ, જે પ્રમાણે ભેટાળીનો કિલ્લો તોડી નાખવાનું રાણાએ સ્વીકાર્યું;[૨] તેથી મેરુએ ઘેરો ઉઠાવી લીધો.

---

૧. આ યુદ્ધમાં દીવાનજી ઉપર તલવારનો ઘા થયેલો, પણ બખ્તર હોવાથી તે બચી ગયા.

૨. આ માટે પ્રચલિત વાત છે કે ભેટાળીનો કિલ્લો જોવા જામનગરનો ચારણ ગયો. તેને રાણાના માણસોએ જવા દીધો નહીં. તેથી ચારણ સ્ત્રીનાં કપડાં પહેરી જામસાહેબની કચેરીમાં આવ્યો. તેણે સ્ત્રીનાં કપડાં કેમ પહેર્યાં છે તેમ મેરુએ પૂછતાં તેણે કહ્યું કે "જેના ધણી સ્ત્રી જેવા તેના ચારણ પણ સ્ત્રી હોયને ? નહીંતર ભેટાળીનો કિલ્લો રાણો બાંધી જાય ?"

'ઉઠ અજમાલરા, ભેટાળી કર ભૂકો
રાણો વસાવે ઘુમલી, જામ માગશે ટુકો.'

મેરુને અમરજીની શકિતનો પરિચય થયો. તેના માર્ગમાં તેણે મેરુ જેવો પર્વત જોયો; તેથી તેણે અમરજીને ખંભાળિયા આમંત્રણ આપી બોલાવ્યા અને જમવામાં ઝેર આપી તેનો ઘાટ ઘડી નાખવાનું વિચાર્યું. પણ અમરજીના સ્નેહી ખુશાલરાય દફ્તરી ગુજરી જતાં તેનો શોક હતો, તેથી તે જમવા ગયા નહીં અને બચી ગયા. પણ તેમને કાવતરાની ગંધ આવી જતાં પોતાનાં સૈન્ય લઇ જૂનાગઢ ચાલ્યા ગયા.

**અમરેલી :** ગાયકવાડના સૂબા જીવાજી સામરાવે અમરેલીનો કિલ્લો મજબૂત બનાવી ત્યાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવા ઉદ્યોગ કર્યો; પણ દીવાનજીએ અમરેલી જીતી, કિલ્લો તોડી, તેનાં સ્વપ્નો ધૂળમાં મેળવ્યાં.

**ફતેહસિંહ ગાયકવાડની ચડાઈ :** ઇ. સ. ૧૭૭૮ : જીવાજી સામરાવનો ઉદ્દેશ શું હતો તે જાણ્યા સિવાય ફતેસિંહરાવ ગાયકવાડે તેનો પરાજય કરવામાં દીવાન અમરજીએ ગાયકવાડનું અપમાન કર્યું છે તેમ માની સૌરાષ્ટ્ર ઉપર સવારી કરી. જેતપુર આગળ અમરજીએ ચડાઈ લઈ આવતાં ગાયકવાડી સૈન્યોનું વીરોચિત સ્વાગત કર્યું. યુદ્ધની તૈયારી થઈ, પણ ફત્તેહસિંહરાવે સ્થાનિક દરબારો પાસેથી અમરજીનાં નીતિરીતિ, યુદ્ધકૌશલ્ય અને બુદ્ધિની વાતો સાંભળી, તેવા શત્રુને મિત્ર બનાવવાની ઇચ્છાથી સંધિ કરી, દીવાનજીને પોષાક આપ્યો અને પોતે પેસકશી માફ કરી પાછા ચાલ્યા ગયા.

**માળિયા :** ફત્તેહસિંહ ગાયકવાડને મોરબીના ઠાકોર વાઘજીએ મોટી રકમ આપી તેનાં સૈન્યો માળિયા (મિંયાણા) ઉપર મોકલી માળિયા ઉજ્જડ કરાવ્યું.

**પોરબંદરની ચડાઈ :** પોરબંદરના રાણાનો દીવાન તેમજ સેનાપતિ પ્રેમજી દામાણી હતો. તે આ વખતનો એક વીરપુરુષ હતો. તેને તક મળી હોત તો તે કદાચ મેરુ અને અમરજીની હારમાં ઊભો રહી શકત. પણ તેના તમામ પ્રયાસો સાધનોને અભાવે નિષ્ફળ ગયા. તેમ છતાં તે પણ તેના રાણા જેવો જ હિમ્મતબાજ પુરુષ હતો. તેણે સારાયે સૌરાષ્ટ્રમાંથી સારા સારા આરબોને એકઠા કર્યા અને અમરજી સામે બાથ ભીડવા તે તૈયાર થયો. હૈદરઅલીએ બગદાદના ખલીફાને મોકલેલી ભેટસોગાદનું વહાણ પોરબંદર પાસે ડૂબતાં તેનો બજાનો પણ તેના હાથમાં પડયો હતો: અને તેથી તેને ધનના અભાવનો પ્રશ્ન હતો નહીં. પરંતુ પ્રેમજીએ દીવાનજીનું સૈન્ય તેના સામે જ્યારે આવતું જોયું ત્યારે યુદ્ધ ન આપતાં સમાધાન કરી લીધું.

**કુંભોજી :** કુંભાજીની હિમ્મત અમરજી ઉપર ઘા કરવાની થતી ન હતી. તે સદા તે જ ચિન્તામાં રહેતા. દરમ્યાન દેવડાના સિંધી મલુક મામદે તેના પ્રદેશમાં

લૂંટફાટ આદરી દીધી, ખેડૂતોનાં ખળાં ભરાવી લેવા માંડયાં અને કુંભાજીના તેને જેર કરવાના પ્રયત્ન નિષ્ફળ ગયા, ત્યારે તેણે અમરજીની સહાય માંગી અને અમરજીએ મલુકને મારી દેવડા સર કર્યું.[1]

વઢવાણ-લીમડી : ઈ. સ. ૧૭૭૮ : વઢવાણની ગાદીએ ઇ. સ. ૧૭૬૫માં ચંદ્રસિંહજી બેઠા. તેની તથા લીમડીઠાકોર વચ્ચે અદાવત થઇ અને લીમડીઠાકોર હરભમજીએ મરાઠા સરદાર ભગવંતરાવની મદદથી ભાદરકાંઠે યુદ્ધ કર્યું. તેમાં વઢવાણની જીત થઇ.[2] તે પછી થોડાં વર્ષમાં ચંદ્રસિંહજી અને હરભમજી ગુજરી ગયા. પણ બન્ને રાજ્યોના મનમાં ઝેર રહી ગયેલું. તેથી ચંદ્રસિંહજીના અનુગામી પૃથ્વીરાજ તથા હરભમજીના અનુગામી હરિસિંહ વચ્ચે ઇ. સ. ૧૭૭૮માં ફરી લડાઇ થઈ. પણ એક જ દિવસમાં આ તકરાર પતી ગઇ.

જીવા શેઠ : ઈ. સ. ૧૭૮૧ : કંડોરણાના થાણદાર જીવા શેઠે ઈ. સ. ૧૭૮૧માં ભાવનગરના ગઢાળી ઉપર છાપો મારી, તે ગામ લૂંટી, અમરજી જેને ભાઈ ગણતા તેવા મોતીભાઇ નામના દરબારને પકડી, કંડોરણા પાસે મોવાસામાં કેદ કર્યા. અમરજીને આ સમાચાર મળતાં તે મેવાસા ઉપર ચડી ગયા. મેરુ જીવા શેઠની મદદે આવ્યો; પણ યુદ્ધ કરવાનું તેને યોગ્ય જણાયું નહીં. જીવા શેઠે મોતીભાઇને મોટો નજરાણો આપી અમરજી પાસે મોકલી માફી માગી.

---

૧. મલુક મામદ બળવાન લૂંટારો હતો. દેવડાના ઘેરાનું એક સુંદર કાવ્ય છે. તેમાં લખ્યું છે કે તેનો ત્રાસ બહુ થયો ત્યારે કુંભાજીએ સમાધાન માટે બ્રાહ્મણને મોકલ્યો. મલુકે કહ્યું કે, "આંઉ તો ડરાં અલ્લાસે કાં અમરેસસે." તેથી અમરજી પાસે આવી "ડળકે પળકે કુંભો રોયો." અમરજીએ દેવડા સર કર્યું તેનું આ કાવ્યમાં વર્ણન છે. વિશેષ માટે વાંચો મારો લેખ "દેવડાનો ઘેરો."–'શારદા'–૧૯૩૬.

૨. મેમકાનો એક લુહાણો ભાલમાં રોઝકા પાસે ઝાલર વેંચવા ગયો. ત્યાંના ગરાસિયા મેપજીએ મશ્કરીમાં પૂછ્યું કે "તારા ઝાલા શા ભાવે વેંચાય છે?" લુહાણાએ કહ્યું કે "સો ભાલિયે એક ઝાલો." મેપજી આ ઉત્તર સાંભળી ક્રોધિત થયો અને લુહાણાની પોઠ પડાવી લીધી. લુહાણાએ વઢવાણમાં ફરિયાદ કરતાં ચંદ્રસિંહે રોઝકા તાબાના મોરસિયા ગામ ઉપર ચડાઈ કરી તે લૂંટી, ગામનાં ઘરોના કાટ ઉતરાવી, તેનાં ગાડાં ભરી ભરી વઢવાણ તરફ ચાલતાં કર્યાં. લીમડીઠાકોર મેપજીના જમાઇ થતા. તેથી તેને જાણ કરતાં તે આડા ફર્યા અને ભગવંતરાવ નામનો સૂબો લીમડીમાં હતો તેની સહાય માગી. આ યુદ્ધમાં વઢવાણઠાકોરે કાટનાં ગાડાં શત્રુઓ વાળી જશે તો આબરૂ જશે તે બીકે બાળી નાખ્યાં અને ગોરીંભા નામના આરબ તોપચીની યુક્તિ અને હિમ્મતથી લીમડીની ફોજને હરાવી તેનો માલ કબજે કર્યો. તોપો ગાયકવાડની હતી તેથી પાછી આપી.

**રજપૂત સંગઠન :** મુસ્લિમ રાજસત્તાને બળવાન બનાવી, રજપૂત રાજાઓનું જોર તોડવા મથતા અમરજીને મહાત કરવાના સર્વે પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. જસાજી, સરતાનજી, કુંભાજી, ગોડજી, વાઘજી વગેરે રજપૂત રાજાઓ ઉપર અમરજીએ વિજય મેળવ્યો હતો અથવા તેઓ તેના ઉપકાર નીચે આવ્યા હતા. તેથી તેઓના મનમાં ડંખ રહી ગયો હતો; પણ તેઓને એકત્ર કરી નેતા બનનારો કોઈ હતો નહીં. સહુ પોતપોતાના સ્વાર્થમાં મશગૂલ હતા; છતાં કુંભાજીને અમરજીનું અસ્તિત્વ વિશેષ સમય પોસાય તેમ ન હતું. તેણે સૌરાષ્ટ્રમાંથી મુસ્લિમ સત્તાને ઉખેડી નાખવા માટે તાત્કાલિક રાજાઓને પત્રો લખ્યા અને જામનગર, હળવદ, ગોંડલ, પોરબંદર, કોટડા, જેતપુર વગેરે રાજ્યોનાં એકત્ર સૈન્યોએ કુતિયાણા ઉપર પહેલો હલ્લો કર્યો અને પછી સંયુક્ત લશ્કર જેતપુર ઉપર ગયું. ત્યાં દીવાન અમરજીએ તેમની સામે પોતાની છાવણી સ્થાપી દીધી અને યુદ્ધ આપવા તૈયારી કરી.

**પાંચ પીપળાની લડાઈ :** ઈ. સ. ૧૭૮૨ : સૌરાષ્ટ્રના ઇતિહાસમાં કદાચ આવી મોટી લડાઈ આ પછી થઈ નથી જૂનાગઢ પાસે બાંટવાના બાબી મુઝફ્ફરખાન, ફતેહયાબખાન તથા માંગરોળના શેખમીંયા કે જેઓ જૂનાગઢના પ્રબળ શત્રુઓ હતા, તેઓ આવી પહોંચ્યા.[1] હિંદુ રાજાઓનાં હિંદુ સૈન્યો તથા હિંદુ સરદાર નીચે લડતાં મુસ્લિમ સૈન્યો ઈ. સ. ૧૭૮૨માં સામસામાં થયાં. મેરામણ ખવાસે અમરજી પાસે જગુ રાવળ નામના વકીલને મોકલી વિષ્ટિ કરવા રુદ્રજી છાયા તથા પૂજારામ વસાવડાને બોલાવ્યા. જ્યારે વિષ્ટિકારો મેરુ પાસે આવ્યા ત્યારે તેણે ધમકાવી દીવાનજીની નિંદા કરી; પણ આ બન્ને જણાએ અમરજીની શક્તિનું ભાન તેને કરાવ્યું. મેરુએ તેમને રાત રોકયા અને તેઓ સૂતા હતા ત્યાં ભાદર ઊતરી તે આગળ વધ્યો. દીવાનજીને આ ખબર પડી ત્યારે તેણે પીછો પકડયો અને પાંચ પીપળા આગળ મેરુને પકડી પાડયો.

બન્ને પક્ષો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. "સમુદ્રના મોજાંઓની જેમ યોદ્ધાઓ એકબીજા સામે અથડાવા લાગ્યા." અને દીવાનજીનાં સૈન્યો પાછાં હઠવા માંડયાં. પરંતુ તેના યોદ્ધાઓએ અસાધારણ વીરત્વ બતાવ્યું. પરિણામે શત્રુ સૈન્યો ટકી ન શકયાં. મેરુ ત્યાંથી નાસી છૂટયો અને તેની છાવણી અમરજીના હાથમાં પડી.

મેરુએ ગાયકવાડની સહાય માગેલી. તે આ સમયે આવી પહોંચી, પણ ગાયકવાડ સામે યુદ્ધ ખેલવા અમરજીની મરજી ન હતી. તેથી અમરજી જૂનાગઢ

---

૧. જૂનાગઢ પક્ષે બાંટવાના મુઝફ્ફરખાન તથા ફતેહયાબખાન બાબી, અબ્દુલખાન, અબ્દુલ રહીમખાન કારાણી, હયાતખાન બલોચ, હરિસિંહ સોલંકી, સૈયદ કરમઅલી, સૈયદ ગુલમહમદ, મૌલવી અહમદુલ્લાહ ઉમર ખોખર, હિમ્મતલાલ જીતરામ અને સંપતરાય દેસાઈ હતા. શેખ મીયાં યુદ્ધ શરૂ થયું પછી પહોંચી ગયેલા.

ચાલ્યા આવ્યા. મેરુ તથા તેના મિત્રોની હિમ્મત જૂનાગઢ ઉપર આવવાની ન થઈ. તેથી તે દેવડા ગયા. દેવડાનો કિલ્લો પાડી નાખ્યો તથા કિલ્લેબંધીના માણસોને કાઢી મૂકયા.

ગાયકવાડની ફોજ પાછી ફરી, પણ દીવાનજી ફરી તેના ઉપર ચડી આવ્યા. મેરુએ સમય વિચારી માફી માગી અને સરતાનજી ઉપર ચડાઈ લઈ જતાં અમરજી સાથે મળી તેણે રાણાના કેટલોક મુલક ઉજ્જડ કર્યો. દીવાનજીએ ખીરસરાનો કિલ્લો લઈ મેરુને રજા આપી. સરતાનજીનો ભારે દંડ કર્યો તથા દેવડાનો કિલ્લો સમરાવી દેવા આજ્ઞા આપી. પોતે ધંધૂકા તથા ખંભાતની જમાબંધી ઉઘરાવવા તે તરફ ગયા.

અમરજીનું ખૂન : ઇ. સ. ૧૭૮૪ : સૌરાષ્ટ્રનાં બળવાન રાજ્યોને પરાજિત કરનાર વીર અમરજીની પ્રતિષ્ઠા ઘણી વધી ગઇ અને કુંભાજી પાસે અન્ય માર્ગ રહ્યો નહિ, ત્યારે તેણે નવાબ હામીદખાન ગોંડલમાં મહેમાન થયા ત્યારે તેના કાનમાં અમરજી માટે અપાર ઝેર રેડયું, અને તેનો ઘાત નહિ કરવામાં આવે તો તેની સ્વતંત્રતા ભયમાં આવી પડશે, તેવી સલાહ આપી, એટલું જ નહિ પણ જો નવાબ અમરજીનો ઘાત કરે તો ત્રણ લાખ કોરી તે વધામણીની આપશે તેમ કહેતાં દ્રવ્યલોભી અને અવિચારી નવાબ તે જે ડાળે બેઠા હતા તે ડાળ કાપવા તૈયાર થયા. તેણે તેના હજુરિયાઓને વિશ્વાસમાં લીધા અને ઇ. સ. ૧૭૮૪ના માર્ચની ૬ઠ્ઠી તારીખે પોતાના રાજમહેલમાં જ અમરજીનું દગાથી ખૂન કર્યું.[1] આવું નિંદ્ય કાર્ય કરી નવાબે તરત જ તેના આખા કુટુંબને કેદ કર્યું અને ઘર ઉપર કડી ચડાવી દીધી.

ખૂન પછી : દીવાનજીના કુટુંબીઓને છોડાવવા માટે નિમકહલાલ માણસોએ[2] પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ ગયો. અમરજીના પુત્રો રૂગનાથજી, રણછોડજી તથા હલપતરામ તેમજ તેના નોકરોને પણ કારવાસમાં પૂરી દીધા.

---

૧. નવાબે મનોહરદાસ ત્રિકમદાસ વૈષ્ણવ, મહેતાખાન, જુમ્માખાન ગુજરાતી, જીવણખાન અફગાનને મોટાં મોટાં ઇનામો તથા હોદ્દાઓની લાલચ આપી કાવતરામાં સામેલ કર્યા. હોળીના તહેવારો ચાલતા હતા. મર્હૂમ નવાબનાં બેગમ સરદારબખ્તેના નામે દીવાનજીને સંદેશો મોકલ્યો કે 'ગાઝી–ઉલદીનખાનની બહેન કમાલબખ્તેનાં લગ્ન નવાબ સાથે થવાનાં છે. તેનાં દાગીના–કપડાં જોવા ચાલો.' દીવાનજી રાજમહેલમાં દાખલ થયા કે તરત જ છુપાઈ રહેલા મારાઓએ તલવાર ચલાવી તેમનો ઘાત કર્યો.

૨. આફતના પ્રસંગે દીવાનના કુટુંબને સહાય કરનાર આરબ જમાદાર શેખ મહમદ-જુબેદી, મસુદ, સાલેહ અબ્દુલા, જમાદાર હાદી, સિંધી જમાદાર સરફુદ્દીન અને મલાર મુખ્ય હતા. તેઓની વિનંતી નવાબે ગણકારી નહિ.

આખા સૌરાષ્ટ્રમાં હાહાકાર વ્યાપી ગયો. યુદ્ધવીર અમરજીના આવી રીતે દગાથી કરેલા ખૂન માટે નવાબના નામ ઉપર ધિક્કારની વૃષ્ટિ થવા લાગી.[૧] વેરી પણ જેના ઘાવ વખાણે એવા મહાન પુરુષના આવા કરુણ અંતને લીધે સૌરાષ્ટ્ર શોકાતુર થયું, એટલું જ નહિ, પણ ગોહિલવાડમાં ખંડણી ઉઘરાવતા ગાયકવાડ મોરારરાવે તથા માધવજી સિંદ્યે[૨] આ ખબર સાંભળી દમોદમ કૂચ કરી જૂનાગઢ આગળના ધંધૂસર પાસે છાવણી નાખી તથા નવાબને આ કૃત્ય માટે ખુલાસો દેવા તથા દીવાનજીના કુટુંબને છોડી મૂકવા આજ્ઞા કરી. બીજી તરફથી આરબોનું કહેવું નવાબે માન્યું નહીં એટલે આરબોએ તેને રંગમહેલમાં કેદ કર્યો અને દીવાનજીના કુટુંબના રક્ષણના જામીન માગ્યા. નવાબની મૂંઝવણનો પાર રહ્યો નહીં. ગાયકવાડનાં સૈન્યો પાસે જવાબ દેવા જાય તેવો કોઇ પુરુષ તેની પાસે હતો નહીં; તેથી તેણે લાચારીથી એક માસના કારાવાસ પછી દીવાન કુટુંબને મુક્તિ આપી.

<u>દીવાન રૂગનાથજી</u> : ગાયકવાડને તેનાથી સંતોષ થયો નહીં. તેની ઇચ્છા તો સૌરાષ્ટ્રનું આ મુસ્લિમ રાજ્ય સદ્દાને માટે મિટાવી દેવાની હતી. પણ નવાબે દીવાનજીના વડીલ પુત્ર રૂગનાથજીને દીવાનગીરી આપી. અમરજીના ખૂન બદલ પશ્ચાત્તાપ કરી માફી માગી તથા માથાના બદલામાં તેને કેટલાંક ગામો આપ્યાં[૩] અને તેઓની સલામતી માટે જામીન આપ્યા. દીવાનજી પાસે સાઠ લાખ કોરીનું લેણું કાઢેલું તેનું ગાયકવાડ સમક્ષ સમાધાન કર્યું.[૪] રણછોડજી નવાબને માફી આપવા માટે અરજ કરવા ગાયકવાડના તંબૂમાં ગયા. ત્યાં તેણે તેને પોષાક આપી સાંત્વન આપ્યું તથા નવાબને માફી આપી.[૫]

ગાયકવાડનું દીવાન–કુટુંબે બહુમાન કર્યું અને ખરે વખતે સહાય કરવા માટે ઉપકાર માન્યા. ગાયકવાડી સૈન્ય તે પછી વિદાય થયું.

---

૧. ઉત્તરથી દળ ઊતરે, તે દી' દઇ આડા દીવાન
મત હીણાતેં મારીયેા, ફટ બાબી હામદખાન.

૨. રાણોજી સિંધિયાના ભાઇ માધવજી શિંદે અમરજીના પ્રિય મિત્ર હતા.

૩. હળિયાદ, ભેંસાણ, આંત્રોલી, અખોદડ વેરાવળ–કુતિયાણાની ફત્તેહ બદલ મળ્યાં હતાં તે ચાલુ રહે; ઉપરાંત માંગરોળ દીવાન દુલ્લભજીને, કુતિયાણા ગોવિંદજીને, વેરાવળ રૂગનાથજીને અને સુત્રાપાડા શામલજી માંકડને આપવા ઠરાવ્યું. ગાયકવાડે આ ગામો પોતાની હકૂમતમાં મૂકવા સલાહ આપી, પણ દુલ્લભજીએ ના પાડી.

૪. આ લેણા બદલ માંગરોળ, ઉના, દેલવાડા, સીલ, દિવાસાનાં પરગણાં ગિરો મૂકી આપ્યાં.

૫. આ પ્રસંગે ગાયકવાડ મોરારરાવે દીવાન રણછોડજીને પોતાની પાઘડી ઉતારી તેના માથા ઉપર મૂકી પોતાનું દીવાનપદ આપવા ઇચ્છા દર્શાવી. સિંધિયા, જીવાજી સામરાવ, નારાયણ પાંડે, નિંબાલકર આદિ સરદારોએ ખરખરો કરી શિરપાવ આપ્યા.

**ભાવનગર-ગોંડળ** : દીવાન અમરજીનું ખૂન થતાં ભાવનગરના રાવળ તખ્તસિંહજીએ મહુવા, લોલિયાણા, પાટણા અને સોલડીનાં જૂનાગઢનાં થાણાં ઉઠાડી મૂકયાં. કુંભાજીએ ધોરાજી, ઉપલેટા ઉપરના પોતાના અધિકાર સ્થિર કર્યા.

**દીવાનકુટુંબ** : અમરજીના ભાઇ દુલ્લભજી તથા ગોવિંદજી તથા પુત્રો રૂગનાથજી, રણછોડજી અને હલપતરામને ગાયકવાડનાં સૈન્યોની તથા આરબોની બીકે નવાબે ગામો આપી સંતોષ્યા, છતાં તેના પેટમાં પાપ હતું. નવાબે આ ગામો દગાથી પડાવી લીધાં અને દીવાનકુટુંબને જૂનાગઢમાં રહેવાનું યોગ્ય ન જણાતાં તે જેતપુર ચાલ્યું ગયું.[1]

**દીવાન અમરજી** : સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ઇ. સ. ૧૭૬૦ થી ૧૭૮૪ સુધી ૨૪ વર્ષના ગાળામાં અમરજી એક અગત્યનું પાત્ર છે. તેમનો જન્મ ઇ. સ. ૧૭૪૧માં થયો હતો અને તેંતાલીસ વર્ષની વયે તો ઇ. સ. ૧૭૮૪માં તેમનું ખૂન કરવામાં આવ્યું. આટલી નાની વયમાં તેમણે યુદ્ધકૌશલ્ય, બુદ્ધિબળ, મુત્સદ્દીગીરી અને અજોડ રાજ્યનીતિનો જગતને પરિચય આપ્યો. દીવાન અમરજી એક કુશળ સેનાની હતા. તે સાથે તેમનાં ધર્મભાવના, નિર્ભયપણું અને નીતિનિયમોનું કડક પાલન તેમને તે સમયના અન્ય યુદ્ધવીરોથી ઘણા ઊંચા પદે મૂકે છે. નિર્બળને સહાય કરવાનો, સ્ત્રીઓની મર્યાદા સાચવવાનો સિદ્ધાંત તથા ધર્મ પ્રત્યે સમદૃષ્ટિ રાખવાનો અને ન્યાયપુરઃસર રાજતંત્ર ચલાવાનો તેમનો નિયમ એ સમયમાં અજોડ ગણી શકાય. તેમના નામથી સૌરાષ્ટ્ર અને ગુજરાત ધ્રૂજતાં. તેમની વીરહાકથી ભલભલા શત્રુઓ કંપતા અને તેમના નિત્યવિજયી ઝંડા નીચે રહી જુદા જુદા ધર્મોના, જુદી જુદી જાતિઓના અને જુદા જુદા દેશોના સિપાઇઓ તેમના વચને પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરવા તત્પર રહેતા. તેમણે ધાર્યું હોત તો જૂનાગઢના રાજ્યાસને તેઓ બેસી શકત અને એક સારું એવું રાજ્ય પ્રાપ્ત કરી શકત; પણ તેમણે માતૃપક્ષના પૂર્વજોની[2]

---

૧. પ્રથમ દુલ્લભજી જેતપુર ચાલ્યા ગયા. નવાબે વેરાવળના સૈન્યને ફોડી રૂગનાથજી પાસેથી વેરાવળ પડાવી લીધું. તેથી રૂગનાથજી પણ જેતપુર ચાલ્યા ગયા. સુત્રાપાડામાંથી રણછોડજીનો અધિકાર પણ તે જ રીતે છિનવી લેવાયો; તેથી તે પણ ઇ. સ. ૧૭૮૫માં જેતપુર ચાલ્યા ગયા. ગોવિંદજી પણ ત્યાં જ ગયા. વિચિત્ર વાત તો એ છે કે આ પ્રસંગે તેને કુંભાજીએ આશ્રય આપ્યો.

૨. દીવાન અમરજીના માતામહ રાજા બહાદુરના પૂર્વજો રાજા છબીલરામ બહાદુરજી, રાજા મીરસમશેર ગિરધર બહાદુરજી તથા રાજા દયાબહાદુરજી મુગલાઇમાં સૂબેદારો હતા. દયાબહાદુર માળવાના સૂબેદાર હતા. પેશ્વાઓ માળવા સોંપી આપે તો ત્યાંનું રાજ્ય આપવા કહ્યું, છતાં પડતી મુગલાઇની પરિસ્થિતિમાં પણ આ વીર પુરુષે સ્વામિભક્તિનું અજોડ દૃષ્ટાંત પૂરું પાડી ધાર અને તેલાંના યુદ્ધમાં પ્રાણાર્પણ કર્યું હતું.

વફાદારી એને નિમકહલાલીભરેલી પ્રણાલિકા ઉપર ચાલી સ્વામિભક્તિની વેદી ઉપર પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.

દીવાન રૂગનાથજી ફરીથી જૂનાગઢમાં : ઇ. ૧૭૮૬–૮૭ : નવાબના ક્રૂર સ્વભાવ અને દગાખોર પ્રકૃતિથી તેના અંગત માણસોને પણ તેના ઉપર વિશ્વાસ હતો નહીં. અમરજીના લોહીથી તેણે તેના હાથ રંગ્યા પછી આરબો તો દેખાવમાં જ તેના નોકર હતા, અંદરખાનેથી તો તેના શત્રુ હતા. નવાબના સૈન્યમાં સિંધી અને આરબ જમાદારોમાં સિંધી તથા આરબના પક્ષો હતા. તેમના પગાર ચડી ગયા હતા, અને નવાબની તિજોરીમાં પગાર ચૂકવવાના પૈસા ન હતા; પોતાનાં લગ્ન થવાનાં હતાં. તેના ખર્ચ માટે પણ નાણાં ન હતાં, એટલે સિંધીઓએ વંથલીનો કિલ્લો દબાવી દીધો અને આરબોએ રંગમહેલમાં પોતાનો અડ્ડો જમાવ્યો. નવાબે યુક્તિપૂર્વક ઈદની સવારીમાં આરબો પાસે સિંધીઓના જમાદારને મરાવી નાખી બીજા સિંધીઓને કાઢી મૂકયા. સિંધીઓએ વંથલીમાં મજબૂત સામનો કર્યો. નવાબે પોરબંદરથી પ્રેમજી દામાણીને બોલાવ્યા; પણ બંને વચ્ચે કરાર થઇ શકયા નહીં. પ્રેમજી પાછા ગયા. રાજ્યમાં અરાજકતા ફેલાઇ ગઇ. નવાબના મિત્ર કુંભાજી, ચોરવાડના રાયજાદા મોકાજી તથા સંગજી, પોરબંદરના દીવાન પ્રેમજી દામાણી, માંગરોળના શેખમીંયા, સુત્રાપાડાના કસ્બાતી, પ્રભાસપાટણના દેસાઇઓ, ઉનાના શેખો, બાબરિયાઓ અને કાઠીઓ નવાબના અસ્તિત્વને મિટાવી દેવા વ્યક્તિગત પ્રયાસ કરવા માંડયા. નવાબને તેના હાથમાંથી સોરઠ ભૂમિ સરી જતી જોવામાં આવી. તેના હાજીરિયાઓ અને અધિકારીઓમાં વણસતી જતી પરિસ્થિતિને કાબૂમાં લઇ શકે તેવો સમર્થ સેનાની જોવામાં આવ્યો નહીં. તેથી તે જેતપુર ગયો. ત્યાં દીવાન રૂગનાથજીને "હજારો" વિનંતીઓ કરી જૂનાગઢ પાછા આવવા સમજાવ્યા અને આ નિમકહલાલ દીવાનજી આટલા આટલા અનુભવો થયા હોવા છતાં તેના સ્વામીને સહાય કરવા દીવાનગીરી સ્વીકારી, જૂનાગઢ પાછા આવ્યા.

નવાબનાં લગ્ન તથા રૂગનાથજીનું વિજયપ્રસ્થાન : ઇ. સ. ૧૭૮૭ : તે જ વર્ષમાં નવાબનાં લગ્ન રાધનપુરના નવાબનાં કુંવરી કમાલબખ્ત સાથે થયાં અને તે લગ્નોત્સવની સમાપ્તિ થતાં જ દીવાન રૂગનાથજીએ સૈન્યને સતેજ કર્યાં અને આરબો, સિંધીઓ અને સ્થાનિક સિપાઇઓએ આનંદપૂર્વક જૂનાગઢના ઝંડા નીચે તેના શત્રુઓ સામે પુનઃ આક્રમણ શરૂ કર્યાં.

સુત્રાપાડા હાંસુજી તથા ઇભરામ પટણી પાસેથી પ્રભાશંકરે લઇ લીધું અને રણછોડજીને ત્યાં મુત્સદ્દી તરીકે નીમ્યા. ત્યાંથી કેશોદના રાયજાદા દાગોજીએ આંટવા લૂંટી લેતાં તેના નિઃસહાય અને નિર્બળ થયેલા જાગીરદારો એઠલખાન તથા મુખ્તાર-

ખાન બાબીની અરજ ઉપરથી અગતરાય તથા મવાણાની લડાઈમાં રણછોડજીએ રાયજાદાને હરાવ્યો અને તેની પાસેથી ભારે દંડ લીધો. કરેલા ખર્ચને પહોંચી વળવા દાગોજીએ એક લાખ જામશાહી કોરીમાં ઈ. સ. ૧૭૮૮માં કેશોદનો કિલ્લો દીવાન દુલ્લભજીને વેચી નાખ્યો. આમ જૂનાગઢના રજપૂત રાજાનો અંતિમ અવશેષ દીવાનજીના હાથે સદાને માટે નામશેષ થઈ ગયો.

ચોરવાડનું યુદ્ધ : ઈ. સ. ૧૭૮૮ : ચોરવાડના રાયજાદા સંઘજી ગુજરી જતાં તેનાં સૈન્યોને પગાર ચૂકવવા તેના વારસો મોકાજી વગેરે પાસે પૈસા ન હતા. તેથી તેમના સગા પોરબંદરના રાણા સરતાનજીને ચોરવાડ વેચી નાખ્યું. સરતાનજીએ ચોરવાડ લઈ, વેરાવળ ઉપર હલ્લો કરી તે પણ જીતી લીધું. આ સમાચાર જૂનાગઢ પહોંચતાં દીવાન રૂગનાથજી દમોદમ કૂચ કરી ચોરવાડ પહોંચ્યા. સુત્રાપાડાથી દીવાન રણછોડજી વેરાવળ આવી પહોંચ્યા, અને ભયંકર રણસંગ્રામ થયો. સમુદ્રમાર્ગે પોરબંદરથી આવતો પુરવઠો બંધ થયો. ગોંડલથી કુંભાજી પોતાના સૈન્ય સાથે દીવાનજીની મદદે આવ્યા, ચોરવાડ પડયું અને કુંભાજીની મધ્યસ્થી થતાં મોકાજીને ધોરાજીથી જવા દીધા. આમ, રાયજાદા વંશના બીજા બળવાન સરદારનો પણ કરુણ અંત આવ્યો.

વેરાવળનો ઘેરો : દીવાનજીએ ત્યાંથી વેરાવળ ઉપર હલ્લો કર્યો. વેરાવળનો કિલ્લો દીલેરખાન નામના સરદારે પોરબંદરને સોંપી દીધો હતો. રાણાએ પણ સામનો મજબૂત થશે તે જાણી પૂરતી તૈયારી કરી રાખી હતી. રાણા સરતાનજીના ભાઈ દાઉજી અને આતાજીની સરદારી નીચે આરબો, સિંધીઓ, પટણીઓ નવાબનાં સૈન્યોનો સામનો કરવા તૈયાર થયા હતા. દીવાનજીએ ત્રણ તરફ ઘેરો ઘાલ્યો; ચોથી તરફ સમુદ્ર હતો. તેમાં વહાણો ઉપર તોપો ચડાવી, એકસાથે ચારે તરફથી તોપમારો શરૂ કર્યો; પણ વેરાવળ પડે તેમ જણાયું નહિ.[૧-૨] તેથી અલીઆતાજી અને હાંસુજી પટણીઓને દીવાને ફોડયા. તેઓએ રાતમાં પશ્ચિમ દરવાજો ઉઘાડી નાખ્યો, દીવાન ભાઈઓ આગળ થયા અને આરબો તથા સિંધીઓએ, પ્રભાશંકર વસાવડા તથા શામળજી માંકડની સરદારી નીચે રાતના દાખલ થઈ કતલ ચલાવી; તોપમારો પણ શરૂ કર્યો. દાઉજી મરાયા અને વીરતાભર્યો સામનો કર્યો હોવા છતાં રાણાનું સૈન્ય

---

૧. આ યુદ્ધનું દીવાન રણછોડજી 'તારીખે સોરઠ'માં ઘણું રસિક વર્ણન કરે છે.

૨. આ યુદ્ધમાં પ્રભાસપાટણના દેસાઈ જીભાઈ છબીલદાસ કે જે દીવાન અમરજીના બનેવી થતા હતા, તે તટસ્થ હતા. તેણે રૂગનાથજીને, નવાબે આટલા આટલા દગા કર્યા હતા તે માટે, આ કૃત્ય ન કરવા સમજાવેલા;–પણ દીવાનજી સ્વામિભક્તિના જોસમાં તેની સલાહ માન્યા નહિ; તેમ છતાં દેસાઈએ જૂનાગઢ વિરુદ્ધ પોરબંદરને સહાય ન કરવા પણ તેમણે વચન આપ્યું હતું.

ટકી શકયું નહિ, સિપાઇઓ ભાગી છૂટયા.[1] દીવાનજીએ તેમનો પીછો પકડયો અને રાણાના પ્રદેશમાં લૂંટફાટ કરી તેને વેરાન બનાવ્યો.

**ગોવિંદજીએ કંડોરણા લીધું** : આ યુદ્ધ દરમ્યાન દીવાન ગોવિંદજી કુતિયાણા હતા. તેમણે રાણા કંડોરણાનો કિલ્લો જીતી લીધો.

કુંભાએ આ સમયે પોતાના સૈન્ય સાથે સહાય કરેલી; તેના બદલામાં ગોંડલ, જેતલસર, મેલી મજેઠી, લાઠ અને ભીમોરાની જમા માફ કરાવી લીધી, તથા ચાંપરડા અને સરસાઇનાં પરગણાં, ઈ. સ. ૧૭૮૪માં અમરજીના ખૂન વખતે ત્રણ લાખ કોરી ધીરેલી, તેના બદલામાં લખાવી લીધાં.

કુંભાજી ઈ. સ. ૧૭૯૦માં ગુજરી ગયા અને તેની ગાદીએ તેના પૌત્ર મૂળજી આવ્યા.

**આરબોનું બંડ તથા હામેદ સિંધીની ચડાઇ** : ઇ. સ. ૧૭૯૧માં ભયંકર દુષ્કાળ પડયો. દીવાન રૂગનાથજીએ લશ્કરોના પગાર ચૂકવ્યા અને પ્રજાને મૃત્યુના મુખમાંથી ઉગારી લીધી. જમા પણ કાંઇ આવી નહીં. અધૂરામાં પૂરું આરબોએ પાટણ, માંગરોળ અને વેરાવળ પરગણાંમાં આગ અને તલવારથી લૂંટફાટ આરંભી અને પ્રજાને તોબા પોકરાવી દીધી. તેઓને દીવાન રણછોડજીએ પારપત કર્યા. આ કામમાં ઘણો સમય જતો હતો. તેથી રૂગનાથજીએ તેના કાકા દુલ્લભજીના પુત્ર મોરારજીને મુલકી રાજકારભાર સોંપી, ફોજી કારભાર પોતે સંભાળ્યો. વળતે વર્ષે, એટલે ઇ. સ. ૧૭૯૨માં ગાયકવાડના સરદાર હામેદ સિંધીએ જૂનાગઢ ઉપર પેશકસી માટે સવારી કરી અને દીવાનજીની ગેરહાજરીમાં તેણે અનેક ગામો લૂંટયાં અને ઉજ્જડ કર્યાં. જૂનાગઢ ઉપર તે આવતાં સ્થાનિક શીબંદીએ મારી, તેની ફોજને કાઢી મૂકી.

**દીવાનકુટુંબની હદપારી** : ઇ. સ. ૧૭૯૩ : આટલી આટલી સેવા કરવા છતાં નવાબે ઇ. સ. ૧૭૯૩માં કલ્યાણ શેઠ તથા મધુરાય ખુશાલરાયની સલાહ ઉપરથી દીવાન રૂગનાથજીને તથા તેના કાકાના દીકરા મોરારજી, પ્રભાશંકર વસાવડા, દયાળજી બુચ અને બીજા નગરોને કેદ કર્યા.

---

૧. આ પરાજય બાબતમાં વેરાવળ–ચોરવાડ પ્રદેશમાં સરતાનજી માટે એક કહેવત ચાલી આવે છે કે, "અટકોક ડાંડીઓ, મટકોક મોઇ, વેરાવળ લેતાં ચોરવાડ ખોઇ."

ટીપણીમાં ચોરવાડ–પાટણની કોળણો આ યુદ્ધનો રાસ ગાય છે. વેરાવળનું આ યુદ્ધ સોરઠના ઇતિહાસમાં એક યાદગાર બનેલું યુદ્ધ છે.

દીવાન રણછોડજી ચોરવાડ હતા અને ગોવિંદજીના દીકરા અનંતજી[1] ઊના હતા. તેઓએ નવાબનો મુલક લૂંટવા માંડ્યો અને ઘોઘલા,[2] સરસિયા, માળિયા, કાગવદર આદ્રી, શેરગઢ અને કોડીનાર લૂંટ્યાં, નવાબના લશ્કરના જમાદારોને પકડ્યા. માધવજી નામના વણિક સેનાનીએ બીકના માર્યા આપઘાત કર્યો. દીવાન રણછોડજી તથા અનંતજીના બળવાથી નવાબ શાંતિ પકડવાને બદલે ઉશ્કેરાયો, અને તેણે કેદખાનામાં પ્રભાશંકર વસાવડા તથા દયાલજીનો ઘાત કર્યો. રણછોડજીએ પોતાનું બંડ છ માસ ચાલુ રાખ્યું. તેમને પાટણનો કિલ્લો દેસાઈ જીભાઇ એ સોંપાવી દીધો અને તેમની સાથે રાજનૈતિક મતમતાંતર છતાં દુઃખમાં સામેલ રહ્યા. તે વખતે બિનશરતે રૂગનાથજીને નવાબે કેદમુક્ત કર્યા અને નવાબે માફી માગી; પણ જૂનાગઢમાં રહેવું યોગ્ય ન જણાતાં આખા કુટુંબે સ્વેચ્છાથી હદપારી સ્વીકારી. જીતેલા કિલ્લાઓ પાછા સોંપી, ધોરાજી જઈ નિવાસ કર્યો.

**જામનગર** : જામનગરમાં મેરુ ખવાસ દીવાન અમરજી જેટલો જ બળવાન થઈ પડ્યો હતો. પરંતુ તે નિમકહલાલીની વાતો કરવા છતાં જામસાહેબને કેદી જેવી હાલતમાં રાખી, પોતાનું વર્ચસ્વ તેના ઉપર જમાવી બેઠો હતો. તેણે અમરજીએ કે રૂગનાથજીએ નવાબને જેટલી સ્વતંત્રતા આપી હતી તેટલી સ્વતંત્રતા જામસાહેબને આપી ન હતી, એટલું જ નહિ, પણ જામસાહેબ મેરુ સામે આંખ ઊંચી કરવા તો શું, પણ તેના વિરુદ્ધ વિચાર કરવા માટે પણ શક્તિમાન ન હતા. ઈ. સ. ૧૭૮૮માં મેરુએ જામનગર ફરતો કોટ બંધાવ્યો તથા ફરતી ખાઈ ખોદાવી. જામનગરમાં પૂરતો બંદોબસ્ત કરી, દીવાન અમરજીની મદદથી કોટડાપીઠા આટકોટ વગેરે કાઠીઓનાં ગામો ઉપર ચડાઈ કરી તે જીતી લીધાં અને ત્યાં ઈ. સ. ૧૭૯૨માં પોતાનાં થાણાં બેસાડ્યાં તથા અનેક ગિરાસદારો પાસેથી જમા વસૂલ લીધી.

**ભાવનગર** : રાવળ વખતસિંહે ઈ સ. ૧૭૯૪માં કાઠીઓ સામે વ્યવસ્થિત વિગ્રહ શરૂ કર્યો અને કાઠીઓએ પણ આ પ્રશ્ન પતાવી દેવા કમર કરી.

**કાઠીઓનો અંતિમ પ્રયાસ** : ઈ. સ. ૧૭૬૮ : રજપૂત રાજાઓએ કાઠીઓને ઉત્તર પૂર્વ તેમજ મધ્ય સૌરાષ્ટ્રમાં પારપત કરી તેઓનાં ઘણાં ગામો જીતી લીધેલાં.

---

૧. 'તારીખે સોરઠ'માં મોરારજીને કેદ કર્યા અને મોરારજી ઊના હતા તેમ દર્શાવ્યું છે તે ભૂલ છે. પાછળથી તે પાનામાં અનંતજી ઊના હતા તેમ જણાવ્યું છે.

૨. 'તારીખે સોરઠ'માં 'ઘોઘા' છે, પણ તે ઘોઘલા હોવું જોઇએ.

૩. આ ગામો આટકોટ, સાંથળી, કોટડાપીઠા, બાબરા, કરિયાણું, ભડલી, મરવાળા, બંભાળા, ચલાલા, આણંદપર અને ભાડલા હતાં. 'યદુવંશપ્રકાશ' : શ્રી માવદાનજી.

તેઓમાં સંપનો અભાવ હતો તેમજ શિસ્તબદ્ધ સૈન્યો રાખવાનો તેઓનો રિવાજ ન હતો. તેમ છતાં તેઓમાં રાજ્યો સ્થાપવાની આકાંક્ષા ઉત્પન્ન થઇ હતી અને પરિણામે તેમણે પ્રાપ્ત કરેલાં ગામો જ્યારે તેમણે ગૂંટવાતાં જોયાં, ત્યારે તેઓએ તે ટકાવી રાખવાનો પ્રયાસ કર્યો.

ઝાલાવાડમાં ચુડા, સાયલા તથા લીમડી રાજ્યોએ ખાચરો, ખવડો અને ખુમાણોનાં ઘણાં ગામો જીતી લીધાં. કોટડા તથા ગોંડલ તેમજ રાજકોટ રાજ્યોએ ચોટીલા, આણંદપર, ભાડલા તથા જેતપુર તરફનાં ઘણાં ગામો ઉપર પોતાનું આધિપત્ય સ્થાપ્યું. જામનગર રાજ્યે કાલાવાડ અને કંડોરણા તરફનાં કાઠી ગામો લઇ લીધાં અને ભાવનગરે તો જાણે કાઠીઓ ઉપર જેહાદ શરૂ કરી હતી. એટલે સૌરાષ્ટ્રમાં જેતપુરથી લઇને ધંધુકા સુધીના કાઠી દરબારો ઉપર રજપૂત રાજાઓએ વિગ્રહ શરૂ કર્યો હોય તેવું જણાવા લાગ્યું.

પાળિયાદના કાઠી દરબારોએ ચુડા ઉપર પ્રત્યાક્રમણ કર્યું અને ઈ. સ. ૧૭૬૨માં તેના રાજકર્તા રાયસિંહજીને યુદ્ધમાં માર્યા; ઇ. સ. ૧૭૮૦માં તેના અનુગામી અને પુત્ર ગજસિંહજીને પણ માર્યા અને ચુડા લઇ લીધું. પણ તેના પુત્ર હઠીસિંહજીએ કાઠીઓને હરાવી, ચુડા પુનઃ પ્રાપ્ત કર્યું.

વાંકાનેરે કુંદણીના કાઠીઓને જૂનાગઢની સહાયથી વશ કર્યા અને તે પ્રદેશમાં કાઠીઓનું બળ સાવ ભાંગી ગયું.

કુંડલામાં ખુમાણ કાઠીઓનાં ઘણાં ગામો હતાં. તેઓની વીરતા તથા વ્યવસ્થા પ્રસિદ્ધ હતી. આલો ખુમાણ તેઓનો મુખ્ય દરબાર હતો. તે ગુજરી જતાં તેના છ પુત્રો–ભોજ, મૂળુ, હીપો, લુણા, સુરા, અને વીરા–વચ્ચે વહેંચણી[1] માટે તકરાર થઈ. ભોજે ભાવનગરના રાવળ વખતસિંહજીની મદદ માગી અને તેના બદલામાં પોતે થોડો ગિરાસ રાખી, બાકીનો ભાગ તેને લખી આપ્યો. તેથી તેના ભાઇઓ રોષે ભરાયા. તેઓએ વખતસિંહજીના સૈન્યને હાર આપી, તેમનાં ગામોમાંથી હાંકી કાઢયું. વખતસિંહજીએ તેઓનો સર્વનાશ કરવા એક પ્રબળ સૈન્ય લઇ કુંડલા ઉપર ચડવા તૈયારી કરી; પરંતુ ખુમાણ ભાઇઓએ જૂનાગઢના નવાબની મદદ મેળવી અને જૂનાગઢનું સૈન્ય પોતાની સહાયમાં લઇ આવ્યા. બન્ને સૈન્યો વચ્ચે ખૂનખાર લડાઇ થઈ. તેમાં ખુમાણોના ઘણા માણસો મરાઈ ગયા. યુદ્ધનું પરિણામ અનિશ્ચિત રહ્યું. નવાબની ફોજ પાછી ગઇ અને ખુમાણોનો ગિરાસ પણ ગયો.

---

૧ કાઠીઓમાં જ્યેષ્ઠ પુત્રને રાજ્ય કે ગાદી મળતી નથી, પણ દરેક પુત્રને સરખે હિસ્સે વહેંચી લેવાની પ્રથા છે. આ પ્રથા થોડાં વર્ષો પહેલાં વાડયા, થાણાદેવળી, જસદણ, ખીલખા વગેરે રાજ્યોએ બંધ કરી છે.

ભા કુંભાજીએ ગોંડલ આસપાસના કાઠી દરબારો પાસેથી તલવારના બળે કે ધનના બળે ઘણું ગામો લઈ લીધાં અને દીવાન અમરજીએ બાબરિયાવાડથી ભાદરના કાંઠા સુધીમાં એકપણ કાઠી રાજ્ય રહેવા દીધું નહિ.

મરાઠાઓએ અમરેલી, ધારી અને ગોહિલવાડના ઘણા કાઠી દરબારો પાસેથી તેઓના ગિરાસ છિનવી લીધા.

આ રીતે અઢારમી સદીનાં અંતિમ વર્ષોમાં કાઠીઓનું પરિબળ ક્ષીણ થતું ગયું અને સૌરાષ્ટ્રમાંથી કાઠી રાજ્યો નામશેષ થઈ જશે તેવાં ચિહ્નો જણાવાં લાગ્યાં. કાઠી દરબારોને પણ તે પ્રકારની ભીતિ લાગવા માંડી. તેથી જેતપુર, ચિત્તળ, જસદણ વગેરે કાઠીઓનાં બળવાન ગણાતાં રાજ્યોએ એકત્ર થઈ તેઓની લુપ્ત થતી પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવા એક બળવાન પણ નિષ્ફળ પ્રયાસ કર્યો.

જસદણથી વાજસુર ખાચર અને જેતપુરથી વીરાવાળા પોતાનાં સૈન્યો ભાવનગર ઉપર લઈ જવા ચિતળ એકત્ર થયા. ચિતળના કુંપાવાળા તેમાં જોડાયા. પાળિયાદ, ચોટીલા, બોટાદ અને ગઢડાના કાઠીઓ તેઓને આવી મળ્યા. બીજા કાઠીઓની રાહ જોવાતી હતી અને સૌરાષ્ટ્રમાં કાઠીઓનો સંયુક્ત મોરચો ભાવનગરને ભૂંસી નાખવા તૈયાર થતો હતો. આ સમાચાર વખતસિંહજીને સમયસર મળી ગયા અને તેમણે કાઠીઓ કાંઈ પણ કરી શકે તે પહેલાં ચિતળ ઉપર ઓચિંતો હલ્લો કર્યો. કાઠીઓ મેદાનની લડાઈમાં નિષ્ણાત ન હતા. તેથી તેઓએ તેમની પદ્ધતિ પ્રમાણે છૂટા પડી વખતસિંહજીના સૈન્યની સામે યુદ્ધ ખેલવાનું ધાર્યું. પરિણામે ચિતળમાં કોઇ માણસો રહ્યા નહિ અને વખતસિંહજીએ ચિતળ ઉપર આક્રમણ કરી તેનો કબજો કરી લીધો, એટલું જ નહિ, પણ ત્યાં પોતાનું થાણું બેસાડી, ગઢડા અને બોટાદ હસ્તગત કરી, બાબરા તથા જસદણના કિલ્લાઓ તોડી પાડી, કાઠીઓને વેરવિખેર કરી મૂકયા.

આ નિષ્ફળ પ્રયાસ પછી કાઠીઓએ બહારવટાં શરૂ કર્યાં; પણ મોટાં રાજ્યો સામે માથું ઊંચકવા પ્રયત્ન કર્યો જ નહિ.

<u>મહુવા</u> : મુગલાઈ સત્તાના અસ્ત સમયે મહુવાનો મુસ્લિમ થાણદાર સ્વતંત્ર થઈ પડયો; પણ તેની પાસે ન તો સૈન્ય હતું, ન તો ધન. તેની નિર્બળતાનો લાભ લઈ મસરી ખસિયા નામના કાઠીએ આ થાણદારને મારી, મહુવાનો કબજો કરી લીધો અને તેના ભત્રીજા હમીર ખસિયાને વાઘનગર આપ્યું. આ સાહસિક અને બળવાન ખસિયા સરદારે ઝાંઝમેર અને કોટડાની વાળા ઠાકોરોની ઠકરાતો જીતી લીધી, અને ઝાંઝમેરમાં પોતાની રાજધાની કરી. ત્યાંથી ધન એકત્ર કરવા તળાજા અને આસપાસનો પ્રદેશ લૂંટવાનું કાર્ય તેણે શરૂ કર્યું. રાવળ વખતસિંહજી આ સહન ન કરી

શકે તે સ્વાભાવિક હતું. તેમણે ઝાંઝમેર ઉપર ચડાઈ કરી તે જીતી લીધું. હમીર નાસી ગયો અને ગોપનાથ મહાદેવના મહંતનું શરણ શોધ્યું. મહંતે, વખતસિંહજીએ તેને મારી ન નાખવો તે શરતે સોંપી દીધો. વખતસિંહજીએ વચન પાળ્યું; તેથી હમીરે વાઘનગર સિવાયનાં જીતી લીધેલાં ગામો પાછાં આપ્યાં અને ભાવનગરનાં ગામોમાં લૂંટ ન કરવા વચન આપ્યું. હમીરને પરાસ્ત કરી વખતસિંહજી મહુવા ઉપર ચડયા. મસરીનો પુત્ર[1] જશો ખસિયો સૈન્ય લઈ સામો લડવા આવ્યો. બન્ને પક્ષો વચ્ચે છ દિવસ સુધી લડાઈ ચાલી. જશો મહુવાના ગઢમાં ભરાઈ ગયો અને વખતસિંહજીને મહુવા જીતવાનું કઠિન જણાયું; પરંતુ ભાગ્યદેવી તેની ધજા ઉપર બેઠી. તેની તોપના ગોળાએ કિલ્લામાં માર્ગ કરી આપ્યો અને ભાવનગરનું સૈન્ય તેમાંથી દાખલ થયું. જશો ખસિયો ગીરમાં નાસી ગયો અને ઇ. સ. ૧૭૯૩માં એ રીતે મહુવા ભાવનગર રાજ્યના ખાલસા વિસ્તારમાં ભળી ગયું. જૂનાગઢનું થાણું મહુવામાં હતું. તેને પણ વખતસિંહજીએ ઉઠાડી મૂકયું.

જશો રાજુલાના ભોળા ધાખડાના આશ્રયે રહ્યો. તેથી વખતસિંહજીએ રાજુલાને ઘેરો ઘાલ્યો. રાજુલા પડયું અને ભોળા ધાખડાએ વખતસિંહજીને કેટલાંક ગામ આપી પોતાનો બચાવ કર્યો. વખતસિંહજીએ તે પછી ડેડાણના દંતા કોટીલા[2]ને નમાવી તેની પાસેથી નજરાણું લીધું.

હમીર ખસિયાએ ચિતળમાં કાઠીઓએ એકત્ર કરેલ સૈન્યોમાં પોતાના માણસો મોકલ્યા હતા. તે બહાનું કાઢી વખતસિંહજીએ વાઘનગર પણ લઈ લીધું. તેથી હમીર અને જશાએ ભાવનગર સામે બહારવટું શરૂ કર્યું; પણ જશો મરી ગયો અને હમીર તથા ખીમો ખસિયો શરણે આવતાં હમીરને સેંદરડા તાબાનાં દશ અને ખીમાને મોનપુર તાબાનાં બાર ગામનો ગિરાસ આપી, વખતસિંહજીએ ઇ. સ. ૧૭૯૩માં તેનો તમામ મુલક ખાલસા કર્યો.

આમ, ખસિયા લોકોનું બળ પણ ભાંગી ગયું અને ભવિષ્યમાં ભાવનગર સામે માથું ઊંચું કરવાની શકિત તેઓ ગુમાવી બેઠા.

<u>રાઘોબા ભાવનગરમાં</u> : પેશ્વા માધવરાવે તેના કાકા રઘુનાથરાવ ઉર્ફે રાઘોબાને પુનામાંથી કાઢી મૂકયા, ત્યારે અંગ્રેજોના કહેવાથી તેને ભાવનગરમાં વખતસિંહજીએ આશ્રય આપ્યો અને પોતાના વહાણમાં મુંબઇ મોકલી આપ્યા.

---

૧. મસરી ખસિયો આ વખતે ગુજરી ગયો હતો.

૨. તુલસીશ્યામના મહંતે પોતાના શિષ્યને જીવતી સમાધિ અપાવી ડેડાણના કોટીલા દરબારને પુત્ર આપેલો અને કહેલું કે જો દાંત સાથે જન્મે તો તેની માનતાનો છે તેમ સમજવું. દાંત સાથે જન્મ્યો તેથી તેનું નામ દંતો પાડયું.

તળાજા : જ્યારે ભાવનગરના સ્થાપક ભાવસિંહજી ૬૧ વર્ષ રાજ કરી ૮૧ વર્ષની વયે ઇ. સ. ૧૭૬૦માં ગુજરી ગયા ત્યારે તેની ગાદીએ તેના કુંવર અખેરાજજી આવ્યા. તેના સમયમાં તળાજામાં બારૈયા કોળીઓની હકૂમત હતી. તેઓનો વ્યવસાય ચોરી અને ચાંચિયાગીરીનો હતો. તેથી તેઓને ઠેકાણે લાવવા જૂનાગઢના દીવાન અમરજીની સહાયથી અખેરાજજીએ તળાજાને ઇ. સ. ૧૭૬૮માં ઘેરો ઘાલ્યો. દીવાન અમરજી આ ઘેરામાં ઘાયલ થયા, પણ કિલ્લો લીધો. કોળીઓએ દંડ આપી ચાંચિયાગીરી ન કરવાની કબૂલત આપી; પણ થોડા જ વખતમાં તેઓએ અંગ્રેજોનાં વહાણ લૂંટી લીધાં અને અંગ્રેજોની વિનંતી ઉપરથી તેમનાં સૈન્યોની મદદ લઈ અખેરાજજીએ તળાજા ઉપર ચડાઈ કરી, તળાજા જીતી લીધું. અંગ્રેજોની વિનંતી નકારી તેણે તળાજાનો કિલ્લો સંભાળ્યો નહિ. તેથી અંગ્રેજોએ પંચોતેરહજાર રૂપિયામાં ખંભાતના નવાબને તે વેચી નાખ્યો.

નવાબે ત્યાં નૂરદીન નામના હાકેમને નીમ્યો. તેણે ખંભાતના આધિપત્યનો અનાદર કર્યો. પોતાથી તેને નમાવી શકાય તેમ નથી, તેથી નવાબે અંગ્રેજોની સહાય માગી. અંગ્રેજોની વિનંતી પણ નૂરદીને માની નહિ; તેથી નવાબે અખેરાજજીને મદદ માટે કહેવરાવ્યું; પણ અખેરાજજી ગુજરી ગયા અને વખતસિંહજી ગાદીએ બેઠા કે તરત જ તેણે ચડાઈ કરી, ઇ. સ. ૧૭૮૦માં તળાજા જીતી લઈ, પોતાના પ્રદેશમાં ભેળવી દીધું.

જૂનાગઢ : દીવાન કુટુંબની હદપારી પછી જૂનાગઢના શત્રુઓ પ્રબળ થઈ ગયા અને સરહદો દબાવવા માંડયા. નવાબે હાથે કરીને જે ડાળ ઉપર બેઠા હતા તે ડાળ કાપી નાખી.[1] દીવાન કુટુંબ ધોરાજીમાં જઈ વસ્યું, પણ ત્યાંના ઠાકોર દાજીભાજીને તેમનો ખર્ચ પોસાય નહીં તેમ જાણીને મેરામણ ખવાસની વિનંતીથી રણછોડજી, રૂગનાથજી તથા દલપતરામ જામનગર ગયા.[2] ત્યાં જામસાહેબે પડધરી તથા

---

૧. આ વિષયમાં કોઇ લોકકવિનું રચેલું કવિત આ પ્રદેશમાં પ્રચલિત છે.

અમર દુલ્લભ રણછોડજી, પરભા હણ્યો અજાણ,
નાગર થે સો નાગર ગયે, અબ કામા કરત કલ્યાણ.
કામા કરત કલ્યાણ, દેસ કાઠીકો દાગ્યો,
ચિતલ કીની ચુર, જોર કાઠીકો જાગ્યો.
જાતા જૂનાગઢ રાજ દેખ મહાબત સુત ગમરા
જમીનદાર સબ જોર ભયો જબ માર્યો અમરા.

૨. જામસાહેબે દીવાનભાઇઓને મોટું માન આપ્યું અને કચેરીમાં અગ્રસ્થાન આપ્યું. તેમને દીવાની, પાયગા તથા આરબોનું સૈન્ય આપ્યું અને દીવાનજીની સાથે આવેલા સૈન્યને પોતે રાખી લીધું.

આટકોટ પરગણું તેમને જાગીરમાં આપ્યાં.[૧] મોરારજી ભાવનગર ગયા. તેને રાવળ વખતસિંહે ચાર ગામો આપ્યાં. મંગલજી ગોવિંદજી પોરબંદર ગયા; ત્યાં તેને પાગાના ઉપરી બનાવ્યા.

જૂનાગઢમાં મધુરાય તથા કલ્યાણ શેઠનો કારભાર થયો; પણ થોડા જ દિવસોમાં તેમની વચ્ચે ખટપટ ઊભી થઇ. મધુરાય રાત લઈ નાસી ગયો. નવાબે દીવાન રણછોડજીની સહાય માંગી અને આ વફાદાર સેનાનીએ મધુરાય પાછળ પડી તેની પાસેથી મોટો દંડ વસૂલ લઇ તેને જવા દીધો[૨] અને પોતે પાછા જામનગર ગયા.

જામનગર : મેરુ ખવાસનું પરિબળ અસીમ થઇ ગયું અને જામસાહેબ જસાજીની સ્થિતિ એક કેદીથી પણ વિશેષ વિષમ થઈ. તેમનાં રાણી આછુબા તથા જામસાહેબના ભાઇ સતાજીની મેરુના પંજામાંથી જામસાહેબને મુક્ત કરવાની સર્વ યુક્તિઓ નિષ્ફળ ગઇ અને જામસાહેબને સહાય કે સલાહ દેવાના શક ઉપરથી મેરુએ અનેક માણસોને મારી નાખ્યા કે તેમનાં કાનનાક કાપી લીધાં; પરંતુ રાજકોટઠાકોરના કુંવર મેરામણજી,[૩] ગોંડળઠાકોરના કુંવર હાજીભાઇ, ધ્રોળના ઠાકોર મોડજી અને ખીરસરાના ઠાકોર રણમલજીએ મળી જાડેજા કુળના અગ્રગણ્ય રાજાને પરાધીન દશામાંથી મુક્ત કરાવવા બીડું ઝડપ્યું. ઈ. સ ૧૭૯૫માં તેઓનાં એકત્ર સૈન્યોએ જામનગર ઉપર હલ્લો કરવા વિચાર્યું; પરંતુ મેરુની શકિતનો તેમને ખ્યાલ આવતાં માત્ર હાલારનાં ગામડાંઓ ધમરોળવા માંડયાં; પણ જામસાહેબના સસરા ગજસિંહ ઝાલા, પાટડીના દેસાઇ વખતસિંહ તથા ભંકોડાના ભૂપતસિંહ[૪]નાં લશ્કરો ભાડે

---

૧. જ્યારે દીવાન કુટુંબ નગરમાં રહ્યું ત્યારે સુખમાં ભાગ ન પડાવનાર પ્રભાસપાટણના દેસાઇઓ તેમની સાથે દુઃખમાં ભાગ લેવા સાથે ચાલી નીકળ્યા. તેઓ મોરબી રહ્યા. મોરબી ઠાકોરસાહેબે તેમને રહેવાનાં મકાનો તથા જાગીરો આપી.

૨. આ મધુરાય ઇ. સ. ૧૭૯૫માં દીલ્હીના બાદશાહના દરબારમાં મહાદજી સિંધિયાનો વકીલ થયો હતો અને તેણે આખા હિન્દુસ્તાનમાં ગૌવધ ન કરવો તેવું ફરમાન બાદશાહ પાસે કઢાવ્યું હતું.

૩. મેરામણજી તેના પિતા લાખાજીની હયાતીમાં જ ગુજરી ગયેલા. કવિઓનો પ્રિય ગ્રંથ "પ્રવીણસાગર" તેમણે ઇ. સ. ૧૭૮૨માં રચેલો અને રચાવેલો. તેમનું મૃત્યુ ઇ. સ. ૧૭૯૪માં થયું.

૪. ભૂપતસિંહ ભંકોડાના વીર ઠાકોર હતા. તેણે કડીના મલ્હારરાવ સામે વેર બાંધ્યું હતું. ભંકોડા અને કડી વચ્ચે ઘણાં યુદ્ધો થયેલાં. તેના દુહાઓ ગવાય છે :

"ભંકોડુ ને કડી લડે, જેમ રાવણ શું રામ,
જાડેજે ચાલ્યો ભુપતો, નરવર કરશે નામ"

વગેરે

લાખ આવી મેરુના પક્ષમાં આવી મળ્યાં. તેઓએ રાજકોટનું સરધાર પરગણું ઉજ્જડ કર્યું.

ભાવનગર : આ સમયે ભાવનગરના ઠાકોર વખતસિંહ તથા કાઠીઓ વચ્ચેનો વિગ્રહ વધુ ઉગ્ર બન્યો હતો. કાઠીઓએ નવાબ હામીદખાનની સહાય માગી અને નવાબ પોતે પ્રબળ સૈન્ય લઈ વખતસિંહ સામે ચડ્યા. મેરુને, આ બે પ્રબળ પક્ષો વચ્ચે યુદ્ધ થશે તો તેણે જીતેલા કાઠી પ્રદેશો તેના હાથમાંથી સરી જશે એ બીક લાગતાં બન્ને વચ્ચે તેણે સંધિ કરાવી.

જાડેજા ઠાકોરોને નવાબ પ્રત્યે વિશ્વાસ ન હતો. દીવાન કુટુંબ મેરુના આશ્રયે રહ્યું હતું. પોરબંદરમાં શક્તિ પણ ન હતી. મેરુ સામે થવામાં પોતાનું છે તે પણ ખોવાનો ભય હતો; તેથી તેઓએ કચ્છના ફતેહમામદ નોતિયારની[1] સહાય માગી.

ફતેહમામદની ચડાઈ : ઈ. સ. ૧૭૯૬ : ફતેહમામદ એક પ્રબળ અને સુસજ્જીત સૈન્ય લઈ, કચ્છનું રણ ઓળંગી ઈ. સ. ૧૭૯૬માં હાલારમાં આવ્યો. દીવાનભાઈઓ જેવા કુશળ સેનાપતિઓ પડખે છે તે હિમ્મતે મેરુએ ફતેહમામદનું

---

૧. સિંધના જામ ઉનડના ઓરમાન ભાઈ મોડ તથા મનાઇના વંશમાં જાડેજાઓ થયા. ઉનડના વંશમાં નોતિયાર નામે એક પુરુષ થયો. તેણે ઇસ્લામ અંગીકાર કર્યો. તેના વંશમાં ફતેહમામદ થયો. ફતેહમામદ ઘેટાંબકરાં ચારી નિર્વાહ કરતો. કચ્છના રાહ રાયધણ ઈ. સ. ૧૭૭૮માં ગાદીએ આવ્યા પછી તેણે ખાનગી રીતે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો તેથી તેમજ હિન્દુઓનું બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવા જુલ્મ આદરતાં કચ્છમાં ક્રાન્તિ થઈ; પ્રજાએ રાહને કેદ પકડ્યો, પણ ભાટી હમીર તથા તરકવા દીનાઓ નામના સરદારોએ તેને છોડાવતાં તેને પકડવા કોઇની હિમ્મત ચાલી નહીં; ત્યારે ફતેહમામદ કે જે ત્યારે એક નાનો લશ્કરી જમાદાર હતો તેણે હિમ્મત કરી રાહને પકડ્યો. આથી ક્રાન્તિકારી તંત્રના અગ્રીમ જમાદાર કોસલવેણે તેને જમાદાર બનાવ્યો. ફતેહમામદ ક્રમશઃ એક બળવાન સેનાપતિ બની ગયો. સૌરાષ્ટ્રના મેરુ અને અમરજીની હરોળમાં મૂકી શકાય તેવો તે પરાક્રમી હતો. તેના માટે એક અજ્ઞાત કવિએ ગાયું છે કે :

ફત્તીયા તારી ફોજરો, ભડ ડંકા ભારી,
સૂતી થડકે રાતમાં, નગરરી નારી.
ઓખો તુંથી ઉધડકે, બરડો તુંથી બ્હીયે:
ગઢ જૂનો ઘોરાજીરો, નિતિધર નગર લીયે.
હાલા ઝાલા ને જેહવા, તે દાગ્યા સુધીર,
વાળ ઉતારી મૂછના, કીધા પાંસરા તીર.

આ વીરપુરુષનું જીવનવૃત્તાંત વિદ્વાન સાક્ષરવર્ય ડુંગરશી સંપટે "કચ્છનો કોમવેલ ફત્તેહ-મહમદ" એ શીર્ષકની લેખમાળામાં 'શારદા' માસિકમાં લખેલું છે.

સ્વાગત કરવા તેની તોપો આખરા બેલાના મેદાનમાં ગોઠવી. બન્ને પક્ષોની ધજાઓ ઊડી રહી અને સૌરાષ્ટ્ર ઉપર વર્ષો પછી આવતી કચ્છની ચડાઇને સરહદેથી પાછી વાળી દેવા મેરુએ પ્રચંડ પુરુષાર્થ કર્યો.

ફતેહમામદે આવો જબરદસ્ત સામનો થશે તેમ ધાર્યું ન હતું અને સૌરાષ્ટ્રમાં શત્રુઓ થઇ પરસ્પર લડતાં રાજ્યો આમ એકત્ર થઈ તેની સામાં થશે તેમ માન્યું ન હતું. તેથી તેણે આખરાબેલામાં જામનગરનું સૈન્ય હતું તે માર્ગ છોડી દઇ પોતાનું મુકામ પડધરીમાં રાખ્યું. ત્યાં જાડેજા ઠાકોરો આવી તેને મળ્યા. ભવાન ખવાસ હિમ્મત હારી ગયો, પણ દીવાનભાઇઓ તથા પરસોતમ શેઠે ઉશ્કેરી તેને રોકયો. પડધરીના મેદાનમાં ભયંકર રણસંગ્રામ ખેલાયો અને તેમાં જામનગરના સૈન્યનો ઘાણ નીકળી ગયો. મેરુ ખવાસે જામનગરનો કિલ્લો તેના હાથમાંથી જતો જોયો; તેથી દીવાનભાઇઓને તથા સૈન્યના મુખ્ય ભાગને જામનગર બોલાવી કિલ્લાનું રક્ષણ કરવા પ્રવૃત્તિ કરી ફતેહમામદે જામનગર ઉપર ઘેરો ન ઘાલતાં હાલાર યથેચ્છ લૂંટયું, બાળ્યું અને ઉજ્જડ કર્યું. મેરુએ જામનગર છોડયું નહીં અને ફતેહમામદ કચ્છમાં પાછો ગયો.

મેરુએ પોતાની જામસાહેબ ઉપરની પકડ મજબૂત કરી અને રાણી આછુબાએ જામસાહેબની મુકિત માટે નવા પાસા ફેંકવા શરૂ કર્યા.[1] તેણે કચ્છના રાહને મેરુનાં ગામો લૂંટવાની લાલચ તથા જાડેજા ભાયાતોને મદદ આપવાનાં વચન આપી મેરુને મારવા માટે આમંત્રણ આપ્યું.

મેરુએ પોતાના વિરુદ્ધ કાવતરું કરનાર જાડેજા ઠાકોરોની ખબર લેવા નિર્ધાર કરી ગાયકવાડી સરદાર આણા સેલ્યુકરને મોટી રકમ આપી, કાલાવડના પરસોતમ ઠક્કર અને પછીથી દીવાન રણછોડજીને તેની સાથે મોકલી, ગોંડલનો પ્રદેશ ઉજ્જડ કરાવ્યો અને તે 'રાનીપશુઓને ફરવા જેવી ભૂમિ બનાવી દીધી.'

<u>નવાબ હામીદખાન</u> : નવાબ હામીદખાન કલ્યાણ શેઠને સાથે લઈ જમા લેવા હાલારમાં આવ્યા, ત્યારે દીવાનજીની માફી માગી અને તેને અભયવચન આપ્યું.

---

૧. દીવાન રૂગનાથજીના રસાલાના જમાદાર શેખમહમદ મુબારદીનને તેણે લાલચ આપી, પણ દીવાનજીની આજ્ઞા વગર કાંઇ પણ ન કરવાનું તેણે કરેતાં દીવાન રૂગનાથજીને રાણીજીએ બોલાવવા મોકલ્યા. તેણે પણ કહ્યું કે 'હું મેરુના આગ્રહથી તેને આશ્રયે રહ્યો છું; તેથી કાંઇ કરી શકું નહીં, પણ સમાધાન કરાવી આપીશ.' જામસાહેબે સ્ત્રીનો પેપાક પહેરી દીવાનજી પાસે જઇ, જો તે મેરુને મારી નાખે તો જામજોધપુર પરગણું તથા મેરુની એક કરોડ રૂપિયાની મિલ્કતનો અર્ધો ભાગ આપવા કહ્યું, પણ દીવાનજીએ એ જ જવાબ આપ્યો.

કલ્યાણ શેઠનો કારભાર રડે જતો હતો. તેણે જૂનાગઢના નાગરો ઉપર જુલ્મ વરસાવવા માંડયો અને પ્રભાસના સોમપુરા બ્રાહ્મણો ઉપર એક કોરીનો કર નાખ્યો, જેના વિરોધ તરીકે બ્રાહ્મણોએ કુંવારી કન્યાને મારી તેનું લોહી દરબારગઢ ઉપર છાંટયું. પ્રભાસના દેસાઇ ઊમિયાશંકર તથા જીભાઈના પ્રયાસથી આ કર માફ થયો.[1]

ભાવનગર : દીવાન કુટુંબનો પરાભવ થયો અને કલ્યાણ શેઠ નબળો દીવાન હતો તેનો લાભ લઇ ભાવનગરઠાકોર વખતસિંહે જૂનાગઢના અધિકારમાંથી કુંડલા તથા રાજુલા પડાવી લીધાં અને જૂનાગઢનાં થાણાં ઉઠાડી મૂકયાં. આથી નવાબે સ્વારી કરી ઘોઘા સુધીનો ભાવનગરનો પ્રદેશ ઉજ્જડ કર્યો; ચિત્તળના કાઠીઓને પોતાના પક્ષમાં લઇ તેઓની સહાયથી ભાવનગર ઉપર ચડાઇ કરી. પણ ઢસા આગળ રાવળ વખતસિંહે તેઓનો સામનો કર્યો, પણ તેમાં નવાબને જીતવાની આશા જણાઇ નહીં. યુદ્ધનું પરિણામ નવાબની વિરુદ્ધમાં હતું. તેથી તેણે એક લાખ પંદર હજાર રૂપિયા લઇ કુંડલા–રાજુલા ઉપરથી પોતાનો હક્ક ઉઠાવી લીધો.[2]

નવાબ હામીદખાને ત્યાંથી હાટીઓના માળિયા ઉપર જઇ પીઠાહાટીને[3]

---

૧. આ કરુણ પ્રસંગને વર્ણવતા ચંદ્રાવળા હોળી ટાણે પ્રભાસમાં હજી ગવાય છે. "થયો કાફર કલ્યાણ રે, થયો ભૂંડું મોઢું ને ભાગી રે ગયો વગેરે" હી. સ. ૧૨૦૮ના પરવાનાથી નવાબ હામીદખાને નવાબનું રાજ્ય રહે ત્યાં સુધી આ કર માફ કર્યો. આ પરવાનાની નકલ મારી પાસે છે. અસલ દરબાર જગદીશચંદ્ર હરિલાલ આચાર્ય પાસે છે. તે પ્રમાણે આ કર શેખમીયાંએ નાખેલો, પણ કલ્યાણ શેઠે તે માફ કર્યો નહિં તેથી આ બલિદાન દેવાયેલું.

આ પ્રસંગે દેસાઇઓએ નવાબ તથા કલ્યાણ શેઠ સામે પ્રચંડ વિરોધ ઉઠાવી, પાટણનો કબ્જો કરી લીધો તથા ગાયકવાડને સોંપી આપવા પ્રવૃત્તિ કરી. પણ કાઝી શેખમીયાંની દમ્યાનગીરીથી નવાબસાહેબે સમાધાન કર્યું. આ વિગતો મારા પુસ્તક "પિતૃતર્પણ"માં આપવામાં આવી છે.

૨. કુંડલા, રાજુલા આમ તો ઠાકોર વખતસિંહજીનાં જ હતાં. તેણે તે કાઠીઓ પાસેથી લીધેલાં, પણ ત્યાં જૂનાગઢનું થાણું રહેતું. જૂનાગઢ જમા ઉઘરાવતું અને પોતાનો પગદંડો જમાવી આ પ્રદેશ ઉપર હકૂમત ભોગવતું.

૩. નક્ષત્રનો વડિયો નહિ રૂડી જનમની રાત,
હાટીમર હજાર પણ પીઠો કયાંય પાકે નહિ.

હાટીઓમાં પીઠો પ્રખ્યાત પુરુષ થઇ ગયો છે. હાટીઓ પોતાની ઉત્પત્તિ ઉદયપુરના ખુમાણથી માને છે. તેમનો મૂળ પુરુષ હઠીસિંહ જોગિયા ખુમાણના પૂર્વજ જોગાજીનો ભાઇ થતો. કર્નલ વોટસન માને છે કે જગતસિંહે ઈ. સ. ૧૨૭૦માં વંથલી જીત્યું, ત્યારે તેમની સાથે હાટીઓ આવ્યા હશે. તેઓમાં સરમણ નામે પુરુષ થયો. તેની અગિયારમી પેઢીએ માંડણ થયો. તેના પુત્રો સરમણ તથા કાળા થયા. સરમણથી તેરમી પેઢીએ પાલો થયો તેના પુત્ર ભોજે માળિયામાં ભોજ કોઠો બંધાવ્યો. હાટીઓ તેના વંશમાં થયા. (કર્નલ વોટ્સન)

હરાવી માળિયા કબ્જે લીધું.

મેરુ ઓખા ઉપર : ઈ. સ. ૧૭૯૫ : મેરુએ યુદ્ધ માટે આતુર બનેલા તેનાં સૈન્યોને ઓખા ઉપર દોર્યાં અને ઈ. સ. ૧૭૯૫માં ત્યાંના નિર્બળ ઠાકોર પાસેથી ગાગા અને ગુરગઢ લઈ, લૂંટી, આ ભૂખે મરતા પ્રદેશને વિશેષ ભૂખે મરતો કર્યો.

જામસાહેબનો મુક્તિ માટે પુનઃ પ્રયાસ : ઈ. સ. ૧૭૯૭ : દીવાન રણછોડજી ગાયકવાડના સૂબા શિવરામ ગાદી[૧] ને જમા ભરવા પડધરી ગયા. તે ગેરહાજરીનો લાભ લઈ જામસાહેબે તેના આરબ જમાદારોને ફોડી, કાલાવાડ દરવાજો કબજે કરી, મેરુનાં મકાનો ઉપર ગોળીબાર શરૂ કર્યા, પણ દીવાન રૂગનાથજીની સહાયથી જામસાહેબનો પ્રયાસ નિષ્ફળ ગયો અને મેરુએ જામ જસાજીને પોતાના મકાનમાં કેદ કર્યા. મેરુએ જામ જસાજી ઉપર સખત ત્રાસ ગુજાર્યો. તેને નહાવા દીધા નહીં, હજામત કરવા દીધી નહીં અને બદલવા માટે કપડાં પણ આપ્યાં નહીં. દીવાન રૂગનાથજીથી આ સહન ન થઈ શકયું, તેથી વચમાં પડી જામસાહેબને છોડાવ્યા.[૨]

આટકોટ : આટકોટના દાદા ખાચર જામનગર સામે બહારવટે નીકળ્યા.[૩] અને મેરુને તેના રૂપી એક મોટી અડચણ ઊભી થઈ; તેથી તેનું મનામણું કરીને કહ્યું કે, 'જો તમે મોરબી ભાંગો તો તમને આટકોટ આપું.' દાદા ખાચર મેરુનો પ્રપંચ સમજ્યા નહીં. તેણે મોરબી ઉપર ઈ. સ. ૧૭૯૩માં ચડાઈ કરી, મોરબી ઘેર્યું, પણ મોરબીના ઠાકોર તેના સામે થયા નહીં. એમ ત્રણ વાર મોરબી લૂંટી દાદા ખાચર આટકોટ મેળવવાનાં સ્વપનાં સેવવા લાગ્યા; પણ ત્રીજી વખત મોરબીની ફોજ વાંસે પડી; તેણે ચોટીલા આગળ દાદાને ઠાર માર્યો. મેરુના પ્રપંચે મોરબી નબળું પડયું, અને દાદા ખાચર રૂપી કંટક તેના માર્ગમાંથી દૂર થયો.

---

૧: શિવરામ ભાઉ ગાદી ઘણો વીર પણ અયાસી પુરુષ હતો. તેના માટે સૌરાષ્ટ્રમાં પ્રચલિત કહેવત છે કે,

'શિવરામ ભાઉ ગાદી', બે મહિનાને બાર દિ'
ચૂકયા પછી ચાર દિ' ઉઠયા પછી આઠ દિ'.

૨. દીવાન રૂગનાથજી, જસાજીને મેરુએ પકડયા ત્યારે તેના જામીન થયેલા. તેણે મેરુની રીતભાતની વાત સાંભળી, ત્યારે રણછોડજીને મેરુ પાસે મોકલ્યા. રણછોડજીનું મેરુએ અપમાન કર્યું, તેથી રણછોડજી મેરુના પ્રાણ લેવા તૈયાર થયા, પણ આરબ જમાદાર વચમાં પડતાં મેરુ બચી ગયો; પણ આ પ્રસંગ પછી મેરુ તથા દીવાનભાઈઓ વચ્ચેનું અંતર ઘણું વધી ગયું.

૩. જસદણ દરબારે વાજસુરે જામ જસાજીને તેના લગનપ્રસંગે આટકોટ ચાંદલામાં આપ્યું હતું, તે દાદા ખાચરે માન્ય કરેલું નહીં અને જામ આટકોટનો કબજો કરી બેઠેલા. તેથી તેને બહારવટું ખેડવું પડયું.

સિહોરની લડાઈ : ઇ. સ. ૧૭૯૫ : પાલીતાણાના ઠાકોર ઉનડજીએ જેના પૂર્વજોએ સિહોર ખોયું હતું તે પુનઃ પ્રાપ્ત કરવા ખુમાણ કાઠી બહારવટિયાઓને પોતાની સહાયમાં બોલાવી, સિહોર ઉપર ચડાઈ કરી; પણ વખતસિંહે તે પ્રયાસમાં તેને સફળ થવા દીધા નહીં. ઉનડજીએ ભાવનગર ભાયાતોનાં ગામ જીંથરી, આંબલા બાજુડા વગેરે લૂંટાવ્યાં. વખતસિંહજીએ કાઠીઓનો પીછો પકડી તેના સરદાર મૂળુ ખુમાણને માર્યો, ઉમરાળા તાબાનું ગામ લગાળા ભાંગવા જતાં મીરાન ધંધુકિયો મરાયો અને કાઠીઓ ગીરમાં ભરાઇ ગયા.

દરમ્યાન શિવરામ ભાઉ ગાદી પેશકશી લેવા આવ્યો અને વખતસિંહ સાથે તેને વાંધો પડતાં યુદ્ધની તૈયારી થઇ. તે સમયનો લાભ લઇ ઉનડજીએ શિવરામની સહાય માગી; પણ વખતસિંહજી સચેત રાજા હતો. તેણે પાલીતાણા ઉપર તોપખાનું લઇ જઈ તોપમારો શરૂ કર્યો. ઉનડજીએ વખતસિંહના હુમલાને પાછો હઠાવ્યો, પણ વિશેષ ટકવું શકય ન હતું; તેથી સુલેહ થઇ.

જામ જસાજી : જામનગરનો ખરો રાજા પોતે નહિ પણ મેરુ છે, એમ જામ જસાજીને પ્રતીતિ થઇ ગઇ. તેને હવે જામનગરમાં રહેવું અસહ્ય થઇ પડયું. મેરુનો ભાઇ ભવાન ગુજરી ગયો. તેનાં કારજ ચાલતાં હતાં. તે સમયનો લાભ લઇ જામસાહેબ તેના ભાઈ જસાજી તથા બીજા વિશ્વાસુ માણસોને સાથે લઇ ખંભાળિયા ચાલ્યા ગયા. મેરુ એક પળ ચૂકે તેમ ન હતો. તેણે તરત જ ખંભાળિયા ઘેર્યું અને તોપમારો શરૂ કર્યો. મેરુની નિમકહરામીની અવધિ આવી ગઈ. તેનો આરબ જમાદાર આ જોઇ શકયો નહિ. તેણે મેરુને ઠપકો આપ્યો. પરિણામે મેરુએ સમાધાન કર્યું[૧] અને જામ જસાજીને પાછા જામનગર આવવું પડયું.

ફત્તેહમામદની બીજી ચડાઈ : ઇ. સ. ૧૭૯૭ : ફત્તેહમામદને જામ જસાજીનું આમંત્રણ મળતાં, તેણે કચ્છના તંત્રનો પ્રબંધ કરી, એક પ્રબળ સૈન્ય લઇ જામનગર ઉપર ચડાઇ કરી. કચ્છનું રણ ઓળંગી તેણે દહીંસરા મુકામ કર્યું. મરુએ મલ્હારરાવની ફોજમાંથી છૂટા થયેલા પઠાણ સૈનિકો તથા યોદ્ધાઓને પોતાની નોકરીમાં રાખેલા. તેના સરદાર શેરજંગખાનની સરદારી નીચે પોતાનાં સૈન્ય આપી ફત્તેહમામદ સામે તેને મોકલ્યો. જૂનાગઢથી નવાબ હામીદખાન પણ પોતાનાં તેમજ તાબાના સરદારોનાં કસાયેલાં સૈન્યો લઈ મેરુને આવી મળ્યા. દીવાન રૂગનાથજી તથા રણછોડજી તેમનાં અનુભવ, દીર્ઘદૃષ્ટિ, પરાક્રમ અને એકનિષ્ઠાથી મેરુની પડખે જ હતા. એટલે મેરુએ ફત્તેહમામદ સામે પ્રચંડ મોરચો ઊભો કરી, ફરીથી તે રણ

---

૧. મેરુએ પોતાની પછેડીથી જામસાહેબની મોજડી સાફ કરી અને કહ્યું કે, 'હું આપનો ગોલો છું.' જામસાહેબ ભયથી કે ગમે તે કારણે પાછા આવ્યા.

ઓળંગવાની હિમ્મત ન કરે તેવો બોધપાઠ આપવાનો નિશ્ચય કર્યો.[૧] ફત્તેહમામદને આવો જબરો સામનો થશે તેવો ખ્યાલ ન હતો; તેથી જામસાહેબના સસરા ગજસિંહ ઝાલા, જે રાહ રાયધણના પણ સંબંધી હતા તેને વચમાં નાખી સંધિ કરી[૨] અને પાછો ચાલ્યો ગયો.

આ સંધિની શરતો નક્કી કરવા પંચ નીમવામાં આવ્યું. આ પંચોએ જે શરતો નક્કી કરી તે શરતોનો મેરુએ અમલ ન કરતાં ઇ. સ ૧૭૦૯માં ફરીથી ફત્તેહમામદ ચડી આવ્યો.

ફત્તેહમામદની ત્રીજી ચડાઈ : ઇ. સ. ૧૭૯૯ : આ વખતે ફત્તેહમામદના સૈન્ય સાથે રાહ રાયધણ પોતે આવ્યા અને એવી ચૂપકીથી તેઓએ ચડાઈ કરી કે તેઓ જામનગર સુધી દમોદમ કૂચ કરી આવી પહોંચ્યા, ત્યાં સુધી મેરુને ખબર પડી નહિ. તેઓએ જાગનાથના મંદિર પાસે પડાવ નાખ્યો. ફત્તેહમામદનું સૈન્ય સંખ્યાબળમાં અને શકિતમાં વિશેષ છે અને પોતાની સહાયમાં કોઈ આવે તેમ નથી તેમજ અંદર રહેલા સરદારો તેમજ જામસાહેબ પોતાથી વિરુદ્ધ છે, તે મેરુ જાણતો હતો; તેથી તેણે દરવાજા બંધ કરાવી પથ્થરથી ચણી લીધા. કિલ્લાનું રક્ષણ કરનાર પઠાણ જમાદારો[૩]એ ખુટામણ કરી ફત્તેહમામદને તળાવ તરફની દીવાલ ઉપરથી ચડી આવવા આમંત્રણ આપ્યું; પરંતુ મેરુને જાણ થઈ જતાં પઠાણોને બીજી તરફ મોકલી, પોતે ત્યાં ઉપસ્થિત થયો અને ફત્તેહમામદના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. ફત્તેહમામદે નાગનાથના નાકા ઉપર હુકમ કર્યો. દીવાન રૂગનાથજી ત્યાં હતા. તેણે ફત્તેહમામદના સૈન્યની મોટી ખુવારી કરી હુમલો પાછો કાઢયો. ફત્તેહમામદે થોડા દિવસ સુધી જામનગર લેવા પ્રયાસ કરી, ખંભાળિયાના કિલ્લાને ઘેરો ઘાલ્યો. ત્યાં પણ સફળ ન થતાં તે કચ્છ તરફ પાછો વળી ગયો.

જમાદાર અમીન સિંધીની ચડાઈ : ઇ. સ. ૧૭૯૯ : ગાયકવાડનો સેનાપતિ હામીદ સિંધી ગુજરી જતાં તેની જગ્યા તેના પુત્ર અમીનને મળી. તેણે દીવાન

---

૧. યુદ્ધમાં નવાબ હામીદખાન એક લાખ પંદર હજાર કોરી લઇ મદદે આવ્યા હતા. તેની સાથે બાંટવાના મુખ્તારખાન બાબી, માંગરોળના શેખમુર્તઝા, જમાલખાન બલોચ, હરિસિંહ પુરબિયા, બાલાગામના પ્રતાપસિંહ તથા કેસરીસિંહ સોલંકી આવેલા.

૨. આ સંધિની શરતો નક્કી કરવા માટે જામનગર તરફથી દીવાન રૂગનાથજી, જૂનાગઢ તરફથી કલ્યાણજી હીરજી, રાજ ગજસિંહજી તરફથી કરશનજી ઝાલા અને કચ્છ તરફથી શાહ સવજી હતા. આ પંચે શું શરતો કરી તે જાણવામાં નથી.

૩. આ ખુટામણ કરનાર પઠાણ જમાદારો મલેક ફરીદખાન, અલ્લીખાન, દોલતખાન વગેરે હતા. શહેરના અન્ય અગ્રગણ્ય સેનાપતિઓનો તેમાં ટેકો હતો. ફતેહમામદ ગયા પછી આ પૈકીના ઘણા માણસોને મેરુએ કતલ કર્યા.

કુટુંબની ગેરહાજરી તથા કલ્યાણ હીરજીના અવિચારી કારભારથી નબળા પડી ગયેલા જૂનાગઢ ઉપર હલ્લો કરી, જૂનાગઢનો કિલ્લો જીત્યો, અને પરાજિત નવાબે ત્રણગણી ખંડણી આપી તેને પાછો વાળ્યો.

**જામનગર ઉપર જમાદાર અમીન** : જમાદાર અમીન જામનગર આવે છે તેવા ખબર મેરુને મળતાં, તેણે દીવાન રણછોડજીને સામા મોકલ્યા. જમાદારને વાંકાનેર મુકામે દીવાનજી મળ્યા અને સમાધાન કરી પાછા આવ્યા.[1]

**ભાણવડનો ઘેરો** : પ્રજા મેરુના ત્રાસથી આવી રહી હતી. ફત્તેહમામદની ચડાઇ પછી તેઓમાં પડેલું અસંતોષનું સુષુપ્ત તત્ત્વ પ્રગટ થયું અને જાડેજા ભાયાતોએ તથા પ્રજાએ મળી ભાણવડ દબાવી દીધું. દીવાન રણછોડજીએ ભાણવડને ઘેરો ઘાલ્યો; પણ ભાણવડ પડે તેમ હતું નહીં. દીવાનજીના જમણા હાથમાં ગોળી વાગી અને કેશવજી કામદાર હિમ્મત હારી જતાં ઘેરો ઉઠાવી પાછા આવ્યા. આ ખબર ફત્તેહમામદને મળતાં, તેણે જામનગર ઉપર ફરી ચડાઇ કરી.

**ફત્તેહમામદની ચોથી ચડાઈ**: ઇ. ૧૭૯૯ : ફત્તેહમામદ હાલારમાં આવ્યો છે, તે જાણી મેરુએ દીવાન રૂગનાથજીને વહાણોમાં એક મોટા સૈન્ય સાથે કચ્છ–માંડવી મોકલ્યા. ત્યાંનો સવજી શાહ ફત્તેહમામદનો વિરોધી હતો અને રાજ્ય સામે લડતો હતો. તેની મદદે મેરુનું સૈન્ય આવ્યું છે તે જાણ્યા છતાં સવજી શાહે ગમે તે કારણે તે મદદ ન સ્વીકારતાં, રૂગનાથજી પાછા આવ્યા.

ફત્તેહમામદનો જામનગરનો ઘેરો મજબૂત થતો જતો હતો અને મેરુને બચવાનો માર્ગ મળે તેમ હતું નહિ. તેથી તેણે દીવાનજીને જામનગર ન આવતાં, ગાયકવાડની સહાય મેળવી, ઘેરો ઘાલનારને ઘેરવાની પ્રવૃત્તિ કરવા વિનંતી કરી. દીવાનજી ભાડલા મુકામે શિવરામ ભાઉને મળી, તેની ફોજ લઇને આવ્યા. તે દરમ્યાન ધુંવાવ ગામે મેરુએ ફ-તેહમામદને મોટી રકમ આપી, સુલેહ કરી તેને પાછો વાળ્યો. દીવાન રૂગનાથજી અને ગાયકવાડી સૈન્ય માર્ગમાં જ રહ્યાં. મેરુએ તેના ખર્ચ માટે કાંઇ પ્રબંધ કર્યો નહિ; તેથી રૂગનાથજીએ પડધરી પરગણાના પટેલો પાસેથી આ રકમ લઈ શિવરામ ભાઉને આપી.

---

૧. વાકાનેર મુકામે દીવાન રણછોડજીને ગાયકવાડી સરદારો જમાદાર નિહાલખાન જમાદાર, બચ્ચા માધવરાય નાગર તથા રૂગનાથ મોદી માનપૂર્વક મળ્યા અને શિવરામ ભાઉ કામીદાને હરાવેલી પેશકશી જામનગર પાસેથી લેવી તેમ નક્કી કર્યું. મેરુને આ રકમ વધારે લાગી. દીવાન રણછોડજીને તે કહેવાની તેનામાં હિમ્મત હતી નહિ. તેથી તેણે જામનગરના નાગરો ઉપર દંડ નાખી આ રકમ વસૂલ લીધી.

**દીવાનજીની વિદાય** : ઇ. સ. ૧૭૯૯ : રૂગનાથજીએ શિવરામ ભાઉને દેવાની રકમ મેરુએ ન આપતાં પટેલો પાસેથી લીધી તે મેરુને ઠીક લાગ્યું નહિ. બન્ને વચ્ચે ઘર્ષણ વધતું જતું હતું અને તેમાં બીજાં કારણો પણ મળ્યાં. મેરુની હલકી, બેવચની અને દગાભરેલી રમતોથી દીવાનભાઇઓ કંટાળી ગયા હતા. તેથી તેઓ, વિશેષ વખત જામનગર રહેવાનું યોગ્ય નથી તેમ વિચારી, ધ્રોળ રહેવા ચાલ્યા ગયા.

**જૂનાગઢની ધાંધલપુર ઉપર ચડાઇ** : કલ્યાણ શેઠ નવાબના લખલૂંટ ખાનગી તેમજ લશ્કરી ખર્ચને પહોંચી વળવા ધન પ્રાપ્ત કરી શકયો નહીં અને સિપાહીઓના પગાર ચડી જતાં, તેને જૂનાગઢ છોડી વનવાસ લેવો પડયો. તેણે કાંટોલિયાના જંગલમાંથી નવાબને ધાંધલપુરના ગોદડ ખવડ[1] ઉપર ચડાઈ લઈ જઈ, કિલ્લો તોડી, લૂંટ કરી, ધન મેળવવા પ્રેરણા કરી. હામીદખાનજીએ કલ્યાણ શેઠની સલાહ માની ધાંધલપુર ઘેર્યું; પણ બે સાસ સુધી ધાંધલપુર પડયું નહિ નવાબની માનહાનિ થઇ તેમજ તેના સૈન્યની પણ મોટી ખુવારી થઇ. પરિણામે નિરાશ થઇ નવાબ પાછા ફર્યા.

**હળવદ** : ઇ. સ. ૧૭૯૯ : સિંધ ઉપર સ્વારી કરવા ગાયકવાડ તથા પેશ્વાનાં સૈન્યો કચ્છમાં થઇને ગયાં, પણ સિંધ પહોંચી શકયાં નહીં; પણ પેશ્વાના સરદાર સદાશિવ રામચંદ્રે હળવદના રાજસાહેબે ખંડણી ન આપતાં હળવદ ઉપર ઘેરો ઘાલ્યો. હળવદ પડયું અને રાજસાહેબે ખંડણી ભરતાં પેશ્વાઇ સૈન્ય પાછું ગયું.

**નવાબની ભાવનગર ઉપર ચડાઇ** : નવાબનાં સૈન્યોએ ભાવનગર ઉપર ચડાઈ કરી. બાબરિયાવાડના ધાંખડા કાઠીઓ તેને મોટી સંખ્યામાં આવી મળ્યા. નવાબના મનમાં રાજુલા તથા કુંડલાના કિલ્લાઓ વખતસિંહજીએ લઇ લીધેલા તે ખટકતું હતું; તેથી તેણે ઉના થઇ રાજુલા ઉપર હલ્લો કર્યો અને રાજુલા લીધું. વખતસિંહજીએ કાયાજી નામના સરદારને મહુવાના નાગર અનંતજીની સાથે રાજુલા ઉપર મોકલ્યા. એમણે રાજુલા સર કરી, નવાબની ફોજને હરાવી, વેરવિખેર કરી નાખી.

નવાબને આ સમાચાર મળતાં, તેણે પોતે એક મોટું સૈન્ય લઇ રાજુલાને ઘેરો ઘાલ્યો. આ યુદ્ધમાં અનંતજી મરાયો અને કાયાભાઈ કેદ પકડાયો. કાઠીઓની સહાયથી ભાવનગર લઇ લેવા નવાબે વિચારી, આગળ કૂચ કરી; પણ વરળગામ આગળ નવાબના લશ્કરને રોકયું અને ભયંકર યુદ્ધ થયું. તેમાં કોણ જીત્યું તે નક્કી થઇ શકયું નહિ; પણ નવાબે પોતાની છાવણી વરળ આગળથી ઉપાડી જરમિયા ગામે નાખી. વખતસિંહજીના સૈન્ય સાથે નવાબને ઢસામાં ફરી ભેટો થયો. તેનું પરિણામ

---

૧. નહોતી ને તેં નવી કરી, ગઢ જૂનાને ગાળ
બાખી અક્કલ બાળ, બીજવિયો ગોદડ ખવડ.

પણ અનિશ્ચિત રહ્યું. વખતસિંહજીને ભાવનગરનું અસ્તિત્વ ભયમાં લાગ્યું; તેથી તેમના બનેવી પોરબંદરના જીયાજી જેઠવાની દરમ્યાનગીરીથી જોરતલબી કબૂલ કરી, નવાબ સાથે સુલેહ કરી.

ચિતળ કાઠીઓને સોંપાયું : આ પ્રસંગથી વખતસિંહજીએ જાણી લીધું કે કાઠીઓ સામે તેમનું વેર હવે એટલું ઘાટું બન્યું હતું કે તેઓ મોડાવહેલા તેમની સામે પ્રબળ સામનો કરશે. વળી, નિરંતર ચાલુ રહેતાં યુદ્ધોથી રાજ્ય પાયમાલ થતું જતું હતું. તેથી તેમણે કાઠીઓનાં મનામણાં કરી ચિત્તળ કુપાવાળાને સોંપ્યું તથા બીજા ખુમાણોને ગિરાસ આપ્યો. જસદણના વાજસુર ખાચર તેમજ ગઢડા અને બોટાદના કાઠીઓ સાથે પણ સુલેહ કરી તેઓને ગિરાસ આપ્યા.

આમ, ભાવનગર અને કાઠીઓ વચ્ચેના વિગ્રહની ઇ. સ. ૧૭૯૯માં પૂર્ણાહુતિ થઇ.

જસદણ : વાજસુર ખાચરે જામ જસાજીને આપેલી દેવાંગી ઘોડી, તેમની સાથે સરહદી વાંધા ન પતવાથી, પાછી લઈ ચારણને આપી દીધી, તે કારણસર જામસાહેબને માઠું લાગતાં, તેણે ઈ. સ. ૧૮૦૧માં જસદણ ઉપર ચડાઇ કરી જસદણ બાળ્યું અને લૂંટ્યું. વાજસુર ભાગીને ભાવનગર ગયો. જામસાહેબે જસદણ ખાલસા કર્યું; પણ પાછળથી વાજસુર ખાચરે[1] વાટાઘાટ ચલાવી, જામસાહેબનું મન મનાવી જસદણ પાછું લીધું.

માંગરોળની ચડાઈ : ઇ. સ. ૧૭૯૮–૯૯ : માંગરોળના શેખ બદરુદ્દીન સામે તેના ભાયાતોએ બંડ ઉઠાવ્યું અને પાટણના કાજીઓએ તેને સહાય આપતાં, તેઓએ પાટણમાંથી તેના પ્રતિનિધિને કાઢી મૂક્યો. ઇ. સ. ૧૭૯૩માં ચોરવાડ ઉપર શેખે કરેલી ચડાઇનો બદલો લેવા જૂનાગઢે પાટણ તેના પાસેથી લઈ લીધું.[2]

આટલાથી સંતોષ ન માનતાં માંગરોળે ઇ. સ. ૧૭૯૯માં જામજોધપુર ઉપર ચડાઈ કરી; પણ ત્યાંથી મોટી ખુવારી સાથે તેને પાછા ફરવું પડ્યું.

મેરુનું મૃત્યુ : ઇ. સ. ૧૮૦૦ : મેરુ ખવાસ બીમાર પડ્યો અને ઇ. સ. ૧૮૦૦માં ગુજરી ગયો. પોતાના બાહુબળ અને બુદ્ધિબળથી એક સામાન્ય પદથી પ્રારંભ કરી મેરુએ પિસતાલીસ વર્ષ સુધી સૌરાષ્ટ્રના એક બળવાન રાજ્યની ધુરા

---

૧. વાજસુર ખાચરની એવી આણ ફરતી કે તેની ચિઠ્ઠી અને મહોર વટેમાર્ગુ બતાવે તો તેને કોઈ લૂંટતું નહીં. વાજસુર ખાચર ઇ. સ. ૧૮૧૦માં ગુજરી ગયા.

૨. બદરુદ્દીન કાજી શાદી કરવા પાટણ ગયા હતા. ત્યાં અપશુકન થતાં શાદી માટે વાંધો પડ્યો. એના પરિણામે આ તકરાર થઈ હતી તેવી એક લોકવાર્તા પ્રચલિત છે.

કુશળતાથી વહન કરી. મેરુ દીવાન હતો, પણ ખરેખર તો તે જ જામનગરનો રાજ્યકર્તા હતો, એટલું જ નહીં, પણ સમસ્ત સૌરાષ્ટ્રમાં તેની પ્રબળ લાગવગ હતી. પણ મેરુનો વિરોધ કરવાનો વિચાર કરવાનું પણ બીજા રાજાઓ માટે મુશ્કેલ હતું. મેરુ સેનાની હતો તેમજ કૂટ મુત્સદ્દી હતો. તેણે દીવાન કુટુંબને આશરો આપી તેને મહાત કરે તેવા જબ્બર હરીફનો એક મોટો ભય ટાળ્યો હતો અને પોતે મોટી સહાય મેળવી હતી. ફ-તેહમામદ અને કુંભાજી જેવા મહાન યોદ્ધાઓને તેણે મહાત કર્યા હતા. કાઠીઓ, ભાયાતો, બીજા જાડેજાઓ અને અન્ય રાજાઓને તેણે પોતાના પગની એડી નીચે દબાવી દીધા હતા.[1] રાજમાતા દીપાજીને ફોસલાવી, જામનગર લાવવામાં અને ખંભાળિયાથી જામ જસાજીને મનાવી લાવવાના પ્રસંગે તેણે મુત્સદ્દી-ગીરી વાપરી હતી.

પરંતુ આ બધા સદ્‌ગુણો હોવા છતાં મેરુએ સ્વાર્થ ખાતર અને પોતાનું પદ સ્થિર રાખવા માટે તેના પોતાના જ આશ્રયદાતા અને સ્વામી જામ જસાજી પ્રત્યે જે ક્રૂર, અન્યાયી અને અધમ વર્તાવ કર્યો હતો અને રાજમાતાનું ખૂન કરી તેના મૃતદેહનું પણ અપમાન કર્યું હતું તે કૃત્યો અક્ષમ્ય છે. મેરુએ તેની મહત્તા, વીરતા અને રાજનીતિજ્ઞતાના ગુણોને આવાં કર્તવ્યોથી કાળા બનાવેલા છે.

મેરુના મૃત્યુથી સૌરાષ્ટ્રમાં રાહતની લાગણી ફેલાઈ; જામ જસાજીએ મુકિત મેળવી અને મેરુને આમરણ, બાલંભા, જોડિયાનાં પરગણાં જાગીરમાં આપેલાં તે કાયમ રાખી તેના ભત્રીજા સગરામ તથા પ્રાગજીને તેની તમામ મિલ્કત ત્યાં લઈ જવા દીધી.[2]

કુંભાજી આ પહેલાં દસ વર્ષે ગુજરી ગયા હતા.[3] વખતસિંહજીએ યુદ્ધોમાંથી નિવૃત્તિ લીધી હતી અને દીવાનભાઈઓ જૂનાગઢની બહાર હતા. પોરબંદરના રાણા

---

૧. 'ગોલા ગોલા ગોલા ગોહણ હેઠ, તે કંઇક નર નમાવિયા;
ભૂપત છોડે ભેઠ, તારી મોગળ મેરુલા.'

(એક ગઢવી કપડાં ફાટી જતાં દરજી પાસે સંધાવવા ગયા. દરજી મેરુનાં કપડાં સીવતો હતો; તેથી વિલંબ થયો, ગઢવીએ તાકીદ કરતાં દરજીએ કહ્યું, "જોતા નથી, મેરુકાકાનાં કપડાં સિવાય છે?" ગઢવીએ જવાબ દીધો કે "મેરુ ચાહે તેવો તોય ગોલો." દરજીએ કહ્યું, "અહીં બોલો છો, તે તેના મોઢે કહો તો મરદ જાણું." તેથી ગઢવીએ કહ્યું "એક વાર નહિ ત્રણ વાર કહું" તેમ કહી ઉપરોક્ત દુહો ભરકચેરીમાં કહેલો તેમ લોકોક્તિ છે.)

૨. મેરુને પુત્ર ન હતો. મુસ્લિમ રખાતનો એક પુત્ર હતો, પણ તેને વારસો ન મળે, તેથી ભવાનના પુત્રો વારસો લઈ આમરણ જતા રહ્યા.

૩. બા કુંભોજી ઈ. સ. ૧૭૮૦માં ગુજરી ગયા હતા.

સરતાનજી પણ વૃદ્ધ થયા હતા. એટલે સોરાષ્ટ્રમાં મેરુના મૃત્યુ પછી યુદ્ધની ગડગડતી નોબતોને વિશ્રાંતિ મળી અને અઢારમી સદીના અંતમાં મેરુના મૃત્યુની સાથે નવયુગની પ્રગટતી ઉષાનાં સ્પષ્ટ ચિહ્નો દૃષ્ટિગોચર થવા લાગ્યાં.

કચ્છની મોરબી ઉપર ચડાઇ : ઇ સ. ૧૮૦૧ : કચ્છના સરદાર ભાણજી રામજી મહેતાએ મોરબીના વવાણિયા બંદરને ઘેરો ઘાલ્યો; પણ મોરબીઠાકોર જીયોજીએ કચ્છના સૈન્યને હરાવતાં તે પાછું ચાલ્યું ગયું.

માળિયા-મોરબી-એકમ : મોરબીઠાકોરના માળિયાનું નિકંદન કાઢવાના મનોરથ પૂર્ણ થયા નહીં. તેથી તેણે માળિયાઠાકોર ડોસાજીને તેના મિત્ર બનાવ્યા અને તેમનાં સૈન્યો સાથે વાગડમાં જઇ કચ્છનો પ્રદેશ લૂંટવા માંડયો. કચ્છ તરફથી તેનો સામનો થયો નહીં; તેથી તેઓ પાછા આવ્યા, પણ માર્ગમાં નગરવાસ મુકામે જીયોજીએ ડોસાજીના સૈનિકોને જમવા બોલાવી, દગાથી હલ્લો કરી, તેમને કાપી નાખી, ડોસાજીને પકડી મોરબી લઇ ગયા [1]

દીવાન રૂગનાથજી જામનગરમાં : મેરુનું મૃત્યુ થતાં જામ જસાજીએ રૂગનાથજીને બોલાવી દીવાનપદે નિયુક્ત કર્યા, પણ ઇ. સ. ૧૮૦૧માં નવાબસાહેબે જામસાહેબને તેને છૂટા કરી જૂનાગઢ મોકલવા વિનંતી કરતાં, ત્યાંથી છૂટા થઇ જૂનાગઢમાં તેઓ દીવાનપદે નિયુક્ત થયા.

કલ્યાણ શેઠનો બળવો : ઇ. સ. ૧૮૦૧ : રૂગનાથજીને અતિમાનપૂર્વક દીવાનપદે નવાબે રાખ્યા છે; તે ખબર જ્યારે કલ્યાણ શેઠને મળ્યા, ત્યારે તેણે સમય બોયા સિવાય બળવો કર્યો, કુતિયાણા પરગણું લૂંટયું, મુખ્તારખાન બાબી તેની સાથે ભળી ગયા; પણ રણછોડજી પોરબંદરની સેવામાં હતા. તેને નવાબે કહેણ મોકલતાં, તેણે રાણાની રજા લઇ કોટડા છાવણી નાખી, કલ્યાણ શેઠની સામે સૈન્યની જમાવટ કરી. મુખ્તારખાન તો તરત જ શરણે આવ્યા, પણ કલ્યાણ શેઠે કુતિયાણાનો કબજો કરી કિલ્લાના દરવાજા બંધ કર્યા તથા રણછોડજીને યુદ્ધનું એલાન મોકલ્યું.

કુતિયાણાનો સંગ્રામ દિનપ્રતિદિન ભીષણ થતો ગયો. દીવાન રણછોડજીએ કલ્યાણ શેઠે જે કાળી કોઠીમાં આશ્રય લીધો હતો તેને અહોરાત મજબૂત ઘેરો ઘાલ્યો. દીવાન રૂગનાથજીએ જૂનાગઢની ફોજ લઇ ભાદરકાંઠે પડાવ નાખ્યો; પણ રણછોડજીનો વિજય નિશ્ચિત છે તે જાણી પાછા ગયા. કલ્યાણ શેઠ શરણે થયા. તેને કંડોરણામાં કેદ કરવામાં આવ્યા. ત્યાંથી રણછોડજી, તેને પ્રભાસપાટણ લઈ જઈ, નવાબને સોંપી ચોરવાડ અને ઉનાના કિલ્લા કલ્યાણ શેઠના પુત્ર લક્ષ્મીદાસ પાસેથી જીતી લઈ, દીવાન રૂગનાથજી લીમડી પરગણામાં હતા, ત્યાં સામેલ થઈ ગયા.

---

૧. ડોસાજીને બાબાજીની સલાહથી ઇ. સ. ૧૮૦૧માં મોરબીએ મુક્ત કર્યો ૪૮

**વસઇની તહ** : પેશ્વાએ અંગ્રેજો સાથે ઈ. સ. ૧૮૦૨માં વસઈ મુકામે તહ કરી અને તે સાથે ગુજરાતમાં અંગ્રેજી સત્તાની સ્થાપના થઈ. પરિણામે સૌરાષ્ટ્રની ક્ષિતિજ ઉપર યુનિયન જેક ઊડતો જણાયો.

**ગાયકવાડ-જૂનાગઢના વાંધા** : દીવાન રૂગનાથજી તથા રણછોડજીએ જૂનાગઢ વતી ઝાલાવાડમાંથી ઝોરતલબી ઉઘરાવી અને ગાયકવાડ વતી શિવરામ ભાઉ ગાર્દીએ જૂનાગઢના હક્ક માટે શંકા ઉઠાવી પડકાર કર્યો. ધ્રાંગધ્રા મુકામે ગાયકવાડના સરદારો હનુમંતરાવ તથા શિવરામે દીવાન રણછોડજીના માર્ગ અવરોધવા પ્રયત્ન કર્યા; પણ દીવાનભાઈઓની કુશળતા તેમજ શક્તિની તેમને પિછાન હતી; તેથી તેઓએ વાત પડતી મૂકી. દરમ્યાન અમરેલીમાં મુકુંદરાવ ગાયકવાડે ગાયકવાડ સરકાર વિરુદ્ધ બંડ કરી, અમરેલીનો કિલ્લો સ્વાધીન કર્યો. તેણે વસાવડના નાગર દેસાઈઓને પકડીને કેદ કર્યા અને દેશમાં અંધાધૂંધી ફેલાવા દીધી.

**અમરેલીનો ઘેરો** : દીવાન રણછોડજીએ નવાબની આજ્ઞા મળતાં ઝાલાવાડથી કૂચ કરી અમરેલી જઈ તેને ઘેરો ઘાલ્યો. આઠ દિવસના ઘેરા પછી અમરેલી પડ્યું. દીવાનજીએ દેસાઇઓને મુક્ત કર્યા, ને મુકુંદરાવ નાસી ગયો.

**બ્રિટિશ રેસીડેન્ટ** : ઈસ્ટ ઇંડિયા કંપનીએ ખેડાના કલેકટર અને વડોદરાના રેસિડેન્ટ તરીકે કર્નલ વોકરની નિમણૂક કરી. મેજર વોકરે ગાયકવાડના તંત્રમાં જબરદસ્ત દખલ શરૂ કરી. વડોદરાનું તંત્ર પણ એવું કથળ્યું હતું કે વોકર સિવાય તેનો માર્ગ કોઈ કાઢી શકે તેમ ન હતું. તેણે આરબોના બળને તોડવા કર્નલ વુડીંગ્ટનને બોલાવ્યો અને આરબોને વશ કર્યા. કેપ્ટન બેથુએ ગાયકવાડના બંડખોર કુટુંબીઓ ગણપતરાવ તથા મોરારરાવ તેમજ કડીના મલ્હારરાવને જેર કર્યા અને બ્રિટિશરોની સત્તા તેમજ લાગવગ વધી ગઈ.

**ગાયકવાડની સવારી** : ઈ. સ. ૧૮૦૪માં વડોદરાનો ખજાનો ખાલી થઈ ગયો હતો. તે માટે દીવાન બાબાજી મોટું સૈન્ય લઈ, સૌરાષ્ટ્રમાં આવ્યા. કંપની સરકારની અનુમતિ હતી. એટલે નિર્ભય રીતે જામનગર, જૂનાગઢ, ભાવનગર તેમજ બીજાં નાનાંમોટાં રાજ્યો પાસેથી તેણે ત્રણગણી ખંડણીની રકમ વસૂલ લીધી.

જૂનાગઢના નવાબને ભિડાવી તેણે વંથલી લીધું અને ત્યાંથી પ્રભાસપાટણ સુધીનો પ્રદેશ લૂંટ્યો. દીવાન રણછોડજીએ તેનો પીછો પકડ્યો અને બાબાજી સાથે અનેક લડાઈઓ કરી તેને હેરાનપરેશાન કરી દીધા પ્રભાસપાટણનો કિલ્લો બાબાજીએ

બંધ જોયેા. દેસાઇઓ બાબાજીનું તલવાર અને તોપથી સ્વાગત કરવા તૈયાર હતા.[1] એટલે બાબાજીએ સોમનાથના યાત્રિકોની કનડગત શરૂ કરી; પણ દીવાન રણછોડજીનાં સૈન્યો પાછળ હતાં અને દેસાઇઓ કિલ્લામાંથી ગોલંદાજી કરતા હતા. એટલે બાબાજીરાવ પ્રભાસને ઘેરો ઘાલવા જતાં ઘેરાઈ ગયા. પોતાનો ઉદ્દેશ ફળીભૂત નહિ થાય; બન્ને બાજુએથી ચાલતા મારામાં સર્વનાશ થશે, તેમ માની બાબાજીએ સંધિ કરી. તેણે લૂંટેલેા માલ પાછેા આપ્યેા; પણ ત્રણગણી લીધેલી ખંડણી પાછી આપી નહીં.

જામનગરમાં તેા બાબાજીએ એવી આકરી વસૂલાત કરી કે જામ જસાજી કર્નલ વોકર ઉપરના પત્રમાં લખે છે કે "બાબાજીએ કાંઇ પાછળ મૂક્યું નથી.[2]"

ભાવનગરમાં તેણે સિહોર ઉપર તોપ માંડી અને રાવળ વખતસિંહજીએ ભાવનગરના ઘેરા માટે તૈયારી કરી. બાબાજીએ ભાવનગર ઉપર દસ દિવસ સુધી ઘેરો ઘાલી તોપમારો કર્યેા. ભાવનગર ટકી નહીં શકે તેમ જણાતાં વખતસિંહજીએ સમાધાન કરી ખંડણી ભરી. તેવી રીતે તમામ રાજ્યેા પાસેથી જબરદસ્તીથી જુલ્મેા કરી મેાટી મેાટી રકમેા ઉઘરાવી બાબાજી વડોદરે પાછા ગયા.

**સૌરાષ્ટ્રની કથળતી સ્થિતિ** : આખા સૌરાષ્ટ્રમાં બાબાજીના જુલ્મેાથી સન્નાટેા છવાઇ ગયેા. ગાયકવાડની આ જુલ્મી સ્વારીએા સામે પડકાર કરવાની શક્તિ કેાઈનામાં ન હતી અને સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ કથળી ગઇ હતી, ત્યારે કાયર થઇને ઈ. સ. ૧૮૦૩માં ચિતળના કાઠી તાલુકદારેા, જોડિયાના દરબાર તેમજ મેારબી ઠાકેાર કર્નલ વોકરના જાસૂસ મૌલવી મહમદઅલ્લીને મળ્યા અને તેમને સૌરાષ્ટ્રની પરિસ્થિતિનેા ખ્યાલ આપ્યેા.

---

૧. પ્રભાસપાટણના દેસાઇ ઉમિયાશંકર તથા દેસાઇ વાઘજીએ બાબાજીને પ્રભાસપાટણનેા કિલ્લેા અમુક શરતેાએ સેાંપી દેવા નક્કી કરેલું, પણ બાબાજીએ સમયસર સહાય મેાકલી નહિ અને નવાબની હકૂમત તેઓએ ત્યાંથી ઉઠાડી મૂકતાં, જૂનાગઢનાં સૈન્યો તેઓ ઉપર ચડયાં. બાબાજીએ છેલ્લી ઘડીએ કહેવરાવ્યું કે, "અમેા દિલગીર છીએ. તમારું તમે જાણેા." તેથી દેસાઇઓની મૂંઝવણ વધી. બાબાજીએ વંથળી લેતાં તથા જૂનાગઢનાં સમૃદ્ધ ગામેા લૂંટતાં, દીવાન રણછોડજી પાછળ પડયા અને દેસાઇઓએ બાબાજી વિરુદ્ધ રણછોડજી સાથે મૈત્રી (એલાયન્સ) કરી. બાબાજીની ફેાજને તેાબા પેાકરાવી દીધી. આ પ્રસંગની રસિક વિગતેા માટે જુઓ મારું પુસ્તક "ઇપતૂતપંચુ."

૨. બાબાજીને ફ્રાંગધ્રાએ વાડુ ગામ આપ્યું, જેનું નામ વિજયગઢ પાડયું, તથા તેણે રાયસાંકળી ગામ ઇ. સ. ૧૮૦૭ માં પાટીદારેાને આપ્યું, જેના વંશમાં સૌરાષ્ટ્રના અગ્રગણ્ય નેતા દરબાર ગેાપાળદાસ થયા.

કર્નલ વોકરે ઈ. સ. ૧૮૦૪ના જાનેવારીની ૨૩મી તારીખે સૌરાષ્ટ્ર સ્વાધીન લેવા સરકારનો હુકમ માગ્યો અને મુંબઇ સરકારના સેક્રેટરી મી. જે. એ. ગ્રાન્ટે તેને ઈ. સ. ૧૮૦૪ના ફેબ્રુઆરીની ૨૨મીએ એક પત્ર લખી સૌરાષ્ટ્ર સ્વાધીન કરતાં પહેલાં રાજાઓના હક્કો વગેરે જણાવવા માટે તેમજ કંપની સરકાર માત્ર પૈસાની લાલચે રાજાઓને આશ્રયમાં લેતી નથી તેનું ભાન રાજાઓને કરાવવા લખ્યું.[૧]

તે ઉપરથી કર્નલ વોકરે ૧૮૦૭માં રાજાઓ તથા તાલુકદારોને એક પરિપત્ર પાઠવી તેઓને ગુતુ મુકામે તેઓના પ્રશ્નોની ચર્ચા કરવા બોલાવ્યા[૨] અને સર્વ રાજાઓ ત્યાં જવા સંમત થયા. મોટાં રાજ્યોએ પ્રતિનિધિઓ મોકલ્યા. તેમની ગુતુ મુકામે મળેલી પરિષદમાં ચર્ચાઓ ચાલી. કર્નલ વોકરે બધા રાજા ઠાકોરો અને તાલુકદારોને સાંભળી ઈ. સ. ૧૮૦૭–૧૮૦૮ના વર્ષથી મુકરર કરી તેમની ખંડણી ઠરાવી આપી, પરંતુ ખંડણી વસૂલ કરવાનું કામ તો ગાયકવાડ પાસે જ હતું. કંપનીનાં લશ્કરો ગાયકવાડની ફોજ સાથે ફરવા લાગ્યાં.

ઓખાના વાઘેરો : ઈ. સ. ૧૮૦૪–ઈ સ. ૧૮૦૭ : ઈ. સ. ૧૮૦૪માં ઓખાના વાઘેરોએ મુંબઇથી આવતું એક વહાણ મધદરિયે લૂંટી લીધું તેની પાસેથી નુકસાન પણ ગાયકવાડી સત્તા વસૂલ કરી શકી નહિ; તેથી ઈ. સ. ૧૮૦૭માં કર્નલ વોકરે ચડાઈ કરી, વાઘેરોને નમાવી, તેમનો એક લાખ દસ હજાર રૂપિયાનો દંડ કર્યો.

રાણા કંડોરણાના ઘેરો : ઈ. સ. ૧૮૦૭ : જામ જસાજીએ રાણા કંડોરણાના કિલ્લાની શીબંદીને લાંચ આપી કિલ્લો કબજે કર્યો. જામસાહેબને કિલ્લો પાછો સોંપી આપવાની રાણાની વિનંતી વ્યર્થ ગઇ, ત્યારે કર્નલ વોકરે સૌરાષ્ટ્રના રાજકારણમાં કદાચ પહેલી વખત સક્રિય દખલ શરૂ કરી. ઈ. સ. ૧૮૦૭માં કર્નલ વોકરે કંડોરણા ઉપર ચડાઈ કરી, કિલ્લો સર કર્યો અને પોરબંદરના રાણાને પાછો સોંપી દીધો.[૩]

મોડપરનો ઘેરો : ઈ. સ. ૧૮૧૨માં એક આરબે એક અંગ્રેજ અફસરનું ખૂન કરી, મોડપરના કિલ્લામાં જામસાહેબનો આશ્રય શોધ્યો. કંપની સરકારે જામસાહેબને આ આરબને સોંપી દેવા હુકમ કર્યો, પણ રાજકુળની રીતિને અનુસરી જામસાહેબે તેમ કરવા ઇન્કાર કર્યો.

---

૧. જોડિયાના સગરામ ભવાન ખવાસે "નફો ઘણો થશે તેમ લખેલું" તે ઉપરથી.

૨. કર્નલ વોકરનો રિપોર્ટ.

૩. દીવાન રણછોડજી આ ઘેરાનું વર્ણન કરતાં લખે છે કે વોકરે માત્ર અર્ધા કલાકમાં કંડોરણા લીધું હતું. આ ઘેરો સફળ થયો, ત્યારે રાણા પાસેથી ગાયકવાડે રૂપિયા દસ હજાર નજરાણાના લીધા.

દીવાન રણછોડજીના શબ્દોમાં કહીએ તો "અંગ્રેજી સેના તોફાની સાગરનાં ઊછળતાં મોજાંની જેમ કર્નલ કર્નાકની સરદારી નીચે જામનગર ઉપર આવી." કર્નલની સાથે ફતેહસિંહરાવ ગાયકવાડ, દીવાન વિઠ્ઠલરાવ દેવાજી, ગંગાધર શાસ્ત્રી, મીરસાહેબ કમાલુદ્દીન તથા સરફરાઝઅલી પણ પોતાનાં સૈન્યો લઇ આવેલા.

જામસાહેબે દીવાન રૂગનાથજીને તાબડતોબ પોતાની સહાયમાં બોલાવ્યા. એક દિવસના યુદ્ધના અંતે પરિણામ અનિશ્ચિત રહ્યું; પણ દીવાન રૂગનાથજીએ સુલેહ કરવા સલાહ આપી. રજપૂત કુળના શરણાગતના રક્ષણનો ધર્મ પાળી પોતાનું બલિદાન દેવા જામ જસાજી તૈયાર હતા, પરંતુ અંતે મહાજન અને ગોવર્ધનગિરિ ગુંસાંઇના સમજાવ્યાથી તથા દીવાન રૂગનાથજીની દરમ્યાનગીરીથી સુલેહ થઇ.

<u>જૂનાગઢનો જોરતલબી</u> : ઇ. સ. ૧૮૧૩ : કર્નલ વોકરે કંડોરણાને ઘેરો ઘાલ્યો, ત્યારે દીવાન રણછોડજીએ એની મુલાકાત લીધી. વિઠ્ઠલરાવ દેવાજી[૧] તેમની સાથે હતા. આ મુલાકાત પછી, જૂનાગઢે જૂનાગઢ બહાર તેનાં સૈન્યો જોરતલબી વસૂલ લેવા કે બીજા કોઇ કારણે બીજાં રાજ્યો ઉપર લઇ ન જવા એવો ત્રણે વચ્ચે કરાર થયો. જૂનાગઢની જોરતલબી બ્રિટિશ સત્તા વસૂલ કરીને આપી દે તેવી ગોઠવણ કરવામાં આવી.[૨]

<u>જમાદાર ફત્તેહમામદની ફરી ચડાઈ</u> : ઇ. સ. ૧૮૧૩ : કચ્છના ફત્તેહમામદે ફરી એકવાર હાલાર ઉપર ચડાઈ કરી. મેરુની ગેરહાજરી જણાઇ ગઇ, પણ જામસાહેબે ગોકળ ખવાસ તથા ગજસિંહ ઝાલાની સરદારી નીચે તેનો સામનો કરવા સૈન્ય મોકલ્યું. દીવાન રણછોડજી તેની મદદે આવી પહોંચ્યા. હડિયાણા પાસે બન્ને સૈન્યો સામસામાં ભેટયાં. જામનગર પક્ષે તોપ શરૂ કરી અને થોડીવારમાં સુંદરજી શિવજી સોદાગરે શ્વેત ધ્વજ ફરકાવી, વડોદરાના રેસિડન્ટ કર્નલ કર્નાકની યુદ્ધ ન કરવાની આજ્ઞા બતાવી ત્રણ દિવસની સુલેહ કરી; પણ સુલેહની શરતો પ્રમાણે લૂંટનો માલ

---

૧. વિઠ્ઠલરાવ એક મહાન સરદાર હતા. રણછોડજીએ બાબાજીને વંથલીથી કાઢી, સોમનાથનાં દર્શન ન કરવા દીધા; તેથી તેને તેના ઉપર વેર લેવું હતું. કર્નલ વોકરે તેના મુખેથી રણછોડજીની થતી નિંદા સાંભળી ત્યારે કહ્યું કે "દિલ્હીના કયા સુલતાનની કયા આનંદના આધારે નવાબ જૂનાગઢની ગાદી ઉપર છે? અમરજીએ જીતેલા પ્રદેશ હું લઇ તેના દીકરાઓને આપીશ. ગાયકવાડે મુકરર કરેલ દીવાનજીનું આઠ લાખ કોરીનું લેણું નવાબે ભરપાઇ કર્યું નથી; અમરજીના માથા બદલ આપેલાં ગામો ઇ. સ. ૧૭૮૩માં દગાથી પાછાં લઇ લીધાં તે માટે હું નવાબનો ખુલાસો માગીશ. રણછોડજીના શત્રુ તે અંગ્રેજ હકૂમતના શત્રુ છે." "તારીખે સોરઠ."

૨. આ સુલેહની શરતો પ્રમાણે જામસાહેબે દસ વર્ષ સુધી પ્રતિ વર્ષ એક લાખ કોરી આપવા તથા કચ્છની તેર લાખ કોરી લેણી હતી તે ભરી દેવા કબૂલ કર્યું.

પાછો દેવાની શરત ફતેહમામદે ન પાળી અને તે રાત લઈ નાસી ગયો દીવાન રણછોડજીએ પાછળ પડી બધો માલ હાથ કર્યો અને ફતેહમામદ રણ ઓળંગી કચ્છમાં ચાલ્યો ગયો.[1]

**સૌરાષ્ટ્રના ત્રણ મોટા રાજવીનાં મૃત્યુ** : ઈ. સ. ૧૮૧૧માં જૂનાગઢના નવાબ હામીદખાન છત્રીસ વર્ષનું રાજ્ય ભોગવી ગુજરી ગયા અને તેના શાહજાદા બહાદરખાન તેની ગાદીએ બેઠા. ઈ. સ. ૧૮૧૪માં જામ જસાજી સુડતાલીસ વર્ષનું રાજ્ય કરી અપુત્ર ગુજરી ગયા, તેથી તેના ભાઈ સતાજી ગાદીએ આવ્યા; અને ઈ. સ. ૧૮૧૬માં ભાવનગરના વખતસિંહજી ગુજરી ગયા અને તેના કુંવર વજેસિંહજી ગાદીએ આવ્યા. આમ, પાંચ વર્ષના ગાળામાં ત્રણ સબળ રાજાઓ કર્નલ વોકરનો માર્ગ મોકળો કરી પરલોકમાં ગયા.

**બ્રિટિશ હકૂમતના શ્રીગણેશ** : જૂનાગઢનાં સૈન્યોને બહાર જવાનું બંધ થયું. જામનગરને વાર્ષિક ખંડણી કબૂલ કરાવવામાં આવી. ભાવનગરની રાણપુર, ધંધુકા અને ઘોઘા પરગણા ઉપરની રાજા તરીકેની સત્તા લઇ લેવામાં આવી.[2] આમ ઈ. સ. ૧૯૧૬માં બ્રિટિશરોની હકૂમત સંપૂર્ણપણે સ્થપાઇ ગઇ. રાજ્યોમાં એક પ્રકારનો ભય ફેલાઇ ગયો. બ્રિટિશ સત્તા સામે થવાની શક્તિ માત્ર ગાયકવાડમાં હતી. તેણે તો તેની સાથે મૈત્રી કરી અને બ્રિટિશરોની કુહાડીમાં હાથાનું કાથ કર્યું. સૌરાષ્ટ્રના રાજાઓને ખબર ન હતી કે બ્રિટિશ સત્તા આ પ્રદેશમાં ૧૪૦ વર્ષ સાર્વભૌમ સત્તા તરીકે રહેવાની છે. તેઓના મનમાં તેઓને ઉખેડી નાખવાની ભાવના જાગી;[3] પરંતુ પરસ્પરના અવિશ્વાસ, વેરઝેર અને દ્વેષના કારણે આંતરિક યુદ્ધો અને રાજ્યોમાં પ્રવર્તતી અંધાધૂંધી અને અવ્યવસ્થાના કારણે પોતે એવા નબળા થઇ ગયા હતા કે તેઓની પાસે યુનિયન જેકને નમવા સિવાય અન્ય માર્ગ હતો નહીં.

**ગાયકવાડ** : ગાયકવાડ ફતેહસિંહરાવે સૌરાષ્ટ્રમાં બાબાજીએ અધૂરાં છોડેલાં કામ પૂરાં કરવા માટે સૈન્ય મોકલ્યું; પોતે પણ જાતે આવ્યા અને દીવાન વિઠ્ઠલરાવ

---

૧. ફતેહમામદને દીવાન રણછોડજીએ જવા દીધા પછી કર્નલ ફ્રેયલિએ તેનો પીછો પકડ્યો. દીવાન વિઠ્ઠલજી દેવાજી પણ તેની સાથે પોતાનું સૈન્ય લઇ ગયા હતા.

૨. ઈ. સ. ૧૮૧૩ના દુકાળમાં એક જણે ગૌવધ કર્યો; ભાવનગર દરબારે તેને દેહાંત દંડ દીધો. તેથી બ્રિટિશ કલેક્ટરે આવી સજા કરવાનો દરબારને અધિકાર નથી, તેમ કહી તેની સત્તા લઇ લીધી હતી.

૩. દીવાન રઘુનાથજીને ઈ. સ. ૧૮૧૨માં દીવાનપદે પુનઃ સ્થાપતાં નવાબે ઉચ્ચારેલું કે, 'ગાયકવાડ તથા અંગ્રેજોની સત્તા દિનપ્રતિદિન બળવત્તર થતી જાય છે, વગેરે.' ('તારીખે સોરઠ')

દેવાજી સેનાપતિ તરીકે આવ્યા. તેઓનું પ્રાબલ્ય વધતું જતું હતું. અંગ્રેજોની તેમને સહાય હતી અને રાજ્યમાં પૈસાની તેમજ માણસની ખોટ હતી; તેથી જૂનાગઢના નવાબે રૂગનાથજીને ઇ. સ. ૧૮૧૧માં આમંત્રણ આપી, દીવાનપદે સ્થાપેલા.[૧] તેણે ગાયકવાડના લાલવડ મુકામે પડેલા સૈન્યનો સામનો કરવા તૈયારી કરી. ગાયકવાડે નવાબ પાસેથી, તે તેના પિતાની ગાદીએ બેઠા તેનો નજરાણો માગ્યો. યુદ્ધની ઘડીઓ જતી હતી, ત્યાં કર્નલ કર્નાકે આ પ્રશ્ન વાટાઘાટથી પતાવવાનું કહી દીવાન રૂગનાથજીને અમરેલી વિઠ્ઠલરાવની પુત્રીના લગ્નોત્સવમાં ભાગ લેવા મોકલ્યા. પાછળથી નવાબે તેમને પાછા બોલાવી લીધા. દીવાનજી ઉપર નવાબની કૃપા ઓછી થઇ છે તે વિઠ્ઠલરાવે જાણતાં ઉમર મુખાસન વગેરે કૃપાપાત્રોને લાંચ અને લાલચ આપી કોડીનાર તથા અમરેલી પરગણામાં નવાબનો ભાગ હતો તે લખાવી લીધો. આથી નારાજ થઈ દીવાન રૂગનાથજીએ રાજીનામું આપી દીધું.

કુદરતી આફતો : ઈ. સ. ૧૮૧૧–૧૮૧૯ : ઇ. સ. ૧૮૧૧માં સૌરાષ્ટ્રમાં ધૂમકેતુ દેખાયો. ઈ. સ. ૧૮૧૨–૧૩માં ભીષણ દુષ્કાળ પડ્યો અને ઇ. સ. ૧૮૧૪માં મરકી ફાટી નીકળી. ઇ. સ. ૧૮૧૯માં જબરદસ્ત ધરતીકંપ થયો. ઉપરાઉપરી કુદરતી આફતોથી સૌરાષ્ટ્રમાં જાનમાલની જબરી ખુવારી થઇ, અને આગમના એંધાણ જેવા બનાવોની સાથે બ્રિટિશ પકડ મજબૂત થતી ગઇ.

ઉમર મુખાસનનું બંડ : ઉમર મુખાસને તેના આરબ સૈનિકોની સહાયથી નવાબ સામે બળવો કર્યો. નવાબને આરબોએ કેદ કર્યા. તેણે રૂગનાથજીની સહાય માગી અને તેની આજ્ઞાથી રણછોડજીને આરબો સામે મોકલ્યા; પણ આરબો કોના પક્ષમાં રહેશે તે શંકાવાળું જણાતાં, તેણે અંગ્રેજોના એજન્ટ સુંદરજી શિવજીની સાથે કર્નલ બેલેન્ટાઇનની સહાય માગતાં, કેપ્ટન આસ્ટને આવી, ઉમરને પકડી, નવાબને મુક્ત કર્યા.[૨] આ સહાયના બદલામાં ધોળકા, ધંધુકા અને રાણપુર ઉપરના નવાબના જોરતલબી લેવાના હક્કો અંગ્રેજોને લખી આપ્યા.

સુંદરજી શિવજી : આ પ્રસંગે સુંદરજી શિવજીએ દીવાન રૂગનાથજીને કાઢી જૂનાગઢનું દીવાનપદ લેવા કોશિશ કરી. તેના માર્ગમાં આવતા અમરજી રુદ્રજી તથા મૂળચંદ હેમતલાલ નામના નાગર મુત્સદ્દીઓને કેદ કરાવતાં તેના જામીન થયેલ કોયલીના મહંત તથા જૂનાગઢના સૈયદોએ વાંધો ઉઠાવી બેઠો સત્યાગ્રહ શરૂ કર્યો.

---

૧. દીવાનપદ લેવા માટે વિનંતી કરવા જમાદાર ઉમર મુખાસન, વાલજી દેસાઈ, મુગટલાલ બક્ષી વગેરેને નવાબે દીવાનજી કુતિયાણા રહેતા હતા ત્યાં મોકલ્યા.

૨. ઉમર મુખાસનને તેના પગારના બદલામાં ટીંબડી અને કોઠાવાળું પીપળિયું આપ્યું. સાલમ બીન હમીદને સાંગાવાડું તથા બીજા આરબોને રોકડ રકમ આપી.

નવાબે સામતખાન બાબી તથા જમાલખાન બલુચીને તેમને સમજાવવા મોકલ્યા. સૈયદો તો સમજી ગયા, પણ મહંત અને તેના અતીતોએ અમરજી તથા મૂળચંદને છોડાવવા માગણી કરી. તેના જવાબમાં સાધુઓની ઠંડી કતલ કરાવવામાં આવી.[૧] આથી સુંદરજી માટે દીવાનપદ દૂર ગયું અને પ્રભાશંકર વસાવડાને દીવાનગીરી આપી, પણ તે ચાલી નહીં.

**જૂનાગઢ રાજ્યનો ઇજારો** : ઈ. સ. ૧૮૨૦માં સુંદરજી શિવજીએ[૨] જૂનાગઢનાં બધાં પરગણાંનો દસ વર્ષ માટે ઇજારો રાખ્યો. બેલેન્ટાઈન તેનો જામીન થયો. સુંદરજીનો ભત્રીજો હંસરાજ વહીવટ કરવા માટે રહ્યો; પણ દીવાન રૂગનાથજી તે જોવા માટે જીવ્યા નહીં. ઈ. સ. ૧૮૨૦માં છપ્પન વર્ષનું આયુષ્ય ભોગવી, સૌરાષ્ટ્રના ઇતિહાસમાં લગભગ ૪૫ વર્ષ સુધી અગત્યનો ભાગ ભજવી તે ગુજરી ગયા.[૩]

**જામનગરમાં આરબોનું બંડ** : જામનગરમાં મોતીરામ બુચ નામના નાગર મુત્સદ્દીએ જગજીવન દીવાન સામે ખાનગી મોરચો ઊભો કર્યો. રાણી આછુબાએ તેને ટેકો આપ્યો અને તેની ઉશ્કેરણીથી આરબોએ કંડોરણા અને પડધરી જીતી લીધાં અને અંગ્રેજો તો વચમાં પડવાની રાહ જ જોતા હતા. અંગ્રેજ સૈન્યોએ પડધરી તથા કંડોરણા લઈ, આરબોને ઈ. સ. ૧૮૧૬માં કાઢી બન્ને પરગણાં જામનગરને પાછાં આપ્યાં.[૪]

**જોડિયા** : ભાગેલા આરબો જોડિયાના સગરામ ખવાસને ત્યાં ગયા. જામસાહેબે આ તક ઝડપી કંપનીને લખતાં કર્નલ ઇસ્ટને મોકલ્યો. સગરામ ખવાસ ભાગી મોરબી ગયો, પણ પાછળથી તેમની પાસે આમરણ ચોવીસી રહેવા દઈ, જોડિયા બાલંભાનાં પરગણાં જામસાહેબે લઈ લીધાં. જામ સતાજી ઈ. સ. ૧૮૨૦માં ગુજરી ગયા.

**ધ્રાંગધ્રા** : ધ્રાંગધ્રામાં રાજ અમરસિંહજી ઈ. સ. ૧૮૦૪માં ગાદીએ આવ્યા. તેણે વઢવાણ ઉપર યુદ્ધ જાહેર કર્યું. લીંબડી, ચુડા અને સાયલાના ઠાકોરો તેની મદદે આવ્યા. ઘણો વખત લડાઈઓ ચાલી અને સામટું નુકસાન બન્ને પક્ષોને

---

૧. આ કરપીણ કૃત્યમાંથી બચેલા એક તપસ્વીને પકડી ઊપરકોટમાં મારી નાખ્યો. આ કતલમાં કેટલાક કલાલોને પણ મારી નાખવામાં આવેલા. આવા ક્રૂર કામ માટે બેલેન્ટાઈને સુંદરજી તેનો માણસ હતો તે માટે તપાસ કરી નહીં. ('તારીખે સોરઠ')

૨. સુંદરજી શિવજી ખત્રી કચ્છનો વતની હતો. તેનો મૂળ ધંધો રંગાટનો હતો. તે અંગ્રેજ ફોજને ઘોડા પરા પાડતો, તેથી સોદાગર કહેવાયો. ક્રમશઃ તે અંગ્રેજોનો એજન્ટ થયો.

૩. તેના ભાઈ દલપતરામ ઈ. સ. ૧૮૧૪ માં ગુજરી ગયા હતા.

૪. ધ્રોલનું સરપદડ પણ જામસાહેબને ધ્રોલને પાછું આપવું પડયું.

ભોગવવું પડયું.[૧] ગાયકવાડ અને અંગ્રેજની ફોજો સૌરાષ્ટ્રમાં ફરતી અને વઢવાણ રાજ્ય, જાટ, મીંયાણા વગેરેના હુમલાઓથી ખરાબ સ્થિતિમાં આવી ગયું હતું; તેથી તેણે ઇ. સ. ૧૮૧૪માં ઝીંઝુવાડા જીતી લીધું. ઇ. સ. ૧૮૧૬માં વિઠ્ઠલરાવ દેવાજીએ, ધ્રાંગધ્રાએ ખંડણી ભરેલી નહીં, તેથી તે પાછું લઇ લીધું અને તે ઇ. સ. ઇ. સ. ૧૮૨૦માં બેલેન્ટાઇને ઇજારે આપ્યું.[૨]

ઇ. સ. ૧૮૨૦માં કચ્છીઓ કચ્છમાંથી ઊતરી આવી, ધ્રાંગધ્રા પ્રદેશમાં લૂંટ કરી જતા. આથી રાજસાહેબે કંપનીને લખતાં કેપ્ટન મેકમરડોએ ઘાટીલા ગામે થાણું નાખ્યું અને કચ્છના રાવ પાસેથી રૂપિયા બે લાખ વસૂલ લઇ લૂંટાયેલા લોકોને ચૂકવ્યા.

પોરબંદર : ઇ. સ. ૧૮૦૮ની સંધિથી પોરબંદરના રાણા હાલાજીએ ચાંચિયાગીરી છોડી દીધી તથા ભાંગેલાં વહાણોના માલ ઉપરનો હક છોડી દીધો.

તે વર્ષમાં યુવરાજ પ્રથીરાજસિંહે બંડ કરી છાયા કબજે કર્યું. હાલાજીએ કંપનીની સહાય માગતાં અંગ્રેજ સૈન્યે યુવરાજને પકડી છાયા રાણાને સોંપ્યુ[૩]

અંત : ૧૮૧૮માં પેશ્વાનો ધ્વજ આષ્ટિની રણભૂમિમાં સદાને માટે સૂતો. અંગ્રેજો પેશ્વાના વિશાળ પ્રદેશોના માલિક થયા અને તે સાથે ગાયકવાડની સત્તા પણ ક્ષીણ થઈ ગઇ. વડોદરા રાજ્ય ઉપર તેઓની સ્વારીઓ છતાં કરજ વધતું ગયું અને સૌરાષ્ટ્રમાં પેશકશી અને ખંડણી ઉઘરાવવાના નામે તેના અન્યાય અને જુલ્મે માઝા. મૂકી કંપની સરકારે સૌરાષ્ટ્રનું કામ વધી જતાં તેમજ વડોદરાનો રેસિડેન્ટ તેને પહોંચી વળતો ન હતો તેથી સૌરાષ્ટ્રમાં પોલિટિકલ એજન્ટની જગ્યા કરી અને તેના ઉપર ઇ. સ. ૧૮૨૦માં કેપ્ટન બાર્નવેલ નામના અમલદારની નિમણુક કરી. તે દિવસથી સૌરાષ્ટ્રમાં ખંડણી વસૂલ કરવાનું કામ ગાયકવાડ પાસેથી લેવાઇ ગયું અને તે તથા જૂનાગઢની જોરતલબી ઉઘરાવવાનું કામ અંગ્રેજોએ પોતાના માથે લીધું.[૪]

આ રીતે સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર, મૌર્યો, ગ્રીકો, શકો, ગુપ્તો, મૈત્રકો, પઠાણો, મુગલો અને મરાઠાઓએ શાસન કર્યા પછી અંતમાં હજારો ગાઉ ઉપરથી આવેલા અંગ્રેજોએ રાજકોટમાં કોઠી સ્થાપી, સૌરાષ્ટ્રનાં રાજ્યોને તેમના રક્ષણ નીચે લીધા.

---

૧. ગુજરવેદી ગામમાં મુસ્લિમ સિપાહીઓએ એક બકરી વઢવાણ તાબાના ખેડૂત પાસેથી લીધી. પણ તેની કિમત ન ચૂકવી. આથી ખેડૂતે ફરિયાદ કરતાં વઢવાણનો થાણદાર આ બકરીનું રૂંધાતું માંસ ઉપાડી આવ્યો તે કારણે આ યુદ્ધ થયું હતું.

૨. ઇ. સ. ૧૮૨૧માં તેને બ્રિટિશ મુલકો સાથે જોડી દીધું.

૩. આ આંતરવિગ્રહના પરિણામે રાણાએ અંગ્રેજોનું રક્ષણ સ્વીકાર્યું અને અંગ્રેજ લશ્કરનું પોરબંદરમાં થાણું બેસાડવામાં આવ્યું.

૪. આ કામ ૧૮૩૫થી ઇ. સ. ૧૮૨૨થી શરૂ થયું.

આ ફેરફારના પરિણામે પેશ્વા અને ગાયકવાડની સ્વારીઓ બંધ થઈ ગઈ. રાજ્યના આંતરિક વિખવાદોના કારણે ચાલતાં યુદ્ધ બંધ થયાં, તલવારો મ્યાન થઇ ગઈ, બંદૂકો અને તોપો માત્ર શોભાની વસ્તુઓ થઇ પડી અને વીરોની વીરતા અને બલિદાનોની વાતો માત્ર ઇતિહાસનાં પાનાંઓમાં વાંચવા માટે રહી ગઇ.

ઇ. સ. ૧૮૨૨ પછીથી ઇ. સ. ૧૯૪૭ સુધીના ઇતિહાસમાં કેટલાક અપવાદરૂપ પ્રસંગો બાદ કરતાં કાંઇ ખાસ નોંધવા જેવું નથી. બ્રિટિશ કાયદાઓની નાગચૂડમાં સૌરાષ્ટ્ર આવી ગયો. રાજાઓ રાજકુમાર કોલેજ અને ઇટન હેરો શાળાઓની તાલીમ લઇ પ્રજાથી દૂર થતા ગયા. દેશમાં ગરીબી અને અજ્ઞાન વ્યાપી રહ્યાં. ભારતના બીજા ભાગો કરતાં આ દેશ પછાત રહ્યો. રાજાઓના 'ખૂની ભભકા અને દંભના જલસાઓમાં' પ્રજાનાં નાણાં વેડફાતાં થયાં. બ્રિટિશ સલ્તનતની શેતરંજનાં પ્યાદાં બનેલા રાજાઓએ માત્ર તેઓની દયા ઉપર જીવવાનું પસંદ કર્યું અને જે વીરપુરુષોએ સ્વાર્પણ અને શક્તિથી સર્વસ્વને હોડમાં મૂકી, રાજ્યો પેદા કર્યાં, વટ ટેક અને એક વચન સારુ મહામૂલાં બલિદાનો દીધાં, તે રાજાઓના વંશજો યુરોપનાં રમ્ય સ્થાનોમાં વિચરતા થયા. તેઓ બ્રિટિશ ધ્વજ નીચે અભય થઇ ગયા. નિર્ધન પ્રજા સાહસ ખેડી દરિયાપારના દેશોમાં અને ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં નિર્વાહ અર્થે પ્રસરી ગઇ. સૌરાષ્ટ્રમાં યુદ્ધો બંધ થયાં, પણ આજીવિકાનાં યુદ્ધો શરૂ થયાં. રાજાઓમાં કેટલાક નામાંકિત અને દેશભક્ત રાજાઓ પણ થયા, પરંતુ તેઓને બ્રિટિશ હકૂમતની લોખંડી એડી તળે રહેવું પડતું. પરિણામે તેઓની શકિત વિકસી શકી નહિ. પરમ સૌભાગ્યવાન સૌરાષ્ટ્ર દેશે ધાર્મિક અંધશ્રદ્ધાનાં બંધનોમાંથી મુકત કરનાર સ્વામી દયાનંદજીને તથા રાજદ્વારી બંધનોમાંથી મુકત કરનાર પરમ પૂજ્ય મહાત્માજીને જન્મ આપ્યો અને જગતના ઇતિહાસમાં સોનેરી અક્ષરે એ મહાન વિભૂતિનું નામ લખાયું. તે સાથે ભારતના એકીકરણના મહાન ઉદ્દેશમાં પોતાની સત્તા અને શાસનાધિકાર સાથે રાજ્ય તજી દેવાનું નેતૃત્વ પણ સૌરાષ્ટ્રના સપૂત નામદાર જામસાહેબ શ્રી. દિગ્વિજયસિંહજીએ લઈ, ભારતના ઇતિહાસમાં આ પુરાતન અને પવિત્ર દેશનું નામ ઉજ્જવળ કર્યું.

સૌરાષ્ટ્રના ઇતિહાસને આદિકાળથી ઈ. સ. ૧૮૨૨ સુધી આલેખી અહીં વિરમવું ઉચિત જણાય છે.

<u>મુગલ સામ્રાજ્યનો સમય</u> : ઇ. સ. ૧૫૮૩ થી ૧૭૫૮ : બાદશાહ અકબરે ઇ. સ. ૧૫૮૩માં ગુજરાત જીત્યું, ત્યારથી સૌરાષ્ટ્ર મુગલ સામ્રાજ્યમાં આવ્યું અને જૂનાગઢના બાબી મહાબતખાન પહેલાએ બાદશાહી ફરમાનની પરવા રાખ્યા વગર સ્વશાસન શરૂ કર્યું ત્યાં સુધી મુગલોનું આ દેશ ઉપર આધિપત્ય હોવાનું માની શકાય.

આમ તો તે પછી પણ રાજાઓ અને નવાબ બુઝાતા જતા દીપકની દીવેટને દૂરથી હાથ જોડી કૃતાર્થ થતા અને મુગલ સમ્રાટને તેમના શહેનશાહ માનતા,

પણ તે માત્ર વિવેક જ હતો; સાર્વભૌમત્વ નામનું જ હતું. અકબરની ધાર્મિક સહિષ્ણુતાની વૃત્તિ જગજાહેર છે. તેણે ગુજરાત લીધું તે પછી મીરઝાં અઝીઝ કોકા નીચે તેનું વિરાટ સૈન્ય આ પ્રદેશમાં આવ્યું, ત્યારે તે પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે મુસ્લિમ સૈન્યે હિન્દુ દેવાલયનો ધ્વંસ ન કર્યો હોય.

રાજનીતિની દૃષ્ટિએ ધાર્મિક સહિષ્ણુતા ઘણી ઉપયોગી નીવડી. જે કાર્ય શસ્ત્રો ન કરી શકયાં તે કાર્ય આ ઉદાર રાજ્યનીતિના પરિણામે થયું. રાજાઓ મુગલોના પુરોગામી સુલતાનોની જુલ્મી અને ધર્માંધ રાજનીતિની સરખામણીમાં, તેમની રાજનીતિ આવકાર પામી અને તંત્ર લોકપ્રિય થયું. અકબરે રાજાઓને સંમાન્યા. તેના તંત્રમાં હિંદુ અમલદારોને વરિષ્ઠ પદ આપ્યાં અને હિંદુઓના ધર્મ તેમજ કાયદાઓને સ્વીકારી તેને માન આપ્યું.

સુલતાનોની ધાર્મિક નીતિ મુસ્લિમો સિવાય અન્ય ધર્મીઓ માટે ભયાનક હતી. તલવારની ધાર સિવાય તેમનો બીજો ઉકેલ ન હતો. અકબરની નીતિની હૂંફમાં સૌરાષ્ટ્રના હિંદુઓએ રાહત અનુભવી.

અકબરે ગુજરાત લીધું કે તરત જ ટોડરમલને દીલ્હીથી બોલાવી, તેને ગુજરાતની મહેસૂલ પદ્ધતિ નક્કી કરવા ફરમાન કર્યું અને રાજા ટોડરમલે મુગલોના ખાલસા પ્રદેશમાં તેની પ્રખ્યાત પદ્ધતિ દાખલ કરી.[1]

વિભાગો : મુગલ સામ્રાજ્યના બે મુખ્ય વિભાગો હતા : ખાલસા અને રાજ્યસ્થાનો. ખાલસા પ્રદેશના પંદર વિભાગો પાડેલા. તેવા દરેક વિભાગને "સૂબા" કહેવામાં આવતો, તેના ઉપર એક સૂબો કે સૂબેદાર રહેતો. સૂબેદાર બનતાં સુધી રાજકુમાર, રાજકુટુંબી અથવા બહુ વિશ્વાસુ ઊંચા દરજ્જાનો અમીર રહેતો. સૂબાની અગત્ય પ્રમાણે સૂબા નિમાતા.

સૂબાના પેટા વિભાગો સરકાર કહેવાતા. તેના ઉપર એક, ફોજદાર રહેતો તે સૂબાને જવાબદાર રહેતો.

સરકારના પેટા વિભાગને પરગણું કહેવાતું. તેનો ઉપરી આમિલ તથા શિકકેદાર હતા. આમિલ મહેસૂલનું કામ કરતો અને શિકકેદાર બીજો બધો વહીવટ કરતો.

ગામોમાં ગ્રામપંચાયતો હતી, પણ તેના ઉપરીને પટેલ, ચૌધરી, મુકાદમ એવાં પ્રાંતીય નામોથી સંબોધન થતું.

મુગલ સામ્રાજ્યમાં સોરઠ સરકાર હતું[1] અને તેના ઉપરી તરીકે ફોજદાર હતો. તે ઉપરાંત તમામ દેશી રાજ્યો હતાં, જેને જાગીરો તરીકે ગણવામાં આવતાં.

---

૧. આ પુસ્તકમાં માત્ર સારાંશ આપ્યો છે. વિગતો માટે આપને અકબરી તથા ઇલીયટ એન્ડ ડોસેટ, મોરલેન્ડ, સર જદુનાથ સરકાર વગેરે લેખકોના ગ્રંથો જોવા.

રાજાઓને શાહી દરબારમાં હાજરી આપવી પડતી અથવા યુવરાજને મોકલવા પડતા. યુદ્ધના સમયે પોતાનાં સૈન્યને શાહી સેનામાં સામેલ રાખવા માટે મોકલવાં પડતાં અથવા જાતે લઇને જવું પડતું. જામસાહેબે આ ફરજો બજાવેલી નહિ અને ઔરંગઝેબના સમય સુધી સ્વતંત્રતા ભોગવેલી[૨] પણ બીજા રાજાઓને આ નિયમનું પાલન કરવું પડતું.

સોરઠ 'સરકાર' હોઈ 'સરકાર'ના વહીવટની સમીક્ષા આપણે કરવી જોઇએ, છતાં તે સમયમાં પ્રત્યેક સૂબાના અમલદારો કોણ હતા તે ટૂંકમાં જોઇએ.

દીવાન : મહેસૂલી વ્યવસ્થાનો સર્વોચ્ચ અધિકારી. તેને દિવાની રાહે ન્યાય પણ આપવો પડતો. તેના સહાયકારી અધિકારીઓ નીચે પ્રમાણે હતા.

બક્ષી : ચૂકાદો કરનાર.

સદર : ધર્માદા, સદાવ્રત વગેરે પર ધ્યાન રાખનાર.

કાઝી : ન્યાયાધીશ.

કોટવાળ : વ્યવસ્થા જાળવનાર, જાહેર આરોગ્ય અને સુધરાઇનો અધિકારી.

મીરે બહુર : બંદરો, જકાત, હોડીવેરો, વગેરેનો ઉપરી.

વાકીયાનવીસ : સમાચારલેખક.

અમીન : સદરની સહાય માટે બીજો અધિકારી ધર્માદા રકમો; તથા રાજ્ય સામેના દાવા ચલાવનાર ન્યાયાધીશ.[૩]

<u>સરકાર</u> : સરકારના ઉપરીને ફોજદાર કહેવામાં આવતા. તે સાથે આમાલ-ગુજાર[૪] પણ રહેતા. તેની સહાય અર્થે કાઝી તથા કોટવાલ રહેતા. તેઓ ન્યાયનું અને વ્યવસ્થાનું કામ કરતા.[૫]

<u>પરગણાં</u> : પરગણાના ઉપરી શિકકેદાર હતા. તે ઉપરાંત અમીન, કાનુગો, પટવારી વગેરે અમલદારો હતા; પણ પ્રજા પાસેથી વસૂલાત કરવા તથા બીજાં કામો માટે આમીલ અને દેસાઇઓ હતા.[૬] તેઓ મહેસૂલ વસૂલ કરી શિકકેદારને આપતા. આમિલો અને દેસાઇઓ બનતાં સુધી હિન્દુઓ જ હતા. અને તેઓ રાજા અને

---

૧. સર થોમસ રો તેને Sorett અને મુખ્ય શહેરને "ગુનાગઢ" કહે છે.

૨. 'આઇને અકબરી'

૩. સદર તથા અમીન ઘણે સ્થળે એક જ હતા.

૪. ફોજદારનો હોદ્દો જુદી જુદી જગ્યાઓ માટે અપાતો. સરકારનો ઉપરી પણ ફોજદાર હતો અને આમાલગુજાર પણ હતો. તે માટે મુગલ સામ્રાજ્યમાં એકસરખું ધોરણ રહ્યું હોવાનું જણાતું નથી.

૫. સરકારના કામના બે ભાગ હતા. "હઝુર અને માલ હઝુર".

૬. અમલ કરાવે તે આમિલ. દેશ અને શાહી વચમાં રહે તે દેસાઈ.

પ્રજા વચ્ચે રહી વસૂલાત કરતા, રાજ્યના કાયદા પળાવતા અને પ્રજાનાં દુઃખ રાજ્યના અધિકારીઓને કાને પહોંચાડતા.

બંદરો : બંદરોનો વહીવટ નિયમિત રીતે થતો. તે કરવા માટે સદર, કાઝી, બક્ષી, સવાનીહનવીસ, હરકારા, મુહતસીલ, દરોગા વગેરે અમલદારો હતા.

જકાત : જકાત દફ્તરનો ઉપરી મુત્સદ્દી કહેવાતો, જેના તાબામાં કારકુન હિસાબનવીસ વગેરે હતા. તે ઘણાખરા વાણિયા હતા અને પટાવાળા મુસ્લિમો હતા.[1]

સૈન્ય : સેનામાં હસ્તીદળ, હયદળ તથા પાયદળ હતાં. અમીરોને મનસબ આપવામાં આવતી. તે સાથે તેઓને કેટલા માણસો રાખવા તેનો નિર્દેશ હતો. તેનાં મસ્ટરો (હાજરી પત્રકો) રહેતાં અને ઘોડાઓને છાપ મારવામાં આવતી.

સરસેનાપતિ : સૈન્યોનો સેનાપતિ શહેનશાહ પોતે હતો, પણ સમય અને સંજોગ જોઈને સૈન્યને મરજી પડે તે સેનાપતિ નીચે યુદ્ધમાં મોકલવામાં આવતું. સૈન્યના કોઈ નિયત સેનાપતિ ન હતા.

સૈનિકોની હાજરી, પગાર, બહાલી, બરતરફી વગેરે કામ ઉપર ધ્યાન રાખનાર અમલદાર બક્ષી કહેવાતા. 'ઝાત અને સવાર' પદ્ધતિ પણ સેનામાં હતી. ઝાત એટલે દરેક મનસબદારે બરોબર કેટલા સિપાઈઓ રાખવા તે અને સવાર એટલે તેનો દરજ્જો નક્કી કરવા માટે નિયત કરેલી સંખ્યા.[2]

શાહી સૈન્યો ઉપરાંત સરદારોમાં સ્થાનિક સૈન્ય રહેતું. તેમાં બે ભાગ હતા. એક શાહી સૈન્યોનો ભાગ અને બીજું રાજાઓ અને જમીનદારોનાં યુદ્ધકાળે હાજર થતાં સૈન્યોનો ભાગ.

સૈન્યમાં બંદૂકચી, તીરંદાજ, સમશેરબાઝ, ગુરઝબરદાર રહેતા. તેઓ અનુક્રમે બંદૂકો, તીરકામઠાં, તલવારો તથા ગુરઝ રાખતા. તે ઉપરાંત તોપચીઓ તોપખાનું ચલાવતા.

સર્વે : શેરશાહ સુરે દાખલ "જરીબ"[3] અર્થાત્ સર્વે પદ્ધતિ પણ મુગલ રાજ્યમાં પ્રચલિત હતી. તેઓ આનાવારી કરતા. રાજભાગ ત્રીજો હતો અને તે રોકડમાં કે ભાગમાં આપવાની ખેડૂતને છૂટ હતી.[4]

---

૧. થેવનોટ (શ્રી પી. શરણ)

૨. "ઝાત અને સવાર"ના અર્થ વિષે બ્લેકમેન અને બરનીના મત જુદા જુદા છે. પણ તેની ચર્ચા કરવી અત્રે અસ્થાને છે.

૩. વર્તમાન જરીફ. તેને ગાલાબક્ષી પણ કહેતા.

૪ આ વિષયમાં વિદ્વાનોમાં મોટો મતભેદ છે, પણ સામાન્ય અભિપ્રાય આ પ્રમાણે છે. મારી પાસે શાહજાદા આઝમનો એક રૂક્કો છે. તેમાં ખેડૂતોએ ત્રીજો ભાગ આપવો તેમ દર્શાવ્યું છે. ત્રીજો ભાગ બનામદાર લે તથા ત્રીજો ભાગ રાજને આપે તેમ જણાવેલું છે. આ ત્રીજો ભાગ બનામદાર તબીબ રામકૃષ્ણે તેની દવા કરી સાજો કર્યો તે બદલ બનામ આપેલો છે.

રાજ્યની નીતિ ભેદૂત તથા રાજ્યની વચ્ચેના માણસોને દૂર કરવા તરફ ઢળતી હતી.

<u>ન્યાય</u> : મુસ્લિમોને સરાહે મહમ્મદી પ્રમાણે ન્યાય મળતો, પણ હિન્દુઓને તેમનાં શાસ્ત્ર પ્રમાણે ન્યાય મેળવવા અધિકાર હતો. પણ મુસ્લિમોનો ન્યાય હિંદુ આપી ન શકતા.

કાઝીઓ ન્યાયાધીશો હતા અને તે ઉપરાંત મીરેઅદલ નીમવામાં આવતા. મીરેઅદલની જગ્યા કાયમી ન હતી, પણ જરૂરી પ્રસંગે તેના ઉપર માણસો નીમવામાં આવતા.[૧]

આ ઉપરાંત પોલીસ અને જાહેર બાંધકામ ખાતું વગેરે ખાતાંઓ અસ્તિત્વમાં હતાં. આ વિષય વિદ્વાનોએ લંબાણપૂર્વક ચર્ચ્યો છે અને તેનું સંશોધન કરી તે માટે પુસ્તકો લખ્યાં છે. એટલે આ પુસ્તકમાં વિસ્તારભયે વિશેષ ચર્ચા છોડી દેવી પડે છે.

<u>ચલણ</u> : સૌરાષ્ટ્રમાં તો કોરી તથા મહમ્મદીનું ચલણ ચાલુ હોવાનું જણાય છે, છતાં અકબરી રૂપિયો પ્રચલિત થયો હતો. જહાંગીરે સિક્કાનું વજન મુકરર કર્યું, સોના તથા ચાંદીના સિક્કાઓ ઉપર છાપ પાડી અને સિક્કાનાં નવીન નામ આપ્યાં.[૨]

| | | |
|---|---|---|
| નૂરશાહી | : સો | તોલાની સોનામહોર |
| નૂરસુલતાની | : પચાસ | ,, |
| નૂરદૌલત | : વીસ | તોલાની સોનામહોર |
| નૂરકરમ | : દસ | ,, |
| નૂરમહર | : પાંચ | ,, |
| નૂરજહાની | : એક | ,, |
| નૂરાની | : અરધા | ,, |
| રવાઈ | : પા | ,, |
| કવક્કિબી તાલુએ | : સો તોલાનો ચાંદીનો સિક્કો. | |
| કવક્કિબી અકબાલ | : પચાસ તોલાનો | ,, |
| કવક્કિબી મુરાદ | : વીસ તોલાનો | ,, |

---

૧. આ જગ્યા માટે પણ વાદવિવાદ છે. અકબરે તે જગ્યા નવી કાઢેલી. સૂબાના આઠ વરિષ્ઠ અમલદારોમાં મીરે અદલ એક હતો. તે કાઝીઓનો ઉપરી ડીસ્ટ્રીક્ટ જજ જેવો અમલદાર હશે.

૨. નૂરજહાંનું નામ અમર રાખવા જહાંગીરે આ સિક્કા પડાવેલા. તેના ઉપર લખેલું "બ હુકમે શાહ જહાંગીર આકૂત સદ જેવર બ નામે નૂરજહાં બાદશાહે બેગર જર".

કવક્કિબી બખ્ત : દસ તોલાનો ચાંદીનો સિક્કો.
કવક્કિબી સયાદ : પાંચ તોલાનો ,,
જહાંગીરી : એક તોલાનો–સુલતાની અરધા તોલાનો–નિસાહી પા તોલાનો તથા બેર કયુમ પા તોલાના.

આ સિક્કાઓ સૌરાષ્ટ્રના ચલણમાં કદી પણ ચાલ્યા હોવાનું જણાતું નથી.

વેપાર : શાહીયુગમાં વેપાર બીલ્યો; પરદેશો સાથેના સંબંધો સુધર્યા; આવકજાવકનો વેપાર વધ્યો.

હુન્નરઉદ્યોગ : કચ્છના સાહસિક રામસિંહ માલમે ગુલામીમાંથી છૂટી, યુરોપના દેશોમાં હુન્નરો શીખી, તેનું જ્ઞાન કચ્છમાં પ્રસરાવી અને ત્યાંથી પછી સૌરાષ્ટ્રમાં જાતજાતના સોનાચાંદીના દાગીના, હાથીદાંતનાં રમકડાં, ચૂડીઓ, પીતળની બનાવટો, લાકડાની બનાવટો, રંગાટ, કાપડવણાટ, ચામડાની બનાવટો, શેતરંજીની બનાવટ, કાગળની બનાવટ વગેરે અનેક પ્રકારના ઉદ્યોગ ફેલાયા અને વિકસ્યા.

ઈ. સ. ૧૮૨૦માં જામ રણમલજી બીજાના રાજમહેલ ઉપરથી ત્રણ નટો પાંખો બાંધી ઊડયા હતા, જેમાં બે નિયત સ્થળે પહોંચી શકયા નહીં. ત્રીજો સફળતાથી ઠેબા ગામે ઊતર્યો. તેથી તેને ઠેબા આપ્યું. ઉડ્ડયનની કળા નટોએ સાધ્ય કરી હતી તેનો એક સ્થળે ઉલ્લેખ છે.

ખેતીવાડી : દેસાઇઓની સંસ્થા આ પ્રદેશમાં અને ખાસ કરીને સોરઠમાં વિકસી અને ખેડુત તથા રાજ્યની વચ્ચે રહી દેસાઇઓ ખેડૂતોને રક્ષણ આપતા.[1] તેથી ખેતી સુધરી કપાસનું વાવેતર વધુ થવા માંડયું અને તેની નિકાસ પણ થવા માંડી.

મુગલોનો બાગબગીચાનો શોખ રાજાઓ અને પ્રજામાં પ્રસર્યો. જહાંગીરે ઇરાન, આર્મીનિયા અને તુર્કસ્તાન વગેરે દેશોમાંથી જાત જાતનાં ફૂલો મંગાવી તેનો હિન્દુસ્થાનમાં પ્રચાર કર્યો.

સ્થાપત્ય : મુગલ શહેનશાહે અન્યત્ર મહાન મકાનો બંધાવ્યાં, પણ સૌરાષ્ટ્રમાં કોઈ બંધાવ્યાં હોવાનું જણાતું નથી, તેમ હિન્દુ મંદિરોને મસ્જીદોના રૂપમાં ફેરવ્યાં હોવાનો ખાસ દાખલો નથી. જો કે આ નિયમમાં ઔરંગઝેબે અપવાદ કરેલો. તેણે હિંદુઓનાં મંદિરો તોડાવી નાખ્યાં અને ત્યાં મસ્જીદો બનાવી. મુગલ રાજ્યનીતિ ઉવેખી તેણે ગુજરાતના ઝનૂની સુલતાનોની રીતિનું આ વિષયમાં અનુકરણ કર્યું.[2]

---

૧. મારા પૂર્વજો દેસાઇઓ હતા. તેઓને પ્રત્યેક ઊપજમાં ભાગ મળતો. તેના ચોપડાઓમાં આવી અનેક બાબતોનો ઉલ્લેખ છે, જેની વિગત માટે જુઓ મારું પુસ્તક "પિતૃતર્પણ".

૨. ઔરંગઝેબ ગાદીએ આવ્યા પછી તેનું બીજું ફરમાન ૨૦-૧૧-૧૬૬૫ની તારીખનું, અમદાવાદ અને પરગણાંનાં મંદિરો જેનો તેણે સૂબા પદેથી નાશ કર્યો હતો ત્યાં ફરી મૂર્તિપૂજા

પરંતુ આ સમયમાં મંદિરોમાં પૂજા થતી અને હિંદુઓ વગર સંકોચે પોતાના ધર્મનું આચરણ વગર રોકટોક કરતા. ઔરંગઝેબે તેના શાસનમાં તે બંધ કરાવ્યું. આ કાળમાં જૈન તથા હિંદુ મંદિરો બંધાયાં નહીં તેમ સમારકામ પણ થયું નહીં; પણ ઔરંગઝેબ પહેલાં કેટલાંક મંદિરો બંધાયાં હતાં.

રાજાઓએ આ સમયમાં કિલ્લાઓ, રાજમહેલો અને મંદિરો બાંધ્યાં અને આજ પણ મુગલ અને હિંદુ સ્થાપત્યના સુમેળ જેવાં તે મકાનો ઊભાં છે.

**માપ** : જમીનનું માપ સુલતાનોના સમયમાં કાંઈ ચોક્કસ હતું નહીં, પણ ટોડરમલે 'વીઘો' મુકરર કર્યો.

'ગજ' જુદા જુદા પ્રકારના હતા. સિકંદરી ગજની લંબાઈ ૪૧ આંગળની હતી, એટલે કે ૩૩ ઇંચની હતી. તેવા સિકંદરી ગજની સાંકળ મુકરર કરી અને તેવી એક સાંકળ લાંબા અને એક સાંકળ પહોળા જમીનના ટુકડાને "વીઘો" કહેવામાં આવતો. આ વીઘો ૧૮૦ ફીટ લાંબો અને ૧૮૦ ફીટ પહોળો સામાન્ય રીતે હતો; પરંતુ ગુજરાત–સૌરાષ્ટ્રમાં તેનાં જુદાં જુદાં માપ જોવામાં આવે છે.

**જમીનના પ્રકાર** : જમીનના પ્રકાર નીચે મુજબ હતા.

૧. પુળેજ–ઉત્તમ પ્રકાર–પ્રત્યેક વર્ષે વવાતી જમીન.
૨. પરીવતી–વારાફરતી વવાતી જમીન.
૩. ચીચર–ત્રણચાર વર્ષે વવાતી જમીન.
૪. વણઝર–પાંચ વર્ષે વવાતી જમીન.

આવા પ્રકારો સૌરાષ્ટ્રમાં હોવાનું જણાતું નથી.

મુગલ સામ્રાજ્યમાં સ્થિર અને વ્યવસ્થિત રાજતંત્રના પાયા પડયા અને વહીવટના સિદ્ધાંતો બંધાયા. વહીવટ કરનારાઓની પસંદગી, વર્તણુક કે તાલીમ બરાબર નહિ હોય, પણ વહીવટના નિયમો અને કાયદાઓ તો સંપૂર્ણ અને સર્વલક્ષી હતા. વર્તમાન રાજતંત્ર અને વ્યવસ્થાનું મૂળ તેમાં છે.

---

ચાલુ થઇ છે, તેથી તે તોડી પાડવાનું છે. (મિરાતે અહમદી) તે પછી તેણે થોડાં વર્ષ પછી બીજું ફરમાન કર્યું છે. "સોમનાથના મંદિરને મારા રાજઅમલના પ્રારંભમાં નષ્ટ કરી નાખવામાં આવ્યું હતું અને ત્યાં થતી મૂર્તિપૂજા બંધ કરાવી હતી. અત્યારે શું પરિસ્થિતિ છે તે અમારા જાણવામાં નથી; પણ જો તે સ્થાનમાં મૂર્તિપૂજકોએ પુનઃ મૂર્તિપૂજનો આરંભ કર્યો હોય, તો હવે તે મંદિરનો એવા સ્વરૂપમાં નાશ કરી નાખો કે, તે મકાનની જરા પણ નિશાની રહે નહિ તથા ત્યાંથી મૂર્તિપૂજક હિંદુઓને કાઢી મૂકો" (હીસ્ટ્રી ઓફ ઔરંગઝેબ–ટેમ્પલ ડીસ્ટ્રક્શન બાય ઔરંગઝેબ: સર જદુનાથ સરકાર.)

થાય છે કે ગ્રીકોનું રાજ્ય આ પ્રદેશમાં ઈસુની પહેલી સદીના પ્રારંભ [illegible] રહ્યું હશે.[૧-૨]

ગ્રીક વિજેતાઓ સાથે લેખકો અને ઇતિહાસકારો પણ આ[illegible] તેમણે એક વિદેશીની દૃષ્ટિએ તેમના વિજયોનાં, યુદ્ધોનાં [illegible] પ્રદેશોનાં વર્ણનો લખ્યાં છે.

**સૌરાષ્ટ્રની ગ્રીક ભૂગોળ** : સ્ટ્રેબોની[૩] ભૂગોળમાં, પેરિપ્લસમાં[૪] ગ્રંથોમાં સૌરાષ્ટ્રનો ઘણાં સ્થળોએ ઉલ્લેખ છે. શ્રી. યુલ, શ્રી. બાર્ન વીન્સેન્ટ સ્મીથે[૫] તે માટે ઘણું સંશોધન કર્યું છે તેનો સારાંશ અહીં

| | |
|---|---|
| સારાઓસ્ટોસ (Saraostos) / સીરાષ્ટ્રેન (Syrastrane) | સૌરાષ્ટ્ર |
| હોરેટ (Horatae) | સોરઠ |
| પાલાટેન (Palatane) | પાટણ–પ્રભાસ |
| બારાકે (Barke) | દ્વારકા–મૂળ દ્વારકા કોડીનાર પાસે |
| અષ્ટકપ્ર Astakapra અથવા or અષ્ટકમ્પ્ર Astakampra | વલભી તામ્રપત્રમાં નિર્દેશ કરેલું હાષ્ટકાવપ્ર અથવા હાથપ |
| બારડોકસીમા (Bardoxima) | બરડો અથવા પોરબંદર પાસેનું બર |
| સીગેરડીસ Sigerdis અથવા or સીગેરટીઆ Sigertia | પોરબંદર પાસેનું શ્રીનગર |
| થીઓફીલા (Theophila) | થાન (શંકારપદ)[૬] |
| બેઇનોઇસ Baiones / ઇન્સ્યુલા Insula | પીરમ |
| મોનોગ્લોસોન (Monoglosson) | માંગરોળ |

૧. યુથિડિમીસનો પુત્ર ડેમીટ્રીયસ હતો. પરંતુ મિનાન્ડરના વાંધાથી તે તેના પિ વારસ થઇ શકયો નહિ.


૨. શ્રીમદ્‌ભાગવતમાં બાલ્હિક (બેક્ટ્રિયા) દેશના તેર યવન રાજાઓનાં નામ છે. –૧૨ અ-૧; શ્લોક–૩૩–૩૪) એ પરથી પ્રતીત થાય છે કે બેક્ટ્રિયા દેશ ભારતને પુરાતન કાળથી સંબંધ હતો.

૩. હેમીલ્ટન એન્ડ ફાકનર–'Geography of Strabo'.

૪. 'Periplus of Erythrolan'

૫. 'Map of Ancient India' તથા સ્મીથનું 'Ancient Asia'

૬. થાન આ પછી ઘણા વખતે વસેલું છે. એટલે તે સમયે તેનું અસ્તિત્વ



ંધ્ર ઇતિહાસના કેટલાક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે આ પ્રદેશ કિટ્રયનો પહેલાં આંધ્ર લોકોનું આધિપત્ય કેટલાંએક વર્ષો રહેલું. ઈ. સ. ા આંધ્ર મહારાજ્ય નાશિક અને વર્તમાન મુંબઇ સુધી ફેલાએલું ી મહારાજા સાતકર્ણીના રાજ્યનો વિસ્તાર ઘણો ફેલાયેલો એવું ાલાલેખ ઉપરથી જણાય છે.[1] પણ તે રાજ્ય સૌરાષ્ટ્ર પર્યંત ફેલાયું આધાર નથી. ઇ. સ. પૂર્વે ૧૬૫–૧૬૮ સુધી મૌર્ય વંશના છેલ્લા ું રાજ્ય હોવા સંભવ છે. જો કે અંતિમકાળમાં મૌર્યો નબળા પડયા તેમના મહારાજ્યના કોઇ પણ ભાગ ઉપર આંધ્રરાજ, શ્રીકૃષ્ણ કે સાત- ો અધિકાર જમાવે તેમ બની શકે તેમ હતું નહિ. વળી પુષ્યમિત્ર શુંગે વધ કર્યા પછી મૌર્ય મહારાજ્યનું સ્વામિત્વ પ્રાપ્ત કર્યું ત્યારે સૌરાષ્ટ્ર– ા તેમાં સમાવેશ થતો ન હતો. તેથી આંધ્ર લોકોએ કદી પણ આ દેશ ઉપર ર ભોગવ્યો હતો તે વાત માની શકાય તેમ નથી.[2]



૧. ઓરિસાનો ઇતિહાસ–બેનરજી.

૨. ગુજરાતનું રાજ્ય ઇ. સ ૧૦૦ માં ક્ષત્રપોને હાથ પડયું ત્યારે કદાચ આંધ્રોનો તેવું એક મંતવ્ય છે; કારણ કે તે કાળે ગુજરાત કોનું હતું તેની ચોકકસતા થતી નથી માત્ર કલ્પના જ છે.

# સૌરાષ્ટ્રનો ઇતિહાસ

## ગ્રન્થોની સૂચિ (Bibliography)


૧. ઋગ્વેદ : નિર્ણયસાગર પ્રેસ, મુંબઇ.
૨. શ્રીમદ્ ભાગવત.
૩. દ્વારકાનું સાચું સ્થાન કયું ? : લેખક તથા અન્ય વિદ્વાનો–'ગુજરાતી'.
૪. શકસ ઇન ઇન્ડિયા : લે. શ્રી. સત્યશર્મા.
૫. ઍપીગ્રાફીકા ઇન્ડીકા.
૬. ઇન્ડિયન ઍન્ટીકવેરી.
૭. જર્નલ–ઓમ્બે બ્રાંન્ચ, રૉયલ એશિયાટીક સોસાયટી, બેંગાલ.
૮. પ્રોગ્રેસીવ રિપોર્ટ; આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા.
૯. ઍનાલ્સ ઑફ ભાંડારકર.
૧૦. જર્નલ–રૉયલ એશિયાટીક સોસાયટી.
૧૧. ઍન્યુઅલ રિપોર્ટ; આર્કિયોજીકલ ડીપાર્ટમેન્ટ, બરોડા સ્ટેટ.
૧૨. આર્કિયોલોજી ઑફ ગુજરાત : લે. ડૉ. સાંકળિયા.
૧૩. ક્રોમ્બ્રીજ હીસ્ટ્રી ઑફ ઇન્ડિયા.
૧૪. હીસ્ટોરીકલ ઇન્સ્ક્રીપ્શન્સ ઑફ ગુજરાત : લે. શ્રી. ગીરજાશંકર આચાર્ય.
૧૫. સોમનાથ ઍન્ડ અધર મીડીવલ ટેમ્પલ્સ ઇન કાઠિયાવાડ : લે. ડૉ. એચ. કઝીન્સ.
૧૬. ક્રોરપસ ઇન્સ્ક્રીપ્શન ઇન્ડીકા : જે. ફ્લીટ.
૧૭. ક્રોઇન્સ ઑફ ઇન્ડિયા : લે. બ્રાઉન.
૧૮. ક્રોઇન્સ ઑફ આંધ્ર ડીનેસ્ટી : લે. રેપસન.
૧૯. દ્વયાશ્રય કાવ્ય : લે. હેમચંદ્રાચાર્ય.
૨૦. સિદ્ધહૈમ પ્રશસ્તિ : લે. સદ્દર.
૨૧. હમીરમદમર્દન : લે. જયસિંહસૂરિ.
૨૨. કુમારપાલભૂપાલચરિત્ર : લે. ,,
૨૩. કુમારપાલપ્રબંધ : લે. જિનમંડન.
૨૪. પ્રબન્ધચિંતામણિ : લે. મેરુતંગ
૨૫. સુકૃતકીર્તિ કલ્લોલિની
૨૬. રાસમાળા : ભાષાન્તર : શ્રી. રણછોડભાઈ ઉદયરાય.
૨૭. રત્નમાળ : સંશોધક : કવિ દલપતરામ.
૨૮. ભારત રાજમંડળ : શ્રી. અમૃતલાલ જી. શાહ.
૨૯. હીસ્ટ્રી ઑફ ગુજરાત : પ્રો. ક્રોમીસેરિયેટ.
૩૦. મિરાંતે એહમદી : અલીમહમદ ખાન.
૩૧. તારીખે ફરિસ્તા : મહમદ કાસીમ ફરિસ્તા.
૩૨. તારીખે સોરઠ : દીવાન રણછોડજી.
૩૩. મિરાતે મુસ્તફાબાદ : શેર ગુલામ મહમદ.
૩૪. તુજકે જહાંગીરી
૩૫. તારીખે ગુજરાત : મીર અબુ તુરાત.

૩૬. મિરાતે સિકન્દરી : સિકન્દર બીન મહમદ.
૩૭. આઈને અકબરી : અબુલ ફઝલ.
૩૮. ઇબ્ન બતુતા.
૩૯. કાન્હડદે પ્રબંધ.
૪૦. હીસ્ટ્રી ઓફ ઇન્ડિયા : ડોશન.
૪૧. અર્લી હીસ્ટ્રી ઓફ ઇન્ડિયા : વીન્સેન્ટ સ્મિથ.
૪૨. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા : કર્નલ જે. ટોડ.
૪૩. ધી એમ્બેસી ઓફ સર ટોમસ રો : ડબલ્યુ. ફોસ્ટર.
૪૪. ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા : મિસિસ એલીઝાબેથ પોસ્ટન.
૪૫. ઔરંગઝેબ : જદુનાથ સરકાર.
૪૬. અકબર : વીન્સેન્ટ સ્મિથ.
૪૭. ધી રાઇઝ ઓફ પોર્ટુગીઝ પાવર ઇન ઇન્ડિયા.
૪૮. ધી હીસ્ટ્રી ઓફ કાઠિયાવાડ : કેપ્ટન બેલ.
૪૯. ઇન ધી લેન્ડ ઓફ રણજી એન્ડ દુલીપ : કિનકેઇડ
૫૦. કાઠિયાવાડ ગેઝેટિયર : કર્નલ ગોસ્ટશન.
૫૧. રિપોર્ટ્સ ઑફ ધી પ્રોવીન્સ ઓફ કાઠિયાવાડ : કર્નલ વોકર.
૫૨. યદુવંશપ્રકાશ : કવિ શ્રી. માવદાનજી.
૫૩. બાબી રુલર્સ ઓફ સોરઠ : જૂનાગઢ સ્ટેટ પ્રકાશન.
૫૪. બુદ્ધિસ્ટ રેકર્ડ્ઝ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ : સેમ્યુઅલ બીલ્ટ.
૫૫. યુઆન શાંગસ ટ્રાવેલ્સ ઇન ઇન્ડિયા.
૫૬. ધી જ્યોગ્રોફી ઓફ સ્ટ્રેબો : હેમીલ્ટન એન્ડ ફોકનર.
૫૭. લાઇફ એન્ડ ટાઇમ્સ ઓફ મહમદ ગીઝની : પ્રો. મહમદ હબીબ.
૫૮. હીસ્ટ્રી ઓફ રાજસ્થાન : કર્નલ ટોડ.
૫૯. ઉદયપુરકા ઇતિહાસ : ગૌરીશંકર ઓઝા.
૬૦. ધી કોઇન્સ ઓફ ગુજરાત સલ્તનત : ડો. જી. પી. ટેલર.
૬૧. મહમુદીસ : પ્રો. હોડીવાલા.
૬૨. ગુજરાત ગેઝેટિયર : ભાષાન્તર : કવિ નર્મદાશંકર.
૬૩. ઇતિહાસમાલા : બાલાશંકર કન્થારિયા.
૬૪. ધી દાભાડેસ એન્ડ ધી કોંકવેસ્ટ ઓફ ગુજરાત.
૬૫. જહાંગીર : બેનીપ્રસાદ.
૬૬. રાજપુતાનાકા ઇતિહાસ : ગૌરીશંકર ઓઝા.
૬૭. મધ્યકાલીન ભારત.
૬૮. એગ્રેરિયન સીસ્ટમ ઓફ મુસ્લિમ ઇન્ડિયા : મોરલેન્ડ.
૬૯. ધી પ્રોવીન્શીયલ ગવર્મેન્ટ ઓફ ધી મુગલ્સ : પી. શરણ.
૭૦. શત્રુંજયમાહાત્મ્ય.
૭૧. કલ્પસૂત્ર.
૭૨. સૌરાષ્ટ્રની રસધાર : શ્રી. ઝવેરચંદ મેઘાણી

તે ઉપરાંત જુદા જુદા વિદ્વાનોના લેખો તથા મારા સદ્‌ગત પૂજ્ય પિતાશ્રીની સંશોધિત નોંધ.

# સૂચિ


અકબર –૨૮૦, ૨૮૬, ૩૦૪;
અર્થિલાનો નાશ ૨૦૮.
અદક ૮૪.
અમલદારો (વલ્લભી) ૭૭.
અમરજી કેદ ૩૪૬; –પાછા જૂનાગઢમાં ૩૪૬; –નું ખૂન ૩૫૨.
અમદાવાદની રાજખટપટ ૨૭૪.
અમીનખાન ઘેારી ૨૮૩.
અમીરોનો બળવો ૨૭૬.
અમરેલી ૩૫૨; –નો ઘેરો ૩૭૮.
અલ્લાઉદ્દીન ખીલજી ૧૭૪.
અવતારપૂજા ૭૭–૨૨૭.
અવનિવર્મા ૮૪.
અહમદશાહ ૨૦૦; –બીજો ૨૭૭; –ત્રીજો ૨૭૮.
અશોક ૪.
આણુ ૧૦૮.
આન્ધ્ર ૧૦.
આટકોટ ૧૦૪–૩૭૦.
આરબોનું બંડ ૩૬૦.
આરંભડા ૩૧૫.
આઝમખાન ૩૧૧.
આહીર ૩૧.
ઇઝુદ્દીન– ૧૮૬.
ઇરાન ૨૦; –સિક્કા ૪૨.
ઇસ્લામનગર ૩૧૫.
ઇશ્વરદત્ત– ૨૫.
ઇ. સ. ૧૭૦૭ પહેલાંનો અનિશ્ચિત ઇતિહાસ ૨૨૨; ઇ. સ. ૧૭૦૭ પછી ૩૨૦.
ઉગાવાળો ૧૦૬ – ૧૧૧.
ઉન્નડજી ૧૭૬.
ઉપરકોટનો લેખ ૨૦૬.
ઉમર મુખાસનનું બંડ ૩૮૩.
ઉમેટા – ૧૩૩.
ઊના – બાબરિયાવાડ –૩૪૭.
એપોલોડોટસ – ૭.
એખામંડળ – ૩૨૫; –ના વાઘેરો ૩૮૦.
ઔરંગઝેબ ૩૧૨.
કાઠી–કાઠીઓ ૩૧–૧૬૫–૩૦૬ –નો અંતિમ પ્રયાસ ૩૬૧.
કચ્છ ૧૩૦, ૨૩૬; –ની ચડાઇ ૩૪૪; –ની મોરબી પર ચડાઇ ૩૭૭.
કનોજ ૮૩, ૧૫૦
કલ્યાણશેઠનો બળવો ૩૭૭
કવાટ (પહેલો) ૧૦૭; –(બીજો) ૧૪૫.
કુતિયાણા ૩૩૨, ૩૪૬
કુતુબુદ્દીન સૌરાષ્ટ્રમાં ૧૫૪ –ખેરાગી ૩૧૩ –ની જામનગર પર ચડાઇ ૩૧૪
કુંભાજી ૩૫૨ –જૂનાગઢ ઉપર ૩૪૮.
કુમારપાળ (સોલંકી) ૧૪૫ –(ગોહિલ) ૧૬૦
કુદરતી આફતો ૩૮૩
કુવાના ઝાલાઓ ૨૪૩
કુવાનો કેર ૨૪૫
કેરી ૨૬૬
ખરગ્રહ (પહેલો) ૫૫ –(બીજો) ૬૨
ખલીલખાન ૨૩૬
ખાનખાનાની લડાઇ ૨૬૮
ખુદાવંદખાન ૨૭૫
ખૂન પછી (અમરજીના) ૩૫૫
ખેતી ૩૦૧
ખેતોજી મકવાણો ૨૫૧
ખેંગાર (પહેલો) ૫૫ –(બીજો) ૧૩૩ –(ત્રીજો) ૧૬૮ –(ચોથો) ૧૮૨–૨૬૦.
ગાયકવાડ ૩૮૨; –ની સવારી ૩૭૮; –જૂનાગઢના વાંધા ૩૭૮.
ગારૂલક – ૫૩–૮૫.
ગુજરાતમાં મુસલમો ૩૨૮; –નાક્ષત્રપ ૧૩.
ગુજરાત ૧૧૬–૧૩૦–૧૫૧–૧૮૪–૧૬૧–૧૬૪, ૧૬૮; –નું રાજ્ય ૨૭૬.
ગુપ્ત આક્રમણ ૨૬; –આધિપત્ય ૪૫.
ગુહરોત (પહેલો) ૪૮.
ગોંડળ રાજ્ય ૩૧૨.

ગોવિન્દજી–કંડોરણા ૩૬૦.
ગોહિલો ૧૬૩–૧૮૮–૨૦૫.
મહરિપુ ૯૫-૧૦૩–૧૦૬.
ઘોઘા ૩૩૮; –ની ચોથ ૩૧૨.
ઘુમલી ૧૯૭; –નો ઘેરો ૧૧૮.
ચલણ (ગુપ્ત) ૪૨; –(વલ્લભી) ૭૯; –(રજપૂત) ૨૩૨;
–(સુલતાનો) ૨૯૮; –(મુગલ) ૩૯૦.
ચરટન ૧૫.
ચારણોનું મંતવ્ય ૨૦૧.
ચાવડા – ૬૫–૮૫.
ચિત્તળ – ૩૭૫.
ચુડામણિ – ૧૫૫.
ચુડાસમા વંશ – ૨૧૮ થી ૨૨૦.
ચૈત્યો – ૫.
ચોરવાડનું યુદ્ધ – ૩૫૯.
ચંદ્રગુપ્ત – ૩.
ચંદ્રચૂડ – ૧૫૫.
ચૌહાણ – ૧૧૬.
છાયા – ૩૧૬.
જકાતવેરા – ૨૩૩–૩૮૯.
જગડુશાહ – ૧૬૯.
જગતસિંહ રાઠોડ – ૧૭૦.
જમાદાર અમીન સિન્ધી–ચડાઇ ૩૭૨;
–ફત્તેહમામદ ૩૮૧.
જયસિંહ (પહેલો) – ૧૫૦; –(બીજો) ૧૮૭;
–ત્રીજો ૨૦૨.
જયદામન – ૧૬.
જયમલ્લ – ૧૫૭.
જસદણ – ૩૭૬.
જહાંગીર – ૩૦૬, –નું મૃત્યુ ૩૧૧.
જામ રાવળ – ૨૬૯–૨૮૦; –વિભાજી ૨૮૧;
–જસાજી ( મૃત્યુ ) ૩૦૭; –લાખાજી ૩૧૧;
–રણમલજી (મૃત્યુ) ૩૧૪; –જસાજી ૩૭૧;
–રાવળ ૨૬૯.
જાફરાબાદ – ૩૪૫.
જાનવરો–જાતિઓ – ૩૦૧.
જામનગર – ૩૦૪–૩૧૭–૩૨૧–૩૪૩–૩૬૧–
૩૬૩; –ઉપર ચડાઇ ૩૨૨; –જમાદાર અમીન
૩૭૩; –આરબોનું બંડ ૩૮૪.
જાર્ઇક – ૬૪–૮૫.
જાટ – ૩૧.
જાસલ – ૧૨૬.
જૂનાગઢ – ૧૮૫–૩૨૬–૩૬૫; –નો ઘેરો
૩૪૧; –ની ધાંધલપુર ઉપર ચડાઇ ૩૭૪;
–જોરતલબી ૩૪૭–૩૮૧; –રાજ્યનો ધજારો
૩૮૪; –ઉપર મહમુદ ૨૧૦; –બીજી ચડાઇ
૨૧૦; –ત્રીજી ચડાઇ ૨૧૧.
જમીનનું ક્ષેત્રફળ – ૨૩૭.
જેઠવા – ૧૫૫–૧૫૭–૨૮૪–૨૯૦
જસોજી–વેજોજી – ૨૪૨; –રાણા ભાણજી ૧૭૯.
જેતપુરનું યુદ્ધ – ૩૫૦.
જીવા શેઠ – ૩૫૩.
ઝાંઝમેર – ૨૦૩.
ઝાલા – ૧૪૪.
ઝરંડ – ૧૯૬.
ઝાલાવાડ – ૧૯૭.
ટંકશાળ – ૨૩૯ –૨૪૯.
તમાચણનું યુદ્ધ – ૨૮૪.
તળાજા – ૧૧૧–૧૮૦–૩૬૫.
તુર્કોની ચડાઇ – ૨૭૦; –નો કાફલો ૨૭૨.
તૂશારપ – ૬.
ત્રયાસ – ૧૧૨.
દામસેન – ૨૪.
દામજદશ્રી – ૨૬.
દાવર-ઉલ-મુલ્ક – ૨૫૦; –નો અંત ૨૫૦.
દાવલશાહ પીર – ૨૫૦.
દામાજી ગાયકવાડ – ૩૪૦.
દિલખાનિયા – ૩૪૬.
દીવાન રૂગનાથજી – ૪૫૬; –કુટુંબ ૪૫૭;
–અમરજી ૪૫૭; –રૂગનાથજી ફરી જૂનાગઢમાં
૩૫૮; –કુટુંબની હદપારી ૩૬૦; –ની વિદાય
૩૭૪; –રૂગનાથજી જામનગરમાં ૩૭૭.

દીવ – ૨૫૫; –ની અગત્ય ૨૫૬; –ની ચડાઇ ૨૫૬.
–બીજી ચડાઇ ૨૫૬; –ત્રીજી ચડાઇ ૨૫૬; –માં બહાદુરશાહ ૨૫૯; –ચોથી લડાઇ ૨૬૦; –ની તહ ૨૬૩; –નો કિલ્લો ૨૬૪; –નો ઘેરો ૨૭૨; –ની તહ (૧૫૩૯) ૨૭૪ –ની બીજી ચડાઇ ૨૭૪ –નું યુદ્ધ ૨૭૬.
દેવાત–બોદલ ૧૧૫
દેશળ–વીશળ ૧૩૭
દ્વારકા – ૨૩૯
દુર્જનસેન – ૧૧૨
દ્રોણસિંહ – ૪૬
દુર્ગ – ૧૧૯
ધરપત – ૪૮
ધરસેન (પહેલો) – ૪૬–૪૭ –(બીજો) ૫૪ –(ત્રીજો) ૫૫ –(ચોથો) ૬૧.
ધર્મગુપ્ત – ૩૫
ધ્રુવસેન (પહેલો) ૪૭ –(બીજો) ૫૬ –(ત્રીજો) ૬૨
ધ્રાંગધ્રા – ૩૮૪
ધર્મ – ૧૭–૩૨–૭૩–૨૨૫–૨૨૬–૨૨૭
નરસિંહ મહેતા – ૨૧૩
નવઘણ – ૧૪૨
નક્ષીસપુર – ૮૨–૬૪
નવું બંધારણ – ૩૦૩
નવાબ હામીદખાન ૩૫૦–૩૬૮ –નાં લગ્ન ૩૫૮ –ની ભાવનગર પર ચડાઇ ૩૭૪
નથુ અથવા હલીમ– ૨૭૮
નાખુદા નુરદીન– ૧૭૩
નાગબાઇ– ૨૧૪
નાગરો – ૧૬૦–૧૬૬–૨૩૪.
નાનક પંડિત – ૧૭૦.
નાહપાન – ૧૪.
નોંધણ પહેલો – ૧૧૬; –બીજો ૧૨૯; –ત્રીજો ૧૪૧ –ચોથો ૧૭૬.
નુનો–ડી–કુન્હો – ૨૬૨ થી ૨૭૩.
નૌકાવિગ્રહ – ૨૫૪.
નૌકાસૈન્ય – ૨૯૭.
નૌશીરવાન – ૪૯.
પડધરી – ૩૨૨.
પતન (વલ્લભી) – ૭૦.
પરદેશી – ચડાઇ ૮૨.
પરાજય – ૧૦૫; –ના પ્રત્યાઘાતો ૧૦૭,
પશુપાલન – ૨૩૪.
પાંચ પીપળાની લડાઇ – ૩૫૪.
પાંચ પ્રાન્તો – ૨૪૯.
પાટણનો સ્વયંવર – ૧૧૨; –નો વિજય ૧૧૩.
પાટણ ૧૩૩; –નું શરણ ૧૪૬.
પારસીઓ – ૬૭.
પૂર્વ ઇતિહાસ – ૨૬૪.
પોર્ટુગીઝ એલચી – ૨૫૫; –માગણી ૨૫૬; –સુલતાનની કૃપા – ૨૫૬; –સૈન્ય ૨૬૦; –દીવમાં ૨૬૧; –સાથે સંધિ ૩૬૨; –લીધેલો લાભ – ૨૬૨.
પોરબંદર – ૩૫૧ – ૩૫૨.
પ્રજાનો બળવો ૧૪૩ – ૩૩૮.
પ્રજાવર્ગ – ૨૩૪.
પ્રથમ કાળનો અંત – ૩૨.
પ્રદેશો – ૬૯.
પ્રભાસ – ૧૧૮–૧૯૧–૧૯૫–૧૯૮–૨૭૬.
પ્રાગૈતિહાસિક યુગ– ૧.
પૃથ્વીરાજ ચૌહાણ– ૧૫૨ – ૧૫૩.
પૃથ્વીસેન – ૨૪.
ફતેહમામદની ચડાઇ ૩૬૭; –ની બીજી ચડાઇ ૩૭૧; –ની ત્રીજી ચડાઇ ૩૭૨; –ની ચોથી ચડાઇ ૩૭૩.
ફતેહસિંહ ગાયકવાડ – ૩૫૨.
ફિરંગખાન – ૨૬૧.
ફિરોઝ તઘલખ– ૧૮૭.
બાલારામ – ૮૬.
બહાદુરશાહ ૨૫૯ – ૨૬૨ – ૨૬૩ – ૨૬૪.
બાંટવા ૩૪૬.
બેગડો ૨૪૯.

બેટ – ૨૪૦.
બેારી મુગલ – ૨૪૭.
બૌદ્ધ – ૭૩.
બંદરેા – ૩૦૦
બ્રાહ્મણેા – ૩૭-૭૪-૨૨૫.
બ્રિટિશ રેસીડેન્ટ – ૩૭૮.
,, હકૂમતના શ્રીગણેશ – ૩૮૨.
ભાગવત– ૧.
ભારત્રદામન – ૨૬.
ભાણવડનેા ઘેરેા – ૩૭૩.
ભાડલા – ૩૨૫.
ભાવનગર – ૩૫૭–૩૬૧–૩૬૭–૩૬૯.
ભાષા–લિપિ (ગુપ્ત) ૪૧; ભાષા–લિપિ (વલ્લભી) ૭૮; ભાષા–લિપિ (રજપૂત) ૨૩૦.
ભીમજી – ૨૪૧.
ભીમદેવ સેાલંકી – ૧૨૨–૧૨૫–૧૫૨.
ભીમડ ગુંડાની લડાઇ – ૩૦૯,
ભૂચરમેારીનું યુદ્ધ – ૨૮૬.
ભુવડ – ૬૬.
ભૂમક – ૧૩.
ભૂજ વસ્યું – ૩૦૪.
ભેાંયરા – ૧૩૧–૧૩૩.
મલેક અંબર – ૩૦૬.
મલેક અયાઝ – ૨૫૩–૨૫૪–૨૫૭;
મલેક ઇશાક – ૨૫૯–૨૬૦;
મલેક તુધાન – ૨૬૧.
મહમુદ – ૧૨૩–૧૨૪;
મહમદ તઘલખ – ૧૮૪–૧૮૬;
મહમુદ બેગડેા ૨૦૭; –નું સ્વપ્ન ૨૦૮; –ની પહેલી સ્વારી ૨૦૯; –જૂનાગઢમાં ૨૧૦-૨૪૩; –બીજી ચડાઇ ૨૧૦; –ત્રીજી ચડાઇ ૨૧૧.
મહમુદ ગીઝની ૨૨૦; –ની ચડાઇનું કારણ ૨૪૦; –સમરકંદીની ફરિયાદ ૨૪૦; –પાછેા ગુજરાતમાં ૨૪૩; –સૌરાષ્ટ્રમાં સાર્વભૌમત્વ ૨૪૮.
મહમદ બીજો ૨૫૮; –ત્રીજો ૨૭૦ – ૨૭૮.
મહુવા – ૨૬૧–૩૬૩.
માંડલિક પહેલેા – ૧૭૦; –(બીજો) ૧૯૭; –(ત્રીજો) ૨૦૬.
મહીપાલ (પહેલેા) – ૧૧૨· –(બીજો) ૧૫૩; –(ત્રીજો) ૧૬૧; –(ચેાથેા) ૧૭૮; –(પાંચમેા) ૧૮૮; –(છઠ્ઠો) ૨૦૫.
મહીકાંઠેા – ૧૩૧.
મહાક્ષત્રપ સ્વંયદામન – ૨૪; –દામસેન ૨૪; –યશેાદામન ૨૫; –વિજયસેન ૨૫; –દામજદશ્રી ૨૬; –રુદ્રસેન (બીજો) ૨૬; –વિશ્વસિંહ ૨૬; –ભારત્રદામન ૨૬; –સ્વામી રુદ્રદામન બીજો; ૨૭;– સ્વામી રુદ્રદામન (ત્રીજો) ૨૭; –સ્વામી સિંહસેન ૨૮; –રુદ્રસેન (ચેાથેા) ૨૮; –સ્વામી સત્યસેન ૨૮; –સ્વામી રુદ્રસેન ૨૮.
માંગરેાળ – ૧૪૬–૩૪૯–૩૫૦; –ઉના ૧૭૬–૧૮૮: –ની મસ્જીદેા ૧૯૨; –નેા કિલ્લેા ૧૯૨; –ના કિલ્લાનાં દ્વાર ૧૯૩; –ના કિલ્લાની દીવાલેા ૧૯૩.
માથાંનેા માગનાર – ૧૧૩.
માળિયા – ૩૫૨–૩૭૭.
મીનાન્ડર – ૮.
મીરઝાંનું બંડ – ૨૭૯.
મુસ્લિમ દૃષ્ટિબિન્દુ – ૨૬૬; –સત્તા ૧૭૩; ૧૮૧; ૧૯૪–૧૯૭; –તવારીખેા ૨૬૩; –સત્તાનેા અંત ૩૩૮.
મુગલ સામ્રાજ્યનેા અંત – ૩૮૬.
મુઝફ્ફર (બીજો) – ૨૫૪; –(ત્રીજો) ૨૭૮–-૨૭૯–૨૮૦–૨૮૫–૨૮૮–૨૮૯.
મુરાદ – ૩૧૨.
મૂળરાજ – ૯૩; –કચ્છ પર ચડાઇ ૧૦૧; –સેારઠ પર ચડાઇ ૧૦૧; –ની યાત્રા –૧૦૫.
મેલક – ૧૯૮.
મેર – ૧૫૭.
મેરુ – ૩૪૫ થી ૩૭૫.
મેસણ – ૧૩૧–૧૩૪.

મોડપર – ૩૮૦.
મોરબી રાજ્યની સ્થાપના – ૩૧૮.
યદુકુળ – ૮૭.
યાદવો – ૨.
યાદવ રાજ્ય – ૨.
યાદવારથળી – ૩.
યાત્રાળુ ઉપર કરવેરા – ૩૦૪.
યુથીડીમીસ – ૮.
રજપૂત સમયનો અંત – ૨૨૫; –સંગઠન ૩૫૪;
રણછોડજી – ૨૧૯.
રાજ્યવ્યવસ્થા (પ્રાચીન) – ૪; –(વલ્લભી) ૭૭; –(રજપૂત) ૨૩૫; –(મુગલ) ૩૮૭.
રાજ્યઅમલ – ૨૧૨.
રાજ્યવિસ્તાર (પ્રાચીન) – ૧૯; –(વલ્લભી) ૯૧; –(રજપૂત) ૧૪૩.
રાજ્યધુંધારણ (ગુપ્ત) – ૭૮.
રાજકીય પરિસ્થિતિ – ૯૦.
રાજ્યાભિષેક – ૨૦૭.
રાજધાની – ૧૭–૨૩૯.
રાજની આવક – ૨૬૪.
રાજકોટ – ૩૨૩–૩૨૪.
રાજપીપળા – ૩૩૮.
રાજમાતાનું ખૂન – ૩૪૪.
રાઠોડ – ૧૫૯.
રાધોજા – ૩૬૪.
રાણકદેવી – ૧૩૪ – ૧૩૫ – ૧૩૭.
રાહ ધારિયો ૯૫; –કવાટ ૧૦૭; –દયાસ ૧૧૨.
–ખેંગાર (પહેલો) ૧૨૯; –(બીજો) ૧૩૩; –(ત્રીજો) ૧૬૮; –(ચોથો) ૧૮૨.
રાહ જયસિંહ – ૧૮૭ – ૨૦૭.
રેવતીકુંડનો મઠ ૨૦૩.
રાણુજી ગોહિલ ૨૪૫.
રાજોધરજી ૨૫૧.
રુદ્રસિંહ (પહેલો) ૨૨.
રુદ્રસેન (બીજો) ૨૪.
રૂમીખાન ૨૬૧.
લગ્ન ૪૦ – ૨૦૬.
લવજી ૧૮૦.
લખતર ૩૦૯.
લાખા ફુલાણી – ૯૬–૧૦૩ – ૧૦૪
લા ગોહિલ ૧૪૨.
લીંબડી ૧૩૧.
લેખેકો ૩૦૨.
વઢવાણ –૩૧૫.
વનરાજ ચાવડો – ૬૮.
વલ્લભીપુર – ૪૪.
વસાઇનીતહ – ૩૭૮.
વત્સરાજ – ૧૫૪.
વસ્તુપાળ તેજપાળ – ૧૬૧.
વાજા – ૫૮.
વાધાજી ઝાલા – ૨૪૩.
વાગડની ચડાઇ – ૩૫૧.
વાળા – ૮૫.
વિજયસેન – ૨૫
વિશ્વસિંહ – ૨૬.
વિશ્વસેન – ૨૬.
વિશ્વવરાહ – ૯૪.
વિરમદેવ પરમાર – ૧૦૯.
વિશળદેવ ચૌહાણ – ૧૧૬; –વાઘેલો ૧૬૯
વિમળશાહ – ૨૧૭.
વેદાન્ત – ૨૨૬.
વેગડો ભીલ – ૨૫૨.
વેપાર – ૩૦૦.
વેરાવળ – ૩૪૨–૩૪૩–૩૫૯.
વંથળી – ૧૬૨–૧૮૨–૧૯૭–૩૫૦.
વૈષ્ણવ સંપ્રદાય – ૭૬–૨૨૬.
શક – ૧૧; –વર્ષ ૧૧.
શકાનવાહ – ૨૧.
શહનેશાહ અકબર – ૩૦૪
શૃંગ – ૬.
શાકત – ૭૬ –૨૨૭.

શીલાદિત્ય (પહેલો) – ૫૪; –(બીજો) ૬૩;
–(ત્રીજો) ૬૩; –(ચોથો) ૬૪; (પાંચમો) ૬૪;
–(છઠ્ઠો) ૬૭; –(સાતમો) ૭૦.
શૈવ – ૩૪–૭૬–૨૨૬.
શિલ્પ (વલ્લભી) – ૭૯.
શાહબ્દો ખુરમ – ૩૦૬.
શિલાલેખો – ૫.
શેરખાનજીનું મૃત્યુ – ૩૪૦.
સમાજ (પ્રાચીન) ૫; –(ગુપ્ત) ૨૭; –(વલ્લભી)
૭૭; –(રજપૂત) ૨૨૮–૨૨૯.
સમય – ૩૧૮.
સમરસી – ૧૪૮.
સરધારનું પતન – ૩૦૫; –નું સમાધાન ૩૧૨
–૩૧૩–૩૨૪.
સર સેનાપતિ ૩૮૯.
સત્યાસિયો દુકાળ – ૩૧૧.
સહિષ્ણુતા – ૨૨૮.
સામંતસિંહ – ૧૭૪.
સાહિત્ય (વલ્લભી) – ૭૮; –(રજપૂત) ૨૩૨.
સાયલા રાજ્ય – ૩૩૭.
સિન્ધ – ૧૮૬–૧૮૮–૨૩૯.
સિદ્ધરાજ ૧૩૪ થી ૧૩૭–૧૪૧.
સિહોર – ૨૮૨–૩૬૧
સિંહસેન – ૨૮.
સીલ–દિવાસા – ૩૪૩.
સુદર્શન – ૧૯.
સુંદરજી શિવજી – ૩૮૩.
સુલતાન અહમદશાહ (બીજો) ૨૭૭; –(ત્રીજો)
૨૭૮.
સુલેમાન પાશા – ૨૭૩.
સુલતાન સિકંદર – ૨૫૮.
સૂત્રાપાડા – ૩૪૬.
સૂર્યોપાસના – ૭૫.
સેનાગજ – ૬૧.
સૈન્ય – ૨૯૬–૩૮૯.
સોમનાથ – ૧૪૭–૧૭૮–૧૮૨–૧૯૩–૨૦૭–
૩૧૫.
સોરઠ – ૩૦૪.
સૌરાષ્ટ્ર – ૯–૩૨–૯૬–૧૫૧–૧૭૫–૨૦૦–૨૦૩
૨૦૫–૨૦૭–૨૦૯–૨૫૯–૩૭૯.
સંવત્સર (મૌર્ય) – ૪૩; –(વલ્લભી) ૭૯;
–(રજપૂત) ૨૩૩; –(સુલતાનો) ૩૦૨.
સ્થાપત્ય (શિલ્પ ગુપ્ત) ૪૧; –(વલ્લભી) ૭૯;
–(રજપૂત) ૨૨૮; –(મુગલ) ૩૯૧.
સ્થાનિક માન્યતા – ૩૪૧.
સ્કંદગુપ્ત – ૨૯–૩૦.
સ્ટ્રેબો – ૯.
સ્યામોતીક – ૧૬.

હુમીર ૧૨૮.
હલામણ જેઠવો ૨૨૩.
હાલોજી પરમાર ૨૪૬ – ૩૨૧ – ૩૨૨.
હળવદ ૨૫૧ – ૨૬૮ – ૨૮૧ – ૩૦૮
૩૧૬ – ૩૭૪.
હમીરજી લાઠીયો ૨૫૨.
હુમાયુ ૨૬૩ – ૨૬૪.
હર્ષવર્ધન – ૫૮.
હ્યુ–એન–સંગ – ૫૯.
હુન્નર ઉદ્યોગ ૨૩૩ – ૩૦૦–૩૯૧.
ક્ષહરથ ક્ષત્રપો – ૧૩ થી ૨૮.
ક્ષત્રિયો – ૩૮.

# શુદ્ધિપત્રક

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૨૫ | યર્જુવેદ | ઋગ્વેદ |
| ૨ | ૯ | વૈવસ્તવ | વૈવસ્વત |
| ૨ | ૨૬ | વૈવસ્ત | વૈવસ્વત |
| ૬ | ૨૭ | પુષ્પમિત્ર | પુષ્યમિત્ર |
| ૮ | ૨૫ | પદ્ધતિથી | પદ્ધતિ પ્રમાણે |
| ૩૦ | ૨૧ | દીધું[૨] | દીધું[૩] |
| ૩૧ | ૨ | બાલાદિત્ય | બાલાદિત્યે |
| ૩૧ | ૩૨ | આહીરો નહિ પણ આભીરો હશે. | ૨૬ ગણવું |
| ૩૧ | ૩૨ | નહિ જ | નહિ |
| ૩૨ | ૨ | સારાષ્ટ્ર | સૌરાષ્ટ્ર |
| ૩૨ | ૫ | દાદા | દાદા અથવા દદ |
| ૩૩ | ૧૨ | તમના | તેમના |
| ૩૪ | ૨૨ | ચિખ્ખોદરા | ચિખ્લોદરા |
| ૩૫ | ૧૦ | ચાલુક્ય | અન્ય |
| ૩૬ | ૨૫ | ગોહીવાડ | ગોહીલવાડ |
| ૩૭ | ૨૭ | ગાર્ગી | ગર્ગ |
| ૩૮ | ૨૯ | માત્મ્ય | માહાત્મ્ય |
| ૩૯ | છેલ્લી લીટી | — | ૩ |
| ૪૦ | ૨૬ | વર્ણદત્ત | પર્ણદત્ત |
| ૪૮ | ૫ | ૫૩૫ થી ૫૩૯ | ૫૪૯ થી ૫૫૪ |
| ૪૮ | ૧૧ | ગુહસેન ૧લો | ગુહસેન |
| ૬૮ | ૧૭ | સુણાવો | સુણાયો |
| ૬૯ | ૪ | જેઠવા રાજાઓએ | જાયીક રાજાઓએ |
| ૭૬ | છેલ્લી લીટી | લેખકો | લેખક |
| ૭૭ | ૨૨ | સ્થાનાધિકર્ણીકા | સ્થાનાધિકર્ણીક |
| ૭૭ | ૨૩ | ભોગાધિકર્ણીકા | ભોગાધિકર્ણીક |
| ૭૮ | ૧ | ધ્રુવાધિકર્ણીકા | ધ્રુવાધિકર્ણીક |
| ૭૮ | ૨ | દંડભોગીકા | દંડભોગીક |
| ૭૮ | ૩ | દંડપાશીકા | દંડપાશીક |
| ૭૮ | ૪ | દશાપરાધિકા | દશાપરાધિક |
| ૭૮ | ૫ | અવલોકિકા | અવલોકિક |
| ૭૮ | ૭ | ચોરોદ્ધરણીકા | ચોરોદ્ધરણીક |
| ૬૪ | ૧૨ | ઉર્ફે વિશ્વવરાહ | ઉર્ફે વિશ્વરાહ |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૪ | ૧૫ | નક્ષીરપુર | નક્ષીસપુર |
| ૯૫ | ૧૩ | ધારીયેા | ધારીયેા |
| ૧૦૭ | ૧૧ | રાહકવાટ | રાહકવાટ ૧લેા |
| ૧૧૪ | ૯ | પણે | પણ |
| ૧૧૪ | ૩ | અઢીયેા | ચઢીયેા |
| ૧૧૪ | ૮ | હાજી | તાજી |
| ૧૧૪ | ૧૦ | ... | પણ રાહને તજી દે |
| ૧૧૪ | ૧૧ | ઝેરી બીજ | ઝેરી બીજ વિષ થઈને વાવીયું |
| ૧૧૪ | ૧૪ | ગેામેર | ગેમર |
| ૧૧૬ | ૯ | રાહ નોંધણ | રાહ નોંધણ ૧લેા |
| ૧૧૭ | ૯ | પહાડેામાં | પહાડેાના |
| ૧૨૧ | ૧૫ | "સેામનાથનેા ઘેરેા" કાવ્ય (લેખકનું) | આ વાક્ય રદ સમજવું |
| ૧૩૬ | ૯ | સમસ્ત | સમસ્ત |
| ૧૩૭ | ૧૪ | દગામચેા | દગાયચેા |
| ૧૩૧ | ૧૪ | એહેા | એહેા |
| ૧૫૯ | ૨૪ | — | માગતેા હતેા તેને મારી ઉડિરની પાટે એહેા. |
| ૧૬૭ | ૨૨ | આખ્યાત | અખ્યાત |
| ૧૬૭ | ૨૩ | પાજરીયા | માંજરીયા |
| ૧૬૭ | ૨૩ | જેબલીયા | જેબલીયા |
| ૧૭૧ | | | પારા પહેલેા, પારા બીજાની પહેલી લીટીમાં "શ્રીમંત પણ હતેા" ત્યાં પૂરેા થાય છે. |
| ૧૭૪ | ૧૬ | ફાવ્યા | ફાવ્યેા |
| ૧૭૭ | ૧૫ | યુસુફખાન | ખુશફખાન |
| ૧૯૪ | ૧૫ | તથીફ | તક્ષક |
| ૨૦૨ | ૧૧ | ૧૪૪૫ | ૧૪૧૫ |
| ૨૦૫ | ૧૭ | મહમૂદ બેગડેા | મહંમદ બેગડેા |
| | | (આ પ્રકરણમાં જ્યાં જ્યાં મહમૂદ બેગડેા છપાયું છે ત્યાં ત્યાં મહંમદ બેગડેા વાંચવું) | |
| ૨૧૪ | ૧૩ | હાથે દામેાદર | રાય દામેાદરે |
| ૨૨૩ | ૩ | જેઠાજી | જેઠીજી |
| ૨૨૪ | ૨૬ | દટન્નતા | દટંતર |
| ૨૩૪ | ૬ | હાથીએા પણ રાજાએા | રાજાએા, હાથીએા પણ |
| ૨૫૪ | ૨૧ | ખલીફખાન | ખલીલખાન |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૬૧ | ૨૧ | વીરપુત્રનો | વીરપુત્ર મલેક તુઘ્લાનનો |
| ૨૭૭ | ૧૨ | સુલતાન અહમદશાહ | સુલતાન અહમદ્દાશાહ ૨જો |
| ૨૭૮ | ૧૦ | સુલતાન મુઝફ્ફર | સુલતાન મુઝફ્ફર ૩જો |
| ૩૦૦ | ૨૧ | ઉન્નતિ | ઉદ્યોગ |
| ૩૦૦ | ૨૩ | નહિ | — |
| ૩૦૩ | ૨૩ | અદ્ઝ | અરઝ્ |
| ૩૦૩ | ૨૪ | બરદુરો | બરદુસ્તે |
| ૩૦૪ | ૧૦ | અલીમોજી | અલીયોજી |
| ૩૦૪ | ૧૨ | વીયારો | વીયરો |
| ૩૦૮ | ૫ | પણ | — |
| ૩૧૪ | ૧૫ | તેથી સતાજીએ | જામ સતાજીએ |
| ૩૧૯ | ૧૬ | અને તેથી તે | અને તે |
| ૩૧૯ | ૧૭ | હતો તેથી | હતો તેમ ધારીને |
| ૩૧૫ | ૭ | વયના હોઈ | વયના હતા તેઓ |
| ૩૧૬ | ૧૯ | જે ત્યારે | જે તે સમયે |
| ૩૨૦ | ૨૬ | — | ચઢવાણ (પેટા શીર્ષક) |
| ૩૨૨ | ૧૧ | તેમ છતાં | તેથી |
| ૩૨૫ | ૧૭ | સારાષ્ટ્ર | સૌરાષ્ટ્ર |
| ૩૨૬ | ૨૪ | સલાવત | સલાયત |
| ૩૨૬ | ૨૬ | સલાવત | સલાયત |
| ૩૨૭ | ૫ | ફેજદાર | ફોજદાર |
| ૩૨૮ | ૭ | તે કારણે ગુજરાત | તે કારણે શેરખાન ગુજરાત |
| ૩૩૭ | ૨૪ | સૂતા | સૂતો |
| ૩૪૩ | ૫ | સ્વીકાર્યો | સ્વીકાર્યો |
| ૩૪૪ | ૨ | પ્રીતિપ્રાત્ર | પ્રીતિપાત્ર |
| ૩૪૭ | ૩ | ગોરમઢી | ગોરખમઢી |
| ૩૪૭ | ૧૪ | મારા | લેખકના |
| ૩૪૭ | ૧૫ | મારો | લેખકનો |
| ૩૪૭ | ૧૬ | પ્રાગજી—આણંદજી | પ્રાગજી ગોપાલજી<br>આણંદજી ગોપાલજી |
| ૩૫૩ | ૧૩ | મેવાસા | મેવાસા |
| ૩૫૭ | ૧૬ | તથા ધર્મ | તથા સર્વ ધર્મ |
| ૩૫૮ | ૧૮ | હાજુરીયા | હજુરીયા |
| ૩૬૦ | ૧૦ | મૂળજી | મૂળૂજી |
| ૩૬૧ | ૨૩ | કરી | કસી |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૬૨ | ૩૦ | વાડ્યા | વડીયા |
| ૩૬૫ | ૨૫ | સો નાગર ગયે | સો નગર ગયે |
| ૩૬૬ | ૩૧ | ભાડેજો | ભરવા |
| ૩૬૯ | ૨ | એક કોરીનો | એક લાખ કોરીનો |
| ૩૭૧ | ૨૩ | મરુએ | મેરુએ |